गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૫૪૨ वर्गांक

पुस्तकनुं नाम વામનપુરાણ

विषय ૫/૨૬ : ૨૨૪

શ્રી વામન પુરાણ

(ગુજરાતી ભાષાંતર)

ભાષાંતર કર્તા
જગજીવન દયાળજી મોદી

"ગુજરાતી" પ્રેસના માલિક
મણિલાલ ઇચ્છારામે છાપી પ્રગટ કીધું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ

વિ. સં. ૧૯૬૯   ઇ. સ. ૧૯૧૩

કિંમત ૧-૮-૦

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગૂજરાતી [illegible]રાઈટ-સંગ્રહ
૭૫૭૨

સર્વ હક્ક પ્રસિદ્ધ કર્તાએ સ્વાધીન રાખ્યા છે.

પ્રસ્તાવના

"ગુજરાતી" પ્રેસના માલિક અને વિદ્યાપ્રિય સદ્દગત સાક્ષરશ્રીમાન્ ઈચ્છારામ સૂર્યરામ દેસાઇએ ગુજરાતી ભાષા બોલનારી પ્રજાને વિવિધ વિષયોનું વાચન અનેક પ્રકારે પૂરું પાડયું છે. તેમના તરફથી પોતાના "ગુજરાતી" પત્ર મારફતે રાજકીય, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક એમ અનેક પ્રકારના વાચનનો પ્રવાહ અવિશ્રાન્ત વહેવડાવવામાં આવતો હતો, તદ્દુપરાંત તેમણે તે તે વિષયોનાં પુસ્તકો રચી રચાવી ગુજરાતી સાહિત્યમાં અપ્રતિમ ઉમેરો કર્યો છે.

આ પુરાણનું ભાષાન્તર કરવાનું કામ સદ્દગતે મને સોંપ્યું હતું અને તે યથાશક્તિ પૂર્ણ કરી સજ્જનોની સેવામાં મેં સાદર કર્યું છે. એમાં રહેલી ભૂલ-ચૂકને માટે હું વિદ્દ્જનોની ક્ષમા માગું છું. આ ભાષાન્તર મેં મૂળ સંસ્કૃતને વળગી રહીને જ કર્યું છે, અને જ્યાં જ્યાં અર્થની ક્લિષ્ટતા મને માલમ પડેલી, ત્યાં ત્યાં હિંદીમાં થયેલા તેના ભાષાન્તરની સહાયતા લીધી છે. એ માટે તે ભાષાન્તર-કારનો હું ઉપકાર માનું છું. હિંદી ભાષાન્તર ઘણે સ્થળે મૂળના અર્થથી દૂર હતું, એવે ઠેકાણે મેં મૂળનો જ અર્થ સાચવી રાખીને આ ભાષાન્તર કર્યું છે. ભાષા બહુ પ્રૌઢ, શબ્દોના ઘટાટોપવાળી, આડંબર ભરેલી કે અર્થ ન સમજાય એવાં લાંબાં લાંબાં ગુંચવણિયાં વાકયો વાળી ન રાખતાં, બનતા સૂધી સામાન્ય જનોને પણ સમજાય એવી સરળ રાખી છે. એનાં વાચનથી પ્રાનમાં કંઇક ધર્મ ઉપરની અભિરુચિ વધશે તો હું મારી મહેનત અને માલિકનો પ્રયત્ન સફળ થયેલો સમજીશ.

પુરાણનાં પાંચ લક્ષણો નક્કી કરવામાં આવ્યાં છે.

सर्गश्च प्रतिसर्गश्च वंशोमन्वंतराणि च ।
वंशानुचरितं चेति पुराणं पञ्चलक्षणम् ॥

અર્થ:—સ્વર્ગ (સૃષ્ટિ ઉત્પત્તિ સંબંધી કથા), પ્રતિસર્ગ (પ્રલયની કથા), રાજાઓના વંશો, મન્વંતરો (૪૦૦૦ યુગનું વર્ણન) અને રાજર્ષિ બ્રહ્મર્ષિનાં ચરિત્રો જેમાં આવ્યાં હોય તે પુરાણ. આ બાંધેલા લક્ષણ પ્રમાણે પુરાણની રચના હાલમાં દેખાતી નથી.

છાંદોગ્ય ઉપનિષદમાં નારદ ઋષિએ પોતાની વિદ્યાની ઓળખ આપતી વખતે કહ્યું છે કે "મેં ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ એ ત્રણેનો અભ્યાસ કર્યો છે, ચોથો અથર્વવેદ અધ્યયન કર્યો છે, અને પાંચમું ઇતિહાસ પુરાણ પણ શિખ્યો છું." (૭–૧–૨) આમાં કહેલાં ઇતિહાસ પુરાણ કેવી જાતના ગ્રંથો હતા, તેનું કંઈ સ્વરૂપ નિરૂપિત થઈ શકતું નથી. મારું માનવું એવું છે કે, એ "ઇતિહાસ પુરાણ" તે, તે સમયની પૂર્વેની ગદ્યભાષામાં સંગ્રહાયેલી લોકકથા અને અનુભવ હોવા જોઇએ, અને નહિ કે હાલમાં જે ઇતિહાસ પુરાણને નામે પ્રસિદ્ધ છે તે.

કાળે કરીને વેદનું અમુક ચોક્કસ સ્વરૂપ બંધાવા માંડ્યું, અને તેમાં ઉમેરો થતો બંધ પડ્યો. ધર્મ સાચવવા માટે અને સમજાવવા માટે સ્મૃતિ ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા, અને મોટા પુરુષોનાં જીવનચરિત્રાદિને માટે જૂદાજૂદા ગ્રંથો રચાવા માંડ્યા, જે ઇતિહાસ પુરાણને નામે પંકાવા લાગ્યા, અને નવાનવા ઐતિહાસિક બનાવોની વિગતો દૃષ્ટાંત માટે પ્રવેશ થવા માંડી. આમાં વેદમાં સૂચવેલી ગૂઢ વાતો અલંકાર કે કોઈ બીજી રીતે સમજાવવામાં આવતી. મત્સ્ય પુરાણમાં કહ્યું છે કે,

इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।
बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रहरिष्यति ॥

એમાં સ્પષ્ટ કહ્યું છે કે ઇતિહાસ જાણ્યા વગર વેદના અર્થનો અનર્થ થશે, અને તેથી વેદ જાણ્યા પૂર્વે ઇતિહાસ જાણવા જરૂરના છે. પુરાણો વેદના દીપક છે, અને વેદનું જ પુરાણમાં પ્રતિપાદન કરવામાં આવેલું છે.

वेदाः प्रतिष्ठिताः सर्वे पुराणेषु न संशयः

હાલમાં જે અઢાર પુરાણ છે, તે ઉપાસનાને અર્થે છે. પંડિતો તેને ત્રણ ભાગમાં વહેંચી નાંખી, છને બ્રહ્માના, છને વિષ્ણુના અને છને શિવનાં પુરાણો તરીકે ઓળખાવે છે. તેના વિભાગ અને શ્લોકસંખ્યા વિગેરે આ પ્રમાણે છેઃ—

નામ.	શ્લોકસંખ્યા.	નામ.	શ્લોકસંખ્યા.
બ્રહ્માનાં પુરાણો.		૪ ગરુડ પુરાણ.	૧૯૦૦૦
૧ બ્રહ્માંડ પુરાણ.	૧૨૦૦૦	૫ પદ્મ ,,	૫૫૦૦૦
૨ બ્રહ્મવૈવર્ત ,,	૧૮૦૦૦	૬ વરાહ ,,	૨૪૦૦૦
૩ માર્કંડેય ,,	૯૦૦૦	**શિવનાં પુરાણો.**	
૪ ભવિષ્ય ,,	૧૪૫૦૦	૧ મત્સ્ય પુરાણ.	૧૪૦૦૦
૫ વામન ,,	૧૦૦૦૦	૨ કૂર્મ ,,	૧૭૦૦૦
૬ બ્રહ્મ ,,	૧૦૦૦૦	૩ લિંગ ,,	૧૧૦૦૦
વિષ્ણુનાં પુરાણો.		૪ સ્કંદ ,,	૮૧૧૦૦
૧ વિષ્ણુ પુરાણ.	૨૩૦૦૦	૫ અગ્નિ ,,	૧૫૦૦૦
૨ નારદીય ,,	૨૫૦૦૦	૬ શિવ ,,	૨૪૦૦૦
૩ ભાગવત ,,	૧૮૦૦૦		

અત્રે પુરાણોની જે શ્લોકસંખ્યા આપી છે, તે વિશ્વાસને લાયક નથી, કારણ કે ઘણામાં ન્યૂનાધિકતા થઈ છે. આ પ્રસ્તુત ગ્રંથ પણ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૦૦૦૦ શ્લોકનો નથી, અને તેવી જ સ્થિતિ આજે અન્ય પુરાણોની છે. વામન પુરાણ ખરું જોતાં વિષ્ણુનું પુરાણ મનાવું જોઇએ, તે છતાં તે બ્રહ્માનું પુરાણ શા કારણથી મનાયું હશે, તે સમજાતું નથી. એમાં ઐતિહાસિક વાતો બહુ જ ઓછી છે.

જગતમાં કેટલાંક મનુષ્યો એવાં છે કે, જેઓ તત્ત્વજ્ઞાનના ગહન સિદ્ધાંતો બહુ સહેલથી સમજી શકે છે; એવાઓના અધ્યયનને માટે વેદ, ઉપનિષદ, અને ૭ દર્શનો નિર્મિત કર્યાં છે; પરંતુ જેઓ જરા મંદબુદ્ધિના છે, અને જ્ઞાનના વિષયો સહેલથી સમજી શકતા નથી, તેવાઓને માટે વિવિધ પ્રકારનાં સરળ અને રોચક પુસ્તકો યોજવાની જરૂર પડે છે. આવા જ કારણથી પૂર્વના મહર્ષિઓએ સંસારી જીવોની દયાની ખાતર પુરાણો જેવા ગ્રંથોની યોજના કરેલી છે.

પુરાણોમાં રાજાઓના ઇતિહાસો, દાર્ષ્ટાંતિક કથાઓ, ઉપકથાઓ, તીર્થવ્રતાદિનાં માહાત્મ્યો, સ્વર્ગનરકાદિનાં વર્ણનો, પુણ્યપાપનાં ફળો, દેવતાઓની સ્તુતિઓ, ઉપાસનાના પ્રકારો, અને વ્રતાદિના વિધિઓ વગેરે હોય છે. આ બધાના શ્રવણવડે કરીને જ્ઞાનથી, ઇચ્છાથી, પ્રેમથી, શ્રદ્ધાથી, કે પછી ભયથી પણ માણસને ધર્મ ઉપર અભિરુચિ થાય છે. મનુષ્યસ્વભાવ પ્રમાણે જન્મથી જ માણસને રાગદ્વેષાદિ પ્રાપ્ત છે, તેની નિવૃત્તિ કરાવવામાં અને ધર્માચરણ તરફ વલણ કરાવવામાં શાસ્ત્રનું પ્રયોજન છે. પુરાણોના શ્રવણથી સ્વાભાવિક રીતે જ મનુષ્યોમાં શ્રદ્ધા, ભક્તિ, અને પ્રભુપ્રેમ ઉત્પન્ન થાય છે અને પાપકર્મોથી વિરક્ત રહી પુણ્યકર્મો કરવાને તેઓ પ્રેરાય છે. શૂન્યવાદીઓ અને ઈશ્વરને ન માનનારા નાસ્તિકો પણ ઘણી વખત ઈશ્વર તરફ શ્રદ્ધાળુ બની જાય છે. અજ્ઞાની લોકો જેમને જગતનો કે રાજસત્તાનો પણ ડર લાગતો નથી, તેઓ પણ ઘણી વખત પારલૌકિક ડરથી સીધા થઈ જાય છે, અને વિરુદ્ધાચરણનો ત્યાગ કરી સદાચરણી બને છે.

પુરાણની વાતો દેખીતી ગપ્પાં જેવી અને અસંભવનીય લાગે એવી હોય છે. પણ તેની અસર બહુ અદ્દભુત હોય છે. એમાં જે કથાઓ અને આડકથાઓ હોય છે, તેનો ઉદ્દેશ કોઈપણ પ્રકારનો ધર્મનો બોધ આપવાનો જ હોય છે. તેથી તેની સત્યાસત્યતા તરફ વિચાર કરવાની જરૂર નથી. એ વાર્તાઓ સત્ય છે કે જૂઠી છે, ખરી બનેલી છે કે નવરા માણસોએ જોડી કાઢેલાં ગમે તેવાં ગપ્પાં છે, તેનો તથા તેના કાળનો નિર્ણય કરવો, એ પુરાણોની ઉપયોગિતાનો વિચાર કરવામાં બહુ મહત્વની બાબતો નથી. વાર્તાઓનું તાત્પર્ય તેની સત્યાસત્યતામાં કે તે બનેલી ન બનેલી જોવામાં નથી, પણ ધર્મના અમુક સિદ્ધાંતો દૃઢ કરવામાં છે; અમુક સિદ્ધાંતોની પુષ્ટિમાં દૃષ્ટાંતરૂપ જ એ વાર્તાઓ હોય છે, અને તેટલામાં જ તેના ઉપયોગની પરિસમાપ્તિ થાય છે. કેટલાકો તરફથી પુરાણોને માટે હલકો વિચાર ધરાવવામાં આવે છે, અને તેને નકામાં ગણી ફેંકી દેવામાં આવે છે, પરંતુ તેમને ખબર નથી કે એ જ પુરાણોએ ઘણા નાદાન જીવોની જીંદગી સુધારી છે. આપણી સ્ત્રીઓમાં ધર્મશ્રદ્ધા ટકાવી રાખનાર એ પુરાણોની વાતો જ છે, અને હિંદુઓના ઘરમાં જે થોડોઘણો ધર્મ ટકી રહ્યો છે, તે શ્રદ્ધાળુ સ્ત્રીઓને લીધે જ છે. અજ્ઞાની મનુષ્યો નાનાં બાળક જેવા છે, અને નાનાં બાળકોને વિવિધ કથાઓથી જેમ ઉપદેશ આપવામાં આવે છે, તેમ પુરાણોની કથાઓ,

અજ્ઞાની જનોના ઉપદેશને માટે જ રચાયલી છે. એમાંની કેટલીક સત્ય બનેલી, કેટલીક કલ્પિત, અને કેટલીક સત્ય અને કલ્પનાના મિશ્રણવાળી હોય છે. તેમાંનો સત્ય અને કલ્પિત ભાગ શોધી કાઢવાની મહેનત કરવી મિથ્યા છે. ઇક્ષુરસનો આસ્વાદ લેવો તે જ આવશ્યક છે, પણ તે કેમ બનાવવામાં આવ્યો, તેનો વિચાર કર્યા કરવામાં કશો લાભ નથી. તેમ કરવાથી કંઈ સ્વાદેન્દ્રિય તૃપ્ત થવાની નથી.

ધર્મબોધનાં પણ સાધનો, વેદ, તદન્તર્ગત ઉપનિષદો, અને પુરાણો છે. તેમાં વેદની આજ્ઞા રાજાજ્ઞા જેવી છે; તેનાં કારણ જાણી શકાતાં નથી કે પૂછી શકાતાં નથી; વેદનાં વિધિવચનો પાળ્યા વગર છૂટકો જ થતો નથી. ઉપનિષદો મિત્ર-રૂપ છે; મિત્ર સાથે જેમ છૂટથી વાતચિત થાય છે, અને શંકાનું સમાધાન કરી શકાય છે, તેમ ઉપનિષદો પણ મિત્રની પેઠે શંકાનાં સમાધાન સાથે ધર્મનો બોધ આપે છે. પુરાણો કાન્તા પ્રમાણે ઉપદેશ આપે છે. સ્ત્રી જેમ મીઠું મીઠું અને કાલું કાલું બોલીને પ્રિય લાગે એવી રુચિકર વાતો કરીને પુરુષને બોધ આપે છે. અને ગમે એવા હઠીલા ધણીને પણ ઇષ્ટ માર્ગે વાળે છે, તેમ પુરાણો પણ અજ્ઞાની જીવોને રુચિકર કથાઓ કહી તેમને ધર્મમાર્ગમાં વાળે છે. પુરાણોમાં કેટલાંક વર્ણનોમાં સુંદર કાવ્યત્વ રહેલું છે, અને કાવ્યપ્રકાશકાર મમ્મટ પણ કાવ્યના પ્રયોજનમાં कान्तासम्मिततयोपदेशयुजे એટલે કાવ્યો સ્ત્રીની માફક ઉપદેશ આપનાર છે એમ કહે છે.

પુરાણોની આવી ઉપયોગિતાને લક્ષમાં લઈને "ગુજરાતી" પ્રેસના માલિકે લોકકલ્યાણને માટે પુરાણોનાં ગુજરાતી ભાષાન્તર કરાવી તે ગ્રંથરૂપે પ્રકટ કરવાનું ઉપયોગી કામ હાથમાં લીધું છે. આપણાં ધર્મશાસ્ત્રના તમામ ગ્રંથો, વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, અને પુરાણો વગેરે સૌ સંસ્કૃત ભાષામાં જ છે. હાલના જમાનામાં સંસ્કૃત ભાષાથી ઘણા લોકો વિમુખ છે. એવા સંસ્કૃત ભાષાથી અનભિજ્ઞ લોકના બોધને માટે સંસ્કૃત ભાષાના ધર્મગ્રંથોનાં ગુજરાતી ભાષાન્તર થવાની અતિ આવશ્યકતા હતી. એ આવશ્યકતા પૂર્ણ કરી "ગુજરાતી" પ્રેસના માલિકે ગુજરાતી પ્રજા ઉપર એક જાતનો ખરેખર ઉપકાર જ કર્યો છે. વાલ્મીકિ રામાયણનું ગુજરાતી ભાષાન્તર સદ્‍ગતે જાતે કરી છપાવી બહાર પાડ્યું છે; મહાભારત જેવા મહાન્ ગ્રંથનું ભાષાન્તર બહાર પાડવાનું વિકટ કામ ચાલે છે અને તેમાંના બે ભાગ બહાર પડી ચૂક્યા પણ છે; શ્રીમદ્‍ભાગવત તથા ગીતાનાં ભાષાન્તરો ઘણી મુદતથી બહાર પડી ચૂકેલાં છે; અને પુરાણોનાં ભાષાન્તર પણ યથાક્રમ બહાર પાડવા માંડ્યાં છે, જેમાં આ એકનો ઉમેરો થાય છે.

સુભાગ્યે સંસ્કૃત ભાષા ઉપર લોકોની અભિરુચિ વધતી જાય છે; ઉંચી કેળવણીને લીધે સંસ્કૃત ભાષાનું અધ્યયન પણ વધવા લાગ્યું છે. તેથી ધર્મના મૂળ સંસ્કૃત ગ્રંથો વંચાવા માંડ્યા છે; અને છાપાખાનાંને લીધે ગ્રંથોની વિપુલતા પણ વધી છે; તોપણ એથી ભાષાન્તર ગ્રંથોની આવશ્યક્તા કંઈ ઓછી થતી નથી.

વામન પુરાણુની પણ ગણના મહાપુરાણુમાં થઈ છે, અને નારદના પ્રશ્ન ઉપરથી મહર્ષિ પુલસ્ત્યે તે કથેલું છે. એમાં શ્રીવામન ભગવાનના અવતાર સબંધી હકીકત છે, અને તેથી એનું નામ વામનપુરાણુ છે; પરંતુ તે ઉપરાંત તેમાં દક્ષયજ્ઞધ્વંસ, પાર્વતીજન્મકથા, દેવાસુરસંગ્રામ, દેવી–શક્તિની ઉત્પત્તિ અને તેનાથી દૈત્યકુળનો થયેલો સંહાર, દૈત્યવંશવર્ણન, તીર્થોનાં માહાત્મ્ય, વ્રતોના વિધિ, નરકવર્ણુન, એ અને બીજા અનેક વિષયો બીજા પુરાણો પરથી કંઈક ફેરફાર કરીને એકઠા કરવામાં આવ્યા હોય તેમ લાગે છે. જોકે એનું નામ વામનપુરાણુ છે, તે છતાં વામનજન્મ સંબંધી એમાં બહુ જ થોડું વર્ણુન આવે છે; પ્રથમ ૨૩ થી ૩૧ અધ્યાય સૂધી વચગાળે, અને છેવટે ૮૯ થી ૯૫ અધ્યાય સૂધી, એમ એકંદર ૯૫ અધ્યાયમાં ફક્ત ૧૬ અધ્યાય જ વામનજન્મકથાના છે. બાકીના ઘણા ભાગમાં દૈવાસુરસંગ્રામ, દેવીચરિત્ર, અને તીર્થમાહાત્મ્યો છે.

આ ગ્રંથ અસ્તિત્વમાં આવતી વખતે તેના પ્રકટકર્તા સ્વ. ઇચ્છારામ સૂર્યરામ–"ગુજરાતી"ના માલિક અને આદ્યતંત્રી–નું દેહાસ્તિત્વ લુપ્ત થયું છે, એ બનાવ ઘણો જ શોકકારક બન્યો છે, અને એથી મને જે ખેદ થાય છે, તે અકથનીય છે. પ્રભુ એ મહાત્માને સ્વર્ગમાં સર્વકાલીન શાંતિ આપો. ગુજરાતી વાંચનારી પ્રજા જો આ ગ્રંથનો સત્કાર કરશે તો તેમના ઉપર તેના સ્વર્ગસ્થ જન્મદાતાના અવશ્ય આશીર્વાદ ઉતરશે.

પોષી પૂર્ણિમા સંવત ૧૯૬૯,
વડોદરા.

જગજીવનદાસ દયાળજી મોદી.

અનુક્રમણિકા

વામન પુરાણ

(ગુજરાતી ભાષાન્તર)

અધ્યાય ૧ લો.

વર્ષાકાળ વર્ણન.

त्रैलोक्यराज्यमाच्छिद्य बलेरिन्द्राय यो ददौ।
नमस्तस्मै सुरेशाय सदा वामनरूपिणे ॥ १ ॥

જેણે બલિરાજા પાસેથી ત્રણે લોકનું રાજ્ય છિનવી લઇને ઇંદ્રને આપ્યું, એવા સુરલોકના ઈશ્વર જે વામન ભગવાન્, તેમને સર્વદા હું નમસ્કાર કરું છું.[૧]

વિદ્વાનોમાં શ્રેષ્ઠ પુલસ્ત્ય મુનિ પોતાના આશ્રમમાં બેઠા હતા; તે વખત નારદઋષિએ તેમને વામનપુરાણની વાત પૂછી.[૨] હે ભગવન્! સર્વ શક્તિમાન્ એવા શ્રી વિષ્ણુ ભગવાને વામનરૂપ શી રીતે ધારણ કર્યું, તે આપ મને કહો.[૩] દૈત્યોમાં શ્રેષ્ઠ એવા પ્રહ્લાદજીએ પરમ વૈષ્ણવ થઇને દેવોની સાથે શી રીતે યુદ્ધ કર્યું, તે પણ કહો. કેમકે એ બાબતમાં મને મોટો સંદેહ ઉત્પન્ન થાય છે.[૪] વળી હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ! એમ સાંભળ્યું છે કે, દક્ષ પ્રજાપતિની પુત્રી સુંદર વર્ણવાળી સતી, શંકર ભગવાનનાં પ્રિય પત્ની થયાં હતાં.[૫] તે સુંદરમુખીએ પોતાના શરીરનો ત્યાગ કરીને, ગિરિરાજ હિમાલયને ઘેર જન્મ લઇને શી રીતે ફરીથી પાછાં શંકર ભગવાનનાં પત્ની થયાં? હે પ્રભુ! આપ સર્વજ્ઞ છો, તેથી એ સર્વ મારા સંશયો દૂર કરશો, એમ હું માનું છું.[૬–૭] હે દ્વિજ! હે સાધુશ્રેષ્ઠ! સર્વ તીર્થોનાં અને સર્વ દાનોનાં માહાત્મ્ય, તેમ જૂદી જૂદી જાતનાં વ્રતોના વિધિ મને કહો.[૮] તપોનિધિ નારદજીએ એ પ્રમાણે પૂછ્યું, એટલે વક્તાઓમાં શ્રેષ્ઠ પુલસ્ત્ય મુનિ તેમને કહેવા લાગ્યા.[૯]

પુલસ્ત્ય કહે છે: હે મુનિશ્રેષ્ઠ! હું પ્રથમથી માંડીને આખું વામન પુરાણ તમને કહું છું, તે તમે સાવધાન થઇને સાંભળો.[૧૦] પૂર્વે પાર્વતીજીએ ગ્રીષ્મઋતુ આવેલી જોઇને શિવજીને કહ્યું કે,[૧૧] "આ ગ્રીષ્મઋતુ આવી છે, પરંતુ હે દેવેશ! મારે રહેવાને ઘર નથી કે જ્યાં આપણે ગ્રીષ્મઋતુના તાપ તથા વાયુનું નિવારણ કરી શકીએ."[૧૨] એવું સાંભળીને શંકર ભગવાન્ બોલ્યા, 'હે શુભે! હે સારા દાંતવાળી! હું તો આશ્રય વિનાનો જંગલમાં ફરનારો છું.'[૧૩] શંકરના મુખથી એવું વચન સાંભળીને પાર્વતીજીએ તેમની—શંકરની સાથે વૃક્ષની છાયા નીચે જ ઉનાળો ગાળી નાંખ્યો.[૧૪] ગ્રીષ્મઋતુ પૂરી થયા પછી વર્ષાઋતુ આવી. વર્ષા-

ઋતુમાં લોકોએ દેશપરદેશ જવાનું છોડી દીધું અને સૌ સ્થિર થઇને ઘેર રહેવા લાગ્યા. કાળાં વાદળાંઓથી આકાશ છવાઈ જવા લાગ્યું અને વરસાદની ગર્જનાઓ થવા લાગી.[૧૫] એવી વર્ષાઋતુ આવેલી જોઇને, દક્ષપુત્રી સતી પાર્વતીજી મહાદેવજીને પ્રેમ સહિત કહેવા લાગ્યાં.[૧૬]

સતી કહે છેઃ 'હે મહેશ્વર! આ વર્ષાઋતુમાં પવન સખત વાય છે; આ મેઘો હૃદયને ફાડી નાંખે એવી ગર્જનાઓ કરે છે; કાળાં વાદળાંઓમાં વિજળીઓ ચમકારા કરી રહી છે અને મયૂરો કેકારવ લલકારી રહ્યા છે.[૧૭] આકાશમાંથી પાણીની ધારાઓ પડી રહી છે; બગલા અને બગલીઓ મેઘરાજને આવકાર આપે છે; કદંબ, સાલવૃક્ષ અને અર્જુનવૃક્ષનાં ફૂલો અને કેતકીનાં ફૂલો વાયુના વેગથી ખરવા લાગ્યાં છે.[૧૮] મેઘની ગર્જનાઓ સાંભળીને તત્ક્ષણ હંસો, સત્પુરુષો જેમ મહત્તા પામેલા પણ નીચ પુરુષોનો ત્યાગ કરે છે, તેમ સરોવરોનો ત્યાગ કરીને જતા રહેવા લાગ્યા છે.[૧૯] હે શંભો! આ પશુઓનાં ટોળાં પણ આનંદમાં આવી જઇને આમ તેમ ફરે છે અને ક્રીડા કરે છે તથા વનભૂમિ ઉપર દોડાદોડ કરી રહ્યાં છે. બધી જમીન, પાણીની રેલ છેલ થઇ રહેલી હોવાને લીધે તથા ઉગી નીકળેલી વનસ્પતિને લીધે, લીલી હરિયાળી જેવી શોભી રહી છે. હે દેવ! રમણીય કાળાં વાદળાંમાં વારંવાર વીજળીઓ ચમકારા કરી રહી છે. દુર્જન માણસની સમૃદ્ધિ જોઇને શૂર પુરુષો વિચરે છે, તેમ નદીઓ એકાએક નૌકા આદિ સાધનોદ્વાર ઘણા વેગવાળી બની છે. હે ચંદ્રમૌલે! નીચ પુરુષના સહવાસમાં રહેનારી સ્ત્રીઓ મલીન પુરુષનો આશ્રય કરે, તેમાં શું આશ્ચર્ય? કાળામેઘોથી આકાશ, પુષ્પોથી સર્વ વૃક્ષ, કળીઓથી કદંબ, ફળોથી નાળીએરી, પાણીના વધારાથી નદીઓ અને પત્રો તથા કમળોથી સરોવરો શોભી રહ્યાં છે. એ પ્રમાણે આ વર્ષાકાળ ઘણો દુસ્તર છે. હે શંકર! એવી રીતે આ વર્ષાકાળ બહુ અદ્દ્ભુત, દુઃસહ અને ભયંકર છે, માટે જ હું તમને કહુંછું, નહિ તો કહેત નહિ.[૨૦-૨૪] હે શંભો! અહીંયાં જ, પર્વતોમાં શ્રેષ્ઠ આ પર્વતને વિષે ઘર બનાવો.' એ પ્રમાણે પાર્વતીજીનાં મધુરાં વચનો સાંભળીને મહાદેવજી આ પ્રમાણે બોલ્યા;[૨૫] 'હે પ્રિયે! ઘર બનાવવા જેટલું મારી પાસે દ્રવ્ય નથી. વસ્ત્ર ન હોવાને લીધે તો મેં વાઘનું ચામડું ધારણ કરેલું છે. જનોઇને ઠેકાણે સર્પોના રાજા વાસુકીને લપેટેલો છે. પદ્મ તથા પિંગલ નામના બે સર્પોને મેં કુંડળને ઠેકાણે કાનમાં ધારણ કર્યા છે.[૨૬] કંબલ તથા ધનંજય નામના બે સર્પના મેં બાજુબંધ બનાવેલા છે. અશ્વતર અને તક્ષક નામના બે સર્પ મારા ડાબા તથા જમણા હાથનાં કંકણ છે અને કાજળના સમાન શ્યામ વર્ણવાળા નીલ નામના સર્પની મેં કટીમેખલા બનાવેલી છે.'[૨૭]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ મહાદેવજીનાં એવાં ઉગ્ર, અસલ તથા મધુર વચનો સાંભળીને પાર્વતીજી ભય પામ્યાં અને લજ્જાથી નીચું જોઇને તથા ઉષ્ણ નિઃશ્વાસ નાંખીને સક્રોધ બોલ્યાં.[૨૮]

પાર્વતી કહે છેઃ 'હે અવિનાશી દેવ! આ પ્રમાણે ઝાડના મૂળમાં રહીને જ શું મારે વર્ષાકાળ વીતાડવો પડશે? હે નાથ! કૃપા કરીને કહો તો ખરા.'[૨૯] શંકર કહે છેઃ 'હે પ્રિયે! વાદળીની પીઠપર બેસીને તમે વર્ષાકાળ વીતાવો, કે જેથી તમારા શરીર ઉપર વર્ષાદની ધારા પડી શકશે નહીં.'[૩૦] પુલસ્ત્ય કહે છેઃ પછી મહાદેવજી પાર્વતીજીને સાથે લઇને એક ઉંચા મેઘપર ચઢીને તેની પીઠપર રહેવા લાગ્યા. આ કારણથી સ્વર્ગમાં મહાદેવજીનું નામ જીમૂતકેતુ પડ્યું.[૩૧]

पुलस्त्य उवाचः—ततो हरस्तद्धनखंडमुन्नतमारुह्य तस्थौ सह दक्षकन्यया ।
ततो भवन्नाम महेश्वरस्य जीमूतकेतुस्त्विति विश्रुतं दिवि ॥ ३१ ॥

ઇતિશ્રી વામન પુરાણે 'હરલલિત' નામનો પ્રથમ અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨ જો.

નરની ઉત્પત્તિ.

पुलस्त्य उवाचः—ततस्त्रिनेत्रस्य गतः प्रावृट् कालो घनोपरि ॥
लोकानंदकरी रम्या शरत्समभवन्मुने ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ એ પ્રમાણે મેઘની પીઠપર મહાદેવજીની વર્ષાઋતુ પૂરી થઈ અને લોકોને આનંદ આપનારી રમણીય શરદૃઋતુ આવી.[૧] આકાશમાંથી વાદળાં જતાં રહ્યાં, કંકપક્ષીઓએ વૃક્ષોનો આશ્રય છોડી દીધો, નદીઓના પ્રવાહ આછા થયા, કમળોમાંથી સુગંધ ઓછી થઈ, કાગડાઓએ માળાઓનો ત્યાગ કર્યો, કૃષ્ણસાર મૃગોનાં શિગડાં ખરી પડ્યાં અને જળાશયો નિર્મળ થયાં.[૨] કમળો ખીલવા લાગ્યાં, ચંદ્રમાનાં કિરણો શોભાયમાન દેખાવા લાગ્યાં, લતાઓ પુષ્પવાળી થઈ, ગાયો આનંદથી બોલવા લાગી અને સંતજનો સંતોષને ધારણ કરવા લાગ્યા.[૩] સરોવરોમાં કમળો, આકાશમાં તારાઓ, જળાશયોમાં પાણી, સત્પુરુષોનું ચિત્ત અને ચંદ્રમાનો પ્રકાશ દિશાઓના મુખની સાથે નિર્મળ થયાં.[૪] આવી શરદૃઋતુમાં મહાદેવજી મેઘની પીઠ ઉપર બેઠેલાં પાર્વતીજીને લઇને પર્વતરાજ મંદરાચળ ઉપર આવ્યા.[૫] મહા તેજસ્વી એવા શ્રી શંકર ભગવાન્ પછી મંદર પર્વત ઉપર રહીને પાર્વતીજી સાથે ક્રીડા કરવા લાગ્યા.[૬] શરદઋતુ વીતી ગયા પછી ભગવાન્ વિષ્ણુ જાગ્યા.

ત્યાર પછી (દેવઉઠી એકાદશી પછી) શ્રી દક્ષપ્રજાપતિએ યજ્ઞનો આરંભ કર્યો.[૭] બારે આદિત્યોને, ઇંદ્ર વગેરે દેવતાઓને અને કશ્યપને નિમંત્રણ કરીને યજ્ઞમાં બોલાવ્યા.[૮] વળી અરુન્ધતી સાથે વશિષ્ઠને, અનસૂયા સાથે અત્રિ ઋષિને, ધૃતિ સાથે કૌશિક મુનિને, અહલ્યા સાથે ગૌતમને, માયાની સાથે ભરદ્વાજને અને ચંદ્રની સાથે મહર્ષિ અંગિરાને આમંત્રણ કરીને દક્ષે યજ્ઞમાં તેઓને સભાસદ બનાવ્યા.

આ સઘળા ગુણસંપન્ન અને વેદવેદાંગ પારંગત હતા.[૯-૧૧] ધર્મદેવને તેમની સ્ત્રી અહિંસા સહિત બોલાવ્યા અને યજ્ઞશાળામાં દ્વારપાલના સ્થાનપર સ્થાપિત કર્યા.[૧૨] અરિષ્ટનેમિને સમિધ (લાકડાં) લાવવાના અધિકારી બનાવ્યા. ચંદ્રા સહિત બ્રહ્મર્ષિ અંગિરાને બોલાવીને શુદ્ધ કરેલાં અન્નપાન બનાવવામાં યોજ્યા અને દક્ષપ્રજાપતિએ ભૃગુઋષિને યજ્ઞસંસ્કારના કામપર નીમ્યા.[૧૩-૧૪] રોહિણી સહિત ચંદ્રમાને ધનના અધિપતિ બનાવ્યા.[૧૫] એ પ્રમાણે પ્રજાપતિએ મહાદેવજી તથા પાર્વતીજીને છોડી દઇને બીજા બધા જમાઇઓ તથા પુત્રીઓને તેમનાં બાળબચ્ચાં સાથે નોતર્યાં.[૧૬]

નારદ કહે છેઃ હે મહારાજ! ધનના સ્વામી, વયમાં સૌ કરતાં મોટા, સૌથી શ્રેષ્ઠ અને સૌથી આદિ છતાં પ્રજાપતિએ તેમને તથા સતીને શા માટે નિમંત્રણ ના મોકલ્યું?[૧૭] પુલસ્ત્ય મુનિ કહે છેઃ ભગવાન્ શિવજી જ્યેષ્ઠ, શ્રેષ્ઠ અને વરિષ્ઠ છે, છતાં તે કપાલી છે એમ જાણીને દક્ષે તેમને નિમંત્રણ કર્યું નહિ.[૧૮] નારદ કહે છેઃ હે ભગવન! દેવતાઓમાં શ્રેષ્ઠ, ત્રણ નેત્રવાળા, શૂલપાણિ ભગવાન્ શંકર શા માટે અને કયા કર્મને લીધે કપાલી થયા?[૧૯] પુલસ્ત્ય મુનિ કહે છેઃ હે નારદજી! સાવધાન થઇને આ પ્રાચીન કથા સાંભળો. સ્વયં અવ્યક્ત મૂર્ત્તિ બ્રહ્માજીએ પહેલાં એ કથા શ્રી આદિ પુરાણમાં કહી છે.[૨૦] પૂર્વે પ્રલયસમયે જ્યારે સૌ જળમય થઈ ગયું હતુ ત્યારે સ્થાવર જંગમ સૌ લોક નાશ પામ્યા હતા. સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, પવન અને અગ્નિ પણ નાશ પામ્યા હતા.[૨૧]

તમામ ઘાસ અને વેલીઓ ડૂબી ગઈ અને કલ્પના ન કરી શકાય એવો ભાવ અભાવથી રહિત, જાણી ન શકાય એવો અંધકારમય વરસાદથી ઘેરાઈ રહેલો હોય એવો દુર્દિનનો દેખાવ થઈ રહ્યો.[૨૨] તે જળમય સમુદ્રમાં ભગવાન્ એક હજાર વર્ષ સુધીની રાત્રીમાં પોઢી ગયા. રાત્રી વીતી ગયા પછી રાજસ્રૂપ (બ્રહ્માનું સ્વરૂપ) ધારણ કરીને ભગવાન સર્વ લોકોને સરજવાને પ્રવૃત્ત થયા.[૨૩] પંચમુખવાળા, આ ચરાચર જગતના કર્ત્તા, જેનું દર્શન અદ્‌ભુત છે એવા, વેદ અને વેદાંગના પારંગત તે બ્રહ્માજી શોભવા લાગ્યા.[૨૪] પછી ભગવાને તામસ પ્રધાન બીજું રૂપ ધારણ કર્યું. તે ત્રણ લોચનવાળા, જેના હાથમાં ત્રિશૂળ છે એવા, જટાધારી અને રુદ્રાક્ષની માળા ધારણ કરનારા એવા મહાદેવજી થયા.[૨૫] પછી પરમાત્માએ મહા ભયંકર અહંકારને ઉત્પન્ન કર્યો, જેનાથી તે બંને દેવો બ્રહ્મા અને શંકર ઘેરાયલા હતા.[૨૬] અહંકારયુક્ત થઇને મહાદેવજીએ પિતામહ બ્રહ્માજીને પૂછ્યું, કે, આપ કોણ છો? અને આપને કોણે અહીં ઉત્પન્ન કર્યા?[૨૭] આ સાંભળીને બ્રહ્માજીએ પણ અહંકારયુક્ત થઇને સામું પૂછ્યું કે, આપ કોણ છો? તમારા માતા-પિતા અહીં કોણ છે? તે કહો.[૨૮] પુલસ્ત્યમુનિ કહે છે કે, જ્યારે આ પ્રમાણે શંકર અને બ્રહ્મા વચ્ચે વાદવિવાદ થયો ત્યારે, હે નારદ! ત્યાં તમારો જન્મ થયો.[૨૯] તે જ વખત તમે અપ્રતિમ વીણા ધારણ કરીને કિલકિલા શબ્દ કરતા જન્મીને તરત આકાશમાં ચાલ્યા ગયા.[૩૦] પછી મહામાની એવા બ્રહ્માજીથી હાર

પામીને, રાહુથી ઘેરાયલા ચંદ્રની માફક ગરીબ બનીને નીચું મુખ કરીને ઉભા રહ્યા.[૩૧] એવી રીતે મહાદેવજી પરાજિત થવાથી ક્રોધાયમાન થયા ત્યારે પાંચમા મુખથી બ્રહ્માજી તેમને કહેવા લાગ્યા;[૩૨] 'હે તમો મૂર્તિ! હે ત્રિલોચન! તમો દિશાઓરૂપી વસ્ત્રો ધારણ કરનારા આખલા ઉપર સ્વારી કરનારા અને જગતનો નાશ કરનારા છો, તે હું જાણું છું.'[૩૩] આવાં વચન સાંભળીને શંકર ભગવાન્ મહા ક્રોધાયમાન થઇને ઘોર ચક્ષુઓથી બ્રહ્માજીને બાળી નાંખવા ઇચ્છતા હોય, એમ એકી નજરે તેમના તરફ જોવા લાગ્યા.[૩૪]

આ વખતે મહાદેવજીનાં દેખી ન શકાય એવાં પાંચમુખ–એક સફેત, બીજું લાલ, ત્રીજું સોનાના જેવા રંગવાળું, ચોથું શ્યામ વર્ણનું, અને પાંચમું ભયંકર પીંગટ વર્ણું એવાં જણાવા લાગ્યાં.[૩૫] સૂર્ય જેવાં તેજસ્વી એ મુખો જોઇને બ્રહ્માજી શંકર ભગવાનને કહેવા લાગ્યા કે, ખૂબ વલોવેલા પાણીમાં પરપોટા ઉત્પન્ન થાય છે તેમાં તે શું પરાક્રમ રહેલું છે?[૩૬] આ સાંભળીને શંકરને બહુ ક્રોધ ચઢ્યો, તેથી તેમણે પોતાના નખના આગલા ભાગથી કઠોર બોલનારા બ્રહ્માના એ મુખને છેદી નાંખ્યું.[૩૭] બ્રહ્માનું છેદાયલું એ મસ્તક શંકરના ડાબા હાથની હથેલીમાં જઇને પડ્યું અને પછી ત્યાંથી ખસ્યું નહિ.[૩૮] પછી ક્રોધાવિષ્ટ થયેલા બ્રહ્માજીએ કવચ, કુંડળ તથા બાણ ધારણ કરેલા એક બુદ્ધિમાન્ પુરુષને ઉત્પન્ન કર્યો.[૩૯]

એ પુરુષે હાથમાં ધનુષ ધારણ કરેલું છે, ઘુંટણ પર્યંત તેના લાંબા હાથ છે, બાણ અને શક્તિ (સાંગ) તેણે ધારણ કર્યાં છે, તે અવિનાશી છે, તેને ચાર ભુજાઓ છે, તેની પાસે બાણોનું મોટું ભાથું છે અને સૂર્યના સમાન તે તેજસ્વી છે.[૪૦] તેણે મહાદેવજીને કહ્યું: 'હે દુર્બુદ્ધિ! તું અહીંથી ચાલ્યો જા. હે શૂલપાણિ! હું તને મારીશ નહિ. તેં મહા પાપ કર્યું છે. ત્હારા જેવા પાપીને કોણ મારે?'[૪૧] એ મહાપુરુષનાં એવાં વચનો સાંભળીને મહાદેવજી પોતાની પ્રિયાને લઇને બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા.[૪૨] ત્યાં હિમાલય પર્વતમાં ભગવાન્ નરનારાયણનું સ્થાન છે, જ્યાં નદીઓમાં શ્રેષ્ઠ એવી પવિત્ર સરસ્વતી નદી વહે છે.[૪૩] ત્યાં જઇને અને નારાયણને જોઇને શંકરે તેમને કહ્યું 'હે ભગવન! આપ તો મહા કરુણાળુ છો. મને ભિક્ષા આપો.'[૪૪] એ સાંભળીને ધર્મપુત્ર એવા નારાયણ ભગવાન્ બોલ્યા; 'હે મહેશ્વર! તમે તમારા ત્રિશૂળવડે મારા ડાબા હાથને તાડન કરો.[૪૫] નારાયણનાં એવાં વચન સાંભળીને મહેશ્વરે નારાયણના ડાબા હાથમાં જોરથી ત્રિશૂળ માર્યું.[૪૬] ત્રિશૂળ વાગવાથી નારાયણની ડાબી ભુજામાંથી ત્રણ ધારાઓ નીકળી. તેમાંથી એક તારાગણથી સુશોભિત થઇને ગગન મંડળનો આશ્રય કરીને રહી.[૪૭] બીજી ધારા ભૂમિ ઉપર પડી. તેને તપોધન અત્રિ ઋષિએ ગ્રહણ કરી. તેમાંથી શંકરના અંશથકી દુર્વાસા ઋષિ ઉત્પન્ન થયા.[૪૮] ત્રીજી ધારા ભયાનક લાગે એવા કપાલ ઉપર પડી. તેમાંથી કવચ ધારણ કરેલો એવો એક જુવાન્ બાલક ઉત્પન્ન થયો.[૪૯]

તે સુંદર શ્યામ રંગના જુવાને હાથમાં ધનુષ બાણુ ધારણુ કરીને વરસાદના જેવી ગર્જના કરીને કહ્યું કે, હું તાડના ફળની માફક કોના શરીર ઉપરથી માથું કાપી લાવું?[૫૦] નારાયણની ભૂજામાંથી ઉત્પન્ન થયેલા તે નરને જોઈને શંકરે તેને કહ્યું કે, આ હજારો સૂર્યના જેવી કાંતિવાળા દુષ્ટ વચનો બોલનાર બ્રહ્માના પુત્રને તું મારી નાંખ.[૫૧] એવાં શંકરનાં વચન સાંભળીને તેણે આજગવ નામનું આદ્ય ધનુષ્ય ધારણ કર્યું અને અક્ષય ભાથાં લીધાં. પછી તે વીર પુરુષે યુદ્ધની તૈયારી કરી.[૫૨] બ્રહ્માજીના પુત્ર અને આ પુરુષ—એ બંને મહા બળવાન્ વીરોએ હજાર દિવ્યવર્ષ સુધી યુદ્ધ કર્યું; પછી મહાદેવજીએ બ્રહ્માને કહ્યું.[૫૩] 'હે પિતામહ! દિવ્ય અને અદ્ભુત કર્મ કરવાવાળા આ મહા બળવાન પુરુષે જબરાં બાણો છોડીને તમારા પુત્રને જિત્યો છે અને સર્વ દિશાઓમાં એ વાત જાણીતી થઈ ગઈ છે.[૫૪] ત્યારે બ્રહ્માજીએ મહાદેવને કહ્યું કે, 'હે શંભો! મારો પુરુષ મહાત્મા છે. એ અજિત છે. એનો પરાજય કદી કોઈથી થનાર નથી. એનો જન્મ પણ આ લોકમાં નથી કે જેથી તમારો પુત્ર મનુષ્ય જાણીને એનો નાશ કરે.'[૫૫]

એ પ્રમાણે મહાદેવજીને કહીને બ્રહ્માએ તે પોતાના પુત્રને સૂર્ય લોકમાં અને નરને ધર્મપુત્ર નારાયણના શરીરમાં લીન કરી દીધા.[૫૬]

> इत्येवमुक्त्वा वचनं त्रिनेत्रं चिक्षेप सूर्ये पुरुषं विरंचिः ।
> नरं नरस्यैव तदा स विग्रहे चिक्षेप धर्मप्रभवस्य देवः ॥

ઈતિ શ્રી વામન પુરાણમાં 'હરલલિતમાં નરોત્પત્તિ પ્રલય' નામનો દ્વિતીય અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩ જો.

શંકરને બ્રહ્મહત્યા દોષ.

पुलस्त्य उवाचः—ततः करतले रुद्रः कपाले दारुणे स्थिते ॥
संतापमगमद् ब्रह्मंश्चितया कुलितेन्द्रियः ॥ १ ॥

પુલસ્ત્યમુનિ કહે છે; હે બ્રહ્મન્! બ્રહ્માનું તે દારુણ મસ્તક હાથમાં આવીને પડ્યું. તે વખતે ચિંતાથી વ્યાકુલ થયેલા મહાદેવજીના અંતઃકરણમાં બહુ સંતાપ થયો.[૧] અને તે જ વખતે મહાભયંકર, રૌદ્રમૂર્ત્તિ, કાજળના ઢગલાના જેવી કાંતિવાળી અને લાલ કેશવાળી બ્રહ્મહત્યા મહાદેવજી પાસે આવીને ઉભી રહી.[૨] તેને આવેલી જોઈને શંકરે તે કરાળ સ્વરૂપિણીને પૂછ્યું કે, 'હે રૌદ્રે! તું કોણ છે? અને અહીં શા માટે આવી છે?'[૩] પછી તે દારુણ બ્રહ્મહત્યાએ મહાદેવને કહ્યું કે, 'હે ત્રિલોચન! હું બ્રહ્મહત્યા છું. તમે મારું ગ્રહણ કરો.'[૪] એ પ્રમાણે કહીને તે બ્રહ્મહત્યાએ પછી ત્રિશૂલપાણિ રુદ્રના સંતપ્ત થયેલા શરીરમાં પ્રવેશ કર્યો.[૫]

બ્રહ્મહત્યાથી પરાભવ પામેલા શંકર તે પછી બદરિકાશ્રમમાં ગયા. પણ ત્યાં જઇને તેમણે નરનારાયણ ઋષિને જોયા નહિ.[૬] તે ધર્મપુત્ર એવા નરનારાયણનાં દર્શન ન થવાથી શોક પામી મહાદેવજી જમનાજી સ્નાન કરવા ગયા, તો શ્રી જમનાજીનું પાણી પણ સૂકાઈ ગયું.[૭] વૃષભધ્વજ શિવજી જમનાજીનું પાણી સૂકાઈ ગયેલું જોઇને પ્લક્ષજા નદીએ સ્નાન કરવા ગયા, તો તે નદી પણ અંતર્ધાન થઈ ગઈ.[૮]

ત્યાર પછી શિવજી યદચ્છાએ પુષ્કરારણ્ય, માગધારણ્યય અને સૈંધવારણ્યમાં જઇને રહ્યા.[૯] અને પછી ત્યાંથી નૈમિષારણ્ય તથા ધર્મારણ્યમાં જઇને તેમણે સ્નાન કર્યું તો પણ તે ભયંકર બ્રહ્મહત્યા તેમને છોડીને ચાલી ગઈ નહિ.[૧૦] નદીઓમાં, તીર્થોમાં, પવિત્ર આશ્રમોમાં અને દેવસ્થાનોમાં સ્નાન કરવા છતાં વૃષભધ્વજ શંકર ભગવાન્ યોગી હતા તો પણ બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થયા નહિ.[૧૧] પછી અતિ ખેદ પામીને શંકર કુરુક્ષેત્રમાં ગયા. ત્યાં તેમને ગરુડ ઉપર બેઠેલા ચક્રમણિ વિષ્ણુ ભગવાનનાં દર્શન થયાં.[૧૨] શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા તે પુંડરિકાક્ષ ભગવાનને જોઇને, બે હાથ જોડીને મહાદેવજીએ તેમની સ્તુતિ કરવા માંડી.[૧૩] મહાદેવજી સ્તુતિ કરે છે; હે દેવતાઓના સ્વામી! હે ગરુડધ્વજ! તમને નમસ્કાર છે. શંખ, ચક્ર અને ગદાને હાથમાં ધારણ કરનારા હે વાસુદેવ! તમને નમસ્કાર છે.[૧૪] હે નિર્ગુણ! હે અનંત! તમે જગતના કર્તા છો. તમે કલ્પનામાં પણ આવી શકો એવા નથી. તમને નમસ્કાર છે. તમે જ્ઞાન અને અજ્ઞાનના આશ્રય રહિત છતાં સર્વના આલંબનરૂપ છો. તમોને નમસ્કાર છે.[૧૫] તમે રજોગુણમય સનાતન બ્રહ્મરૂપ છો. તમને નમસ્કાર છે. હે નાથ! આ આખું ચરાચર જગત્ તમે જ બનાવ્યું છે. તમને નમસ્કાર છે.[૧૬]

સત્ત્વગુણ યુક્ત, લોકેશ, વિષ્ણુમૂર્ત્તિ, અધોક્ષજ, પ્રજાપાલક, હે જનાર્દન! હે મહાબાહો! તમને નમસ્કાર છે.[૧૭] હે તમોગુણમય મૂર્ત્તિ! હું તમારા જ ક્રોધના અંશથી ઉત્પન્ન થયેલો છું. હે દેવેશ! તમે સગુણરૂપે સર્વ વ્યાપક છો. તમને નમસ્કાર છે.[૧૮] હે જગન્નાથ! તમે આ પૃથ્વીરૂપ છો, જલરૂપ છો, આકાશ અને અગ્નિરૂપ તમે છો, તમે વાયુ, બુદ્ધિ, મન અને રાત્રીરૂપ છો. તમને નમસ્કાર છે.[૧૯] ધર્મ, યજ્ઞ, તપ, સત્ય, અહિંસા, શૌચ, આર્જવ, ક્ષમા, દાન, દયા, લક્ષ્મી અને બ્રહ્મચર્યરૂપ હે ઈશ્વર! તમે છો.[૨૦] અંગોસહિત ચારે વેદ તમે છો. તમે જ વેદ્ય (જાણવા યોગ્ય) અને વેદના પારને પામેલા છો. હે ઈશ! તમે જ સર્વે ઉપવેદરૂપે છો. તમને નમસ્કાર છે.[૨૧] હે અચ્યુત! હે ચક્રપાણિ! તમને નમસ્કાર છે. વામનરૂપ અને મત્સ્યરૂપ ધારણ કરનાર તમને નમસ્કાર છે. તમે આ લોકમાં મહા કારુણિક છો, કરુણાના સાગર છો. હે કેશવ! પાપના બંધનમાંથી મારી રક્ષા કરો.[૨૨] બ્રહ્મહત્યાથી મારા શરીરમાં જે અશુભ લાગેલું છે તેનો, આપ નાશ કરો. હું દગ્ધ થયેલો હું નાશ પામ્યો છું. મેં અવિચારી

કામ કર્યું છે. તમે જ મારા નાથ છો. મને પાવન કરો. હું વારંવાર તમને નમસ્કાર કરું છું.[૨૩]

પુલસ્ત્યમુનિ કહે છે; મહાત્મા શંકરની એ પ્રમાણે સ્તુતિ સાંભળીને બ્રહ્મહત્યાનો નાશ કરવા માટે ભગવાન્ બોલ્યા.[૨૪] હરિ કહે છે: 'હે મહેશ્વર! બ્રહ્મહત્યાનો નાશ કરનારી, શુભફળ આપનારી અને પુણ્ય વધારનારી મધુર શબ્દવાળી આ મારી વાણીને સાંભળો.[૨૫] આ પવિત્ર બ્રહ્માંડમાં મારા અંશથી ઉત્પન્ન થયેલા અવિનાશી જે સદા પ્રયાગમાં રહે છે, તે યોગશાયી નામથી વિખ્યાત છે.[૨૬]

તેમના જમણા પગમાંથી વરણા નામની શ્રેષ્ઠનદી નીકળેલી છે. તે સર્વપાપની હરનારી અને શુભ છે.[૨૭] તે જ પ્રમાણે તેમના ડાબાપગમાંથી નીકળેલી અસી નામની બીજી નદી છે. તે બંને નદીઓ આ લોકમાં પૂજ્ય અને શ્રેષ્ઠ છે.[૨૮]

તે બે નદીઓની વચ્ચેનો જે પ્રદેશ છે, તે ભગવાન્ યોગશાયીનું ક્ષેત્ર કહેવાય છે. તે ત્રિલોકમાં શ્રેષ્ઠ તીર્થ અને સર્વ પાપનું નાશ કરનારું ગણાય છે.[૨૯] ત્યાં તેમના જેવી જ પરમ પાવિની અતિશુભ વારાણસી નામની નગરી છે. જેમાં નિવાસ કરવાથી સંસારી પુરુષો પણ સંસારથી મુક્ત થઈ જાય છે.[૩૦] તે નગરીમાં ઉત્તમ બ્રાહ્મણોના વેદના ધ્વનિ, વિલાસિની સ્ત્રીઓની કટીમેખલાના સ્વરો સાથે મિશ્રિત થવાથી મધુર થયલા સાંભળીને ગુરુઓ વારંવાર હાસ્ય કરે છે.[૩૧] વળી ચૌટાઓમાં ચાલતી સ્ત્રીઓનાં અલતાના રંગથી રંગેલાં લાલ પગલાં જોઇને ચંદ્રમાને પણ આ સ્થળપદ્મનીઓ (જમીન ઉપરના કમળ) ચાલે છે કે શું, એમ ભ્રમ સાથે વિસ્મય ઉત્પન્ન થાય છે.[૩૨] જેમાં ઘણાં જ ઊંચાં આવી રહેલાં દેવમંદિરો દરરોજ સાયકાલે ચંદ્રમાને ઢાંકી દે છે અને દિવસે સૂર્યને પણ પવનથી ઉડતી મોટી મોટી પતાકાઓથી ઢાંકી દે છે.[૩૩] ત્યાંના મકાનોની ચંદ્રકાન્ત મણિની ભીંતો ઉપર સ્ત્રીઓનાં સ્વચ્છ વદન કમલના પ્રતિબિંબ પડે, તેને ખરાં કમળ જાણી લોભાયલા ભમરાઓ ભ્રમથી બીજાં પુષ્પ ઉપર જતા નથી.[૩૪] હે શંભો! ત્યાં મોહ ઉત્પન્ન કરે એવી ક્રીડાઓ કરવાથી પરાજિત થયેલા પુરુષોને અને ઘરની વાપિકાઓમાં જલક્રીડા કરી કરીને સ્ત્રીઓને પણ પરિશ્રમ જણાતો નથી.[૩૫] હે શંભો! તે નગરીમાં વાયુ શિવાય બીજું કોઇ પારકા ઘરમાં પ્રવેશ કરતું નથી અને સુરત ક્રીડા શિવાય બીજી વખત સ્ત્રીઓ ઉપર કોઇ પરાક્રમ (બલાત્કાર) કરતું નથી.*[૩૬] ત્યાંના મત્ત હસ્તીઓને બાંધવાને જ પાશગ્રંથિ હોય છે અને મદઝરણમાં જ દાનચ્છેદ થાય છે. પુરુષોને અને હાથીઓને જુવાની આવે છે ત્યારે જ માન

---

* અર્થાત્ ચોરી કરવા કે એવા બીજા કારણથી કોઈ કોઇના ઘરમાં પેસતું નથી એટલે ત્યાં ચોરનો ભય નથી અને સુરત ક્રીડામાં પતિ પોતાની સ્ત્રી ઉપર બલ વાપરે તે શિવાય અન્ય કોઈ સ્ત્રી ઉપર બલ વાપરી શકતું નથી, એટલે ત્યાં કામી, વ્યભિચારી પુરુષો પણ નથી.

અને મદ આવે છે.*[૩૭] ત્યાં ઘુવડપક્ષીઓ જ પ્રિયદોષા† હોય છે, બીજા મનુષ્યો નહિ. તારાગણુમાં જ અકુલિનત્વ‡ હોય છે અને હે વિભો! મેઘને વિષે જ વ્રતચ્યુતિ§ હોય છે.[૩૮] હે શંકર! ત્યાંની વિલાસિની સ્ત્રીઓ પણુ તમારી પેઠે ભૂતિલુબ્ધા,¶ ભુજંગવેષ્ટિત,‖ અને ચંદ્રભૂષિત** દેહવાળી છે.[૩૯] હે સુરેશાન! એવી રીતની વારાણસી નગરીમાં મારા આશ્રમને વિષે સર્વ પાપને હરણુ કરે એવા લોલ નામે સૂર્ય ભગવાન્ વસે છે.[૪૦] જ્યાં દશાશ્વમેધ અને મારા અંશથી ઉત્પન્ન થયેલા કેશવ વિરાજમાન છે, ત્યાં જવાથી, હે સુરશ્રેષ્ઠ! તમે પાપથી મુક્ત થશો.[૪૧] એવી રીતે ગરુડધ્વજ ભગવાને વૃષધ્વજ શંકરને કહ્યું એટલે શંકર, તેને પ્રણુામ કરીને ગરુડના સમાન વેગવડે પાપથી મુક્ત થવા માટે વારાણુસી પ્રત્યે ગયા.[૪૨] તે પરમ પુણ્યશાળી, તીર્થરૂપ નગરીમાં જઇને અને દશાશ્વમેધસહિત લોલાર્કનાં દર્શન કરી, તીર્થજલમાં સ્નાન કરીને પાપથી મુક્ત થઇને પછી તે કેશવ ભગવાનનાં દર્શન કરવા ગયા.[૪૩] કેશવ ભગવાનને જોઈ પ્રણુામ કરીને શંકર બોલ્યા; 'હે હૃષીકેશ! તમારી કૃપાથી મારી બ્રહ્મહત્યા નાશ પામી.[૪૪] પરતુ હે દેવેશ! આ કપાલ (મસ્તક) હજુ મારા હાથમાંથી દૂર થતું નથી તેનું કારણુ હું જાણી શકતો નથી. આપ તે કહેવાને યોગ્ય છો.'[૪૫]

પુલસ્ત્ય મુનિ કહે છે;–મહાદેવજીનાં એવાં વચન સાંભળીને કેશવ ભગવાને કહ્યું કે, એનું જે કારણુ છે તે સર્વ, હે વત્સ! હું તને કહું છું.[૪૬] મારી સન્મુખ કમલ અને ઉત્પલથી વિભૂષિત આ જે દિવ્ય હ્રદ દેખાય છે. તે સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ, પવિત્ર અને દેવ તથા ગંધર્વોથી પૂજિત છે.[૪૭] એ પરમ પવિત્ર પુણ્યમય હ્રદમાં રુડી રીતે સ્નાન કર. સ્નાન કરવા માત્રથી આજે જ એ કપાલ (મસ્તક) તારા હાથમાંથી છૂટું થઈ જશે.[૪૮] હે રુદ્ર! તે પછી તમે લોકમાં કપાલી નામથી વિખ્યાત થશો અને આ તીર્થ પણુ કપાલમોચન નામથી બોલાશે.[૪૯]

પુલસ્ત્યમુનિ બોલ્યા;–દેવતાઓના ઈશ્વર શ્રી કેશવે એ પ્રમાણે કહ્યું, એટલે શંકરે કપાલમોચન તીર્થમાં વેદોક્ત વિધિથી સ્નાન કર્યું.[૫૦] ત્રિપુરારિ શંકરે તીર્થમાં

---

* અર્થાત્ ત્યાં હાથીઓને બાંધવાને જ દોરડાની જરૂર પડે છે ચોર વગેરે માણસને બાંધવા નહિ. કેમકે ત્યાં કોઈ ચોર કે ગુનેહગાર જ નથી. હાથીઓને મદ ઝરતો અટકી જાય તે દાનચ્છેદ કહેવાય છે. તેમ જ ધર્મદાન કરવાનું બધ કરવું તેને પણ દાનચ્છેદ કહે છે. પણ તે તો થયા જ કરે છે, કેમકે સૌ લોક પુણ્યશાળી છે. જુવાનીનો મદ અને માન એ દોષરૂપ નથી, કેમકે તે આવવા છતાં કોઈ અધર્માચરણ કરતું નથી. અને દોષરૂપ મદ અને માન તો કોઈનામાં નથી. એ પ્રમાણે એ નગરી પુણ્યશાળી છે.

† પ્રિય દોષા—જેને દોષો પ્રિય હોય છે તે. પક્ષે, દોષા એટલે રાત્રી, તેથી જેને રાત્રી પ્રિય હોય છે તે. ‡ અકુલિનત્વ—કુ-પૃથ્વી-પૃથ્વીમાં લીન ન હોવું-પૃથ્વીથી દૂર હોવું તે પક્ષે કુલરહિતપણું. § વ્રતચ્યુતિ-વ્રત ન કરવાં તે. પક્ષે, આકાશના પરિધથી છૂટા પડવું. ¶ વૈભવના લોભવાળી-પક્ષે ભસ્મ ધારણુ કરવી તે. ‖ ભુજંગ-સાપ, વિટઆદિ સેવક. ** ચંદ્ર-ચંદ્રકાન્તમણિ, ચંદ્રમા.

સ્નાન કર્યું, એટલે તેમના હાથમાંથી તે કપાલ (મસ્તક) છૂટું પડી ગયું. તે વખતથી તે ઉત્તમ તીર્થનું ભગવાનના પ્રસાદથી કપાલમોચન નામ પડ્યું.[૫૧]

स्नातस्य तीर्थे त्रिपुरांतकस्य परिच्युतं हस्ततलात्कपालम् ।
नाम्ना बभूवाथ कपालमोचनं तत्तीर्थवर्यं भगवत्प्रसादात् ॥ ५१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે પુલસ્ત્ય નારદ સંવાદે 'હરલલિત' નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪ થો.

વિષ્ણુ ને વીરભદ્રનું યુદ્ધ.

पुलस्त्य उवाचः—एवं कपाली संजातो देवर्षे भगवान्हरः ।
अनेककारणेनासौ दक्षेण न निमंत्रितः ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છે: હે દેવર્ષિ નારદ! એવી રીતે ભગવાન્ શંકર કપાલી થયા અને તે જ કારણથી દક્ષપ્રજાપતિએ તેમને નિમંત્રણ કર્યું નહિ.[૧] એ અવસરમાં ગૌતમપુત્રી જયા શૈલેન્દ્ર મંદર પર્વતની સુંદર ગુફામાં દેવી સતીનાં દર્શન કરવા આવી.[૨] તે જયાને એકલી આવેલી જોઇને સતી બોલ્યાં કે, વિજયા, જયંતી અને અપરાજિતા કેમ આવી નથી?[૩] પરમેશ્વરી જયાદેવી સતીનાં એ વચન સાંભળીને બોલી કે, તે સર્વ માતામહ (માના બાપ) દક્ષપ્રજાપતિના યજ્ઞમાં તેમનું નિમંત્રણ આવવાથી પિતા ગૌતમ તથા માતા અહલ્યાની સાથે ગઈ છે. હું પણ જવાને ઉત્સુક થઇને આપનાં દર્શન કરવાને આવી છું.[૪–૫] આપ તથા ભગવાન્ મહેશ્વર શું ત્યાં જવાનાં નથી? શું પિતાએ આપને નિમંત્રણ નથી મોકલ્યું? અથવા આપ પણ જવાનાં છો?[૬] હે માસી! સઘળા ઋષિઓ તથા ઋષિપત્નીઓ, સઘળા દેવતાઓ અને પોતાની સ્ત્રી સાથે ચંદ્રમા પણ તે યજ્ઞમાં ગયા છે.[૭] ચૌદ લોકમાં સ્થાવર જંગમ જેટલાં પ્રાણીઓ છે, તે સર્વેને યજ્ઞમાં નિમંત્રણ કરવામાં આવેલું છે. શું આપને નિમંત્રણ કરવામાં નથી આવ્યું?[૮]

પુલસ્ત્ય બોલ્યા:—હે બ્રહ્મન્! જયાના મુખથી વજ્રપાતના સમાન એવાં વચન સાંભળીને મહાક્રોધાયમાન થઇને સતીએ તે જ વખત પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો.[૯] સતીને મરણ પામેલાં જોઇને જયા શોકથી વ્યાકુલ થઈ લાંબો રાગ કાઢીને વિલાપ કરવા લાગી તથા તેની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી.[૧૦] તે રડવાનો અવાજ સાંભળીને શૂલપાણિ ત્રિલોચન જયાની પાસે ગયા અને 'અરે આ શું થયું'! એમ પૂછવા લાગ્યા.[૧૧] કુહાડીથી કાપી નાખેલી વેલી હોય, તેના જેવી શિથિલ અંગે જમીનપર પડેલી સતીને શંકરે જોઈ.[૧૨] દેવીને તેમ પડેલી જોઇને શંકર ભગવાને જયાને પૂછ્યું કે, આ સતી કપાઈ ગયેલી લતાની પેઠે જમીન ઉપર કેમ પડી છે?[૧૩] શંકરનાં વચન સાંભળીને જયા બોલી

'પિતાએ યજ્ઞમાં આમંત્રણ ન કરીને એમનું અપમાન કર્યું અને એમની બીજી બહેનો તેમના પતિઓ સાથે ઇંદ્રાદિ દેવતાઓ સાથે ત્રણે લોકમાં બધા આદિત્યો નિમંત્રિત થઇને ત્યાં જાય છે. તે સાંભળીને આ મારી માસી સતીએ મહા ખેદ પામીને દુઃખથી દગ્ધ થઇને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો.[૧૪-૧૫]

પુલસ્ત્ય મુનિ બોલ્યા;–એવાં દારુણ વચનો સાંભળીને ભગવાન્ રુદ્ર મહા ક્રોધાયમાન થયા–અને એમના આખા શરીરમાંથી ક્રોધને લીધે અગ્નિના તણખા નીકળવા લાગ્યા.[૧૬] ક્રોધ પામેલા શિવજીના શરીરનાં રુવાંમાંથી સિહના જેવા મુખવાળા અનેક ગણો ઉત્પન્ન થયા, તેમાં વીરભદ્ર મુખ્ય હતો.[૧૭] પછી તે બધા ગણોને સાથે લઇને મંદરાચળથી હિમાલય, ત્યાંથી કનખલ અને ત્યાંથી જ્યાં દક્ષપ્રજાપતિ યજ્ઞ કરતા હતા ત્યાં ગયા.[૧૮] ત્યાં જઇને ગણોનો અધિપતિ મહા બળવાન્ વીરભદ્ર હાથમાં ત્રિશૂળ લઇને ઉત્તરદિશા તરફ ઉભો રહ્યો.[૧૯] જયા પણ ક્રોધથી ગદા લઇને પૂર્વદક્ષિણદિશા તરફ ઉભી રહી, અને મહાક્રોધાયમાન શિવજી ત્રિશૂલ લઇને યજ્ઞના મધ્યમાં ઊભા રહ્યા.[૨૦]

સિહના જેવા મુખવાળા વીરભદ્રને જોઇને ઇંદ્ર વગેરે દેવો, ઋષિઓ તથા ગંધર્વો, 'આ શું છે!' એમ વિચાર કરવા લાગ્યા.[૨૧] તે વખતે દ્વારપાળ ધર્મ સર્પના જેવાં બાણ તથા ધનુષ લઇને વીરભદ્રની સામે દોડી આવ્યા.[૨૨] ધર્મને એકદમ પોતાની પાસે આવેલા જોઇને ગણનાયક વીરભદ્રે પોતાના એક હાથમાં વજ્રના જેવું તેજસ્વી ત્રિશૂળ લીધું.[૨૩] બીજા હાથમાં ધનુષ અને ત્રીજા હાથમાં બાણો તથા ચોથા હાથમાં ગદા લઇને તે ધર્મની સામે થયો.[૨૪] તે ગણેશ્વરને ચતુર્ભુજરૂપે જોઇને ધર્મરાજા વિવિધ પ્રકારનાં આયુધધારી, આઠ ભુજાવાળા અવિનાશી સ્વરૂપને ધારણ કરીને સામા ઊભા.[૨૫] એ પ્રમાણે ખડ્ગ, ગદા, ચર્મ, પાશ, પરશ્વધ, અંકુશ, ધનુષ, અને બાણોને ધારણ કરીને ગણપતિ વીરભદ્રનો નાશ કરવાની ઇચ્છાથી ધર્મરાજા તૈયાર થયા.[૨૬] ગણેશ્વર પણ મહાક્રોધિત થઇને સનાતન ધર્મનો નાશ કરવાને માટે વરસાદની ધારાની પેઠે તીક્ષ્ણ બાણોને વર્ષાવવા લાગ્યા.[૨૭] હે મુને! તે બંને મહાત્માઓએ ધનુષબાણ ધારણ કરેલાં હતાં અને પરસ્પર બાણોના આઘાતથી તેઓ બંને લોહીથી ખરડાયલા કિંશુક વૃક્ષ સમાન શોભતા હતા.[૨૮] પછી તે ગણનાયક વીરભદ્રે યુદ્ધમાં વેગથી બલપૂર્વક ધર્મનો પરાજય કર્યો. તેથી તે ઉદાસીન થઇને યુદ્ધથી વિમુખ થયા, એટલે હે મુનીંદ્ર! વીરભદ્રે યજ્ઞમાં પ્રવેશ કર્યો.[૨૯] ગણપતિ વીરભદ્રને યજ્ઞશાળામાં પ્રવેશ કરેલા જોઇને સઘળા દેવો પોતપોતાનાં આયુધો લઇને ઉઠીને ઉભા થયા.[૩૦]

મહાભાગ આઠ વસુઓ, મહાદારુણ નવે ગ્રહો, ઇંદ્ર વગેરે બાર આદિત્યો, અગીયાર રુદ્રો,[૩૧] વિશ્વેદેવો, સાધ્ય, સિદ્ધ, ગંધર્વો, પન્નગો, યક્ષો, કિંપુરુષો, ભૂતો, પક્ષીઓ તથા ચક્રધરો,[૩૨] વૈવસ્વત વંશમાં ઉત્પન્ન થયેલા વિવિધ રાજાઓ, સોમવંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓ અને ભોજકીર્તિ વગેરે બીજા રાજાઓ,[૩૩] દૈત્યો અને

દાનવો તથા બીજા જે જે ત્યાં આવેલા હતા તે સર્વે આયુધો લઇને વીરભદ્રની સામે દોડી ગયા.[૩૪] તે સામા ચઢી આવેલા સઘળાઓ ઉપર ધનુષબાણ ધારણ કરેલા વીરભદ્રે વેગપૂર્વક બાણો છોડવા માંડ્યાં.[૩૫] તેઓએ પણ ગણનાયક વીરભદ્ર ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી અને વીરભદ્રે ઉત્તમ અસ્ત્રોવડે તે બાણોને છેદી ભેદી નાંખવા માંડ્યાં.[૩૬] મહાત્મા વીરભદ્ર અસ્ત્ર તથા શસ્ત્રોવડે તે સર્વેને વીંધી નાંખ્યા, ત્યારે તે દેવ વગેરે સઘળા યુદ્ધમાંથી પાછા ફર્યા.[૩૭] તે પછી ગણપતિ વીરભદ્રે વિશાળ યજ્ઞની મધ્યમાં પ્રવેશ કર્યો, અને ત્યાં ઋષિઓ યજ્ઞમાં આહૂતિ આપી રહ્યા હતા, તેમને બાંધી લીધા.[૩૮] તે મહર્ષિઓ સિંહમુખવાળા ગણને જોઇને મહા ભય પામ્યા અને હોમ છોડીને અચ્યુત ભગવાનને શરણે ગયા.[૩૯] ચક્રધારી શ્રીવિષ્ણુ ભગવાને ત્રાસ તથા દુઃખ પામેલા તે ઋષિઓને આવેલા જોઇને 'બીશો નહિ' એમ કહ્યું અને પછી પોતે ઉત્તમ આયુધો ધારણ કરીને ઉઠીને ઉભા થયા.[૪૦]

પછી શાર્ઙ્ગ ધનુષ ચડાવીને તેમણે વીરભદ્રના ઉપર કવચને ભેદી નાંખે એવાં સર્પના જેવાં બાણો છોડવા માંડ્યાં.[૪૧] શ્રી હરિનાં અમોઘ (કદી નિષ્ફળ ન જાય એવાં) બાણો, નાસ્તિક પુરુષની પાસેથી યાચકો જેમ નિરાશ થઇને પાછા ફરે તેમ, વીરભદ્રના શરીરને સ્પર્શ કરીને કંઈ પણ ઈજા કર્યા વગર જમીન ઉપર પડવા લાગ્યાં.[૪૨] પોતાનાં અમોઘ બાણોને નિષ્ફળ થયેલાં જોઇને કેશવ ભગવાન્ દિવ્ય અસ્ત્રોવડે વીરભદ્રને આચ્છાદિત કરવા તત્પર થયા.[૪૩] વાસુદેવ ભગવાને ફેંકેલાં તે અસ્ત્રોને વીરભદ્રે ત્રિશૂલ, ગદા અને બાણોવડે છેદી નાંખ્યાં.[૪૪] પોતે મારેલાં અસ્ત્રોને છેદાઈ ગયેલાં જોઇને વિષ્ણુ ભગવાને ગદા મારી. તેને પણ વીરભદ્રે ત્રિશૂલવડે તોડીને જમીન ઉપર પાડી નાંખી.[૪૫] તે ગદાને નિષ્ફળ થયેલી જોઈ શ્રીહરિએ હળ ફેંક્યું. ગણેશ્વર વીરભદ્રે ગદાના પ્રહારથી તેનો પણ નાશ કર્યો.[૪૬] ત્યારે હલાયુધે વીરભદ્રના ઉપર મુસળ (સાંબેલા જેવું હથિયાર) ફેંક્યું. પ્રથમની માફક તેને પણ વીરભદ્રે છેદી નાંખ્યું.[૪૭] મુસળ અને હળને નિષ્ફળ થયલાં જોઇને ભગવાન્ ગરુડધ્વજે ક્રોધ કરીને વીરભદ્રના ઉપર સુદર્શન ચક્રનો પ્રહાર કર્યો.[૪૮]

સો સૂર્યના જેવાં તેજવાળાં સુદર્શન ચક્રને પોતાની ઉપર આવી પડતું જોઇને ગણેશ્વર વીરભદ્રે ત્રિશૂળને આઘું ફેંકી દીધું અને જેમ મત્સ્યરૂપધારી સુરેન્દ્ર વિષ્ણુ ભગવાને મધુ નામના દૈત્યનો નાશ કર્યો હતો, તેમ વીરભદ્ર ચક્રને ગળી ગયા.[૪૯] ગણનાથ, ચક્રને ગળી ગયા તે જોઈ, ઈશ્વર શ્યામસુંદર નયનવાળા મુરારિ ભગવાન્ ક્રોધથી લાલચોળ થઇને વીરભદ્રની પાસે આવ્યા, અને તેને ઉંચકીને વેગથી જમીન ઉપર ફેંકી દીધા.[૫૦] શ્રી હરિની ભુજાઓના વેગથી ભૂમિ ઉપર પટકાઈ પડેલા વીરભદ્રના મુખમાંથી રુધિરના કોગળા નીકળવા લાગ્યા. તેની સાથે જ સુદર્શન ચક્ર પણ બહાર નીકળી પડ્યું.[૫૧] ચક્રને બહાર નીકળેલું જોઇને કૈટભનો નાશ કરનાર વિષ્ણુ ભગવાને તેને ઊંચકી લીધું અને વીરભદ્રને છોડી મૂક્યો.[૫૨] ભગવાન્ હૃષીકેશે છોડી મૂક્યા પછી વીરભદ્ર જટાધર શિવજી પાસે

ગયો અને વાસુદેવથી પોતાનો પરાજય થયો, તે તેમને કહ્યું.[૫૩] અવિનાશી જટાધર શંકર, તે ગણનાયકને લોહીથી ખરડાયલો અને સાપની માફક ફુંફાડા મારતો જોઇને મહા ક્રોધાયમાન થયા.[૫૪] પછી ક્રોધાયમાન થયેલા શંભુ ભગવાને વીરભદ્રને પ્રથમ બતાવેલા સ્થાને આયુધો સહિત સ્થાપિત કર્યો.[૫૫] વીરભદ્રની સાથે ભદ્રકાલીને પણ આજ્ઞા આપીને ક્રોધથી લાલ નેત્રવાળા શંકર ભગવાન યજ્ઞસ્થાનમાં પેઠા.[૫૬] એ પ્રમાણે દેવશ્રેષ્ઠ, જટાધર, ત્રિશૂલપાણિ, ત્રિપુરાન્તક, શિવજીને યજ્ઞમાં પ્રવેશેલા જોઈ તેમના પ્રલયકારી સ્વરૂપને જોઇને ઋષિમુનિ આદિ સર્વે મહા ભયભીત થયા.[૫૭]

ततस्तु देवप्रवरे जटाधरे त्रिशूलपाणौ त्रिपुरान्तकारिणि ।
दक्षस्य यज्ञं विशति क्षयंकरे जातो मुनीनां प्रवरो हि साध्वसः ॥६७॥

ઇતિ શ્રી વામનપુરાણે પુલસ્ત્ય નારદ સંવાદે 'હરચલિત' નામનો ચોથો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫ મો.

શિવજીનું કાળસ્વરૂપ વર્ણન.

पुलस्त्य उवाचः—जटाधरं हरिर्दृष्ट्वा क्रोधादारक्तलोचनम् ।
तस्मात्स्थानादपाक्रम्य कुब्जाम्रेऽन्तर्हितः स्थितः ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છે: જટાધારી શંકરને ક્રોધથી લાલ લોચનવાળા થએલા જોઇને શ્રીહરિ તે સ્થાનથી ઉઠીને કુબ્જામ્રમાં ગયા અને ત્યાં અંતર્ધાન થઈ ગયા.[૧] હે મુને! આઠ વસુઓએ શંકરને જોઇને વેગથી જઇને નદીઓમાં શ્રેષ્ઠ સીતા નામે સરસ્વતી નદીનું રૂપ ધારણ કર્યું.[૨] વૃષધ્વજ તથા ત્રિનેત્ર એવા એકાદશ રુદ્રો ભય પામીને મહાદેવજીના સ્વરૂપમાં લીન થઈ ગયા.[૩] વિશ્વેદેવો, અશ્વિનીકુમારો, સાધ્યો, મરુતો, અગ્નિઓ અને સૂર્યો પણ, હે મહામુને! પુરોડાશ ભક્ષણ કરતા કરતા જ નાશી ગયા.[૪] નક્ષત્રોની સાથે ચદ્રમા પણ રાત્રી દર્શાવતા કૂદકો મારીને આકાશમાં ચઢી ગયા અને ત્યાં પોતાના સ્થાનમાં સ્થિત થયા.[૫] હે મુને! કશ્યપ આદિ ઋષિઓ શતરુદ્રીયનો જપ કરતા કરતા હાથમાં પુષ્પાંજલિ સંપૂટવાળા હાથે પ્રણામ કરતા કરતા ઉભા થઈ ગયા.[૬] રાજા દક્ષની રાણી, સુરેશ્વર ઈંદ્રના કરતાં પણ વધારે બળરુદ્રને ભગવાન્ જોઇને દીનતાથી વારંવાર વિલાપ કરવા લાગી.[૭] તે પછી મહા ક્રોધાયમાન થયેલા મહાત્મા શંકર ભગવાને હાથના પ્રહારથી ઘણા દેવોને માર મારીને પાડી નાખ્યા.[૮] બીજા કેટલાકને પદપ્રહારથી (લાત મારીને) તથા ત્રિશૂલના મારથી પરાસ્ત કર્યા. તે જોઇને અગ્નિ વગેરે બીજા દેવો પ્રલય પામ્યા (છુપાઇ ગયા).[૯] તે પછી સૂર્યદેવ, મહાદેવજીને દેવ અને દાનવોનો સંહાર કરતા જોઇને પોતાના બંને હાથ પહોળા કરીને તેમના ઉપર ધસી આવ્યા.[૧૦]

ભગવાન્ ત્રિલોચને તેમને ધસી આવતા જોઇને, એક હાથવડે જ તેમના બંને હાથ ઝાલી લીધા.[૧૧] એ પ્રમાણે બંને હાથો પકડવાથી તેમની હાથની આંગળીઓમાંથી લોહીની ધારાઓ નીકળવા માંડી.[૧૨] પછી શિવજીએ સિંહ જેમ હરણને પકડીને ઘૂમાવે તેમ સૂર્યને ઝાલીને જોરથી ઘૂમાવ્યા.[૧૩] હે નારદ! એમ ખૂબ ઘૂમાવવાથી સૂર્યદેવના હાથ ટુંકા થઈ ગયા અને સાંધાઓ ઢીલા પડી ગયા.[૧૪] સૂર્યને આખા શરીરે લોહીલુહાણ થયેલા જોઇને પછી શંકર તેમને છોડીને બીજી તરફ ચાલ્યા ગયા.[૧૫] તે જોઇને સૂર્ય દાંત દેખાડીને હસવા લાગ્યા અને શંકરને કહેવા લાગ્યા કે "આવો, આવો, કેમ નાસી ગયા."[૧૬] મહાદેવજીએ મહાક્રોધ કરીને સૂર્યના મોઢામાં જોરથી મુક્કો માર્યો. એટલે તેમના બધા દાંત જમીન પર ખરી પડ્યા.[૧૭] એટલે વજ્રના આઘાતથી પર્વત તૂટી પડે તેમ, પડી ગએલા દાંતવાળા તથા લોહીથી ભરાયલા મોઢાવાળા સૂર્ય બેભાન થઇને ભૂમિ ઉપર પડી ગયા.[૧૮]

લોહીલુહાણ થયેલા અને મૂર્છા ખાઇને પડેલા સૂર્યને જોઇને ભગદેવ (ચંદ્ર) ભયંકર લાલ નેત્રો કરીને શંકરના તરફ જોવા લાગ્યા.[૧૯] શંકર ભગવાને તેમ જોઇને તેની આંખો ફોડી નાંખી અને જમીન ઉપર પટકી નાંખ્યો. આ જોઇ સર્વ દેવતાઓ ગભરાઇ ગયા.[૨૦] પછી ઇંદ્ર વગેરે સઘળા આદિત્યો, તથા અગ્નિની સાથે મરુદ્દગણો દશે દિશાએ નાશી ગયા.[૨૧] દેવો નાશી ગયા પછી હે મુને! પ્રલ્હાદ વગેરે દૈત્યો નમસ્કાર કરતા હાથ જોડીને ઉભા રહ્યા.[૨૨] ભગવાન શંકર ભયંકર ચક્ષુઓવડે દેવદાનવ સર્વેને ક્રોધથી બાળી નાખ્યા પછી યજ્ઞશાળાને જોવા લાગ્યા.[૨૩] હે મુને! શંકરને જોઇને ઘણા વીરપુરુષો સંતાઈ ગયા, કેટલાક પ્રણામ કરવા લાગ્યા, કેટલાક નાસી ગયા અને કેટલાક નાશ પામ્યા.[૨૪] પછી યજ્ઞની અગ્નિઓને ત્રણે નેત્રોવડે જોઇ. જોવા માત્રવડે જ ત્રિનેત્ર ભગવાને તેમને બાળીને ભસ્મ કરી નાંખી.[૨૫] અગ્નિઓ નાશ પામેલી જોઇને યજ્ઞ પણ દિવ્ય મૃગનું સ્વરૂપ ધારણ કરીને વિકલ ગતિ થઇને દક્ષિણા સાથે આકાશમાં નાશી જવા લાગ્યો.[૨૬] કાલરૂપી મહેશ્વર પાશુપતાસ્ત્ર ચડાવીને વેગથી તે યજ્ઞની પાછળ પડ્યા.[૨૭] શંકર ભગવાન્ અર્ધ સ્વરૂપે યજ્ઞસ્થાનમાં રહ્યા, તે જટાધર નામે કહેવાયા અને અર્ધા-સ્વરૂપે આકાશમાં ગયા તે કાલરૂપી કહેવાય છે.[૨૮]

નારદ કહે છેઃ—ગગનમાં ગયેલા કાલરૂપી મહેશ્વર તમે હમણાં કહ્યા તેમનું લક્ષણ અને સ્વરૂપ, હવે મને કહો.[૨૯]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે મુનિશ્રેષ્ઠ! ત્રિપુરારિ મહેશ્વરનું કાલરૂપી સ્વરૂપ હું તમને કહીશ, કે જે સ્વરૂપવડે તેઓ લોકનું હિત કરવાની કામનાથી આકાશમાં વ્યાપ્ત થઇને રહેલા છે.[૩૦] જ્યાં અશ્વિની, ભરણી અને કૃત્તિકાનો એક અંશ છે એવું મંગળનું અધિષ્ઠાન જે મેષરાશિ, તે કાલરૂપી ભગવાનનું મસ્તક છે.[૩૧] તે જ પ્રમાણે કૃત્તિકાના ત્રણે ચરણ, રોહિણી અને મૃગશીરનું પૂર્વાર્ધ જ્યાં છે, તે શુક્રનું સ્થાન વૃષભરાશિ. એ કાલરૂપી ભગવાનનું મુખ છે.[૩૨] મૃગશીરનો

ઉત્તરાર્ધભાગ, આર્દ્રા અને પુનર્વસુના ત્રણ પાદ જે બુધનું સ્થાન છે, તે મિથુનરાશિ. એ ગગનસ્થ કાલરૂપી ભગવાનની ભુજાઓ છે.[૩૩] પુનર્વસુનો ચોથો અંશ, પુષ્ય અને આશ્લેષા જે ચંદ્રનું સ્થાન છે તે કર્કરાશિ. એ યજ્ઞનો નાશ કરનારા કાળરૂપી મહેશ્વર ભગવાનનાં બે પડખાં છે.[૩૪] મઘા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુનીનું એક ચરણ જે સૂર્યનું સ્થાન છે તે સિંહ રાશિ. એ કાળરૂપી શંકરનું હૃદય છે.[૩૫] ઉત્તરાફાલ્ગુનીના ત્રણ ચરણ, હસ્ત અને ચિત્રાનો પૂર્વાર્ધભાગ જે બુધનું બીજું અધિષ્ઠાન છે; તે કન્યારાશિ. અને તે કાળરૂપી મહેશ્વરનું ઉદર છે.[૩૬] ચિત્રાનો બીજો અર્ધ ભાગ, સ્વાતિ અને વિશાખાના ત્રણ ચરણ જે શુક્રનું બીજું સ્થાન છે; તે તુલા રાશિ. એ કાલરૂપી મહાદેવજીની નાભિ છે.[૩૭] વિશાખાનું ચોથું ચરણ, અનુરાધા અને જયેષ્ઠા જે મંગળનું બીજું સ્થાન છે; તે વૃશ્ચિક રાશિ. એ કાળરૂપી ભગવાનનું મેઢ્ર છે.[૩૮] મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાના પ્રથમ ચરણમાં રહેલી ધન રાશિ જે બૃહસ્પતિનું સ્થાન છે; તે એ કાળરૂપી મહેશ્વરના બંને ઊરુ છે.[૩૯] ઉત્તરાષાઢાના ત્રણ પાદ, શ્રવણ અને ધનિષ્ઠાનો પૂર્વાર્ધ જેમાં શનિશ્ચરનું સ્થાન છે; તે મકર રાશિ. એ કાળરૂપી ભગવાનના બંને ઘુંટણ છે.[૪૦] ધનિષ્ઠાનો ઉત્તરાર્ધ, શતભિષા અને પૂર્વભાદ્રપદાના ત્રણ પાદ એવી કુંભરાશિ જે શનિશ્ચરનું બીજું સ્થાન છે; તે એ કાળરૂપી મહેશ્વરની બે જંઘાઓ છે.[૪૧] પૂર્વાભાદ્રપદાનું ચોથું ચરણ, ઉત્તરાભાદ્રપદા અને રેવતી નક્ષત્રોથી બનેલી, મીનરાશિ જે બૃહસ્પતિનું બીજું સ્થાન છે; તે કાળરૂપી ભગવાનના બંને ચરણ છે.[૪૨] એવી રીતનું કાલરૂપી સ્વરૂપ ધારણ કરીને ત્રિલોચન ભગવાને મહાક્રોધ કરીને તીક્ષ્ણ બાણોવડે યજ્ઞને ઘાયલ કરી નાંખ્યો. ઘાયલ થયેલો યજ્ઞ વેદનાથી બુદ્ધિમુક્ત થઇને તારાગણોથી આચ્છાદિત થઇ આકાશમાં રહેવા લાગ્યો.[૪૩]

નારદજી કહે છેઃ–હે બ્રહ્મન્! આપે મારી આગળ બારે રાશિઓનું વર્ણન કર્યું. હવે વિસ્તારપૂર્વક તેમનાં લક્ષણ તથા સ્વરૂપ કહો.[૪૪]

પુલસ્ત્યમુનિ કહે છેઃ–હે નારદ! હું રાશિઓનું સ્વરૂપ કહું છું તે સાંભળો. તે રાશિઓ જે પ્રકારે જ્યાં સંચાર કરે છે અને જ્યાં વસે છે તે પણ હું કહીશ.[૪૫]

ધાન્ય અને રત્નની ખાણો તથા નવાં ઉગેલાં ઘાસથી ઢંકાયલી પૃથ્વીમાં ચારે તરફ એ રાશિઓનો સંચાર છે.[૪૬] મેષ રાશિની આકૃતિ ઘેટાના જેવી છે અને તે ખીલેલાં કમળનાં ફૂલોવાળાં સરોવરોના કિનારાઓ ઉપર તથા અજાવિક નામનાં ધાન્યોમાં ફરે છે.[૪૭] વૃષ રાશિનું આખલાના જેવું સ્વરૂપ છે. એ રાશિ ગાયોના ટોળાં વગેરેમાં ફરે છે અને ખેડુતોનો આશ્રય તેનું નિવાસસ્થાન છે.[૪૮] મિથુન રાશિનું સ્ત્રીપુરુષના જોડકા જેવું રૂપ છે; શય્યાસન એનું પરિગ્રહ છે; વીણા નામનું વાદ્ય તેણે હાથમાં ધારણ કરેલું છે; ગીત, નૃત્ય અને શિલ્પિઓમાં તેની સ્થિતિ છે; નિત્ય ક્રીડા કરવા ઉપર તેને પ્રીતિ છે; ગવૈયાઓમાં તેનો વિહાર છે; અને કલ્યાણકારી દ્વેષાત્મક (સ્ત્રી પુરુષ જેવું) એનું સ્વરૂપ

છે.૪૯-૫૦ કર્કરાશિનું રૂપ કરચલાના જેવું છે, જળમાં તેનો વાસ છે. અને પાણીના ક્યારડા અને વાવ વગેરેના કિનારાઓમાં તથા જૂદે જૂદે સ્થળે તે રહે છે.૫૧ સિંહરાશિ, પર્વત, અરણ્ય, દુર્ગ, ગુફાઓ, વ્યાધપલ્લી (શિકારીઓને રહેવાની જગ્યા), અને ભેખડોમાં વસે છે.૫૨ કન્યારાશિ, વ્રીહિ (એક જાતની ડાંગર) અને દીવો હાથમાં લઇને ઉભેલી કન્યકાના જેવા સ્વરૂપવાળી છે. તે સ્ત્રીઓના રતિસ્થાનમાં વિહાર કરે છે અને નલ નામના ઘાસથી છવાયલી ભૂમિમાં રહે છે.૫૩ હે નારદ! જેના હાથમાં ત્રાજવાં છે એવી તુલારાશિ, પુરુષરૂપે બજાર અને દુકાનોમાં ફરે છે, અને શહેર, રસ્તાઓ, તથા મકાનોમાં વસે છે.૫૪ વીંછીના જેવા આકારની વૃશ્ચિકરાશિ, દરો અને રાફડાઓમાં ભમે છે, અને વિષ, છાણુ, કીડા અને પાષાણુ આદિમાં નિવાસ કરે છે.૫૫ ઘોડાની જાંઘના જેવા દેદિપ્યમાન ધનુષને ધારણ કરનાર ધનરાશિ, બાણુકળામાં કુશળ એવા શૂરપુરુષમાં તથા ઘોડા, હાથી અને રથ વગેરેમાં રહે છે.૫૬ મકરરાશિનું મુખ હરણના જેવું છે, ખભા બળદના જેવા છે અને આંખો હાથીના જેવી છે. તે નદીમાં અને મહાસાગરમાં વસે છે.૫૭ કુંભરાશિ, પુરુષના ખભા ઉપર એક ભરેલો અને એક ખાલી ઘડો લઇને દ્યૂતશાળામાં તથા કલાલના ઘરમાં વિહાર કરે છે.૫૮ મીનરાશિ, બે માછલાંના જેવા સ્વરૂપે છે. તે તીર્થક્ષેત્રમાં અને સમુદ્રમાં ભમે છે અને પુણ્યદેશમાં તથા દેવ બ્રાહ્મણના ઘરમાં વસે છે.૫૯ હે મહામુને! મેષ વગેરે રાશિઓનાં લક્ષણ મેં તમને કહ્યાં. એ પ્રાચીન આખ્યાન તમારે કોઇને કહેવું નહિ, કેમકે એ પરમ ગુપ્ત છે.૬૦ હે દેવઋષિ! ત્રિલોચન ભગવાને પૂર્વે જે પ્રમાણે યજ્ઞનો નાશ કર્યો હતો, તે વાત મેં તમને કહી છે. એ કથા પુણ્યકારક, અતિ પ્રાચીન, પરમ પવિત્ર, પાપહર્તા અને કલ્યાણકારી છે.૬૧

एतन्मया ते कथितं सुरर्षे यथा त्रिनेत्रः प्रममंथ यज्ञं ।
पुण्यं पुराणं परमं पवित्रमाख्यातवान् पापहरं शिवं च ॥ ६१ ॥

ઈતિ શ્રી વામનપુરાણે પુલસ્ત્ય નારદ સંવાદે 'હરલલિત' નામનો પાંચમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬ ઠ્ઠો.

કામદેવનું દહન.

पुलस्त्य उवाच—ब्रह्मत्वा ब्राह्मणो योऽसौ धर्मो दिव्यवपुः सदा ।
तस्य भार्या त्वहिंसा च तस्यामजनयत्सुता- ॥ १ ॥

પુલસ્ત્યમુનિ કહે છેઃ—ધર્મ, દિવ્ય દેહધારી બ્રહ્મત્ર્ય નામે બ્રાહ્મણ થયા. તેને અહિંસા નામની સ્ત્રીથી ચાર પુત્રો ઉત્પન્ન થયા.૧ તેમનાં નામ હરિ, કૃષ્ણ, નર અને નારાયણ. તેમાં હરિ અને કૃષ્ણ સદા યોગાભ્યાસમાં આસક્ત રહ્યા,૨ અને

નર તથા નારાયણ જગતના હિતની કામનાથી તપ કરવા લાગ્યા. એ બંને સૌમ્ય મૂર્ત્તિ અને પુરાણ મુનિઓમાં શ્રેષ્ઠ હતા.[૩] તે બંનેએ હિમાલય પર્વતમાં જઈને બદરિકાશ્રમને વિષે ગંગા નદીના પવિત્ર તટપર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો.[૪] હે બ્રહ્મન્! એ બંનેના તપથી સંપૂર્ણ ચરાચર જગત્ ખળભળી ઉઠયું અને સંતાપ પામવા લાગ્યું.[૫] ઇંદ્રને પણ બહુ ક્ષોભ થયો, તેથી તેણે અપ્સરાઓમાં શ્રેષ્ઠ રંભા નામની અપ્સરાને તેમને છળવાને માટે બદરિકાશ્રમમાં મોકલી.[૬] આંબાની મંજરીનું આયુધ ધારણ કરી, પોતાના મિત્ર વસંત ઋતુની સાથે મહા કઠોર કામદેવ પણ રંભાની સાથે આવ્યો.[૭] વસંત ઋતુ, કામદેવ અને શ્રેષ્ઠ અપ્સરા રંભા એ ત્રણે બદરિકાશ્રમમાં પછી યથેચ્છ વિહાર કરવા લાગ્યાં.[૮] વસંત આવવાથી કિંશુક વૃક્ષો, પાંદડાં ખરી જવાથી અને ફૂલોના ગુચ્છો આવવાથી અગ્નિની માફક શોભતાં પૃથ્વીને શોભાવતાં હતાં.[૯] હે મુને! પલાશનાં પુષ્પોરૂપી નખોવડે શિશિર ઋતુરૂપી ગજરાજને ફાડી નાંખીને વસંત ઋતુરૂપી કેસરી પ્રગટ થયો.[૧૦]

'મેં સ્વતેજથી તુષારરૂપ હાથીને જિત્યો,' એમ જાણીને હસતો હોય એમ લોધ્રપુષ્પો તથા કુંદની કળીઓવડે વસત શોભવા લાગ્યો.[૧૧] રાજાના શણગારેલા હાથી ઘોડા શોભતા હોય, તેમ ખીલેલાં કર્ણિકારનાં ફૂલોથી વન શોભી રહ્યું હતું.[૧૨] તે પછી કદંબ વૃક્ષોએ રાજાના માનીતા સેવકો અને રાજપુત્રો હોય તેવી શોભા ધારણ કરી.[૧૩] આખું વન આસોપાલવનાં લાલપલ્લવોથી તથા ફૂલોથી એકદમ શોભાયમાન થઈ રહ્યું, તે જાણે વસંતરૂપી રાજાના સેવકો સંગ્રામમાં લોહીથી ભીંજાઈ ગયલા હોય, તેવી શોભા જણાવતું હતું.[૧૪] જેના ઉપર ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે, એવી મંજરીઓ તે ગહન વનમાં શોભી રહી હતી અને મિત્રના સમાગમથી સર્જ્જન પુરુષ જેમ પુલકિત થાય તેવી દેખતી હતી.[૧૫] નદીના કિનારાઓ ઉપર નેતરનાં ઝાડો મંજરીઓ આવવાથી શોભાયમાન દેખાતાં હતાં તે જાણે એમ કહેતાં હોય કે, "અમારી બરાબર બીજાં કયાં ઝાડ છે?"[૧૬]

હે દેવર્ષે! એ પ્રકારે રક્ત અશોકરૂપી હાથવાળી કિંશુક વૃક્ષરૂપી પગવાળી, નીલ અશોકરૂપી કેશકલાપવાળી, ખીલેલાં કમળરૂપી મુખવાળી,[૧૭] કાળાં કમળરૂપી આંખોવાળી, બીલીનાં ફળરૂપી સ્તનોવાળી, કુંદકુસુમની ખીલેલી કળીઓરૂપી દાંતવાળી, મંજરીરૂપી હાથથી સુશોભિત,[૧૮] બંધુકપુષ્પરૂપી અધરવાળી, સફેત સિંધુવારના નવા અંકુરોથી સુશોભિત, નર કોયલના દિવ્ય સ્વરરૂપી સ્વરવાળી, કંકોલરૂપી શુભ વસ્ત્રો ધારણ કરનારી,[૧૯] મયૂરોનાં ટોળાંરૂપી કેશકલાપવાળી, સારસના સ્વરરૂપી નૂપુરવાળી, પ્રાગ્વંશરૂપી કટિમેખળા ધારણ કરનારી, મત્ત હંસની ગતિવાળી,[૨૦] અને પુત્રજીવારૂપી ઓઢણી ધારણ કરેલી અને રોમરાજિથી વિરાજિત વસંતલક્ષ્મી તે બદરિકાશ્રમમાં આવી લાગી.[૨૧] તે સમયે શ્રી નારાયણને આશ્રમને વિષે ઘણી સુંદરતા જોવામાં આવી. તેમણે બધી દિશાઓ જોઈ અને પછી ત્યાં અનંગ (કામદેવ) ને પણ જોયો.[૨૨]

નારદજી કહે છેઃ—હે બ્રહ્મર્ષે! એ બદરિકાશ્રમમાં અવિનાશી, જગન્નાથ નારાયણ દેવે જેને જોયો, તે આ અનંગ કયો?[૨૩]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—એ હર્ષપુત્ર કંદર્પ જેને સૌ કામ કહે છે અને જેને શંકરે બાળી નાંખ્યો હતો ત્યારપછી તે અનંગ નામે કહેવાયો છે.[૨૪]

નારદજી કહે છે;—દેવના દેવ એવા શંભુ ભગવાને એ કામને શામાટે કયા કારણથી બાળી નાંખ્યો તે મને આપ કહો.[૨૫]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—હે બ્રહ્મન્! દક્ષપુત્રી સતીએ જ્યારે પ્રાણ ત્યાગ કર્યો, ત્યારે દક્ષના યજ્ઞનો ભંગ કરીને પછી માહાદેવજી વનમાં ચાલ્યા ગયા હતા.[૨૬] મહાદેવને અપત્નીક જોઇને કુસુમાયુધ કંદર્પે ઉન્માદ અસ્ત્રવડે તેમને પ્રહાર કર્યો.[૨૭] ઉન્માદ અસ્ત્રવડે ઘાયલ થયેલા શંકર જંગલોમાં અને સરોવરોમાં ભ્રમણ કરવા લાગ્યા.[૨૮] હે દેવર્ષે! આવી અવસ્થામાં સતીનું સ્મરણ કરતાં કરતાં મહાદેવજીને બાણોથી ઘવાયલા હાથીની પેઠે શાંતિ વળી નહિ.[૨૯] તેથી શંકર ભગવાન્ કાલિંદી નદીમાં પડ્યા. એમના અંદર પડવાથી દગ્ધ થયેલાં કાલિંદીનાં પાણી કાળા રંગનાં થઈ ગયાં.[૩૦] ત્યારથી કાલિંદીનાં પાણી ભમરાઓ અને કાજળના જેવી કાંતિવાળાં જણાય છે અને એ નદી જાણે પૃથ્વીરૂપ સ્ત્રીનો કેશપાશ હોય એવી રીતે વહે છે.[૩૧] ત્યાંથી પછી મહાદેવજી, પવિત્ર નદીઓમાં, તળાવોમાં, બીજી નદીઓમાં, નદીતળાવના રમણીય કિનારાઓમાં, વાવોમાં, કમલની કુંજોમાં, રમ્ય પર્વતોમાં, જંગલોમાં અને પર્વતના શિખરોમાં, સ્વેચ્છાથી ભ્રમણ કરવા લાગ્યા. પણ કોઈ ઠેકાણે એમને શાંતિ વળી નહિ.[૩૨–૩૩] હે દેવર્ષે! શંકર ભગવાન્ ક્ષણમાં ગાતા હતા, ક્ષણમાં રડતા હતા અને ક્ષણમાં નાજુક અંગવાળી સુંદર દક્ષકન્યાનું ધ્યાન કરતા હતા.[૩૪] ધ્યાન કરીને મહાદેવજી ક્ષણમાં ઉંઘી જતા હતા અને તરત સ્વપ્ન પામતા હતા. સ્વપ્નમાં દક્ષકન્યાને જોઇને તે આ પ્રમાણે બોલતા હતાઃ–[૩૫] 'હે નિર્દયે! જરા ઉભી રહે. અરે મૂઢા! મને નિરપરાધીને તું શા માટે છોડી જાય છે? હે મુગ્ધા! તારા વિરહથી હું કામાગ્નિમાં બળી રહ્યો છું.[૩૬] હે દેવિ! તું ખરેખર મારા ઉપર ગુસ્સે થઈ છે. હે સુંદરિ! તું કોપ મા કર. હું તારાં ચરણમાં પ્રણામ કરું છું. મારી સાથે જરા તો બોલ.[૩૭] પ્રિયે! હું નિરંતર તારી સાથે બોલું છું, તને જોઉં છું, આલિંગન કરું છું, નમન કરું છું, છતાં તું બોલતી કેમ નથી?[૩૮] વિલાપ કરતા માણસને જોઇને અને તેમાં વળી પતિને જોઇને કોને દયા આવતી નથી? પરંતુ હે બાલે! તું તો ઘણી જ નિર્દય છે.[૩૯] હે મારી કૃશોદરિ! તું પહેલાં મને કહેતી હતી કે, 'હું તમારા વિના જીવી શકીશ નહિ,' તે બધાં વચન તેં જૂઠાં જ પાળ્યાં![૪૦] હે રુડાં લોચનવાળી! આવ, આવ, કામથી બળેલા મને આલિંગન આપી શીતળ કર. હું સમ ખાઇને કહું છું કે મને બીજી કોઈ રીતે શાંતિ વળવાની નથી.'[૪૧] મહાદેવ એ પ્રમાણે સ્વપ્નમાં વિલાપ કરતા હતા, તે થોડી ક્ષણમાં જાગ્રત થયા.

જાગીને પણ તે જ પ્રમાણે છૂટે મ્હોડે વારંવાર ઉંચા સ્વરથી વિલાપ કરવા લાગ્યા.[૪૨] મહાદેવજીને એ પ્રમાણે વિલાપ કરતા જોઇને કામદેવે દૂરથી જ વેગવડે કરીને સંતાપન નામનું બાણ મારીને તેમને ઘાયલ કર્યા.[૪૩] સંતાપન અસ્ત્રથી ઘાયલ થતાં શંકરને અતિશય તાપ થયો અને પછી પોતે મોટેથી ફૂંફાડા મારીને નિઃશ્વાસ નાંખવા લાગ્યા અને જગતને સંતાપ આપવા લાગ્યા.[૪૪] પછી પાછા મદને વિજૃંભણ અસ્ત્રથી શંકરને વિશેષ ઘાયલ કર્યા. એથી તે વારંવાર બગાસાં ખાવા લાગ્યા. એમ કામદેવનાં બાણોથી અતિશય ઘાયલ થયેલા શંકર બગાસાં ખાતા આમ તેમ ભમવા લાગ્યા.[૪૫] એ સમયે ભગવાન્ ત્રિલોચને, યક્ષાધિપતિ કુબેરનો પુત્ર પાંચાલિક, જે જગતમાં પ્રધાન છે તેને જોયો. તેની પાસે જઇને શંકર બોલ્યા; 'હે ભ્રાતૃવ્ય!* તું મહા પરાક્રમી છે. હું તને જે કહું તે કર.'[૪૬]

પાંચાલિક કહે છે;—હે નાથ ! દેવગણોથી પણ કરવાને માટે જે દુષ્કર હશે, તે પણ આપ કહેશો તો હું કરીશ. હે ઈશ ! હે અતુલિત વીર્યવાન્ શંભો ! મને આજ્ઞા કરો. હું ભક્તિયુક્ત આપનો દાસ છું.[૪૭] શંકર કહે છેઃ—વરદાયિની અંબિકા મરણ પામવાથી મારું શરીર કામાગ્નિથી દગ્ધ થઈ રહ્યું છે. કામદેવનાં વિજૃંભણ અને ઉન્માદ નામનાં બાણોથી ઘવાયલો હું જરાપણ ધીરજ ધારી શકતો નથી અનેમને કંઈ પણ સુખ કે પ્રીતિ ઉત્પન્ન થતાં નથી.[૪૮] હે પુત્ર! કામદેવનાં મારેલાં વિજૃંભણ, સંતાપન અને ઉન્માદ નામે મહા દારુણ બાણો ધારણ કરવાને તારા શિવાય બીજું કોઈ શક્તિવાન્ નથી. માટે તે તું ગ્રહણ કર.[૪૯]

પુલસ્ત્યમુનિ કહે છે;—મહાદેવજીએ એ પ્રમાણે કહ્યું, એટલે યક્ષરાજપુત્રે, વિજૃંભણ વગેરે તે બાણો પોતે ધારણ કરી લીધાં. આથી મહાદેવજીને ઘણો સંતોષ થયો અને પછી પોતે આ પ્રમાણે બોલ્યાઃ[૫૦] શંકર કહે છેઃ—હે પુત્ર! તેં અસહ્ય વિજૃંભણ આદિ અસ્ત્રો લઈ લીધાં, તે કારણથી હું તને લોકોમાં તારું પૂજન થાય, એવું વરદાન આપીશ.[૫૧] ચૈત્રમાસમાં જે મનુષ્ય તારાં દર્શન કરશે, તારો સ્પર્શ કરશે, અથવા ભક્તિપૂર્વક તારું પૂજન કરશે, તે વૃદ્ધ હશે, બાળક હશે, જુવાન હશે કે સ્ત્રી હશે, તો પણ તે મદોન્મત્ત થશે.[૫૨] જે મનુષ્ય તારી આગળ ગાયન કરશે, નૃત્ય કરશે, રમશે, અથવા પ્રયત્ને કરીને વાદિત્ર વગાડશે, તે પ્રેમવાળા થશે અને યોગમાં તેમની સ્થિરતા થશે.[૫૩] તું 'પાંચાલિકેશ' એવા મારા નામથી જગતમાં પ્રસિદ્ધ થઇશ અને મારી મહેરબાનીથી તું લોકોમાં પૂજ્ય થઇશ, એમ જાણ.[૫૪] શંકર ભગવાને આ પ્રમાણે કહ્યું, એટલે તે યક્ષ બધા દેશોમાં ફર્યો અને કાલંજરની ઉત્તરે તથા હિમાદ્રિની દક્ષિણે જે પરમ પાવન દેશ છે ત્યાં જઇને રહ્યો.[૫૫] તે પવિત્ર પ્રદેશમાં વસતા એ યક્ષની મહાદેવના પ્રસાદથી સૌ પૂજા કરે છે. પછી મહાદેવજી ત્યાંથી વિંધ્યાચલ પર્વત ઉપર ગયા.[૫૬] કામદેવે પણ ત્યાં જઇને મહાદેવજીને જોઇને તેમના ઉપર બાણો મારવાની ઇચ્છા કરી,

* ભત્રીજો.

એટલે મહાદેવજી ત્યાંથી પણ ચાલ્યા ગયા.[૫૭] કામદેવે પોતાનો પીછો લીધો છે, તે જોઇને મહાદેવજી દારુવનમાં ગયા, જ્યાં ઋષિઓ પોતપોતાની સ્ત્રીઓ સાથે રહેતા હતા.[૫૮] તે સર્વે ઋષિઓએ મહાદેવજીને જોઇને નમન કર્યું. મહાદેવજીએ તેમને કહ્યું કે 'મને ભિક્ષા આપો.'[૫૯] ત્યારે સર્વે મુનિઓ મૌન ધારણ કરી રહ્યા, એટલે મહાદેવજી પવિત્ર આશ્રમોમાં ભમવા લાગ્યા.[૬૦] આશ્રમોમાં ફરતા શંકરને જોઇને ભાર્ગવ અને આત્રેય કુળની ઋષિપત્નીઓ એકદમ ક્ષુભિત અને સત્વહીન થઈ ગઈ.[૬૧] ફક્ત અરુન્ધતી અને અનસૂયા એ બેને જ ક્ષોભ થયો નહિ; કેમકે તેઓનું મન પતિની પૂજામાં અને પતિના ચિન્તનમાં જ હંમેશાં નિમગ્ન રહેતું હતું.[૬૨] ક્ષુભિત થયેલી ઋષિસ્ત્રીઓ કામથી વિહ્વલ થઇને જ્યાં જ્યાં મહાદેવ જતા, ત્યાં ત્યાં તેમની પાછળ પાછળ જવા લાગી.[૬૩] જેમ કોઈ મદોન્મત્ત હાથણી હોય અને તે હાથીની પાછળ પાછળ ફરે, તેમ તે સ્ત્રીઓ આશ્રમો સૂનાં મૂકીને શંકરની પાછળ ચાલી.[૬૪] આ જોઇને ભાર્ગવ તથા આંગિરસ મુનિઓએ ક્રોધ કરીને કહ્યું કે, 'મહાદેવજીનું લિંગ જમીન ઉપર ખરી પડો.'[૬૫] આથી મહાદેવજીનું લિંગ જમીનપર તૂટી પડ્યું અને પૃથ્વીનું વિદારણ કરવા લાગ્યું. પછી લોહિત શૂલપાણિ અંતર્ધાન થઈ ગયા.[૬૬] તૂટી પડેલું મહાદેવજીનું લિંગ પૃથ્વીને ભેદીને રસાતલમાં ગયું અને પછી તેણે ઊંચે બ્રહ્માંડને પણ ભેદી નાંખ્યું.[૬૭] આથી આખી પૃથ્વી ડોલવા લાગી, પર્વતો કંપાયમાન થયા, ઝાડો ધ્રૂજી ઉઠ્યાં અને સરોવરો, પાતાળ, ભુવનો અને સર્વ સ્થાવર જંગમ ખળભળી ઉઠ્યાં.[૬૮]

ભૂર્લોક વગેરે સર્વ ભુવનોને ક્ષુભિત થયેલાં જોઇને પિતામહ બ્રહ્માજી માધવ ભગવાનને મળવા ક્ષીરસાગરમાં ગયા.[૬૯] હૃષીકેશને જોઇને બ્રહ્મા ભક્તિપૂર્વક પ્રણામ કરીને બોલ્યા: 'હે દેવ! હે વિભો! આ સર્વ ભુવનો શા કારણથી ક્ષુભિત થયાં છે?[૭૦] શ્રી હરિ બોલ્યા:—હે બ્રહ્મન્! શંકરનું લિંગ ઋષિઓના શાપથી તૂટી પડ્યું છે; તેના ભારથી આ પૃથ્વી ચલાયમાન થઈ રહી છે.[૭૧] આ અદ્ભુત વાત સાંભળીને પિતામહે શ્રી હરિને કહ્યું: 'હે દેવેશ! ચાલો આપણે ત્યાં જઇએ.'[૭૨] પછી પિતામહ બ્રહ્માજી અને જગત્પતિ કેશવ ભગવાન્ બંને જ્યાં શંકરનું લિંગ હતું ત્યાં આવ્યા.[૭૩] શ્રી હરિ, શંકરનું લિંગ અનંત જોઇને તેનો પાર જોવા ગરુડ ઉપર બેસીને પાતાલમાં ગયા.[૭૪] અને બ્રહ્મા હંસવિમાનમાં બેસીને ઊંચે ગયા. લિંગનો અંત ન માલમ પડવાથી વિસ્મિત થઇને બ્રહ્મા પાછા આવ્યા.[૭૫] હે મહામુને! વિષ્ણુ પણ પાતાલ તથા સપ્તલોક ફરીને પાછા આવ્યા, પણ લિંગનો અંત લાગ્યો નહિ.[૭૬] પછી બ્રહ્મા તથા વિષ્ણુ લિંગ પાસે આવીને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૭૭] શ્રી હરિ તથા બ્રહ્મા સ્તુતિ કરે છે:—હે શૂલપાણિ! હે વૃષભધ્વજ! તમને નમસ્કાર છે. હે જીમૂતવાહન! હે કવે! હે શર્વ! હે ત્રિલોચન! હે શંકર! તમને નમસ્કાર છે.[૭૮] હે મહેશ્વર! હે મહેશાન! હે સુવર્ણાક્ષ! હે વૃષાકપે! હે દક્ષયજ્ઞનો ભંગ કરનાર કાલરૂપ! તમને નમસ્કાર

છે.૭૯ હે પરમેશ્વર! તમે આ જગતના આદિ, મધ્ય અને અંત છો. ષડૈશ્વર્યસંપન્ન તમે જ ભગવાન્ છો. તમારી સર્વત્ર ગતિ છે, તમને નમસ્કાર છે.૮૦

પુલસ્ત્ય મુનિ કહે છેઃ–તે દારુવનમાં એ પ્રમાણે સ્તુતિ કરાયલા શંકર પોતાનું અસલ રૂપ ધારણ કરીને આ પ્રમાણે બોલવા લાગ્યાઃ૮૧ મહાદેવજી કહે છેઃ–હે દેવતાઓના નાથ! તમો બંને શા કારણથી અહીં આવ્યા છો? અને કેમ મારી સ્તુતિ કરો છો? હું કામાનળથી બળી રહ્યો છું અને મારું શરીર તદ્દન અસ્વસ્થ છે.૮૨

બ્રહ્મા વિષ્ણુ કહે છેઃ–હે શંકર! તમારું જે આ લિંગ પૃથ્વી ઉપર પડ્યું છે, તેને તમે પાછા ગ્રહણ કરો.૮૩ શંકર કહે છેઃ–હે શ્રેષ્ઠ દેવો! જો દેવો મારા લિંગની પૂજા કરે તો હું તેને પાછો ધારણ કરું, પણ બીજી રીતે નહિ.૮૪ ત્યારે કેશવ ભગવાન્ બોલ્યા કે, એ પ્રમાણે થાઓ. ત્યાર પછી બ્રહ્માજીએ તે સોનાના જેવા પીળા રંગના લિંગને પોતે ગ્રહણ કર્યું.૮૫ પછી તે શિવલિંગનું પૂજન કરવાને માટે બ્રહ્માજીએ ચાર વર્ણનાં મનુષ્યો ઉત્પન્ન કર્યાં, અને જૂદા જૂદા પ્રકારનાં મુખ્ય મુખ્ય શાસ્ત્રો પણ બનાવ્યાં.૮૬ હે મુને! એ વર્ણોમાં પહેલા શૈવ, બીજા પાશુપત, ત્રીજા કાલદમન અને ચોથા કાપાલિક થયા.૮૭ તેમાં વસિષ્ઠના પ્રિય પુત્ર શક્તિ શિવ પોતે, અને તેમના શિષ્ય ગોપાયન નામે પ્રસિદ્ધ છે.૮૮ તપોધન ભરદ્વાજ મહા પાશુપત થયા, અને તેમના શિષ્ય રાજા સોમકેશ્વર થયા.૮૯ મહા તપસ્વી આપસ્તંબ કાલદમન થયા અને તેમના શિષ્ય ક્રાથેશ્વર નામે થયા.૯૦ અને ધનપતિ કુબેર મહાવ્રતી કાપાલિક થયા અને તેમના શિષ્ય મહા વીર્યવાન્ મહાતપા અર્ણોદર નામના ઋષિ થયા, કે જે જાતના શૂદ્ર હતા.૯૧

એ પ્રમાણે ભગવાન્ બ્રહ્માજી, શિવજીના પૂજનને માટે ચારે આશ્રમીઓને ઉત્પન્ન કરીને પછી પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.૯૨ બ્રહ્માજીના ગયા પછી શિવજી પણ પોતાના લિંગને સંકોચીને ચિત્તવનમાં તે સૂક્ષ્માકૃતિ લિંગની પ્રતિષ્ઠા કરીને ભ્રમણ કરવા લાગ્યા.૯૩ શિવજી આમ ભ્રમણ કરવા લાગ્યા, એટલે કામદેવ ફરીથી પાછો ધનુષબાણ ધારણ કરી દૂરથી તેમને સંતપ્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો.૯૪ કામદેવને સન્મુખ ઉભેલો જોઇને ક્રોધથી લાલચોળ નેત્રો કરી શંકર ભગવાને તેને નખથી શિખાપર્યંત જોયો.૯૫ ક્રોધયુક્ત દૃષ્ટિથી શંકરે જોતાંની સાથે જ મહા સ્વરૂપવાન્ કામદેવ, પગથી સૂકા ઘાસની પેઠે બળવા લાગ્યો.૯૬ પોતાનાં બે ચરણો બળતાં જોઈને કામદેવે પોતાનું શ્રેષ્ઠ ધનુષ ફેંકી દીધું. તે પાંચ ભાગે વિભક્ત થઈ ગયું.૯૭

એ ધનુષનું મુષ્ટિબંધ સ્થાન (મૂઠીમાંથી પકડવાની જગ્યો), જે મહા તેજસ્વી અને સુવર્ણના રંગ જેવું હતું, તે પ્રકાશમાન અને સુગંધીનો ભંડાર એવું ચંપાનું ઝાડ થયું. ૯૮ સુંદર આકારવાળું નાભિસ્થાન (વચ્ચેની જગ્યા), જે વજ્ર એટલે હીરાઓથી શણગારેલું હતું, તે અનેક કેસરવાળું બકુલ (બોરસલી) નું પુષ્પ થયું.૯૯ જે સુંદર કોટી (ધનુષનો આગલો ભાગ) ઇંદ્રનીલ મણિઓથી

શણગારેલી હતી, તે ભમરાઓનાં ટોળાંથી શોભાયમાન પાટલ નામનાં રમણીય પુષ્પરૂપે થઈ.[૧૦૦] મૂઠમાં બંધનથી ઉપરનો ચંદ્રકાન્ત મણિથી સુશોભિત ભાગ, ચંદ્રનાં કિરણો જેવી ઉજળી સફેત પંચગુલ્મ નામની જાતિફૂલ થઈ.[૧૦૧] મૂઠની ઉપર અને બંને કોટીઓની નીચેનો પરવાળાથી શણગારેલો ભાગ ઘણી પાંખડીઓ-વાળી જૂદી જૂદી જાતની મલ્લિકા (મોગરો) થઈ.[૧૦૨] હે નારદ! વળી સ્વયં મહાદેવજી જેનો ઉપયોગ કરે છે તે જાતિયુક્ત, સુગંધસંપન્ન, પરમ મનોહર ફૂલવાળાં વૃક્ષો ઉત્પન્ન થયાં.[૧૦૩] કામદેવ પોતે બળવા લાગ્યો, તે વખતે પોતાના રમણીય બાણોનો ત્યાગ કર્યો. તેનાં હજારો વૃક્ષો ઉત્પન્ન થયાં.[૧૦૪] તે વૃક્ષો શંકરના પ્રસાદથી ઉત્તમ દેવતાઓને પણ ઉપભોગ યોગ્ય મહા સુગંધિમય તથા વિવિધ પ્રકારના સ્વાદવાળાં આમ્ર (આંબો) વગેરે થયાં.*[૧૦૫] એ પ્રમાણે કામદેવને બાળ્યા. પછી મહાદેવજી જિતેન્દ્રિય થઇને તપ કરવાને માટે હિમાલય પર્વત ઉપર ગયા.[૧૦૬] એવી રીતે શંકર ભગવાને પહેલાં કામદેવને ધનુષ અને બાણો સાથે બાળીને ભસ્મ કર્યો. ત્યારથી મહાધનુર્ધર તે અનંગ નામે પ્રસિદ્ધ થયો તેની દેવો અને દેવોમાં ઉત્તમ ઇંદ્ર વગેરે પણ સ્તુતિ–પૂજા કરે છે.[૧૦૭]

एवं पुरा दन्दस्त्र शंभुना कामस्तु दग्धः सशरः सचापः ।
ततस्त्वमंगेति महाधनुर्द्धरो देवैः स्तुतो दैववरैस्तु पूजितः ॥ १०७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે પુલસ્ત્ય નારદ સંવાદે વામનપ્રાદુર્ભાવે
'કામ ભસ્મ' નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭ મો.

પ્રહ્લાદનું યુદ્ધ.

पुलस्त्य उवाचः—ततोऽनंगं विभुर्दृष्टा ब्रह्मन्नारायणो मुनिः ।
घिहस्यैवं वचः प्राह कंदर्प इह आस्यता ॥ १ ॥

પુલસ્ત્યમુનિ કહે છેઃ—હે બ્રહ્મન્! શ્રી વિભુ નારાયણમુનિ કામદેવને જોઇ હસીને બોલ્યા કે, "હે કંદર્પ! અહીં બેસો."[૧] નારાયણમુનિને ક્ષોભ ન પામેલા જોઇને કામ વિસ્મય પામ્યો અને વસંતને પણ ઘણી ચિંતા થઈ.[૨] પછી અપ્સરાઓને જોઇને ભગવાન્ નારાયણે તેમનું સ્વાગત કરીને પૂજન કર્યું અને પછી વસંતને કહ્યું કે 'આવો, આવો, અહીં બેસો.'[૩] ત્યાર બાદ નારાયણ ભગવાને ફૂલોથી ભરેલી મંજરી લઇને તેનો આગલો ભાગ પોતાની જાંઘમાં મારીને તેમાંથી એક કંચનવર્ણી બાળાને ઉત્પન્ન કરી.[૪] જંઘામાંથી ઉત્પન્ન થયેલી તે સર્વાંગસુંદરીને જોઇને કંદર્પ વિચાર કરવા લાગ્યો કે, 'શું આ મારી પ્રિયા રતિ તો નહિ હોય.'

---

* આંબો, કમળ, મોગરો, નીલકમળ અને અશોક એ પાંચ કામનાં બાણ કહેવાય છે.

કારણ કે તેના (રતિના) જેવાં જ મધુર વચનો, શોભાયમાન નેત્ર, વાંકી ભ્રુકૂટિ, ઉત્તમ વાળ, સુંદર નાસિકા અને જોવા ગમે એવા રૂપાળા અધર છે.[૬] એના બંને કુચ પણ તેના જેવા જ અવિરલ એટલે સજ્જન પુરુષોની પેઠે એક બીજાની સાથે મળી ગયેલા, મોટા ઘટ્ટ, મગ્ન ચૂચુકવાળા શોભે છે.[૭] એ સુંદરાંગીનું પેટ પણ તેના જેવું કૃશ, ત્રિવલિથી શોભાયમાન અને રોમરાજિથી શોભાયમાન ચિકાશવાળું છે.[૮] જઘનથી માંડીને બંને સ્તનતટ સુધી એની રોમાવલિ જાય છે. તે જાણે કિનારાઓથી કમળસમૂહ સુધી ભમરાઓની હાર ગયેલી હોય તેના જેવી શોભે છે.[૯] કટીમેખલાથી વિંટાયલા એના વિસ્તૃત નિતંબ, ક્ષીરસાગરના મંથન વખતે નાગથી બાંધેલો મંદરાચળ પર્વત હોય, તેના જેવા દેખાય છે.[૧૦]

કમળના પરાગના જેવા રંગવાળી એ સુંદરાંગી, ઊંચાં મૂળવાળી કેળોના સ્તંભજેવી બે જંઘાઓવડે શોભે છે.[૧૧] એના બંને જાનુ (ઘુંટણ), ઢંકાયલી પાદગ્રંથિઓ (પગની ઢેકીઓ), વાળ વગરની સુંદર બંને સાથળો અને અળતાના રંગ જેવાં રાતાં ચરણકમળ ઘણાં જ શોભે છે.[૧૨] એવી અનિંદિત લોચનવાળી એ સુંદરીને જોઈ વિચાર કરીને કામદેવ પણ કામાતુર થયો, તો પછી હે મુનિ! બીજા પુરુષની તો શી વાત કહેવી?[૧૩] હે નારદ! વસંત પણ એ ઉર્વશીને જોઇને વિચાર કરવા લાગ્યો કે, આ તે કામ રાજાની સાક્ષાત્ રાજધાની છે કે શું?[૧૪]

અથવા શું આ ચંદ્રની કાન્તિ, રાત્રિનો ક્ષય થવાથી સૂર્યકિરણોના તાપથી દુઃખી થયેલી બીકની મારી અજાણ હોવાથી અહીં શરણે આવેલી છે![૧૫] એવી રીતે તે અપ્સરા સંબંધી વિચાર કરતો મુનિની પેઠે ધ્યાન ધરીને તે વસંત બેઠો.[૧૬] પછી હે મહામુને! કંદર્પ વગેરે તે સર્વને વિસ્મિત થઈ ગયેલા જોઇને મહાવ્રતધારી નારાયણમુનિ જ હાસ્ય કરીને બોલ્યા;[૧૭] 'હે કામદેવ! હે અપ્સરા! અને હે વસંત! તમે આ મારા ઊરુમાંથી ઉત્પન્ન થયેલી બાળાને સુરલોકમાં લઇ જાઓ અને ઇંદ્રને આપો.[૧૮] એ પ્રમાણે કહેવાથી તે સર્વે ધ્રુજતા ધ્રુજતા રૂપયૌવન યુક્ત ઉર્વશીને લઇને સ્વર્ગમાં ગયા, અને ઇંદ્રને સમાચાર કહ્યા.[૧૯] તથા હે મહા મુને! ધર્મજ્ઞ નરનારાયણનું ચરિત્ર પણ કહ્યું. તે સાંભળી સર્વેને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું.[૨૦] એ પ્રકારે નરનારાયણનું ચરિત્ર પાતાળમાં અને મૃત્યુ લોકમાં દશે દિશાઓમાં વિખ્યાત થઈ રહ્યું.[૨૧] હે મુને! એક સમયે ભયાનક હિરણ્યકશિપુના મરણ પછી પ્રહ્લાદ નામે દાનવ રાજગાદી પર આવ્યો.[૨૨] તે દૈત્ય છતાં દેવતાઓ અને બ્રાહ્મણોનું પૂજન કરતો હતો. તેના રાજ્યકાળમાં પૃથ્વી ઉપર બીજા રાજાઓ પણ યજ્ઞયાગાદિ કરવા લાગ્યા.[૨૩] બ્રાહ્મણો તપ, ધર્મ અને તીર્થયાત્રા કરતા હતા, વૈશ્યો પશુપાલન વગેરેમાં સ્થિર હતા અને શૂદ્રો સેવાપરાયણ હતા.[૨૪] એ પ્રમાણે ચારે વર્ણનાં મનુષ્યો પોતપોતાના ધર્મ કર્મમાં પ્રવૃત્ત હતા. અને દેવતાઓ પણ યજ્ઞાદિવડે પોતાની જીવિકા ચાલવાથી પોતપોતાના કર્મમાં પ્રવૃત્ત રહેતા.[૨૫] એવામાં એક સમયે ભૃગુઋષિના પુત્ર મહા તપશાળી ચ્યવન

મુનિ નર્મદાને કિનારે નાકુલેશ્વર તીર્થમાં સ્નાન કરવા ગયા.[૨૬] ત્યાં મહાદેવજીનાં દર્શન કરીને તે સ્નાન કરવા નદીમાં ઉતર્યા કે તરત જ કેકરલોહિત નામના નાગે તેમને પકડી લીધા.[૨૭] એટલે તેમણે મનમાં શ્રી હરિનું સ્મરણ કર્યું, એથી તે નાગ વિષરહિત થઇ ગયો.[૨૮] પછી તે મહાસર્પે પોતે નિર્વિષ થઇ જવાથી ચ્યવન ઋષિને રસાતલમાં ખેંચી જઇને છોડી મૂકયા.[૨૯] ત્યાં તે ઋષિ આમ તેમ ભમવા લાગ્યા અને તે જ્યાં જાય ત્યાં નાગકન્યાઓ તેમની પૂજા કરવા લાગી.[૩૦] એ પ્રમાણે ફરતા ફરતા તે દાનવોના મોટા નગરમાં ગયા. ત્યાં દૈત્યપતિ પ્રહ્લાદજીએ તેમનાં દર્શન કરીને તેમની પૂજા કરી.[૩૧] અને પછી તેમને બેસાડીને તેમના કુશલ સમાચાર પૂછયા.[૩૨] મહાતેજસ્વી ભૃગુપુત્રે કહ્યું કે, હું નર્મદાતીરે મહાતીર્થ નાકુલેશ્વરમાં સ્નાન કરવા તથા નાકુલેશ્વર મહાદેવનાં દર્શન કરવા આવ્યો હતો.[૩૩] જેવો હું નદીમાં સ્નાન કરવા ઉતર્યો કે, તરત એક સર્પે મને બળથી પકડ્યો અને અહીં પાતાળમાં ખેંચી આણ્યો, તો અહીં આપનાં દર્શન થયાં.[૩૪] ચ્યવન મુનિનાં એ વચનો સાંભળીને વાક્યવિશારદ દૈત્યરાજ પ્રહ્લાદ ધર્મયુક્ત વાકય બોલ્યા.[૩૫] પ્રહ્લાદે પૂછ્યું:—હે ભગવન્! પૃથ્વી ઉપર કયાં કયાં તીર્થો છે અને આકાશમાં તથા રસાતલમાં કયાં કયાં તીર્થો છે, તે આપ કૃપા કરીને મને કહો.[૩૬] ચ્યવન મુનિ કહે છેઃ—હે મહાબાહો! પૃથ્વી ઉપર નૈમિષારણ્ય, અંતરિક્ષમાં પુષ્કર અને રસાતલમાં ચક્રતીર્થ પ્રખ્યાત છે.[૩૭]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—ચ્યવન મુનિનાં એ વચનો સાંભળીને દૈત્યરાજને નૈમિષારણ્યમાં જવાની ઇચ્છા થઈ, તેથી તેમણે દૈત્યોને કહ્યું.[૩૮] કે સૌ ચાલો ઉઠો, આપણે સ્નાન કરવા નૈમિષારણ્ય તીર્થમાં જવું છે. ત્યાં પીતાંબરધારી પુંડરીકાક્ષ અચ્યુત ભગવાનનાં દર્શન કરીશું.[૩૯]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—દાનવેન્દ્રે એ પ્રમાણે કહેવાથી સઘળા દૈત્યો તથા દાનવોએ ઘણો ઉદ્યોગ આરંભ્યો, અને રસાતલમાંથી બહાર નીકળ્યા.[૪૦] તે મહાબળશાળી દૈત્યો તથા દાનવોએ નૈમિષારણ્યમાં આવીને ઘણા હર્ષથી સ્નાન કર્યું.[૪૧] પછી દૈત્યરાજ પ્રહ્લાદ મૃગયા કરવા ગયા. ત્યાં ફરતાં ફરતાં નિર્મળ જળવાળી પુણ્યવતી સરસ્વતી નદીનાં તેમને દર્શન થયાં.[૪૨] ત્યાંથી થોડેક છેટે તેમણે મોટી મોટી શાખાઓવાળા બાણોથી છવાયલા એક શાલ વૃક્ષને જોયો અને તેના ઉપર પરસ્પર જેનાં મુખ લાગેલાં છે એવાં બાણોને પણ જોયાં.[૪૩] નાગોપવીતક (સાપોથી બંધાયલાં) અદ્ભુત આકારનાં તે બાણોને જોઇને દૈત્યેશ્વરને મહા ક્રોધ ઉત્પન્ન થયો.[૪૪] વળી ત્યાંથી દૂર મૃગચર્મ ધારણ કરેલા, મોટા જટાજુટવાળા, તપમાં આસક્ત મનવાળા બે ઋષિઓને જોયા.[૪૫] તેમનાં બંને પડખાંમાં સુલક્ષણવાળાં સાંગ અને આજગવ નામે બે દિવ્ય ધનુષો તથા અક્ષય્ય ભાથાં હતાં.[૪૬] તેમને જોઇને તેઓ દાંભિક છે એમ દૈત્યરાજે માન્યું અને તે બંને પુરુષોને આ પ્રમાણે વચન કહ્યું.[૪૭] તમે બંનેએ ધર્મનો નાશ

કરવાને આ દંભ શો આરંભ્યો છે? આ તપ અને જટાનો ભાર શો? અને આ આયુધો ધારણ કરવાં તે શું?[૪૮] (તે બંને નરનારાયણ મુનિઓમાંથી) નર બોલ્યા; 'હે દૈત્યરાજ! તમને શી વાતની ચિંતા થાય છે? જેનામાં સામર્થ્ય હોય તે જે કામ કરે, તે તેને શોભે જ છે.'[૪૯] તે સાંભળી દૈત્યેશ્વર બોલ્યા: 'ધર્મસેતુ-પ્રવર્તક દૈત્યરાજ હું બેઠો છતાં તમારી તે શી શક્તિ છે?'[૫૦] નરે ઉત્તર આપ્યો: 'અમે બંને નરનારાયણ પ્રચંડ શક્તિવાળા છીએ. કોઈ પણ યુદ્ધમાં અમને જિતવાને શક્તિવાન નથી.'[૫૧] આથી ક્રોધાયમાન થઇને દૈત્યરાજે પ્રતિજ્ઞા કરી કે, ગમે તે થાય તોપણ એ નરનારાયણને મારે રણમાં જિતવા.[૫૨]

એ પ્રમાણે કહીને મહાત્મા દિતીશ્વરે (પ્રહ્લાદજીએ) તે વનમાં લશ્કરને ગોઠવીને ધનુષબાણ સજ્જ કરી પણછનો ભયંકર ટંકાર કર્યો.[૫૩] એટલે નરે પણ આજગવ ધનુષ તૈયાર કરી તેમાં પ્રકાશિત અણીવાળાં બાણો યોજીને છોડવા માંડ્યાં. પ્રહ્લાદજીએ સુવર્ણ સમાન તેજસ્વી પીછાંવાળાં અપ્રતિમ બાણોવડે તે સઘળાં બાણોને છેદી નાંખ્યાં.[૫૪] યુદ્ધમાં અપ્રતિમ દૈત્યપતિએ પોતાનાં બાણો છેદી નાંખ્યાં, તે જોઇને નરે મહા ક્રોધ કરીને બીજાં વિવિધ પ્રકારનાં બાણો મહા ધનુષને ખુબ નમાવીને છોડ્યાં.[૫૫] નર એક બાણ છોડતા તો પ્રહ્લાદજી બે છોડતા, અને જ્યારે નર ત્રણ બાણ છોડતા ત્યારે પ્રહ્લાદજી ચાર બાણ છોડતા. ફરી નરે પાંચ બાણ છોડ્યાં ત્યારે પ્રહ્લાદે તીક્ષ્ણ છ બાણો છોડ્યાં.[૫૬] પછી ઋષિઓમાં શ્રેષ્ઠ નરે છ બાણ મૂક્યાં ત્યારે તે દૈત્યરાજે નવ બાણ માર્યાં. ફરી નરે છત્રીશ બાણ માર્યાં ત્યારે દૈત્યપતિ પ્રહ્લાદે બોતેર બાણ મૂક્યાં.[૫૭] તે પછી નરે સો બાણ માર્યાં, તેની સામાં દૈત્યેશ્વરે ત્રણસો માર્યાં. વળી નરે છસો માર્યા તો પ્રહ્લાદજીએ એક હજાર માર્યાં. તે પછી તો તે બંને જણ કોપ કરી કરીને અસંખ્ય બાણો છોડવા લાગ્યા.[૫૮] પછી નરે બાણોનો વરસાદ વરસાવીને પૃથ્વી, દિશાઓ અને આકાશમંડળને છાઈ નાંખ્યું. દૈત્ય શ્રેષ્ઠ પ્રહ્લાદે પણ અગ્નિ જેવાં પૂંછડાંવાળાં અગણિત બાણોવડે તે સઘળાં બાણો વેગથી છેદી નાંખ્યાં.[૫૯] તે બંને વીર પુરુષો નર અને દાનવ, ભયંકર રૂપ ધારણ કરીને ઉત્તમ ઉત્તમ બાણોવડે ઘણા કાળ સુધી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.[૬૦] પછી દૈત્યરાજે ધનુષ ઉપર બ્રહ્માસ્ત્ર ચડાવ્યું, એટલે નરે મહા ઉગ્ર નારાયણાસ્ત્ર સાંધ્યું.[૬૧] તે જોઇને દૈત્યપતિએ તે સાથે જ આગ્નેય નામનું મહા અસ્ત્ર ચડાવ્યું. એટલે પુરુષોત્તમ નરે મહેશ્વરાસ્ત્ર ચડાવીને બંને બાણો સાથે જ છોડ્યાં.[૬૨] બ્રહ્માસ્ત્ર નિષ્ફળ થયેલું જોઇને પ્રહ્લાદજી ક્રોધમાં મૂર્છિત થઈ જઇને હાથમાં ગદા લઈ રથમાંથી ઉતરીને દોડ્યા.[૬૩] પ્રહ્લાદજીને ગદા લઇને આવતા જોઈ નારાયણ પોતે નરને પાછળ ખસેડીને લઢવાને સામા આવ્યા.[૬૪] એટલે પ્રહ્લાદજી હાથમાં ગદાસાથે,

શાર્ઙ્ગ ધનુષ અને બાણવાળા, તપના નિધાન પ્રખ્યાત પુરાણ ઋષિ, ઉદાર પરાક્રમવાળા, જગતનું પાલણ કરનારા શ્રી નારાયણ તરફ દોડી આવ્યા.[૬૫]

ततो दितीशः सगदः समाद्रवत्सशार्ङ्गबाणं तपसां निधानम् ।
ख्यातं पुराणर्षिमुदारविक्रमं नारायणं नारद लोकपालम् ॥ ६६ ॥

ઇતિ શ્રી વામન પુરાણે 'પ્રહ્લાદ યુદ્ધ' નામનો સાતમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮ મો.

પ્રહ્લાદને વરપ્રાપ્તિ.

पुलस्त्य उवाचः—शार्ङ्गपाणिनमायांतं दृष्ट्वाग्रे दानवेश्वरः ।
परिभ्राम्य गदां वेगान्मूर्ध्निसाध्यमताडयत् ॥१॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે મુને! દાનવેશ્વર પ્રહ્લાદજીએ શાર્ઙ્ગપાણિ નારાયણને સામા આવતા જોઇને ગદાને ખુબ ફેરવીને વેગથી તેમના માથામાં મારી.[૧] હે નારદ! ગદા વાગવાથી ધર્મપુત્ર નારાયણનાં નેત્રોમાંથી અગ્નિ વરસતો હોય, તેવું ગરમ પાણી પડવા લાગ્યું.[૨] નારાયણના મસ્તકમાં દાનવરાજે મારેલી તે ગદાના પણ, પર્વતના શિખર ઉપર વજ્ર પડે તેમ, હજારો કકડા થઈ ગયા.[૩] પ્રહ્લાદજી તે જોઇને પાછા ફર્યા અને રથ ઉપર બેસીને પછી ધનુષ ઉપર બાણો ચડાવ્યાં.[૪] અને પછી ધનુષને જોરથી ખેંચી ક્રોધ કરીને બરાબર નિશાન તાકીને બાણો છોડવા માંડ્યાં.[૫] અર્ધ ચંદ્ર જેવાં આવતાં બાણોને સામાં બાણો મારીને શ્રી નારાયણે છેદી નાંખ્યાં, અને દૈત્યરાજને પણ વિંધી નાંખ્યા.[૬] એ રીતે નારાયણે પ્રહ્લાદને અને પ્રહ્લાદજીએ નારાયણને એમ પરસ્પર એક બીજાને મર્મ ભેદી બાણોવડે વિંધી નાંખ્યા,[૭] તે વખતે હે મુને! આકાશમાં દેવોનો સમૂહ આ લઘુ, વિચિત્ર, અને સુંદર યુદ્ધ જોવાને ભેગો થયો.[૮] તે દેવોએ આકાશમાં મોટા અવાજથી દુંદુભિના નાદ કર્યા, અને નારાયણ તથા દૈત્યરાજ ઉપર અનુપમ ફૂળોની વૃષ્ટિ કરી.[૯] તે બંને વીરોએ જોનારાઓને પ્રેમ ઉત્પન્ન થાય એવું યુદ્ધ કર્યું, તે આકાશમાં જોવા આવેલા દેવો અને દૈત્યો પણ જોતા હતા.[૧૦] તેઓએ બાણોને એવો વરસાદ વરસાવ્યો કે, તેથી આકાશ છવાઈ ગયું અને દિશાઓ તથા વિદિશાઓ પણ ઢંકાઈ ગઈ.[૧૧]

પછી હે મહામુને! નારાયણે ધનુષને ખૂબ ચડાવીને તીક્ષ્ણ બાણોવડે પ્રહ્લાદને મર્મસ્થાનોમાં વિંધી નાંખ્યા.[૧૨] દૈત્યરાજ પ્રહ્લાદે પણ ક્રોધ કરી ધનુષને જોરથી ખેંચ્યું અને નારાયણને હૃદયમાં બે બાહુમાં અને મુખ ઉપર ઘાયલ કર્યા.[૧૩] પછી શ્રી નારાયણે બાણો છોડતા દૈત્યપતિ પ્રહ્લાદના ધનુષના મુષ્ટિબંધને અર્ધચંદ્રાકાર એક બાણ મારીને છેદી નાંખ્યું.[૧૪] પોતાનું ધનુષ કપાઈ ગયેલું

જોઇને પ્રહ્લાદે બીજું ધનુષ હાથમાં લીધું અને અચળતાથી તેની જ્યા (દોરી) ચડાવી તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવ્યો.[૧૫] તે બાણોને નારાયણે સામાં બાણો મારીને કાપી નાખ્યાં અને ધનુષને પણ ક્ષુરપ્ર બાણ મારીને છેદી નાંખ્યું.[૧૬] નારાયણ ધનુષો છેદી નાંખતા ગયા, તેમ તેમ પ્રહ્લાદજી નવાં નવાં ધનુષ લેતા ગયા, અને નારાયણ પણ તે સઘળાંને છેદી નાંખવા લાગ્યા.[૧૭] જ્યારે બધા ધનુષો કપાઈ ગયાં ત્યારે પ્રહ્લાદે મહા મોટું ભયંકર તદ્દન લોઢાનું બનાવેલું અને મજબૂત પરિઘ હાથમાં લીધું.[૧૮] તે પરિઘ લઇને મારવા માટે પ્રહ્લાદે ફેરવીને ઉગામ્યું, પણ તરત જ નારાયણે એક બાણ મારીને તેને કાપી નાંખ્યું.[૧૯] પરિઘ કપાઈ ગયા પછી નારાયણના ઉપર તેમણે જોરથી ફેરવીને મુદ્દગર ફેંક્યું.[૨૦]

હે મુને! તેને આવી પડતું જોઈને નારાયણે દશ બાણ મારીને તેને કાપી નાંખ્યું, એટલે તે દશ કકડા થઇને જમીન ઉપર પડ્યું.[૨૧] મુદ્દગર નિષ્ફળ થઈ પડવાથી પાશ લઇને નારાયણ ઉપર ફેંક્યો. નારાયણે તેને પણ તરત જ છેદી નાંખ્યો.[૨૨] પાશ કપાઈ ગયા પછી પ્રહ્લાદે શક્તિ મારી, તેને પણ મહા તપશાળી નારાયણે ક્ષુરપ્ર અસ્ત્રથી છેદી નાંખી.[૨૩] એ રીતે બધાં હથિયારો છેદાઈ જવાથી પ્રહ્લાદે એક મહા ધનુષ લીધું અને તેના વડે બાણોની જાળ પાથરી દીધી.[૨૪] એટલે પછી જગદ્દગુરુદેવ અસુરસંહારી નારાયણે હૃદયમાં બાણ મારીને દૈત્યરાજ પ્રહ્લાદને ઘાયલ કર્યા.[૨૫] અદ્દભુત કર્મવાળા નારાયણદેવવડે જેનું હૃદય વિદીર્ણ થઈ ગયું છે એવા પ્રહ્લાદ મૂર્ચ્છા ખાઇને રથમાં પડ્યા, એટલે સારથિ રણમાંથી રથને બહાર લઈ ગયો.[૨૬] થોડીવારમાં જ મૂર્ચ્છા વળી, એટલે પ્રહ્લાદ પાછા મોટું ધનુષ લઇને લઢવાને સામા આવ્યા.[૨૭] તેમને આવતાં જોઇને નારાયણ બોલ્યા કે, 'હે દૈત્યરાજ! હમણાં તો જાઓ, પ્રાતઃકાળે યુદ્ધ કરીશું. હાલ તો સંધ્યાદિક આહ્નિક કર્મ કરવાનો સમય થયો છે, તે જઇને કરો.[૨૮]

અદ્દભુત કર્મવાળા નારાયણ મુનિએ એ પ્રમાણે કહેવાથી પ્રહ્લાદ નૈમિષારણ્યમાં ગયા અને ત્યાં આહ્નિક કર્મ કર્યું[૨૯] હે મુને! એ પ્રમાણે યુદ્ધ કરતાં ઘણા દિવસ ગયા ત્યારે એક દિવસ રાત્રિએ પ્રહ્લાદ વિચાર કરવા લાગ્યા કે, આ દાંભિકને યુદ્ધમાં હવે કેવી રીતે જિતવા?[૩૦] એ પ્રમાણે પ્રહ્લાદે એક હજાર દિવ્ય વર્ષ સુધી નારાયણ સાથે યુદ્ધ કર્યું, પણ તેમને જિતી શકાયા નહિ.[૩૧] જ્યારે એક હજાર વર્ષ સુધી નારાયણ જિતાયા નહિ, ત્યારે પ્રહ્લાદ પીતાંબરધારી વિષ્ણુ ભગવાન્ પાસે જઇને કહેવા લાગ્યા;[૩૨] 'હે દેવદેવેશ! હું હજુ સુધી નારાયણને જિતી શકતો નથી, તેનું કારણ શું હશે તે મને કહો.'[૩૩] પીતાંબરધારી વિષ્ણુ બોલ્યાઃ—'હે પ્રહ્લાદ! ધર્મપુત્ર મહાબાહુ નારાયણને તમે જિતી શકો એમ નથી. એ બુદ્ધિમાન્ વિપ્રવર, દેવ અને અસુરોથી પણ અજિત છે.'[૩૪] પ્રહ્લાદજી કહે છેઃ—'હે દેવ! એ નારાયણ મુનિ સંગ્રામમાં જો મારાથી જિતી શકાય એમ નથી, તો પછી મારી પ્રતિજ્ઞા શું અસત્ય થશે?[૩૫] હે દેવેશ! મારી

પ્રતિજ્ઞા નિષ્ફળ જશે તો પછી હું શી રીતે જીવી શકીશ? માટે હું તો આપની આગળ જ અનશન વ્રત કરીને દેહ પાડીશ.'[૩૬]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—એ પ્રમાણે કહીને પ્રહ્લાદજી સ્નાન કરીને સનાતન બ્રહ્મનો જપ કરતા બેઠા![૩૭] ત્યાર પછી પીતાંબરધારી વિષ્ણુએ તેમને કહ્યું કે, 'એ નારાયણને તું ભક્તિથી જિતી શકીશ, પણ યુદ્ધમાં જિતી શકીશ નહિ, માટે જા અને તેમ કર.'[૩૮] પ્રહ્લાદજી બોલ્યાઃ—'હે દેવ! સુવ્રત! ત્રિલોકમાં કદાપિ એ જો કે અજિત હશે, તો પણ તમારા પ્રસાદથી મારી સામે ટકી રહેવાને એ શક્તિવાન્ નથી, તો પછી તમારા ક્રોધથી તો કેમ જ રહી શકશે?.[૩૯] હે પ્રભો! હે દેવદેવ! મેં આખા ત્રિલોકને જિતી નાખ્યું છે, અને તમારા પ્રસાદથી ઇંદ્રને પણ મેં જિત્યો છે, તો આ ધર્મનંદન નારાયણ મારાથી કેમ જિતાતા નથી?'[૪૦] પીતાંબરધારી વિષ્ણુ બોલ્યાઃ—'હે દાનવશાર્દૂલ! એ નારાયણ તે હું જ પોતે છું. અને લોકોના ઉપર અનુકંપા લાવી ધર્મ પ્રવર્તાવવાને માટે એ રૂપે તપશ્ચર્યા કરું છું, તેટલા માટે જો તને જયની ઇચ્છા હોય તો તું તેમની આરાધના કર. તું ભક્તિથી જ તેમનો પરાજય કરી શકીશ, માટે તેમની શુશ્રુષા કર.'[૪૧-૪૨]

પુલસ્ત્યજી કહે છેઃ—હે મુને! મહાત્મા પીતાંબરધારી વિષ્ણુએ એ પ્રમાણે કહેવાથી પ્રહ્લાદજીએ હર્ષિત થઇને અંધકને બોલાવ્યો અને તેને આ પ્રમાણે કહ્યુંઃ[૪૩] પ્રહ્લાદજી કહે છેઃ—હે અંધક! આ દૈત્યો અને દાનવોનું હવે તમે પરિપાલન કરો. મેં આ રાજ્યનો ત્યાગ કર્યો છે. હે મહીપાલ! આપ તેને ગ્રહણ કરો.'[૪૪] એ પ્રમાણે કહેવાથી હિરણ્યાક્ષના પુત્ર અંધકે તે રાજ્યને ગ્રહણ કર્યું અને પ્રહ્લાદજી પછી પુણ્યકારક બદરિકાશ્રમમાં ગયા.[૪૫] ત્યાં પ્રહ્લાદજીએ નરનારાયણ દેવને જોયા અને પછી તેમનાં ચરણમાં હાથ જોડીને વંદન કર્યું.[૪૬] પ્રહ્લાદજીને જોઇને મહા તેજવાન્ અવિનાશી નારાયણ બોલ્યા; 'હે મહાઅસુર! મને જિત્યા વગર અહીં આવીને તું કેમ પ્રણામ કરે છે?'[૪૭] પ્રહ્લાદજી કહે છેઃ—'હે પ્રભો! તમને જિતવાને કોણ શક્તિમાન્ છે? તમારાથી કોણ અધિક છે? હે નારાયણ! હે અનંત! તમે જ પીતાંબરધારી જનાર્દન ભગવાન્ છો.[૪૮] તમે પુંડરીકાક્ષ દેવ છો, શાર્ઙ્ગ ચાપ ધારણ કરનારા વિષ્ણુ તમે જ છો. તમે જ અવિનાશી મહેશ્વર છો અને તમેજ શાશ્વત પુરુષોત્તમ છો.[૪૯] યોગીઓ આપનું ધ્યાન કરે છે, પંડિતો આપની અર્ચના કરે છે, સ્નાતકો આપનો જપ કરે છે અને યજ્ઞ કરનારાઓ આપને યજે છે.[૫૦] તમે અચ્યુત, હૃષીકેશ, ચક્રપાણિ અને ધરાધર છો. તમે જ મત્સ્ય, હયગ્રીવ અને કૂર્માવતાર ધારણ કરનારા છો.[૫૧] હિરણ્યાક્ષને મારનાર આપ જ વરાહ ભગવાન્ છો અને મારા પિતા હિરણ્યકશીપુનો નાશ કરનાર નૃસિંહ ભગવાન્ આપ જ છો.[૫૨] હે વિભો! હે નાથ! હે ગરુડધ્વજ! બ્રહ્મા, શિવ, ઇંદ્ર, અગ્નિ, યમ, વરુણ, વાયુ, સૂર્ય, ચંદ્ર અને આખું ચરાચર જગત્ એ સૌ આપ જ છો.[૫૩] તમે જ પૃથ્વી, જ્યોતિ, આકાશ અને જળ, એમ હજારો રૂપે થઇને આખું જગત

આશ્રમ કીધું છે. હે માધવ! હે લક્ષ્મીપતિ! તમને કોણ જિતી શકે એમ છે?[૫૪] હે હૃષીકેશ! હે જગદ્ગુરુ! તમે ફક્ત ભક્તિથી જ પ્રસન્ન થાઓ છો. બીજી કોઇ રીતે જિતાવાને તમે શકય નથી. આપ સર્વાન્તર્યામી અને અવિનાશી છો.'[૫૫]

શ્રી ભગવાન્ બોલ્યાઃ—'હે દૈત્ય! હે સુવ્રત! તારી આ સ્તુતિથી હું સંતુષ્ટ થયો છું. તારી અનન્ય ભક્તિથી હું પરાજિત થયો છું.[૫૬] હે દૈત્ય! પરાજિત થયેલો પુરુષ દંડ આપે છે. તે રીતે મારે પણ તને દંડ આપવો જોઇએ. તે દંડને બદલે હું તને વરદાન આપું છું. તારી ઇચ્છામાં આવે, તે માગી લે.'[૫૭] પ્રહ્લાદજી કહે છેઃ-'હે નારાયણ! હે જગન્નાથ! જો આપ વર આપવાને ખરેખરા ઇચ્છાવાળા હો, તો હું એ વર માગું છું કે, તમારી સાથે યુદ્ધ કરતાં મારાથી જે શારીરિક, માનસિક ને વાચિક પાપો થયાં હોય તે બધાં નાશ પામો.'[૫૮-૫૯] નારાયણ બોલ્યાઃ-'હે દૈત્યેન્દ્ર! એમ થાઓ. તારાં પાપો નાશ પામો. તું હવે બીજું વરદાન માગ. હું તે આપીશ.[૬૦] પ્રહ્લાદ કહે છેઃ-'હે વિષ્ણો! મને જે જે બુદ્ધિ ઉત્પન્ન થાય, તે સૌ તમારે આશ્રયે રહીને દેવાર્ચનમાં નિરંતર (રમી રહેલી) રહો, તમારામાં ચિત્તવાળી રહો અને તમારે પરાયણ રહો.'[૬૧]

નારાયણ ભગવાન્ બોલ્યાઃ—'હે અસુર! એમ થશે. વળી ઇચ્છા પ્રમાણે ત્રીજો વર માગ. હે મહાબાહો! કંઈ પણ વિચાર કર્યા વગર તે હું આપીશ.'[૬૨] પ્રહ્લાદજીએ કહ્યુંઃ-'હે અધોક્ષજ ભગવન્! તમારી કૃપાથી મેં સર્વ મેળવેલું છે. હવે તો આપનાં ચરણારવિંદમાં નિરંતર મારી પ્રીતિ રહો.[૬૩] નારાયણ બોલ્યાઃ- એમ થાઓ. એ ઉપરાંત એ પણ થશે કે, મારા પ્રસાદથી તું નિત્ય અક્ષય, અવ્યય, અજર અને અમર થઇશ.[૬૪] હે દૈત્યશાર્દૂલ! તું હવે તારે ઘેર જા. તું સર્વ ક્રિયાઓ કરીશ, છતાં તને કર્મનું બંધન નહિ લાગે. મારામાં જ તારું ચિત્ત હમેશાં રહેશે.[૬૫] આ સર્વ દૈત્યોનું શાસન કરતાં ચિરકાળ રાજ્ય કર અને હે દૈત્ય! પોતાની જાતિને અનુરૂપ ધર્માચરણ કર.'[૬૬]

પુલસ્ત્યજી કહે છે;—ત્રિલોકીનાથ શ્રીનારાયણે એ પ્રમાણે કહ્યું, એટલે પ્રહ્લાદજીએ તેમને કહ્યું કે, 'હે જગદ્ગુરો! મેં તો રાજ્યનો ત્યાગ કરેલો છે, હવે ફરી હું તે શી રીતે ગ્રહણ કરું?'[૬૭] શ્રીનારાયણે પછી પ્રહ્લાદજીને કહ્યું કે, 'તું પોતાના આશ્રમે જા અને ત્યાં જઇને દૈત્યો તથા દાનવોને હિતનો ઉપદેશ કર.'[૬૮] એ પ્રમાણે નારાયણે કહેવાથી દૈત્યપતિ પ્રહ્લાદ સંતુષ્ટ થઇને તેમને પ્રણામ કરીને પોતાને નગર ગયા.[૬૯]

હે નારદ! અંધક તથા દાનવોએ પ્રહ્લાદજીને આવતા જોઇને તેમનો આદર સત્કાર કર્યો તથા રાજ્ય પાછું લેવાને તેમને નિમંત્રણ કર્યું, પણ પ્રહ્લાદજીએ તે લીધું નહિ.[૭૦] એ રીતે રાજ્યનો પરિત્યાગ કર્યા પછી પ્રહ્લાદજી સર્વ દાનવોને સન્માર્ગે ચલાવવા લાગ્યા તથા શ્રી કેશવ ભગવાનનું ધ્યાન સ્મરણ કરતા પોતે યોગથી વિશુદ્ધ

દેહવાળા થઇને રહેવા લાગ્યા.[૭૧] એવી રીતે પૂર્વે દાનવપતિ પ્રહ્લાદ પુરુષોત્તમ એવા શ્રીનારાયણ ભગવાનથી પરાજિત થવાથી રાજ્યનો પરિત્યાગ કરીને સર્વના વિધાતા શ્રી નરાયણ ભગવાનમાં મન સ્થિર કરીને રહ્યા.[૭૨]

एवं पुरा नारद दानवेन्द्रो नारायणेनोत्तमपूरुषेण ॥
पराजितश्चापि विसृज्य राज्यं तस्थौ मनो धातरि सन्निवेश्य ॥७२॥

ઈતિ શ્રી વામનપુરાણે 'પ્રહ્લાદ વરપ્રદાન' એ નામનો
આઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯ મો.

દેવો તથા અસુરોવચ્ચે યુદ્ધ.

नारद उवाचः—नेत्रहीनः कथं राज्ये प्रह्लादेनांधको मुने ।
अभिषिक्तो जानतापि राजधर्मं सनातनम् ॥१॥

નારદ કહે છેઃ—હે મુને! પ્રહ્લાદજી સનાતન રાજ્યધર્મ જાણતા હતા, છતાં તેમણે નેત્ર વગરના અંધકને રાજ્ય ઉપર શા માટે બેસાડ્યો?[૧]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—હિરણ્યાક્ષ જીવતો હતો, તે વખતે એને ફરીથી નેત્ર પ્રાપ્ત થયાં હતાં, તે કારણથી પ્રહ્લાદજીએ તેનો પોતાના રાજ્ય ઉપર અભિષેક કર્યો.[૨]

નારદજી પૂછે છેઃ—હે સુવ્રત! રાજ્ય ગાદી ઉપર બેઠા પછી તેણે શી રીતે રાજ્ય ચલાવ્યું અને દેવતાઓ વગેરે સાથે કેવી રીતનું વર્ત્તન રાખ્યું તે શીઘ્રતાથી આપ મને કહો.[૩]

પુલસ્ત્યજી કહે છેઃ—હે નારદ! હિરણ્યાક્ષના પુત્ર દૈત્યેન્દ્ર અંધકે રાજ્ય ઉપર બેઠા પછી દેવતાઓના ઈશ્વર એવા ત્રિલોચન, શૂલપાણિ. શંકર ભગવાનનું આરાધન કરીને તેમની પાસે, પોતે દેવ, સિદ્ધ, ઋષિઓ અને પન્નગોથી અજય રહે, અગ્નિવડે બળી ન શકે, અને પાણીમાં ડૂબી ન શકે, એવું વરદાન માગી લીધું. પછી રાજ્યનું પાલન કરવા લાગ્યો, અને શુક્રાચાર્યને પુરોહિત બનાવીને નિશ્ચિત થઇને રહેવા લાગ્યો.[૪-૬] ત્યારપછી એ અંધક અસુરે દેવતાઓને જિતવાનો ઉદ્યોગ આરંભ્યો અને આખી પૃથ્વીનું આક્રમણ કરીને સઘળા રાજાઓને જિતી લીધા.[૭] પરાજિત થયેલા રાજાઓને પોતાના મદદનીશો બનાવીને પછી પોતે અદ્ભુત દેખાવવાળા મેરુ પર્વતના શિખર ઉપર ગયો.[૮] આ તરફ ઇંદ્ર પણ દેવતાઓની સેનાને તૈયાર કરીને ઐરાવત હાથી ઉપર ચઢીને અમરાવતીની રક્ષાનો બંદોબસ્ત કરીને સામો આવ્યો.[૯] ઇંદ્રની પાછળ મહા તેજવાળા લોકપાળો પોતપોતાનાં વાહનો ઉપર બેસીને અને પોતાના શસ્ત્રાસ્ત્રો ધારણ કરીને નીકળ્યા.[૧૦] હાથી, ઘોડા અને રથો સહિત દેવતાઓની સેના, અદ્ભુત કર્મ કરનાર ઇન્દ્રની સાથે વેગથી ચાલી.[૧૧]

એ સેનાની આગળ બારે આદિત્ય હતા અને પાછળ ભગવાન્ ત્રિલોચન હતા. વચમાં આઠે વસુઓ, વિશ્વેદેવો, સાધ્યો, અશ્વિનીકુમારો, મરુત્ગણો, યક્ષો, વિદ્યાધરો, વગેરે પોતપોતાનાં વાહનો ઉપર બેસીને ચાલતા હતા.[૧૨]

નારદજી કહે છેઃ—હે ભગવન્! રુદ્રાદિ એકએકનાં વાહનો વર્ણન કરી મને કહો. તે સાંભળવાની મને ઘણી ઉત્કંઠા છે.[૧૩]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—હે નારદ! એકએકનાં વાહનો ક્રમશઃ હું તમને કહું છું, તે સાંભળો.[૧૪] દેવરાજ ઇંદ્રનું વાહન મહાગજ ઐરાવત છે. તે દનુના હસ્તતલ (હથેલી) માંથી ઉત્પન્ન થયેલો મહાબળવાન્ શ્વેત વર્ણનો હાથી છે.[૧૫] હે નારદ! પૌન્ડ્રક નામે મહિષ (પાડો) ધર્મરાજનું વાહન છે. તે રુદ્રના ઓજસતત્ત્વથી ઉત્પન્ન થયેલો, અત્યંત ભયંકર, મનના સમાન વેગવાળો અને કાળા રંગનો છે.[૧૬] શિશુમાર નામે મહામત્સ્ય, વરુણનું વાહન છે. તે રુદ્રના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલું,[૧૭] દિવ્ય ગતિવાળુ અને કાળા રંગવાળું છે; તેનું નામ જલધિ છે. અંબિકાના ચરણમાંથી ઉત્પન્ન થયેલું, ભયંકર, ગાડાના પૈડાના જેવી આંખોવાળું, અને પર્વતના જેવા આકારનું નરોત્તમ નામે કુબેરનું વાહન છે.[૧૮] હે મહામુને! અગિયાર રુદ્રનાં વાહનો મહાબળવાન્ ગંધર્વો, ઘણા ભયંકર સર્પો, અને સુરભિ (ગાય)થી ઉત્પન્ન થયેલા ઉગ્ર વેગવાળા શ્વેત રંગના નંદી (આખલા) છે.[૧૯] ચંદ્રમાના રથનાં વાહન ૫૦૦ હંસ છે, અને હે મુનિશ્રેષ્ઠ! આદિત્યોનાં વાહન ઘોડા અને ઉંટ છે.[૨૦] પશુઓ હાથીઓ ઉપર બેઠેલા છે, અને યક્ષો નરનાં (મનુષ્યનાં) વાહનવાળા છે. કિન્નરોએ સર્પો ઉપર સ્વારી કરેલી છે, તથા અશ્વિનીકુમારો ઘોડાઓ ઉપર સ્વાર થયેલા છે.[૨૧] ભયંકર દર્શનવાળા મરુત્ગણ સારંગ (હરણ) ઉપર બેઠેલા છે, કવિઓ (સર્વજ્ઞ દેવતાઓ) નાં વાહન પોપટ છે અને ગંધર્વો પગે ચાલનારા છે.[૨૨] એ પ્રમાણે પોતપોતાનાં વાહન ઉપર બેસીને બખ્તરો પહેરીને હર્ષ પામતા મહાતેજવાળા દેવો યુદ્ધ કરવાને માટે નીકળ્યા.[૨૩]

નારદજી કહે છેઃ—હે મુને! સઘળા દેવોનાં વાહન તમે મને કહ્યાં. હવે એ જ પ્રમાણે દૈત્યોનાં વાહન કહો.[૨૪]

પુલસ્ત્ય મુનિ કહે છે—ઃહે દ્વિજોત્તમ! હું દૈત્યોનાં વાહન હવે યથાવત્ કહું છું તે સાંભળો.[૨૫] અંધકનો રથ દિવ્ય છે, તેને ઉત્તમ ઘોડા જોડેલા છે, તે રથ કાળા રંગનો છે, તેને હજાર પૈડાં છે, અને તે બારસો હાથ લાંબો છે.[૨૬] પ્રહ્લાદનો દિવ્ય રથ ચંદ્રના જેવા સફેત, ઉત્તમ જાતિના આઠ ઘોડા જોડેલો, સુવર્ણ તથા રત્નોથી મઢેલો સુંદર છે.[૨૭] વિરોચનનું વાહન હાથી છે, કુજંભનું વાહન ઘોડો છે અને જંભનું વાહન સુવર્ણના જેવા તેજસ્વી ઘોડા જોડેલો દિવ્ય રથ છે.[૨૮] શંકુકર્ણનું વાહન ઘોડો, હયગ્રીવનું હાથી અને મયનું રથ તથા દુંદુભિનું વાહન મોટો સર્પ છે.[૨૯] શંબરનું વાહન વિમાન છે અને શંકુનું વાહન સિંહ છે, અને મહાબલવાન્ બલિ તથા

વૃત્રે ગદા અને મુસળ ધારણ કરેલાં છે.[30] એ બંને પગે ચાલતા છે. તે બંને દેવતાઓના સૈન્યમાં દોડી ગયા, આથી રણસંગ્રામમાં મહાભયંકર તુમુલ યુદ્ધ ચાલી રહ્યું.[1] હે નારદ! ભુખરા રંગની ધૂળથી જગત્ ઢંકાઇ ગયું. એ વખતે બાપ છોકરાને તથા છોકરો બાપને ઓળખી શકતા ન હતા.[32]

હે સુવ્રત! એ સમયે કોઈ તો પોતે જ પોતાના શરીર ઉપર ઘા કરવા લાગ્યા અને કોઈ બીજાને પણ મારવા લાગ્યા. તથા દોડતા રથના ઉપર રથ ચઢી જવા લાગ્યા.[33] હાથી હાથીના ઉપર, ઘોડા ઘોડાના ઉપર અને પદાતિ પદાતિના ઉપર ક્રોધ કરીને ચઢી જવા લાગ્યા.[34] એ પ્રમાણે જયની ઇચ્છાવાળા વીરો, પરસ્પર એક બીજાના ઉપર ઘા કરવા લાગ્યા. હે મુને! એ દેવદાનવોના મહા સંકુલ યુદ્ધમાં રણક્ષેત્રની ધૂળને શમાવતી એક ઘોર નદી વહેવા લાગી. જેમાં લોહીરૂપી જળ વહેતું હતું, રથરૂપી ભમરાઓ થતા હતા અને મોટા મોટા યોધાઓ તેમાં તણાઈ જતા હતા.[35-36] હાથીનાં કુંભસ્થલરૂપી કાચબાઓ, બાણો રૂપી માછલાં, અણીદાર ધારવાળા પ્રાસરૂપ મગરો અને મોટી તલવારો-રૂપી મગરમચ્છો તેમાં વહેતા હતા.[37] તેમાં આંતરડાંરૂપી સેવાળ અને પતાકાઓરૂપી ફીણ ભરેલું હતું, ગીધ અને કંકપક્ષીઓ તેમાં હંસ જેવાં જણાતાં હતાં, અને બાજ પક્ષીઓ ચક્રવાકની માફક શોભતા હતા.[38] મોટા મોટા કાગડા, કાદંબ, શિયાળો, અને કૂતરાંનાં ટોળાંથી રણભૂમિ રૂપી નદી ઘેરાયલી હતી. તેને તીરે પિશાચરૂપી ઋષિઓ બેઠેલા હતા. એવી એ નદી સાધારણ માણસોને તો ઘણી દુસ્તર (ન તરી શકાય એવી) હતી.[39] રથરૂપી નૌકામાં બેસીને શૂરા પુરુષો તેને તરી જતા. તેઓ ઘુંટણ સુધી કીચડમાં ખુંચી જતા અને એક બીજાને મારી નાંખતા હતા. એ રીતે યોધાઓ જયરૂપી ધન કમાવાની ઇચ્છાથી વેગપૂર્વક એ નદીને તરી જતા હતા.[40]

એવી રીતે બીકણ લોકોને ભય ઉત્પન્ન કરે એવા દેવદાનવોનો નાશ કરનારા દારુણ યુદ્ધમાં યક્ષો અને રાક્ષસો ઘણા હર્ષિત થયા તથા પિશાચો ક્રીડા કરવા લાગ્યા.[41] માંસભક્ષી પક્ષીઓ યોધાઓનાં શરીરને આલિંગન કરીને તૃપ્ત થતાં સુધી તેમનું લોહી પીતાં, માંસ ભક્ષણ કરતાં, શરીરે ચરબી ચોળતાં, અને પોતાની પાંખો ફફડાવી એક બીજા સાથે ઘોર શબ્દથી ગર્જના કરતાં હતાં.[42] શિયાળવાં બૂમો પાડતાં હતાં, જમીન ઉપર ઘવાઇ પડેલા યોધાઓ વેદનાથી બરાડા પાડતા હતા, અને કેટલાક શસ્ત્રના ઘાથી તપી ઉઠેલા પાણી માગતા હતા. એવી રીતે યુદ્ધભૂમિ સ્મશાન જેવી જણાતી હતી.[43] શિયાળવાંના ભયંકર શબ્દોથી ગાજી ઉઠેલા, અને દેવદાનવોને ભયંકર તે યુદ્ધરૂપી દ્યુતમાં શાસ્ત્રનું તત્ત્વ જાણનારા યોધાઓએ દ્વંદ્વ યુદ્ધ માંડીને પોતપોતાના પ્રાણ અર્પણ કરવાની હોડ બકી.[44] હિરણ્યાક્ષનો પુત્ર અંધક, યુદ્ધમાં હજાર ઘોડા જોડેલા રથમાં બેસીને મત્ત ગજેન્દ્રની પીઠપર બેઠેલા ઉગ્રતેજવાળા દેવપતિ ઇંદ્રની સામે લઢવાને

આવ્યો.[૪૫] બીજી તરફ મહિષ ઉપર બેઠેલા યમરાજને પોતાના તરફ આવતા જોઇને મહાબળવાન્ દૈત્યપતિ પ્રહ્લાદ આઠ ઘોડાના રથમાં બેસીને તેની સામે અસ્ત્ર સજીને તૈયાર થયા.[૪૬] હે મુનીન્દ્ર! વિરોચન વરુણની સામે, જંભ મહાબળવાન્ કુબેરની સામે, શતસંચર વાયુની સામે, અને મય અગ્નિની સામે યુદ્ધ કરવાને પ્રવૃત્ત થયા.[૪૭] હયગ્રીવ વગેરે બીજા મહાબળવાન્ દૈત્યો અને દાનવો, અગ્નિ, સૂર્ય, વસુ, શેષ વગેરે દેવો સાથે દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા.[૪૮] યુદ્ધમાં સર્વે યોદ્ધાઓ એકબીજાના તરફ ગર્જના કરવા લાગ્યા, તથા વેગથી પોતપોતાનાં ધનુષો ખેંચવા લાગ્યા, અને હજારો બાણોનો વરસાદ વર્ષાવતા એમ કહેતા કે 'આવ આવ, ઊભો રહે, શા માટે બીહે છે?'[૪૯] ઘણાં તીક્ષ્ણ બાણોથી અને અમોઘ અસ્ત્રોથી એકબીજાને વીંધી નાંખતા વીરો, મંદાકિનીના સમાન વેગવાળી ભયંકર (લોહીની) નદીને વહેવડાવવા લાગ્યા.[૫૦]

હે નારદ! ત્રૈલોકયની આકાંક્ષાવાળા, ઉગ્રવેગવાળા, ઉત્સાહિત થયેલા દેવદાનવો, પિશાચ અને રાક્ષસોની પુષ્ટિ વધારનારી લોહીની નદીને ઉતરવાની ઇચ્છા કરવા લાગ્યા, તે સમયે તે નદી શોભવા લાગી.[૫૧] દેવતાઓ અને દૈત્યોનાં રણતૂર વાગવા લાગ્યાં, અને આકાશમાં જોવા આવેલા મુનિઓ તથા સિદ્ધોના સમૂહો યુદ્ધ જોવા લાગ્યા. અને જે જે શૂર પુરુષો રણસંગ્રામમાં સન્મુખ થઇને મરણ પામેલા, તેમને અપ્સરાઓ રણાંગણમાંથી સ્વર્ગમાં લઈ જવા લાગી.[૫૨]

वाद्यंति तूर्याणि सुरासुराणां पश्यन्ति खस्था मुनिसिद्धसंघाः ॥
नयंति तानप्सरसोरणाग्राद्धतारणेयेभिमुखास्तु शूराः ॥५२॥

ઇતિ શ્રી વામનપુરાણે 'દેવાસુર યુદ્ધ' નામનો નવમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૦ મો.

દેવોનું રણમાંથી નાસવું.

पुलस्त्य उवाचः—ततः प्रवृत्ते संग्रामे भीरूणां भयवर्धने ।
सहस्राक्षो महाचापमादाय व्यसृजच्छरान् ॥ १ ॥

પુલસ્ત્યમુનિ કહે છે:—બીકણ પુરુષોને ભય ઉત્પન્ન કરનાર ચાલુ થયેલા યુદ્ધમાં મોટું ધનુષ ધારણ કરીને ઇંદ્ર બાણો છોડવા લાગ્યો.[૧] અંધક પણ મહા વેગવાન્ તેજસ્વી ધનુષ ખેંચીને પીછાંવાળાં બાણો ઇંદ્રના ઉપર તાકીને ફેંકવા માંડ્યાં.[૨] તે બંને વીરો, સોનાનાં પુંખવાળાં વેગવાળાં ઘણાં તીક્ષ્ણ લાંબાં બાણોવડે એકબીજાને ઘાયલ કરવા લાગ્યા.[૩] પછી ઇંદ્રે ક્રોધ કરીને દૈત્યરાજ અંધકના ઉપર હાથવડે ફેરવીને વજ્ર ફેંક્યું, તેને અંધકે આવતું જોયું.[૪] હે નારદ! અંધકે તેને છેદી નાખવાને માટે બાણોની વૃષ્ટિ કરી તથા શસ્ત્રાસ્ત્રના પ્રહાર કર્યાં. પણ અગ્નિ જેમ પર્વતને બાળી નાંખે છે તેમ વજ્રે તે સર્વેને બાળીને ભસ્મ કરી

નાંખ્યાં.[૫] બળવાનોમાં શ્રેષ્ઠ અંધક, તે અત્યંત વેગવાન્ વજ્રને આવતું જોઇને રથમાંથી ઉતરીને પોતાના બે હાથ ટેકવીને જમીન ઉપર ઉભો થઈ ગયો.[૬] સારથિ, અશ્વ, ધ્વજ, અને કુબર સાથે રથને ભસ્મ કરીને તે વજ્ર, અંધકની પાસે જઈ પહોંચ્યું.[૭] તેને આવતું જોઇને જોરથી મુષ્ટિનો પ્રહાર કરીને બળવાન્ અંધકે તેને જમીન ઉપર પાડી નાંખ્યું અને પછી પોતે ગર્જના કરવા લાગ્યો.[૮] ઇંદ્રે પણ તેને ગર્જના કરતો જોઇને તેના ઉપર તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવ્યો, તે બાણોનું નિવારણ કરવાને અંધક ઇંદ્રની સામે ગયો.[૯] પછી અંધકે હાથની લપડાકોવડે ઇંદ્રના ઐરાવત હાથીના કુંભસ્થળ ઉપર ખૂબ પ્રહાર કર્યા, અને જાંગો વચ્ચે શૂંઢને જોરથી દબાવીને તેના બંને દાંત તોડી નાંખ્યા.[૧૦] તથા તેના ડાબા પખડામાં વારંવાર પ્રહાર કરીને તેને શિથિલ કરીને જમીન ઉપર પટકી નાંખ્યો.[૧૧] એટલે હાથી ઉપરથી કૂદી પડીને ઇંદ્ર હાથમાં વજ્ર લઇને અમરાવતીમાં નાસી જઇને ભરાઇ બેઠો.[૧૨] ઇંદ્રના નાસી ગયા પછી દૈત્યેન્દ્ર અંધક, દેવતાઓના સૈન્યને પગની લાતો તથા હાથની થપડાકો મારીમારીને પાડવા લાગ્યો.[૧૩] હે દ્વિજોત્તમ! ત્યાર પછી યમરાજ પોતાનો દંડ ઘુમાવીને પ્રહ્લાદને મારવાની ઇચ્છાથી તેના તરફ દોડ્યા.[૧૪] હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદ, યમરાજને પોતાના તરફ આવતા જોઇને વારંવાર ગર્જના કરતા ધનુષ ખેંચીને બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૧૫] તે અતુલ બાણવૃષ્ટિનો પોતાના દંડથી વિનાશ કરીને યમરાજે લોકને ભય ઉપજાવે એવો તે દંડ પ્રહ્લાદ ઉપર ફેંક્યો.[૧૬] ધર્મરાજના હાથમાંથી છૂટેલો તે દંડ વાયુના માર્ગમાં રહીને ત્રણે જગતને બાળવાને માટે જાણે કાલાગ્નિના જેવો બળવા લાગ્યો.[૧૭] જાજ્વલ્યમાન તે દંડને આવતો જોઇને બધા દૈત્યો આક્રંદ કરવા લાગ્યા કે, 'હાય! હાય! યમરાજે પ્રહ્લાદને મારી નાંખ્યા'![૧૮]

તેઓને આક્રંદ કરતા સાંભળીને હિરણ્યાક્ષનો પુત્ર અંધક બોલ્યો કે, 'કોઈ બીશો નહિ, હું બેઠો છું ત્યાં એ સુરાધમના શા ભાર છે!'[૧૯]

હે નારદ! એવું બોલીને તે એકદમ દોડી આવ્યો, અને પોતાના ડાબા હાથથી તેણે દંડને પકડી લીધો.[૨૦] અંધક દંડને પકડી લઇને જોરથી ઘુમાવી વર્ષાઋતુમાં મેઘ જેમ મહા ગર્જના કરે તેમ ગર્જના કરવા લાગ્યો.[૨૧] દૈત્યેશ્વર અંધકે દંડથી પ્રહ્લાદનું રક્ષણ કર્યું તે જોઇને દૈત્યો અને દાનવોના યૂથપતિઓ 'સારું થયું, સારું થયું' એમ કહેવા લાગ્યા.[૨૨] હે મુને! દુઃસહ અને દુર્ધર એવા મહાદંડને ઘુમાવતા અંધકને જોઇને સૂર્યપુત્ર યમરાજ અતર્ધાન થઈ ગયા.[૨૩] હે મહામુને! ધર્મરાજ અંતર્ધાન થવાથી બળવાન્ પ્રહ્લાદ દેવસૈન્યને વિદારવા લાગ્યા.[૨૪] એટલે શિશુમાર ઉપર બેસીને વરુણ દેવ આવ્યા અને તેમણે અસુરોને પાશથી બાંધીને ગદાથી મારવા માંડ્યા. ત્યારે તેમની સામે વિરોચન ધસી આવ્યો.[૨૫] તેણે વરુણને તોમર, શક્તિ, બાણો અને વજ્રજેવા મુદ્દગરવડે મારવા માંડ્યા.[૨૬] ત્યારપછી વરુણદેવે તે વિરોચનને ગદાના આઘાતથી જમીન ઉપર પટકી નાંખી કોઈ મત્ત ગજને

બાંધી લે તેમ પાશથી બાંધી લીધો.૨૭ તે પાશના વિરોચને સેંકડો કકડા કરી નાંખ્યા, અને હે નારદ! પછી તેણે વરુણને જઇને કેડમાંથી પકડ્યા.૨૮ એટલે વિરોચનના અવ્યય હાથીએ પોતાના દાંતથી વરુણને ખૂબ પ્રહાર કર્યા તથા પગવડે મરડી નાંખવા માંડ્યા.૨૯ એ પ્રમાણે વરુણને દુઃખી થતા જોઇને ચંદ્ર આવ્યા, અને શરીરને ભેદી નાંખે એવાં બાણો હાથીને મારવા લાગ્યા.૩૦ તે હાથી ચંદ્રનાં બાણોથી ઘવાઇને ઘણી પીડા પામ્યો. એટલે વધારે ખીજવાઇને વરુણદેવને પગવડે વધારે કચરવા લાગ્યો.૩૧

હે મહર્ષે! એ પ્રમાણે કચરાતા વરુણે પોતાના બંને પગવડે હાથીને પગમાંથી મજબૂત પકડ્યો, અને બંને હાથ જમીન ઉપર ટેકવીને બળવડે કરીને માથું ઉંચું કર્યું.૩૨ આંગળીઓવડે તે હાથીનું પૂંછડું પકડીને તથા નાગપાશથી તેને બાંધી લઇને હાથી તથા મહાવત સાથે વિરોચનને ઉંચકીને આકાશમાં ફેંકી દીધા.૩૩ એ રીતે વરુણદેવે, સુકેશિ નામના દૈત્યને જેમ યંત્ર, અર્ગલ, અને હર્મ્ય સહિત જમીન ઉપર સૂર્યે ફેંકી દીધો હતો તેમ વિરોચનને હાથી સાથે જમીન ઉપર પટકી નાંખ્યો.૩૪ ત્યાર પછી જલેશ્વર વરુણ પાશ તથા ગદા લઇને વિરોચન દૈત્યને હણવાને દોડ્યા. તે જોઇને દૈત્યોએ મેઘની ગર્જનાની પેઠે મહા આક્રંદ કરી મૂક્યું કે,૩૫ "હા! હા! આ દાનવોનો સેનાપતિ વિરોચન વરુણવડે હણાયો! હે પ્રહ્લાદ! હે જંભ! હે કુજંભ વગેરે! અંધક સાથે તમે આવો અને એને બચાવો!૩૬ અહો! મહાત્મા બળવાન વરુણે દૈત્યના સુભટોને તેમના વાહનો સહિત ચૂર્ણ કરી નાંખ્યા! અને અશ્વમેધ યજ્ઞમાં મહેન્દ્ર જેમ પશુઓને હણે તેમ પાશવડે બાંધીને ગદાવડે મારી નાંખ્યા છે!"૩૭ દૈત્યોએ ઉચ્ચારેલા એવા શબ્દો સાંભળીને, પતંગો જેમ બળતા અગ્નિ તરફ દોડી જાય તેમ, જંભ વગેરે દૈત્યોના અગ્રેસરો વેગથી વરુણ તરફ દોડી આવ્યા.૩૮ તેમને આવતા જોઇને વરુણદેવે, વિરોચનને છોડી દઇને પાશને ચારે તરફ ફેલાવ્યો, અને પછી પોતે ગદા ઘુમાવીને તે જંભ વગેરે અસુરો તરફ દોડ્યા.૩૯ જંભને પાશથી બાંધીને, તારને વજ્રના જેવી થાપડ મારીને, વૃત્રને પગવડે પ્રહાર કરીને અને કુજંભને જોરથી ઉપરા ઉપરી મુઠીઓ મારીને જમીન ઉપર પટકી નાંખ્યા.૪૦ એ પ્રમાણે વરુણથી પીડા પામતા દૈત્યો હથિયારો છોડી દઇને ચારે દિશાએ નાસવા લાગ્યા. એટલે અંધક વરુણ સાથે લડવાને વેગથી ધસી આવ્યો.૪૧ તેને આવતો જોઇને વરુણે ગદા મારી તથા તેને પાશથી બાંધી લીધો. અંધકે પાશને તોડી નાંખ્યો તથા ગદાને આવતી પકડી લઇને વરુણના ઉપર જ ફેંકી.૪૨ દાક્ષાયણીનંદન વરુણ, પાશને તથા ગદાને પોતાના ઉપર જ પાછાં આવી પડતાં જોઇને સમુદ્રમાં પેશી ગયા, એટલે પછી અંધકે દેવસૈન્યને મર્દન કરવા માંડ્યું.૪૩ પછી અગ્નિએ ક્રોધ કરીનેતથા પવનથી ઉત્તેજિત થઇનેઅસુરોના સૈન્યને બાળવા માંડ્યું, એટલે વિશ્વકર્મા, ઉદગ્રવીર્ય અને મહાબાહુ મય એ દાનવો અગ્નિની સામે લડવા આવ્યા.૪૪

હે મહર્ષે! શંબરની સાથે મયને આવતો જોઈને, પવનની સાથે થઈને અગ્નિએ મય અને શંબરને શક્તિવડે ખૂબ મારીને જોરથી કંઠમાંથી પકડી લીધા.[૪૫] ક્રોધથી મારેલી શક્તિવડે કવચ છેદાઈ જવાથી મય અને શમ્બર જૂદા જૂદા દેહવાળા થઈને પૃથ્વી ઉપર પડ્યા અને પછી પ્રદીપ્ત અગ્નિ કંઠમાં લાગેલો હોવાથી તે બંને બળવા લાગ્યા.[૪૬] જે પ્રમાણે જંગલમાં સિંહથી પકડાયલો મહાગજ દુઃખથી મોટી ચીસો પાડે છે, તે પ્રમાણે અગ્નિથી બળતા તે બંને મોટા અવાજ કરીને રડવા લાગ્યા.[૪૭] તેઓનો શબ્દ સાંભળીને દૈત્યપતિ અંધક ક્રોધથી લાલ આંખો કરીને બોલ્યો કે, "અરે આ શું! મયતથા શંબરને યુદ્ધમાં કોણે પરાજિત કર્યા!"[૪૮] એટલે દૈત્યસુભટોએ કહ્યું કે, "એ બંનેને અગ્નિ બાળી નાંખે છે, માટે આપ જઈને તેમનું રક્ષણ કરો. અગ્નિથી બચાવ કરવાને તેઓ સમર્થ નથી."[૪૯]

હે મહર્ષે! એ પ્રમાણે દૈત્યોએ કહ્યું એટલે અંધક, હાથમાં પરિઘ ઉગામીને 'ઉભો રહે' એમ કહેતો અગ્નિ તરફ દોડ્યો.[૫૦] અંધકનાં એવાં વચન સાંભળીને અવિનાશી અગ્નિએ ક્રોધ કરીને તે દૈત્યને ઊંચકીને જમીન ઉપર ફેંકી દીધો. એટલે અંધક અગ્નિ સામે આવ્યો.[૫૧] પછી અંધકે અગ્નિને ઉત્તમ શસ્ત્રવડે માથામાં પ્રહાર કર્યો, એટલે અગ્નિ, શંબરને છોડીને તુરત અંધકના તરફ દોડ્યો.[૫૨] તેને આવતો જોઈને અંધકે પણ તેના માથામાં પરિઘના વારંવાર પ્રહારો કર્યા. એટલે ભય પામીને અગ્નિ રણભૂમિમાંથી પલાયન કરી ગયો.[૫૩] ત્યાર પછી અંધકે મારુત, ચંદ્ર, સૂર્ય, સાધ્યો, વસુઓ અને મહા ઉગ્ર અશ્વિનીકુમારો જેઓ બાણોથી, પોતાનું પરાક્રમ બતાવતા હતા તે સર્વેને યુદ્ધમાંથી પરાઙ્મુખ કરીને નસાડી મૂક્યા.[૫૪] એ પ્રમાણે ઇંદ્ર, રુદ્ર, યમ, ચંદ્ર, વગેરે દેવો સહિત મહા ઉગ્ર દેવસૈન્યને જિતીને, ઉત્તમ દૈત્યોથી પૂજાઈને અંધક પૃથ્વી ઉપર આવ્યો.[૫૫] પૃથ્વી ઉપર આવી તેણે સઘળા રાજાઓને પોતાને તાબે કરી કર આપતા કર્યા અને ચરાચર સમગ્ર જગતને વશ કર્યું. ત્યાર પછી તે બુદ્ધિમાન્ દૈત્યે પાતાળમાં પોતાનાં અશ્મક નામનાં ઉત્તમ નગરમાં પ્રવેશ કર્યો.[૫૬] પાતાળમાં રહેલા તે મોટા અસુરની સેવા કરવા માટે ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો તથા અપ્સરાઓના ગણો ત્યાં આગળ આવી નિવાસ કરવા લાગ્યા.[૫૭]

तत्र स्थितस्यापि म[illegible]सुरस्य गन्धर्वविद्याधरसिद्धसंघाः ।
सहाप्सरोभिः परिचारणाय पातालमभ्येत्य समावसन्स्म ॥६७॥

ઇતિ શ્રી વામનપુરાણે 'અંધક વિજય' નામનો દશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૧ મો.

દેવાદિકના ધર્મો.

नारद उवाचः—यदेतद्भवता प्रोक्तं सुकेशिपुरमंबरा- ।
पातितं भुवि सूर्येण तदाचक्ष्व द्विजोत्तम ॥ १ ॥

નારદ કહે છેઃ—હે દ્વિજોત્તમ! તમે હમણાં કહ્યું કે, 'સૂર્ય ભગવાને સુકેશિનાં નગરને આકાશમાંથી પૃથ્વી ઉપર ફેંકી દીધું,' તે વાત મને કહો.[૧] એ સુકેશિ કોણ હતો અને તેને કોણે વર આપ્યો હતો તથા સૂર્યે તેને આકાશમાંથી શા માટે પૃથ્વી ઉપર પાડી નાંખ્યો હતો.?[૨]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે મહામુને! સાવધાન થઇને એ પુરાતન કથા સાંભળો. મેં પહેલાં જેમ સાંભળી છે તેમ હું કહું છું.[૩] વિદ્યુત્કેશિ નામનો એક નિશાચરપતિ (દૈત્ય) હતો. હે મુને! તેને ઉત્તમ ગુણવાળો સુકેશિ નામે એક પુત્ર થયો.[૪] મહાદેવજીએ પ્રસન્ન થઇને તેને આકાશમાં ફરી શકે એવું નગર, શત્રુઓથી અજેયત્વ અને અવધ્યત્વ એ ત્રણ વરદાનો આપ્યાં.[૫] પછી તે એ નગરને લઇને તથા વરદાન મેળવીને દૈત્યો સાથે આકાશમાં રમવા લાગ્યો તથા ધર્મ માર્ગમાં ચાલવા લાગ્યો.[૬] એક વખત તે દાનવરાજ મગધ દેશના અરણ્યમાં ગયો, અને ત્યાં આત્મજ્ઞાનવાળા ઋષિઓનાં આશ્રમોનાં તેણે દર્શન કર્યાં.[૭] પછી મોટા મોટા ઋષિઓનાં દર્શન કરી તેમને પ્રણામ કરીને તેમની સામે તે બેઠો અને પછી પૂછવા લાગ્યો.[૮]

સુકેશિ કહે છેઃ—'હે ઋષિજનો! મારા મનમાં એક સંશય ઉત્પન્ન થયો છે તે હું આપને પૂછવાની ઇચ્છા રાખું છું. તેનો આપ મને ઉત્તર આપો.[૯] હે દ્વિજોત્તમો! પરલોકમાં શ્રેય શું છે અને આ લોકમાં પણ શ્રેય શું છે? તેમ સત્ય પુરુષોમાં શેનાથી પૂજાવાય તથા શેનાથી સુખી થવાય?'[૧૦]

પુલસ્ત્ય કહે છેઃ—સુકેશિનાં એવાં વચનો સાંભળીને તે મહા ઋષિઓએ આ લોકમાં અને પરલોકમાં જેથી શ્રેય થાય એવા અર્થનો વિચાર કરીને તે પ્રત્યે કહ્યું:[૧૧]

ઋષિઓ બોલ્યાઃ—'હે રાક્ષસપુંગવ! અમે તને જેથી આ લોકમાં અને પરલોકમાં અવિનાશી શ્રેય થાય એવું કહીએ છીએ તે સાંભળ.[૧૨] આ લોકમાં અને પરલોકમાં શ્રેય કર્ત્તા ધર્મ જ છે. તેનો આશ્રય કરવાથી સત્પુરુષોમાં પૂજાવાય છે. અને સુખી પણ તેનાથી જ થવાય છે'.[૧૩] સુકેશિ બોલ્યોઃ—ધર્મનું લક્ષણ શું છે? અને કેવા આચારવાળી સત્ક્રિયાને ધર્મ કહે છે? તે મને કહો, કે જેનો આશ્રય કરીને દેવો વગેરે દુઃખી થતા નથી.[૧૪] ઋષિઓ બોલ્યાઃ—હંમેશાં યજ્ઞાદિ ક્રિયા કરવી, સદા સ્વાધ્યાય, તત્ત્વચિંતન અને વિષ્ણુની પૂજા કરવી એ દેવોનો ધર્મ છે, એમ શ્રુતિ કહે છે.[૧૫] બાહુબળ, માત્સર્ય, યુદ્ધ, સદાચરણ, વંદન, નીતિશાસ્ત્રોનું

જ્ઞાન અને શંકરની ભક્તિ એ દૈત્યોનો ધર્મ કહેલો છે.[૧૬] ઉત્તમ યોગસિદ્ધિ, સ્વાધ્યાય, બ્રહ્મવિજ્ઞાન અને શિવ તથા વિષ્ણુની ભક્તિ એ સિદ્ધોનો ધર્મ કહેલો છે.[૧૭] પોતાથી ઉત્કૃષ્ટની ઉપાસના, નૃત્ય તથા વાદ્યમાં પ્રવીણતા, અને સરસ્વતીમાં સ્થિર ભક્તિ એ ગાંધર્વોનો ધર્મ કહેવાય છે.[૧૮] વિદ્યાઓ ધારણ કરવી, અતુલ વિજ્ઞાન, પુરુષાર્થ કરવાની બુદ્ધિ, અને ભવાનીની ભક્તિ કરવી, એ વિદ્યાધરોનો ધર્મ છે.[૧૯] ગાંધર્વ વિદ્યાનું જ્ઞાન, સૂર્યને વિષે સ્થિર ભક્તિ, અને સર્વ જાતની શિલ્પકળામાં કુશળતા એ કિંપુરુષોનો ધર્મ છે.[૨૦] બ્રહ્મચર્ય, માનરહિતપણું, યોગાભ્યાસમાં દૃઢ પ્રેમ, અને ઇચ્છા મુજબ સર્વત્ર ફરવું એ પિતૃઓનો ધર્મ છે.[૨૧] બ્રહ્મચર્ય, હંમેશાં સત્ય બોલવું, જપ કરવો, જ્ઞાન, નિયમો પાળવા, અને ધર્મનું જ્ઞાન મેળવવું એ ઋષિઓનો ધર્મ કહ્યો છે.[૨૨] સ્વાધ્યાય, બ્રહ્મચર્ય, દાન લેવું, યજ્ઞ કરવા, અકૃપણતા, નિવૃત્તિ, દયા, અહિંસા, ક્ષમા, જિતેન્દ્રિયપણું, પવિત્રતા, કલ્યાણકારક કર્મ અને વિષ્ણુ, શિવ, સૂર્ય અથવા દેવીને વિષે ભક્તિ એ મનુષ્યોનો ધર્મ કહેલો છે.[૨૩-૨૪] ધનના સ્વામી થવું, ભોગ ભોગવવા, સ્વાધ્યાય, શંકરની પૂજા, અહંકાર અને મદરહિતપણું એ ગુહ્યકોનો ધર્મ છે.[૨૫] પરસ્ત્રીગમન, પરધનમાં લોલુપતા, સ્વાધ્યાય અને શંકરની ભક્તિ એ રાક્ષસોનો ધર્મ છે.[૨૬] અવિવેક, અજ્ઞાન, અપવિત્રતા, અસત્યતા, અને હંમેશાં માંસભક્ષણનો લોભ એ પિશાચોનો ધર્મ છે.[૨૭] એ પ્રમાણે એ બાર યોનિઓ છે તેમના આ ધર્મો છે. બ્રહ્માએ કહેલા એ બાર પુણ્યકારક ધર્મો પોતપોતાની ગતિ આપવાવાળા છે.[૨૮]

સુકેશિ કહે છે:—આપે જે આ અવિનાશી શાશ્વત બાર ધર્મો કહ્યા, તેમાંના જે મનુષ્યના ધર્મો છે તે ફરીથી કહો.[૨૯] ઋષિઓ કહે છે:—હે નિશાચર! સાતે દ્વીપમાં જે પૃથ્વીના પૃષ્ઠ ઉપર રહે છે તે મનુષ્યોના ધર્મ સાંભળ.[૩૦] પચાશ કરોડ યોજનના વિસ્તારવાળી આ પૃથ્વી, નદીના પાણીમાં હોડી તરે તેમ, જળ ઉપર રહેલી છે. તેના ઉપર દેવેશ બ્રહ્માએ ઉત્તમ એવા મહા શૈલેન્દ્ર સુમેરુ પર્વતને ફૂલના ડીંટાની માફક ઘણો ઊંચો કરીને સ્થાપિત કર્યો છે. અને ચારે દિશાએ બ્રાહ્મણાદિ પુણ્ય પ્રજાને નિર્માણ કરી છે.[૩૧-૩૨] પછી પ્રજાપતિએ જૂદાં જૂદાં સ્થાનો તથા દ્વીપોનાં નામ પાડ્યાં અને પછી તેમની મધ્યે જંબૂ દ્વીપને બનાવ્યો.[૩૩] તેનું પ્રમાણ એક લાખ યોજનનું છે. તેની આસપાસ બે લાખ યોજનનો ખારો સમુદ્ર છે.[૩૪] તેના પછી ચાર લાખ યોજન વિસ્તારનો પ્લક્ષ દ્વીપ છે, અને તેની આસપાસ આઠ લાખ યોજન વિસ્તારવાળો કંકણાકાર સેલડીના રસનો સમુદ્ર છે.[૩૫] તેના પછી સોળ લાખ યોજનનો શાલ્મલિ દ્વીપ છે અને તેને ફરતો બત્રીસ લાખ યોજનનો સુરાનો સમુદ્ર છે. તે પછી ચોસઠ લાખ યોજનનો કુશ દ્વીપ છે.[૩૬] તેને ફરતો એક કરોડ અઠ્ઠાવીશ લાખ યોજનનો ઘીનો સમુદ્ર છે. તેના પછી ક્રૌંચ દ્વીપ બે કરોડ છપ્પન લાખ યોજનનો છે ને તેને ફરતો પાંચ કરોડ બાર લાખ યોજનનો દહીંનો સમુદ્ર છે.[૩૭] તે પછી દશ કરોડ ચોવીશ લાખ યોજનનો શાક

દ્વીપ છે. તેનો ફરતો વીશ કરોડ અડતાળીશ લાખ યોજનનો ઉત્તમ ક્ષીર સાગર (દૂધનો સમુદ્ર) છે કે જેમાં શ્રી વિષ્ણુ ભગવાન્ શેષનાગ ઉપર પોઢેલા છે.૩૮ ક્ષીર સાગરની પેલી પાર ચાળીશ કરોડ છન્નુ લાખ યોજનનો પુષ્કર દ્વીપ છે ને તેને ફરતો એકાશી કરોડ બાણુ લાખ યોજનનો મીઠા જળનો સમુદ્ર આવેલો છે. એ પ્રમાણે સાતે દ્વીપ તથા સાતે સમુદ્રો એક બીજાથી બમણા બમણા પ્રમાણમાં પડેલા છે.૩૯ હે રાક્ષસરાજ! એ રીતે સર્વ દ્વીપો મળીને ચાળીશ કરોડ પંચાણુ લાખ યોજનના વિસ્તારવાળા છે.૪૦ જંબુદ્વીપથી આરંભીને ક્ષીર સાગરના અંત સુધી ચાર કરોડ બાવન લાખ યોજન વિસ્તારવાળો પુષ્કર દ્વીપ છે ને તેની આજુ બાજુ ચોતરફ લાખો અંડકટાહ (બ્રહ્માંડો) આવી રહેલાં છે.૪૧–૪૨ હે નિશાચર! એ રીતે સાતે દ્વીપોના જૂદા જૂદા ધર્મો તથા જૂદી જૂદી ક્રિયાઓ અમે તને કહીએ છીએ, તે સાંભળ.૪૩ હે વીર! પ્લક્ષદ્વીપથી શાક દ્વીપ સુધીમાં જે સનાતન મનુષ્યો વસે છે તેમને વિષે યુગાદિની કશી વ્યવસ્થા નથી.૪૪ તેઓ દેવોની પેઠે આનંદમાં રહે છે, તેમનો ધર્મ દિવ્ય કહેવાય છે, અને હે મહાબાહુ! કલ્પના અંત વખતે તેમનું મરણ થાય છે.૪૫ ભયંકર દર્શનવાળા પુષ્કર દ્વીપમાં જે માણસો વસે છે તેઓ પૈશાચ ધર્મ પાળે છે અને કર્મને અંતે નાશ પામે છે.૪૬

સુકેશિ કહે છેઃ—આપે શા કારણથી પુષ્કર દ્વીપને ભયંકર દર્શનવાળો, અપવત્ર, મહા ઘોર, અને કર્મનાં ફળને નાશ કરનારો કહ્યો?૪૭ ઋષિઓ બોલ્યાઃ—હે નિશાચર! તે દ્વીપમાં રૌરવ વગેરે ઘણાં દારુણ નરકો છે. તેથી તે પુષ્કરદ્વીપ ભયંકર અને ઘોરદર્શન કહેવાય છે.૪૮ સુકેશિ બોલ્યોઃ—હે તપોધનો! તે ભયંકર નરકો કેટલાં છે, કેટલા વિસ્તારવાળાં છે, અને કયા માર્ગે તેમાં જઈ શકાય છે, તથા તેમનાં સ્વરૂપ કેવાં છે તે કહો.૪૯ ઋષિઓ બોલ્યાઃ—હે રાક્ષસશ્રેષ્ઠ! તેમનાં પ્રમાણ તથા લક્ષણ સાંભળ. એ રૌરવ વગેરે સઘળાં નરકોની સંખ્યા એકવીશની છે.૫૦ બે હજાર યોજનના વિસ્તારનું બળતા અંગારાથી ભરેલું રૌરવ નામે પહેલું નરક કહેલું છે.૫૧ બીજું મહા રૌરવ નામે નરક, નીચે દેવતા લગાડવાથી તપેલા તાંબાની જમીનવાળું છે. તે પ્રથમનાથી બમણું છે.૫૨ તેનાથી મોટા વિસ્તારવાળું તામિસ્ર નામનું ત્રીજું નરક છે ને તેનાથી બમણું અંધતામિસ્ર નામનું ચોથું નરક છે.૫૩ પાંચમું કાળસૂત્ર નામનું, છઠ્ઠું અપ્રતિષ્ઠ નામનું અને સાતમું ઘટિયંત્ર નામનું નરક છે.૫૪ બોતેર હજાર યોજનના વિસ્તારવાળું અસિપત્રવન નામનું મહા મોટું આઠમું નરક છે.૫૫ નવમું તપ્તકુંભ, દશમું કૂટશાલ્મલિ, અગિયારમું કરપત્ર, અને બારમું શ્વાનભોજન નામનું નરક છે.૫૬ તે પછી સંદંશ, લોહપિંડ, કરંભસિકતા, ભયંકર ક્ષાર નદી, કૃમિભોજન, એ નામે નરકો અને અઢારમી મહા ઘોર વૈતરણી નદી એ પણ નરક છે.૫૭ ત્યાર પછી શોણિતપૂયભોજન નામનું લોહી અને પરૂથી ભરેલું ઓગણીશમું નરક છે, પછી અસ્ત્રાની ધાર જેવું ચક્રક નામનું નરક

છે, અને તેના પછી સંશોષણ નામે એકવીશમું છેલ્લું નરક છે. હે સુકેશિ! એ પ્રમાણે એકવીશ નરકોનું વર્ણન તારી આગળ અમે કર્યું.[૫૮]

तथापरः शोणित'यभोजनः क्षुराग्रधारो निशितश्च चक्रकः ।
संश षणो नाम तथापि चांते प्रोक्तास्तवैते नरकाः सुकेशिन् ॥ ५८ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'પુષ્કરદ્વીપ વર્ણન' નામનો
અગિયારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨ મો.

નરક વર્ણન.

सुकेशिरुवाच—कर्मणा नरकानेतान्केन गच्छन्ति वै कथम् ।
एत_द्वत विप्रेंद्राः परं कौतूहलं मम ॥ १ ॥

સુકેશિ બોલ્યો:—હે વિપ્રેન્દ્રો! કયાં કર્મ કરવાથી અને શી રીતે એ નરકોમાં જવાય છે તે આપ કહો. મને એ જાણવાને બહુ કુતૂહલ ઉત્પન્ન થયું છે.[૧]

ઋષિઓ બોલ્યા:—હે શાલકટંકટ (સુકેશિ)! જે જે કર્મવડે કરીને તે તે કર્મનાં ફળ ભોગવવાને માટે એ નરકોમાં જવાય છે તે અમારી પાસેથી સાંભળ.[૨] જે માણસ દેવ, વેદ, અને બ્રાહ્મણોની સદા નિંદા કરે છે, તથા જે પાપી પુરાણ, તથા ઇતિહાસના અર્થોને વખોડે છે.[૩] જેઓ ગુરુની નિંદા કરે છે તથા જેઓ યજ્ઞનો ભંગ કરે છે, અને જે કોઈ દાન કરતો હોય તેને વારે છે તેઓ, તે નરકોમાં પડે છે.[૪] બે મિત્રોમાં, પતિપત્નીમાં, સહોદર ભાઈઓમાં, સ્વામિસેવકમાં, પિતાપુત્રમાં અને ગુરુશિષ્યમાં જે ભેદ પડાવે છે, તથા જે એકને કન્યાનું દાન કરીને બીજાને પાછું તે કન્યાનું દાન કરે છે, તે અધમ પુરુષોના શરીરના જમકિંકરો કરવતવડે વહેરીને બે ભાગ કરી નાંખે છે.[૫–૬] પારકાને પીડા કરનાર તથા ચંદન, ઉશીર (ખસ–વાળો), અને ચમ્મરની ચોરી કરનાર કરંભસિકતા નામના નરકમાં પડે છે.[૭] દેવશ્રાદ્ધમાં તથા પિતૃશ્રાદ્ધમાં જમવાનું જેને નોતરું મળ્યું હોય છતાં જે બીજે ઠેકાણે જમે છે, તેને નરકમાં તીક્ષ્ણ ચાંચવાળાં મોટાં પક્ષીઓ ફાડી નાંખે છે.[૮] જે દુષ્ટવચનો વડે સાધુઓનાં મર્મસ્થાનમાં પીડા કરે છે, તેના શરીર ઉપર ચાંચો ઘોંચતાં પક્ષીઓ બેસે છે.[૯] જે માણસ અવળી બુદ્ધિથી સાધુઓની ચાડી ચુગલી કરે છે, તેની જીભને વજ્રના જેવી ચાંચવાળા કાગડાઓ ખેંચી કાઢે છે.[૧૦] જે ઉદ્ધત મનુષ્યો પિતા, માતા, અને ગુરુની અવજ્ઞા કરે છે, તે, જેમાં પરૂ, ચરબી, મૂત્ર અને વિષ્ટા ભરેલી છે એવા નરકમાં ઉંધે માથે ડૂબે છે.[૧૧] દેવતા, અતિથિ, ચાકર, ભૂતગણ, અભ્યાગત, બાળક, પિતા, અગ્નિ અને માતા એટલાંને ભોજન ન આપ્યું હોય છતાં જે ભોજન કરે,[૧૨] તે અધમ પુરુષોને મહા દૂષિત રુધિર, અને વિષ્ટાનું ભોજન કરવું પડે છે અને પર્વત જેવા શરીરવાળા અને સોયની અણિ જેવા મુખવાળા પ્રાણી જન્મીને ભૂખે પીડાવું પડે છે.[૧૩] જે મનુષ્યો એક

પંક્તિએ બેઠેલાઓને વિષમ ભોજન જમાડે છે, એટલે ભાણા અંતર કરી એક વસ્તુ એકને આપે છે ને બીજાને નથી આપતો, તેને નરકમાં જઇને વિષ્ટાનું ભક્ષણ કરવું પડે છે.[૧૪] જેઓ એક સાથે મુસાફરી કરતા હોય અને પોતાની પાસેનું ભાતું બીજાને ન આપતાં એકલા ખાઈ જાય છે, તેને નરકમાં જઇને શ્લેશ્મ (લીંટ) નું ભક્ષણ કરવું પડે છે.[૧૫] જે ગાય, બ્રાહ્મણ અને અગ્નિને જાણી જોઇને એંઠા હાથ અડકાડે છે, તેના હાથ કાપી નાંખીને દારુણ તપ્તકુંભમાં નાંખવામાં આવે છે.[૧૬] જે માણસો ઉચ્છિષ્ટ (અપવિત્ર) અવસ્થામાં જાણી જોઇને સૂર્ય, ચંદ્ર અને તારાઓને જુએ છે, તેનાં નેત્રોમાં યમકિંકરો અગ્નિ નાંખીને પછી જોરથી ધમે છે એટલે ફુંકીને અગ્નિને પ્રજ્વલિત કરે છે.[૧૭] જે માણસ મિત્રની સ્ત્રી, પોતાની માતા, મોટો ભાઈ, બાપ, બ્હેન, કુલવધૂઓ (ઘરની સ્ત્રીઓ), ગુરુજન (ગુરુ અથવા વડીલ), અને વૃદ્ધને પગવડે સ્પર્શ કરે છે,[૧૮] તેમના પગોમાં અગ્નિથી તપાવેલી લોઢાની બેડીઓ પહેરાવીને તેમને રૌરવ નરકમાં નાંખવામાં આવે છે અને ઘુંટણ સુધી બાળી નાંખવામાં આવે છે.[૧૯] જેઓ પાયસ (દૂધના બનાવેલા પદાર્થ-દૂધપાક વગેરે), કૃશરા (એક જાતની ખીચડી) અને માંસ દેવનિમિત્ત શિવાય અમસ્થા જ ખાય છે, તેઓના મોઢામાં તપાવેલા લોઢાના ગોળા નાંખવામાં આવે છે.[૨૦] જેઓ ગુરુ, દેવ, બ્રાહ્મણ અને વેદની નિંદા સાંભળે છે તે પાપી તથા અધમ પુરુષોના કાનમાં યમરાજના કિંકરો લાલચોળ તપાવેલા લોઢાના ખીલા વારંવાર ઘાલે છે.[૨૧-૨૨]

જેઓ પાણીની પરબ, દેવમંદિર, બાગ, બ્રાહ્મણનું ઘર, સભા, મઠ, વાવ, કૂવા અને તળાવને ભાંગી નાંખીને તેનો નાશ કરે છે,[૨૩] તેઓના શરીર ઉપરથી, મહાભયંકર યમકિંકરો તીક્ષ્ણ ધારવાળી કાતરોવડે ચામડી ઉતરડી નાંખે છે, તેથી તેઓ બરાડા પાડીને રડે છે.[૨૪] જે માણસ ગાય, બ્રાહ્મણ, સૂર્ય અને અગ્નિની સામે મળમૂત્ર કરે છે, તેની ગુદામાંથી કાગડાઓ આંતરડાં ખેંચી કાઢે છે.[૨૫] જે દુષ્કાળના સમયમાં ભમતાં પણ ફક્ત પોતાનું જ પેટ ભરે છે અને પુત્ર, ચાકર, સ્ત્રી અને સગાં વગેરેને તરછોડી દે છે, તેને કૂતરાની યોનિમાં જન્મ આવે છે.[૨૬] જે માણસ પોતાને શરણે આવેલાનો ત્યાગ કરે છે અને બીજાને નાહક બંધનમાં રાખી મૂકે છે, તેને યમકિંકરો ઘાણીમાં ઘાલીને પીલે છે.[૨૭] જે માણસ બ્રાહ્મણ વગેરેને ચોખા ખંડાવવા વગેરે કામ કરાવીને ક્લેશ આપે છે, તે પાપીઓને ઘંટીમાં ઘાલીને દળી નાંખવામાં આવે છે અને શોષક યંત્રમાં શોષવામાં આવે છે.[૨૮] જે માણસ પારકાની થાપણ ઓળવે છે, તેને ક્ષુધાથી પીડાતા અને હોઠ તથા તાળવું સૂકાઇ ગયું હોય એવી સ્થિતિમાં વૃશ્ચિકાશન નામે વીંછીથી ભરેલા નરકમાં નાંખવામાં આવે છે.[૨૯] જે પાપીઓ પર્વણીને દિવસે મૈથુન કરે છે તથા પરસ્ત્રીભોગી હોય છે, તેઓને પર્વતના શિખર જેવા ઊંચા અગ્નિથી તપાવેલા શાલ્મલી વૃક્ષ સાથે આલિંગન કરાવે છે.[૩૦] જે પોતાના ઉપાધ્યાયને હલકો ગણે છે

અથવા તેનાથી ઊંચે આસને બેસીને વિદ્યા ભણે છે તે ભણનાર અધમ બ્રાહ્મણને અને તેને ભણાવનારાને માથાપર પત્થરો વહેવા પડે છે.[૩૧] જે માણસ પાણીમાં મૂત્ર, શ્લેષ્મ અને વિષ્ટા નાખે છે, તેને વિષ્ટા, મૂત્ર અને પરુથી ભરેલા નરકમાં નાખવામાં આવે છે.[૩૨] જેઓ શ્રાદ્ધમાં એક બીજાને ત્યાં જમે છે, તે મૂર્ખોને પરસ્પર એક બીજાનું માંસ ભક્ષણ કરવું પડે છે.[૩૩] જે માણસ વેદ, અગ્નિ, ગુરુ, માતા અને પિતાનો ત્યાગ કરે છે તેને યમકિંકરો પર્વતના ઉંચા શિખર ઉપરથી નીચે ફેંકીને પછાડે છે.[૩૪] જે પુનર્ભૂ (વિધવા) સ્ત્રીનો પતિ થાય છે અને જે પોતાની કન્યાને મારી નાંખે છે, અથવા જે ગર્ભપાત કરાવે છે, તે કૃમિ થઇને અવતરે છે ને તેને કીડીઓ ખાઈ જાય છે.[૩૫] જે ચંડાલ પાસેથી અથવા અંત્યજ પાસેથી દક્ષિણા લે છે અથવા તેને યજ્ઞ કરાવે છે, તે યાજક અને યજમાન બંને પત્થરમાં કીડા થાય છે.[૩૬] જે પ્રાણીઓની પીઠના માંસનું ભક્ષણ કરે છે અથવા તે માંસ વેચવાનો ધંધો કરે છે, તેને વૃકભક્ષ નામના નરકમાં નાંખે છે એટલે તેમને વરુઓ ફાડી ખાય છે.[૩૭] સુવર્ણની ચોરી કરનાર, બ્રહ્મહત્યા કરનાર, દારુ પીનાર, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર, ગાય તથા ભૂમિનું હરણ કરનાર, અને ગાય, સ્ત્રી તથા બાળકની હત્યા કરનાર,[૩૮] એવા જે માણસો, તથા ગાયો વેચનારા બ્રાહ્મણો, સોમ વેચનારા બ્રાહ્મણો, વેદ વેચનારા એટલે પૈસા લઇને ગમે તેને વેદ ભણાવનારા બ્રાહ્મણો,[૩૯] તથા જે કૂટ (કપટ ભરેલું) સત્ય બોલનારા, અપવિત્ર રહેનારા અને નિત્ય તથા નૈમિત્તિક કર્મ ન કરનારા છે તેમ જૂઠી સાક્ષી પુરનારા છે તે સર્વે મહારૌરવ નરકમાં પડે છે.[૪૦] જે આ પાપાચરણ કરે છે તે, એ રૌરવ નરકમાં દશ હજાર વર્ષ, તામિસ્રમાં દશ હજાર વર્ષ, અંધતામિસ્રમાં દશ હજાર વર્ષ, અસિપત્ર વનમાં દશ હજાર વર્ષ અને ઘટીયંત્રમાં દશ હજાર વર્ષ રહે છે, અને ત્યાર પછી દશ હજાર વર્ષ સુધી તપ્તકુંભ નામના નરકમાં પડે છે.[૪૧–૪૨] આ જે રૌરવ વગેરે મહા ભયંકર નરકો તને કહી સંભળાવ્યાં તે સર્વે નરકોને લોકમાં નિંદાપાત્ર એવા કૃતઘ્ની પુરુષો ક્રમશઃ એક પછી એક પામે છે.[૪૩] દેવોમાં જેમ જનાર્દન (વિષ્ણુ) શ્રેષ્ઠ છે, પર્વતોમાં હિમાલય છે, આયુધોમાં સુદર્શન મુખ્ય છે, પક્ષીઓમાં ગરુડ છે, મહાસર્પોમાં જેમ અનંત શ્રેષ્ઠ છે, પંચ ભૂતોમાં જેમ પૃથ્વી શ્રેષ્ઠ છે.[૪૪] નદીઓમાં ગંગા, જળમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓમાં કમળ, દૈત્યોમાં મહાદેવના ભક્તો, ક્ષેત્રોમાં કુરુક્ષેત્ર, તીર્થોમાં પૃથુદક તીર્થ શ્રેષ્ઠ છે,[૪૫] સરોવરોમાં માનસરોવર, પવિત્ર વનોમાં નંદનવન, લોકોમાં બ્રહ્મલોક, ધર્મક્રિયાઓમાં જેમ સત્ય શ્રેષ્ઠ છે,[૪૬] યજ્ઞોમાં અશ્વમેધ યજ્ઞ ઉત્તમ છે, સ્પર્શવાળા પદાર્થોમાં જેમ પુત્ર શ્રેષ્ઠ છે, તપસ્વીઓમાં જેમ અગસ્ત્ય મુનિ શ્રેષ્ઠ છે, આગમ શાસ્ત્રોમાં શ્રુતિ (વેદ) શ્રેષ્ઠ છે,[૪૭] પુરાણોમાં મત્સ્યપુરાણ શ્રેષ્ઠ છે, સંહિતાઓમાં સ્વાયંભુવ ભગવાનનાં વચનો શ્રેષ્ઠ છે, સ્મૃતિઓમાં મનુસ્મૃતિ શ્રેષ્ઠ છે, તિથિઓમાં અમાવાસ્યા અને દેવતાઓમાં ઇંદ્ર શ્રેષ્ઠ છે,[૪૮] તેજવાળા પદાર્થોમાં સૂર્ય, નક્ષત્રોમાં ચંદ્ર, હ્રદ

(પાણીના ધરાઓ) માં સમુદ્ર, રાક્ષસોમાં જેમ તું (સુકેશિ), પાશમાં નાગ-પાશ, અને સ્થિર કરવાનાં સાધનોમાં જેમ બંધન શ્રેષ્ઠ છે.[૪૯] અનાજોમાં ડાંગર, મનુષ્યોમાં બ્રાહ્મણ, પશુઓમાં ગાય તથા સિંહ, પુષ્પોમાં જાતિ (મોગરો), નગરોમાં કાંચી, સ્ત્રીઓમાં રંભા, અને આશ્રમીઓમાં જેમ ગૃહસ્થ શ્રેષ્ઠ છે.[૫૦] શેહેરોમાં કુશસ્થલી, દેશોમાં મધ્યદેશ, ફળોમાં કેરી, કળીઓમાં આસોપાલવની કળી, અને બધી ઔષધિઓ (વનસ્પતિઓ) માં જેમ હરડે શ્રેષ્ઠ છે.[૫૧] મૂળોમાં કંદ, રોગોમાં અજીર્ણ, સફેત વસ્તુઓમાં દૂધ, અને વસ્ત્રોમાં ઊનાં વસ્ત્ર જેમ શ્રેષ્ઠ છે,[૫૨] કળાઓમાં ગણિતની કળા, વિજ્ઞાનોમાં ઇંદ્રજાલ, શાકોમાં કાચમાચી, અને રસોમાં જેમ લવણ (મીઠું) શ્રેષ્ઠ છે.[૫૩] ફલોમાં તાડફળ, નલિનીઓમાં પંપા, વનવાસીઓમાં ઋક્ષરાજ (જાંબુવાન), વૃક્ષોમાં વડ, અને જ્ઞાની પુરુષોમાં મહાદેવ જેમ શ્રેષ્ઠ છે,[૫૪] સતીઓમાં પાર્વતી, ગાયમાં કપિલા ગાય અને બળદોમાં જેમ કાળા રંગનો બળદ શ્રેષ્ઠ છે, હે નિશાચર! સર્વે દુઃસહ અને મુશ્કેલીથી જવાય એવાં નરકોમાં જેમ વૈતરણી નદી શ્રેષ્ઠ છે, તેમ આલોકમાં પાપીઓમાં કૃતઘ્ની સૌકરતાં ચઢીયાતો છે.[૫૫-૫૬] બ્રહ્મહત્યા અને ગૌહત્યાનું પણ પ્રાયશ્ચિત્ત જડે છે, પણ આ દુષ્ટ આચરણનું પ્રાયશ્ચિત્ત જડતું નથી. એ કૃતઘ્ની જે મિત્ર વગેરેના કરેલાં કામો (ઉપકારો)નો નાશ કરી નાંખે છે, તેનું પ્રાયશ્ચિત્ત છેજ નહિ, અને કરોડો વર્ષે પણ તેનો છુટકો થતો નથી.[૫૭]

ब्रह्मघ्नगोघ्नादिषु निष्कृतिर्विहि[illegible] तु दु[illegible]रिणः ।
नानि[illegible]तिश्चापि [illegible]तः सुहृत्कृतं न[illegible]तोऽ[illegible] ॥५७॥

ઈતિ શ્રી વામનપુરાણે 'કર્મ વિપાક' નામનો બારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૩ મો.

જંબુદ્વીપ વર્ણન.

सुकेशिरुवाच—भवद्भिरुदिता घोरा पुष्करद्वी[illegible]स्थितिः ।
जं[illegible]पस्य संस्थानं कथयंतु महर्षयः ॥ १ ॥

સુકેશિ કહે છે;—હે મહર્ષિઓ! આપે મહા ભયંકર પુષ્કરદ્વીપના સ્વરૂપનું વર્ણન કર્યું, હવે જંબુદ્વીપનાં સંસ્થાનોનું વર્ણન કરો.[૧]

ઋષિઓ કહે છેઃ—હે નિશાચર! જંબૂદ્વીપનાં સંસ્થાન અમે કહીએ તે સાંભળ. એના નવ ખંડ કરેલા છે, એ ઘણો વિશાળ છે, અને સ્વર્ગનું ફળ આપનારો છે.[૨] હે રાક્ષસેશ્વર! મધ્યમાં ઈલાવૃત્ત વર્ષ, પૂર્વમાં ભદ્રાશ્વ, અને પૂર્વ દક્ષિણ દિશાએ હિરણ્માન વર્ષ છે.[૩] દક્ષિણમાં ભારત વર્ષ, દક્ષિણ પશ્ચિમ દિશામાં હરિવર્ષ, પશ્ચિમમાં કેતુમાલ, અને પશ્ચિમોત્તર દિશામાં ચંપક વર્ષ છે.[૪] ઉત્તર દિશામાં કલ્પવૃક્ષોથી વિંટાયલો કુરુવર્ષ છે, અને પૂર્વ તથા ઉત્તર

દિશામાં રમણીય કિંપુરુષ વર્ષ છે.[૫] હે શાલકટંકટ! એ પ્રમાણે પવિત્ર અને રમણીય એવા નવ ખંડો છે. એમાં ભારત વર્ષ શિવાયના બીજા જે આઠ ખંડ (વર્ષ) છે,[૬] તેઓમાં યુગોની વ્યવસ્થા નથી અને જરા તથા મરણનું ભય પણ નથી. તેઓમાં સ્વાભાવિક જ વગરપ્રયત્ને સિદ્ધિ તથા સુખ પ્રાપ્ત થાય છે.[૭] તેઓમાં વિપર્યય (ઋતુઓ વગેરેનું બદલાવું તે) નથી, અને કોઇનામાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટનો ભેદ નથી. હે નિશાચર! આ ભારત વર્ષના નવ દ્વીપ છે.[૮] તે સર્વે દ્વીપો સમુદ્રોથી વિટલાયલા છે અને તેમાં એકમાંથી બીજામાં જઈ શકાતું નથી. તે દ્વીપો આ પ્રમાણે છેઃ ઇંદ્રદ્વીપ, કશેરુદ્વીપ, તામ્રપર્ણદ્વીપ, ગભસ્તિમાન્ દ્વીપ,[૯] નાગદ્વીપ, કટાહદ્વીપ, સિહલદ્વીપ, વારુણદ્વીપ અને નવમો સાગરથી વિટાયલો કુમારદ્વીપને નામે પ્રખ્યાત દ્વીપ છે. તે કુમારદ્વીપ દક્ષિણોત્તર દિશામાં આવેલો છે. તેના અંત ભાગમાં પૂર્વે કિરાત (ભિલ્લ) લોકો અને પશ્ચિમે યવનો વસે છે.[૧૦–૧૧] હે વીર! દક્ષિણમાં આંધ્રલોકો, ઉત્તરમાં તુરુષ્કલોકો, અને એના મધ્ય પ્રદેશમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો વસે છે.[૧૨] એ ચારે વર્ણો યજ્ઞ, યુદ્ધ, વાણિજ્ય, તથા સેવાના કર્મમાં પવિત્ર રહે છે. અને પરસ્પરમાં પણ એજ કર્મોવડે વ્યવહાર કરે છે.[૧૩] તેમને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે, અને પુણ્ય તથા પાપ પણ પ્રાપ્ત થાય છે. તે ખંડમાં મહેન્દ્ર, મલય, સહ્ય, શક્તિમાન, ઋક્ષ,[૧૪] વિંધ્ય, અને પારિયાત્ર એ સાત ત્યાંના કુલપર્વત છે, તથા એ શિવાય બીજા હજારો પર્વતો તેના મધ્યમાં રહેલા છે.[૧૫] એ બધા પર્વતો વિસ્તારવાળા, ઊંચા, રમણીય, અને સુંદર શિખરોવાળા છે. વળી કોલાહલ, વૈભ્રાજ, મંદર, દુર્ધરાચલ,[૧૬] વાતધૂમ, વૈદ્યુત, મૈનાક, સરસ, તુંગપ્રસ્થ, નાગગિરિ, ગોવર્દ્ધન પર્વત,[૧૭] ઉર્જ્યંત, પુષ્પગિરિ, અર્બુદ, રૈવત, ઋષ્યમૂક, ગોમંત, ચિત્રકૂટ, કૃતસ્મર,[૧૮]શ્રીપર્વત, કોકણુક અને બીજા સેંકડો પર્વતો છે અને તેથી મિશ્રિત મ્લેચ્છ દેશો અને આર્ય દેશો છે.[૧૯] જે ઉત્તમ નદીઓ ત્યાં પાણી પીવાને માટે છે, તે સાંભળ! સરસ્વતી, પંચરૂપા, કાલિંદી, હિરણ્વતી,[૨૦] શતદ્રુ (સતલજ), ચંદ્રિકા, નીલા, વિતસ્તા, ઇરાવતી, કુહૂ, મધુરા, હારરાવી, ઉશીરા, ધાતકીરસા,[૨૧] ગોમતી, ધૂતપાપા, બાહુદા, દૃષદ્વતી, નિઃસ્વરા, ગંડકી, ચિત્રા, કૌશિકી, વધૂસરા,[૨૨] અને હિમાલય પર્વતના પાદ પ્રદેશમાંથી નીકળેલી સરયૂ તથા લૌહિત્યા, વળી વેદસ્મૃતિ, વેદસિની, વૃત્રઘ્ની, સિંધુ,[૨૩] પર્ણાસા, નંદિની, પાવની, મહી, શરા, ચર્મણ્વતી, લૂપી, વિદિશા, વેણુમતિ,[૨૪] ચિત્રા અને ઓઘવતી એ પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી રમ્ય નદીઓ. વળી શોણ, મહાનદી, નર્મદા, સુરસા, ક્રિયા,[૨૫] મંદાકિની, દશાર્ણા, ચિત્રકૂટા, દેવિકા, ચિત્રોત્પલા, તમસા, કરતોયા, પિશાચિકા,[૨૬] પિપ્પલશ્રેણી, વિપાશા, વંજુલાવતી, સત્સંતજા, શુક્તિમતી, ચક્રિણી, ત્રિદિવા, વસુ,[૨૭] એ નદીઓ ઋક્ષ પર્વતમાંથી નીકળેલી છે. વળી બીજી વલ્ગુવાહિની, શિવા, પયોષ્ણી, નિર્વિધ્યા, તાપી, નિષધાવતી,[૨૮] વેણા, વૈતરણી, સિનીબાહુ, કુમુ-

દૂતી, તોયા, રેવા, મહાગૌરી, દુર્ગંધા, વાશિલા,[૨૯] એ નદીઓ વિધ્યાચળ પર્વતમાંથી નીકળેલી છે, એ શુભ નદીઓ છે અને એનાં જળ પવિત્ર છે. વળી ગોદાવરી, ભીમરથી, કૃષ્ણા, વેણ્યા, સરિદ્વતી,[૩૦] વિશમદ્રી, સુપ્રયોગા, વાહ્યા, કાવેરી, દુગ્ધોદા, નલિની, વારિસેના, કલસ્વના,[૩૧] એ મહાનદીઓ સહ્ય પર્વતમાંથી નીકળેલી છે. તેમજ કૃતમાલા, તામ્રપર્ણી, વંજુલા, ઉત્પલાવતી,[૩૨] શુની, સુદામા, એ નદીઓ શક્તિમાન્ પર્વતમાંથી નીકળેલી છે. એ સર્વે પવિત્ર, પ્રવાહિત, અને પાપોનો નાશ કરનારી છે.[૩૩] વળી એ બધી જગતની માતાઓ, અને સાગરની સ્ત્રીઓ છે. હે રાક્ષસ! બીજી પણ હજારો નાની નાની નદીઓ છે.[૩૪] બીજી કેટલીક બારેમાસ વહેનારી છે અને કેટલીક ફક્ત ચોમાસામાં વહેનારી છે. મધ્ય દેશમાં રહેનારા લોકો એ પવિત્ર નદીઓનું પાણી ઈચ્છામાં આવે તેટલું પીએ છે.[૩૫] એ કુમારદ્વીપમાં જે જાતિઓ વસે છે તે આ પ્રમાણે છેઃ કુશૂદ્ર, કિલકુંડલ, પંચાલક, કૌશીક, વૃક, શક,બર્બર, કૌરવ, કલિંગ, વંગ, અંગ,[૩૬] મર્ભક, આભીર, (આહીર), શાઠયધાનક, બાલ્હિક, વાટધાન, અભીર, અને કાલતોયદ એ મધ્ય દેશમાં રહેનારા લોકો છે.[૩૭] અપરાન્ત (પાશ્ચાત્ય) પ્રદેશમાં રહેનારા બીજા શૂદ્ર, પલ્લવ, ખેટક, ગાંધાર, યવન, સિંધુ, સૌવીર, ભદ્રક,[૩૮] શાતદ્રવ, લલિત્થ, પારાવત, મૂષક, માઠર, ઉદકધાર, કૈકેય, દંશન,[૩૯] ક્ષત્રિય, વૈશ્ય જૂદી જૂદી જાતના શૂદ્રો, કાંબોજ, દરદ, બર્બર, અંગલૌકિક,[૪૦] વેણુ, તુષાર, આત્રેય, ભરદ્વાજ, બાહ્ય પ્રદેશમાં રહેનારા, પ્રસ્થલ પ્રદેશમાં રહેનારા, અને દશેરક લોકો છે.[૪૧] લંપક, તાવકારામ, ચૂડિકા, તંગણ, અલસ, આલિભદ્ર, એ કિરાતની જાતો છે.[૪૨] એ લોકો તામસ પ્રકૃતિના, કર્મમાર્ગમાં જનારા, સુપાર્શ્વ અને ગણિતવિદ્યા જાણનારા છે. વળી કુલૂત, કુહિક, ચૂર્ણ, તૂર્ણપાદ, કુક્કટ,[૪૩] માંડવ્ય, પાણવીય, એ ઉત્તર દિશાએ રહેનારા લોકો છે. અંગ, વંગ, મદ્ગુરવ, એ પર્વતની અંદરના ભાગમાં તથા બહારના ભાગમાં રહેનારા છે.[૪૪] તથા પ્રવંગ, વાંગેય, માંસાદ, બલદંતિક, બ્રહ્મોત્તર, પ્રાવિજય, ભાર્ગવ, આંગેય, મર્ષક,[૪૫] પ્રાગ્જ્યોતિષ, પૃષધ્ર, વિદેહ, તામ્રલિપ્તક, માલામગધ, માનંદ એ સર્વ પૂર્વદેશમાં રહેનારા લોકો છે.[૪૬] વળી હે રાક્ષસ! પુંડ્ર, કેરલ, ચૌડ, કુલ્ય, જાતુક, મૂષિકાદ, કુમારાદ, મહાશક,[૪૭] મહારાષ્ટ્ર, માહિષિક, કલિંગ, આભીર, વૈસકય, આરણ્યક, શબર,[૪૮] પુલિંદ, વિધ્યશૈલેય, વૈદર્ભ, દંડક, પૌરિક, સારિક, અશ્મક, ભોગવર્દ્ધન,[૪૯] નૈમિક, કુંદલ, આંધ્ર, ઉચ્છિદ, નલકારક, હે શાલકટંકટ! એ દક્ષિણ પ્રદેશમાં રહેનારા છે.[૫૦] શૂર્પારક, વારિધાન, દુર્ગ, અલિકટ, પુલીય, અસિનીલ, તાપસ, તામસ,[૫૧] કારસ્કર, ભમિન, નાસિકાન્ત, સુનર્મદ, દારુકચ્છ, સુમાહેય, સારસ્વત,[૫૨] વાત્સીય, સુરાષ્ટ્ર, આવન્ત્ય, આર્બુદ, એ લોકો પશ્ચિમ દિશાના પ્રદેશમાં વસે છે.[૫૩] કારૂષ, એકલવ્ય, મેકલ, ઉત્કલ, ઉત્તમર્ણ, દશાર્ણ, ગોમ, કિકરવ,[૫૪] તોશલ, કોશલ, ત્રૈપુર, ખેલ્લિશ, તુરગ, તુંબર, વહેલ, નૈષધ,[૫૫] અનૂપ, તુંડિકેર, વીતિહોત્ર, અવંતિ, આ લોકો હે સુકેશિ!

વિંધ્ય પર્વતની તલેટીમાં વસનારા છે.[૫૬] હવે પર્વતને આશ્રય કરીને રહેનારા આદ્ય દેવોને કહીએ છીએ. નિરાહાર, હંસમાર્ગ, કુપથ, તંગણ, ખશ,[૫૭] કુથ, પ્રાવરણ, ઉર્ણાપ્લુષ્ટ, સુહુહુક, ત્રિગર્ત, કિરાત, તોમર, શશિખાદિક.[૫૮] હે રજની-ચરેશ! આ પ્રમાણે કુમાર દ્વીપ ઉપરના દેશો તને વિસ્તારથી કહ્યા, એ સઘળા દેશોમાં જે જે દેશધર્મો છે તે તત્ત્વતઃ કહીએ છીએ, તે સાંભળ.[૫૯]

इमे तवोक्ता विषयाः [illegible]ऽ कुमारे रजनीचरेश ।
एतेषु देशेषु च देश[illegible]तो हि ॥ ६१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભુવનકોશ વર્ણન' નામનો તેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૪ મો.

દેશ ધર્મો.

ऋषयऊचुः—अहिंसा स[illegible]मस्तयं दानं क्षांतिर्दमःशमः ।
अकार्पण्यं च शौचं च तपश्च रजनीचर ॥ १ ॥

ઋષિઓ કહે છે:—હે રજનીચર! અહિસા, સત્ય, અસ્તેય, દાન, ક્ષાંતિ, દમ, શમ, અકૃપણતા, પવિત્રતા, અને તપ,[૧] એ દશ અંગવાળો ધર્મ, હે રાક્ષસશ્રેષ્ઠ! સર્વ વર્ણને સામાન્ય છે. બ્રાહ્મણોને ચારે આશ્રમ વિહિત છે.[૨]

સુકેશિ કહે છે:—હે તપોધનો! બ્રાહ્મણોના ચારે આશ્રમો મને વિસ્તારપૂર્વક કહો. એ સાંભળતાં મને તૃપ્તિ થતી નથી.[૩] ઋષિઓ બોલ્યા:—ઉપનયન સંસ્કાર લીધા પછી બ્રહ્મચારીએ ગુરુની પાસે જઇને રહેવું જોઇએ. તેના જે ધર્મો કહીએ છીએ તે સાંભળ.[૪] સ્વાધ્યાય (વેદાધ્યયન), અગ્નિની સેવા, એટલે સમય સમયે સમિધ લાવી અગ્નિમાં નાંખી હોમ કરવો તે), સ્નાન, ભિક્ષા માગી લાવવી, અને ગુરુને નિવેદન કરી તેની આજ્ઞા મેળવીને ભોજન કરવું.૫ ગુરુના કાર્યમાં ઉદ્યોગ રાખવો, ગુરુની સારી પ્રીતિ સંપાદન કરવી, ગુરુ પાઠ આપવા બોલાવે તે વખત જઇને પાઠ લેવો, અને એકચિત્તે તત્પર થઇને ભણવું.[૬] એક, બે, અથવા બધા વેદો ગુરુ પાસેથી પ્રાપ્ત કરીને અને તેમની અનુજ્ઞા લઇને તથા ગુરુને ઉત્તમ દક્ષિણા આપીને,[૭] પછી ગૃહસ્થાશ્રમની ઇચ્છાવાળાએ ગૃહસ્થાશ્રમ માંડવો. અથવા વાનપ્રસ્થ આશ્રમ સેવવો કે સંન્યાસની ઇચ્છા હોય તો તે લેવો.[૮] બ્રહ્મચર્યાશ્રમમાં જ રહેવું હોય તો એકનિષ્ઠ થઇને ત્યાં ગુરુને ઘેર જ રહેવું. ગુરુ ન હોય તો તેના પુત્રને ઘેર ને તે પણ ન હોય તો ગુરુના શિષ્યને ઘેર રહી તેની સેવા કરવી; ગુરુની પુત્રીને ત્યાં રહેવું નહિ.[૯] અભિમાન રહિત રહીને સેવા કરતાં બ્રહ્મ-ચર્યાશ્રમ પાળવો. હે શાલકટંકટ! એ પ્રમાણે રહેવાથી તે મૃત્યુને પણ જિતે છે.[૧૦] બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કર્યા પછી ગૃહસ્થાશ્રમની કામનાવાળાએ અસમાન ગોત્રની તથા અસમાન કુળની, કન્યા પરણવી.[૧૧] પછી પોતાની મહેનતથી ધન મેળવીને

પિતૃ, દેવ, અને અતિથિને સારીરીતે ભક્તિથી સંતોષવા અને સદાચાર પાળવો.[૧૨] સુકેશિ બોલ્યો;–હે સુવ્રતો! તમોએ જે સદાચાર મને કહ્યા, તેનાં લક્ષણો સાંભળવાની હવે મને ઇચ્છા છે, તો હવે તે મને કહો.[૧૩] ઋષિઓ બોલ્યાઃ–અમોએ તને જે આદરપૂર્વક સદાચાર કહ્યો છે, તેનાં લક્ષણ હવે કહીએ છીએ, તે સાંભળ.[૧૪] ગૃહસ્થે હમેશાં આચારનું પરિપાલન કરવું જોઇએ. આચાર વગર આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ નથી.[૧૫] જે સદાચારનું ઉલ્લંઘન કરીને વર્તે છે તેને આલોકમાં યજ્ઞ, દાન, અને તપ કલ્યાણકર્ત્તા થતાં નથી.[૧૬] દુરાચારી પુરુષ આ લોકમાં તથા પરલોકમાં સુખી થતો નથી. એટલા માટે સદાચારમાં યત્ન કરવો જોઇએ. કારણ કે આચાર કુલક્ષણનો નાશ કરે છે.[૧૭] હે રાક્ષસ! તને સદાચારનું સ્વરૂપ કહીએ છીએ, તે જો કલ્યાણની ઇચ્છા હોય તો એક ચિત્ત થઇને સાંભળ.[૧૮] એનું મૂળ ધર્મ છે, તેની શાખાઓ ધન છે, કામ એનાં પુષ્પ છે અને મોક્ષ ફળ છે. હે સુકેશિ! એ સદાચારરૂપી વૃક્ષની જે સેવના કરે છે, તેજ પુણ્યનો ભોક્તા થાય છે.[૧૯] સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં (પાછલી ચાર ઘડી રાત રહે તે વખત) જાગવું, અને પછી દેવ તથા મહર્ષિઓનાં નામનું સ્મરણ કરવું. પછી પ્રભાતિયાં વગેરે મંગળ ધ્વનિનાં ગાન કરવાં કે જે દેવપતિ મહાદેવજીએ કહેલાં છે.[૨૦] સુકેશિ કહે છેઃ–મહાત્મા મહાદેવજીએ કહેલાં તે પ્રભાત કયાં છે, કે સવારમાં જે ભણવાથી માણસ પાપથી મુક્ત થઇ જાય.[૨૧] ઋષિઓ બોલ્યાઃ–હે રાક્ષસશ્રેષ્ઠ! મહાદેવજીએ કહેલાં સુપ્રભાત સાંભળ. જે સાંભળીને, સ્મરણમાં લાવીને અથવા પાઠ કરીને પાપથી મુક્ત થઇ જવાય છે.[૨૨] બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, અને શનિ એ સર્વે મારાં પ્રભાતને મંગલકારી કરો.[૨૩] ભૃગુ, વસિષ્ઠ, ક્રતુ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ગૌતમ, રૈભ્ય, મરીચિ, ચ્યવન, રિભુ, એ સર્વે મારાં પ્રભાતને રુડું કરો!.[૨૪] સનત્કુમાર, સનક, સનંદન, સનાતન, આસુરિ, પિંગળ, સપ્તસ્વર, અને સાત રસાતલ, એ સર્વે મારું પ્રભાત મંગળકારક કરો![૨૫] ગંધસહિત પૃથ્વી, રસસહિત જલ, સ્પર્શસહિત વાયુ, જ્વલન સાથે તેજ, શબ્દ સહિત નભ અને મહત્ તત્ત્વ, એ સર્વે મારાં પ્રભાતને મંગળમય કરો![૨૬] સાતે સમુદ્રો, સાતે કુલપર્વતો, સાતે ઋષિઓ, સાતે દ્વીપો, ભૂર્, આદિ સપ્તલોક એ સર્વે મારાં સુપ્રભાતનાં મંગલ વિધાન કરો![૨૭] એ પ્રમાણે પ્રભાતમાં પરમ પવિત્ર નામોનું ભક્તિપૂર્વક જે પઠન, સ્મરણ અથવા શ્રવણ કરે તેને ભગવત્પ્રસાદથી દુઃસ્વપ્નનો નાશ થાય તથા તેનું પ્રભાત સારું થાય.[૨૮] તેટલા માટે પથારીમાંથી ઉઠીને ધર્મનું તથા તેના અર્થનું ચિંતન કરવું. અને પછી હરિનામનો ઉચ્ચાર કરીને ઉત્સર્ગ વિધિ કરવા જવું.[૨૯] દેવ, ગાય અને બ્રાહ્મણના માર્ગમાં, રાજમાર્ગમાં, ચતુષ્પથમાં, ઢોરો બાંધવાની જગ્યામાં, અને પૂર્વ અથવા પશ્ચિમ દિશા તરફ બેસીને મલોત્સર્ગ કરવો નહિ.[૩૦] ત્યારપછી શૌચ (પવિત્રતા) ને માટે મટોડી લઇને તેનાથી ગુદાને ત્રણવાર, ડાબા હાથને દશવાર, બંને હાથને

સાતવાર, બંને પગને પણ સાતવાર, અને લિંગને એકવાર એમ સૌ ધોવાં.[31] હે રાક્ષસ! પાણીની અંદરની, ઉંદરના દરમાંની, બીજાએ શૌચવિધિમાં વાપરેલી, અને ઉધાઈ કે સાપના રાફડામાંની માટી વિશુદ્ધિને માટે સદાચાર જાણનાર પુરુષે વાપરવી નહિ.[32] ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ મુખ કરીને વિદ્વાન્ પુરુષે પગ ધોઇને પૃથ્વી ઉપર બેસવું, અને પછી ફીણ વગરના પાણીથી ત્રણવાર આચમન કરીને પછી મુખ ધોવું.[33] ત્યાર પછી માથાના કેશ ઓળવા, દાતણ કરવું, દર્પણમાં મુખ જોવું, અને સ્નાન કરીને ન્યાસ સાથે સંધ્યા કરવી.[34] માથું પલાળીને સ્નાન કર્યા પછી પાણીવડે તર્પણ કરીને પિતૃઓ તથા દેવોનું પૂજન કરવું અને પછી હોમ કરીને પવિત્ર વસ્તુઓનો સ્પર્શ કર્યા પછી કામકાજને માટે બહાર નીકળવું.[35] તે સમયે દૂર્વા, દહીં, ઘી, પાણીનો ભરેલો ઘડો, વાછરડાંવાળી ગાય, બળદ, સુવર્ણ, મૃત્તિકા, ગોમય (છાણ), સ્વસ્તિક (સાથીઓ), ચોખા, ધાણી, મધ, બ્રાહ્મણની કન્યા,[36] ધોળાં પુષ્પો, અગ્નિ, ચંદન, સૂર્યનું બિંબ, પીપળાનું વૃક્ષ, એમને જોઇને અથવા સ્પર્શ કરીને પોતપોતાના જાતિધર્મ પ્રમાણે ઉદ્યમ કરવો.[37] દેશાચાર પ્રમાણે શિષ્ટ પુરુષોએ નક્કી કરેલો સ્વધર્મ તથા પોતાના ગોત્રનો ધર્મ છોડવો નહિ, એનાથીજ સિદ્ધિ થાય છે. તેમજ દુર્વચન બોલવાં નહિ કે અસત્ય ભાષણ કરવું નહિ.[38] નિષ્ઠુર અથવા વેદશાસ્ત્ર વિરુદ્ધ વચન બોલવું નહિ, ન્યાતમાં નિંદાપાત્ર થવું નહિ, ધર્મમાં ભેદ પડાવનાર થવું નહિ, અને અસત્પુરુષનો સંગ કરવો નહિ.[39] હે વીર! સંધ્યા સમયે, દિવસે, સર્વ યોનિમાં એટલે પશુઆદિક જાતિમાં, પરસ્ત્રી સાથે, અને પોતાની રજસ્વલા સ્ત્રી સાથે કદી સુરતક્રીડા (મૈથુન) કરવી નહિ.[40] ગૃહસ્થે વિનાકારણ ભટકવું નહિ, વિનાકારણ નકામુ દાન કરવું નહિ, વિનાકારણ પશુને મારવાં નહિ અને વિનાકારણ સ્ત્રી પરણવી નહિ.[41] નકામું રખડવાથી નિત્યકર્મની હાનિ થાય છે, નકામું દાન કરવાથી ધનનો ક્ષય થાય છે, વિનાકારણ પશુઓને મારવાથી પાપ લાગે છે અને નરકમાં જવાય છે,[42] વૃથા સ્ત્રીને પરણવાથી (વૃદ્ધાવસ્થામાં લગ્ન કરવાથી કે એક ઉપર બીજી સ્ત્રી કરવાથી) સંતતિની હાનિ થાય છે, સંતતિ થાય છે તો નિર્બળ કે નિંદાપાત્ર થાય છે, અથવા વર્ણસંકર પ્રજા થાય છે, અને એવી રીતે સ્ત્રી કરવાથી લોકોનો પણ ડર રહે છે.[43] ઉત્તમ પુરુષોએ પારકા ધનમાં અને પારકી સ્ત્રીમાં કદાપિ બુદ્ધિ ન કરવી. કારણ પરધન નરકને માટે છે, અને પરસ્ત્રી મરણને માટે છે.[44] પારકી સ્ત્રીને નગ્ન અવસ્થામાં કદી જોવી નહિ, તેમ ચોર સાથે કદી વાત કરવી નહિ, તેમ જ રજસ્વલા સ્ત્રીનું દર્શન ન કરવું, તેનો સ્પર્શ ન કરવો અને તેની સાથે વાતચિત પણ ન કરવી.[45] પોતાની બેન અથવા પારકાની સ્ત્રી સાથે એક આસન ઉપર બેસવું નહિ. તેજ પ્રમાણે ઓરમાન મા અથવા પોતાની દીકરી સાથે પણ એક આસન ઉપર બેસવું નહિ.[46] નાગા નહાવું નહિ અને નાગા સૂવું નહિ, તેમ નાગા ફરવું પણ નહિ.[47] ફાટેલી શય્યા (પથારી),

તૂટેલું આસન (ખુરશી, બાજઠ વગેરે) અને ભાંગેલું વાસણ એટલાં ઉપયોગમાં ન લેવાં. કેમકે એથી અશુદ્ધિ આવે છે. નંદાતિથિ (૧–૬–૧૧ એ) માં અભ્યંગ ન કરવો. રિક્તા તિથિ (૪–૯–૧૪ એ) માં ક્ષૌર કર્મ (હજામત) ન કરાવવી, અને જયાતિથિ (૩–૮–૧૩ એ)માં માંસ ભક્ષણ ન કરવું.[૪૮] પૂર્ણાતિથિ (૫–૧૦–૧૫ એ) માં સ્ત્રીસંગ ન કરવો. ભદ્રાતિથિ (૨–૭–૧૨ એ)માં બધાં કામ કરવાં. રવિવારે અભ્યંગ ન કરવો, મંગળવારે હજામત ન કરાવવી અને શુક્ર તથા શનિવારે માંસ ભક્ષણ ન કરવું.[૪૯] સ્ત્રીએ બુધવારે એ કોઈ કામ ન કરવાં અને બીજા બધા દિવસોએ તમામ કામ કરવાં. ચિત્રા, હસ્ત, અને શ્રવણ નક્ષત્રમાં અભ્યંગ (તેલ મર્દન) ન કરવું. વિશાખા અને અભિજિત્ નક્ષત્રોને દિવસે હજામત ન કરાવવી.[૫૦] મૂલ, મૃગશીર, અને ભાદ્રપદ નક્ષત્રને દિવસે માંસ ભક્ષણ ન કરવું. મઘા, કૃત્તિકા, અને ત્રણે ઉત્તરા નક્ષત્રોમાં સ્ત્રી સંગ ન કરવો. અને હે રજનીચરેશ! પશ્ચિમ અને ઉત્તર દિશા તરફ માથું રાખીને કદી સૂવું નહિ.[૫૧] દક્ષિણ તથા પશ્ચિમ દિશા તરફ મુખ કરીને જમવું નહિ. દેવાલય, પીપળાનું વૃક્ષ, બ્રાહ્મણ, વિદ્વાન અને ગુરુ એટલા રસ્તામાં મળે તો તેમને પ્રદક્ષિણા કર્યા વગર જવું નહિ.[૫૨] ડાહ્યા માણસે ફુલની માળા, અન્ન, પાન, અને વસ્ત્ર બીજાનાં વાપરેલાં કદી વાપરવાં નહિ. હંમેશાં માથું પલાળીને નહાવું અને મહારાત્રિને વિષે કારણ વિના નહાવું નહિ.[૫૩] ગ્રહણ હોય ત્યારે, સગાના મરણ સમયે અને જન્મ નક્ષત્રમાં ચંદ્ર હોય ત્યારે રાત્રિએ પણ સ્નાન કરવું, પણ તે શિવાય રાત્રિસ્નાન કરવું નહિ. જેણે શરીરે તેલ મર્દન કર્યું હોય તેને અડવું નહિ અને સ્નાન કર્યાં પછી માથાના વાળને ખંખેરવા નહિ.[૫૪] હે રજનીચરેશ! સ્નાન કર્યા પછી પહેરેલે લુગડે ડીલ લૂછવું નહિ તેમ હાથવડે લૂછવું નહિ અને જે દેશમાં લોકો સંપથી શાંતિમાં રહેતાં હોય અને સારી રાજ્યવ્યવસ્થા હોય તે દેશમાંજ રહેવું.[૫૫] જે દેશમાં લોકો ક્રોધી ન હોય, મત્સર રહિત હોય, જ્યાં ખેડૂતો વસતા હોય; જૂદા જૂદા પ્રકારની વનસ્પતિ થતી હોય, ઘણું પાણી મળતું હોય, વૈદ્ય રહેતા હોય, ધનવાન વેપારી રહેતા હોય, અને જ્યાં શ્રોત્રિય બ્રાહ્મણ રહેતો હોય તે દેશમાં જઈ વસવું.[૫૬] જે દેશમાં રાજા હંમેશાં લોકને દંડવામાંજ પ્રીતિ રાખતો હોય અને અશક્ત હોય, અને લોકો એકબીજાના તરફ વેર રાખી એક બીજાને જિતવાની ઇચ્છાવાળા હોય તે દેશમાં હે નિશાચરેન્દ્ર! કદી વસવું નહિ.[૫૭] હે મહાબાહો! હવે ધર્મશીલ માણસોએ જે ત્યાગ કરવા યોગ્ય છે, જે પાલન કરવા યોગ્ય છે અને જે ખાવા-યોગ્ય છે, તે કહીએ છીએ.[૫૮] ઘી અથવા તેલમાં તળેલું અન્ન (ખાવાનો પદાર્થ) વાસી થાય તોપણ ખાવા યોગ્ય છે. તેમ જ ભાત વગેરે બગડ્યું ન હોય તો સાફ કરીને ખાવાને હરકત નથી અને દૂધનો પદાર્થ પણ બગડ્યો ન હોય તો ઘણો કાળ રહ્યા પછી પણ ખાવાને હરકત નથી.[૫૯] શશલું, શાહુડી, ઘો, સમેધા (ગેંડી?) માછલાં અને કાચબા એટલાંનું માંસ ભક્ષણ કરવાની તથા કઠોળ વગેરે

દ્વિદલ ધાન્ય ખાવાની મનુ ભગવાને આજ્ઞા આપેલી છે.[૬૦] મણિ, વસ્ત્ર, પ્રવાળાં, મોતી, પત્થર, લાકડું, મૂળ, ઔષધિ, સૂપ, અનાજ, ઘાસ, લૂગડાં, અને વલ્કલ એ બધાંની શુદ્ધિ ફક્ત પાણીથી જ થાય છે.[૬૧-૬૨] તેલવાળા પદાર્થોની શુદ્ધિ ગરમ પાણીથી થાય છે, તલના કલ્ક સાથે ઉના પાણીથી ઉનનાં વસ્ત્રની શુદ્ધિ થાય છે, અને કપાસનાં વસ્ત્રની શુદ્ધિ પાણીવડે ધોવાથી થાય છે.[૬૩] હાથીદાંત, હાડકું, અને સીંગડાની શુદ્ધિ તત્કાલ થઈ જાય છે, અને માટીનાં વાસણ અગ્નિમાં ફરી તપાવવાથી શુદ્ધ થાય છે.[૬૪] ભિક્ષાનું અન્ન, કારીગરનો હાથ, વેચવાની વસ્તુ, સ્ત્રીનું મુખ, રસ્તામાં પડેલી વસ્તુ, અજાણી વસ્તુ, અને ચાકરે બનાવેલી વસ્તુ એટલી વસ્તુઓ પવિત્રજ ગણાય છે.[૬૫] વચનથી પવિત્ર થએલું, લાંબા વખતથી આણેલું, સારી રીતે ઢાંકેલું, હલકું, બારીક તથા વૃદ્ધની ચેષ્ટા અને બાળકનું મુખ એટલી વસ્તુઓ પવિત્ર છે.[૬૬]

કર્મ કરી રહ્યા પછી અંગારશાળા (ચૂલો), ધાવણું બાળક, સ્ત્રી, બોલતી વખત બ્રાહ્મણના મુખમાંથી ઉડતા છાંટા, અને ઉના પાણીનાં બિંદુ એ વસ્તુઓ સ્વભાવથી જ પવિત્ર છે.[૬૭] ખોદવાથી, બાળવાથી અને વાળવાથી તથા ગાયનાં પગલાં કરવાથી જમીન શુદ્ધ થાય છે, વળી લીપવાથી, ઉખેડવાથી, પાણી છાંટવાથી, અને વાળવાથી ઘરની અંદરની જમીન શુદ્ધ થાય છે.[૬૮] જે અન્નમાં માથાના વાળ ને જીવડાં પડ્યાં હોય, અને જેને ગાયે સુંઘેલું હોય તે અનાજ, માટી, પાણી અથવા ક્ષાર નાંખવાથી શુદ્ધ થાય છે.[૬૯] ત્રાંબાનાં પાત્રની ખટાશથી, કલઈ અને સિસાની ક્ષારથી, કાંસાની રાખ તથા પાણીથી અને પ્રવાહી પદાર્થની ઉભરો આવે ત્યાં સૂધી ઉકાળવાથી શુદ્ધિ થાય છે.[૭૦] ખરાબ પદાર્થવડે ખરડાયલાં વાસણની શુદ્ધિ, તેની ગંધ જાય ત્યાં સુધી માટી તથા પાણીવડે ઘસવાથી થાય છે, તેમ જ બીજાં વાસણની શુદ્ધિ પણ તેમની ગંધ જાય ત્યાં સુધી માટી તથા પાણીવડે ઘસવાથી થાય છે.[૭૧] માને ધાવતી વખત ગાયનું વાછરડું, ભાર વહેતી વખત ગધેડું, ઝાડ ઉપરથી ફળ તોડી પાડતી વખત પક્ષી, અને શિકાર કરતી વખત કૂતરું શુદ્ધ ગણાય છે.[૭૨] શેરીમાંનો કાદવ, પાણી, ગાય, રસ્તામાંનું ઘાસ, અને પાકી ઈંટોની ભઠ્ઠી એટલાં પવનથી જ શુદ્ધ થાય છે.[૭૩] એક દ્રોણ (૧૦૨૪ તોલા) કરતાં વધારે અનાજ રાંધેલું હોય અને તેમાં અપવિત્ર વસ્તુ પડી જાય, તો તેનો આગલો ઉપરનો ભાગ કાઢી નાંખી બાકીના ઉપર ચોખ્ખું પાણી છાંટવાથી તે પવિત્ર થાય છે.[૭૪] અજાણતાં દૂષિત અન્ન ખાવામાં આવે તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવાથી શુદ્ધ થવાય છે, પણ જાણી જોઇને ખાય તો તેની શુદ્ધિ જ નથી.[૭૫] રજસ્વલા સ્ત્રી, સ્નાન કર્યા વગરની સ્ત્રી નાગી સ્ત્રી અને સુવાવડી સ્ત્રી, એમને અડકીને, તથા ચંડાળ અને મડદાને ઉચકનારા પુરુષને અડકીને સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે.[૭૬] લીલાં હાડકાંને સ્પર્શ કરવાથી વસ્ત્રસહિત સ્નાન કરવાવડે શુદ્ધ થવાય છે; અને સૂકાં હાડકાંને સ્પર્શ કરવાથી આચમન કરવાવડે, ગાયનો સ્પર્શ

કરવાવડે અથવા સૂર્યનાં દર્શન કરવાવડે શુદ્ધ થવાય છે.[૭૭] માણુસને ઓળંગીને જવું નહિ, તેમજ લોહી, પ્રાણીનું શરીર અને ઉદ્દર્તન એમને પણ ઓળંગીને જવું નહિ. એંઠું, વિષ્ટા, મૂત્ર, અને પગ ધોયેલું પાણી એને ઘરમાંથી બહાર ફેંકી દેવાં.[૭૮] પારકાના જળાશયમાંથી પાંચ લોચા કાદવ કાઢ્યા શિવાય તેમાં નહાવું નહિ. અને દેવખાત, તળાવ, તથા નદીમાં સ્નાન કરવું.[૭૯] ડાહ્યા માણસે કવખત બાગ વગેરેમાં રહેવું નહિ અને લોકોમાં દ્વેષપાત્ર હોય એવા માણસ સાથે તથા ભાઈ, પતિ, પુત્ર વગરની સ્ત્રી સાથે બોલવું નહિ.[૮૦] જે માણસ દેવતા, પિતૃ, સત્ શાસ્ત્ર, યજ્ઞ, સત્ર એમની નિંદા કરતો હોય, તેનો સ્પર્શ કરાય અથવા તેની સાથે બોલવું પડે તો સૂર્યનાં દર્શન કરવાથી શુદ્ધ થવાય છે.[૮૧] સૂતિક, ષંઢ, માર્જાર, આખુ, કુક્કુટ, પતિત, અપવિદ્ધ, નગ્ન, ચાંડાલ, અને અધમ એટલાંનું અનાજ ખાવું નહિ.[૮૨]

સુકેશિ કહે છેઃ—આપે જે સૂતિક વગેરેનું અન્ન અભોજ્ય કહ્યું તે સૂતિક વગેરેનાં લક્ષણ શાં છે તે જાણવાની મને ઇચ્છા છે તે આપ કહો.[૮૩]

ઋષિઓ કહે છેઃ—બ્રાહ્મણ અને બ્રાહ્મણી નીકળી ગયાં હોય, તે બંને સૂતિક કહેવાય છે. તેમનું અન્ન નિંદ્ય ગણાય છે.[૮૪] જે યોગ્ય સમયે હોમ કરતો નથી, સ્નાન કરતો નથી, દાન કરતો નથી, અને પિતૃ તથા દેવની પૂજા કરતો નથી તે ષંઢ કહેવાય છે.[૮૫] જે દંભને માટે જ જપ, તપ અને પાઠ કરે છે; તથા પરલોકના શ્રેયને માટે કંઇ ઉદ્યમ કરતો નથી; તે માર્જાર કહેવાય છે.[૮૬] સંપત્તિ છતાં જે ઉપભોગ કરતો નથી, દાન કરતો નથી અથવા હોમ કરતો નથી; તે આખુ કહેવાય છે, અને તેનું અનાજ ખાવામાં આવે તો કૃચ્છ્ર ચાંદ્રાયણ કરવાથી શુદ્ધ થવાય છે.[૮૭] સભામાં બેસીને જે સભ્ય પક્ષપાત કરે, તેને દેવતાઓ કુક્કુટ કહે છે અને તેનુ અન્ન નિંદવા લાયક છે.[૮૮] આપત્તિ શિવાય જે પોતાનો ધર્મ છોડી દઇને પારકો ધર્મ આચરે, તેને વિદ્વાનો પતિત કહે છે.[૮૯] દેવ, પિતૃ અને ગુરુનો ત્યાગ કરનાર તથા ગાય, બ્રાહ્મણ અને સ્ત્રીની હત્યા કરનાર અપવિદ્ધ કહેવાય છે.[૯૦] જેના કુળમાં વેદ, શાસ્ત્ર અને વ્રત નથી, તે નગ્ન કહેવાય છે અને તેનું અન્ન નિંદવા લાયક છે.[૯૧] જે આશા આપીને દાન ન આપે અથવા દાતાને આપતાં રોકે, તથા જે શરણાગતનો ત્યાગ કરે; તેને અધમ અને ચાંડાલ કહે છે.[૯૨] સગાં વહાલાંએ, સાધુ પુરુષોએ, અને બ્રાહ્મણોએ જેનો ત્યાગ કર્યો હોય, તે કુંડાશી કહેવાય છે. તેનું અન્ન જમીને ચાંદ્રાયણવ્રત કરવું જોઇએ.[૯૩] જે નિત્ય કર્મ તથા નૈમિત્તિક કર્મ કરતો નથી, તેનું અન્ન જમવામાં આવે તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવાથી શુદ્ધ થવાય છે.[૯૪] જન્મ તથા મરણ એ બે સમયે નિત્યકર્મ છોડી શકાય, પણ નૈમિત્તિક કર્મનો તો કદી ત્યાગ કરાય જ નહિ.[૯૫] પુત્રનો જન્મ થાય ત્યારે પિતાએ સચૈલ (વસ્ત્ર સહિત) સ્નાન કરવું જોઇએ. અને મૃત્યુ સમયે બધાં સગાંએ સ્નાન કરવું એમ ભગવાન્ ભૃગુજીએ કહ્યું છે.[૯૬] મરેલા માણુસને ગામની બહાર અગ્નિદાહ કરીને ગોત્રનાં માણસોએ જલદાન કરવું, અને પહેલે, ચોથે, અથવા સાતમે દિવસે તેનાં હાડકાં કાઢીને એકઠાં

કરવાં.[૯૭] તેને એકઠાં કરી ઊંચાં મૂકયા પછી તેને સ્પર્શ કરી શકાય છે. અશુદ્ધ અને સપિંડ માણુસે તેની જળવડે ક્રિયા કરવી જોઇએ.[૯૮] ઝેર ખાઇને, ગળે ફાંસો ખાઇને, હથિયારવડે આપઘાત કરીને અને અગ્નિમાં પડીને જે માણુસ મરણુ પામ્યું હોય તેનું, તથા બાળક, સંન્યાસી, અને દૂર દેશમાં ગયેલા માણુસનું, મરણુ સાંભળવામાં આવે, કે તરત જ શૌચ (સૂતક) લાગે છે. તે શૌચ ચાર પ્રકારનું છે. ગર્ભસ્રાવનું શૌચ પણુ એ જ પ્રમાણે કહેલું છે.[૯૯–૧૦૦] બ્રાહ્મણોને એક રાત અને દિવસ, ક્ષત્રિયોને ત્રણુ દિવસ, વૈસ્યોને છ રાત્રિ, અને શૂદ્રોને બાર દિવસનું સૂતક લાગે છે.[૧૦૧] બ્રાહ્મણોએ દશ દિવસ, ક્ષત્રિયોએ બાર દિવસ, વૈસ્યોએ પંદર દિવસ અને શૂદ્રોએ એક માસ વીત્યા પછી પોતપોતાના વર્ણુ પ્રમાણે સર્વ ધર્મ ક્રિયાઓ કરવી.[૧૦૨] પ્રેતને ઉદ્દેશીને એકોદ્દિષ્ટશ્રાદ્ધ વિધિપૂર્વક કરવું. અને વર્ષ પૂરું થયાપછી સપિંડીકરણુ કરવું.[૧૦૩] ત્યાર પછી તે પ્રેત પિતૃરૂપ બને છે એટલે ત્યાર પછી તેને પ્રસન્ન કરવાને, માટે અમાવાસ્યા તથા પૂર્ણિમાના દિવસોએ વેદવિધિ પ્રમાણે ધાર્મિક ક્રિયાઓ કરવી.[૧૦૪] પિતૃઓની પ્રસન્નતાને માટે ભુમિદાન વગેરે કરવું જેથી હે રાક્ષસ ! પિતૃઓ ઉત્તમ ગતિ પામે છે.[૧૦૫] તેને જે જે વસ્તુ ઉપર વધારે પ્રીતિ હોય તે તે વસ્તુઓ તેના નિમિત્ત ગુણુવાનને દાન આપવી, આથી અક્ષય સુખ મળે છે.[૧૦૬]

વિદ્વાન્ પુરુષોએ ત્રણે વેદોનું સદા અધ્યયન કરવું, અને ધર્મમાર્ગે ધન સંપાદન કરીને શક્તિ પ્રમાણે યજ્ઞ કરવામાં તે ખરચવું જોઇએ.[૧૦૭] હે રાક્ષસ ! જે કરવાથી આત્મા નિંદાપાત્ર ન થાય, અને જે કરવાથી સારા માણુસોથી છૂપાવું ન પડે, તે કામ શંકા વગર કરવું.[૧૦૮]

આલોકમાં એ પ્રમાણે આચરણુ કરનાર પુરુષને આલોકમાં અને પરલોકમાં ધર્મ, અર્થ અને કામની ઉત્તમ પ્રાપ્તિ થાય છે.[૧૦૯] એ પ્રમાણે ઉત્તમ ગૃહસ્થાશ્રમનું વર્ણુન કર્યું, હવે વાનપ્રસ્થાશ્રમના ધર્મો કહીએ છીએ, તે ધ્યાન દઇને શ્રવણુ કર.[૧૧૦] ડાહ્યા માણુસે છોકરાને છોકરું થાય તે જોઇને અને પોતાના શરીરની શિથિલતા જોઇને પોતાના આત્માની શુદ્ધિને માટે વાનપ્રસ્થાશ્રમમાં જવું જોઇએ.[૧૧૧] ત્યાં જંગલમાં જઇને અરણ્યના ઉપભોગ અને તપવડે આત્માનું દર્શન કરવું તથા જમીન ઉપર સુવું, બ્રહ્મચર્ય પાળવું, અને પિતૃ, દેવ તથા અતિથિની સેવા કરવી.[૧૧૨] હોમ, ત્રિકાળ સંધ્યાસ્નાન, જટા તથા વલ્કલ ધારણુ કરવાં, અને વન્યસ્નેહ (ઇંગુદી વગેરેનાં તેલ) નું સેવન કરવું, એ વાનપ્રસ્થ આશ્રમની વિધિ છે.[૧૧૩] હવે સંન્યાસીના ધર્મો કહીએ છીએ. સર્વના સંગનો ત્યાગ, બ્રહ્મચર્ય, માનરહિતપણું, જિતેન્દ્રિયપણું, એટલું રાખવું અને એક ઘરમાં લાંબો વખત રહેવું નહિ.[૧૧૪] કોઈ પણુ કામનો આરંભ ન કરવો, ભિક્ષા માગી લાવીને ભોજન કરવું, કોઇના ઉપર ગુસ્સો કરવો નહિ, આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા કરવી તથા આત્માને ઓળખવો.[૧૧૫] હે નિશાચર ! એ પ્રમાણે ચતુર્થાશ્રમ—સંન્યાસ

આશ્રમના ધર્મો જે હતા તે કહ્યા તથા વર્ણધર્મો અને બીજા ધર્મો પણ કહ્યા.[૧૧૬] બ્રહ્મચર્ય, ગૃહસ્થ, અને વાનપ્રસ્થ એ ત્રણે આશ્રમો જેમ બ્રાહ્મણોને છે, તેમ ક્ષત્રિયોને પણ કહેલા છે.[૧૧૭] વૈશ્યોને ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ બે આશ્રમો કહ્યા છે, અને શૂદ્રોને એકલો ગૃહસ્થાશ્રમ કહ્યો છે.[૧૧૮] પોતપોતાના વર્ણાશ્રમના જે જે ધર્મો કહેલા હોય તેનો કદી ત્યાગ કરવો નહિ. પોતાના ધર્મનો ત્યાગ કરીને જે બ્રાહ્મણ બીજો ધર્મ પાળે છે, અને એ રીતે જે વેદત્રયીને સંતાપે છે તેના ઉપર સૂર્ય ભગવાન્ કોપે છે.[૧૧૯] હે રાક્ષસ! એ રીતે કોપાયમાન થયેલા સૂર્ય ભગવાન તે માણસના કુળનો નાશ કરે છે અને રોગની વૃદ્ધિ કરે છે.[૧૨૦] એટલામાટે પોતાના ધર્મનો ત્યાગ કરીને પોતાના વંશનો નાશ કરાવવો નહિ, કારણ કે જે પોતાના ધર્મનો ત્યાગ કરે છે, તેના ઉપર ભગવાન્ સૂર્યનારાયણ કોપ કરે છે.[૧૨૧]

પુલસ્ત્યજી કહે છેઃ—એ પ્રમાણે ધર્મ સાંભળીને સુકેશિ, તે બ્રહ્મનિધિ મહર્ષિઓને પ્રણામ કરીને વારંવાર ધર્મનો વિચાર કરતો પોતાના નગરમાં ગયો.[૧૨૨]

इत्येवमुक्तो मुनिना सुकेशी प्रणम्य तान् ब्रह्मनिधीन्महर्षीन् ।
जगाम चोत्पत्य पुरं स्वकीयं मुहुर्मुहुर्धर्ममवेक्षमाणः ॥ १२२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સુકેશિ અનુશાસન' નામનો ચૌદમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૫ મો.

સૂર્ય પતન.

पुलस्त्य उवाच—ततः सुकेशी देवर्षे गत्वा पुरमनुत्तमम् ।
समाहूयाब्रवीत्सर्वान्राक्षसान्धार्मिकं वचः ॥ १ ॥

પુલસ્ત્ય કહે છેઃ—હે નારદ! ત્યાર પછી સુકેશિ પોતાના ઉત્તમ નગરમાં ગયો અને પછી સઘળા રાક્ષસોને બોલાવીને ધાર્મિક વચનો કહેવા લાગ્યો.[૧] હે રાક્ષસો! અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી તે), શૌચ (પવિત્રતા), ઇંદ્રિયસંયમ, દાન, દયા, ક્ષાન્તિ (ક્ષમા–સહનશીલતા), બ્રહ્મચર્ય, માનરહિતપણું,[૨] સત્ય અને મધુર વાણી, સત્કર્મોમાં સદા પ્રીતિ, અને પરલોકમાં સુખ આપનાર સદાચાર એટલાનું સેવન કરવું.[૩] એ પ્રમાણે આદિ પુરાતન ધર્મ ઋષિઓએ મને કહેલો છે. તે તમારે સર્વેએ કંઈપણ તર્ક કર્યા વગર પાળવો એમ તમને સર્વેને હું આજ્ઞા કરું છું.[૪]

પુલસ્ત્ય કહે છેઃ—પછી સુકેશિની આજ્ઞા પ્રમાણે તમામ રાક્ષસો મનમાં આનંદ પામતા તેર ગુણવાળો ધર્મ આચરવા લાગ્યા.[૫] આથી તે રાક્ષસો સારી રીતે વૃદ્ધિ પામવા લાગ્યા, અને સદાચારયુક્ત થઈને પુત્ર તથા પૌત્રવાળા થવા

લાગ્યા.[૬] તે પછી તે મહાત્મા રાક્ષસોના તેજને લીધે સૂર્ય, ચંદ્ર, અને નક્ષત્રો આગળ ચાલવાને પણ અશક્ત થઈ પડ્યા.[૭] અને હે બ્રહ્મન્! તે રાક્ષસનું નગર ત્રણે લોકમાં દિવસે સૂર્યના જેવું અને રાત્રિએ ચંદ્રના જેવું જણાવા લાગ્યું.[૮] એ નગરને લીધે આકાશમાં સૂર્યની ગતિ જણાતી નહતી, અને ચંદ્રના જેવા તેજને લીધે એ નગરને જ લોકો ચંદ્ર માનવા લાગ્યા.[૯] દિવસને રાત્રિ જાણીને સરોવરમાં કમળો દિવસે ખીલતાં નહિ, અને રાત્રિએ તે નગરને સૂર્ય જાણીને ખીલતાં હતાં.[૧૦] દિવસને જ રાત્રિ જાણીને ઘૂવડો દિવસે ફરવા નીકળતાં તેમને કાગડાઓ મારી નાંખતા.[૧૧] સ્નાતકો દિવસને જ રાત્રિ જાણીને નદીમાં જઈ કંઠ સૂધી પાણીમાં ઉભા રહી જપ કરતા હતા.[૧૨] તે નગરને જોવાથી રાત્રિ પડ્યા છતાં દિવસ છે એમ જાણીને ચક્રવાક પક્ષીઓ છૂટાં પડતાં નહિ.[૧૩] કોઇ ચક્રવાકે દિવસે પણ રાત્રિ જાણીને સ્ત્રીના વિયોગમાં નદીને કિનારે ફુંફાડા મારી મારીને પ્રાણનો ત્યાગ કર્યો.[૧૪] આ બધું જોઇને સૂર્ય ભગવાન્ કૃપાવંત થઇને પોતાનાં ઉષ્ણ કિરણોવડે જગતને તપાવવા લાગ્યા તથા અસ્ત થયા નહિ.[૧૫] બીજા ચક્રવાકો કહેવા લાગ્યા કે, કોઇ ચક્રવાક મરણ પામ્યો છે, તેની સ્ત્રી પતિના શોકથી મહાદુઃખી થઇને તપ કરે છે.[૧૬] તેણે પોતાના તપથી સૂર્ય ભગવાનને પ્રસન્ન કર્યાં છે તેથી ચંદ્રને જિતીને સૂર્યદેવ નિશ્ચે અસ્ત પામતા જ નથી.[૧૭] હે મહામુને! યજ્ઞ કરનારાઓ યજ્ઞશાળાઓમાં રાત્રિએ પણ ઋત્વિજોની સાથે યજ્ઞક્રિયા કર્યા કરતા હતા.[૧૮] મહાભાગવતો (ભકતો) દિવસે અને રાત્રિએ પણ વિષ્ણુની ભક્તિપૂર્વક પૂજા કરતા હતા. કોઇ બ્રહ્માની અને કોઇ શંકરની પૂજા કરતા હતા.[૧૯] કામી પુરુષો કહેતા હતા કે ચંદ્રે આ બહુ સારું કર્યું કે જેથી ચંદ્રપ્રકાશવાળી આ રમણીય રાત્રિ બનાવી મૂકી છે.[૨૦] બીજા કામીજનો કહેતા કે, અમે લોકના ગુરુ મહાયોગી ચક્રધર વિષ્ણુને લક્ષ્મી સાથે ચોમાસામાં મહા સુગંધીદાર ઉત્તમ પુષ્પોવડે પૂજેલા છે અને આ સર્વ કામનાઓને પૂર્ણ કરનારી અશૂન્યશયના દ્વિતીયાનું વ્રત કર્યું છે.[૨૧–૨૨] તેથી ભગવાને અતિ પ્રસન્ન થઇને આવું મહાભોગોવાળું ઉત્તમ અશૂન્ય શયનસુખ આપ્યું છે.[૨૩] બીજા કામીઓ કહેતા કે, ખરેખર આ તો, દેવી રોહિણીએ, ચંદ્રનો ક્ષય જોઇને રુદ્રને પ્રસન્ન કરવાને માટે પવિત્ર અક્ષયા અષ્ટમીને દિવસે વેદોક્ત વિધિથી મહાતપ કર્યું, તેથી શંભુએ પ્રસન્ન થઇને તેને ઇચ્છાનુસાર વરદાન આપ્યું માટે આ ચંદ્ર સ્થિર તપે છે.[૨૪–૨૫] બીજા કામીજનો કહેતા કે, ચંદ્રે અખંડ વ્રત કરીને શ્રીહરિને પ્રસન્ન કર્યા છે, તેથી તે આકાશમાં અખંડ શોભી રહ્યો છે.[૨૬] બીજાઓ કહેતા કે, ચંદ્રે અમિત તેજવાળા વિષ્ણુનાં ચરણકમળની પૂજા કરીને પોતાની રક્ષા કરી છે.[૨૭] તેથી આ ચંદ્ર સૂર્યનો પરાભવ કરીને આપણને આનંદ આપવા સૂર્યની પેઠ દિવસે પણ મહા તેજસ્વી શોભી રહ્યો છે.[૨૮] વળી કેટલાંક કારણોથી એમ પણ જણાય છે કે, ચંદ્રથી પરાભવ પામીને સૂર્ય હવે પહેલાંની પેઠ પ્રકશમાન

દેખાતો નથી.[૨૯] અથવા તો નક્કી સૂર્યોદય થયો છે, કેમકે ગુંજારવ કરતા ભમરાઓથી વ્યાપ્ત પ્રફુલ્લ કમળો શોભી રહ્યાં છે.[૩૦] અથવા એમ પણ જણાય છે કે જાણે પ્રતાપવાન ચંદ્ર ઉદય પામ્યો છે, કેમકે પ્રફુલ્લ પોયણીઓ શોભી રહી છે.[૩૧] હે નારદ! એ પ્રમાણે માણસોનાં સંભાષણ સાંભળીને સૂર્ય ભગવાન્ વિચાર કરવા લાગ્યા કે આ મનુષ્યલોક શુભાશુભ વાતો શા માટે કરે છે?[૩૨] એ પ્રમાણે વિચાર કરીને ભગવાન્ સૂર્યનારાયણે ધ્યાન ધરીને જોયું તો માલુમ પડ્યું કે આખું જગત્ રાક્ષસોવડે ગ્રસ્ત થઇ ગયેલું છે.[૩૩] પછી યોગ જાણનારા સૂર્ય ભગવાન્ નિશાચરોની વૃદ્ધિને તેજવડે ન સહન થઇ શકે એવી જાણીને વિચાર કરવા લાગ્યા.[૩૪] વળી સૂર્ય ભગવાને જાણ્યું કે તે સઘળા રાક્ષસો સદાચાર પાળનારા, પવિત્ર, દેવબ્રાહ્મણની પૂજામાં આસક્ત અને ધર્મિષ્ઠ છે.[૩૫] ત્યાર પછી રાક્ષસોરૂપી હાથીઓનો નાશ કરનાર, કિરણોરૂપી નખવાળા સૂર્યરૂપ સિંહ રાક્ષસોના નાશને માટે વિચાર કરવા લાગ્યા.[૩૬] સૂર્ય ભગવાનને વિચાર કરતાં જણાયું કે રાક્ષસો ધર્મથી ભ્રષ્ટ થાય એ જ તેમના નાશનું છિદ્ર છે.[૩૭] શત્રુનાશક સૂર્ય નારાયણે ક્રોધ કર્યો એટલે તેમના ભયથી રાક્ષસોનું નગર ઇચ્છા પ્રમાણે નષ્ટ થઇ ગયુ.[૩૮] ક્રોધથી લાલ થઇ ગયેલી આંખોવાળા સૂર્યદેવે પછી તે નગર તરફ જોયું એટલે તે, જેમ પુણ્યનો ક્ષય થવાથી કોઇ તારો ખરે તેમ, આકાશમાંથી નીચે પડ્યું.[૩૯] નગરની આવી અવસ્થા જોઇને પછી સુકેશિ 'શંકરને નમસ્કાર, શંકરને નમસ્કાર.' એમ ઊંચેથી ધાંટો કાઢીને બોલવા લાગ્યો.[૪૦] તેના એવા બરાડા સાંભળીને આકાશમાં ફરનારા દેવો ને ચારણો હાહાકાર કરીને કહેવા લાગ્યા કે અરે, શિવભક્ત પડ્યો![૪૧]

તે ચારણોનાં વચન સાંભળીને અવિનાશી શંકર ભગવાન્ વિચાર કરવા લાગ્યા કે, આ મારા ભક્તને કોણે જમીન ઉપર પાડી નાંખ્યો?[૪૨] દેવપતિ સૂર્ય ભગવાને તે પુરને જમીન ઉપર પાડ્યું છે એમ જાણીને ત્રિલોચન શિવજી બહુ ક્રોધાયમાન થયા.[૪૩] અને ક્રોધિત થઈને મહાદેવજીએ સૂર્ય તરફ જોયું. એટલે સૂર્ય તુરત આકાશમાંથી નીચે જમીન ઉપર તૂટી પડ્યા.[૪૪] યંત્રમાંથી કોઈ પત્થર તૂટીપડે તેમ, આકાશમાંથી છૂટો પડેલો સૂર્ય પવનથી સેવાયલા માર્ગમાં થઇને એકાએક નીચે પડ્યો.[૪૫] અને એ વાયુના માર્ગમાંથી છૂટીને, કિન્નર તથા ચારણોથી વિટાયલા, કેશુડાં જેવા શરીરવાળા સૂર્ય ભગવાન્ અંતરિક્ષમાંથી નીચે પડ્યા.[૪૬] આકાશમાંથી પડતી વખતે કિરણોથી વિટાયલા સૂર્યનારાયણ, તાડ ઉપરથી જેમ વાંદરાએ તોડી પાડેલું અડધુ પાકેલું ફળ પડે તેવા શોભતા હતા.[૪૭] "જો કલ્યાણની ઇચ્છા હોય તો હરિક્ષેત્રમાં પડ", એમ ઋષિઓએ સૂર્યદેવને કહ્યું, ત્યારે સૂર્યદેવે તે તપના ભંડાર જેવા ઋષિઓને પૂછ્યું કે,[૪૮] તે પવિત્ર હરિક્ષેત્ર કયું છે, તે મને જલદી કહો. ત્યારે મુનિઓએ સૂર્યને કહ્યું કે મહાફળવાળા તે ક્ષેત્રની વાત સાંભળો.[૪૯] હાલમાં વાસુદેવ ભગવાનનું અને હવેપછી ભવિષ્યમાં શંકર

ભગવાનનું તે ક્ષેત્ર, યોગશાયી ભગવાનથી આરંભીને કેશવના દર્શન પર્યંતનું છે; તે પવિત્ર હરિક્ષેત્ર તે વારાણુસી (કાશી) નામનું નગર છે.[૫૦] એ સાંભળીને શંકરના નેત્રથી સંતાપ પામેલા સૂર્ય ભગવાન્ વરણુા અને અસી એ બે નદીઓના મધ્યભાગમાં પડ્યા.[૫૧] સૂર્ય ભગવાન્ શિવનેત્રથી દગ્ધ થતા પોતાની ઇચ્છા પ્રમાણે પછી વરણુા નદીમાં નિમગ્ન થઈ ડુબકા ખાવા લાગ્યા.[૫૨] અને પછી કોઇ વખત વરણુામાં અને કોઇ વખત અસી નદીમાં જઇને મહાદેવજીના નેત્રના અગ્નિથી બળતા અલાતચક્રની માફક ભ્રમણુ કરવા લાગ્યા.[૫૩] એ વખતે હે બ્રહ્મન્! ઋષિઓ, રાક્ષસો, યક્ષો, નાગો, વિદ્યાધરો, પક્ષીઓ, અપ્સરાઓ,[૫૪] અને સૂર્યના રથમાં જેટલા ભૂત પ્રેત હતા તે સઘળા આ વૃત્તાન્ત કહેવાને બ્રહ્મલોકમાં ગયા.[૫૫] એટલે પછી બ્રહ્મા દેવતાઓને સાથે લઇને રમ્ય મંદરાચળ પર્વત ઉપર સૂર્યની હકીકત કહેવા મહાદેવજી પાસે ગયા.[૫૬] ત્યાં જઇને દેવાધિદેવ શૂલપાણિ મહાદેવજીનાં દર્શન કરી તેમને પ્રસન્ન કર્યાં, અને પછી સૂર્યને માટે મહાદેવજીને કાશીપુરીમાં લઈ આવ્યા.[૫૭] ત્યાં આવીને મહાદેવજીએ સૂર્યને હાથમાં લઇને તેમનું લોલ એવું નામ પાડીને ફરીથી પાછા રથમાં બેસાડ્યા.[૫૮] સૂર્યને રથમાં બેસાડ્યા પછી બ્રહ્મા સુકેશિ પાસે આવ્યા, અને તેને તેનાં સગાંવહાલાં અને તેના નગર સાથે ફરી પાછો અતરિક્ષમાં સ્થાપન કર્યો.[૫૯] એ પ્રમાણે સુકેશિને સ્થાપન કરીને, મહાદેવજીને મળીને, અને કેશવ ભગવાનને પ્રણામ કરીને પછી બ્રહ્માજી પોતાના લોકમાં ગયા.[૬૦] હે નારદ! એ પ્રમાણે સૂર્ય ભગવાને પહેલાં સુકેશિના નગરને પૃથ્વી ઉપર પાડી નાંખ્યું હતું અને સૂર્ય પણુ શંકરના નેત્રના અગ્નિનો તાપ જોઇને બળતા બળતા જમીન ઉપર પડ્યા હતા.[૬૧] પછી શંકરે ફરીથી પાછા સૂર્યને જગતમાં પ્રકાશ આપવાને માટે રથમાં મૂકયા હતા. અને બ્રહ્માએ સુકેશિ રાક્ષસને તેના સગાં અને નગર સાથે પાછો આકાશમાં સ્થાપિત કર્યો હતો.[૬૨]

आरोपितो [illegible]वेन, भूयोऽपि भानुः प्रतिभासनाय ।
स्वयंभुवा चापि निशाचरेंद्रस्त्वारोपितः खे सपुरः सबन्धुः ॥ ६२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે સુકેશિચરિતે ‘લોલાર્ક જનન’
નામનો પંદરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૬ મો.

અશૂન્ય શયન વ્રત.

नारद उवाच—यानेतान्भगवानाह कामिभिः शशिनं प्रति ।
आराधनाय देवाभ्यां हरीशाभ्यां वदस्व तान् ॥ १ ॥

નારદ કહે છેઃ—આપે પહેલાં કહ્યું હતું કે, ચંદ્રે વિષ્ણુ તથા શંકર ભગવાનની આરાધનાને માટે વ્રતો કર્યાં હતાં એમ કામીજનો કહેતા હતા, તો તે વ્રતો કયાં કયાં તે મને કહો.[૧]

પુલસ્ત્ય કહે છેઃ—હે કલિપ્રિય! મહાદેવજી તથા કેશવ ભગવાનની ઉપાસનાને માટે કામીજનોએ જે પુણ્ય વ્રતો કહ્યાં હતાં તે સાંભળો.[૨] સૂર્ય ભગવાન્ જ્યારે આષાઢી (એકાદશી) ને પ્રાપ્ત થઇને ઉત્તરાયણથી દક્ષિણાયનમાં પ્રયાણ કરે છે, ત્યારે દેવેશ લક્ષ્મીપતિ ભગવાન્ શેષનાગ ઉપર શયન કરે છે.[૩] એ વિષ્ણુ ભગવાન્ જ્યારે શયન કરે છે ત્યારે દેવો, ગંધર્વો, ગુહ્યકો, દેવતાઓની માતૃકાઓ, એ સૌ અનુક્રમે શયન કરે છે.[૪]

નારદ કહે છેઃ—જનાર્દન પ્રમુખ સર્વે દેવોના શયનની જે ઉત્તમ વિધિ હોય તે બધી મને અનુક્રમે કહો.[૫]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—હે તપોધન! જ્યારે મિથુનાભિમુખ સૂર્ય થાય છે, ત્યારે (આષાઢ મહિનામાં) શુકલ પક્ષની એકાદશીને દિવસે શેષનાગની ફણા ઉપર શય્યા રચીને વિષ્ણુ ભગવાન શયન કરે છે. પછી બારસને દિવસે કેશવ ભગવાનનું પૂજન કરીને અને સારી રીતે બ્રાહ્મણોનું પૂજન કરીને તથા બ્રાહ્મણોની અનુજ્ઞા લઈ, પવિત્ર થઇને પીતાંબરધર પ્રભુ, નિરાંતે જ્યારે પોઢે છે, ત્યારે તેરશને દિવસે સુગંધીદાર કદંબપુષ્પોની શય્યા રચીને કામદેવ શયન કરે છે.[૬—૯] ચૌદશને દિવસે યક્ષો, સોનાનાં કમળો વડે બનાવેલી શીતલ પથારી ઉપર સુખથી શયન કરે છે.[૧૦] પૂનમને દિવસે મહાદેવજી, વાઘનાં ચામડાંની પથારી કરીને અને બીજાં ચામડાંથી જટાનો ભારો બાંધીને શયન કરે છે.[૧૧] ત્યાર પછી સૂર્ય, કર્કરાશિમાં જાય છે. અને પછી દક્ષિણાયન થાય છે એટલે દેવતાઓની રાત્રિ પડે છે.[૧૨] હે અનઘ! પછી પડવાને દિવસે બ્રહ્માજી, લોકોને ઉત્તમ માર્ગ બતાવતા નીલોત્પલ કમળની શય્યા ઉપર શયન કરે છે.[૧૩] બીજને દિવસે વિશ્વકર્મા, ત્રીજને દિવસે પાર્વતીજી, ચોથને દિવસે ગણપતિ, પાંચમને દિવસે ધર્મરાજા,[૧૪] છઠ્ઠને દિવસે કાર્તિકસ્વામી, સાતમને દિવસે સૂર્ય ભગવાન્, આઠમને દિવસે કાત્યાયની અને નવમીને દિવસે લક્ષ્મીજી શયન કરે છે.[૧૫] હે બ્રહ્મન્! દશમને દિવસે વાયુનું ભોજન કરનારા સર્પો અને કૃષ્ણપક્ષની એકાદશીને દિવસે સાધ્યદેવો શયન કરે છે.[૧૬] હે મુને! આષાઢ વગેરે મહિનાઓમાં એ પ્રમાણે દેવો શયન કરે છે, તેનો ક્રમ મેં તમને કહ્યો. એમ બધા દેવો શયન કરે છે એવામાં ચોમાસું આવે છે.[૧૭] હે ઋષિપુંગવ! તે વખતે બગલાઓ પોતાની સ્ત્રીઓ સાથે મોટા પર્વતો ઉપર ચઢે છે, અને કાગડાઓ પણ પોતાના માળાઓ બનાવે છે.[૧૮] એ ઋતુમાં કાગડી ગર્ભના ભારથી આળસુ થઇને શયન કરે છે, અને એ તિથિએ, પ્રજાપતિ વિશ્વકર્મા પણ શયન કરે છે,[૧૯] તે દ્વિતીયા તિથિ અતિપવિત્ર, પુણ્યકારક, કલ્યાણ આપનારી, અને શયનને માટે યોગ્ય કહેલી છે. તે તિથિએ લક્ષ્મીજીએ સહિત અને પલંગ ઉપર સૂતેલા એવા શ્રીવત્સચિન્હવાળા ચતુર્ભુજ ભગવાનની ગંધપુષ્પવડે પૂજા કરીને પછી બુદ્ધિમાન મનુષ્યે શય્યા ઉપર તે દેવને માટે નાના પ્રકારનાં સુગંધી ફળો ધરાવી શ્રીમધુસૂદન ભગવાનની આ પ્રમાણે પ્રાર્થના કરવી.[૨૦—૨૧] "હે

ત્રિવિક્રમ! હે અનંત! હે જગન્નિવાસ! જેવી રીતે તમે લક્ષ્મીથી કદાપિ વિયોગી રહેતા નથી, તે પ્રમાણે તમારા પ્રસાદથી અમારું પણ શયન કદાપિ શૂન્ય ન રહો.[૨૨] હે દેવ! હે સુરેશ! જેમ તમારું શયન લક્ષ્મીજીથી શૂન્ય કોઈ દિવસ રહેતું નથી, તે પ્રમાણે, હે અમિતવીર્ય વિષ્ણો! તે સત્યના બળથી મારો ગૃહસ્થાશ્રમ ભંગ ન થાઓ."[૨૩] હે દેવર્ષે! એ પ્રમાણે વિષ્ણુ ભગવાનની વારંવાર પ્રાર્થના કરીને તેમને પ્રસન્ન કરવા, અને પછી તેલ તથા ક્ષાર વગરનું રાત્રિએ ભોજન કરવું.[૨૪] બીજે દિવસે ઉત્તમ બ્રાહ્મણને ફળનું દાન કરવું, અને પછી 'लक्ष्मीधरः प्रीयतां मे લક્ષ્મીધર મને પ્રસન્ન થાઓ' એ પ્રમાણે બોલીને ફળનું નૈવેદ્ય કરવું.[૨૫] પછી જ્યાંસુધી વૃશ્ચિક રાશિના સૂર્ય થાય ત્યાંસુધી આ વિધિથી ચાતુર્માસ્ય વ્રત કરવું.[૨૬] ત્યાર પછી હે મુને! દેવતાઓ એક પછી એક અનુક્રમે જાગે છે. તુલારાશિના સૂર્ય થાય છે ત્યારે પ્રથમ વિષ્ણુ ભગવાન્ જાગે છે. અને પછી કામદેવ જાગે છે.[૨૭] એ દ્વિતીયાને દિવસે આસ્તરણ (ચાદર) સહિત શય્યા અને લક્ષ્મીધર (વિષ્ણુ) ની મૂર્તિનું દાન પોતાની શક્તિ પ્રમાણે કરવું.[૨૮] હે મહામુને! આ વ્રત પ્રથમ જ મેં તમારી આગળ કહ્યું છે. એ વ્રત કરવાથી આ લોકમાં કદાપિ કોઈ વસ્તુનો વિયોગ થતો નથી.[૨૯] ભાદ્રપદ માસની કૃષ્ણ પક્ષની અષ્ટમીને દિવસે મૃગશિર નક્ષત્ર હોય તો તે કાલાષ્ટમી કહેવાય છે.[૩૦] તે દિવસે શંકર ભગવાન્ સર્વ લિંગોમાં શયન કરે છે. માટે તેની પાસે રહીને પૂજા કરવામાં આવે તે અક્ષય ગણાય છે.[૩૧] તે દિવસે વિદ્વાન પુરુષે ગોમૂત્ર અને જળથી સ્નાન કરીને ધંતુરાના ફૂલથી શંકર ભગવાનની પૂજા કરવી.[૩૨] કેસરનો ધૂપ કરવો અને મધ તથા ઘીનું નૈવેદ્ય કરવું. પછી 'વિરૂપાક્ષ મને પ્રસન્ન થાઓ.' એમ બોલીને તે નૈવેદ્ય તથા સુવર્ણદક્ષિણા બ્રાહ્મણને આપવાં. પછી હે દ્વિજોત્તમ! તેજ પ્રમાણે આશ્વિન માસમાં ઉપવાસ કરીને તથા જિતેંદ્રિય થઇને નવમીને દિવસે ગાયના છાણથી સ્નાન કરીને કમળના પુષ્પથી પૂજા કરવી તથા સર્જનો ધૂપ કરવો અને મધ તથા લાડુનું નૈવેદ્ય કરવું.[૩૩-૩૫] આઠમને દિવસે ઉપવાસ કરવો અને નવમીને દિવસે સ્નાન કરીને 'હિરણ્યાક્ષ મારા ઉપર પ્રસન્ન થાઓ' એમ બોલીને તલ સહિત દક્ષિણા આપવી.[૩૬] કાર્તિક માસમાં દૂધથી સ્નાન કરવું અને કરેણનાં ફૂલથી પૂજા કરવી, દેવદારનો ધૂપ કરવો અને મધ તથા દૂધપાકનું નૈવેદ્ય કરવું.[૩૭] નૈવેદ્ય સહિત બ્રાહ્મણને રૂપાંનું દાન કરવું, અને તે વખતે 'મારા ઉપર ભગવાન્ સ્થાણુ પ્રસન્ન થાઓ" એમ મધુર શબ્દોથી બોલવું.[૩૮] માગશર મહિનામાં આઠમને દિવસે ઉપવાસ કરવો અને નવમીને દિવસે સ્નાન કરવું. અને દહીંથી શંકરની પૂજા કરવી.[૩૯] બીલીનો ધૂપ કરવો અને મધ સાથે લાલ ચોખાનું નૈવેદ્ય કરવું તથા દક્ષિણા આપવી.[૪૦] તે વખત 'શર્વ ભગવાન્ મને પ્રસન્ન થાઓ' એ પ્રમાણે બોલવું. પોષ માસમાં ઘીથી સ્નાન કરવું તથા તગરનાં ઉત્તમ ફૂલથી પૂજા કરવી.[૪૧] મહુડાના ગુંદરનો ધૂપ કરવો, મધ અને

સકતુક (સાથવો) નું નૈવેદ્ય કરવું, અને જગદ્‌ગુરુની પ્રસન્નતાને માટે, મુદ્રા (મહોર)ની દક્ષિણા આપવી.[૬૨] તે વખતે 'હે દેવેશ! હે ત્ર્યંબક! તમને નમસ્કાર છે.' એમ ઉચ્ચાર કરવો. માઘ માસમાં કુશોદક (દર્ભ નાંખેલું પાણી)થી સ્નાન કરવું અને કુમુદના પુષ્પથી શંકરની પૂજા કરવી.[૬૩] કદંબના ગુંદરનો ધૂપ કરવો, તલ નાંખેલા ભાતનું નૈવેદ્ય કરવું અથવા દૂધપાકનું નેવેદ્ય કરવું અને સુવર્ણનું દાન કરવું.[૬૪] તે વખતે 'ઉમાપતિ મહાદેવ મને પ્રસન્ન થાઓ' એમ ઉચ્ચાર કરવો. એ પ્રમાણે છ માસ પછી વ્રતની સમાપ્તિ કહેલી છે. વ્રત સમાપ્તિ વખતે શકર ભગવાનને આ રીતે ક્રમે ક્રમે સ્નાન કરાવવું.[૬૫] ગોરોચના સહિત ગોળનો મહાદેવજીને સ્પર્શ કરાવીને પૂજા કરવી. તે વખતે બોલવું કે 'હું દીન છું, મારા ઉપર પ્રસન્ન થાઓ, અને મારા અયોગ્ય શોકનો નાશ કરો.'[૬૬]

હે દ્વિજશ્રેષ્ઠ! ત્યાર પછી ફાગણ મહિનામાં કૃષ્ણપક્ષની આઠમને દિવસે ઉપવાસ કરવો, એમ વ્રત કરનારા ઋષિઓએ કહ્યું છે.[૬૭] પછી બીજે દિવસે પંચગવ્યથી સ્નાન કરવું. અને કુંદનાં પુષ્પોથી પૂજા કરવી તથા ચંદનનો ધૂપ કરવો.[૬૮] તાંબાના પાત્રમાં ગોળ, ઘી અને ચોખાનું નૈવેદ્ય કરવું. અને હે મુને! નૈવેદ્ય સાથે બ્રાહ્મણોને દક્ષિણા આપવી.[૬૯] રુદ્રના નામનો ઉચ્ચાર કરીને વસ્ત્રની જોડનું દાન તેમની પ્રસન્નતાને માટે કરવું. ચૈત્રમાસમાં ઉદુંબર (ઉમરો)ના પાણીથી સ્નાન કરવું ને મંદારનાં ફૂલોથી પૂજા કરવી.[૫૦] ઘી અને ગુગલનો ધૂપ કરવો અને ઘી નાંખીને બનાવેલા લાડુનું નેવેદ્ય કરવું.[૫૧] હે નારદ! 'હે નાગેશ્વર! તમને નમસ્કાર છે' એમ બોલીને નૈવેદ્ય સાથે મૃગચર્મની દક્ષિણા આપવી.[૫૨] શ્રદ્ધાપૂર્વક શંકરને પ્રસન્ન કરવા. વૈશાખ માસમાં સુગંધી ફૂલો નાંખેલા પાણીથી સ્નાન કરવું.[૫૩] આંબાના મોરથી શંકરની પૂજા કરવી. સર્જવૃક્ષના રસનો ધૂપ કરવો અને ઘી તથા ફળોનું નૈવેદ્ય કરવું.[૫૪] શાલઘ્ન એવા શંકરના નામનો જપ કરવો અને નૈવેદ્ય સહિત જળથી ભરેલા ઘડાઓનું બ્રાહ્મણોને દાન કરવું.[૫૫] શંકરમાં એકચિત્ત થઇને તથા શંકર પરાયણ થઇને વસ્ત્રો તથા અન્નનું દાન કરવું. જેઠ માસમાં સ્વચ્છ પાણીથી સ્નાન કરવું તથા આંકડાના ફૂલથી પૂજા કરવી.[૫૬] સંપત્તિ આપનાર વૃષભધ્વજ રુદ્રનેત્ર (શંકર) ભગવાનની પૂજા કરવી અને ઘી તથા દહીં મિશ્રિત સાથવાનું નૈવેધ કરવું.[૫૭] ભક્તિપૂર્વક જોડા તથા છત્રીનું દાન કરવું અને 'હે ભગનેત્રઘ્ન! પૂષ્ણોદંતવિનાશન! તમને નમસ્કાર છે.' એમ ઉચ્ચાર કરવો.[૫૮] જગત્પતિની પ્રસન્નતાને માટે ભક્તિપૂર્વક એ પ્રમાણે ઉચ્ચાર કરવો. આષાઢ માસમાં શ્રીફળના જળથી સ્નાન કરવું તથા ધોળા ધંતુરાના પુષ્પથી પૂજન કરવું અને લોબાનનો ધૂપ કરવો. ઘી સાથે આપૂપ (પુડા)નું નેવેદ્ય કરવું અને ઘી તથા જવનું દાન કરી દક્ષિણા આપવી.[૫૯—૬૦] તે વખતે 'હે દક્ષયજ્ઞનો ભંગ કરનાર શંકર ભગવાન્! તમને નમસ્કાર છે.' એ પ્રમાણે ઉંચે સ્વરે બોલવું. શ્રાવણ માસમાં ભાંગરાના પાણીથી સ્નાન કરી શંકરની પૂજા કરવી.[૬૧]

બીલીનાં ફૂલ તથા ફળથી પૂજા કરીને અગુરુનો ધૂપ કરવો. અને ઘી, દહીં તથા લાડુનું નૈવેદ્ય કરવું.[૬૨] વળી દહીં, ચોખા, કંસાર, અડદ, અને પુરીઓનું નૈવેદ્ય કરવું તથા દક્ષિણા અને ધોળો બળદ તથા કપિલા ગાયનું દાન કરવું.[૬૩] લાલ લૂગડું અને સોનું બ્રાહ્મણને આપવું. અને શંકરના ગંગાધર એ નામનો જપ કરવો.[૬૪] આ પ્રમાણે બીજા ૭ માસના વ્રતની સમાપ્તિ સમજવી. એ રીતે આખું વર્ષ શંકરની પૂજા કરવી.[૬૫] મહેશ્વરનું વચન છે કે એ પ્રમાણે પૂજન કરવાથી અક્ષય્ય લોકની પ્રાપ્તિ થાય છે. હે દેવર્ષે! રુદ્ર ભગવાને જાતે સર્વ પાપનો નાશ કરનારું પુણ્યકારક અને શુભ એવું આ વ્રત કહેલું છે. તે આમજ છે, બીજી રીતે નથી.[૬૬]

इदमुक्तं व्रतं पुण्यं सर्वपाप रं शुभम् ।
स्वयं रुद्रेण देवर्षे तत्तथा न तदन्यथा ॥ ६६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'અશૂન્યશયના દ્વિતીયા અને કાલાષ્ટમી વ્રત વર્ણન' નામનો સોળમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૭ મો.

વૃક્ષોની ઉત્પત્તિ તથા વૈષ્ણવપંજર સ્તોત્ર.

पुलस्त्य उवाच—मासिचाश्वयुजि ब्रह्मन्य । पद्मं प्रजापतेः ।
नाभ्यानिर्याति हि तदा देवानामन्यथाभवन् ॥ १ ॥

પુલસ્ત્ય કહે છેઃ—હે બ્રહ્મન્! આશ્વિન માસમાં જે સમયે પ્રજાપતિની નાભિથી કમળ નીકળ્યું હતું, તે સમયે દેવતાઓનાં ઉદ્યાનો પણ થયાં હતાં.[૧] કામદેવના હાથના અગ્રભાગથી મનોહર એવા કદંબ વૃક્ષની ઉત્પત્તિ થઈ છે, માટે કદંબના ઉપર કામદેવની અત્યંત પ્રીતિ છે.[૨] હે નારદ! યક્ષોના અધિપતિ મણિભદ્રથી વડનું વૃક્ષ ઉત્પન્ન થયું છે, માટે વડ ઉપર તેની ઘણી પ્રીતિ છે.[૩] મહાદેવજીના હૃદયમાંથી સુંદર શાખાઓવાળા ધંતુરાની ઉત્પત્તિ થઈ છે, માટે મહાદેવજીને ધંતુરાની ઉપર હંમેશાં પ્રીતિ છે.[૪] બ્રહ્માના શરીરના મધ્યભાગમાંથી મરકતમણિના જેવા તેજવાળા અને કાંટાવાળા ખદિર વૃક્ષ (ખેર) ની ઉત્પત્તિ થઈ છે, બ્રહ્માજીને તે વધારે પ્રિય છે.[૫] પાર્વતીજીના હાથની હથેલીઓમાંથી કુંદ (મોગરા) ના વેલાની ઉત્પત્તિ થઈ છે, અને ગણપતિના કુંભસ્થળમાંથી સિંધુવારક વૃક્ષની ઉત્પત્તિ થઈ છે.[૬] યમરાજના જમણા પડખામાંથી પાલાશ (ખાખરો) વૃક્ષ, અને ડાબા પડખામાંથી જગતને ક્ષોભ કરનાર, અવિનાશી અને ભયંકર એવો કાળો ઉદુંબર (ગુલર) ઉત્પન્ન થયો છે. કાર્તિકસ્વામીના હાથમાંથી બંધુજીવ (બપોરીયો), સૂર્યના હાથમાંથી પીપળો, કાત્યાયનીના હાથમાંથી શમીવૃક્ષ, અને લક્ષ્મીજીના હાથમાંથી બીલીના વૃક્ષની ઉત્પત્તિ થઈ છે. હે બ્રહ્મન્! નાગોના મુખમાંથી શરસ્તંબની ઉત્પત્તિ થઈ છે, અને વાસુકિની

વિશાળ પીઠ તથા પૂછડીમાંથી કાળી અને ધોળી દૂર્વા ઉત્પન્ન થઈ છે.[૭–૯] સાધ્ય દેવોના હૃદયમાંથી લીલું ચંદનવૃક્ષ ઉત્પન્ન થયું છે. એ પ્રમાણે જે જે દેવતાઓથી જે જે વૃક્ષની ઉત્પત્તિ થઈ છે, તેની તે તે વૃક્ષમાં પ્રીતિ હોય છે.[૧૦] તે રમણીય શુભ કાળમાં એટલે આશ્વિન માસની શુકલ પક્ષની એકાદશીને દિવસે વિષ્ણુની પૂજા કરવી, તેથી અખંડ અને ઉર્જિત (બળવાન) થવાય છે.[૧૧] પત્ર, પુષ્પ, ફળવડે તથા સુગંધીદાર, સારા રંગવાળી, અને રસવાળી મુખ્ય ઔષધિઓ વડે શરદ્ ઋતુ આવે ત્યાં સુધી પૂજા કરવી.[૧૨] ઘી, તેલ, ડાંગર, જવ, સોનું, મણિ, મુક્તા, પ્રવાલ, વિવિધ જાતનાં વસ્ત્ર,[૧૩] ગળ્યો, કડવો, ખાટો, તુરો, ખારો, તીખો એ છ રસ, એ વગેરે જે પદાર્થો ધરાવવા યોગ્ય છે તે બધા અખંડ ધરાવવા.[૧૪] તેમની (વિષ્ણુની) પૂજાને માટે મહાત્મા કેશવ ભગવાનને આખું વર્ષ પૂરું થાય ત્યાં સુધી બીજાને પણ દાન કરવું એથી ઘર પણ અખંડ થાય.[૧૫] હે દેવર્ષે! વ્રતના આરંભે ઉપવાસ કરીને પછી બીજે દિવસે જે દ્રવ્યથી સ્નાન કરે, તેનાથી આખું વર્ષ અખંડિતપણે સ્નાન કરવું.[૧૬] સિદ્ધાર્થકથી અથવા તલથી સ્નાન કરવું, અને શરીરને મર્દન પણ તેનાથી જ કરવું. વિષ્ણુ ભગવાનને ઘીથી સ્નાન કરાવવું.[૧૭] હોમ પણ તેનાથી જ કરવો, અને શક્તિ પ્રમાણે દાન કરવું. પગથી મસ્તક પર્યન્ત આરંભીને કેશવ ભગવાનની પુષ્પોથી પૂજા કરવી.[૧૮] વિવિધ પ્રકારના જે ધૂપથી ધૂપ કરે, તેનાથી જ આખું વર્ષ પૂજા કરવી. સોનું, રત્ન અને વસ્ત્રથી જગદ્ગુરુ શ્રીવિષ્ણુની પૂજા કરવી.[૧૯] રાગ, ખાંડવ, ચોષ્ય, અને હવિષ્ય દ્રવ્યોનું નૈવેદ્ય કરવું. એ રીતે જગદ્ગુરુ પદ્મનાભની પૂજા કરવી.[૨૦] હે સુંદર વ્રતધારી મુનિશ્રેષ્ઠ! પછી આ પ્રમાણે મંત્રો બોલીને તેમની પ્રાર્થના કરવી, "હે પદ્મનાભ! હે લક્ષ્મીપતિ! હે મહાદ્યુતિ! તમને નમસ્કાર છે.[૨૧] હે કેશવ! મારા ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ અખંડ થાઓ. હે પ્રફુલ્લ કમળના જેવી આંખવાળા! તમે જેમ સર્વત્ર અખંડ છો,[૨૨] તેમ હે કેશવ! તે સત્યથી મારા ધર્મ વગેરે પદાર્થો અખંડ થાઓ." એ પ્રમાણે આખું વર્ષ જિતેન્દ્રિય રહીને તથા ઉપવાસ કરીને,[૨૩] હે બ્રહ્મન્! સર્વે વસ્તુઓમાં તે વ્રત અખંડ પાળવું. આ વ્રત કરવાથી સર્વે દેવતાઓ સંતુષ્ટ થાય છે.[૨૪] ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરે સઘળા પદાર્થો મળે છે. આ પ્રમાણે મેં તમને જે વ્રતો કહ્યાં, તે કામીજનોએ કહેલાં છે.[૨૫] હવે પરમ પવિત્ર વૈષ્ણવપંજર સ્તોત્ર કહું છું: "હે દેવેશ! તમને વારંવાર નમસ્કાર છે. તમે સુદર્શન ચક્ર ગ્રહણ કરીને,[૨૬] પૂર્વ દિશામાં મારું રક્ષણ કરો. હે વિષ્ણો! હું તમારે શરણે આવેલો છું. તમે કૌમોદકી ગદા ધારણ કરીને, હે પદ્મનાભ! હે અપાર પ્રકાશવાળા![૨૭] દક્ષિણ દિશામાં મારું રક્ષણ કરો. હે વિષ્ણો! હું તમારે શરણે આવેલો છું. હે પુરુષોત્તમ! તમને નમસ્કાર છે. તમે ગદાસહિત પદ્મ ધારણ કરીને,[૨૮] પશ્ચિમ દિશાએ મારું રક્ષણ કરો. હે વિષ્ણો! હું તમારે શરણે આવેલો છું. હે પુંડરીકાક્ષ! શત્રુનાશક મુશળ ધારણ કરીને ઉત્તર દિશાએ મારું રક્ષણ કરો. હે જગન્નાથ! હું

આપને શરણે આવેલો છું. હે હરે! શાર્ઙ્ગધનુષ તથા નારાયણાસ્ત્ર ધારણ કરીને,૨૯-૩૦ ઇશાન દિશાએ મારું રક્ષણ કરો. હે રક્ષોઘ્ન! તમને નમસ્કાર છે. હું તમારે શરણે આવેલો છું. પાંચજન્ય નામના મહાશંખને વગાડીને અને કમળને ધારણ કરીને હે વિષ્ણો! હે યજ્ઞસૂકર! અગ્નિ દિશામાં મારું રક્ષણ કરો. સો સૂર્યના જેવું પ્રકાશિત કવચ ધારણ કરીને અને ઢાલ સહિત ખડ્ગ ધારણ કરીને,૩૧-૩૨ હે દિવ્યમૂર્ત્તિ! હે નરસિંહ! નૈર્ઋત્ય દિશાએ મારું રક્ષણ કરો. વૈજયંતી માળા અને શ્રીવત્સનું કંઠભૂષણ ધારણ કરીને,૩૩ વાયવ્ય દિશાએ મારું રક્ષણ કરો. હે દેવ! હે હયગ્રીવ! તમને નમસ્કાર છે. હે જનાર્દન! ગરુડ ઉપર ચઢીને અંતરિક્ષમાં મારી રક્ષા કરો. હે અજિત! અપરાજિત! તમને નમસ્કાર છે. વિશાલાક્ષ ઉપર સ્વારી કરીને રસાતલમાં મારી રક્ષા કરો.૩૪-૩૫ હે સમુદ્રમૂર્તિ! હે મહામીન તમને નમસ્કાર છે. હાથ, મસ્તક, પગ વગેરેમાં અષ્ટભુજાનું પંજર બનાવીને હે દેવ! હે પુરુષોત્તમ! મારું રક્ષણ કરો. તમને નમસ્કાર છે. હે દ્વિજોત્તમ! આ મહા વૈષ્ણવપંજર સ્તોત્ર પૂર્વે ભગવાન્ મહાદેવજીએ દેવી કાત્યાયનીને રક્ષાને માટે કહ્યું હતું. એના પ્રભાવથી તે દેવીએ મહિષાસુર, નમર, રક્તબીજ વગેરે ઘણા દૈત્યોનો નાશ કર્યો હતો.૩૬-૩૮

નારદજી કહે છે—એ મહિષાસુર કોણ હતો અને રક્તબીજ વગેરે કોણ હતા? એ કાત્યાયની કોણ હતી કે જેણે મહિષાસુર, નમર, રક્તબીજ અને બીજા દૈત્યોને માર્યા હતા? મહિષાસુર શી જાતે હતો? ક્યાં ઉત્પન્ન થયો હતો અને કોનાથી ઉત્પન્ન થયો હતો?૩૯-૪૦ રક્તબીજ કોણ હતો? નમર કોનો પુત્ર હતો? હે તાત! એ સૌ વિસ્તારથી જેમ હોય તેમ મને કહો.૪૧

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હું પાપને નાશ કરનારી એવી એ કથા કહું છું તે સાંભળો. હે મુને! એ કાત્યાયની તે સર્વદા વરદાયિની દુર્ગા છે.૪૨ પૂર્વકાળમાં જગતને ક્ષોભ કરનારા મહાક્રૂર સ્વભાવના રંભ તથા કરંભ નામના મહાબળવાન બે દૈત્યો હતા.૪૩ હે દેવર્ષે! તે બને અપુત્ર હતા. તેમણે પુત્રને માટે પંચનદના જળમાં બેસીને બહુ વર્ષ સુધી તપ કર્યું.૪૪ એક જળમાં બેસી રહ્યો અને બીજાએ પંચાગ્નિમાં તપ કરવા માંડ્યું. તેમણે માલવટ નામના યક્ષનું આરાધન કરવા માંડ્યું હતું.૪૫ પછી ઇંદ્રે આવીને મગરનું રૂપ લઈને પાણીમાં બેઠેલા એકને પગમાંથી પકડી ખેંચી જઇને મારી નાંખ્યો.૪૬ આથી પોતાના ભાઇનો નાશ થયેલો જોઇને રંભને મહાકોપ ચઢ્યો, એટલે તેણે પોતાનું માથું કાપીને અગ્નિમાં હોમવાનો નિશ્ચય કર્યો.૪૭ પછી જ્યારે એક હાથમાં માથાના વાળ પકડી બીજે હાથે સૂર્યના જેવુ પ્રકાશિત ખડ્ગ પકડી પોતાનું મસ્તક કાપવા તૈયાર થયો, ત્યારે અગ્નિએ તેને તેમ કરતાં અટકાવ્યો,૪૮ અને કહ્યું કે, હે દૈત્યશ્રેષ્ઠ! આત્મહત્યા ન કર. જેમ પારકાનો વધ કરવો દુસ્તર છે, તેમ પોતાનો વધ કરવો એ પણ વધારે દુસ્તર છે.૪૯ હે વીર! જેની તને ઇચ્છા હોય તે હું આપીશ. માટે મરીશ નહિ. મરેલાની વાત

પણ નાશ પામે છે.[૫૦] ત્યારે રંભ બોલ્યો કે—હે અગ્નિદેવ! જો તમે વરદાન આપો છો તો એ આપો કે મારો પુત્ર ત્રિલોકને જિતનારો અને તમારા તેજથી પણ અધિક તેજવાળો થાઓ.[૫૧] હે પાવક! યુદ્ધમા બધા દેવોથી અજેય, મહા-બળવાન, ઇચ્છા મુજબ રૂપ ધારણ કરી શકે એવો અને અસ્ત્રવિદ્યા જાણનારો થાઓ.[૫૨] હે બ્રહ્મન્! તેને અગ્નિદેવે કહ્યું કે, નિશ્ચય એ પ્રમાણે થશે. તુ જે સ્ત્રીમાં ચિત્ત લગાડીશ તેમાં તે થશે જ.[૫૩] અગ્નિદેવે એ પ્રમાણે વર આપ્યો એટલે તે અસુર, યક્ષોથી વિટાયલા માલવટ યક્ષરાજનાં દર્શન કરવા ગયો.[૫૪] ત્યાં તેમનો પદ્મનિધિ અનન્ય ચિત્તથી વિરાજમાન હતો. અને હાથી, ઘોડા, મહિષ, ગાય, બકરાં વગેરે પણ હતાં.[૫૫] હે તપોધન! પછી દાનવરાજ રંભનું તે સૌને જોઇને તેમાં રહેલી, ભાવવાળી ત્રણ વરસની મહિષીમાં ચિત્ત લાગ્યું.[૫૬] તે મહિષી ઇચ્છા મુજબ રૂપ ધારણ કરી લેતી હતી એટલે તે પણ તે દૈત્યરાજની પાસે ગઈ, અને દૈવની ઇચ્છાથી તે દૈત્યે પણ તેની સાથે સમાગમ કર્યો.[૫૭] તે મહિષીમાં ગર્ભ રહ્યો. તેને લઇને તે દાનવ પાતાળમાં પોતાને ઘેર ગયો.[૫૮]

ત્યાં બીજાં સગાંએ અને દાનવોએ તેને પૂછ્યુ કે "આ કોણ?" એટલે તેણે સર્વ હકીકત કહી. તે ઉપરથી તેણે અયોગ્ય કાર્ય કર્યું છે, એમ કહીને તેનો ત્યાગ કર્યો; ત્યારે તે ફરી પાછો માલવટ યક્ષ પાસે ગયો.[૫૯] તે સુંદર મહિષી પણ પોતાના પતિની સાથે પવિત્ર અને ઉત્તમ યક્ષમંડળમાં ગઈ.[૬૦] હે મુને! પછી ત્યાંના ઉત્તમ વનમાં વસતાં તે મહિષીએ ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા શુભ્રવર્ણવાળા મહિષપુત્રને જન્મ આપ્યો.[૬૧] પછી જ્યારે પાછી તે ઋતુમતી થઈ ત્યારે એક બીજા મહિષે તેને જોઈ. એટલે તે પોતાના શીલનું રક્ષણ કરવાને પોતાના પતિ રંભ દૈત્ય પાસે નાસી ગઈ.[૬૨] તે દાનવ, મારવાને માથું હલાવતા તે મહિષને જોઇને તેને મારવાને હાથમાં ખડ્ગ લઈ વેગથી તેના તરફ દોડ્યો.[૬૩] પણ તે મહિષે તીક્ષ્ણ શીગડાં-વડે તે દૈત્યને હૃદયમાં માર્યો. હૃદય ચીરાઈ જવાથી તે જમીન ઉપર પડીને મરણ પામ્યો.[૬૪] ધણી મરણ પામવાથી તે મહિષી યક્ષોને શરણે ગઈ. યક્ષોએ તેનું રક્ષણ કરીને તે મહિષને કાઢી મૂક્યો.[૬૫] યક્ષોએ કાઢી મૂકવાથી કામાતુર થયેલો તે મહિષ દિવ્ય સરોવરમાં પડીને મરણ પામ્યો. પછી તે દૈત્યરૂપે જન્મ્યો.[૬૬] તે નમર નામે વિખ્યાત અને મહા બળવાન અને પરાક્રમી થયો. તે મહિષી પણ યક્ષોને આશ્રયે રહીને વનમાં કાળ નિર્ગમન કરતી હતી.[૬૭] પછી મરણ પામેલા રંભને માલવટ આદિ યક્ષોએ ચિતામાં અગ્નિદાહ કર્યો, એટલે તે મહિષી પણ તેની સાથે સતી થઈ.[૬૮] તે વખતે તે ચિતાના અગ્નિમાંથી ભયંકર દેખાવનો એક પુરુષ હાથમાં ખડ્ગ લઇને નીકળ્યો, તે યક્ષોની પાછળ મારવા દોડ્યો.[૬૯] તે મહા પુરુષે તમામ મહિષોનો પણ નાશ કર્યો. ફક્ત રંભના પુત્ર મહિષનો નાશ કર્યો નહિ.[૭૦] હે મહામુને! તે દૈત્યનું નામ રક્તબીજ. તેણે ઇંદ્ર, રુદ્ર, સૂર્ય વગેરે સર્વે દેવોને જિત્યા.[૭૧] દૈત્યોમાં શ્રેષ્ઠ એવો પ્રભાવશાળી એ મહિષાસુર હતો. તેથી શંબર,

તારક વગેરે મહાઅસુરોએ પરાજિત થઇને તેને રાજ્ય ઉપર અભિષિક્ત કર્યો.[૭૧]
૭૨ બધા દેવો, લોકપાળો, અગ્નિ, સૂર્ય વગેરે તેને જિતવાને શક્તિમાન થયા નહિ. આથી ચંદ્ર, સૂર્ય અને ઇંદ્રે પોતાનાં સ્થાન છોડી દીધાં; તેથી ઘણો દૂર સુધી અંધકાર છવાઈ રહ્યો.[૭૩]

> अशक्नुवद्भिः सहितैश्च देवैः सलोकपालैः सहुताशभास्करैः ।
> स्थानानि मुक्तानि शशान्द्रभा[illegible]श्च दूरे प्रतियोजितं च ॥ ७३ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'મહિષાસુર ઉત્પત્તિ' નામનો સત્તરમો
અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૮ મો.

કાત્યાયનીનું પ્રાકટ્ય.

> **पुलस्त्य उवाच—ततस्तु देवा महिषेण निर्जिताः स्थानानि संत्यज्य सवाहनायुधा ॥**
> **जग्मुः पुरस्कृत्य पितामहं ते द्रष्टुं गदाचक्रधरं श्रियः पतिम् ॥ १ ॥**

પુલસ્ત્યજી કહે છે:—મહિષાસુરથી પરાજિત થયેલા દેવો પોતપોતાનાં સ્થાનો અને વાહનો તથા આયુધો છોડી દઇને પિતામહ બ્રહ્માજીને આગળ કરીને ચક્રધર શ્રી લક્ષ્મીપતિની પાસે ગયા.[૧] ત્યાં જઇને તેઓએ દેવોમાં શ્રેષ્ઠ એવા શ્રી વિષ્ણુ અને શંકર બંનેને સાથે જોયા. તે બંનેને તેઓએ પ્રણામ કર્યા, અને પછી તે સિદ્ધિદાતા દેવો આગળ તેઓએ મહિષાસુરની બધી વાત કહી.[૨] પછી કહ્યું કે "હે પ્રભો! મહિષાસુરે, અશ્વિનીકુમાર, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, વેધા, વરુણ અને ઇંદ્ર વગેરે અમને સર્વ દેવોને સ્વર્ગમાંથી હાંકી કાઢીને પૃથ્વીના નિવાસી બનાવી દીધા છે.[૩] હવે અમે આપને શરણે આવેલા છીએ; તો અમારાં વચન સાંભળીને અમારું જેથી હિત થાય એવો ઉપાય કહો. નહિ તો આજ યુદ્ધમાં અમારો પરાજય કરીને મહિષાસુર અમને રસાતલમાં હાંકી કાઢશે."[૪] વ્યાકુલ ચિત્તવાળા દેવતાઓનાં એવાં વચન સાંભળીને તથા તેમની આવી અવસ્થા જોઇને શંકરની સાથે બેઠેલા, કાલાગ્નિ સમાન કોપવાળા, અવિનાશી, મુરારિ શ્રીહરિએ એકદમ મહાકોપ કર્યો.[૫] ભગવાનના આ કોપથી શ્રીવિષ્ણુ, શંકર, બ્રહ્મા, અને ઇંદ્ર વગેરે સર્વ દેવોના મુખમાંથી એક જાતનું મહાતેજ નીકળ્યું.[૬] તે તેજ એકત્ર થઇને પર્વતના જેવું મોટું થયું અને પછી કાત્યાયન મુનિના આશ્રમે ગયું. ત્યાં તે મુનિનું અપાર તેજ તેમાં ભળ્યું.[૭] એ પ્રમાણે ઋષિનું તેજ મિશ્ર થવાથી બળતા હજારો સૂર્યના જેવો જે તેજનો સમૂહ થયો, તેમાંથી ચંચળ નેત્રોવાળી અને યોગથી વિશુદ્ધ દેહવાળી કાત્યાયની ઉત્પન્ન થઈ.[૮] તે કાત્યાયનીનું મુખ મહાદેવજીના તેજથી થયું, અગ્નિના તેજમાંથી તેનાં ત્રણ નેત્ર થયાં, યમરાજના તેજથી તેના વાળ થયા અને શ્રીહરિના તેજમાંથી તેની અઢાર ભુજાઓ ઉત્પન્ન થઈ.[૯] ચંદ્રના તેજથી તેનાં બે સ્તન થયાં, ઇંદ્રના

તેજથી તેનો મધ્યભાગ (કેડ) થઈ, બે ઊરુ, બે જંઘા અને નિતંબ ભાગ વરુણના તેજથી થયાં.[૧૦] લોકના પ્રપિતામહ બ્રહ્માના તેજથી કમળના જેવા તેના બે પગ થયા, દિવાકરના તેજથી તેના પગની આંગળીઓ, અને વાસવના તેજથી હાથની આંગળીઓ ઉત્પન્ન થઈ.[૧૧] પ્રજાપતિના તેજથી તેના દાંત થયા, યક્ષરાજના તેજથી નાક થયું, વાયુદેવના તેજથી બે કાન થયા, અને સાધ્યદેવના તેજથી કામદેવના ધનુષ સમાન ઘણાં કાન્તિવાળાં બે ભવાં ઉત્પન્ન થયાં.[૧૨] એ તેજોમૂર્ત્તિ, પૃથ્વી ઉપર જગદ્વિખ્યાત કાત્યાયની એવા મોટા નામથી પ્રસિદ્ધ થઈ.[૧૩] તેને, વરદાન આપવાવાળા ત્રિશૂળધર ભગવાને ત્રિશૂળ આપ્યું, વિષ્ણુ ભગવાને ચક્ર આપ્યું, વરુણે શંખ આપ્યો, અગ્નિદેવે શક્તિ આપી, વાયુદેવે ચાપ આપ્યું અને સૂર્ય દેવે બાણોનો અક્ષય્ય ભાથો આપ્યો.[૧૪] ઇંદ્રે ઘંટ સહિત વજ્ર આપ્યું, યમરાજે દંડ આપ્યો, કુબેરે ગદા આપી, બ્રહ્માએ અક્ષમાળા અને કમંડળુ આપ્યાં, કાલ ભગવાને મ્યાન સાથે ભયંકર તલવાર આપી.[૧૫] ચંદ્રે ચામર તથા હારા, સમુદ્રે માળા, હિમાલયે સિંહ, અને વિશ્વકર્માએ ચૂડામણિ, કુંડળ, અર્ધચંદ્ર, તથા કુઠાર (કુહાડી) આપી.[૧૬] ગંધર્વરાજે ચાંદીના ગીલીટવાળું દારુથી ભરેલું પાત્ર આપ્યું, સર્પરાજ વાસુકિએ ભુજંગહાર અને કોઈપણ ઋતુમાં કરમાય નહિ એવી ફૂલની માળા આપી.[૧૭] ત્યારે દેવોમાં ઉત્તમ તે ત્રણ નેત્રવાળી કાત્યાયનીએ સંતુષ્ટ થઈને અટ્ટહાસ્ય કર્યું. પછી વિષ્ણુ, રુદ્ર, વાયુ, અગ્નિ અને સૂર્ય ભગવાન સહિત સઘળા દેવો તેની સ્તુતિ કરવા લાગ્યા.[૧૮] કે, "તમામ દેવોવડે પૂજા કરાયલી, તને નમસ્કાર છે. જે યોગવડે વિશુદ્ધ દેહ ધારણ કરીને રહેલી છે, જે નિદ્રાસ્વરૂપે જગતમાં વ્યાપ્ત છે અને તૃષ્ણા, ત્રપા, ક્ષુધા તથા ભય કરનારી કાંતિવાળી છે.[૧૯] જે શ્રદ્ધા, સ્મૃતિ, પુષ્ટિ, ક્ષમા, છાયા, શક્તિ, કમલાલયા (લક્ષ્મી), બુદ્ધિ, ક્ષાંતિ, માયા, ને ભવિતવ્યતા સ્વરૂપે છે, એવી હે દેવિ! તને નમસ્કાર છે."[૨૦] એ પ્રમાણે દેવોએ સ્તુતિ કરી તે પછી કાત્યાયની દેવી સિંહ ઉપર બેસીને અગસ્ત્ય મુનિએ જેને નીચો નમાવેલો એવા ગાઢ વનપ્રદેશવાળા તથા ઊંચા શિખરોવાળા વિંધ્ય પર્વત ઉપર ગઈ.[૨૧]

નારદજી કહે છે;—મહર્ષિ અગસ્ત્યે શામાટે વિંધ્યાચળને નીચો નમાવ્યો હતો? કોને માટે અને શાકારણથી તેમણે આમ કર્યું, તે હે અમલસત્વવૃત્તે! મને કહો.[૨૨]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—પૂર્વે એ વિંધ્ય પર્વતે આકાશમાં ફરતા સૂર્ય ભગવાનની ગતિને ઉંચો વધીને અટકાવી. તેથી સૂર્યદેવ, હોમના અંત સમયે અગસ્ત્યમુનિ પાસે જઈને કહેવા લાગ્યા કે,[૨૩] હે દ્વિજ! હું ઘણે દૂરથી આપને શરણે આવ્યો છું. હે મુનીંદ્ર! આ વિશ્વનો ઉદ્ધાર કરો. મારી ઇચ્છા પૂર્ણ કરો, જેથી હું આકાશમાં નિરાંતે ફરી શકું.[૨૪] સૂર્યનાં ગુણભરેલાં એવાં વચનો સાંભળીને અગસ્ત્યમુનિ બોલ્યા કે, તારા મનમાં જે ઇચ્છા છે તે દાન હું તને આપીશ. કોઇપણ યાચક

મારી પાસેથી વિમુખ પાછો જતો નથી.[૧૫] અગસ્ત્ય મુનિનાં એવાં અમૃતના જેવાં વચનો સાંભળીને મસ્તકે હાથ મૂકીને સૂર્યદેવ બોલ્યા કે, આ વિંધ્યાચલ પર્વતે મારો માર્ગ રોકી લીધો છે, તો તેનાં શિખરોને નીચાં નમાવવાને આપ પ્રયત્ન કરો.[૨૬] સૂર્યનાં એવાં વચનો સાંભળીને અગસ્ત્ય મુનિ બોલ્યા કે, તું એમ જાણ કે હમણાંજ મેં એ વિંધ્યાચળનાં શિખરોને નીચાં કરી નાંખ્યાં. મારે શરણે તું આવેલો છે, તો હવે તને શી પીડા છે? તારા કિરણોથી એ પરાજિત થશેજ.[૨૭] અગસ્ત્ય મુનિએ એ પ્રમાણે કહીને સૂર્યની ભક્તિપૂર્વક નમ્રભાવથી સ્તુતિ કરી. પછી તે વૃદ્ધ મહર્ષિ દંડકારણ્ય છોડીને વિંધ્યાચલ પાસે ગયા.[૨૮] તે પર્વત પાસે જઇને મુનિ બોલ્યા કે, દક્ષિણ દિશામાં એક મહાપવિત્ર ઉત્તમ તીર્થ છે ત્યાં જવાની મારી ઇચ્છા છે, પણ હું વૃદ્ધ હોવાથી તારા ઉપર ચઢવાને અશક્ત છું માટે તું હમણાંજ છેક નીચો થઇ જા.[૨૯] મુનિવરે એ પ્રમાણે કહ્યું તેથી તે પર્વતે પોતાનાં શિખરોને નીચાં કરી નાંખ્યાં. પછી તેના ઉપર ચઢી તેને ઓળંગીને મહર્ષિએ તેને કહ્યું કે,[૩૦] જ્યાંસુધી તે પવિત્ર તીર્થમાં સ્નાન કરીને મારે આશ્રમે જવા હું પાછો આવું નહિ, ત્યાંસુધી તારે પાછા ઉંચા થવું નહિ. જો તું મારી અવજ્ઞા કરીશ તો હું તને શાપ દઇશ.[૩૧]

ભગવાન્ અગસ્ત્ય મુનિ, એ પ્રમાણે આજ્ઞા કરીને દક્ષિણ દિશા તરફ અંતરિક્ષમાં ચાલ્યા ગયા. પછી તે પર્વત, વાયદો પૂરો થશે એટલે મુનીન્દ્ર આવશે એમ જાણીને તે દક્ષિણ દિશાનું આક્રમણ કરીને રહ્યો.[૩૨] મહર્ષિ અગસ્ત્ય મુનિ ત્યાં અંતરિક્ષમાં સોનાનાં તોરણવાળો રમણીય આશ્રમ બનાવીને ત્યાં વિદર્ભરાજની પુત્રીને રાખીને પોતે પોતાના શાંત આશ્રમમાં પાછા ગયા.[૩૩] ત્યાર પછી દરેક ઋતુઓના પર્વના દિવસોએ હંમેશાં તે આકાશમાંના પોતાના આશ્રમમાં જઈ રહેતા; અને બાકીના વખતમાં દંડકારણ્યના પોતાના આશ્રમમાં રહીને તે અપાર કાંતિવાળા મુનિ તપ કરતા હતા.[૩૪] વિંધ્યાચળ પણ આકાશમાં ઋષિનો આશ્રમ જોઇને તે મહર્ષિના ભયથી વધી શક્યો નહિ, અને હવે તે પાછા આવશે જ નહિ એમ જાણી તે પોતાનાં આગલાં શિખરોને નીચાં પાડી રાખીને રહ્યો.[૩૫] હે મહર્ષે! એ પ્રમાણે અગસ્ત્ય મુનિએ તે મહાપર્વતનાં શિખરોને નીચાં નમાવી નાંખ્યાં હતાં. તે પર્વતના ઊંચામાં ઊંચા શિખર ઉપર મુનિઓવડે સ્તુતિ કરાયલી કાત્યાયની દેવી દાનવોના નાશને માટે જઈ રહી.[૩૬] અપ્સરાઓ સાથે સર્વ દેવો, સિદ્ધો, મહા સર્પો, વિદ્યાધરો અને સર્વે ભુતગણો શોકરહિત થઇને દેવી કાત્યાયની પાસે આવી રહ્યા.[૩૭]

देवाश्च सिद्धाश्च म[illegible]रगाश्च विद्याधरा भूतगणाश्च सर्वे ॥
स[illegible]प्सरोभिः मातरम[illegible]तः कात्यायनीं तस्थुर[illegible]तशोकाः ॥ ३७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'દેવી મહાત્મ્ય' નામનો અઢારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૯ મો.

કાત્યાયની સ્વરૂપ વર્ણન.

पुलस्त्य उवाच—ततस्तु तां तत्र तदा वसंतीं कात्यायनीं शैलवरस्य शृंगे ॥
अपश्यतां दानवसत्तमो द्वौ चंडश्च मुंडश्च तपस्विनां भृशम् ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—શૈલરાજ વિંધ્યાચલના શિખર ઉપર તપ કરતી દેવી કાત્યાયનીને ચંડ તથા મુંડ નામના બે મહાદૈત્યોએ જોઇ.[૧] તેને જોઇને તે બંને દૈત્યો પર્વત ઉપરથી ઉતરીને એકદમ પોતાના ભવને ગયા. તે બંને, દૈત્યરાજ મહિષાસુરના દૂતો હતા. તેઓ મહિષાસુરને જોઇને કહેવા લાગ્યા.[૨] હે અસુરેન્દ્ર! હાલમાં આપ સ્વસ્થ થઇને કેમ બેસી રહ્યા છો? અમારી સાથે આવો. આપણે વિંધ્ય પર્વત જોઇએ. ત્યાં સુરાંગનાઓ કરતાં પણ વધારે રૂપવાળી કન્યારૂપ મહાનુભાવા દેવી છે.[૩] તે તન્વીએ કેશપાશથી મેઘનો, વદનથી ચંદ્રનો, ત્રણ નેત્રોથી ત્રણે અગ્નિ (દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય, અને આહવનીય) નો, અને કંઠથી શંખનો પરાભવ કર્યો છે.[૪] ગજરાજનાં કુંભસ્થળને પરાજિત કરીને નમેલાં ચૂચુકવાળાં તેનાં ગોળમટોળ બંને સ્તનો શોભી રહ્યાં છે. તમને સર્વને જિતનારા જાણીને કામદેવે તેનાં બે સ્તન તે જાણે બે કિલ્લા બનાવ્યા ન હોય એવાં જણાય છે.[૫] તેની અઢારે ભુજાઓ પરીઘના જેવી શસ્ત્રયુક્ત, ઘટ્ટ, અને પ્રકાશમાન છે. આપનું પરાક્રમ જાણીને કામદેવે જાણે યંત્ર ગોઠવી મૂકયું હોય ની! તેવી દેખાય છે.[૬] તેના મધ્યભાગમાં પાણીના તરંગ જેવી ત્રિવલી શોભી રહી છે, અને સુંદર રોમરાજી પણ શોભી રહી છે. હે દૈત્યેન્દ્ર! તમારા ભયથી બીકણ કામદેવે જાણે તમને ચઢવાનાં પગથીયાં ન બનાવી મૂકયાં હોય! એવી તે દેખાય છે.[૭] તે રોમરાજી તેના બે ઘટ્ટ સ્તનો સુધી આવી રહેલી શોભે છે. તે જાણે હે અસુર! તમારા ચઢવા વખતે બીધેલા કામદેવના પરસેવાનો જાણે પ્રવાહ ન હોય તેવી દેખાય છે.[૮] તેની નાભિ ઘણી ગંભીર અને પ્રદક્ષિણાના ક્રમથી વળેલી અતિ શોભે છે. તે જાણે કે તે લાવણ્યગૃહની મુદ્રા (મહોર છાપ) કામદેવે આપી ન હોય તેવી દેખાય છે.[૯] તે મૃગાક્ષીના જઘન ચારે તરફ કટિમેખલાથી ઘેરાયલા બહુ રમણીય શોભે છે; તે જાણે કે મદનરાજનું ગુપ્ત પ્રાકારવાળું કિલ્લારૂપ નગર ન હોય તેવું જણાય છે.[૧૦] તે કુમારીના બંને ઉત્તમ ઉરુ ગોળ, કોમળ, અને રોમરહિત શોભે છે; તે જાણે કે કામદેવે લોકોને વસાવવાને માટે બે દેશો બનાવ્યા ન હોય તેવા દેખાય છે.[૧૧] હે મહિષાસુરેન્દ્ર! તેના ઘુંટણો ઉન્નત અને મનોહર શોભી રહ્યા છે; તે જાણે કે બ્રહ્માજીએ બનાવીને તે ઠીક થયા છે કે નહિ એમ જોવાને માટે તેને દાબી જોયેલા તેથી વચ્ચેથી દબાયેલા હોવાથી બહુ સુંદર દેખાય છે.[૧૨] તેની રોમરહિત બે સુંદર જંઘાઓ નદીના કિનારાઓને જિતીને લોકોને નમાવતી હોય તેવી સુશોભિત બનાવેલી છે.[૧૩] કમળના ગર્ભ જેવા તેના બે કોમળ પગ બ્રહ્માજીએ બહુ મહેનતથી બનાવેલા છે. તેના નખો આકાશમાં

જેમ તારાઓ શોભે તેવા શોભી રહ્યા છે.[૧૪] એ રીતે હે દનુજેશ્વર! એ મહા રૂપવાળી કન્યા, ઉગ્ર શસ્ત્રો ધારણ કરીને રહેલી છે, અમે યથેષ્ટ એને જોઈ, પણ તે કોણ છે અને કોની પુત્રી છે તે અમે જાણી શકયા નહિ.[૧૫] હે મહાસુરેન્દ્ર! એ ઉત્તમ રત્ન સ્વર્ગ છોડીને જમીન ઉપર આવીને વસ્યું છે. તમે જાતે વિંધ્યાચળ ઉપર જઇને તે જુઓ, અને પછી તમને જેમ ગમે તેમ કરો.[૧૬] હે મહર્ષે! તેમની આ વાત સાંભળીને મહિષાસુર, તે સુંદર રૂપવાળી દેવી પાસે જવાને, એમાં કાંઈ જ વિચાર કરવાનો નથી એમ કહીને નીકળ્યો.[૧૭] વિધાતાએ પ્રથમથી જ માણસને માટે શુભ અશુભ સ્થાનો બનાવી મૂકયાં છે, જયાં તે જાતે જાય છે અથવા કોઈ તેને મોકલે છે.[૧૮] ત્યાર પછી મહિષાસુરે નમુંડ, નમર, ચંડ, બિડાલનેત્ર, કપિલ, બાષ્કલ, ઉગ્રાયુધ, વિક્ષુર, રક્તબીજ વગેરે દૈત્યોને સાથે આવવાને હુકમ કર્યો.[૧૯] તે સર્વે રણકર્કશ દૈત્યો ભેરી (નગારાં) વગાડીને સ્વર્ગ છોડીને વિંધ્યપર્વત ઉપર આવ્યા, અને તેની તલેટીમાં તંબુઓ ઠોકીને લઢવાને તૈયાર થઈ ગયા.[૨૦] પછી મહિષાસુરે, દાનવોનો યૂથપતિ, દુંદુભિના જેવા સ્વરવાળો, દુશ્મનોના સૈન્યને ચૂર્ણ કરી નાંખનાર, દુંદુભિ નામનો દાનવ, કે જે મયદાનવનો પુત્ર થાય તેને દેવી પાસે મોકલ્યો.[૨૧] હે વિપ્ર! તે અંતરિક્ષમાં ઉભો રહી દેવી પાસે જઇને ઉંચે સ્વરે કહેવા લાગ્યો કે, "હે કુમારિ! યુદ્ધમાં અપ્રતિમ એવા રંભપુત્ર મહિષાસુરનો હું દૂત છું."[૨૨] કાત્યાયનીએ દુંદુભિને કહ્યું કે, "હે દૈત્યેન્દ્ર! ભયનો ત્યાગ કરીને અહીં આવ, અહીં આવ. રંભપુત્રે જે કહ્યું હોય તે મોહનો ત્યાગ કરીને મને કહે."[૨૩] તે પછી દુંદુભિ દૈત્યે આકાશમાંથી નીચે ઉતરી જમીન ઉપર સુખે આસન ઉપર બેસીને, મહિષાસુરે જે કહ્યું હતું તે દેવીને કહ્યું.[૨૪] દુંદુભિ કહે છેઃ—હે દેવિ! મહિષાસુર દૈત્યે તમને એમ કહાવ્યું છે કે, "દેવો યુદ્ધમાં મારાથી પરાજય પામીને બળહીન થઇને પૃથ્વી ઉપર ભટકે છે.[૨૫] સ્વર્ગ, પૃથ્વી, વાયુના માર્ગ, પાતાલ, અને બીજા બધા પૃથ્વીપતિઓ મારે વશ થયેલા છે. હે બાલે! હાલ તો હું જ ઈંદ્ર છું, રૂદ્ર છું, સૂર્ય છું, અને બધા લોકનો અધિપતિ છું.[૨૬] હે વિશાળ નેત્રવાળી! સ્વર્ગ, મૃત્યુ અને પાતાલમાં એવો કોઈ પણ નથી કે જે મારાથી જિતાયો ન હોય. સઘળા જ મારે શરણે થયેલા છે, અને બધા જ મારા બળથી જિતાયલા છે.[૨૭] સ્ત્રીરત્નોમાં તું જ એક શ્રેષ્ઠ કન્યકા છે. તારે માટે જ હું આ પર્વત ઉપર આવેલો છું. આ સમયે હું જ આ જગતનો પતિ, પ્રભુ, અને વિભુ છું. તારે લાયક હું જ પતિ છું, માટે તું મને જ વર."[૨૮]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—મયપુત્રે આ પ્રમાણે કહ્યું એટલે કાત્યાયની દુર્ગા દેવીએ તેને કહ્યું કે, "દાનવોનો રાજા મહિષાસુર પૃથ્વીનો પતિ છે એ સત્ય છે અને યુદ્ધમાં બધા દેવોને એણે જિત્યા છે એ પણ સત્ય છે.[૨૯] પરંતુ અમારા વંશમાં શુલ્ક (પલ્લુ) લેવાનો ધર્મ પ્રસિદ્ધ છે, તે જો મહિષાસુર મને આપે તો

હું તેને પતિ તરીકે કબુલ કરૂં."[૩૦] દેવીનાં એ વચનો સાંભળીને મયનંદને કહ્યું કે, "હે કમલાક્ષિ! શુલ્ક શું જોઈએ તે બોલ. તારે માટે માથું આપવું પડે તો પણ કબુલ છે તો પછી શુલ્કમાં તે શું અલભ્ય છે?"[૩૧]

પુલસ્ત્યમુનિ કહે છેઃ—દૈત્યે એ પ્રમાણે કહ્યું એટલે કાત્યાયની હસીને આખા ચરાચર જગતના હિતને માટે મોટેથી બોલ્યાં.[૩૨] દેવી કહે છેઃ—"હે દૈત્ય! સાંભળ. અમારા કુળમાં પરાપૂર્વથી એવું શુલ્ક ઠરેલું છે કે જે રણમાં અમારા કુળની સ્ત્રીને જિતે તે તેનો પતિ થાય."[૩૩]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—દેવીનાં તે વચનો સાંભળીને દાનવેશ્વર દુંદુભિએ મહિષાસુર પાસે જઇને આ સઘળી વાત કહી.[૩૪] એટલે મહાતેજવાળો તે મહિષાસુર દેવીને જિતવાને માટે બધા દૈત્યોને લઇને ચાલ્યો અને વિંધ્યાચળને ઘેરી વળ્યો.[૩૫]

હે નારદ! પછી વિક્ષુર નામના દૈત્યોના સેનાપતિએ નમર નામના દૈત્યને સેનાની આગળ ચાલનાર બનાવ્યો.[૩૬] તેણે મહાબળવાળી ચતુરંગ સેનાને એકઠી કરીને દુર્ગાની ઉપર એકદમ હલ્લો કર્યો.[૩૭] તે સેનાને આવતી જોઇને બ્રહ્મા વગેરે દેવોએ મહાદેવીને કહ્યું કે "કવચ ધારણ કરો."[૩૮] ત્યારે દેવી દુર્ગાએ દેવોને કહ્યું કે, "હે દેવો! મારે કવચ પહેરવાની જરૂર નથી. એવો કયો અધમ દાનવ છે કે જે મારી સામે ઉભો રહી શકશે?"[૩૯] જ્યારે દેવીએ શસ્ત્ર નિવારણને માટે કવચ ધારણ ન કર્યું, ત્યારે શિવજીએ તેમની રક્ષાને માટે વિષ્ણુપંજર સ્તોત્ર કહ્યું હતું.[૪૦] હે બ્રહ્મન્! તેના વડે તેની રક્ષા થઈ હતી, અને તેણે સર્વે દેવોથી અવધ્ય એવા મહિષાસુરને માર્યો હતો.[૪૧] એ પ્રમાણે પહેલાં દેવતાઓમાં શ્રેષ્ઠ શંકર ભગવાને પ્રફુલ્લ નેત્રવાળી દેવી કાત્યાયનીને આ વૈષ્ણવપંજર સ્તોત્ર કહ્યું હતું તેના પ્રભાવથી તે દેવીએ ફક્ત એક ચરણના પ્રહારથી જ મહિષાસુરને મારી નાંખ્યો હતો.[૪૨] હે દ્વિજ! એવા પ્રભાવવાળું વિષ્ણુપંજર સ્તોત્ર તમામ પ્રકારની રક્ષાઓમાં શ્રેષ્ઠ સ્તોત્ર છે. જેના હૃદયમાં સાક્ષાત્ ચક્રપાણિ વસે છે, તેનો દર્પ કોણ મોડી શકે એમ છે?[૪૩]

एवंप्रभावो द्विजविष्णुपंजरः सर्वासु क्षास्वाधिको हि गीतः ॥
कस्तस्य कुर्याद्भुवि [illegible]ानं यस्य स्थितश्चेतसि चक्रपाणिः ॥ ४ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'દેવી માહાત્મ્ય પરિકીર્ત્તન' નામનો ઓગણીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૦ મો.

મહિષાસુરનો વધ.

नारद उवाच—कथं का[illegible]यनी देवी सानुगं म[illegible] ॥
सवा नं हतवती तथा विस्तरतो वद ॥ १ ॥

નારદ કહે છેઃ—કાત્યાયની દેવીએ મહિષાસુરને તેના અનુચરો અને વાહનો સાથે શી રીતે માર્યો તે વિસ્તારથી કહો.[૧] હે બ્રહ્મન્! મારા મનમાં એ સંશય

ઉત્પન્ન થયો છે કે, બધાં શસ્ત્રો પાસે હતાં છતાં તેણે મહિષાસુરને પગની ઠેસવડે શા માટે માર્યો.[૨]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—એ પુરાતન કથાને સાવધાન થઇને સાંભળો. એ પાપ અને ભયનો નાશ કરનારી પવિત્ર કથા સત્યયુગના પ્રારંભમાં બનેલી છે.[૩] હે બ્રહ્મન્! હાથી, ઘોડા, અને રથ સહિત તે અસુર ક્રોધ કરીને વેગથી તૂટી પડ્યો, ત્યારે તેને દેવીએ યથેષ્ટ જોયો.[૪] પછી દેવીએ બધા દેવતાઓની સાથે મળીને ધનુષ ચડાવીને દૈત્યોના પર બાણોનો વરસાદ વરસાવ્યો.[૫] જ્યારે દુર્ગાએ જોર કરીને દાનવોના સૈન્યઉપર ધનુષ ચઢાવ્યું, ત્યારે તેમાંથી નીકળતાં બાણો, મેઘમંડળમાંથી વીજળી છૂટે તેમ શોભવા લાગ્યાં.[૬] હે સુવ્રત! કેટલાક દૈત્યોને બાણોથી માર્યા, અને કેટલાકને મુશળ તથા ગદાથી તેમના સ્થાનોપરથી પાડી નાંખ્યા.[૭] કાળના જેવા તેજવાળા દેવીના સિંહે એકલાએ જ, કેશવાળી ધુણાવીને કેટલાક દાનવોને મારી નાંખ્યા.[૮] કેટલાક દૈત્યો વજ્રથી મરાયા, કેટલાક શક્તિથી છાતીમાં ઘાયલ થયા, કેટલાકની ડોક હળથી ચીરી નાંખી, અને કેટલાકના ફરશીથી ટુકડા કરી નાંખ્યા.[૯] કેટલાકનાં દંડથી માથાં ફૂટી ગયાં, કેટલાકનાં ચક્રથી બંધનો છેદાઇ ગયાં, કેટલાક ચલિત થઇગયા, કેટલાક પડી ગયા અને કેટલાક રણમાંથી નાસી ગયા.[૧૦] દુર્ગાથી ઘવાયલા ભયંકર મુખવાળા તે દૈત્યદાનવો, દેવીને કાળરાત્રિ સમાન માનીને ભયથી પીડાતા આમ તેમ નાસવા લાગ્યા.[૧૧] સેનામાં ભંગાણ પડેલું જોઇને અને દુર્ગાને આગળ ઉભેલી જોઇને મત્તગજેન્દ્ર ઉપર બેઠેલો નમર દૈત્ય સામો આવ્યો.[૧૨] રણમાં સામા આવીને તેણે દેવીના ઉપર શક્તિ મૂકી, અને સિંહને ત્રિશૂલ માર્યું.[૧૩] તે શક્તિ તથા ત્રિશૂલને આવતાં જોઇને દેવીએ હુંકારથી જ તેમને ભસ્મ કરી નાંખ્યાં. પછી સિંહે હાથીને મધ્યમાંથી પકડ્યો.[૧૪] અને પછી જોરથી કૂદીને એક પંજો મારી દાનવને મારી નાંખ્યો, ને હાથીની પીઠ ઉપરથી ખેંચીને દેવીની પાસે નાંખી દેવીને તેનો ભોગ આપ્યો.[૧૫] હે બ્રહ્મન્! કાત્યાયનીએ ક્રોધ કરી પછી તે દાનવને ડાબા હાથમાં પકડીને ઘુમાવ્યો, ને પછી ઢોલની માફક તેને ઠોકવા લાગી.[૧૬] ત્યાર પછી દેવીએ તે વાદ્ય વગાડતી વખતે ખૂબ અટ્ટહાસ્ય કર્યું. એટલે તેના હાસ્યમાંથી નાના પ્રકારના ભુતગણો અનુક્રમે ઉત્પન્ન થયા.[૧૭] કેટલાક ભુતો વાઘનાં જેવા મુખવાળા ભયંકર, કેટલાક વરુના જેવા, કેટલાક ઘોડાના જેવાં મુખવાળા, કેટલાક પાડાના જેવાં મુખવાળા, અને કેટલાક વરાહના સમાન મુખવાળા હતા.[૧૮] કેટલાક ઉંદર, કૂકડા, ગાય, બકરા અને મેંઢાના જેવાં મુખવાળા હતા. એમ સઘળા જૂદા જૂદા પ્રકારનાં મુખવાળા તરેહવાર આંખોવાળા, તરેહવાર પગવાળા, અને તરેહવાર આયુધ ધારણ કરનારા હતા.[૧૯] કેટલાક ગાતા હતા, કેટલાક હસતા હતા અને કેટલાક ટોળે મળીને નાચતા હતા, તેમ કેટલાક વાદિત્ર વગાડતા હતા ને કેટલાક અંબિકાની સ્તુતિ કરતા હતા.[૨૦] તે ભૂતગણો સાથે દેવી, દાનવોના સૈન્યમાં પેશીને તેનો, તૃણના સમૂહને મહાવજ્ર જેમ નાશ કરે

તેમ, નાશ કરતી હતી.[૨૧] સૈન્યને મોખરે ચાલનારાઓની સાથે સેનાપતિ મરાયા પછી બીજો સૈન્યપાલ ચિક્ષુર, દેવતાઓ સાથે લઢવા લાગ્યો.[૨૨] તે રથીઓમાં શ્રેષ્ઠ દૈત્યે કાનસુધી ધનુષ ખેંચીને, મેઘ જમીન ઉપર જળ વરસાવે તેમ, બાણોનો વરસાદ વરસાવ્યો.[૨૩] દેવી દુર્ગાએ તે બાણોને તીક્ષ્ણ બાણો મૂકીને છેદી નાંખ્યાં. અને બીજાં સુવર્ણનાં પૂંખવાળાં સોળ બાણ લીધાં.[૨૪] તેમાંનાં ચાર બાણો વડે દેવીએ દૈત્યના રથના ચાર ઘોડાને માર્યા, એક બાણવડે સારથિને, અને એક બાણવડે ધ્વજને છેદી નાંખ્યો.[૨૫] પછી અંબિકાએ એક બાણવડે તેના ધનુષને બાણસહિત કાપી નાંખ્યું. એટલે તે બળવાન દૈત્યે ઢાલ તથા તરવાર હાથમાં લીધી.[૨૬] અને તે ઉગામીને જેવો તે મારવા જાય છે કે તે જ વખત અંબિકાએ ચાર બાણ મારીને તે ઢાલ તથા તલવારને કાપી નાંખ્યાં. એટલે તેણે હાથમાં ત્રિશૂલ લીધું.[૨૭] તે લઇને તે અંબિકા તરફ સિંહ જેમ સિંહણ તરફ ગેલ કરતો દોડે તેમ દોડ્યો.[૨૮] તેને દોડતો આવતો જોઇને દેવીએ ક્રોધ કરીને પાંચ બાણ મારીને તેના બે હાથ, બે પગ તથા માથું કાપી નાંખ્યું એટલે તે મરણ પામીને પડ્યો.[૨૯] એ સેનાપતિ મરણ પામ્યા પછી ઉગ્રાસ્ય નામે મહાઅસુર અને બીજા ભયંકર મુખવાળા દૈત્યદાનવો વેગથી દોડી આવ્યા.[૩૦] બાષ્કલ, ઉદ્ધત, ઉગ્રાસ્ય, ઉગ્રકાર્મુક, દુર્ધર, દુર્મુખ અને બિડાલાક્ષ.[૩૧] એ તથા મહાબળવાન બીજા દાનવો નાના પ્રકારનાં શસ્ત્ર ધારણ કરીને કાત્યાયની તરફ ધાયા.[૩૨] તેમને જોઇને દુર્ગા દેવી લીલાપૂર્વક વીણા અને ડમરુ લઇને હાસ્ય કરતી વગાડવા લાગી.[૩૩] જેમ જેમ દેવી એ વાદ્યો વગાડતી જાય તેમ તેમ ભૂતગણો હસવા અને નાચવા લાગ્યા.[૩૪] તે વખતે તે અસુરોએ હથિયારો સહિત દેવીની ઉપર ધસારો કર્યો એટલે દેવીએ તે બધાને પકડી લીધા.[૩૫] તે અસુરોને માથાના વાળમાંથી પકડીને પછી પોતે સિંહ ઉપરથી કૂદીને પર્વતના શિખર ઉપર જઈ બેઠી, અને તે દૈત્યોના રુધિરનું પાન કરતી એ જગતજનની વીણા વગાડતી નાચવા લાગી.[૩૬] એટલે મહાબળવાન અસુરો દેવીના કંપતા બંને હાથો આગળ અભિમાન રહિત થઈ ગયા, તેમનાં હથિયારો પડી ગયાં,વસ્ત્ર નીકળી ગયાં, અને તે બધા પ્રાણમુક્ત થઇ ગયા. મોટા દૈત્યોની એ અવસ્થા જોઇને પછી[૩૭] મહાબળવાન મહિષાસુર ભૂતગણ તરફ દોડ્યો અને કોઇને પગની ખરીઓથી, કોઇને માથું મારીને, કોઇને પુછડું મારીને અને કોઇને નિશ્વાસના વાયુથી નસાડવા લાગ્યો.[૩૮] અને કેટલાકને શિગડાંની અણીઓથી મારીને પછી સિંહ તરફ તેને મારી નાંખવાને દોડ્યો. એટલે અંબિકાએ ક્રોધથી લીલા કરતાં જ તેને ઉંચકીને ફેંકી દીધો.[૩૯] આથી મહાકોપાયમાન થઇને પોતાનાં તીક્ષ્ણ શિગડાંવડે પર્વત તથા જમીન ખોદી નાંખીને અને સમુદ્રને ખળભળાવીને તથા મેઘમંડળને વિખેરી નાંખીને તે દુર્ગા તરફ દોડ્યો.[૪૦] એટલે દેવીએ તે દુષ્ટને પાશથી બાંધી લીધો. ત્યારે તેણે હાથીનું રૂપ ધારણ કર્યું. પછી દેવીએ તેની શૂંઢ કાપી નાંખી એટલે ફરીથી તેણે પાછું મહિષ (પાડા) નું રૂપ ધારણ કર્યું.[૪૧] ભવાનીએ તેને ત્રિશૂળ

માર્યું પણ તે છિન્ન ભિન્ન થઈને જમીન ઉપર પડ્યું. પછી અગ્નિના જેવી અણીવાળી શક્તિ મારી તે પણ હે મહર્ષે! ખંડિત થઈને નીચે પડી.[૪૨] એટલે દેવીએ દાનવોના કુળનો નાશ કરનાર શ્રીહરિનું ચક્ર માર્યું તે પણ વાંકું થઇ ગયું. ત્યારે કુબેરની ગદા મારી તો તે પણ ભાંગીને પૃથ્વી ઉપર પડી.[૪૩] પછી વરુણ-પાશ ફેંકયો તે શિંગડાંની અણીઓ અને પગની ખરીયો વડે તોડી નાંખ્યો. એટલે પછી દેવીએ કોપ કરીને યમનો દંડ માર્યો, તો તેના પણ કકડા થઇ ગયા.[૪૪] ત્યાર પછી તેના શરીર ઉપર ઈંદ્રનું વજ્ર માર્યું તો તેના પણ ચૂરા થઇ ગયા. એટલે પછી દુર્ગાદેવી સિંહ ઉપરથી ઉતરીને એકદમ મહિષાસુરની પીઠપર ચઢી બેઠી.[૪૫] મહિષાસુરે પીઠપર ચઢી બેઠેલી દેવીને પોતાના બળના મદથી ઉછાળવા માંડી, ત્યારે દેવીએ પણ પોતાના કોમળ પગથી ચુંથેલા ચામડાની માફક તેને કચરવા માંડ્યો,[૪૬] પર્વતના જેવા દેહવાળો તે બળવાન દૈત્ય દેવીની લાતો ખાઇ-ખાઇને બળહીન થઇ ગયો, ત્યારે દેવીએ ત્રિશૂળ મારીને તેનું ગળું કાપી નાંખ્યું, તો તેમાંથી ખડ્ગધારી એક પુરુષ નીકળી આવ્યો.[૪૭] તે નીકળતાની સાથે જ તેના વાળ પકડીને દેવીએ તેની છાતીમાં ક્રોધ કરીને લાત મારી અને તલવારથી તેનું ડોકું કાપી નાંખ્યું એટલે આખું દૈત્યસૈન્ય હાહાકાર કરવા લાગ્યું.[૪૮] અને પછી ચંડ, મુંડ, મય, તાર અને અસિલોમા વગેરે દૈત્યો ભયથી ગભરાયલી આંખોવાળા, ભવાનીના ગણોથી માર ખાતા, ડરીને પાતાલમાં પેસી ગયા.[૪૯] હે મહર્ષે! આ પ્રમાણે દેવીનો જય થયેલો જોઇને દેવલોકો તે નારાયણી, જગતનું રક્ષણ કરનારી, ભયંકર મુખવાળી, સ્વરૂપવતી કાત્યાયની દેવીની સ્તુતિ કરવા લાગ્યા.[૫૦] દેવ અને સિદ્ધગણોથી સ્તુતિ કરાયલી તે કાત્યાયની દુર્ગાદેવી "હું દેવતાઓનાં કાર્યને માટે ફરીથી અવતાર લઇશ" એમ બોલીને શંકરના ચરણ કમળમાં સમાઈ ગઈ.[૫૧]

संस्तूयमाना सुरसिद्धसंघैः कात्यायनी सा हरपादमूले ॥
भूयो भविष्याम्यमरार्थमेवमुक्त्वा सुरांस्तान्प्रविवेश दुर्गा ॥ ५१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે દેવી માહાત્મ્યે 'મહિષાસુર વધ' નામનો વીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૧ મો.

પાર્વતીની ઉત્પત્તિ.

नारद उवाच—पुलस्त्य कथ्यतां तावद्भूयो देव्याः समुद्भवः ॥
महत्कौतूहलं मेऽत्र विस्तराद्ब्रह्मवित्तम ॥ १ ॥

નારદ કહે છે:—હે પુલસ્ત્ય! દેવીનો ફરી અવતાર થયો તે હવે આપ કહો. હે બ્રહ્મવિત્તમ! એનું મને મોટું કૌતુહલ છે માટે તે વિસ્તારથી કહો.[૧]

પુલસ્ત્ય કહે છેઃ—હે મુને! હું એનો બીજો અવતાર કહું છું તે સાંભળો. એ અવતાર લોકોના હિતને માટે અને શુંભાસુરના વધને માટે થયો હતો.[૨] હે તપોધન! એ જન્મમાં તે હિમાચલની પુત્રી ઉમા થઇને જન્મી હતી, અને શંકરસાથે પરણી હતી. તે પાર્વતીના કોશથી ઉત્પન્ન થયેલી માટે કૌશિકી કહેવાઈ.[૩] તે અવતાર લઇને ફરીથી વિંધ્ય પર્વત ઉપર જશે અને ઉત્તમ આયુધોવાળા ભૂતગણો સાથે મળીને શુંભ તથા નિશુંભ નામના દૈત્યોને મારશે.[૪]

નારદજી કહે છેઃ—હે બ્રહ્મન્! તમે મને કહ્યું હતું કે, દક્ષકન્યા સતીએ પોતાના પ્રાણ ત્યાગ કર્યાં પછી હિમાલયની પુત્રી તરીકે જન્મ લીધો, તો તે વાત આપ મને કહો.[૫] વળી પાર્વતીના કોશથી ઉત્પન્ન થયેલી કૌશિકીએ શુંભ તથા નિશુંભ નામે મહા અસુરોને જે પ્રમાણે માર્યા હોય, તે પણ મને કહો.[૬] તે બે શુંભ નિશુંભ નામે બળવાન દૈત્યો કોના પુત્રો હતા? એ સર્વે મને જેમ હોય તેમ યથાર્થ કહો.[૭] હે ભગવન્! તમારા પ્રસાદથી મેં દેવીનું ઉત્તમ ચરિત્ર સાંભળ્યું. હવે પાર્વતીના જન્મવિષે મને વિસ્તારથી કહો.[૮]

પુલસ્ત્યજી બોલ્યાઃ—હે મુને! હું પાર્વતીનો જન્મ ઘણા આનંદથી કહીશ, અને સ્કંદની ઉત્પત્તિ પણ કહીશ, તે તમે સાવધાન થઇને સાંભળો.[૯] સતીનું મરણ થયા પછી રુદ્ર, બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને તથા નિરાશ્રમી થઇને તપ કરવાને તૈયાર થયા.[૧૦] ત્યારે દેવતાઓના સેનાપતિ અને દૈત્યોનો અહંકાર તોડનારા સ્કંદે પણ શિવરૂપમાં વિલીન થઇને સેનાપતિપણાનો ત્યાગ કર્યો.[૧૧] દેવતાઓને સેનાપતિ રહિત જોઇને દાનવેન્દ્ર નિશુંભે આક્રમણ કરીને તેઓનો પરાજય કર્યો.[૧૨] ત્યારે દેવતાઓ શ્વેતદ્વીપમાં વિરાજમાન એવા સુરેશાન, ચક્ર ગદા ધારણ કરનાર મહા હંસનાં દર્શન કરવા ગયા, અને ત્યાં તે શ્રીહરિને શરણે થયા.[૧૩] ઇંદ્ર સાથે તે દેવતાઓને આવેલા જોઇને પુરુષોત્તમ ભગવાન્ હસીને મેઘના જેવી ગંભીર વાણીથી બોલ્યાઃ[૧૪] તમે બધા મારી પાસે આવ્યા, તે દૈત્યપતિ દુરાત્મા નિશુંભથી હારીને નાસી આવ્યા છો કે શું?[૧૫] તો હે દેવશ્રેષ્ઠો! હું તમારા હિતની એક વાત કહું છું તે કરો. તે પ્રમાણે કરવાથી તમારો જય જ થશે.[૧૬] હે દેવો! અગ્નિષ્વાત્ત નામે જે પિતૃગણ કહેવાય છે તેમની મેના નામની એક માનસી કન્યા છે.[૧૭] હે દેવો! મહા તિથિ (પર્વણી) ને દિવસે તેનું આરાધન પરમ શ્રદ્ધાથી કરીને હિમાચલને ત્યાં (પુત્રી જન્મનો) ઉત્સવ થવાને માટે તે સતી મેનાની પ્રાર્થના કરો.[૧૮] તેના વિષે, દક્ષના કોપથી જેણે મળની પેઠે પોતાના જીવિતનો ત્યાગ કર્યો હતો તે સ્વરૂપવતી તપસ્વિની સતી જન્મશે.[૧૯] તેને શંકરથી તેજવાન પુત્ર ઉત્પન્ન થશે, તે દૈત્યેન્દ્ર શુંભને તેના પરિવારસહિત હણશે.[૨૦] માટે તમે સર્વે મહા ફળ આપનારા પવિત્ર કુરુક્ષેત્રમાં જાઓ, અને ત્યાં પૃથૂદક તીર્થમાં પિતૃઓની પૂજા કરો.[૨૧] તમે સર્વે જો શંકરના પુત્ર (કાર્તિકસ્વામી)થી શત્રુનો પરાભવ કરવાની ઇચ્છા કરતા હો, તો તે પુણ્યતીર્થમાં જઇને મહાતિથિને દિવસે તે પ્રમાણે કરો.[૨૨]

પુલસ્ત્યજી બોલ્યા—વાસુદેવ ભગવાને એ પ્રમાણે કહ્યું એટલે ઇંદ્રસહિત સર્વ દેવો હાથ જોડીને પરમેશ્વરને પૂછવા લાગ્યા.[૨૩] દેવો બોલ્યા;—જ્યાં પવિત્ર પૃથૂદક છે તે કુરુક્ષેત્ર કેવું છે? અને તે તીર્થની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તે અમને કહો.[૨૪] સર્વ તિથિઓમાં ઉત્તમ એવી મહા પુણ્યતિથિ આપે કહી તે કયી? કે જે તિથિએ દિવ્ય પિતૃઓ પ્રયત્નપૂર્વક પૂજવા યોગ્ય છે.[૨૫] દેવોનાં આ વચનો સાંભળીને કૈટભમર્દન મુરારિ પવિત્ર કુરુક્ષેત્રની ઉત્પત્તિ તથા તે પુણ્ય તિથિને કહેવા લાગ્યા.[૨૬] શ્રી ભગવાન્ બોલ્યા;—સત્યયુગના પ્રારંભમાં ચંદ્રવંશમાં ઋક્ષ નામનો એક મહા બળવાન રાજા થયો હતો. તે ઋક્ષને સંવરણ નામે એક પુત્ર થયો હતો.[૨૭] તેને બાળપણામાં જ તેના બાપે ગાદી ઉપર બેસાર્યો. તે બાળક હતો તો પણ ધર્મશીલ અને મારો ભક્ત હતો.[૨૮] વરુણપુત્ર વસિષ્ઠ તેના પુરોહિત હતા. તે ઉદારબુદ્ધિએ તેને અંગોસહિત વેદોનો અભ્યાસ કરાવ્યો.[૨૯] પછી તે રાજપુત્ર એક અનધ્યાયને દિવસે તપોનિધિ વસિષ્ઠને સર્વ રાજકાજ સોંપીને વનમાં ગયો.[૩૦] ત્યાં એક હરણની પાછળ ઘોડા ઉપર બેસીને દોડતો એકલો જ મનના ઉન્માદથી વૈભ્રાજ નામના વનમાં જઈ ચઢ્યો.[૩૧] તે વન જોઇને તેને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. ત્યાં બધી ઋતુઓનાં ફૂલ ખીલી રહ્યાં હતાં. તેમની સુગંધીથી તૃપ્ત ન થતાં તે વનમાં આમતેમ ભમવા લાગ્યો.[૩૨] તેણે તે વનના અતર્ભાગને ખીલેલાં રાતાં કમળો, કલ્હાર, પદ્મ, કુમુદ, કમળ અને ઇંદિવરથી છવાયલો જોયો.[૩૩] ત્યાં આગળ અપ્સરાઓ અને દેવકન્યાઓ નિરંતર ક્રીડા કરતી હતી. તેઓની મધ્યે એક અતિ સુંદર કન્યાને સંવરણે જોઈ.[૩૪] તેને જોતાં જ તે રાજકુમાર કામદેવનાં બાણથી પીડાવા લાગ્યો; તે જ પ્રમાણે તે કન્યા પણ તેને જોઇને કામદેવનાં બાણથી ઘાયલ થઈ.[૩૫] કામદેવનાં બાણોથી પીડાતાં તે બંનેને મોહ થયો. આથી રાજા તો બેભાન થઇને ઘોડા ઉપરથી જમીન ઉપર પડી ગયો.[૩૬] એટલે ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનારા મહાત્મા ગંધર્વોએ તેની પાસે આવી તેને પાણી છાંટયું, ત્યારે થોડીવાર રહીને તે શુદ્ધિમાં આવ્યો.[૩૭] તે કન્યાને પણ અપ્સરાઓએ ઉંચકી જઇને તેના પિતાના મહેલમાં લઇ જઇને મૂકી; અને મધુર વચનો રૂપી પાણીથી તેનું આશ્વાસન કર્યું.[૩૮] પછી તે રાજા, ઇચ્છાનુસાર ફરનારા દેવો જેમ મેરુના શિખર ઉપર ચઢે, તેમ ઘોડા ઉપર ચઢીને પોતાના ઉત્તમ પ્રતિષ્ઠાન પુરમાં ગયો.[૩૯] જયારથી તેણે પોતાની આંખોથી પર્વત ઉપર તપતીને જોઇ ત્યારથી તેણે દિવસે ખાવાનું અને રાત્રે ઉંઘવાનું છોડી દીધું.[૪૦] તપોનિધિ સર્વજ્ઞ વસિષ્ઠ મુનિએ જાણ્યું કે, રાજા તપતીના કામબાણથી પીડાય છે.[૪૧] તેથી તે મહાયોગી આકાશમાં કૂદીને રવિમંડળમાં ગયા; અને રથમાં બેઠેલા સૂર્ય ભગવાનનાં તેમણે દર્શન કર્યાં.[૪૨] ઋષિએ સૂર્યને પ્રણામ કર્યા એટલે સૂર્યે પણ તેમને સામા પ્રણામ કર્યાં.[૪૩] પ્રકાશિત જટાકલાપવાળા તે વસિષ્ઠ ઋષિ સૂર્યની પાસે જઇને બીજા સૂર્ય જેવા શોભવા લાગ્યા.[૪૪] સૂર્યનારાયણે અર્ચા વગેરેથી તે તપોનિધિ ઋષિની પૂજા કરી અને ત્યાં આવવાનું કારણ પૂછયું એટલે

ને કહ્યું:૪૫ હે દેવેશ! હે મહાતેજસ્વાન! હું તને યાચવા આવ્યો છું. તું કન્યા સંવરણને માટે આપ.૪૬ પછી સૂર્યે સંવરણને માટે પોતાની કન્યા , ઘેર આવેલા દ્વિજશ્રેષ્ઠ વસિષ્ઠને આપી.૪૭ સૂર્યનાં વચન સાંભળીને વસિષ્ઠ પોતાના પવિત્ર આશ્રમમાં આવ્યા. ત્યાં રાજપુત્ર સંવરણને સંભારીને હાથ ી મહાદેવી તપતી વસિષ્ઠ મુનિને કહેવા લાગી.૪૮ તપતી બોલી:—હે બ્રહ્મન્! ારિકા અપ્સરાઓ સાથે દેવકુમાર જેવા રાજપુત્રને અરણ્યમાં મેં જોયો હતો જેને જોઇને મને મદનપીડા થઈ હતી તેને હું લક્ષણોથી ઓળખું છું.૪૯ સુંદર પગોમાં ચક્ર, ગદા અને તલવારનાં ચિહ્ન છે. તેની જંઘાઓ અને ાથીની શુંડ જેવાં છે. સિંહના જેવી તેની કમર છે, તેનું પેટ સૂક્ષ્મ ત્રિવલી- છે.૫૦ તેની ડોક શંખના જેવી છે; તેના ભુજ ધટ્ટ, કઠણ અને દીર્ઘ તેના હાથ કમળદળનાં લાંછનવાળા છે; અને મસ્તક છત્રની માફક અતિ યમાન છે.૫૧ કાળા વાંકડીઆ વાળ છે; કાન માંસથી ભરાવદાર છે; નાક અણિયાળું છે; હાથપગની આંગળીઓ લાંબી અને સારાં પર્વ (સાંધા) વાળી ને દાંત સફેત છે.૫૨ તે ઉદારવીર્ય રાજકુમારનાં છ અંગો (બગલ, કૂખ, નાક, ખભા અને કપાળ) ઉન્નત છે; ત્રણ અંગો (સ્વર, ગતિ અને) ગંભીર છે; ત્રણ અંગો (ભવાં, અંડકોશ, અને બાહુ) લાંબાં છે; સાત (આંખના ખૂણા, નખ, હથેળીઓ અને પગનાં તળિયાં) રાતાં છે; ચાર (કેશ, ભમર અને બે આંખની કીકી) કાળાં છે; અને ત્રણ અંગો (પગનાં ંનો મધ્ય ભાગ, પાદરેખા, અને ચૂચુક) આનત (નિમગ્ન) છે.૫૩ માતાપિતાના ંશથી તે શુદ્ધ છે; ક્ષમા, દયા, સત્ય, ધર્મ એ ચારથી સુગંધીત (યશસ્વી) ુખ, નેત્ર, ઓષ્ઠ મધ્યભાગ, જીભ, ઓષ્ઠ, તાલુ, સ્તન, નખ, હાથ, પગ, ા કમળના સમાન છે. હે બ્રહ્મન્! પૂર્ણ વિચાર કરીને પ્રથમથી જ એ ત્રને હું વરી ચૂકી છું.૫૪ હે તપસ્વીઓમાં શ્રેષ્ઠ! સર્વગુણસંપન્ન મેં ઇચ્છેલા જકુમારને જ મારું દાન કરો. હે વિભો! આપ બીજા કોઇને મારું દાન કરવા છો, પણ જેના ઉપર જેનો સ્નેહ હોય તેને જ તે આપવું જોઇએ એમ ુરુષો કહે છે, માટે તે રાજપુત્રને જ મારું દાન કરો.૫૫ વિષ્ણુ ભગવાન્ :—સૂર્યપુત્રીએ એ પ્રમાણે કહ્યું એટલે ઋષિએ વિચાર કર્યો કે, ઋક્ષપુત્ર ુ પણ એને લીધે જ કામથી પીડાય છે તે હું જાણું છું. એમ વિચાર પછી તે બોલ્યા:૫૬ હે પુત્રિ! જે રાજપુત્રને તેં જોયો હતો અને જેની ા ઇચ્છા કરે છે તે ઋક્ષપુત્ર સંવરણ નામે રાજકુમાર છે, અને મારા ્માં હંમેશાં આવે છે.૫૭ એટલામાં સંવરણ ઋષિના આશ્રમમાં આવ્યો, વસિષ્ઠનાં દર્શન કરી તેમને પ્રણામ કર્યા ને ત્યાં તપતીને પણ બેઠેલી ૫૮ તે કમળના જેવાં વિશાળ નેત્રવાળીને જોઇને રાજા વિચાર કરવા લાગ્યો જેને પૂર્વે જોઇ હતી તે જ આ જણાય છે. પછી તેણે ઋષિને પૂછ્યું કે, હે

દ્વિજેન્દ્ર! આ લલના કોણ છે? ત્યારે વસિષ્ઠ ઋષિએ તેને કહ્યું કે,[૫૯] હે રાજા! એ સૂર્યની પુત્રી તપતી નામે પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. મેં તારે માટે સૂર્ય પાસે એની યાચના કરી એટલે સૂર્યે એ આપી છે, તેથી તે આ આશ્રમમાં આવી છે.[૬૦] માટે હે નરેન્દ્ર! ઉઠ અને આ તપતીનું પાણિગ્રહણ વિધિપૂર્વક કર! એ પ્રમાણે કહેવાથી રાજા ઘણો હર્ષ પામ્યો, અને તપતીનુ પાણિગ્રહણ યથાવિધિ તેણે કર્યું.[૬૧] તે સૂર્યપુત્રી પણ ઇંદ્રના જેવા પ્રભાવવાળા મનોભિરામ તે પતિને પામીને પુલોમજા જેમ સ્વર્ગમાં મહેન્દ્રની સાથે વિહાર કરે, તેમ ઉત્તમ ગૃહોમાં તેની સાથે વિહાર કરવા લાગી.[૬૨]

सा तं पतिं प्राप्य मनोऽभिरामं सूर्यात्मजा शक्रसमप्रभावम् ।
रेमे च तेनैव गृहोत्तमेषु यथा महेंद्रेण पुलोमजा दिवि ॥ ६२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે તપતી આખ્યાનમાં 'ઉમાસંભવ' નામનો એકવીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૨ મો.

કુરુક્ષેત્ર મહિમા.

देवदेव उवाच—तस्यां तपत्यां नरसत्तमेन जातः सुतः पार्थिवलक्षणस्तु ॥
स जातकर्मादिभिरेव संस्कृतो ह्यवर्धताज्येन हुतो यथाग्निः ॥ १ ॥

શ્રીવિષ્ણુ ભગવાન્ બોલ્યાઃ—તે તપતીમાં રાજાથી રાજાનાં લક્ષણોવાળો એક પુત્ર ઉત્પન્ન થયો. જાતકર્માદિ સંસ્કાર પામેલો તે, ઘી નાંખવાથી અગ્નિ વધે તેમ, વધવા લાગ્યો.[૧] હે દેવો! મિત્રાવરુણના પુત્ર વસિષ્ઠે તેને ચૂડાકરણ સંસ્કાર તથા નવમે વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર કર્યો, અને તમામ વેદ તથા શાસ્ત્રોમાં તેને પારંગત બનાવ્યો.[૨] ત્યારપછી તે પુત્રે ચાર છ વર્ષમાં સર્વજ્ઞતા પ્રાપ્ત કરી લીધી. પુરુષોમાં ઉત્તમ સંવરણનો તે પુત્ર કુરુ નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયો.[૩] રાજા સંવરણ, છોકરાને સોળ વરસનો જોઇને કોઈ સારા કુળમાં તેનો વિવાહ કરવાને માટે પ્રયત્ન કરવા લાગ્યો.[૪] તેણે મહારૂપાળી સુદામાની પુત્રી સૌદામિની, પુત્રને માટે પસંદ કરી અને તેના પિતાએ પણ કુરુ સાથે તેને પરણાવી.[૫] કુરુ, તે રાજપુત્રીને મેળવીને ધર્મને બાધ ન આવે તેવી રીતે ઇંદ્ર જેમ શચિ સાથે વિહાર કરે, તેમ તેની સાથે વિહાર કરવા લાગ્યો.[૬] રાજા સંવરણે જાણ્યું કે પુત્ર હવે રાજ્યભાર ખમી શકે એવો બળવાન થયો છે, ત્યારે યુવરાજ્યપદ ઉપર તેનો અભિષેક કર્યો.[૭] ત્યાર પછી કુરુને પિતા સંવરણે રાજગાદી ઉપર બેસાડ્યો, એટલે પછી તેણે પોતાની પ્રજામાફક રૈયતનું અને પૃથ્વીનું પાલન કરવા માંડ્યું.[૮] તે જાતે જ ક્ષેત્રપાલ થયો, પશુપાલ થયો, રાજપાલ થયો અને અજાપાલ થયો![૯] તેને આ લોકમાં એવી ઉત્તમ બુદ્ધિ ઉત્પન્ન થઇ કે જ્યાં સુધી જેની કીર્ત્તિ કાયમ

રહે છે, ત્યાં સુધી તે પણ કાયમ રહે છે.[૧૦] આમ ચારે તરફનો યોગ્ય વિચાર કરીને તે નૃપશ્રેષ્ઠ, કીર્તિને માટે આખી પૃથ્વી ઉપર ફરી વળ્યો.[૧૧] પછી તે જિતેન્દ્રિય કુરુ, પરમ પવિત્ર દ્વૈતવનમાં જઇને ઘણો સંતોષ પામ્યો ને પછી તેની અંદર તેણે પ્રવેશ કર્યો.[૧૨] ત્યાં તેણે પુણ્યકારક, પાપમોચિની, પ્લક્ષજા, બ્રહ્માની પુત્રી શ્રીહરિની જીભ જેવી સરસ્વતી નદીને જોઈ.[૧૩] વિસ્તૃત હદ બનાવીને સુદર્શનની માતા એવી તે સરસ્વતીના જળમાં સ્નાન કરીને કુરુ ઘણો પ્રસન્ન થયો.[૧૪] ત્યાર પછી તે સમંતપંચક નામે બ્રહ્માની ઉત્તરવેદી આગળ ગયો. તે ઉત્તમ ધર્મક્ષેત્ર છે.[૧૫] તે ચારે તરફ પાંચ પાંચ યોજન વિસ્તારવાળું છે. દેવતાઓ બોલ્યાઃ—હે પુરુષોત્તમ! બ્રહ્માજીની બીજી પણ કોઇ વેદીઓ છે કે શું?[૧૬] કે જેથી આપે સર્વ તરફ પાંચ પાંચ યોજન વિસ્તારવાળી આ ઉત્તર વેદી કહી. શ્રીહરિ બોલ્યાઃ—ધર્મસ્વરૂપી લોકનાથ બ્રહ્માજીની બધી મળીને પાંચ વેદીઓ છે.[૧૭] એ બધી વેદીઓમાં લોકનાથ દેવાધિદેવ શંભુએ યજ્ઞો કર્યા હતા. તેઓમાં પ્રયાગ મધ્યમાવેદી છે, ગયાશિર પૂર્વાવેદી છે.[૧૮] વિરજા અનંત ફળ આપનારી દક્ષિણાવેદી છે. પશ્ચિમ તરફની પુષ્કરાવેદી ત્રણ કુંડોથી અલંકૃત છે.[૧૯] અને સમંતપંચકમાં ઉત્તરાવેદી છે. રાજર્ષિ કુરુએ આ ક્ષેત્ર મહા ફળ આપનારું માન્યું.[૨૦] અને વિચાર કર્યો કે, આ ઉત્તરાવેદીમાં જ હું મારા મનોરથો પૂર્ણ કરીશ. એમ કરી ત્યાં જ રથ છોડ્યો.[૨૧] ત્યાર પછી તે રાજાએ તે સ્થળને કીર્તિને માટે ઉત્તમ ક્ષેત્ર બનાવ્યું. અને પછી સોનાનું હળ બનાવીને તથા શંકરનો બળદ લઇને,[૨૨] યમના મહિષ ઉપર બેસીને જાતે ખેડવા તૈયાર થયો. તે ખેડતો હતો ત્યાં ઇંદ્ર પોતે આવ્યો.[૨૩] ઇંદ્રે કહ્યું કેઃ—હે રાજેન્દ્ર! આ તમે શો ઉદ્યમ કરો છો? ત્યારે તે રાજાએ ઇન્દ્રને કહ્યું કે, હું તપ, સત્ય, દયા, ક્ષમા, શૌચ, દાન, યોગ, બ્રહ્મચર્ય એ સૌને ખેંચી કાઢું છું. ઇંદ્રે કહ્યું, હે નરેશ્વર! તમે બીજ કયાંથી લાવ્યા? એમ કહીને હસીને ઇંદ્ર ત્યાંથી ચાલ્યો ગયો. ઇંદ્રના ગયા પછી રાજાએ હળ લઇને દરરોજ ચોમેર સાત સાત ગાઉ જૂદાં જૂદાં સ્થાનો ખેડવા માંડ્યાં. ત્યારે મેં તેની પાસે જઇને કહ્યું કે, "હે કુરુ! આ તું શું કરે છે?"[૨૪—૨૭] ત્યારે તેણે ધર્મનાં આઠ અંગો કહી બતાવ્યાં. એટલે મેં કહ્યું કે, "હે રાજા! એનું બીજ કયાં છે?"[૨૮] તેણે કહ્યું કે, "મારા દેહમાં જ તેનું બીજ છે." ત્યારે મેં કહ્યું કે, "તે મને આપ. હું તે વાવીશ અને તું હળ ખેડ્યા કર."[૨૯] આ સાંભળીને રાજાએ જમણો હાથ લાંબો કર્યો, તેને મેં મહાચક્રવડે કાપી નાંખ્યો.[૩૦] તે હાથના હજાર કકડા કરી નાંખ્યા, એટલે રાજા એક હાથવાળો થયો. પછી ડાબો હાથ ધર્યો તો તેને પણ મેં કાપી નાંખ્યો.[૩૧] તે જ પ્રમાણે તેણે બે ઉરૂ આપ્યા, તો તે પણ કાપી નાંખ્યા. ત્યાર પછી તેણે માથું ધર્યું, એટલે હું તેના ઉપર પ્રસન્ન થયો.[૩૨] મેં કહ્યું કે "હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તું તારી ઇચ્છામાં આવે તે વર માગ." એટલે કુરુએ કહ્યું, "મેં જ્યાં સુધી જમીન ખેડી છે ત્યાં સુધી

આપનું ધર્મક્ષેત્ર થાઓ.[33] એ ક્ષેત્રમાં જે કોઇ સ્નાન કરે, અને મરણ પામે તેને મહાપુણ્ય ફળ થાઓ. હે માધવ! અહીં જે ઉપવાસ કરે, દાન કરે, સ્નાન કરે, જપ કરે, હોમ કરે, યજ્ઞાદિ શુભ અથવા અશુભ કર્મ કરે, તે સર્વેનું હે હૃષીકેશ! હે શંખચક્રગદાધર! તમારા પ્રસાદથી આ ઉત્તમ ક્ષેત્રમાં અક્ષય મહાફળ થાઓ. તે જ પ્રમાણે હે પુંડરીકાક્ષ! હે અચ્યુત! તમે બધા દેવો અને મહાદેવ સાથે, મારા નામની સૂચના કરનારા આ ક્ષેત્રમાં આવીને વસો." એ પ્રમાણે તે રાજાએ કહ્યું એટલે મેં તેને કહ્યું કે, "એ પ્રમાણે થશે. અને હે મહીપતિ! તું ફરીથી દિવ્ય શરીરવાળો થા. હે સુવ્રત! મરણ પછી તું નિશ્ચે મારામાં લય પામીશ.[34-38] તારી કીર્ત્તિ અખંડ થશે તેમાં સંશય નથી, અને એ ક્ષેત્રમાં તું હજારો યજ્ઞો કરીશ."[39]

પુલસ્ત્યમુનિ બોલ્યાઃ—તે ક્ષેત્રની રક્ષાને માટે શ્રીપુરુષોત્તમ ભગવાને ચંદ્ર નામના યક્ષને અને વાસુકિ નામના નાગને નિર્માણ કર્યા.[40] વળી શંકુકર્ણ નામનો વિદ્યાધર, સુકેશ રાક્ષસાધિપતિ, અજાવન રાજા, મહાદેવ, અને અગ્નિ એમને પણ નિમ્યા.[41] એ સઘળાઓ મળીને ચારે તરફથી કુરુક્ષેત્રની રક્ષા કરે છે. વળી એ મહા બળવાનોના અનુયાયી સેવકો જેમની સંખ્યા આઠ હજારની છે ને જેઓ ધનુર્ધારી છે, તેઓ મહા ઉગ્ર રૂપ ધારણ કરીને કોઇ પણ દુષ્કૃતિમાન પુરુષને તેમાં સ્નાન કરવા દેતા નથી.[42-43] તે કુરુક્ષેત્રના મધ્ય ભાગમાં મહા પુણ્યકારક, પાપ હરણ કરનારું અને કલ્યાણમય એવું પૃથૂદક નામે તીર્થ છે. અને તે જલસમૂહયુક્ત તીર્થની પુત્રી પુષ્કળ પાણીવાળી પૂર્વ દિશા તરફ વહેનારી નદી છે.[44] પ્રપિતામહ બ્રહ્માજીએ પૂર્વે સમસ્ત ભૂતગણ સાથે આ નદી ઉત્પન્ન કરેલી છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ વગેરેની સાથે પૃથૂદક તીર્થની ઉત્પત્તિ છે.[45] બધા મહાસાગરો, બધાં તીર્થો, નદીઓ, ઝરાઓ, તળાવો એઓ ત્યાં નિર્માણ કરેલાં છે. તેઓની વચ્ચે સ્વર્ગની નિસરણી જેવું એ પૃથૂદકનું પાણી છે.[46] કુરુ તથા જાંગલ નામના દેશોની વચ્ચે સરસ્વતી અને દૃષદ્વતીની વચ્ચમાં આવેલા કુરુક્ષેત્રમાં મુનિશ્રેષ્ઠ લોમહર્ષણ રહેતા હતા. હે દેવો! તેમને ઋષિઓએ પૂછ્યું હતું.[47] ઋષિઓ પૂછે છે;—હે મુનિ! એ સરોવરનું અને તીર્થોનું પ્રમાણ કહો, તથા દેવતાઓનું માહાત્મ્ય અને વામન ભગવાનની ઉત્પત્તિ અમને કહો.[48] એ પ્રમાણે સાંભળીને લોમહર્ષણ મુનિ તે ઋષિઓને નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[49] લોમહર્ષણ બોલ્યાઃ—કમળના ઉપર બેઠેલા સર્વના ઈશ બ્રહ્માજી, લક્ષ્મીજી સહિત વિષ્ણુ અને મહાદેવ એઓને પ્રણામ કરીને તીર્થશ્રેષ્ઠ બ્રહ્મસરવિષે હું તમને કહું છું.[50] રંતુકથી ઓજસ સુધી અને પાવનથી ચતુર્મુખ સુધી એ સરોવર આવેલું છે, એમ પૂર્વે બ્રહ્માજીએ કહ્યું હતું.[51] કલિ અને દ્વાપરના મધ્યમાં મહાત્મા વ્યાસજીએ એ સરોવરનું જે પ્રમાણ કહ્યું છે તે હે દ્વિજવરો! સાંભળો.[52] વિશ્વેશ્વરથી હસ્તિપુર અને જરદ્ગવી કન્યાથી ઓઘવતી સુધી એ સરોવરની હદ

છે.[૫૩] મેં તેનું જે પ્રમાણુ સાંભળ્યું હતું તે અને વામનની ઉત્પત્તિ કહું છું તે હે દ્વિજશ્રેષ્ઠ! પુણ્યની વૃદ્ધિ કરનારાં છે.[૫૪] દેવવર વિશ્વેશ્વરથી પવિત્ર સરસ્વતી સુધી ચારે તરફ અડધા યોજન વિસ્તારમાં એ સરોવર પડેલું છે.[૫૫] એનો આશ્રય કરીને દેવો અને ઋષિઓ રહેલા છે તેમાં કેટલાક મોક્ષની ઇચ્છાથી અને કેટલાક સ્વર્ગની ઇચ્છાથી એને સેવે છે.[૫૬] મહાયોગી બ્રહ્માજીએ સૃષ્ટિ રચવાની ઇચ્છાથી એ સરોવરની સેવા કરી હતી અને વિષ્ણુએ હરિરૂપે જગતની સ્થિતિની ઇચ્છાથી એની સેવા કરી હતી.[૫૭] મહાત્મા શંકરે એ સરોવરમાં પ્રવેશીને મહાતેજવાન્ સ્થાણુત્વ પ્રાપ્ત કર્યું હતું.[૫૮] આ બ્રહ્માજીની આદ્ય વેદી છે, ત્યાર પછી તેનું નામ રામહ્રદ પડ્યું અને કુરુએ અહીં જમીન ખેડી માટે એનું નામ પછીથી કુરુક્ષેત્ર પડ્યું.[૫૯] તરંતુક અને અરંતુકની મધ્યમાં તથા રામહ્રદની મધ્યમાં પંચકથી આ કુરુક્ષેત્ર સમંતપંચક કહેવાય છે અને તે પિતામહ બ્રહ્માજીની ઉત્તરવેદી છે.[૬૦]

तरंतुकारंतुकयार्यदंतरं यदंतरं रामह्रदस्य पंचकात् ।
एतत्कुरुक्षेत्रसमंतपंचकं पितामहस्योत्तरवेदिरुच्यते ॥ ६० ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવરમાહાત્મ્ય' નામનો બાવીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૩ મો.

બલિ ઐશ્વર્ય પ્રાપ્તિ.

ऋषय ऊचुः—ब्रूहि वामनमाहात्म्यमुत्पत्तिं च विशेषतः ।
यथा बलिर्नियमितो दत्तं राज्यं [illegible]ः ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—વામનજીનું માહાત્મ્ય તથા ઉત્પત્તિ અને તેમણે જેવી રીતે બલિને નિયમિત કરીને ઇંદ્રને તેનું રાજ્ય પાછું આપ્યું તે અમને કહો.[૧] લોમહર્ષણ બોલ્યાઃ—હે ઋષિઓ! આપ પ્રસન્ન થઇને મહાત્મા વામનજીની ઉત્પત્તિ તથા તેમનો પ્રભાવ અને કુરુક્ષેત્રમાં નિવાસ સાંભળો.[૨] તેજ પ્રમાણે દૈત્યોનો વંશ સાંભળો, કે જે વંશમાં વિરોચનનો પુત્ર બલિ, પૂર્વે ઉત્પન્ન થયો હતો.[૩] દૈત્યોનો આદિ પુરુષ હિરણ્યકશિપુ થયો હતો, તેનો પુત્ર મહાતેજવાળો પ્રહ્લાદ નામનો દાનવ થયો હતો.[૪] તેનો વિરોચન થયો અને વિરોચનનો બલિ થયો. હિરણ્યકશિપુ મરણ પામ્યા પછી દેવતાઓને હાંકી કાઢીને, તેણે સચરાચર ત્રિલોકમાં ઇચ્છા પ્રમાણે રાજ્ય કર્યું. તેણે ઘણા યજ્ઞો કર્યા, તે જોઇને બધા દૈત્યો યજ્ઞ કરવા લાગ્યા, એટલે આખું ત્રૈલોક્ય દૈત્યોથી વ્યાપ્ત થઇ ગયું.[૫-૬] મય તથા શંબર જેવા બળવાન દૈત્યોને પણ જિત્યા. ધર્મક્રિયાઓ વધવાથી બધી દિશાઓ શુદ્ધ થઈ ગઈ.[૭] અયનમાં સ્થિત સૂર્ય ભગવાન્ દૈત્યમાર્ગમાં પ્રવૃત્ત થયા. પ્રહ્લાદ, શંબર, મય એ સર્વે

પ્રીતિથી દિશાઓનું રક્ષણ કરવા લાગ્યા. આકાશમંડળનું સારી રીતે પાલન થ લાગ્યું. અને ચારે વેદ સ્વર્ગમાં દૈત્યના યજ્ઞની શોભાને દર્શાવવા લાગ્યા.[૮-૯] બ લોક પોતપોતાના સ્વભાવ પ્રમાણે સન્માર્ગમાં વર્તવા લાગ્યા. સર્વ પાપોના અભ થયો અને ધર્મભાવને ઉદય થયો.[૧૦] ધર્મ ચારે પગથી રહેવા લાગ્યો અ અધર્મ એક પગથી રહેવા લાગ્યો. સારી રીતે પ્રજાપાલન કરવાથી રાજ્યની સમૃ વધી, અને સર્વે આશ્રમવાસીઓ પોતપોતાના ધર્મમાં સ્થિત થયા.[૧૧] તમા અસુરાએ બલિને દૈત્યરાજ્યની ગાદી ઉપર અભિષેક કર્યો, તે સમયે અસુરગ હર્ષયુક્ત થઇને આનંદનાં ગીત ગાવા લાગ્યા.[૧૨] તે પછી કમળના અંતર્ભાગ જેવી પ્રભાવાળી, હાથમાં ઊંચા પકડેલા કમળવાળી, વરદાયિની, શુભકર પ્રવેશવા લક્ષ્મીજી બલિની પાસે આવીને બોલી.[૧૩] લક્ષ્મીજી કહે છેઃ—હે બલિરાજ હે મહાપ્રકાશમાન! હે બળવાનોમાં શ્રેષ્ઠ દૈત્યરાજ! દેવરાજ ઇંદ્રને તે પરાજય ક તેથી હું તને પ્રસન્ન થઇ છું. તારું કલ્યાણ થાઓ.[૧૪] તેં દેવરાજને પરાજય કરવા જે પરાક્રમ બતાવ્યું તે તારું મહાસત્ત્વ જોઇને હું જાતે તારી પાસે આવી છું.[૧૫] દાનવવ્યાઘ્ર! હિરણ્યકશિપુના કુળમાં તારો જન્મ છે અને અસુરામાં તું ઇન્દ્ર સમ છે એટલે તારાથી એ કાર્ય બને તેમાં આશ્ચર્ય નથી.[૧૬] હે રાજન્! તારા પ્રપિતામ કે જેણે આ આખા અવિનાશી ત્રિલોકને વશ કરેલું, તેના કરતાં પણ તેં વિશે કીર્તિ મેળવી છે.[૧૭] એ પ્રમાણે બોલીને તે વરદાયિની, સેવવા યોગ્ય, સર્વ દેવે સુંદર દેવી લક્ષ્મીજીએ બલિરાજાના શરીરમાં પ્રવેશ કર્યો.[૧૮] એટલે પછી લજ્જ કીર્તિ, દ્યુતિ (તેજ) પ્રભા, ધૃતિ, ક્ષમા, શક્તિ, ઋદ્ધિ, દિવ્યા મહામતિ,[૧૯] શ્રુ વિદ્યા, સ્મૃતિ, શાંતિ, પુષ્ટિ, અને ક્રિયા વગેરે દેવીઓએ પણ તેનામાં પ્રવેશ ક અને દિવ્ય નૃત્ય ગીતમાં કુશળ સર્વે અપ્સરાઓ દૈત્યેન્દ્ર બલિપાસે આવીને ઉભી ર એ પ્રમાણે સચરાચર આખું ત્રૈલોક્ય અને અતુલ ઐશ્વર્ય બ્રહ્મવાદી બલિરાજ પ્રાપ્ત થયું.[૨૦-૨૧]

प्रपन्ने तु दैत्येंद्रं त्रैलोक्यं सचराचरम् ।
प्राप्तमैश्वर्यमतुलं बलिना ब्रह्मवादिना ॥ २१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ત્રેવીશમો
અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૪ મો.
બલિને જિતવા માટે યોજના.

ऋषय ऊचुः—देवानां ब्रूहि मे कर्म यद्वृत्तास्ते पराजिताः ।
कथं देवाधिदेवोऽसौ विष्णुर्वामनतां गतः ॥ १ ॥

ઋષિઓ બોલ્યાઃ—દેવોએ પરાજિત થયા પછી જે કર્મ કર્યું તે તથા દેવાધિદેવ વિષ્ણુ વામનપણાને શી રીતે પામ્યા, તે અમને કહો.[૧]

લોમહર્ષણ બોલ્યાઃ—આખું ત્રૈલોકય બલિરાજાને વશ થયેલું જોઈને ઇંદ્ર, મેરુ પર્વત ઉપર પોતાની માતા પાસે ગયો[૨] અને કહેવા લાગ્યો કે, હે માતા! દૈત્યરાજ બલિએ બધા દેવોને પરાજિત કર્યા છે.[૩] અદિતિ બોલ્યાંઃ—હે પુત્ર! જો તમે સૌ દેવો અને મરુદ્ગણોથી વિરોચન પુત્ર બલિ યુદ્ધમાં જિતી શકાય એમ નથી, તો એકલા સહસ્રશીર્ષા વિષ્ણુ ભગવાનવડે જ તે જિતી શકાય એમ છે.[૪—૫] જે પ્રમાણે મને આવીને તમે પૂછો છો, તે જ પ્રમાણે તમારા પિતા બ્રહ્મવાદી કશ્યપજીને પણ એ મહાત્મા બલિના પરાજયનો ઉપાય પૂછો.[૬] પછી દેવો કશ્યપ પાસે ગયા. ત્યાં પ્રદીપ્ત તપના ભંડાર જેવા, આદિ દેવગુરુ, દિવ્ય બ્રહ્મતેજથી પ્રકાશિત, સૂર્ય અને અગ્નિની જ્વાળા જેવા બેઠેલા મુનિ મારિચ (કશ્યપ) ને દીઠા.[૭—૮] તેમણે દંડનો ત્યાગ કર્યો હતો, તપમાં યુક્ત હતા, કાળા મૃગનું ચર્મ પહેરેલું હતું, વલ્કલ ઓઢેલું હતું અને તેજથી પ્રકાશિત થઈ રહ્યા હતા.[૯] અગ્નિના જેવા તેજવાળા જણાતા હતા, આજ્યગંધ વગેરે સહિત અગ્નિહોમ કરી રહ્યા હતા, વેદપાઠ કરતા હતા, શરીરવાન્ અગ્નિ સમાન જણાતા હતા તથા તેમની પાસેથી ઘીની સુગંધ આવી રહી હતી.[૧૦] એ બ્રહ્મવાદી ચરાચર જગતના ગુરુ અને પ્રભુ હતા, શોભામાં બ્રહ્માની બરોબરી કરતા હતા અને તેજથી ઝળકી રહ્યા હતા.[૧૧] તે સર્વ લોક અને પ્રજાઓના ઉત્પન્ન કર્તા છે, પોતાના વિશેષ આત્મભાવથી એ ત્રીજા પ્રજાપતિ ગણાય છે.[૧૨] તેમની પાસે જઈને સુરશ્રેષ્ઠ આદિત્યો સાથે બ્રહ્મપરાયણ શાંત ચિત્તવાળા દેવો હાથ જોડી પ્રણામ કરીને બોલ્યા;[૧૩] 'મહાબળવાન્ બલિ દૈત્ય યુદ્ધમાં ઇંદ્રથી જિતી શકાતો નથી, માટે જેથી દેવતાઓનું કલ્યાણ થાય તેવો ઉપાય અમને કહો.' પોતાના પુત્રોનાં વચનો સાંભળીને કશ્યપ પ્રભુ બોલ્યા.[૧૪]

કશ્યપ કહે છેઃ—તમે સર્વ બ્રહ્મલોકમાં જાઓ. તે લોકના ઉત્પન્નકર્તા તમને દૈત્યપતિને જિતવાનો ઉપાય કહેશે.[૧૫] હે ઇંદ્ર! ચાલો આપણે બ્રહ્માજીના ધામમાં જઈએ અને બ્રહ્માજીને દૈત્યના પરાજયનો ઉપાય પૂછવાનો ઉદ્યમ કરીએ.[૧૬] પછી આદિત્યો સહિત સર્વે દેવતાઓ, કશ્યપાશ્રમથી, બ્રહ્મર્ષિગણથી સેવિત એવા બ્રહ્મસદનમાં ગયા.[૧૭] આ પરમતેજસ્વી અમરસમૂહ, ઇચ્છા પ્રમાણે ચાલનારાં મહાબળવાન્ દિવ્ય વાહનો ઉપર બેસીને, એક ક્ષણમાં બ્રહ્મલોકમાં આવી પહોંચ્યો.[૧૮] તે સર્વ દેવો તપોરાશિ અવ્યય બ્રહ્માજીને પૂછવાને માટે તેમની વિસ્તારવાળી મોટી સભામાં

ગયા.[૧૯] જ્યાં છએ પાદથી સામવેદનાં મધુર ગાયન થતાં હતાં, અને જે કલ્યાણ કરનારી તથા શત્રુનો નાશ કરનારી હતી, એવી તે સભાને જોઈને સઘળા દેવો બહુ હર્ષ પામ્યા.[૨૦] ત્યાં ચાલતાં કર્માનુષ્ઠાનમાં ક્રમ, પદ અને અક્ષરોવડે બોલાતી ઋચાઓને તે શ્રેષ્ઠ દેવો સાંભળવા લાગ્યા.[૨૧] વેદ જાણનારા અને પદક્રમ જાણનારા મહર્ષિઓના સ્વરોથી યજ્ઞવિદ્યા ગાજી રહી હતી.[૨૨] યજ્ઞસ્તોત્રો જાણનારા, શિક્ષા જાણનારા, છંદસ્ જાણનારા અને સર્વ વિદ્યામાં વિશારદ બ્રાહ્મણોના તથા અર્વાકમતાનુયાયી બ્રાહ્મણોના સ્વર, દેવો સાંભળવા લાગ્યા. વળી ત્યાં સ્થળે સ્થળે નિયમ પાળનારા, વ્રત આચરનારા તથા જપ હોમ કરનારા બ્રાહ્મણોને કશ્યપ પુત્રો (દેવો)એ જોયા. તે સભામાં ચરાચરના ગુરુ શ્રીમાન્ બ્રહ્માજી વેદમાયા વિદ્યા સહિત બેઠા હતા. ત્યાં જ તેમની દક્ષ વગેરે પ્રજાપતિઓ ઉપાસના કરતા હતા. [૨૩–૨૬] દક્ષ, પ્રચેતા, પુલોમ, મરીચિ, ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, ગૌતમ, નારદ,[૨૭] વિદ્યા, અંતરિક્ષ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ,[૨૮] પ્રકૃતિ, વિકાર, મહત્ કારણ, સાંગોપાંગ ચારે વેદ, લોકપતિ,[૨૯] તપ, યજ્ઞ, સંકલ્પ, પ્રાણ એ વગેરે ઘણા સ્વયંભૂ બ્રહ્માજીની ઉપાસના કરતા હતા.[૩૦]

વળી ધર્મ, અર્થ, કામ, ક્રોધ, હર્ષ, શુક્ર, બૃહસ્પતિ, સંવર્ત, બુધ,[૩૧] શનિ, રાહુ વગેરે સર્વે ગ્રહો રહેતા હતા. મરુત્ગણ, વિશ્વકર્મા, વસુઓ,[૩૨] દિવાકર, ચંદ્ર, દિવસ, રાત્રિ, અર્ધમાસ, માસ, છએ ઋતુઓ એ સૌ ત્યાં રહેતા હતા.[૩૩] સર્વ કામનાને પૂર્ણ કરનારી તે બ્રહ્માની દિવ્ય સભામાં કશ્યપ તથા તેમના પુત્રોએ અર્થાત્ ધર્મ આચરણ કરનારામાં શ્રેષ્ઠ એવા ઇંદ્ર વગેરે દેવોએ પ્રવેશ કર્યો.[૩૪] એ સભા સર્વ તેજોમયી, દિવ્ય તથા સર્વ બ્રહ્મર્ષિગણથી સેવાયલી, બ્રાહ્મી શ્રીથી શોભાયમાન, અચિંત્ય અને શ્રમરહિત હતી.[૩૫] ત્યાં સર્વેએ મહર્ષિઓની સાથે પરમ આસન ઉપર બેઠેલા બ્રહ્માજીને જોયા અને તેમને તે દેવોએ મસ્તક નમાવી પ્રણામ કર્યા.[૩૬] પછી પરમાત્મા બ્રહ્માજીનાં ચરણસ્પર્શ કરીને તે સર્વે પાપમાત્રથી મુક્ત અને દોષરહિત થયા.[૩૭] કશ્યપ સાથે તે સર્વે દેવોને આવેલા જોઈને, દેવતાઓના પ્રભુ ઈશ્વર, મહા તેજવાળા બ્રહ્માજી બોલ્યા.[૩૮]

दृष्ट्वा तु तान्सुरान्सर्वान्कश्यपेन सहागतान् ।
आह ब्रह्मा महातेजा देवानां प्रभुरीश्वरः ॥ ३८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ચોવીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૫ મો.

દેવોનું શ્વેતદ્વીપપ્રતિ પ્રયાણ.

ब्रह्मोवाच—यदर्थमिह संप्राप्ता भवंतः सर्व एव हि ॥
चिंतयाम्यहमव्यग्रमेतदर्थं महाबलाः ॥ १ ॥

બ્રહ્મા કહે છેઃ—હે મહાબળવાન્ દેવો! જે કારણથી તમે સર્વે અહીં આવ્યા છો, તેની જ ચિંતા હું સ્થિર ચિત્તે કર્યાં કરું છું.[૧] હે સુરશ્રેષ્ઠો! તમારી મનઃકામના પૂર્ણ થશે. દાનવોમાં મુખ્ય બલિને જિતનારો ઉત્પન્ન થશે.[૨] તે વિશ્વકર્ત્તા, એકલા અસુરોનું જ શરણસ્થાન નથી, પણ મારું પણ છે. તે પ્રભુ ત્રૈલોક્યનો અને દેવોનો પણ નેતા છે.[૩] જે સનાતન વિશ્વરૂપ સર્વ લોકનો સ્વામી છે, જે મારો પૂર્વજ સનાતન આદિદેવ છે,[૪] તે મહાત્માને દેવો પણ "આ કોણ છે" એમ જાણતા નથી; પરંતુ તે પુરુષોત્તમ, દેવોને, અમને તથા આખા વિશ્વને જાણે છે.[૫] તેની જ કૃપાથી હું ઉત્તમ ગતિ કહીશ. હે કશ્યપ! જો તમે ક્ષીરસાગરના ઉત્તર તટપર જઇને યોગમાં સંસ્થિત થઇને મહા કઠિન તપ કરો, તો પછી ઉત્તર દિશામાંથી મેઘના જેવી ગંભીર ગર્જનાવાળી, પ્રેમ ભરેલી, અક્ષરોથી પુષ્ટ થયેલી, રમણીય, અભય આપનારી, સર્વદા કલ્યાણ કરનારી, બ્રહ્મવાદીઓના પરમ સંસ્કારવાળી, દિવ્ય, સત્યની ખાણરૂપ, સત્યથી ભરેલી, સર્વ પાપ નાશ કરનારી વાણીને સાંભળશો અને ત્યાર પછી તે સર્વ દેવાધિદેવ જાતે પ્રકટ થશે.[૬–૯]

એ યોગવ્રતની સમાપ્તિ સમયે તે મહાત્માદેવનું અમોઘ તેજ કહેશે કે,[૧૦] હે દેવો! તમે મારે શરણે આવેલા છો તો ભલે આવ્યા. હું કશ્યપને વર આપીશ.[૧૧] પછી અદિતિ તથા કશ્યપ બંનેએ તે દેવને પ્રણામ કરીને વરદાન માગવું કે, 'હે ભગવન્! તમે અમારા ઉપર પ્રસન્ન થઇને અમારા પુત્ર થાઓ.'[૧૨] તેમની એવી નમ્ર વાણી સાંભળીને ભગવાન્ તથાસ્તુ (તેમ થાઓ) એમ કહેશે. માટે સર્વે દેવો અને કશ્યપ તથા અદિતિએ એવી પ્રાર્થના કરવી.[૧૩] જગત્ કર્ત્તા "તથાસ્તુ" એમ કહેશે, એટલે પછી સર્વે દેવો એ પ્રમાણે વરદાન પામીને કૃતકૃત્ય થયા પછી તમે સર્વે પોતપોતાને સ્થાને જાઓ. એટલે તથાસ્તુ એમ કહીને પ્રણામ કરીને દેવો ઉત્તર દિશા તરફ શ્વેતદ્વીપમાં ગયા અને થોડા જ વખતમાં ક્ષીરસમુદ્ર પાસે પહોંચ્યા.[૧૪–૧૬] સત્યવાદી ભગવાન્ બ્રહ્માજીએ જેવો ઉપદેશ કર્યો હતો, તે પ્રમાણે તેમણે સાગરો, પર્વતો, જંગલો, નદીઓ ઓળંગીને પૃથ્વીના અંતર્ભાગમાં સર્વ પ્રાણીમાત્રથી રહિત ઘોર અંધકારને જોયું.[૧૭–૧૮] ત્યાં સૂર્યનોપ્રકાશ નહતો, અંધકારનો પણ પાર નહતો, ચારે તરફ અંધકાર જ ભરેલો હતો. આ અમૃતસ્થાનને મહાત્મા કશ્યપ મુનિ પ્રાપ્ત થયા.[૧૯] ત્યાં કશ્યપ મુનિએ એક હજાર વર્ષ સુધી દિવ્ય વ્રત કરવાની દીક્ષા લીધી, અને બુદ્ધિમાન્ યોગમૂર્તિ દેવપતિની કૃપા

મેળવવાને માટે આરંભ કર્યો.[૨૦] તે સહાસ્રાક્ષ શ્રી નારાયણ દેવની પ્રસન્નતાને માટે બ્રહ્મચર્ય, મૌન અને વીરાસનવડે સર્વ દેવતાઓ ક્રમપૂર્વક તપોયોગમાં સ્થિત થયા. ભગવાન્ કસ્યપ પણ વેદોક્ત પરમ સ્તવનનો પાઠ કરવા લાગ્યા.[૨૧–૨૨]

क यपस्तत्र भगवान्प्रस्ता र्थं महात्मनः ॥
उदीरयंश्च वेदोक्तं यमाहुः परमं स्तवम् ॥ २२ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો પચીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૬ મો.

દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ.

ॐ नमो भगवते वासुदेवाय ॥ कश्यप उवाच ॥
एकशृंग वृषसिंधो वृषाकपे सुरवृष ॥

ॐ नमो भगवते वासुदेवाय ॥ કશ્યપ મુનિ પાઠ કરવા લાગ્યાઃ—હે એકશૃંગ! હે વૃષસિંધો! હે વૃષાકપે! હે સુરવૃષ! હે અનાદિસંભવ! હે રુદ્ર! હે કપિલ! હે વિષ્વક્સેન! હે સર્વ ભૂતપતે! હે ધ્રુવ! હે ધર્મ! હે વૈકુંઠ! હે વૃષાવર્ત! હે અનાદિમધ્યનિધન! હે ધનંજય! હે શુચિશ્રવ! હે પૃશ્નિતેજ! હે નિજ! હે જય! હે અમૃતશય! હે સનાતન! હે ત્રિધામન્! હે તુષિત! હે મહાતત્ત્વ! હે લોકનાથ! હે પદ્મનાભ! હે વિરંચે! હે બહુરૂપ! હે અક્ષય! હે અક્ષર! હે હવ્યભુક્! હે ખંડપરશો! હે શક્ર! હે મુંજકેશ! હે હંસ! હે મહાદક્ષિણ! હે હૃષીકેશ! હે સૂક્ષ્મ! હે મહાનિયમધર! હે વિરજ! હે લોકપ્રતિષ્ઠ! હે અરૂપ! હે અગ્રજ! હે ધર્મજ! હે ધર્મનાભ! હે હવ્યભુક્! હે ગભસ્તિનાથ! હે શતક્રતુનાથ! હે ચંદ્રરથ! હે સૂર્યતેજ! હે સમુદ્રવાસ! હે અજ! હે સહસ્રશિર! હે સહસ્રપાદ! હે અધોમુખ! હે મહાપુરુષ! હે પુરુષોત્તમ! હે સહસ્રબાહો! હે સહસ્રમૂર્તે! હે સહસ્રાસ્ય! હે સહસ્રસંભવ! હે વિશ્વરૂપ! હે પુષ્પહાસ! હે ચરમ! તમે જ વૌષટ્ છો. યજ્ઞમાં તમને જ વષટ્કાર કહે છે. તમે જ પ્રાશિતાર, શતધાર, સહસ્રધાર થાઓ છો. હે ભૂર્વંદ્ય! હે ભૂનાથ! હે ભૂગુપુત્ર! હે વેદવેદ્ય! હે બ્રહ્મશય! હે બ્રાહ્મણપ્રિય! તમે જ દ્યૌ છો, માતરિશ્વા છો, ધર્મ છો, તમે જ હોતા, પાતા, હંતા, મંતા, નેતા અને હોમના કારણ છો. તમે તેજસ્વીઓમાં અગ્ર છો. હે સુભાંડ! તમે ઋગ્વેદવડે પૂજન કરવા લાયક છો, સુબુદ્ધિમાન્ છો, તમે જ સમિધ છો, તમે જ પતિ, ગતિ અને દાતા છો, તમે મોક્ષ છો, યોગ છો, સૃષ્ટિકર્તા છો, ધાતા છો, પરમ યજ્ઞ છો, સોમ છો, દીક્ષિત છો, દક્ષિણા છો, તમે જ વિશ્વ છો, હે સ્થવિર! હે હિરણ્યગર્ભ! હે નારાયણ! હે ત્રિનયન! હે આદિવર્ણ! હે આદિત્યતેજ! હે

મહાપુરુષ! હે પુરુષોત્તમ! હે આદિદેવ! હે ભૂવિક્રમ! હે ત્રિવિક્રમ! હે પ્રભાકર! હે શંભો! તમે જ સ્વયંભૂ ભૂતાદિ મહાભૂત છો. હે વિશ્વભૂત! તમે જ વિશ્વ છો, વિશ્વગોપ્તા છો, પવિત્ર છો, હે વિશ્વભવ! હે ઊર્ધ્વકર્મન્! હે અમૃત! હે દિવસ્પતે! હે ધૃતાર્ચિ! હે અનંતકર્મવંશ! હે પ્રાગવંશધી! તમે જ અશ્વમેધ છો, તમે જ વર માગનારાઓને વરદાન આપનાર છો, ચાર ચારવડે અને બેવડે તથા પાંચવડે અને ફરી પાછા બેવડે હોમ કરાય છે, એવા હે હોત્રાત્મન્! તમને નમસ્કાર છે.

चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पञ्चभिरेव च ॥
हूयते च पुनर्द्वाभ्यां तुभ्यं होत्रात्मने नमः ॥ १ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો છવીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૭ મો.

અદિતિએ કરેલી સ્તુતિ.

लोमहर्षण उवाच—नारायणस्तु भगवाञ्छ्रुत्वैवं परमं स्तवम् ॥
ब्रह्मजेन द्विजेंद्रेण कश्यपेन समीरितम् ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—બ્રહ્માના પુત્ર, દ્વિજશ્રેષ્ઠ, કશ્યપજીએ ઉચ્ચારેલું પરમ સ્તોત્ર સાંભળીને ભગવાન્ નારાયણ,[૧] પ્રસન્ન થઇને સુંદર અક્ષરોથી ભરેલું વચન બોલ્યા.[૨] હે સુરશ્રેષ્ઠો! હું તમારા ઉપર સંતુષ્ટ થયો છું અને વર આપું છું, માટે તમારું કલ્યાણ થાય તેવો વર માગો. કશ્યપજી બોલ્યા;—હે સુરશ્રેષ્ઠ! તમે જો નિશ્ચે અમારા ઉપર પ્રસન્ન થયા હો તો,[૩] અદિતિના ગર્ભથી જ્ઞાતિનો આનંદ વધારનાર ઇંદ્રના નાનાભાઈ તરીકે પુત્રરૂપે આપ અવતરો.[૪] દેવમાતા અદિતિ પણ એ જ ઉત્તમ વરની ઇચ્છાથી વર આપનાર ભગવાનકને પુત્ર પ્રાપ્તિને માટે બોલી.[૫] દેવો બોલ્યાઃ—હે મહેશ્વર! સઘળા દેવોના કલ્યાણને માટે તમે સર્વદા અમારા ત્રાતા, ભર્તા, દાતા અને શરણ છો.[૬] લોમહર્ષણ બોલ્યાઃ—તે પછી તેઓને શ્રી વિષ્ણુ ભગવાને કહ્યું કે, તમારા સર્વના જે શત્રુઓ હશે, તે હવે મારી આગળ એક ક્ષણ પણ ટકી શકનાર નથી.[૭] સર્વ અસુરોને હણીને હવે હું હવ્ય લેનારા દેવતાઓને અને કવ્ય લેનારા પિતૃઓને યજ્ઞ ભાગના ભોક્તા કરીશ. માટે હે સુરશ્રેષ્ઠો! હવે તમે જ્યાંથી આવ્યા ત્યાં પાછા જાઓ.[૮-૯] વિષ્ણુ દેવે એ પ્રમાણે કહ્યું, એટલે દેવતાઓએ મનમાં ઘણો હર્ષ પામીને તેમની પૂજા કરી.[૧૦] મહાત્મા વિશ્વેદેવો, કશ્યપ અને અદિતિ પણ તે સુરેશ્વર દેવને નમસ્કાર કરીને શીઘ્રતાથી પૂર્વ દિશાએ કશ્યપાશ્રમમાં ગયા. ત્યાં જઇને પછી વિશાળ કુરુક્ષેત્રના વનમાં ગયા અને ત્યાં અદિતિને તપ કરવા બેસાડ્યાં. તેમણે દશ હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યું.[૧૧-૧૩] તેના નામથી તે દિવ્યવન સર્વ

કામનાઓને પૂર્ણ કરનારું પ્રખ્યાત થયું. ત્યાં અદિતિએ મૌન રહીને તથા વાયુનું ભોજન કરીને કૃષ્ણનું આરાધન કર્યું.૧૪ ઋષિઓને દૈત્યો તરફથી પીડા પામેલા અને ભયભીત જોઇને તે તપોધના "હું વૃથાપુત્ર છું" એમ ચિંતા કરતી શોકાકુલ થઇને શ્રી હરિને પ્રણામ કરી અભીષ્ટ વાણીવડે તેમની સ્તુતિ કરવા લાગી.૧૫ શરણ યોગ્ય, સૌના રક્ષક, ભક્તવત્સલ, દેવ દૈત્યમય, આદિ મધ્યાંત સ્વરૂપ શ્રી વિષ્ણુને પ્રણામ કરતી તે અદિતિ બોલી.૧૬

અદિતિ કહે છેઃ—હે મરણુની પીડાને નાશ કરનાર! તમને નમસ્કાર છે. હે કમળની માળા ધારણુ કરનાર! તમને નમસ્કાર છે. હે પરમ કલ્યાણુરૂપ! સૃષ્ટિના આદિ કર્તા! તમને નમસ્કાર છે.૧૭ હે કમળ જેવાં નેત્રવાળા પદ્મનાભ! તમને નમસ્કાર છે. કમળોદ્ભવ બ્રહ્માના ઉત્પન્નકર્તા આત્મયોનિ ભગવાન્! તમને નમસ્કાર છે.૧૮ લક્ષ્મીના પતિ, દાન્ત, (મનના વિગ્રહ કરવાવાળા), દાન્ત (યોગી), દર્શન પામવાયોગ્ય, ચક્રધારી, હાથમાં કમળ વગેરે ધારણુ કરનાર, સુવર્ણ વસ્ત્રવાળા હે પ્રભુ! તમને નમસ્કાર છે.૧૯ આત્મજ્ઞાનના યજ્ઞરૂપ, યોગથી ચિંતન કરી શકાય એવા, યોગીરૂપ, નિર્ગુણ, વિશેષ, હરિ અને બ્રહ્મારૂપ, હે પ્રભુ! તમને નમસ્કાર છે.૨૦ જેમાં જગત્ રહેલું છે પણુ જગત્ જેને જોઈ શકતું નથી, એવા સ્થૂલ અને અતિ સૂક્ષ્મરૂપ શાર્ઙ્ગધર ભગવાન્! તમને નમસ્કાર છે.૨૧ માણુસો આખા જગતને જુએ છે, છતાં જેને જોઇ શકતાં નથી, અને જગતને ન જોતા છતાં પોતાના હૃદયમાં રહેલા જે પરમાત્માને લોકો જોઇ શકે છે એવા હે પ્રભુ! તમને નમસ્કાર છે.૨૨ જે બહિર્જ્યોતિરૂપ છે છતાં અલક્ષ્ય છે, અને જે જ્યોતિથી પર છે છતાં દૃશ્યરૂપ છે, આ આખું જગત્ જેમાં સમાયલું છે અને જેમાંથી ઉત્પન્ન થયું છે,૨૩ તે સમસ્ત જગતના નાથને વારંવાર નમસ્કાર છે. જે આદ્ય પ્રજાપતિ છે અને પિતૃઓના શ્રેષ્ઠ પતિ છે, તેમ જ દેવતાઓના પણુ જે પતિ છે, તે સૃષ્ટિકર્તા કૃષ્ણ પરમાત્માને નમસ્કાર છે.૨૪ તેજે પ્રવૃત્તિકર્મ અને નિવૃત્તિકર્મોથી વિરક્ત છે અને જે સ્વર્ગ અપવર્ગનું ફળ આપનાર છે, તે ગદા ધારણુ કરનાર પરમાત્માને નમસ્કાર છે.૨૫ જેનું મનમાં ચિંતન કરવાથી જ પાપ માત્ર નાશ પામે છે, તે વિશુદ્ધ પર સ્વરૂપ બુદ્ધિ સ્વરૂપ હરિને નમસ્કાર છે.૨૬

સર્વના આધાર, અજ, અવિનાશી, તથા ઇશાન એવા પ્રભુને જે જુએ છે તેને ફરી જન્મમરણુ આવતાં નથી, હું તેને નમસ્કાર કરું છું.૨૭ યજ્ઞમાં પ્રતિષ્ઠા કરાયેલા જે યજ્ઞપુરુષને યજ્ઞોવડે યજાય છે, તે યજ્ઞપુરુષ વિષ્ણુ પ્રભુને મારા નમસ્કાર છે.૨૮ વેદવેત્તા પુરુષો સર્વ વેદોમાં વિદ્વાનોની ગતિ રૂપે જેનું ગાન કરે છે, તે વેદવેદ્ય જયશાળી વિષ્ણુને નમસ્કાર છે. ૨૯ જેમાંથી આખું વિશ્વ ઉત્પન્ન થયું છે અને લય પામશે, તે વિશ્વની ઉત્પત્તિ તથા સ્થિતિના કારણુ રૂપ મહાત્મા પ્રભુને નમસ્કાર છે.૩૦ બ્રહ્માદિથી સ્તંભ પર્યંત જે આખા ચરાચરમાં વ્યાપ્ત છે અને

જેણે આ માયાની જાળ વિસ્તારેલી છે, તે ઉપેંદ્ર ભગવાનને હું નમસ્કાર કરું છું.[૩૧] જે ઈશ્વર ત્રીજા સ્વરૂપમાં રહીને આખા વિશ્વનું પોષણ કરે છે, તે વિશ્વરૂપ વિશ્વપતિ તથા પ્રજાપતિ વિષ્ણુને નમસ્કાર કરું છું.[૩૨] રાત્રીમાં ઉત્પન્ન થયેલા સૂર્યની પેઠે જે અસુરરૂપી અંધકારનો નાશ કરી નાંખે છે, તે ઉપેન્દ્ર ભગવાનને નમસ્કાર કરું છું.[૩૩] ચંદ્ર અને સૂર્ય જેનાં નેત્રો છે કે જેનાવડે હમેશાં શુભાશુભ કર્મોને જોયા કરે છે, તે ઉપેન્દ્ર પ્રભુને નમસ્કાર છે.[૩૪] જે સર્વેશ્વરમાં નિત્ય સત્ય જ ભરેલું છે પણ અસત્ય જરાએ નથી, તે અજ અવિનાશી પ્રભુ વિષ્ણુને હું નમસ્કાર કરું છું.[૩૫] હે જનાર્દન! મેં જે વારંવાર આ સત્ય કહ્યું છે, તે સત્યવડે કરીને મારા સર્વ મનોરથો પૂર્ણ થાઓ.[૩૬]

यदेतत्सत्यमुक्तं मे भूयश्चातो जनार्दन ॥
सत्येन तेन सकलाः पूर्यंतां मे मनोरथाः ॥ ३६ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' એ નામનો
સત્તાવીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૮ મો.

અદિતિને રહેલો ગર્ભ.

लोमहर्षण उवाच–एवं स्तुतोथ भगवान्वासुदेव उवाच ताम् ।
अदृश्यः सर्वभूतानां तस्याः संदर्शने स्थितः ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—એ પ્રમાણે અદિતિએ સ્તુતિ કર્યા પછી સર્વ ભૂતને અદૃશ્ય એવા શ્રી વાસુદેવ ભગવાન દર્શન દઈને બોલ્યા.[૧] શ્રી ભગવાન કહે છેઃ—હે ધર્મને જાણનારી અદિતિ! દેવોને માટે જે મનોરથની તારા મનમાં ઇચ્છા છે, તે મારા પ્રસાદથી નિઃસંશય તને પ્રાપ્ત થશે જ.[૨] હે મહાભાગે! તારા મનમાં જે ઇચ્છા છે, તે મારાં દર્શનથી કદી અફળ થવાની નથી.[૩] જે માણસ મારા આ વનમાં રહીને ત્રણ રાત્રી વાસ કરે, તે મનમાં જે ઇચ્છે, તે સર્વ તેની કામનાઓ પૂર્ણ થાય છે.[૪] હે અદિતિ! જે માણસ દૂર રહીને મનમાં આ વનનું સ્મરણ કરે છે, તે પણ પરમપદને પામે છે. તો પછી જે અહીં નિવાસ જ કરે છે, તેનું તો કહેવું શું?[૫] જે આ વનમાં પાંચ, ત્રણ, બે અથવા એક બ્રાહ્મણને શ્રદ્ધાપૂર્વક જમાડે, તે પરમગતિને પામે છે.[૬] અદિતિ બોલ્યાંઃ—હે ભક્તવત્સલ! જો તમે મારી ભક્તિથી પ્રસન્ન થયા હો તો મારો પુત્ર ઇંદ્ર ત્રિલોકનો અધિપતિ થાઓ.[૭] એનું રાજ્ય અને એનો યજ્ઞભાગ અસુરોએ હરણ કરી લીધાં છે. હે વરદ! તમે પ્રસન્ન થયા છો તો તે મારા પુત્રને પાછું અપાવો.[૮] હે કેશવ! મારા પુત્રનું રાજ્ય લઈ લીધું છે, તેથી મને દુઃખ થતું નથી, પણ તેનો મળતો યજ્ઞભાગ પડાવી લીધો છે, તેનું મારા હૃદયમાં બહુ દુઃખ થાય છે.[૯] શ્રી ભગવાન્ બોલ્યાઃ—

હે દેવિ! મારા પ્રસાદથી તારી સર્વ કામનાઓ પૂર્ણ થશે. મારા અંશથી હું પોતે જ કશ્યપ થકી તારા ગર્ભમાં જન્મ લઇશ.[૧૦] તારા ગર્ભમાં ઉત્પન્ન થઈને હું અસુરોનો સંહાર કરીશ. માટે હે દિતિ! તું નિવૃત્ત થઇને ઘેર જા.[૧૧] અદિતિ બોલી:–હે દેવદેવેશ! પ્રસન્ન થાઓ. હે વિશ્વભાવન! તમને નમસ્કાર છે. હે કેશવ! હું તમને મારા ઉદરમાં ધારણ કરવાને શક્તિવાન્ થઇશ નહિ. કેમકે તમો તો વિશ્વયોનિ ઇશ્વર છો, તમારામાં જ આખું વિશ્વ રહેલું છે.[૧૨] શ્રી ભગવાન્ બોલ્યાઃ—હે નંદિ! હું જ તને અને મને પોતાને વહન કરીશ. તને કોઈ જાતની પીડા કરીશ નહિ. તારું કલ્યાણ થાઓ. હું જાઉંછું,[૧૩] લોમહર્ષણ બોલ્યાઃ—એ પ્રમાણે બોલીને ભગવાન્ અંતર્ધાન થયા પછી અદિતિને ગર્ભ રહ્યો.[૧૪] શ્રી કૃષ્ણ ભગવાન્ ગર્ભમાં રહ્યા, એટલે આખી પૃથ્વી ચલાયમાન થઈ, પર્વતો ડોલવા લાગ્યા, અને સમુદ્રો ખળભળી ઉઠ્યા[૧૫] જ્યાં જ્યાં અદિતિ જતી અને પોતાના ઉત્તમ પગ મૂકતી, ત્યાં હે દ્વિજશ્રેષ્ઠો! પૃથ્વી નમી જતી.[૧૬] ભગવાન્ મધુસૂદન ગર્ભમાં રહ્યા ત્યારથી, પરમાત્માએ કહ્યું હતું તેમ દૈત્યોનું તેજ ઘટવા લાગ્યું.[૧૭]

दैत्यानामपि सर्वेषां गर्भस्थे मधुसूदने ॥
बभूव तेजसो हानिर्यथोक्तं परमात्मना ॥ १७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' વિષે નામનો અઠ્ઠાવીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૯ મો.

પ્રહ્લાદે કરેલું અનુમાન.

लोमहर्षण उवाच—निस्तेजसो सुरान्दृष्ट्वा समस्तानसुरेश्वर ।
प्रह्लादमथ पप्रच्छ बलिरात्मपितामहम् ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—બધા અસુરોને નિસ્તેજ થયેલા જોઇને અસુરેશ્વર બલિરાજા, પોતાના પિતામહ પ્રહ્લાદને પૂછવા લાગ્યા.[૧] બલિ કહે છેઃ—હે તાત! અગ્નિથી બળેલા હોય, અથવા બ્રહ્મદંડથી હણાયલા હોય, તેમ અસુરો આજ એકાએક નિસ્તેજ કેમ દેખાય છે?[૩] દૈત્યોનું અનિષ્ટ થવાનું છે કે શું? અથવા દેવોએ એમના નાશ માટે કંઈ અભિચાર પ્રયોગ કર્યો છે શું? કે જેથી અસુરો આમ નિસ્તેજ થએલા છે.[૩] લોમહર્ષણ બોલ્યાઃ—હે બ્રાહ્મણો! એ પ્રમાણે પોતાના પૌત્ર બલિએ પૂછ્યું, એટલે લાંબો વખત ધ્યાન ધરીને પ્રહ્લાદે તેને કહ્યું;[૪] પ્રહ્લાદજી બોલ્યાઃ—પર્વતો ચલાયમાન થયા છે, પૃથ્વી પોતાની સહજ સ્થિતિ ત્યાગ કરવા લાગી છે, નદીઓ તથા સમુદ્રો ખળભળી ઉઠ્યાં છે, અને દૈત્યો પણ નિસ્તેજ થયા છે.[૫] સૂર્યના ઉદય થવા પહેલાં જેવા ગ્રહો ચાલતા હતા, તેવા હવે ચાલતા નથી. તે ઉપરથી અનુમાન થાય છે કે દેવતાઓની શ્રેષ્ઠ લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.[૬]

હે દાનવેશ્વર! એ જ મહત્ કારણ છે. એને નાનું જાણવું નહિ, માટે કંઈપણ ક્રિયા કરવી જોઇએ.[૭]

લોમહર્ષણ કહે છે;—અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદજીએ એ પ્રમાણે દાનવપતિ બલિ રાજાને કહી, પછી મનમાં ભક્તિપૂર્વક દેવાધિદેવ શ્રી હરિનું ધ્યાન ધર્યું.[૮] ધ્યાન ધરીને પ્રહ્લાદજીએ શ્રી જનાર્દન ભગવાન્ સંબંધી વિચાર કર્યો.[૯] તો તેમણે ભગવાનને વામન આકારે અદિતિના ગર્ભમાં જોયા અને તેમને વિષે વસુઓ, રુદ્રો, અશ્વિનીકુમારો, મરુત્‌ગણ,[૧૦] સાધ્યો, વિશ્વદેવો, ગંધર્વો, ઉરગો, રાક્ષસો, પોતાનો પુત્ર વિરોચન તથા તેનો પુત્ર અસુર નાયક બલિ,[૧૧] જંભ, કુજંભ, નરક, બાણ તથા બીજા અસુરો, પોતે (પ્રહ્લાદ), ગગન, વાયુ, મન, જળ, અગ્નિ,[૧૨] સમુદ્રો, પર્વતો, વૃક્ષો, દ્વીપો, સરોવરો, પશુઓ, પૃથ્વી, મનુષ્યો તથા નદીઓ;[૧૩] સમસ્ત લોકને સરજનાર બ્રહ્માજી, શંકર, ગ્રહો, નક્ષત્રો, તારાઓ ઋષિઓ અને પ્રજાપતિ,[૧૪] એ સર્વને જોઇને પ્રહ્લાદજી બહુ આશ્ચર્ય પામ્યા. પછી સાવધાન થઈ વિરોચનપુત્ર દૈત્યેન્દ્ર બલિને તેમણે કહ્યું;[૧૫] 'હે વત્સ! જે કારણથી તમારા સર્વના તેજની હાનિ થઈ છે, તે હું જાણી ગયો છું. તે હું કહું છું તે સાંભળ.[૧૬] દેવાધિદેવ, જગતનું ઉત્પત્તિસ્થાન, જગતનું આદિકારણ, અજન્મા, સર્વના પ્રભુ, જે અનાદિ છતાં વિશ્વના આદિ છે એવા, વર આપનાર, વરેણ્ય, હરિ,[૧૭] પર તથા અપરમાં શ્રેષ્ઠ, પર તથા અપરની ગતિ (શરણસ્થાન), સર્વ પ્રમાણોમાં પ્રમાણરૂપ, સપ્તલોકના ગુરુના પણ ગુરુ, એવા જે જગન્નાથ, તેમણે અદિતિના ગર્ભમાં વાસ કર્યો છે.[૧૮] એ ભગવાન્ સ્વામીઓના પણ સ્વામી છે, પરતત્ત્વથી પણ પર છે, આદિ મધ્ય અને અંતરહિત છે, જેમણે પોતાના એક અંશથી જગતને સનાથ કર્યું છે, તેમણે અદિતિના ગર્ભમાં અવતાર ધારણ કર્યો છે.[૧૯] હે દૈત્યાધિપતે! જેના સ્વરૂપને રુદ્ર, બ્રહ્મા, ઈંદ્ર, સૂર્ય, મરીચિ વગેરે પણ જાણતા નથી, તે વાસુદેવે કલાવતાર ધારણ કર્યો છે.[૨૦] વેદ જાણનારાઓ જેને અક્ષર કહે છે, પાપમુક્ત થએલા પુરુષો જેને પામી શકે છે, જેને વિષે પ્રવેશ કર્યા પછી ફરી જન્મ લેવો પડતો નથી, તે આદિ પુરુષ વાસુદેવને હું નમસ્કાર કરું છું.[૨૧]

અશેષ ભૂત માત્ર જેમાંથી ઉત્પન્ન થાય છે, જેમ સમુદ્રમાં લહરીઓ ઉત્પન્ન થાય છે તેમ જેમાંથી વિશ્વ ઉત્પન્ન થઇને તેમાં જ પાછું સમાય છે, તે અચિન્ત્ય વાસુદેવને હું પ્રણામ કરું છું.[૨૨] જેણે આ ચક્ષુને રૂપ ગ્રહણ કરવામાં યોજ્યાં છે, ત્વચાને સ્પર્શ ગ્રહણ કરવામાં યોજી છે, જીભને રસ ગ્રહણ કરવામાં યોજી છે, અને નાસિકા ઇંદ્રિયને ગંધ ગ્રહણ કરવામાં યોજી છે, છતાં જેને આ ચક્ષુ, ત્વચા, જીભ, નાસિકા વગેરે ઇંદ્રિયો નથી;[૨૩] જે સર્વના ઈશ્વર છે, યુક્તિવડે પણ જાણી શકાય એવા છે, જે આદિ મધ્ય રહિત છે, જે પાપ રહિત છે, તે લોકૈકનાથ, સંસારના ભયનો નાશ કરનાર, હરિને હું નમસ્કાર કરું છું.[૨૪] જેણે માત્ર

એક દાઢવડે કરીને જ ચલિત થયેલી આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો, જે આ વિશ્વને ધારણ કરે છે અને જે જગતનો નાશકર્તા છે તે પૂજ્ય ઈશ્વર વિષ્ણુને હું પ્રણામ કરું છું.[૨૫] ગર્ભમાં અંશરૂપે અવતરેલા પ્રભુએ અસૂરોના તેજને હરિ લીધેલું છે તે અશેષ તથા સંસારતરુના કુઠારરૂપ અનંત દેવને હું નમસ્કાર કરું છું.[૨૬] હે મહાઅસુરેંદ્ર! જગતના કારણરૂપ એ મહાત્માદેવે સોળે કળાએ કરીને સુરેન્દ્રની માતા અદિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો છે. તેમણે તમારાં બળ અને શરીરોને હરી લીધાં છે.[૨૭] બલિ કહે છેઃ—હે તાત! એ હરિ કોણ છે કે, જેનો આપને ભય લાગે છે! વાસુદેવ કરતાં પણ વધારે બળવાન્ મારી પાસે સેંકડો દૈત્યો છે.[૨૮] વિપ્રચિત્તિ, શિબિ, શંભુ, જંભ, કુંભ, હયશિરા, અશ્વશિરા, ભંગકાર, મહાહનુ,[૨૯] વાતાપિ, પ્રવશ, શુંભ, કુકુરાક્ષ, દુર્જય, એ અને બીજા મારી પાસે ઘણા દૈત્યદાનવો છે.[૩૦] જેઓ મહાબળવાન્, મહાવીર્યવાળા અને પૃથ્વીના ભારને પણ ધારણ કરવા શક્તિવાન્ છે. એમાંનો એક એક જ કૃષ્ણના વીર્ય અને બળની બરાબરી કરી શકે એવો છે.[૩૧]

લોમહર્ષણ બોલ્યાઃ—પોતાના પૌત્રનાં એવાં વચન સાંભળીને દૈત્યરાજ પ્રહ્લાદ, ભગવાનના ઉપર આક્ષેપનાં વચન બોલતાં, તે બલિને ક્રોધ કરી કહેવા લાગ્યા[૩૨] કે, નક્કી તે દૈત્યો અને દાનવો નાશ પામવાના છે; કેમકે તેઓનો રાજા તું આવો દુર્બુદ્ધિ અને અવિવેકી છે.[૩૩] તારા વિના બીજો કયો એવો પાપી, દેવના દેવ, મહાભાગ, વાસુદેવ, અજ અને વિભુ એવા શ્રી હરિને એ પ્રમાણે કહે?[૩૪] તેં જે કહ્યા તે બધા દૈત્યદાનવો, એટલું જ નહિ પણ બ્રહ્મા વગેરે સઘળા દેવો, સ્થાવર સહિત તમામ જાતિઓ,[૩૫] તું, હું અને પર્વત, વૃક્ષ, નદી, વન, સમુદ્ર, દ્વીપ, ચૌદલોક અને સ્થાવર જંગમ સહિત આ આખું જગત,[૩૬] તેઓ સઘળા જે વિશ્વવ્યાપક પરમાત્માના એક એક અંશ કળાવતારને નમન કરે છે, તેને આ પ્રમાણે (તારી માફક) કોણ કહેશે?[૩૭] એક તું જ અવિવેકી, દુર્બુદ્ધિ, આત્મનિગ્રહ વગરનો અને વૃદ્ધોના શાસનને ઉલ્લંઘન કરનાર એવો છે કે, જેનો વિનાશ નજીક આવેલો છે, તે એ પ્રમાણે કહે છે.[૩૮] મને બહુ શોક થાય છે કે, મારા ઘરમાં તારો અધમ પિતા પાકયો કે, જેને તારા જેવો દેવાધિદેવનું અપમાન કરનારો પુત્ર થયો.[૩૯] અનેક જન્મના પાપપુંજનો નાશ કરનારી શ્રી કૃષ્ણભક્તિ મને અત્યંત પ્રિય છે. તો મારી પણ તારે શી જરૂર છે?[૪૦] મહાત્મા શ્રી કૃષ્ણ ભગવાનથી મને આ મારો દેહ પણ વહાલો નથી, એમ સૌ લોક જાણે છે અને દૈત્ય અધમ તું પણ જાણે છે.[૪૧] શ્રી હરિ મને પ્રાણથી પણ અધિક પ્રિય છે એમ તું જાણે છે, છતાં તું તેની નિંદા કરીને મારા ગૌરવનો નાશ કરે છે.[૪૨] હે બલિ! વિરોચન તારો ગુરુ (વડીલ) છે, તેનો હું છું, અને મારો અને સર્વ જગતનો ગુરુ તે નારાયણ શ્રી હરિ છે.[૪૩] તે ગુરુના પણ ગુરુની તું નિંદા કરે છે, તેથી થોડા જ વખતમાં તારા ઐશ્વર્યનો નાશ થશે.[૪૪] હે બલિ! એ જનાર્દન દેવ મારો અને આ જગતનો નાથ છે

અને હું તારા પિતાનો અન્ય ગુરુ છું. તો તારે એ પ્રભુનું અપમાન કરીને મારું અપમાન ન કરવું જોઇએ.[૪૫] તેં આ વખતે એ જગત્ ગુરુની નિંદા કરતાં એટલો પણ વિચાર ન કર્યો, જેથી હું તને શાપ આપું છું.[૪૬] તેં મારું માથું કાપી નાખે એવાં અચ્યુતની નિંદાનાં આ કઠણ વચન કહ્યાં છે, જેથી તું રાજ્યથી ભ્રષ્ટ થા અને પડ.[૪૭] આ સંસારસાગરમાં કૃષ્ણ શિવાય બીજું કોઈ રક્ષણ કરનાર નથી, માટે થોડા જ કાળમાં હું તને રાજ્યથી ભ્રષ્ટ થયેલો જોઇશ.[૪૮]

यथा न कृष्णादपरः परित्राणं भवार्णवे ॥
तथाचिरेण पश्येयं भवंतं राज्यविच्युतम् ॥ ६८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર મહાત્મ્ય' નામનો ઓગણત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૦ મો.

વામન જન્મ.

लोमहर्षण उवाच—इति दैत्यपतिः श्रुत्वा गुरोर्वचनमप्रियम् ॥
प्रसादयामास गुरुं प्रणिपत्य पुनः पुनः ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—પોતાના ગુરુનું એ પ્રમાણે અપ્રિય વચન સાંભળીને દૈત્યપતિ બલિ રાજા વારંવાર પ્રણામ કરીને તેમને પ્રસન્ન કરવા લાગ્યા.[૧] બલિ કહે છેઃ—હે તાત! મોહથી હણાયલા મારા ઉપર કોપ ન કરો. બળના આવરણથી હું મૂઢ થઈ ગયેલો હોવાથી, મારાથી એ પ્રમાણે વચનો બોલાઈ જવાયાં છે.[૨] મોહથી અજ્ઞાત બનેલો હું પાપી દૈત્ય દુરાચારને લીધે તમારાથી જે શાપ પામ્યો છું, તે આપે સારું જ કર્યું છે.[૩] હે તાત! આપને ખેદ થાય એવો મેં અવિનય કરેલો છે, તેથી હું રાજ્ય અને યશથી ભ્રષ્ટ થઇશ જ.[૪] ત્રૈલોક્યનું ઐશ્વર્ય અથવા બીજી કોઈ પણ વસ્તુ દુર્લભ નથી, પરંતુ આ સંસારમાં, હે તાત! આપના જેવા ગુરુઓ જ દુર્લભ છે.[૫] તેથી હે દૈત્યપતિ! મારા ઉપર પ્રસન્ન થાઓ, કોપ મા કરો. આપના કોપથી દગ્ધ થયેલો હું દિવસ અને રાત બળ્યા કરું છું.[૬]

પ્રહ્લાદ બોલ્યાઃ—હે વત્સ! ક્રોધને લીધે મને મોહ ઉત્પન્ન થયો, જેથી મારો વિવેક જતો રહ્યો હતો. તે કારણથી મેં તને શાપ દીધો છે.[૭] હે મહાઅસુર! જો મોહથી તારું જ્ઞાન જતું રહ્યું નહોત, તો હું શ્રી હરિને સર્વ વ્યાપક જાણતા છતાં શા માટે તને શાપ આપત?[૮] હે દૈત્યપુંગવ! મેં જે તને શાપ દીધો છે, તે પ્રમાણે અવશ્ય થવાનું જ છે. માટે તું હવે ખેદ મા કર.[૯] આજથી તું દેવના દેવ શ્રી હરિ અચ્યુત ભગવાનને વિષે ભક્તિવાન થા. તે જ તારું રક્ષણ કરશે.[૧૦] હે વીર! મારો શાપ થવાથી તને શ્રી હરિનું સ્મરણ થયું, તો હવે જે જે પ્રકારે તારું પ્રિય થાય, તે પ્રમાણે હું કહીશ.[૧૧]

લોમહર્ષણ બોલ્યાઃ—સર્વ કામનાઓની સિદ્ધિ પ્રાપ્ત કરનાર વર અદિતિને મળેલો હોવાથી મહા યશસ્વી શ્રી હરિ તેના ગર્ભમાં ક્રમે ક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.[૧૨] દશ માસ પૂરા થયા, એટલે વામન રૂપે શ્રી ભગવાન્ અદિતિને પેટે જન્મ્યા.[૧૩] જગન્નાથ શ્રી વામન ભગવાનનો જન્મ થવાથી સર્વે દેવો તથા દેવમાતા અદિતિ દુઃખથી મુક્ત થયાં.[૧૪] પવન સુખસ્પર્શી કરતો વાવા લાગ્યો, આકાશ નિર્મળ થયું, અને સર્વ પ્રાણીમાત્રની ધર્મ પર બુદ્ધિ થઈ.[૧૫] હે દ્વિજશ્રેષ્ઠો! માણુસોના દેહમાં હવે ઉદ્વેગ ન રહ્યો, સર્વ ભૂતોની ધર્મ તરફ પ્રવૃત્તિ થઈ.[૧૬] લોકોના પિતામહ ભગવાન્ બ્રહ્માજી, ભગવાનનો જન્મ થવાથી તેમને જાતકર્માદિ ક્રિયા કરી, સ્તુતિ કરી તેમને પ્રસન્ન કરવા લાગ્યા.[૧૭] બ્રહ્માજી કહે છેઃ—હે અધીશ! હે સુરગુરુ હરિ! હે અજેય! તમારો જય થાઓ. જન્મ, મૃત્યુ અને જરાથી રહિત હે અનંત! હે અચ્યુત! તમારો જય થાઓ.[૧૮] હે અજિત! હે અશેષ! હે વ્યક્ત સ્વરૂપ! તમારો જય થાઓ. હે પરમાર્થ અને અર્થ સર્વને જાણનાર! હે જ્ઞાન અને જ્ઞેયના તમારો જય થાઓ.[૧૯] હે સમસ્ત જગતના સાક્ષીરૂપ! જગત્કર્તા! જગદ્ગુરૂ! નિશ્ચયવાળા! તમારો જય થાઓ. હે ચરાચરના ઈશ્વર! સ્થિતિ સમયે આપ જ સૌનું પાલન કરો છો. આપનો જય થાઓ.[૨૦] હે અખિલ! હે અશેષ! હે સર્વના હૃદયમાં રહેલા પ્રભુ! તમારો જય થાઓ. હે આદિ મધ્ય અને અંત સ્વરૂપ! સર્વજ્ઞાનમય! ઉત્તમ! તમારો જય થાઓ.[૨૧] હે દમ આદિ ગુણથી વિભૂષિત! હે નિત્ય પ્રસન્નાત્મા! હે ઈશ્વર! તમે મુક્તિની ઇચ્છાવાળા મુમુક્ષુ યોગીઓવડે પણ નિર્દેશ ન કરાઓ તેવા છો. તમારો જય થાઓ.[૨૨] તમે અતિ સૂક્ષ્મ છો, દુર્જ્ઞેય છો, જગતના મૂળરૂપ છો, જગન્મય છો, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છો, હે યોગિન્! હે અતીન્દ્રિય! તમારો જય થાઓ.[૨૩] તમે પોતાની યોગમાયામાં સ્થિતિ કરીને રહેલા છો, શેષનાગની ફણા ઉપર સૂતા છો, અક્ષર છો, તમારો જય થાઓ. હે એક દાંતની અણીથી પૃથ્વીનો ઉદ્ધાર કરનાર! તમારો જય થાઓ.[૨૪] હિરણ્યકશિપુની છાતીને ફાડી નાંખનાર હે નૃસિંહ ભગવાન્! હાલમાં માયાએ કરીને વામન રૂપ ધારણ કરનાર હે વિશ્વાત્મા! હે કેશવ! તમારો જય થાઓ.[૨૫] પોતાની માયાના પટથી ઢંકાઈ રહેલા હે જગત્કર્તા જનાર્દન! તમારો જય થાઓ. હે અચિન્ત્ય! હે અનેક સ્વરૂપ! હે એકનિધિ! હે પ્રભો! તમારો જય થાઓ.[૨૬] પ્રકૃતિના અનેક વિકારની વૃદ્ધિ કરનાર હે હરે! તમારી વૃદ્ધિ થાઓ. તમારાવડે જ ધર્મ માર્ગમાં ચાલનારી આ પૃથ્વી શેષ નાગના મસ્તક ઉપર સ્થિર રહેલી છે.[૨૭] હે હરે! તમને હું, ઈશાન (શંકર) ઇંદ્ર સહિત સર્વે દેવો, ઋષિઓ, સનકાદિ વગેરે યોગીઓ એ સર્વે તમને જાણવા સમર્થ નથી.[૨૮] હે જગત્પતે! આ જગતમાં તમે માયારૂપી વસ્ત્ર ધારણ કરીને રહેલા છો. હે સર્વેશ! તમારી કરુણા વિના કયો માણસ તમને જાણી શકે એમ છે?[૨૯] હે પ્રભો! તમે પ્રસાદવડે શોભાયમાન મુખવાળા છો. તમારું આરાધન જે કરે છે, તે જ ફક્ત તમને જાણી શકે છે, બીજું કોઈ નહિ.[૩૦] નંદીશ્વર શિવજીના પણ આપ ઈશ્વર છો, ઈશાન છો, વિભુ

છો. હે વામન! હે વિશ્વાત્મા! હે પૃથુલોચન! આ વિશ્વના પ્રભવને માટે વૃદ્ધિ પામો.[૩૧] લોમહર્ષણ બોલ્યા:—વામનરૂપ હૃષીકેશ ભગવાન્ એ પ્રમાણે સ્તુતિ કરવાથી હસીને ગંભીર ભાવયુક્ત વાણી બોલ્યા;[૩૨] 'પ્રથમ તમે કશ્યપ અને ઇંદ્ર વગેરે દેવતાઓ સાથે મારી સ્તુતિ કરી હતી. તે વખતે ઇંદ્રને ત્રિભુવનનું રાજ્ય આપવાની મેં પ્રતિજ્ઞા કરી હતી.[૩૩] ત્યાર પછી અદિતિએ પણ મારી સ્તુતિ કરીને ઇંદ્રને નિષ્કંટક ત્રિલોકનું રાજ્ય આપવા માગ્યું હતું.[૩૪] માટે હવે હું સહસ્રાક્ષ ઇંદ્ર જગતનો પતિ થાય, તે પ્રમાણે કરીશ. આ તમને હું સત્ય જ કહું છું.'[૩૫] પછી બ્રહ્માજીએ હૃષીકેશ ભગવાનને મૃગચર્મ આપ્યું, અને બૃહસ્પતિએ યજ્ઞોપવીત દીધું.[૩૬] બ્રહ્માના પુત્ર મરીચિએ દંડ આપ્યો, વસિષ્ઠે કમંડલુ આપ્યું, અંગિરાએ કુશ અને ચીર આપ્યાં, પુલહે આસન આપ્યું અને પુલસ્ત્યે બે પીળાં વસ્ત્ર આપ્યાં.[૩૭] પ્રણવોચ્ચારથી વિભૂષિત ચારે વેદો, તમામ શાસ્ત્રો, સાંખ્ય અને યોગ એ સૌ તેમની પાસે આવીને ઉભાં રહ્યાં.[૩૮] જટા, દંડ, છત્ર અને કમંડલુ ધારણ કરીને સર્વવેદમય તે વામન ભગવાન્ બલિના યજ્ઞમાં ગયા.[૩૯] હે વિપ્રો! વામન ભગવાન્ પૃથ્વી ઉપર જ્યાં જ્યાં પગ મૂકતા હતા, તે તે ભાગની પૃથ્વી પીડિત થઇને છિદ્રવાળી થઇ જતી હતી.[૪૦] વામન ભગવાન્ ધીમે ધીમે પગ મૂકીને કોમળતાથી ચાલતા હતા, તોપણ પર્વત, દ્વીપ, વન સહિત આખી પૃથ્વી ચલિત થઈ ગઈ.[૪૧] બૃહસ્પતિ તેમને માર્ગ દેખાડતા હતા. જગતમાં ક્રીડાને માટે ભગવાને એવી ગતિ ધારણ કરી હતી.[૪૨] તે વખતે મહાનાગ શેષ રસાતલમાંથી નીકળીને એ ચક્રધર વિષ્ણુ ભગવાનને સહાય કરવા લાગ્યા;[૪૩] ને શેષ ભગવાનનું પણ મહાવિપુલ ઉત્તમ સહાયસ્થાન વિખ્યાત છે. તેનાં દર્શનથી નાગ તરફથી ભય રહેતો નથી.[૪૪]

तदस्यापि च विख्यातं महाविपुलमुत्तमम् ॥
तस्य संदर्शनादेव नागेभ्यो न भयं भवेत् ॥ ४४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ત્રીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૧ મો.

વામને કરેલી યાચના.

लोमहर्षण उवाच—सपर्वतवनामुर्वीं दृष्ट्वा संक्षुभितां बलिः ॥
पप्रच्छोशनसंशुक्रं प्रणिपत्य कृतांजलिः ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યા:—પર્વતો તથા વન સહિત આખી પૃથ્વીને ક્ષુભિત થયેલી જોઈ બલિરાજા શુક્રાચાર્યને હાથ જોડી પ્રણામ કરી પૂછવા લાગ્યા;[૧] 'હે આચાર્ય! સમુદ્ર, પર્વત અને વન સહિત આ પૃથ્વી શા કારણથી ક્ષોભ પામી? અને અગ્નિ અસુરોના યજ્ઞભાગ કેમ ગ્રહણ નથી કરતા?'[૨] બલિએ એ પ્રમાણે પૂછયું, એટલે વિદ્વાનોમાં શ્રેષ્ઠ શુક્રાચાર્ય ધ્યાન ધરીને તે દૈત્યપતિને કહેવા લાગ્યા.[૩] 'જગતનું ઉત્પત્તિ

સ્થાન સનાતન પરમાત્મા શ્રી હરીએ, વામનરૂપે કશ્યપને ઘેર અવતાર લીધો છે.[૪] હે દાનવશ્રેષ્ઠ! તે હમણાં તારા યજ્ઞમાં આવે છે. તે જમીન ઉપર પગલાં મૂકે છે, તેથી આ પૃથ્વી ચલિત થઇ છે,[૫] પર્વતો કંપી ઉઠ્યા છે અને સમુદ્રો ખળભળી રહ્યા છે. એ ભૂતપતિનો ભાર સહન કરવાને પૃથ્વી સમર્થ નથી.[૬] કારણ દેવ, અસુર ગંધર્વ, રાક્ષસ, પન્નગ સહિત આખી પૃથ્વીને જ એમણે ધારણ કરેલી છે, કે જે પૃથ્વી જળ, અગ્નિ, પવન, આકાશ, દેવ, મનુષ અને મહા અસુરોને ધારણ કરી રહેલી છે.[૭] જગતના વિધાતા શ્રી કૃષ્ણ ભગવાનની એ ત્યાગ ન કરી શકાય એવી માયા છે. જેનાથી આખું જગત્ ધાર્ય ધારક ભાવથી પીડિત થઈ રહ્યું છે.[૮] તેની પાસે નિવાસ કરવાથી હાલમાં દેવો પોતપોતાના ભાગ લઈ લે છે. તેથી ત્રણે પ્રકારના અગ્નિ અસુરોના ભાગને ગ્રહણ કરતા નથી.'[૯] શુક્રાચાર્યનાં એ વચનો સાંભળીને ઘણો હર્ષ પામીને બલિરાજા બોલ્યા; 'હું ધન્ય છું. કૃતપુણ્ય છું. કેમકે યજ્ઞપતિ જાતે યજ્ઞમાં આવે છે. હે બ્રહ્મન્! મારા કરતાં વધારે શ્રેષ્ઠ બીજો કોણ હશે? જે અવિનાશી પરમાત્માનાં દર્શન કરવાને યોગીઓ સદા પ્રયત્ન કરે છે, તે દેવ જાતે મારા યજ્ઞમાં આવે છે, તો હે આચાર્ય! હવે મારે જે કર્તવ્ય હોય, તેનો મને ઉપદેશ કરો.'[૧૦-૧૨] શુક્રાચાર્ય બોલ્યાઃ—હે અસુર! વેદના પ્રમાણથી દેવો જ યજ્ઞ ભાગના ભોક્તા છે, પરંતુ તેં તો દાનવોને યજ્ઞ ભાગના ભોક્તા બનાવ્યા.[૧૩] સત્ત્વગુણમાં સ્થિતિ કરનાર આ દેવ સ્થિતિનું જ પાલન કરે છે અને કલ્પાંત સમયે ઉત્પન્ન થયેલાઓનું જાતે ભક્ષણ પણ કરી જાય છે.[૧૪] તેં તો દેવને ઘણા ઠગ્યા છે, હવે તો વિષ્ણુ ભગવાન્ જાતે સ્થિતિ કરીને રહ્યા છે. એ સૌ જાણીને, હે મહારાજ! હવે તારા મનમાં જે હોય તે કર.[૧૫] હે દૈત્યાધિપતિ! તારે તો એક નાની સરખી વસ્તુ પણ દાન કરવાની વાત ન કરવી. ફક્ત મધુર નમ્ર વચન બોલવાં. એથી જ ફળપ્રાપ્તિ થશે.[૧૬] હે મહાઅસુર! કૃતકૃત્ય એવા દેવોના અભ્યુદયને માટે યાચના કરવા આવેલા એ શ્રી કૃષ્ણને તારે કહેવું કે "હે દેવ! આપને દાન આપવા હું સમર્થ નથી."[૧૭]

બલિરાજા બોલ્યાઃ—હે બ્રહ્મન્! બીજો કોઇ માગવા આવે તો તેને પણ હું ના કહીશ નહિ, તો સંસારના પાપ સમૂહનો નાશ કરનાર સાક્ષાત્ શ્રી હરિ યાચવા આવે છે તો તેમને શી રીતે ના કહી શકું?[૧૮] વિવિધ પ્રકારના વ્રતોપવાસ કરવાથી જે પ્રભુ મેળવી શકાય છે, તે મારી પાસે આવીને કહે કે, "ભિક્ષા આપ" તો એથી અધિક શું?[૧૯] જેને પ્રસન્ન કરવા માટે શૌચ ગુણવાળા પુરુષો અનેક યજ્ઞો કરે છે, તે દેવ મને આપો એમ કહેશે![૨૦] સર્વેશ્વર શ્રી હરિ મારું આપેલું ગ્રહણ કરશે, એથી મારું સંપૂર્ણ તપ, સુચરિત અને સુધન સફળ થયું.[૨૧] હે ગુરુ! ઘેર આવેલા સાક્ષાત્ ઇશ્વરને "નથી" એમ હું શી રીતે કહી શકીશ? મારો પ્રાણ ત્યાગ કરીશ, પણ નથી એમ તો કહીશ નહિ.[૨૨]

મને જેની ઇચ્છા હતી તે જ મળ્યું છે, એમાં સંશય નથી. કેમકે યજ્ઞના અધિષ્ઠાતા જનાર્દન ભગવાન્ જાતે જ આ યજ્ઞમાં મારી યાચના કરે છે![૨૩] મેં

નિશ્ચય કર્યો છે કે, મારું મસ્તક માગશે તોપણુ આપીશ. એ ગોવિંદ મારી આગળ હાથ ધારીને "આપ" એમ કહેશે, એથી અધિક શું?[૨૪] બીજા કોઇપણ યાચકને "નથી" એમ મેં કહ્યું નથી, તો જાતે અચ્યુત ભગવાન્ યાચવા આવે છે તો તેમને કેમ ના કહી શકું?[૨૫] ધીર પુરુષોને દાન કરવામાં આપત્તિ આવી પડે તો તે પણુ વખાણુવા લાયક છે. દાન બાધકર્તા છે જ નહિ. દાન જ શરીરનું બળ ગણુાય છે.[૨૬] મારા રાજ્યમાં કોઈ અસુખી નથી. કોઇ દરિદ્ર નથી, કોઈ રોગી નથી, કોઇ અલંકાર રહિત નથી અને કોઈ અપ્રસન્ન નથી.[૨૭] સર્વ જન હૃષ્ટ, તુષ્ટ, સુગંધયુક્ત, તૃપ્ત અને સર્વ ગુણુ સંપન્ન છે. હે મહાભાગ! ખરેખર હું સદા સુખી છું.[૨૮] હે મુનિશાર્દૂલ! મેં તમારે મુખેથી સાંભળ્યું હતું, તે પ્રમાણે આ ઉત્તમ દાનનું ફળ જ મને મળેલું છે.[૨૯] આ ઉત્તમ દાનરૂપી બીજ જનાર્દન ભગવાન્ જેવા મહા પાત્રમાં પડે છે, તો હવે મને શું પ્રાપ્ત થવાનું બાકી છે.[૩૦] મારું એ દાન ઉત્તમ જ છે, કેમકે એથી દેવતાઓ પણુ સંતુષ્ટ થયા છે. ઉપભોગના કરતાં દાન સોગણું સુખ આપનારું છે.[૩૧] દર્શનથી જ ઉપકાર કરનાર શ્રી હરિ યજ્ઞમાં આરાધન કરવાથી પ્રસન્ન થઇને જ નક્કી આવે છે.[૩૨] દેવોનો ભાગ અટકાવનાર મને મારવાને જો એ પ્રમાણે આવે છે, તો અચ્યુત ભગવાનથી વધ થશે, તે ઘણો પ્રશંસાપાત્ર થશે.[૩૩] અથવા એ હૃષીકેશ મને મારવાને જ શા માટે આવશે?[૩૪] એવું જાણીને, હે મુનિશ્રેષ્ઠ! જગતના નાથ ગોવિંદ ભગવાન્ આવે ત્યારે તમે મને દાનમાં વિઘ્ન કરશો નહિ.[૩૫]

લોમહર્ષણુ બોલ્યા:—બલિરાજા એ પ્રમાણે બોલતા હતા, એટલામાં જ બૃહસ્પતિને આગળ કરીને દેવતાઓ સાથે વામન ભગવાન્ યજ્ઞશાળામાં આવી પહોંચ્યા.[૩૬] તે વખતે બલિ રાજાએ પોતાના પુરોહિત શુક્રાચાર્યને કહ્યું કે, મને યાચવાને શ્રી હરિ પોતે મારે ઘેર આવ્યા છે![૩૭] એ સર્વના ચિત્તના સાક્ષી, સર્વ દેવમય, અચિન્ત્ય એવા જનાર્દન ભગવાને પોતાની ઇચ્છાથી જ વામન રૂપ ધારણુ કર્યું છે.[૩૮] તે પ્રભુને યજ્ઞશાળામાં પ્રવેશેલા જોઇને તેમના તેજથી સર્વે અસુરો નિસ્તેજ થઇને ક્ષોભ પામી ગયા.[૩૯] વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગર્ગ અને બીજા મુનિઓ જેઓ તે યજ્ઞમાં આવેલા હતા, તેઓ પણુ ભયથી કંપવા લાગ્યા.[૪૦] બલિરાજા પોતાના આખા જન્મને સફળ માનવા લાગ્યા અને ક્ષોભ પામેલા કોઇથી કંઈ બોલી શકાયું નહિ[૪૧] સૌ જણુ તે દેવદેવેશને તેમના તેજથી પૂજવા લાગ્યા. ત્યાર પછી અસુરપતિ બલિરાજાને તથા મુનિવરોને જોઇને,[૪૨] વામન રૂપ ધારણુ કરનાર દેવદેવપતિ સાક્ષાત્ શ્રી વિષ્ણુ ભગવાન્ યજ્ઞ, અગ્નિ, યજમાન, ઋત્વિજ, યજ્ઞના કર્માધિકારીઓ, સભાસદો અને દ્રવ્ય સંપત્તિ એ સૌની સ્તુતિ કરવા લાગ્યા.[૩૪] તે સમયે સભાસદો તથા યજ્ઞશાળામાં બેઠેલા બ્રાહ્મણો વિશ્વના પાત્રરૂપ એવા શ્રી વામન ભગવાનને "સારું સારું" એમ કહેવા લાગ્યા.[૪૪] મહાઅસુર બલિરાજા હર્ષથી પુલકિત થઈ જઇને અર્ધ્યવડે પૂજા કરી, શ્રી ગોવિંદ ભગવાનને કહેવા લાગ્યા.[૪૫]

બલિરાજા બોલ્યાઃ—હે ભગવન્! સુવર્ણ તથા રત્નના ઢગલાઓ, હાથીઓ, પાડાઓ, સ્ત્રીઓ, વસ્ત્રો, અલંકારો, ગાયો, સર્વ પ્રકારની પુષ્કળ ધાતુઓ અને આ આખી પૃથ્વી એ સૌ આપનું જ છે. આપને જેની ઇચ્છા હોય તે માગો. મને વહાલામાં વહાલા જે પદાર્થો હશે, તે પણ હું તમને આપીશ.[૪૬-૪૭] દૈત્યપતિએ પ્રેમપૂર્વક એ પ્રમાણે કહ્યું, એટલે વામન ભગવાન્ ગંભીરપણે સ્મિત કરીને બોલ્યા.[૪૮] હે રાજન્! મારા અગ્નિને રાખવાને માટે ત્રણ ડગલાં જમીન મને આપો અને જે સુવર્ણ, ગામ, રત્નો વગેરે માગે, તેને તે આપજો.[૪૯]

બલિરાજા બોલ્યાઃ—હે પગવાળાઓમાં શ્રેષ્ઠ! ત્રણ ડગલાં પૃથ્વીથી આપનું શું પ્રયોજન સિદ્ધ થશે? સો અથવા હજાર ડગલાં જમીન આપ માગી લો.[૫૦] શ્રી વામનજી બોલ્યાઃ—હે દૈત્યપતે! એટલાં ત્રણ ડગલાંથી જ હું કૃતકૃત્ય થઇશ. તારું બીજું દ્રવ્ય બીજા યાચકોને ઇચ્છા પ્રમાણે આપજે.[૫૧] મહાત્મા વામનનું એવું વચન સાંભળીને મહાબાહુ બલિરાજાએ તેમને ત્રણ ડગલાં પૃથ્વી આપી.[૫૨] હાથમાં પાણી પડતાંની સાથે જ વામન અવામન થઈ ગયા. એટલે મોટું વિરાટ સ્વરૂપ ધારણ કરી દીધું અને તત્ક્ષણ સર્વ દેવમય રૂપ દેખાડયું.[૫૩] ચંદ્ર અને સૂર્ય બે નેત્રો, આકાશ મસ્તક, પૃથ્વી બે પગ, પગની આંગળીઓ પિશાચો, હાથની આંગળીઓ ગુહ્યકો,[૫૪] વિશ્વેદેવો બે ઘુંટણો, ઉત્તમસાધ્ય દેવો બે જંઘાઓ, સર્વ અંગોને વિષે યજ્ઞો, અપ્સરાઓ અંગની રેખાઓ,[૫૫] તમામ નક્ષત્રો તેમની દૃષ્ટિ, સૂર્યકિરણો માથાના વાળ, તારાગણ તેમનાં રુવાંનાં છિદ્રો, અને તે રુવાંઓમાં મહર્ષિઓ હતા.[૫૬] તે મહાત્માના બાહુઓ વિદિશાઓ અને કાન દિશાઓ હતી. અશ્વિનીકુમારો શ્રવણેન્દ્રિય તથા નાસિકા મહા બળવાન્ વાયુ હતો.[૫૭] મનોધર્મ સહિત ચંદ્રમા દેવ તેનો પ્રસાદ હતો, તેની વાણી સત્ય હતી, અને જિહ્વા એ સરસ્વતી દેવી હતી.[૫૮] દેવમાતા અદિતિ તેની કોટ (ગ્રીવા) હતી, તેનાં કંકણ વિદ્યા હતી, મૈત્રદેવ સ્વર્ગ દ્વાર અને ત્વષ્ટા તથા પૂષા તેની બે ભમરો હતી.[૫૯] તેના મુખમાં અગ્નિદેવ હતા, પ્રજાપતિ બે વૃષણ હતા, પરબ્રહ્મ હૃદયરૂપે હતા, અને કશ્યપ મુનિ પુરુષત્વને સ્થાને હતા.[૬૦] તેની પીઠમાં વસુઓ હતા, બધા સાંધાઓમાં મરુત્ ગણ, વક્ષઃસ્થળે રુદ્ર, અને મહાસમુદ્રો તેના ધૈર્યના સ્થાને હતા.[૬૧] તેના ઉદરમાં ગંધર્વો તથા મહાબળવાન્ મરુદ્ગણ હતા, અને કટિ પ્રદેશમાં લક્ષ્મી, મેધા, ધૃતિ, કાંતિ અને સર્વ વિદ્યાઓ હતી.[૬૨] એ દેવ સર્વ જ્યોતિરૂપ તથા પરમ તપરૂપ હતા. એ દેવાધિદેવનું ઉત્તમ તેજ પ્રકટ થયું.[૬૩] તેના શરીર અને કુખોમાં ચારે વેદો અને ઘુંટણોમાં મહાયજ્ઞો, ઇષ્ટિઓ, પશુબંધો, અને બ્રાહ્મણોનાં કર્મો હતાં.[૬૪] વિષ્ણુ ભગવાનનું સર્વ દેવમય તે સ્વરૂપ જોઇને અગ્નિમાં પડે તેમ, મહાબળવાન્ દૈત્યો તેમની પાસે જઈ શકયા નહી.[૬૫] ચિક્ષુર નામના મહાબળવાન્ દૈત્યે દાંતોવડે ભગવાનના અંગુઠાને પકડ્યો, એટલે ભગવાને તેની ડોક ઉપર અંગુઠાવડે ઠેસ મારી.[૬૬] એ પ્રમાણે મોટા મોટા દૈત્યોને મારીને અને મહાકાય સ્વરૂપ ધારણ

કરીને, શ્રી વામન ભગવાને એકદમ પૃથ્વીને કબજે કરી દીધી.[૬૭] શ્રી વામન પૃથ્વી ઉપર ચાલવા લાગ્યા, એટલે સૂર્ય અને ચંદ્ર તેમના સ્તનોના મધ્ય ભાગમાં રહ્યા અને આકાશમાં ચાલવા લાગ્યા, એટલે તેઓ તેમની સાથળના ભાગમાં આવીને રહ્યા.[૬૮] જ્યારે તેથી પણ ઉપરના ભાગમાં તે ચાલવા લાગ્યા, એટલે તેમના ઘુંટણના મૂળમાં, દેવનું પાલન કરવામાં રહેલા ચંદ્રસૂર્ય આવીને રહ્યા.[૬૯] તમામ અસુરોને મારીને તથા આખું ત્રૈલોક્ય જિતીને શ્રી વામન ભગવાને ઇંદ્રને ત્રૈલોક્યનું રાજ્ય આપ્યું,[૭૦] અને પૃથ્વીથી નીચેના ભાગમાં સુતલ નામના પાતાલનું રાજ્ય બલિરાજાને આપ્યું.[૭૧] પછી સર્વેશ્વર શ્રી વિષ્ણુ ભગવાન્ દૈત્યરાજ બલિને કહેવા લાગ્યા કે, મેં જે કારણથી તારા આપેલા જળનું ગ્રહણ કર્યું,[૭૨] તે કારણથી તારું આયુષ્ય એક કલ્પ જેટલું થશે અને તું સર્વથા સુખી થશે. વળી વૈવસ્વત મન્વંતર પૂરો થયા પછી,[૭૩] સાવર્ણિક મન્વંતર બેસશે ત્યારે ઇંદ્ર થઇશ. હાલ તો તારું આખું ભુવન ઇંદ્રને આપુંછું.[૭૪] ઇકોતેર વખત સુધી ચતુર્યુગ વ્યવસ્થા ક્રમપૂર્વક હું એક સરખી પાળું છું. તેની વચમાં જે કોઈ અડચણકર્ત્તા આવે છે, તેનો હું અટકાવ કરું છું.[૭૫] હે બલિરાજા! તેણે (ઇંદ્રે) પૂર્વે મારી ઘણી ભક્તિ કરી હતી. માટે તું મારા વચનથી સુતલ નામે પાતાલનું રાજ્ય ગ્રહણ કર.[૭૬] અને હે મહા અસુર! મારી આજ્ઞાનું યથાવત્ પાલન કરી ત્યાં નિવાસ કર. હે અસુર! તે સ્થાન દેવ તથા અસુર ગણોથી યુક્ત તથા સેંકડો પ્રાસાદોથી વ્યાપ્ત છે.[૭૭] ખીલેલા કમળોવાળા તળાવો, વૃક્ષો અને ઉત્તમ નદીઓવાળા પાતાળમાં સુગંધયુક્ત સ્વરૂપવાન્, સુવર્ણના અલંકારોથી વિભૂષિત, પુષ્પની માળાઓ અને ચંદનના લેપયુક્ત શરીરવાળો, નૃત્ય અને ગીતથી મનોહર દેખાતો, હે દાનવેશ્વર! તું મહાવિપુલ ભોગો ભોગવ.[૭૮–૭૯] હે બલિ! જ્યાં સુધી દેવો તથા બ્રાહ્મણો સાથે તું વિરોધ નહિ કરે, ત્યાં સુધી સેંકડો સ્ત્રીઓ સાથે ત્યાં તું રહેશે.[૮૦] ત્યાં સુધી તું સર્વ કામનાઓથી ભરેલા સંભોગો ભોગવ. પરંતુ જ્યારે તું દેવો અને બ્રાહ્મણો સાથે વિરોધ કરીશ, ત્યારે તારા બંધનને માટે ભયંકર દર્શનવાળો દારુણ પાશ તૈયાર છે.[૮૧]

બલિરાજા બોલ્યાઃ—હે પ્રભુ! આપની આજ્ઞા પ્રમાણે હું ત્યાં પાતાલમાં શી રીતે ભોગ ભોગવી શકીશ? એ ભોગોનું ઉપાદાન શું થશે? જેથી હું સંતુષ્ટ થઇને હમેશાં આપનું સ્મરણ કર્યા કરું.[૮૨]

શ્રી ભગવાન્ બોલ્યાઃ—વિધિ વગર આપેલાં દાન, વેદ ન જાણનારા બ્રાહ્મણો પાસે અથવા વેદવિધિ વગર કરાવેલાં શ્રાદ્ધ, શ્રદ્ધા વગર કરેલા હોમ, એ સૌ તને ફળ આપશે.[૮૩] દક્ષિણા વગર કરેલા યજ્ઞો, વિધિ વગર કરેલી ક્રિયાઓ, અને વ્રતહીન અધ્યયન એ સૌ તને ફળ આપશે.[૮૪] અને હે બલિ! પાણી વગર કરેલી પૂજા, દર્ભ વગર કરેલી ક્રિયા, અને ઘી વગર કરેલો હોમ, એ સૌ તને ફળ આપશે.[૮૫] જે કોઈ આ સ્થાનમાં રહીને કંઈ પણ ક્રિયા કરશે, તેનો કોઈ ભાગ અસુરો લઈ જશે નહિ.[૮૬] આ જ્યેષ્ઠાશ્રમ તથા વિષ્ણુપદ હ્રદ (ધરો)

મહાપુણ્યકારક છે. જે કોઈ અહીં શ્રાદ્ધ કરે, નિયમ કરે, અને કોઈ સજ્જન પુરુષ વિધિપૂર્વક કોઈ પણ ક્રિયા કરે, તે સૌ કદી નાશ પામશે નહિ, એ નિશ્ચય છે.[૮૭-૮૮] જ્યેષ્ઠ માસના શુકલ પક્ષની એકાદશીને દિવસે અપવાસ કરીને દ્વાદશીને દિવસે શ્રી વામનદેવનાં દર્શન કરીને વિષ્ણુપદમાં સ્નાન કરે તથા યથાશક્તિ દાન કરે, તે પરમ પદ પામે છે.[૮૯-૯૦]

લોમહર્ષણ કહે છેઃ—બલિરાજાને એ પ્રમાણે વરદાન આપીને અને ઇંદ્રને સ્વર્ગનું રાજ્ય આપીને શ્રી હરિ તે રૂપ સાથે અંતર્ધાન થઈ ગયા.[૯૧] પછી ઇંદ્ર પૂર્વની પેઠે રાજ્ય કરવા લાગ્યા અને બલિ પાતાલમાં જઇને રહ્યા.[૯૨] આ પ્રમાણે વામનરૂપ શ્રી વિષ્ણુ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે. તે જે કોઈ સાંભળે, તે સર્વ પાપથી મુક્ત થઈ જાય.[૯૩] જે માણસ બલિ અને પ્રહ્લાદનો સંવાદ, બલિ તથા ઇંદ્રના મંત્રવિચાર, અને બલિ તથા શ્રી વિષ્ણુ ભગવાનની વાતચિતનું સ્મરણ કરશે,[૯૪] તેને આધિવ્યાધિ નડશે નહિ, તેનું મન મોહાકુલ થશે નહિ, અને તેમને કદી પાપ ઉત્પન્ન થશે નહિ.[૯૫] જેનું રાજ્ય ગયું હશે, તેને રાજ્ય મળશે; જેને પોતાના ઇષ્ટજનનો વિયોગ થયો હશે, તેને તેનો મેળાપ થશે અને આ કથા સાંભળીને માણસ મહાભાગ્યશાળી થશે.[૯૬] બ્રાહ્મણને વેદ મળશે, ક્ષત્રિય પૃથ્વીને જિતશે, વૈશ્યને ધનસમૃદ્ધિ મળશે અને શૂદ્રને સુખ મળશે. આ વામનનું માહાત્મ્ય સાંભળીને સૌ પાપથી મુક્ત થશે.[૯૭]

वैश्यो धनसमृद्धिं च शूद्रः सुखमवाप्नुयात् ॥
वामनस्य च माहात्म्यं शृण्वन्पापैः प्रमुच्यते ॥ ९७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'બ્રહ્મસરોવર માહાત્મ્યમાં વામન બલિચરિત' એ નામનો એકત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૨ મો.

સરસ્વતીની કરેલી સ્તુતિ.

ऋषय ऊचुः—कथमेषा समुत्पन्ना नदीनामुत्तमा नदी ॥
सरस्वती महाभागा कुरुक्षेत्रप्रयायिनी ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—સર્વ નદીઓમાં ઉત્તમ, મહાભાગ્યવાળી, કુરુક્ષેત્રમાં વહેનારી એ સરસ્વતી નદી શી રીતે ઉત્પન્ન થઈ?[૧] અને બ્રહ્મસરોવરને મળીને પોતાના બને કિનારાઓ ઉપર નાનાપ્રકારનાં તીર્થો બનાવી કંઇક ન દેખાતી એવી રીતે પશ્ચિમ દિશાએ શી રીતે વહેવા લાગી? હે બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ! એ સૌ મને વિસ્તારપૂર્વક કહો.[૨]

લોમહર્ષણ બોલ્યાઃ—નદીઓમાં ઉત્તમ એ સનાતન નદી પીપળાના ઝાડમાંથી નીકળી છે. સ્મરણમાત્રથી જ એ સર્વ પાપનો નાશ કરનારી છે.[૩]

એ પવિત્ર જળવાળી મહાનદી હજારો પર્વતોને ફોડીને દ્વૈતવનમાં પેઠી હતી.[૪] મહામુનિ માર્કંડેયજીએ પીપળાના વૃક્ષમાં રહેલી એ નદીને જોઈને મસ્તક નમાવી પ્રણામ કરી, એ સરસ્વતીની આ પ્રમાણે સ્તુતિ કરી;[૫] 'હે દેવિ! તું સર્વ વેદોને ઉત્પન્ન કરનારી, સર્વ લોકની માતા છે. હે દેવિ! જે કંઈ સત્ અથવા અસત્ છે, તે સૌ મોક્ષના બોધને માટે જ છે.[૬] આ ક્ષરાત્મક વિશ્વ અને અક્ષર પરમ બ્રહ્મ એ સૌ જેમ સમુદ્રમાં પાણી રહેલું છે તેમ તારામાં રહેલાં છે.[૭] લાકડામાં જેમ અગ્નિ રહેલો છે, અને પૃથ્વીમાં જેમ ગંધ રહેલો છે, તેમ આ અશેષ જગત્ અને બ્રહ્મ તારામાં રહેલાં છે.[૮] જેમાં સ્થાવર અને જંગમ સૌ રહેલું છે, તે જ ૐ કારનું સ્થાન છે. તેમ જ હે દેવિ! ત્રણે માત્રાઓ (अ, उ, म्), અને અસ્તિ (સત્) તથા નાસ્તિ (અસત્) સૌ રહેલું છે.[૯] વળી તેમાં જ ત્રણે વેદો, ત્રણે લોક, ત્રણે વિદ્યાઓ, ત્રણે અગ્નિઓ, ત્રણે જ્યોતિ, ધર્મ વગેરે ત્રણે વર્ગ,[૧૦] ત્રણે ગુણ, ત્રણે વર્ણ, મપૂર્વક ત્રણે દેવ, ત્રણે ધાતુઓ, ત્રણે અવસ્થાઓ, પિતૃઓ, અને અણિમાદિ આઠ સિદ્ધિઓ,[૧૧] હે દેવિ સરસ્વતિ! એ સૌ ત્રણમાત્રારૂપે તારું જ સ્વરૂપ છે. તું ભિન્ન ભિન્ન સ્વરૂપવાળી, વેદથી પણ આદ્ય અને સનાતન છે.[૧૨]

'હે દેવિ! બ્રહ્મવાદીઓ તારા ઉચ્ચારણવડે જ સનાતન એવી સોમસંસ્થા, હવિ-સંસ્થા અને પાકસંસ્થા કરે છે.[૧૩] અર્ધમાત્રમય તારું બીજું સ્વરૂપ જે અવિકારી અક્ષય, દિવ્ય અને પરિણામ રહિત છે, તે જાણી ન શકાય એવું છે.[૧૪] એવું જે તારું પરમ રૂપ તે મારાથી વર્ણી શકાય એવું નથી; બીજા કોઈથી વર્ણાય એવું નથી, તેમ જ જીભ, તાલુ અને હોઠ વગેરે સ્થાનોવડે પણ કહેવાય એવું નથી.[૧૫] તે જ વિષ્ણુ, બ્રહ્મા, શિવ, ચંદ્ર, સૂર્ય, જ્યોતિ, વિશ્વાવાસુ, વિશ્વરૂપ, વિશ્વાત્મા અને મહેશ્વર છે.[૧૬] સાંખ્ય સિદ્ધાંત અને વેદમાં કહેલું, બહુ શાખાઓવડે સ્થિર કરેલું, આદિ મધ્ય અને અંતરહિત, સત્ તથા અસતરૂપ,[૧૭] એકરૂપ તથા અનેકરૂપ, જૂદા જૂદા ભાવવાળું, ન કહેવાય એવું નિર્ગુણ અથવા છ ગુણવાળું, ઘણા ગુણવાળું અને ત્રિગુણવાળું,[૧૮] નાનાપ્રકારની શક્તિના વિભાવ જાણનારું, અથવા નાનાપ્રકારની શક્તિના વિભાવ કરનારું, સુખનું પણ સુખ, મહાસુખરૂપ, અને તત્ત્વગુણવાળું,[૧૯] હે દેવિ! એ પ્રમાણે આખા નિષ્કલ જગતમાં તારું સ્વરૂપ વ્યાપી રહેલું છે અને જે બ્રહ્મ અદ્વૈતમાં રહેલું છે તેમ જ દ્વૈતમાં જે રહેલું છે, તેમાં પણ તું જ વ્યાપેલી છે.[૨૦] જે અર્થો નિત્ય છે, જે નાશવંત છે, જે સ્થૂલ છે, જે સૂક્ષ્મ છે, અથવા જે જમીન ઉપર છે કે અંતરિક્ષમાં છે, તે સર્વમાં તું જ વસેલી છે.[૨૧] જે અમૂર્ત છે અથવા જે મૂર્ત છે, તેમ જ જે કંઈ પંચભૂતનાં કર્મ છે, અથવા જે દેવોમાં છે અથવા નથી, તેમાં અક્ષરો અને વ્યંજનોના સંબંધવડે કરીને તું જ વ્યાપેલી છે.'[૨૨] એ પ્રમાણે સ્તુતિ કર્યા

પછી વિષ્ણુની જીભરૂપ તે સરસ્વતી દેવી મહામુનિ માર્કંડેય પ્રત્યે કહેવા લાગી: ‘હે વિપ્ર! તું જ્યાં લઈ જઈશ ત્યાં હું આળસ રહિત થઇને આવીશ.’[૨૩]

માર્કંડેય બોલ્યા:—પ્રથમ પવિત્ર બ્રહ્મસરમાં, પછી મહાહ્રદમાં, પછી કુરુ ઋષિએ ખેડેલા કુરુક્ષેત્રમાં, એ પ્રમાણે તેમની મધ્યમાં થઇને પુણ્યકારક અને પવિત્ર જળવાળી થઇને તમે વહો.[૨૪]

कुरुणा ऋषिणा कृष्टं कुरुक्षेत्रं ततः स्मृतम् ॥
तस्य मध्येन वै याति पुण्या पुण्यजलावहा ॥ २४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે ‘સરોવર માહાત્મ્યને વિષે સરસ્વતી સ્તોત્ર’ એ નામનો બત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૩ મો.

કુરુક્ષેત્રનું માહાત્મ્ય.

लोमहर्षण उवाच—इत्यृषेर्वचनं श्रुत्वा मार्कंडेयस्य धीमतः ।
नदी प्रवाहसंयुक्ता कुरुक्षेत्रं विवेश ह ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યા:—માર્કંડેય ઋષિનાં એવાં વચન સાંભળીને સરસ્વતી નદીએ પ્રવાહ સાથે કુરુક્ષેત્રમાં પ્રવેશ કર્યો.[૧] ત્યાં તે પુણ્યકારક પાણીવાળી સરસ્વતી, રંતુકમાં મળીને તથા કુરુક્ષેત્રને પાણીથી તર કરીને પશ્ચિમ દિશા તરફ વહેવા લાગી.[૨] ત્યાં અનેક ઋષિઓથી સેવા કરાયલાં હજારો તીર્થો છે, જે હું તમને બ્રહ્માજીના પ્રસાદથી કહીશ.[૩] દુરાચારી માણસોને પણ એ તીર્થોનાં સ્મરણથી પુણ્ય થાય છે, દર્શનથી પાપ નાશ પામે છે અને સ્નાનથી પુણ્ય લાગે છે.[૪] જે એ તીર્થોનું સ્મરણ કરે છે, તેના ઉપર દેવતાઓ પ્રસન્ન થાય છે, અને જેઓ તેમાં સ્નાન કરે છે, તેમને પરમ ગતિ મળે છે.[૫] અપવિત્ર હોય, પવિત્ર હોય, ગમે તે અવસ્થામાં હોય, તોપણ જે પુંડરીકાક્ષ શ્રી વિષ્ણુનું સ્મરણ કરે છે, તે બહારથી અને અંદરથી પવિત્ર જ છે.[૬] હું કુરુક્ષેત્રમાં જઇશ, અથવા હું કુરુક્ષેત્રમાં વસીશ, એટલું બોલવાથી જ સર્વ પાપથી મુક્ત થઈ જવાય છે.[૭] બ્રહ્મજ્ઞાન, ગયાશ્રાદ્ધ, ગોગ્રહમાં મરણ, અને કુરુક્ષેત્રમાં વાસ એ ચાર પ્રકારની મુક્તિ કહેલી છે.[૮] સરસ્વતી અને દૃષદ્વતી વચ્ચેનો દેવનિર્મિત જે દેશ, તે બ્રહ્માવર્ત કહેવાય છે.[૯] જે માણસ દૂર હોય છતાં હંમેશાં એમ કહ્યા કરે કે હું કુરુક્ષેત્રમાં જઇશ અને ત્યાં રહીશ, તે સર્વ પાપથી મુક્ત થાય છે.[૧૦] જે ધીર પુરુષ ત્યાં જ સરસ્વતીના તટપર નિવાસ કરે, તેનું જ્ઞાન બ્રહ્મમય થાય છે, તેમાં સંશય નથી.[૧૧]

એ કુરુક્ષેત્રમાં દેવતાઓ, ઋષિઓ અને સિદ્ધો રહે છે. ત્યાં નિત્ય વસવાથી માણસ પોતાના આત્મામાં જ બ્રહ્મને જુએ છે.[૧૨] ચંચળ એવો મનુષ્ય

જન્મ પામીને જેને મોક્ષની ઇચ્છા હોય, તે દુરાચારી હોય તોપણ જો નિયમ પાળીને કુરુક્ષેત્રમાં વસે તો અનેક જન્મનાં તેનાં પાપો નાશ પામેછે અને હૃદયમાં રહેલા નિર્મળ સનાતન દેવને તે જુએ છે.[૧૩-૧૪] કુરુક્ષેત્ર સાક્ષાત્ બ્રહ્મવેદી છે અને તેની પાસે જ રહેલું બ્રહ્મ સરોવર છે. તેને જે નિત્ય સેવે છે, તે પરમપદ પામે છે.[૧૫] ગ્રહ, નક્ષત્રો અને તારાઓ, એમને પણ કાળે કરીને પડવાનો ભય છે; પરંતુ કુરુક્ષેત્રમાં જેનું મૃત્યુ થાય છે તે તો કદી પડતો જ નથી.[૧૬] ત્યાં રહેવાની ઇચ્છાથી બ્રહ્મા વગેરે દેવો, ઋષિઓ, સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ અને યક્ષો આ કુરુક્ષેત્રની સેવા કરે છે.[૧૭] ત્યાં જઈને અને મહારથાણુ હ્રદમાં સ્નાન કરીને મનની ઇચ્છાઓ પૂર્ણ કરે છે, એમાં સંશય નથી.[૧૮] જે માણસ નિયમ પાળે, સરોવરની પ્રદક્ષિણા કરે, અને રંતુકતીર્થની પાસે જઈને વારંવાર ક્ષમા માગે,[૧૯] સરસ્વતીમાં સ્નાન કરીને યક્ષનાં દર્શન કરે, તથા પ્રણામ કરે, અને પુષ્પ, ધૂપ અને નૈવેદ્ય અર્પણ કરીને આ પ્રમાણે પ્રાર્થના કરે કે,[૨૦] હે યક્ષેન્દ્ર! તમારા પ્રસાદથી બધાં વનો, નદીઓ અને તીર્થોમાં હું ફરીશ. મને કાંઇ વિઘ્ન મા થાઓ.[૨૧]

तव प्रसादाद्यक्षेंद्र वनानि सरितस्त ग ।
भ्रमिष्यामि च तीर्थानि ह्यविघ्नं कुरु मे सदा ॥ २१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો તેત્રીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૪ મો.

સાત વન તથા તીર્થનું માહાત્મ્ય.

ऋषय ऊचुः—वनानि सप्त नो ब्रूहि सप्त नद्यश्च काः स्मृताः ॥
तीर्थानि च समग्राणि तीर्थस्नानफलं तथा ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—હે ભગવન્! સાતવન અને સાત નદીઓ કઈ કઈ છે, તે અમને કહો. અને વળી સઘળાં તીર્થો અને તે તીર્થોમાં સ્નાન કરવાનું ફળ પણ કહો.[૧] હે પૌરાણિકોમાં ઉત્તમ! જે જે વિધાનથી જે જે તીર્થનું જે જે ફળ હોય, તે સૌ વિસ્તારથી કહો.[૨]

લોમહર્ષણ બોલ્યાઃ—આ કુરુક્ષેત્રના મધ્યમાં જે સાત વનો છે તે સાંભળ. એમનાં નામો પુણ્યકારક અને સર્વ પાપનો નાશ કરનારાં છે.[૩] એક પવિત્ર કામ્યક વન, બીજું મોટું દિતિવન, ત્રીજું પુણ્યકારક વ્યાસવન, ચોથું ફલકીવન,[૪] પાંચમું સૂર્યવન, છઠ્ઠું મોટું મધુવન, અને સાતમું સર્વ પાપનાશક પુણ્યકર શીતવન,[૫] એ સાત વનો કહ્યાં. હવે હે દ્વિજો! સાત નદીઓ સાંભળો. પહેલી પુણ્યકારક સર-

સ્વતી નદી, બીજી વૈતરણી,[૬] ત્રીજી મહાપુણ્યવતી મંદાકિની ગંગા નદી, ચોથી મધુર અવાજવાળી અમ્લુ નદી, પાંચમી પાપનાશિની કૌશિકી નદી,[૭] છઠ્ઠી મહાપુણ્યા દૃષદ્વતી અને સાતમી હિરણ્વતી નદી છે. સરસ્વતી શિવાય બાકીની બધી એ નદીઓ ફક્ત વર્ષાકાળમાં વહેનારી છે.[૮] વર્ષાઋતુમાં એમનું જળ પુણ્યકારક કહેલું છે. એ નદીઓ કદી રજસ્વળા (મેલવાળી) થતી નથી. તીર્થના પ્રભાવથી એ શ્રેષ્ઠ નદીઓ પુણ્યકર ગણાય છે.[૯] હે મુનિઓ! તમે પ્રસન્ન થઇને સાંભળો. એ તીર્થસ્નાનનું ફળ ઘણું છે, અને ત્યાં જવું તે તથા તેનું સ્મરણ સર્વ પાપનો નાશ કરનારું છે.[૧૦] મહાબળવાન્ દ્વારપાળ રંતુકનાં દર્શન કરીને તથા યક્ષને અભિવંદન કરીને જ તીર્થયાત્રાનો આરંભ કરવો.[૧૧] હે વિપ્રેન્દ્રો! પછી અદિતિ વનમાં જવું, જ્યાં અદિતિએ પુત્રપ્રાપ્તિને માટે ઘોર તપ કર્યું હતું.[૧૨] ત્યાં સ્નાન કરીને દેવમાતા અદિતિની પૂજા કરવાથી સર્વદોષથી રહિત શૂરવીર પુત્ર ઉત્પન્ન થાય છે અને અંતે સેંકડો સૂર્યના જેવા વિમાનમાં બેસીને વિચરે છે.[૧૩] હે વિપ્રેન્દ્રો! પછી અતિ ઉત્તમ એવું જે વિષ્ણુસ્થાન જે સર્વદા વિખ્યાત છે અને જ્યાં શ્રીહરિ વાસ કરીને રહ્યા છે ત્યાં જવું.[૧૪] વળી ત્યાં નિર્મળ જળમાં સ્નાન કરવાથી તથા શ્રી વિમળેશ્વરનાં દર્શન કરવાથી મનુષ્ય નિષ્પાપ થઇને સ્વર્ગમાં તથા રુદ્ર લોકમાં જાય છે.[૧૫]

એકાદશીને દિવસે શ્રીહરિ તથા બળદેવનાં દર્શન કરવાથી કલિકાળના પ્રભાવથી ઉત્પન્ન થયેલા અનેક દેવો નાશ પામે છે.[૧૬] ત્યાંથી પછી પારિપ્લવ તીર્થમાં જવું, જે તીર્થ ત્રિલોકમાં વિખ્યાત છે. ત્યાં સ્નાન કરીને પછી વેદમૂર્તિ બ્રહ્માજીનાં દર્શન કરવાં.[૧૭] એથી બ્રહ્મયજ્ઞનું નિર્મળ ફળ મળે છે, અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. ત્યાં કૌશિકીના સંગમનું રમણીય તીર્થ છે.[૧૮] તે સંગમમાં સ્નાન કરવાથી માણસ પરમપદ પામે છે. અરણ્યમાં મનુષ્યે જેટલા અપરાધ કર્યા હોય, તેટલા બધા ત્યાં સ્નાન કરવાથી માફ થઈ જાય છે.[૧૯] ત્યાંથી પછી દક્ષાશ્રમમાં જવું અને દક્ષેશ્વર શિવનાં દર્શન કરવાં. એથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.[૨૦] પછી શાલૂકી તીર્થમાં જવું—ત્યાં સ્નાન કરીને હરિહરનું પૂજન ભક્તિપૂર્વક કરવું, એથી સર્વ પાપથી મુક્ત થઇને ઇચ્છિત લોકમાં જાય છે.[૨૧] ત્યાંથી નાગતીર્થમાં જવું. ત્યાં ઘી તથા દહીંવડે સ્નાન કરવાથી સર્પનો ભય રહેતો નથી.[૨૨] હે વિપ્રેન્દ્રો! ત્યાંથી પછી નરકથી ઉદ્ધાર કરે એવા રંતુક તીર્થમાં જવું. ત્યાં સ્નાન કરીને એક રાત્રી નિવાસ કરવો.[૨૩] ત્યાં બીજા દ્વારપાળનું પૂજન કરવું અને પછી બ્રાહ્મણોને જમાડીને પ્રણામ કરીને ક્ષમા માગવી[૨૪] કે, "હે યક્ષેન્દ્ર! તમારા પ્રસાદથી હું સર્વ પાપથી મુક્ત થયો છું, અને આ સંસારમાં જે સિદ્ધિની મેં અભિલાષા કરી હતી, તે મને પ્રાપ્ત થઈ છે."[૨૫] એ પ્રમાણે યક્ષેન્દ્રને પ્રસન્ન કરીને પછી પંચનદમાં જવું.[૨૬] દાનવોના નિવાસથી ભયંકર જણાતી એ પાંચ નદીઓ મહાદેવજીએ ઉત્પન્ન કરી હતી. તેથી

એ તીર્થ પંચનદ કહેવાય છે.[૨૭] મહાદેવજીએ તેમાં કરોડ તીર્થોનું સત્વ મૂક્યું છે, તેથી એને કોટિતીર્થ કહે છે.[૨૮] તે તીર્થમાં સ્નાન કરીને માણસે કોટીશ્વરનાં દર્શન કરવાં; એથી પંચયજ્ઞનું ફળ મળે છે.[૨૯] ત્યાં જ શ્રી વામન ભગવાન્ છે, જેની સર્વ દેવોએ પ્રતિષ્ઠા કરી હતી. ત્યાં સ્નાન કરવાથી અગ્નિષ્ટોમનું ફળ મળે છે.[૩૦] શ્રદ્ધાવાન્ તથા ભક્તિવાન્ થઇને અશ્વિનીકુમારના તીર્થમાં જવાથી માણસ રૂપવાન્, ભાગ્યવાન્ અને યશસ્વી થાય છે, એમાં સંશય નથી.[૩૧] શ્રી વિષ્ણુએ કલ્પેલું વરાહતીર્થ વિખ્યાત છે, તેમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવાથી પરમગતિ પ્રાપ્ત થાય છે.[૩૨] ત્યાંથી પછી સોમતીર્થમાં જવું, જ્યાં તપ કરવાથી ચંદ્રમા વ્યાધિમુક્ત થયો હતો.[૩૩] ત્યાં સોમેશ્વરનાં દર્શન કરવાથી તથા તે શુભ તીર્થમાં સ્નાન કરવાથી મનુષ્ય રાજસૂય યજ્ઞનું ફળ પામે છે.[૩૪] અને સર્વ વ્યાધિથી મુક્ત થઇને તથા સર્વ દોષોથી રહિત થઇને ચંદ્રલોકમાં જાય છે અને ત્યાં ચંદ્ર સાથે ઘણા કાળ સુધી ક્રીડા કરે છે.[૩૫] ત્યાં જ ભૂતેશ્વર છે અને જ્વાલામાલેશ્વર છે. તેમના લિંગોની પૂજા કરવાથી માણસને ફરી જન્મ મળતો નથી.[૩૬] એક હંસ તીર્થમાં સ્નાન કરવાથી એક હજાર ગૌદાનોનું ફળ મળે છે. હે દ્વિજશ્રેષ્ઠો! તીર્થોની સેવા કરનાર મનુષ્ય કૃતશૌચ તીર્થમાં જઇને,[૩૭] પુડરિક નામના યજ્ઞનું ફળ મેળવે છે તથા પવિત્ર થાય છે. ત્યાંથી પછી સુજવટ નામે મહાદેવજીના તીર્થમાં જવું.[૩૮]

ત્યાં એક રાત ઉપવાસ કરવાથી મહાદેવ જીના ગણ થવાય છે. ત્યાં જ મહાભાગા નામે યક્ષિણીનું સ્થાનક છે.[૩૯] ત્યાં જઇને સ્નાન કરવાથી મહા પાતક નાશ પામે છે. તે જ કુરુક્ષેત્રનું પુણ્યવર્ધન દ્વાર છે.[૪૦] પ્રદક્ષિણા કરવી તથા ત્યાં બ્રહ્મભોજન કરાવવું. ત્યાંથી પછી પુષ્કર તીર્થમાં જવું અને ત્યાં પિતૃઓની પૂજા કરવી.[૪૧] મહાત્મા પરશુરામે તે તીર્થની સ્થાપના કરી હતી. ત્યાં જવાથી રાજા કૃતકૃત્ય થાય છે અને અશ્વમેધનું ફળ મેળવે છે.[૪૨] જે માણસ કાર્તિકી એકાદશીને દિવસે ત્યાં કન્યાદાન કરે, તેના ઉપર દેવતાઓ પ્રસન્ન થઇને તેને ઇચ્છિત ફળ આપેછે.[૪૩] તે સ્થાનમાં મહા યક્ષ કપિલ દ્વારપાલ થઇને જાતે ઉભા છે. તે પાપીઓને વિઘ્ન કરે છે અને તેમની દુર્ગતિ કરે છે.[૪૪] તેમની સ્ત્રી ઉલુખલમેખલા નામે મહાયક્ષી છે. તે હમેશાં દુંદુભિ વગાડીને ભ્રમણ કર્યા કરે છે.[૪૫] તે મહાયક્ષી પાપ દેશમાં ઉત્પન્ન થયેલી કોઇ સ્ત્રીને પુત્રવતી જોઇને રાત્રીને વિષે દુંદુભિ વગાડીને તેને કહેવા લાગી;[૪૬] 'યુગંધર દેશમાં દહીંનું ભોજન કરીને, અચ્યુત સ્થલમાં નિવાસ કરીને, અને ભૂતાલયમાં સ્નાન કરીને પછી તું સપુત્રા (પુત્ર સહિત) શું અહી વસવાને ઇચ્છે છે?[૪૭] મેં દિવસે તને કહ્યું હતું. હવે રાત્રિએ હું નિશ્ચય તારું ભક્ષણ કરી જઇશ. એ વચન સાંભળીને પછી તે યક્ષિણીને પ્રણામ કરીને,[૪૮] તે દીનવાણી બોલી કે, હે ભામિનિ! મારા ઉપર કૃપા કરો." પછી તે યક્ષિણી

કૃપાયુક્ત થઇને બોલી;[૪૯] 'જ્યારે કોઈ સમયે સૂર્યગ્રહણ થાય ત્યારે તું સરસ્વતીમાં સ્નાન કરજે, એટલે તું પવિત્ર થઇને સ્વર્ગમાં જઇશ.'[૫૦]

यदा सूर्यस्य ग्रहणं कालेन भविता क्वचित् ।
सरस्वत्यां तदा स्नात्वा पूताः स्वर्गं गमिष्यसि ॥ ५० ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ચોત્રીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૫ મો.

જુદા જુદા તીર્થોના સેવનથી થતું ફળ.

लोमहर्षण उवाच—ततो रामह्रदं गच्छेत्तीर्थसेवी द्विजोत्तम ।
तत्र रामेण विप्रेण तरसा दीप्ततेजसा ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—હે દ્વિજોત્તમ! તીર્થસેવીએ ત્યાંથી પછી રામહ્રદમાં જવું. ત્યાં મહા બળવાન્ તેજસ્વી પરશુરામજીએ,[૧] ક્ષત્રિયોનો ઉચ્છેદ કરીને પાંચ હ્રદ બનાવ્યા હતા અને પછી રાજાઓના લોહીથી તેમને ભર્યા હતા, એમ અમે સાંભળ્યું છે.[૨] તેનાથી તેમણે પોતાના પિતાનું તથા પિતામહનું તર્પણ કર્યું હતું. તેથી પ્રસન્ન થઇને તેમના પિતૃઓ પરશુરામને કહેવા લાગ્યા કે,[૩] 'હે રામ! હે મહાબાહો! હે ભાર્ગવ! તારી પિતૃભક્તિ અને તારું પરાક્રમ જોઇને અમે પ્રસન્ન થયા છીએ.[૪] હે મહાયશવાળા! તારી ઇચ્છામાં આવે તે વર માગ. તારું કલ્યાણ થાઓ.' એ સાંભળીને પરશુરામજી,[૫] હાથ જોડીને ગગનમાં રહેલા તે પિતૃઓને કહેવા લાગ્યા; 'જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારો અનુગ્રહ કરો.[૬] હું આપના પ્રસાદથી ફરી તપની પ્રાપ્તિની ઇચ્છા રાખું છું. મેં ક્રોધવશ થઇને ક્ષત્રિયોનો નાશ કર્યો છે.[૭] તેનું જે મને પાતક લાગ્યું છે, તે પાપથી આપના તેજના પ્રભાવથી હું મુક્ત થાઉં, અને આ હ્રદો તીર્થરૂપે વિખ્યાત થાઓ.'[૮] એવાં રામનાં વચનો સાંભળીને તે વખતે હર્ષ પામીને પિતૃઓ બોલ્યા;[૯] 'હે પુત્ર! પિતૃભક્તિથી તારું તપ ઘણું વધો. ક્રોધને લીધે તેં ક્ષત્રિયોનો નાશ કર્યો છે;[૧૦] તે પાપથી તું મુક્ત થઇશ. કેમકે તે ક્ષત્રિયો પોતપોતાના કર્મને લીધે જ નાશ પામ્યા છે. આ હ્રદો, પણ તીર્થપણાને પામશે, એમાં જરાપણ સંશય નથી.[૧૧] આ હ્રદોમાં સ્નાન કરીને જે પોતાના પિતૃઓનું તર્પણ કરશે, તેને પિતૃઓ તેની ઇચ્છા પ્રમાણે ફળ આપશે.[૧૨] બીજી પણ કામનાઓ પૂર્ણ કરશે અને અક્ષય સ્વર્ગવાસ આપશે. હે બ્રાહ્મણો એ પ્રમાણે રામને વરદાન આપીને પછી પિતૃઓ પ્રસન્ન થઇને અંતર્ધાન થઈ ગયા. એ પ્રમાણે મહાત્મા ભાર્ગવ (પરશુરામ) નાં રામહ્રદો પુણ્યકારક છે.[૧૩-૧૪] એ રામનાં હ્રદોમાં સ્નાનકરીને જે બ્રહ્મચારી થઇને તથા પવિત્ર વ્રતધારણ કરીને શ્રી પરશુરામની પૂજા

કરે, તેને ઘણું સુવર્ણ પ્રાપ્ત થાય છે.[૧૫] વળી તીર્થસેવી સંયમી પુરુષ વંશમલ તીર્થમાં જઇને સ્નાન કરે તો તેના આખા વંશનો ઉદ્ધાર થાય છે.[૧૬] ત્રિલોકમાં પ્રખ્યાત કામશોધન તીર્થમાં જઇને સ્નાન કરે તો શરીર શુદ્ધ થાય, તેમાં સંશય નથી.[૧૭] શુદ્ધ દેહ થયા પછી જન્મ મરણનો ફેરો ટળી જાય છે. જ્યાં સુધી આ કાયશોધન તીર્થ પ્રાપ્ત થયું નથી, ત્યાં સૂધી તીર્થપરાયણ સિદ્ધોને પણ ભ્રમણ કરવું પડે છે.[૧૮] મનને નિયમમાં રાખીને તે તીર્થમાં શરીર ધોવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે કે જ્યાંથી પાછું ફરવું પડતું નથી.[૧૯] હે વિપ્રેન્દ્રો! તે પછી શ્રી વિષ્ણુ ભગવાને જ્યાં સર્વ લોકનો ઉદ્ધાર કર્યો છે એવા ત્રણે લોકમાં વિખ્યાત,[૨૦] લોકોદ્ધાર તીર્થમાં જવું. તે ઉત્તમ તીર્થમાં ભગવાનના સ્મરણપૂર્વક સ્નાન કરવાથી શાશ્વત લોકની પ્રાપ્તિ થાય છે.[૨૧] જ્યાં શ્રી વિષ્ણુ ભગવાન્ તથા અવિનાશી શંકર ભગવાન વસે છે. તેમને પ્રણામ કરીને પ્રસન્ન કરવાથી મુક્તિ મળે છે.[૨૨] ત્યાંથી પછી શ્રી તીર્થમાં જવું. જ્યાં સર્વોત્તમ શાલિગ્રામ છે. ત્યાં સ્નાન કરવાથી ભગવાન્ કેશવ તેને સાક્ષાત્ દર્શન દે છે.[૨૩]

પછી ત્રિલોકમાં વિખ્યાત કપિલા તીર્થમાં જવું. ત્યાં સ્નાન કરીને દેવો તથા પિતૃઓની પૂજા કરવી.[૨૪] એથી હજાર કપિલા ગાયોનું દાન કરવા જેટલું ફળ મળે છે. ત્યાં મહાદેવજી કપિલ શરીર ધારણ કરીને રહેલા છે.[૨૫] ઋષિઓ-વડે પુજાયલા તે શિવનાં દર્શન કરવાથી મુક્તિ મળે છે. પછી સૂર્યતીર્થમાં જઇને મનને નિયમમાં રાખીને સ્નાન કરવું.[૨૬] પછી ઉપવાસ કરીને પિતૃઓ તથા દેવોની પુજા કરવી. આથી અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે અને સૂર્યલોકની પ્રાપ્તિ થાય છે.[૨૭] હજાર કિરણોવાળા ત્રિલોકવિખ્યાત સૂર્ય ભગવાનનાં દર્શન કરવાથી માણસને જ્ઞાન સહિત મુક્તિ મળે છે.[૨૮] પછી તીર્થસેવીએ યથાક્રમે ભવાની વનમાં જવું. ત્યાં અભિષેક કરવાથી હજાર ગૌદાનનું ફળ મળે છે.[૨૯] પૂર્વે પિતામહ બ્રહ્મા અમૃત પીતા હતા, તે વખતે તેમના ઓડકારથી સુરભિ (ગાય) ઉત્પન્ન થઇ. તે પાતાળમાં ચાલી ગઈ.[૩૦] તેનાથી જગતની માતાઓ બીજી સુરભિઓ (ગાયો) ઉત્પન્ન થઈ. તેમનાથી આખું પાતાલ વ્યાપ્ત થઈ ગયું છે.[૩૧] પિતામહ બ્રહ્માજીએ યજ્ઞ કર્યો ત્યારે દક્ષિણામાં આપવાને માટે વિવર માર્ગથી તે ગાયો લાવવામાં આવી હતી. તે વિવર જોઇને યજ્ઞમાં બોલાવેલા બ્રાહ્મણો વિભ્રાન્ત થઈ ગયા હતા.[૩૨] તે વિવર દ્વારમાં ગણપતિ જાતે ઉભેલા છે. તેમનાં દર્શન કરવાથી સઘળી ઇચ્છાઓ પૂર્ણ થાય છે.[૩૩]

પછી મુક્તિને સાક્ષાત્ આપવાવાળા સંગિની તીર્થમાં જવું. આથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ત્યાં દેવીના તીર્થમાં સ્નાન કરવાથી શ્રેષ્ઠ રૂપ પ્રાપ્ત થાય છે.[૩૪] એથી પુત્રપૌત્ર સહિત અનંત લક્ષ્મી મળે છે અને પુષ્કળ ભોગો પ્રાપ્ત કરી પરમ પદ પમાય છે.[૩૫] પછી બ્રહ્માવર્ત તીર્થમાં સ્નાન કરવાથી બ્રહ્મજ્ઞાની થવાય છે, એમાં સંદેહ નથી. વળી તે માણસ પોતાની ઇચ્છા પ્રમાણે પ્રાણત્યાગ કરે છે.[૩૬] હે વિપ્રેન્દ્રો! તે પછી દ્વારપાલ

રંતુકના તીર્થમાં જવું. મહાત્મા યક્ષેન્દ્ર તથા સરસ્વતીના તે તીર્થમાં ઉપવાસ કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને યક્ષના પ્રસાદથી ઇચ્છિત ફળ મળે છે.[૩૭–૩૮] હે વિપ્રેન્દ્રો ! ત્યાંથી પછી મુનિઓવડે સ્તુતિ કરાયલા બ્રહ્માવર્ત તીર્થમાં જવું. ત્યાં સ્નાન કરવાથી નિશ્ચિત બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.[૩૯] ત્યાંથી પછી ઉત્તમ સુતીર્થક તીર્થમાં જવું. ત્યાં દેવતાઓની સાથે પિતૃઓ સર્વદા રહેલા છે.[૪૦] ત્યાં અભિષેક કરીને પિતૃદેવની પુજા કરવી. એથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે અને હંમેશાં પિતૃઓ પ્રસન્ન રહે છે.[૪૧] ત્યાંથી પછી યથાક્રમે ધર્મજ્ઞ પુરુષે અવન્તીમાં જવું. ત્યાં કામેશ્વર તીર્થમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવું.[૪૨] એથી સર્વ વ્યાધિથી મુક્ત થઇને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, એમાં સંદેહ નથી. વળી ત્યાં જ માતૃતીર્થમાં ભક્તિપૂર્વક સ્નાન કરવાથી હંમેશાં પ્રજાની વૃદ્ધિ થાય છે અને અપાર લક્ષ્મી મળે છે.

ત્યાંથી પછી નિયમ સહિત તથા નિયમિત આહાર રાખીને સીતાવનમાં જવું.[૪૩–૪૪] ત્યાં જે તીર્થ છે તે મહા મોટું અને દુર્લભ છે. તેનાં દર્શનલાભથી જ એકવીશ પેઢીનો ઉદ્ધાર થઈ જાય છે.[૪૫] ત્યાં એક તીર્થમાં જ ક્ષૌર (હજામત) કરાવવાથી માણસ પાપથી મુક્ત થાય છે, વળી ત્યાં જ બીજું વિશ્વલોમાપહ નામે મહાતીર્થ છે.[૪૬] ત્યાં તીર્થપરાયણ ઘણા જ્ઞાની અને વિદ્વાન્ બ્રાહ્મણો રહે છે. હે વિપ્રો ! ત્રિલોકમાં વિખ્યાત તે તીર્થમાં ઉત્તમ બ્રાહ્મણો પ્રાણાયામદ્વારા પોતાના લોમ–પાતકોને દૂર કરે છે અને પવિત્ર થઇને પરમગતિને પામે છે.[૪૭–૪૮] વળી ત્યાં જ દશાશ્વમેધક નામે પ્રખ્યાત તીર્થ છે. ત્યાં ભક્તિયુક્ત સ્નાન કરવાથી તેના નામ પ્રમાણે જ (દશ અશ્વમેધનું) ફળ મળે છે.[૪૯] ત્યાંથી વળી શ્રદ્ધાવાન્ થઇને લોકવિખ્યાત માનુષતીર્થમાં જવું. તેનાં દર્શનથી સર્વ પાપથી મુક્ત થવાય છે.[૫૦] પૂર્વે શિકારીઓના બાણોથી ઘવાયલા હરિણોએ આ સરોવરમાં સ્નાન કર્યું હતું, જેથી તેઓ મનુષ્યપણાને પામ્યા હતા.[૫૧] તે મનુષ્ય થયેલા હરિણોને તે શિકારીઓ પૂછવા લાગ્યા કે, "હે ઋષિઓ ! અમારા બાણથી ઘવાયલાં તે હરિણો કયાં ગયાં ?[૫૨] શું આ સરોવરમાં પડીને ડૂબી ગયાં કે શું ? તે અમને કહો." એ સાંભળીને તેમણે કહ્યું કે, તે હરણો તે અમો જ આ ઋષિઓ છીએ.[૫૩] માટે તમે પણ શ્રદ્ધાવાન્ થઇને તથા મત્સરનો ત્યાગ કરીને આ તીર્થમાં સ્નાન કરો.[૫૪] એથી સર્વ પાપથી મુક્ત થશો, એમાં સંદેહ નથી. પછી તે સર્વે તેમાં સ્નાન કરીને દિવ્ય દેહ થઇને સ્વર્ગમાં ગયા.[૫૫] હે દ્વિજોત્તમો ! આ માનુષતીર્થનું માહાત્મ્ય, જે શ્રદ્ધાપૂર્વક સાંભળે, તે પરમ ગતિને પામે છે.[૫૬]

एतत्तीर्थस्य माहात्म्यं मानुषस्य द्विजोत्तमाः ॥
ये शृण्वंति श्रद्धानास्तेऽपि यान्ति परां गतिम् ॥ ५६ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો પાંત્રીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૬ મો.
જૂદાં જૂદાં તીર્થનું માહાત્મ્ય.

लोमहर्षण उवाच—मानुषस्य तु पूर्वेण कोशमात्रे द्विजोत्तमाः ।
आपगा नाम विख्याता नदी द्विजनिषेविता ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યા:—હે દ્વિજોત્તમો ! માનુષતીર્થની પૂર્વે એક કોશ દૂર બ્રાહ્મણોથી સેવાયલી આપગા નામે નદી છે.[૧] ત્યાં જઇને જે માણસ દૂધમાં રાંધેલા શ્યામાના ચોખાને ઘી સાથે મેળવીને બ્રાહ્મણોને આપે છે, તેનું પાપ નાશ પામે છે.[૨] વળી જે તે આપગા નદીપર જઇને શ્રાદ્ધ કરે છે, તેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે, તેમાં સંશય નથી.[૩] તેના પિતૃઓ અને પિતામહો સ્મરણ કર્યા કરે છે કે, અમારા કુળમાં કોઈ પુત્ર અથવા પૌત્ર ઉત્પન્ન થશે,[૪] કે જે આપગા નદીમાં જઇને તલવડે અમારું તર્પણ કરશે, જેનાથી સો પેઢી સુધી અમે તૃપ્ત થઇશું.[૫] ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષમાં વિશેષે કરીને ચતુર્દશીને દિવસે મધ્યાહ્નકાળે જે પિંડદાન કરશે, તે મુક્તિ પામશે.[૬]

હે વિપ્રેન્દ્રો ! ત્યાંથી પછી બ્રહ્માના ઉત્તમ સ્થાનમાં જવું. તે સર્વ લોકમાં બ્રહ્મોદુમ્બર નામે વિખ્યાત છે.[૭] ત્યાં બ્રહ્મર્ષિ કુંડમાં સ્નાન કરવાથી સપ્તર્ષિઓના પ્રસાદવડે સાત સોમયાગનું ફળ મળે છે.[૮] ભરદ્વાજ, ગૌતમ, જમદગ્નિ, કશ્યપ, વિશ્વામિત્ર, વસિષ્ઠ, ભગવાન્ અત્રિ મુનિ,[૯] એ બધાએ મળીને પૃથ્વી ઉપર દુર્લભ એવા આ કુંડની કલ્પના કરી છે. બ્રહ્માજી એની સેવા કરે છે, માટે એનું નામ બ્રહ્મોદુમ્બર પડ્યું છે.[૧૦] અવ્યક્ત જન્મ બ્રહ્માજીના તે તીર્થમાં સ્નાન કરવાથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે, એમાં કાંઈ વિચાર કરવાનો જ નથી.[૧૧] દેવો તથા પિતૃઓને ઉદ્દેશીને જે બ્રાહ્મણની પૂજા કરશે, તેને પિતૃઓ પૃથ્વી ઉપર દુર્લભ સુખ આપશે.[૧૨] સપ્ત ઋષિઓને ઉદ્દેશીને જે જૂદું જૂદું સ્નાન કરશે, તે ઋષિઓના પ્રસાદથી સાતલોકનો અધિપતિ થશે.[૧૩] વળી સર્વ પાતક નાશ કરનારું કપિલસ્થ નામે વિખ્યાત તીર્થ છે. ત્યાં વૃદ્ધકેદાર નામ ધારણ કરીને મહાદેવ પોતે રહે છે.[૧૪] ત્યાં સ્નાન કરવાથી અને દંડ ધારણ કરેલા એવા રુદ્રનું પૂજન કરવાથી અંતર્ધાન ગતિ મળે છે અને શિવલોક પ્રાપ્ત થાય છે.[૧૫] જે માણસ ત્યાં તર્પણ કરીને ત્રણ અંજલિ પાણી પીએ છે અને મહાદેવને નમસ્કાર કરે છે, તે કેદારનું ફળ પામે છે.[૧૬] જે મનુષ્ય શિવજીને ઉદ્દેશીને તે તીર્થમાં ચૈત્ર માસની શુક્લ પક્ષની ચતુર્દશીને દિવસે શ્રાદ્ધ કરે, તે પરમપદ પામે છે.[૧૭]

ત્યાંથી પછી કલસી તીર્થમાં જવું. જ્યાં નિદ્રા તથા ભદ્રા સ્વરૂપિણી સનાતન કાત્યાયની દુર્ગાદેવી વસે છે.[૧૮] એ કલસીતીર્થમાં સ્નાન કરીને તટપર રહેલી દુર્ગાદેવીનાં દર્શન કરવાથી માણસ આ સંસારદુર્ગ સહેલથી તરી જાય છે, એમાં સંશય નથી.[૧૯] ત્યાંથી પછી ત્રિલોકમાં દુર્લભ એવા સરકતીર્થમાં

જવું. ત્યાં કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે મહાદેવનાં દર્શન કરવાથી સર્વ કામનાઓ સિદ્ધ થાય છે અને શિવલોક મળે છે. હે દ્વિજવરો! એ સરકતીર્થમાં ત્રીસ કરોડ તીર્થો રહેલાં છે.૨૦-૨૧ વળી સરોવરની વચ્ચે જે કૂવો છે, તે કૂવામાં રુદ્રકોટિ તીર્થ છે. તે સરોવરમાં સ્નાન કરીને રુદ્રકોટિનું સ્મરણ કરવું.૨૨ અને રુદ્રકોટીની પૂજા કરવી. એથી રુદ્રોના પ્રસાદથી મનુષ્ય સર્વ દોષરહિત થાય છે.૨૩ પછી ઇંદ્રના વિમાનમાં બેસીને પરમપદ પામે છે. વળી તે સ્થળે જ સર્વ પાપનો નાશ કરનાર ઇડાસ્પદ તીર્થ છે.૨૪ તે તીર્થનાં દર્શન માત્રથી જ માણસ મુક્તિ પામે છે. ત્યાં સ્નાન કરીને પિતૃઓ તથા દેવની પુજા કરવી.૨૫ એથી કદાપિ દુર્ગતિ થતી નથી અને સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. ત્યાંથી પછી સર્વ પાપનો નાશ કરનાર કેદાર નામે મહાતીર્થ આવે છે.૨૬ ત્યાં સ્નાન કરવાથી માણસને સર્વ દાનનું ફળ મળે છે. વળી ત્યાં જ પૃથ્વી ઉપર દુર્લભ એવું કિરૂપ નામે મહાતીર્થ છે. ત્યાં સ્નાન કરવાથી સર્વ યજ્ઞનું ફળ મળે છે.૨૭ સરક તીર્થની પૂર્વે ત્રિલોકમાં વિખ્યાત મનોજ્ઞ નામે એક તીર્થ છે. તેનો જન્મ જગતમાં પ્રખ્યાત છે અને તે સર્વ પાપનો નાશ કરનારું છે.૨૮ નારસિંહ રૂપ ધારણ કરી મહા બળવાન્ દાનવને મારીને શ્રી વિષ્ણુ ભગવાન્ સિંહણ સાથે વિલાસ કરતા સિંહરૂપ ધરીને ત્યાં રહ્યા હતા.૨૯ તે જોઇને પછી સર્વે દેવો તથા ગાંધર્વો વરદાન આપનારા શિવજીની આરાધના કરીને કહેવા લાગ્યા કે, 'શ્રી વિષ્ણુ ભગવાન્ પોતાનું અસલ રૂપ ધારણ કરે તેમ કરો.'૩૦ પછી મહાદેવજીએ શરભનું રૂપ ધારણ કર્યું અને દિવ્ય હજાર વર્ષ સુધી વિષ્ણુ ભગવાન્ સાથે યુદ્ધ કર્યું.૩૧ તે બન્ને દેવો યુદ્ધ કરતા કરતા તે સરોવરમાં પડી ગયા.૩૨ તે સરોવરના કિનારા ઉપર દેવર્ષિ નારદ, પીપળાના વૃક્ષની નીચે ધ્યાનમાં નિમગ્ન થઇને રહેતા હતા. તેમણે સરોવરમાં પડેલા તે બે દેવોને જોયા.૩૩ તે સરોવરમાં પડવાથી શ્રી વિષ્ણુ ભગવાન્ ચતર્ભુજ સ્વરૂપ અને મહાદેવજી લિંગાકાર થઈ ગયા. એવી રીતે તેમને જોઇને નારદજી ભક્તિભાવથી તેમની સ્તુતિ કરવા લાગ્યા,૩૪ કલ્યાણ સ્વરૂપ મહાદેવને તથા સર્વના પ્રભુ વિષ્ણુ ભગવાનને નમસ્કાર છે. જગતની સ્થિતિ ધારણ કરનાર શ્રી હરિને તથા કાળ ધારણ કરનાર ઉમાપતિને નમસ્કાર છે.૩૫ બહુરૂપ શ્રી મહાદેવને તથા વિશ્વરૂપ શ્રી વિષ્ણુને નમસ્કાર છે. સિદ્ધસ્વરૂપ ત્ર્યંબકને તથા જ્ઞાનના હેતુ-રૂપ શ્રી કૃષ્ણને નમસ્કાર છે.૩૬ હું ધન્ય છું અને પુણ્યવાન્ છું કે, મને બંને પુરુષોત્તમોનાં દર્શન થયાં. આપ બંનેએ આ મારા આશ્રમને પવિત્ર અને નિર્મળ કર્યો.૩૭ આજથી આ સ્થાન ત્રૈલોકયમાં ધન્ય ગણાશે અને જન્મ નામથી વિખ્યાત થશે.૩૮ જે આ સ્થળે આવીને સ્નાન કરીને પિતૃઓનું તર્પણ કરશે, તે શ્રદ્ધાવાન્ પુરુષને ઇંદ્રના જેવું જ્ઞાન પ્રાપ્ત થશે.૩૯ આ પીપળાના વૃક્ષના મૂળમાં હું સર્વદા નિવાસ કરું છું. એ પિપળાને નમસ્કાર કરીને શિવ તથા કૃષ્ણને નમસ્કાર કરવા.૪૦ હે વિપ્રેન્દ્રો! તેના પછી ઉત્તમ નાગહ્રદમાં જવું. ત્યાં કમળ-

યુક્ત પાણીમાં સ્નાન કરવાથી યજ્ઞનું ફળ મળે છે.[૪૧] વિશેષે કરીને ચૈત્ર માસની શુક્લપક્ષની ચતુર્દશીને દિવસે સ્નાન, જપ તથા શ્રાદ્ધ કરવાથી મુક્તિમાર્ગ મળે છે.[૪૨] ત્યાંથી પછી દેવોએ જેને સેવેલું છે એવા ત્રિવિષ્ટપ તીર્થમાં જવું. ત્યાં પાપનો નાશ કરનારી પવિત્ર વૈતરણી નદી વહે છે.[૪૩] ત્યાં સ્નાન કરીને વૃષભધ્વજ એવા શૂલપાણીની પૂજા કરવાથી સર્વ પાપથી શુદ્ધ થઈને પરમ ગતિને પમાય છે.[૪૪] ત્યાંથી ઉત્તમ એવા સાવર્તન તીર્થમાં જવું. ત્યાં ભક્તિપૂર્વક સ્નાન કરવાથી અતિ ઉત્તમ સિદ્ધિ મળે છે.[૪૫] ચૈત્રમાસની શુક્લ પક્ષની ચતુર્દશીને દિવસે અલેપક તીર્થમાં સ્નાન કરવાથી તથા ત્યાં જ શિવ-પૂજન કરવાથી પાપનો એક લેશ પણ રહેતો નથી.[૪૬] ત્યાંથી પછી ઉત્તમ ફલકી વનમાં જવું. ત્યાં દેવો, ગંધર્વો, સાધ્યો, ઋષિઓ, હજાર દિવ્ય વર્ષ સુધી તપ કરે છે.[૪૭] દૃષદ્વતીમાં સ્નાન કરીને જે માણસ દેવતાનું તર્પણ કરે, તેને અગ્નિષ્ટોમ તથા અતિરાત્ર યજ્ઞનું ફળ મળે છે.[૪૮] સોમવતી અમાવાસ્યાને દિવસે જે માણસ શ્રાદ્ધ કરે, તેના પુણ્યનું ફળ સાંભળોઃ—[૪૯] 'જેમ ગયાજીમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓ હંમેશાં પ્રસન્ન થાય છે, તેમ આ ક્ષેત્રમાં શ્રાદ્ધ કરવાથી થાય છે.' માટે ફલકી વનનો આશ્રય કરીને શ્રાદ્ધ કરવું.[૫૦] જે માણસ ઉત્તમ ફલકી વનનું મનમાં સ્મરણ કરે, તેના પિતૃઓ તૃપ્ત થાય, એમાં સંશય નથી.[૫૧] ત્યાં પણ સર્વ દેવોવડે અલંકૃત થયેલું એક મહાન્ તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી માણસને એક હજાર ગૌદાનનું ફળ મળે છે.[૫૨] જે માણસ પાણિખાત તીર્થમાં સ્નાન કરીને પિતૃઓનું તર્પણ કરે, તેને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે તથા તે સાંખ્યયોગ પામે છે.[૫૩] ત્યાંથી પછી મિશ્રક નામે મહાતીર્થમાં જવું. ત્યાં મહાત્મા વ્યાસ મુનિએ મુનિશ્રેષ્ઠ દધીચિને માટે તમામ તીર્થો મિશ્ર કરેલાં છે. તેથી જે એ મિશ્રક તીર્થમાં સ્નાન કરે છે, તેણે સર્વ તીર્થોમાં સ્નાન કર્યું ગણાય છે.[૫૪—૫૫] ત્યાર પછી જિતેન્દ્રિય થઈને તથા મિતાહારી થઈને વ્યાસ વનમાં જવું. ત્યાં મનોજવ તીર્થમાં સ્નાન કરી શંકર ભગવાનનાં દર્શન કરવાં.[૫૬] એથી મનની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે, એમાં સંશય નથી. ત્યાંથી પછી પવિત્ર થઈને માણસે મધુવનમાં દેવીના તીર્થમાં જવું.[૫૭] ત્યાં જે સ્નાન કરીને પિતૃઓ તથા દેવોનું આરાધન કરે છે, તે દેવીના પ્રસાદથી ઇચ્છેલી સિદ્ધિ મેળવે છે.[૫૮] જે માણસ દૃષદ્વતી અને કૌશીકીના સંગમમાં સ્નાન કરે છે અને મિતાહારી રહે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે.[૫૯] ત્યાંથી પછી વ્યાસ-સ્થલીમાં જવું. જ્યાં બુદ્ધિમાન્ વ્યાસે પુત્રશોકથી દેહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો.[૬૦] પછી દેવતાઓએ તેમનું સમાધાન કરીને તેમને ત્યાંથી ઉઠાડ્યા હતા. માટે જે કોઈ તે સ્થલીમાં જશે, તેને પુત્રશોક કદાપિ થશે નહિ.[૬૧] કિંદત્તરૂપ તીર્થમાં જઈને એક શેર તલનું દાન કરવાથી પરમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને મુક્તિ મળે છે.[૬૨] પછી અન્ન અને સુદિન નામનાં બે તીર્થો પૃથ્વી ઉપર દુર્લભ

છે. ત્યાં સ્નાન કરવાથી માણસ વિશુદ્ધ થઇને સૂર્યલોકમાં જાય છે.[૬૩] ત્યાંથી પછી ત્રણે લોકમાં વિખ્યાત કૃતપુણ્ય તીર્થમાં જવું. ત્યાં પવિત્ર થઇને ગંગાજીમાં સ્નાન કરવું.[૬૪] ત્યાં મહાદેવનું પૂજન કરવાથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. વળી ત્યાં જ કોટિતીર્થ છે. ત્યાં કોટીશ્વર પ્રભુનાં દર્શન કરવાં.[૬૫] ત્યાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવાથી કોટિ યજ્ઞનું ફળ મળે છે. ત્યાંથી પછી ત્રણે લોકમાં વિખ્યાત વામનક તીર્થમાં જવું.[૬૬] જ્યાં શ્રી વિષ્ણુ ભગવાને વામનરૂપ ધારણ કરીને બલિરાજા પાસેથી રાજ્ય લઇ લઇને ઇંદ્રને આપ્યું હતું.[૬૭] ત્યાં વિષ્ણુપદમાં સ્નાન કરીને વામનજીની પૂજા કરવી, એથી સર્વ પાપથી શુદ્ધ થઇને વિષ્ણુલોકમાં જવાય છે.[૬૮] વળી ત્યાં જ સર્વ પાપોને નાશ કરનાર જ્યેષ્ઠાશ્રમ તીર્થ છે. તેનાં દર્શન કરવાથી મુક્તિ મળે છે, એમાં સંશય નથી.[૬૯] જે માણસ જ્યેષ્ઠ માસના શુકલપક્ષની એકાદશીને દિવસે ઉપવાસ કરીને દ્વાદશીને દિવસે એ તીર્થમાં સ્નાન કરે, તે મનુષ્યોમાં જ્યેષ્ઠ (મોટો) થાય છે.[૭૦] ત્યાં શ્રી વિષ્ણુ ભગવાને, દીક્ષા તથા પ્રતિષ્ઠાયુકત વિષ્ણુ ભગવાનની પ્રીતિમાં તત્પર એવા બ્રાહ્મણોને સ્થાપિત કરેલા છે.[૭૧] તેમને શ્રદ્ધાપૂર્વક આપેલા વિવિધ પ્રકારનાં દાન, જ્યાં સુધી મન્વંતર રહે ત્યાં સુધી અક્ષય રહે છે.[૭૨] ત્યાં જ ત્રણે લોકમાં વિખ્યાત એવું કોટિતીર્થ છે. તે તીર્થમાં સ્નાન કરવાથી માણસને કોટિયજ્ઞનું ફળ મળે છે.[૭૩] તે તીર્થમાં કોટીશ્વર મહાદેવનાં દર્શન કરે તો મહાદેવના પ્રસાદથી ગણપતિપણાને પામે છે.[૭૪] વળી ત્યાં જ મહાત્મા સૂર્યભગવાનનું મહાતીર્થ છે, તેમાં ભક્તિપૂર્વક સ્નાન કરવાથી સૂર્યલોકમાં જવાય છે.[૭૫] હે વિપ્રેન્દ્રો ! ત્યાંથી પછી કુલોત્તારણક નામના તીર્થમાં જવું. એ તીર્થ સર્વ પાપને નાશ કરનારું છે અને શ્રીવિષ્ણુ ભગવાને પૂર્વે એ તીર્થની સ્થાપના કરી હતી.[૭૬] સર્વ વર્ણ તથા સર્વ આશ્રમોના ઉદ્ધારને માટે જ એ નિર્મળ તીર્થ બનાવ્યું છે. એનાં દર્શન કરવાથી પરમપદ મળે છે.[૭૭] બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી જે એ તીર્થમાં સ્નાન કરે તે એકવીશ કુળને તારે છે.[૭૮] બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર જે એ તીર્થમાં ભકિતપૂર્વક સ્નાન કરે, તે પરમ પદ પામે છે.[૭૯] જે માણસ દૂર હોય છતાં જો શ્રી વામન ભગવાન સહિત કુરુક્ષેત્રનું માત્ર સ્મરણ જ કરે તો તે મુક્તિ પામે છે, તો પછી જે ત્યાં વસતો જ હોય તેનું તો શું ?[૮૦]

दूरस्थोऽपि स्मरेद्यस्तु कुरुक्षेत्रं सवामनम् ।
सोऽपि मुक्तिमवाप्नोति किं पुनस्तु वसन्नरः ॥ ८० ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે છત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૭ મો.

સરસ્વતી નદીનું આખ્યાન.

लोमहर्षण उवाच—पवनस्य ह्रदे स्नात्वा दृष्ट्वा देवं महेश्वरम् ।
विमुक्तः सर्वकलुषैः शैवं पदमवाप्नुयात् ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યા;—પવનના હ્રદમાં સ્નાન કરી મહાદેવજીનાં દર્શન કરવાથી સર્વ દોષોથી મુક્ત થઇને શૈવપદ પામે છે.[૧] વાયુદેવ પુત્રશોકથી એ હ્રદમાં લીન થઇ ગયા હતા ત્યારે બ્રહ્મા વગેરે સર્વ દેવોએ તેમની સ્તુતિ કરી હતી.[૨] પછી શ્રી શૂલપાણિ શંકર ભગવાનના હનુમત્સ્થાનમાં જવું. જ્યાં દેવો તથા ગંધર્વોએ શ્રી હનુમાનને પ્રકટ કર્યા હતા.[૩] તે તીર્થમાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે. ત્યાંથી પછી તીર્થ સેવી બ્રાહ્મણે કુલોત્તારણ તીર્થમાં જવું.[૪] ત્યાં જવાથી માતામહ તથા પિતામહનાં સર્વ કુલોને તારી શકાય છે. પછી શાલિહોત્ર રાજર્ષિનું ત્રૈલોક્યમાં પ્રખ્યાત તીર્થ આવે છે.[૫] ત્યાં સ્નાન કરવાથી દેહના સર્વ દોષોથી મુક્ત થવાય છે. પછી સરસ્વતીનાં શ્રી કુંજ નામનું તીર્થ ત્રૈલોક્યમાં વિખ્યાત છે.[૬] ત્યાં ભક્તિપૂર્વક સ્નાન કરવાથી માણસને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે. ત્યાંથી પછી માણસે પવિત્ર થઇને નૈમિષકુંજ નામના તીર્થમાં જવું.[૭] ત્યાં સ્નાન કરવાથી નૈમિષારણ્યમાં સ્નાન કરવાનું ફળ મળે છે. ત્યાં વેદવતીએ સેવન કરેલું મહાવિખ્યાત તીર્થ છે.[૮] હે દ્વિજવરો! ત્યાં રાવણે વેદવતીના કેશ ખેંચ્યા હતા, તેથી તેણે શોકથી આકુલ થઇને રાવણના વધને માટે પોતાના પ્રાણ ત્યજી દીધા હતા.[૯] પછી જનક રાજાને ઘેર તેનો જન્મ થયો હતો. તે સીતા નામે રામની પતિવ્રતા પત્ની થઇને વિખ્યાત થઈ.[૧૦] તેને રાવણ પોતે જ પોતાના વિનાશને માટે હરી ગયો. પછી રામે રાવણને મારીને વિભીષણને રાજ્ય આપ્યું.[૧૧] પછી પોતાની કીર્તિરૂપ સીતાને રામે પોતાને ઘેર આણી હતી, તેથી તેના તીર્થમાં સ્નાન કરવાથી માણસને કન્યા યજ્ઞનું ફળ મળે છે[૧૨] અને સર્વ પાપથી મુક્ત થઇને પરમપદ પામે છે. ત્યાંથી પછી બ્રહ્માના સુમહત્ ઉત્તમ સ્થાનમાં જવું.[૧૩] જ્યાં બ્રાહ્મણ શિવાય બીજો વર્ણ સ્નાન કરે તો બ્રાહ્મણપણાને પામે છે અને બ્રાહ્મણ સ્નાન કરે તો તે વિશુદ્ધાત્મા થઇને પરમપદ પામે છે.[૧૪] ત્યાંથી ત્રૈલોક્યમાં દુર્લભ એવા સોમતીર્થમાં જવું. જ્યાં તપશ્ચર્યા કરીને ચંદ્રમાએ દ્વિજરાજ્ય પ્રાપ્ત કર્યું હતું.[૧૫] ત્યાં સ્નાન કરીને પોતાના પિતૃઓ અને દેવતાઓનું પૂજન જે કરે છે તે, કાર્તિકીને દિવસે શ્રી વામનજીનું પૂજન કરવાથી જેમ સ્વર્ગ મળે છે તેમ, મુક્ત થઇને સ્વર્ગ પામે છે.[૧૬] વળી ત્રૈલોક્યમાં દુર્લભ એવું સપ્ત સારસ્વત તીર્થ છે. જ્યાં સાત સરસ્વતીઓ એકઠી થઇને વહે છે.[૧૭] સુપ્રભા, કાંચનાક્ષી, વિમલા, માનસહ્રદા, સરસ્વત્તોયા, સુવર્ણા, વિમલોદકા, એ સાત સરસ્વતીઓ છે.[૧૮] એક વખત પિતામહ બ્રહ્માજી પુષ્કરરાજમાં યજ્ઞ કરતા હતા. તે વખતે બધા ઋષિઓ કહેવા લાગ્યા કે, આ તમારો યજ્ઞ મહાફલ આપનાર નહિ થાય.[૧૯]

કારણ કે અહીં નદીઓમાં ઉત્તમ એવી સરસ્વતી નદી વહેતી નથી. આ સાંભળી બ્રહ્માજીએ પ્રસન્ન થઇને સરસ્વતીનું સ્મરણ કર્યું.[૨૦] યજ્ઞ કરતા પિતામહ બ્રહ્માજીએ પુષ્કરમાં બોલાવેલી તે સરસ્વતી દેવી સુપ્રભા નામે વિખ્યાત થઈ.[૨૧] ઘણા વેગથી વહેતી તે સરસ્વતીને જોઇને ઋષિઓ બહુ પ્રસન્ન થયા અને પિતામહ બ્રહ્માજીને માન આપીને તે આવેલી હોવાથી તેને બહુ માન આપવા લાગ્યા.[૨૨] એ પ્રમાણે પુષ્કરમાં રહેલી શ્રેષ્ઠ નદી સરસ્વતીને મહાત્મા માર્કંડ મુનિ કુરુક્ષેત્રમાં લાવ્યા.[૨૩] તપ જેમનું ધન છે એવા શૌનક વગેરે ઋષિઓ નૈમિષારણ્યમાં રહીને પુરાણ મુનિ મહાત્મા લોમહર્ષણજીને પૂછવા લાગ્યા;[૨૪] "હે મુને! સારા માર્ગમાં વર્તતાં અમારા યજ્ઞનું ફળ શી રીતે મળે.' પછી મહાભાગ લોમહર્ષણ તે મુનિઓને પ્રણામ કરીને બોલ્યા;[૨૫] 'જ્યાં સરસ્વતી રહે છે, ત્યાં જ યજ્ઞનું મહા ફળ મળે છે.' એ પ્રમાણે સાંભળીને નાના પ્રકારના સ્વાધ્યાયને જાણનારા મુનિઓ સર્વે એકઠા થઇને પછી સરસ્વતીનું સ્મરણ કરવા લાગ્યા. યજ્ઞ કરનારા ઋષિઓએ ધ્યાન કરવાથી તે સરસ્વતી દેવી તે મહાત્માઓના યજ્ઞમાં પાણી ભરી કાઢવાને ત્યાં આવી. એ રીતે નૈમિષારણ્યમાં આવવાથી તેનું નામ કાંચનાક્ષિ પડયું. ત્યાંથી પછી મહૌજસ મંકણઋષિ, પુણ્યતોયા સરસ્વતીને કુરુક્ષેત્રમાં લઈ આવ્યા. ત્યાંથી પછી ગયાજીમાં ગયરાજા મહાયજ્ઞ કરતા હતા, તે ગયરાજાના યજ્ઞમાં તે ઉત્તમ નદી સરસ્વતીને લાવવામાં આવી. ત્યાં ઉત્તમ વ્રતધારી ઋષિઓએ તેનું વિશાલા નામ પાડ્યું.[૨૬-૩૦] મહાત્મા મંકણ ઋષિએ ફરી પાછી એ નદીને કુરુક્ષેત્રમાં બોલાવી, એટલે તે મહાનદી ત્યાં આવી[૩૧] ઉત્તરકોશલને વિષે દેવો અને ઋષિઓએ સેવેલા પુણ્યભાગમાં ઉદ્દાલક મુનિએ સરસ્વતીનું ધ્યાન કર્યું.[૩૨] એટલે એ શ્રેષ્ઠ નદી તે મુનિના કારણને માટે તે દેશમાં આવી. ત્યાં વલ્કલ અને મૃગચર્મ ધારણ કરનારા મુનિગણોએ તેનું પૂજન કર્યું.[૩૩] કેદારમાં એ સરસ્વતી મનોહરા નામથી પ્રખ્યાત થઈ. તે ઋષિઓ અને સિદ્ધોથી સેવાયલી સર્વ પાપનો નાશ કરનારી છે.[૩૪] તે જ મુનિએ પરમેશ્વરનું આરાધન કરીને ઋષિઓના ઉપકારને માટે તેને કુરુક્ષેત્રમાં આણી હતી.[૩૫] દક્ષ પ્રજાપતિએ ગંગાદ્વારને વિષે યજ્ઞ કર્યો હતો ત્યારે વિમલ જળવાળી ભગવતી સરસ્વતીને દક્ષે ત્યાં પ્રકટ કરી હતી.[૩૬] પછી મહાત્મા મંકણ ઋષિએ, કુરુ રાજાએ કુરુક્ષેત્રમાં યજ્ઞ કર્યો ત્યારે તે સરસ્વતીને ત્યાં બોલાવી, એટલે તે ત્યાં આવી.[૩૭] પછી બુદ્ધિમાન્ માર્કંડેય ઋષિએ તે પુણ્યજલા સરસ્વતીને સરોવરમાં આણીને મેળવી. જ્યાં મહાભાગ મંકણક ઋષિએ તેની સ્તુતિ કરી અને પછી સિદ્ધિ પ્રાપ્ત કરીને તે સપ્ત સારસ્વત ક્ષેત્રમાં આવીને રહ્યા.[૩૮]

अभिप्लूय महाभागः पुण्यतोयां सरस्वतीम् ।
यत्र मंकणकः सिद्धः सप्तसारस्वते स्थितः ॥ ३८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' ને વિષે
આડત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૮ મો.

મંકણુક ઋષિનું નૃત્ય.

ऋषय ऊचुः—कथं मंकणकः सिद्धः कस्माज्जातो महानृषिः ।
नृत्यमानस्तु देवेन किमर्थं स निवारितः ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—મહાઋષિ મંકણુક શી રીતે સિદ્ધ થયા હતા અને તેમનો જન્મ કોનાથી થયો હતો? અને જ્યારે નૃત્ય કરતા હતા ત્યારે મહાદેવજીએ શા-માટે તેમને અટકાવ્યા?[૧] લોમહર્ષણ બોલ્યાઃ—હે દ્વિજો! એ મંકણુક મુનિનો જન્મ કસ્યપ મુનિના માનસ પુત્ર તરીકે થયો હતો. તે વલ્કલ લઇને સ્નાન કરવા ગયા.[૨] ત્યાં રંભા વગેરે સુંદર રૂપવાળી અપ્સરાઓ આવી. તે મનોહર આકારવાળી આનંદિત અપ્સરાઓ પણ ત્યાં વસ્ત્રોનો ત્યાગ કરીને સ્નાન કરવા લાગી.[૩] તેમને જોઈ મંકણુક ઋષિનું મન વ્યગ્ર થયું, તેથી તેમનું રેત પાણીમાં પડ્યું. તે રેતને એક વ્યાધે કલશમાં લઈ લીધું.[૪] કલશમાં પડેલા તે રેતના સાત ભાગ થયા. તેના સાત ઋષિઓ ઉત્પન્ન થયા, જેમને મરુદ્ગણ કહે છે.[૫] વાયુવેગ, વાયુબલ, વાયુહા, વાયુમંડળ, વાયુજ્વાળ, વાયુરેતા અને વાયુચક્ર, એ સાત મરુદ્ગણનાં નામ છે.[૬] મંકણુક ઋષિના એ સાત પુત્રો ચરાચર આખા જગતને ધારણ કરે છે. એમ સાંભળ્યું છે કે, પૂર્વે મંકણુક ઋષિએ કુશાગ્રવડે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.[૭] હે વિપ્રો! તે કુશાગ્ર હાથમાં વાગવાથી ક્ષત થયો. તે ક્ષતમાંથી શાકરસ નિકળવા લાગ્યો. આ શાકરસને જોઇને હર્ષમાં આવી જઇને પોતે નૃત્ય કરવા લાગ્યા.[૮] તેમને જોઇને તમામ સ્થાવર જંગમ નૃત્ય કરવા લાગ્યું. એ પ્રમાણે આખા જગતને તેમના તેજથી મોહ પામીને નાચતું જોઇને બ્રહ્માદિ સર્વ દેવો તથા તપના ભંડાર જેવા ઋષિઓ મહાદેવજી પાસે જઇને વિનતિ કરવા લાગ્યા;[૯-૧૦] 'હે દેવ! આ મંકણુક ઋષિ હવે નૃત્ય બંધ કરે એમ તમે કરો.' તે ઉપરથી મહાદેવ હર્ષમાં આવી ગયેલા મંકણુક ઋષિ પાસે ગયા.[૧૧] અને દેવતાઓના હિતને માટે તેમને કહેવા લાગ્યા કે, 'હે મુનિસત્તમ! તમને આટલો બધો હર્ષ શાથી થયો છે? હે દ્વિજવર્ય! તપસ્વીએ તો ધર્મ માર્ગમાં જ રહેવું જોઇએ.'[૧૨]

ઋષિ કહે છેઃ—હે બ્રહ્મન્! મારા હાથમાંથી શાકરસ ઝરે છે, તે શું તમે નથી જોતા? એને જોઇને જ હું મહાહર્ષમાં આવી જઇને નૃત્ય કરું છું.[૧૩] ત્યારે મહાદેવજીએ હસીને રાગ મોહિત થયેલા તે મુનિને કહ્યું; 'હે વિપ્ર! મારા તરફ જુઓ. હું એ જોઇને વિસ્મય પામતો નથી.'[૧૪] તે મુનિશ્રેષ્ઠને એ પ્રમાણે કહીને દેવના દેવ મહા પ્રકાશમાન મહાદેવજીએ પોતાની આંગળીથી પોતાના અંગુઠાને ઠોકયો.[૧૫] એટલે તેમાંથી બરફના જેવી સફેત ભસ્મ નિકળવા માંડી. તે જોઇને તે ઋષિ લાજ્જિત થઇને પગમાં પડ્યા અને કહેવા લાગ્યા;[૧૬] 'મહાત્મા શૂલપાણિ દેવથી બીજા કોઈ દેવને હું અધિક માનતો નથી. હે ત્રિશૂલ ધારણ કરનાર! આ ચરાચર જગતના તમે જ ગુરુ છો.[૧૭] હે નિષ્પાપ! તમારે આશ્રયે

જ બ્રહ્મા વગેરે સર્વ દેવો છે. તમે જ દેવોના સર્વ પ્રકારના મહાન્ કર્ત્તા કારયિતા છો.[૧૮] તમારી કૃપાવડે જ બધા દેવો નિર્ભય થઇને આનંદમાં રહે છે. હે સુર અસુરના અધિપતિ! મારું તપ ક્ષય ન પામો.'[૧૯] લોમહર્ષણ બોલ્યાઃ—એ પ્રમાણે મહાદેવજીની સ્તુતિ કરીને ઋષિએ પ્રણામ કર્યાં, એટલે મહાદેવજી પ્રસન્ન થઇ ઋષિને કહેવા લાગ્યા.[૨૦] મહાદેવ કહે છેઃ—હે વિપ્ર! મારા પ્રસાદથી તારું તપ હજારગણું વધો. હું આ આશ્રમમાં તારી સાથે સદા વસીશ.[૨૧] જે માણસ સપ્ત સારસ્વતમાં સ્નાન કરીને મારું પૂજન કરશે, તેને આ લોકમાં તથા પરલોકમાં કંઈ પણ દુર્લભ નથી.[૨૨] તે સારસ્વત લોકમાં જશે, એમાં સંશય નથી અને શિવના પ્રસાદથી પરમ પદ પામશે.[૨૩]

सारस्वतं च ते लोकं गमिष्यन्ति न संशयः ॥
शिवस्य च प्रसादेन प्राप्नोति परमं पदम् ॥ २३ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' ને વિષે
આડત્રીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩૯ મો.

ઔશનસ તથા પૃથૂદકનું માહાત્મ્ય.

लोमहर्षण उवाच—ततश्चौशनसं तीर्थं गच्छेत्तु श्रद्धयान्वितः ।
उशना यत्र संसिद्धो ग्रहत्वं समवाप्तवान् ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યા;—ત્યાંથી પછી શ્રદ્ધાપૂર્વક ઔશનસ તીર્થમા જવું. ત્યાં જ શુક્રાચાર્ય સિદ્ધ થઇને ગ્રહત્વ પામીને રહેલા છે.[૧] તે પવિત્ર કુરુક્ષેત્રમાં આખા જન્મનાં પાતકો છૂટી જાય છે અને પરબ્રહ્મને પ્રાપ્ત થઈ પછી સંસારમાં આવવું પડતું નથી.[૨] રહોદર નામના મુનિ વિશાલ મસ્તકથી ગ્રસ્ત થઇને ત્યાં તીર્થના માહાત્મ્યના દર્શનથી જ મુક્ત થયા હતા.[૩] ઋષિઓ પૂછે છેઃ—રહોદર મુનિ શી રીતે ગ્રસ્ત થયા હતા અને શી રીતે પાછા મુક્ત થયા? અમે એ તીર્થના માહાત્મ્યને સાંભળવા ઇચ્છીએ છીએ.[૪] લોમહર્ષણ બોલ્યા;—હે દ્વિજશ્રેષ્ઠ! પૂર્વે શ્રીરામચંદ્રજીએ દંડકારણ્યમાં નિવાસ કરીને રાક્ષસોનો સંહાર કર્યો હતો.[૫] ત્યાં એક દુરાત્મા રાક્ષસનું મસ્તક તીક્ષ્ણ ધારવાળી તલવારવડે કાપી નાખ્યું. તે મહાવનમાં પડ્યું.[૬] તે રહોદરની ડોકમાં આવીને લાગ્યું. એ વખતે રહોદર વનમાં ફરતા હતા, તેથી તેમનું હાડકું ભેદીને અંદર પેસી ગયું.' તે લાગવાથી તે પછી ફરવાને અશક્ત થઈ પડ્યા. પછી તે મહા બુદ્ધિમાન્ ઋષિ જૂદાં જૂદાં દેવાલયો તથા તીર્થોમાં જવા લાગ્યા.[૮] એમ લોહીથી નિગળતા અને વેદનાથી પીડા પામતા તે મહા મુનિ પૃથ્વી ઉપર જે જે તીર્થો હશે, તે સર્વ તીર્થોમાં ગયા.[૯] પછી તેમણે ભવિષ્ય જાણનારા સર્વ ઋષિઓને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે,

'હે વિપ્ર! તમે ઔશનસ તીર્થમાં જાઓ.'[૧૦] તેમનાં તે વચન સાંભળીને પછી રહોદર મુનિ ઔશનસ તીર્થમાં ગયા અને તેના જળનો સ્પર્શ કર્યો.[૧૧] હે દ્વિજ! એ પાણીનો સ્પર્શ કરતાંની સાથે જ તે મસ્તક તેમને ગળેથી છૂટીને પાણીમાં પડ્યું. એટલે પછી તે દુ:ખમુક્ત, દોષરહિત અને પવિત્ર થઇને પ્રસન્ન થતા પોતાના આશ્રમમાં આવ્યા અને સર્વને તે બધી વાત કહી. સર્વ ઋષિઓ તે તીર્થનું ઉત્તમ માહાત્મ્ય સાંભળીને ત્યાં ગયા અને તેનું કપાલમોચન નામ પાડ્યું. ત્યાં જ વિશ્વામિત્રનું પણ વિખ્યાત મહા તીર્થ છે.[૧૨-૧૪]

એ તીર્થમાં મહા મુનિ વિશ્વામિત્ર બ્રાહ્મણપણાને પામ્યા હતા. એમાં સ્નાન કરવાથી હંમેશનું બ્રાહ્મણપણું પ્રાપ્ત થાય છે.[૧૫] અને જે બ્રાહ્મણ હોય છે, તે પરમપદ પામે છે. ત્યાંથી પછી પૃથૂદક તીર્થમાં મિતાહારી અને ઇંદ્રિયનિગ્રહવાળા થઇને જવું.[૧૬] એ તીર્થમાં ઋષ્ટગુ મુનિ સિદ્ધ થયા હતા. એ મુનિ પૂર્વ જન્મના જ્ઞાનવાળા હતા અને ગંગાને કિનારે હંમેશાં રહેતા હતા.[૧૭] તેમણે પોતાનો અંતકાળ પાસે આવેલો જોઇને પોતાના પુત્રોને પાસે બોલાવી સર્વ તીર્થોના ગુણોનું સ્મરણ કરીને તેમને કહ્યું;[૧૮] 'સરસ્વતીને ઉત્તર કાંઠે પૃથૂદક તીર્થમાં જળમાં નિમગ્ન થઇને જે પોતાના દેહનો ત્યાગ કરે, તો તેને ફરીથી મૃત્યુ થતું નથી.[૧૯] વળી ત્યાં જ બ્રહ્મયોનિ તીર્થ છે. પૂર્વે બ્રહ્માજી પૃથૂદક તીર્થનો આશ્રય કરીને સરસ્વતીને કિનારે ત્યાં રહ્યા હતા.[૨૦] અને ચાતુર્વર્ણ્યની સૃષ્ટિનિમિત્ત આત્મજ્ઞાન પરાયણ થયા હતા. સૃષ્ટિનો વિચાર કરતા અવ્યક્તજન્મા બ્રહ્માજીનાં મુખમાંથી બ્રાહ્મણો, બે બાહુમાંથી ક્ષત્રિયો, જંઘાઓમાંથી વૈશ્યો અને પગોમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા.[૨૧-૨૨] એ પ્રમાણે ચાતુર્વર્ણ્યને જોઇને પછી આશ્રમો સ્થાપિત કર્યા. એવી રીતે એ બ્રહ્મયોનિ તીર્થ પ્રતિષ્ઠા પામેલું છે.[૨૩] મુક્તિની ઇચ્છાવાળો જો ત્યાં સ્નાન કરે તો ફરી યોનિમાં આવે નહિ. વળી ત્યાં જ અવકીર્ણ નામે તીર્થ વિખ્યાત છે.[૨૪] એ તીર્થમાં પૂર્વે બક અને દાલ્ભ્ય નામના ઋષિઓએ રાજાના અપમાનથી ગુસ્સે થઇને બ્રાહ્મણોની સાથે મળી યજ્ઞ કરી તેમાં રાજ્યનો હોમ કરવા માંડ્યો હતો. તે પછી રાજાને ખબર પડી હતી.[૨૫] ઋષિઓ બોલ્યાઃ—અવકીર્ણ નામનું તીર્થ શી રીતે સ્થાપિત થયું? અને ધૃતરાષ્ટ્ર રાજાએ બ્રાહ્મણોને શા માટે અપ્રસન્ન કર્યા હતા?[૨૬] લોમહર્ષણ બોલ્યાઃ—નૈમિષારણ્યના ઋષિઓ દક્ષિણાને માટે ગયા હતા. તેમાં બક અને દાલ્ભ્ય ઋષિઓએ ધૃતરાષ્ટ્રની યાચના કરી હતી.[૨૭] ધૃતરાષ્ટ્રે તેમની નિંદા કરી તે તેમણે મનમાં રાખી. પછી ક્રોધ કરીને પોતાના માંસના કાપીને કકડા કર્યા.[૨૮] પછી અવકીર્ણ નામથી પૃથૂદક તીર્થમાં ધૃતરાષ્ટ્રના રાજ્યનો હોમ કરવા માંડ્યો.[૨૯] ચાલુ થએલા યજ્ઞકર્મમાં હોમ કરવાથી રાજ્યનો, રાજાના દુષ્કર્મથી નાશ થવા લાગ્યો.[૩૦] રાજાએ વિચાર્યું કે, આ બધું બ્રાહ્મણોનું કર્તવ્ય છે, એટલે પછી તે પુરોહિતની સાથે તમામ રત્નો લઇને બ્રાહ્મણોને પ્રસન્ન કરવાને માટે અવકીર્ણમાં આવ્યો અને તેણે બક તથા દાલ્ભ્યને પ્રસન્ન કર્યા. પછી પ્રસન્ન

થઇને તેઓ રાજાને કહેવા લાગ્યા;[૩૧-૩૨] 'ડાહ્યા માણુસે કદી બ્રાહ્મણોનું અપમાન કરવું નહિ. કેમકે અપમાન પામેલો બ્રાહ્મણ ત્રણે કુળનો નાશ કરે છે.'[૩૩] રાજાને એ પ્રમાણે કહીને યજ્ઞમાં ઘી અને દૂધનો હોમ કરીને યજ્ઞમાં રાજાનાં માણુસો મરી ગયાં હતાં, તેમને ફરી જીવતાં કરીને ઉઠાડ્યાં.[૩૪] એ તીર્થમાં જિતેન્દ્રિય થઇને જે શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે, તે મનમાં ઇચ્છેલું દિવ્ય ફળ પામે છે.[૩૫] વળી ત્યાં જ યયાતિ રાજાના નામથી વિખ્યાત યાયાત તીર્થ છે, જ્યાં આગળ યયાતિ રાજાએ યજ્ઞ કર્યો હતો ત્યારે મધની નદી વહી હતી.[૩૬] ત્યાં ભક્તિથી સ્નાન કરે તો સર્વ પાપથી મુક્ત થાય છે અને અશ્વમેધ યજ્ઞનું ફળ પામે છે.[૩૭] હે દ્વિજો! વળી ત્યાં જ મધુસ્રવ નામે ઘણું પવિત્ર તીર્થ છે, તેમાં ભક્તિપૂર્વક સ્નાન કરીને મધથી પિતૃઓનું તર્પણ કરવું.[૩૮] વળી ત્યાં જ વસિષ્ઠોદ્વાહ નામે મહા તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી વાસિષ્ઠ લોકની પ્રાપ્તિ થાય છે.[૩૯]

तत्रापि सुमहत्तीर्थं वासिष्ठोद्वाहसंज्ञितम् ॥
तत्र स्नातो भक्तियुतो वासिष्ठं लोकमाप्नुयात् ॥ ३९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે ઓગણચાલીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૦ મો.

વસિષ્ઠ તથા વિશ્વામિત્રની સ્પર્ધા.

ऋषय ऊचुः—वसिष्ठस्यापवाहोऽसौ महावेगो बभूव ह ॥
किमर्थं सा सरिच्छ्रेष्ठा तमृषिं प્રत्यवाहयत् ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—વસિષ્ઠનો અપવાહ (વહેવું) બહુ વેગથી થયો હતો. પછી એ ઉત્તમ નદી સરસ્વતીને શા માટે પાછી ઉલટી વહેવડાવી?[૧] લોમહર્ષણ બોલ્યા;— રાજર્ષિ વિશ્વામિત્ર અને મહાત્મા વસિષ્ઠજીને તપની સ્પર્ધાને લીધે ભારે વૈર થયું હતું.[૨] વસિષ્ઠનો આશ્રમ સ્થાણુ તીર્થમાં હતો, અને તેની પશ્ચિમ દિશાએ બુદ્ધિમાન્ વિશ્વામિત્રનો આશ્રમ હતો.[૩] જ્યાં ભગવાન્ સ્થાણુ (મહાદેવજી) એ યજ્ઞ કરીને અને સરસ્વતીનું પૂજન કરીને સરસ્વતીની લિંગાકારથી સ્થાપના કરી હતી.[૪] ત્યાં વસિષ્ઠજી ઘોર તપશ્ચર્યા કરતા હતા. તેમના તે તપથી વિશ્વામિત્ર હીન થઈ ગયા.[૫] તેથી તેમણે સરસ્વતીને બોલાવી કહ્યું કે, 'મુનિશ્રેષ્ઠ વસિષ્ઠને તું પોતાના વેગથી ખેંચીને અહીં લઈ આવ.'[૬] અહીં આવેલા એ મુનિશ્રેષ્ઠને પછી હું નિઃસંશય મારી નાંખીશ. આ વચન સાંભળીને તે નદી ખરેખર બહુ વ્યથિત થઈ.[૭] એ પ્રમાણે દુઃખિત થએલી ધ્રુજતી તે નદીને જોઇને વિશ્વામિત્રે કોપથી તેને કહ્યું કે, 'વસિષ્ઠને જલદી લાવ.'[૮] ત્યાંથી પછી તે ઉત્તમ નદી મુનિશ્રેષ્ઠ વસિષ્ઠ પાસે ગઈ

અને રડતી રડતી વિશ્વામિત્રની વાત કહેવા લાગી.[૯] તપથી કૃશ થઈ ગયેલી અને મહાશોકથી વિવર્ણ થઈ ગયેલી તે શ્રેષ્ઠ નદીને વસિષ્ઠજીએ કહ્યું કે, 'મને વિશ્વામિત્ર પાસે વહીને લઈ જા.'[૧૦]

તે કૃપાશીલ ઋષિનાં એવાં વચન સાંભળીને તે નદી પાણીના પ્રવાહથી તે સ્થાનમાં ઉભરાઈ ગઈ.[૧૧] પાણીની ઉપર વહેતા વસિષ્ઠ મુનિ નદીની બં ભેખડોનો નાશ થતો જોઇને તે સરસ્વતી દેવીની સ્તુતિ કરવા લાગ્યા;[૧૨] ' સરસ્વતિ! પિતામહ બ્રહ્માજીના સરોવરમાં તું હવે પાછી ફર. તારા ઉત્ત જળથી જ આખું જગત્ વ્યાપ્ત થએલું છે.[૧૩] હે દેવિ! તું ઇચ્છામુજબ ગમન કરનારી છે. મેઘને વિષે તું જ પાણી ઉત્પન્ન કરે છે. સર્વ જળ તારામ જ આવી સમાય છે અને તારાથી જ અમે વધ્યા જઇએ છીએ.[૧૪] પુષ્ટિ, ધૃતિ તપ, કીર્ત્તિ, સિદ્ધિ, કાંતિ, ક્ષમા, સ્વધા, સ્વાહા, વાણી અને આખું જગત્ તારે આધીન છે.[૧૫] તું જ સર્વ ભૂત માત્રમાં વાણીરૂપે રહેલી છે.' એ પ્રમાણે ભગવત સરસ્વતીની વસિષ્ઠજીએ સ્તુતિ કરી.[૧૬] સરસ્વતી સુખથી વિશ્વામિત્ર પાસે વસિષ્ઠ વહી લાવી અને પછી વિશ્વામિત્રની પૂજા કરીને તેમની આગળ વસિષ્ઠને મૂકયા.[૧૭] સરસ્વતીએ આણેલા વસિષ્ઠને જોઇને મહાક્રોધ કરીને તેમને મારવા વિશ્વામિત્ર અસ્ત્ર શોધવા લાગ્યા.[૧૮] વિશ્વામિત્રને મહાક્રોધ પામેલા જોઇને બ્રહ્મહત્યાના ડરથ તે નદી, બંનેના કહેવા પ્રમાણે કરી, વિશ્વામિત્રને છેતરીને, ઉલટી વહી અ વસિષ્ઠને પોતાના જળમાં છૂપાવીને પાછા લઈ ગઈ.[૧૯] પછી વસિષ્ઠને પાછા વહી ગયેલા જોઇને ક્રોધથી રાતી આંખો કરીને મહા તપસ્વી વિશ્વામિત્રે સરસ્વતી શાપ આપ્યો;[૨૦] 'હે શ્રેષ્ઠ નદી! તું મને છેતરીને વસિષ્ઠને પાછા લઈ ગઈ જેથી હવે તું લોહીને વહેજે અને તારા કિનારા ઉપર રાક્ષસોનાં ગામ વસજો.'[૨૧] બુદ્ધિમાન્ વિશ્વામિત્રથી શાપ પામેલી સરસ્વતી પછી લોહી મિશ્રિત પાણી એક વરસ સુધી વહેવા લાગી.[૨૨] પછી ઋષિઓ, દેવો, ગંધર્વો અને અપ્સરાઓ એ પ્રમાણે વહેતી સરસ્વતીને જોઇને દુઃખી થયાં.[૨૩] તે ઉત્તમ રમણીય તીર્થમાં લોહી વહેવ લાગ્યું.[૨૪] તેથી ભૂતો, પિશાચો અને રાક્ષસો ત્યાં આવીને વસ્યા અને લોહી પીને સુખથી ત્યાં રહેવા લાગ્યા અને જેમ કોઇએ સ્વર્ગ જિત્યું હોય અને તે નાચે તથા હસે, તેમ નાચવા તથા હસવા લાગ્યા.[૨૬]

ત્યાર પછી કેટલેક કાળે સો યોજન દૂરથી તપ જેમનું ધન છે એવ કેટલાક ઋષિ તે સરસ્વતીને કિનારે આવ્યા.[૨૭] તેમણે તે સરસ્વતી નદીને ઘો રાક્ષસો પીતા હતા તે જોઇને, તેના રક્ષણને માટે ઘણો પ્રયત્ન કર્યો.[૨૮] તે સર્વે મહાવ્રતધારી ઋષિઓ શ્રેષ્ઠ સરસ્વતી પાસે આવીને આ પ્રમાણે બોલ્યા;[૨૯] 'હે ઉત્તમ નદી! શા કારણથી તું લોહી વહે છે? તને આ પ્રમાણે આકુલ (ગંદી) થયેલી જોઇને અમે પૂછીએ છીએ.'[૩૦] પછી સરસ્વતીએ વિશ્વામિત્રે કહેલું સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું. એટલે પછી પ્રસન્ન થએલા તે ઋષિઓએ

પવિત્ર જળના પ્રવાહવાળી દુષ્કૃતનાશિની અરુણા નદીને તેમાં લાવીને મેળવી. એટલે પછી સરસ્વતીનું પાણી સ્વચ્છ થયું. તે જોઇને રાક્ષસો ઘણા દુઃખી થયા.[૩૧-૩૨] પછી દૈત્યો તથા રાક્ષસોએ વારંવાર મુનિઓને કહ્યું કે, 'અમે સર્વે સર્વદા ભૂખ્યા અને ધર્મહીન જ છીએ, અમારો કદી નાશ નથી.[૩૩] આ કામ અમે ઇચ્છાથી કરતા નથી અથવા અમે પાપી નથી. પણ તમારી સૌની અપ્રસન્નતાથી તથા દુષ્ટકર્મોથી અમારો પક્ષ વધે છે અને અમે બ્રહ્મરાક્ષસો ઉત્પન્ન થયા છીએ.' એવી જ રીતે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કુકર્મોથી પણ રાક્ષસો થાય છે.[૩૪-૩૫] જે બ્રાહ્મણોનો દ્વેષ કરે છે તે રાક્ષસો થાય છે. તેમ જ જે આચાર્ય, માતા તથા પિતાનો દ્વેષ કરે છે અને વૃદ્ધોનું અપમાન કરે છે, તે, અહીં રાક્ષસ થાય છે. વળી દુરાચારી સ્ત્રીઓના યોનિદોષથી પણ રાક્ષસોની વૃદ્ધિ થાય છે.[૩૬-૩૭]

હે મુનિઓ! સર્વ લોકને તારવાને માટે આપ સમર્થ છો. તે રાક્ષસોનાં એવાં વચન સાંભળીને કૃપાશીલ થએલા તે ઋષિઓ દુઃખી થઇને પરસ્પર કહેવા લાગ્યા; 'લીંટ તથા કીડાવાળું, હલકા માણસોએ જમેલું, વાળ ભરેલું, ઉચ્છિષ્ટ અને અધો વાયુથી દૂષિત થયેલું, એટલી જાતનું અન્ન રાક્ષસોનો ભાગ થશે.[૩૮-૪૦] માટે વિદ્વાન્ માણસે જાણીને એટલી વસ્તુઓનો સદા ત્યાગ કરવો જોઇએ. જે માણસ જાણી જોઇને એવું અન્ન ભક્ષણ કરે, તેણે રાક્ષસોને જ જમાડ્યા એમ સમજવું.'[૪૧] તપરૂપી ધનવાળા તે ઋષિઓ એ તીર્થને શુદ્ધ કરીને તે રાક્ષસોના મોક્ષને માટે તે સ્થળે સંગમની યોજના કરી.[૪૨] લોકમાં વિખ્યાત અરુણા તથા સરસ્વતીના તે સંગમમાં જે ત્રણ રાત્રિ ઉપવાસ કરીને સ્નાન કરે, તે સર્વ પાપથી મુક્ત થાય છે.[૪૩] આ ઘોર કળિયુગમાં અધર્મ વૃદ્ધિ પામ્યો છે, તેવા સમયમાં જે અરુણા સંગમમાં સ્નાન કરશે, તેને મુક્તિ મળશે.[૪૪] પછી તે રાક્ષસોએ તેમાં સ્નાન કર્યું, એટલે તે સૌ પાપથી મુક્ત થઇને દિવ્યમાળા તથા વસ્ત્રો ધારણ કરી, સ્વર્ગની સ્ત્રીઓ સાથે વિહાર કરવા લાગ્યા.[૪૫]

ततस्ते राक्षसाः सर्वे स्नाताः पापविवर्जिताः ।
दिव्यमाल्यांबरधराः स्वर्गं स्त्रीभिः समन्विताः ॥ ४६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ચાળીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૧ મો.

કુરુ ક્ષેત્રાદિ તીર્થનો મહિમા.

लोमहर्षण उवाच—समुद्रा स्तत्र चत्वार ऋषिणा निर्मिता पुरा ॥
प्रत्येकं च नरः स्नातो गोसहस्रफलं लभेत् ॥ १ ॥

લોમહર્ષણ બોલ્યાઃ—પૂર્વે ઋષિઓએ ત્યાં ચાર સમુદ્રો નિર્માણ કર્યા છે. તેમાં સ્નાન કરવાથી હજાર ગૌદાનનું ફળ મળે છે.[૧] હે દ્વિજવરો! તે તીર્થમાં, દુષ્કર્મ કરનારો મનુષ્ય પણ તપ કરે, તો તેને સર્વ પરિપૂર્ણ થઈ જાય છે.[૨] હે બ્રાહ્મણો! ત્યાં જ શતસાહસ્રક તથા શતિક તીર્થ છે. તે બંનેમાં સ્નાન કરવાથી હજાર ગૌદાનનું ફળ મળે છે.[૩] વળી ત્યાં જ સરસ્વતીને કિનારે સોમતીર્થ છે. તેમાં સ્નાન કરવાથી પુરુષને રાજસૂય યજ્ઞનું ફળ મળે છે.[૪] જિતેંદ્રિય થઈને તથા શ્રદ્ધા રાખીને રેણુકાષ્ટક તીર્થમાં જવાવડે માતૃભક્તિથી જેટલું પુણ્ય થાય તેટલુ પુણ્ય લાગે છે.[૫] વળી બ્રાહ્મણોથી સેવા કરાયલા ઋણમોચન તીર્થમાં તથા કુમારાભિષેક* તીર્થમાં જવું. એ બંને તીર્થો ઉત્તમ અને પ્રખ્યાત છે.[૬] એ તીર્થોમાં સ્નાન કરવાથી માણસ યશ પ્રાપ્ત કરીને કૌમારપુર (કાર્ત્તિક સ્વામીના લોક) માં જાય છે.[૭] ત્યાં ચૈત્રમાસની શુકલપક્ષની છઠને દિવસે જે શ્રાદ્ધ કરે, તેને ગયા શ્રાદ્ધના જેટલું પુણ્ય મળે છે.[૮]

પહેલાં વાયુએ કહ્યું હતું કે, સંનિહત્યા તીર્થમાં શ્રાદ્ધ કરવાથી જે ફળ મળે છે, તેટલું અહીં કરવાથી મળે છે, માટે સર્વ પ્રયત્નથી અહીં શ્રાદ્ધ કરવું.[૯] જે માણસ શ્રદ્ધાપૂર્વક ચૈત્રમાસની છઠને દિવસે શ્રાદ્ધ કરે, તેણે પિતૃઓને તર્પણ કરેલું જળ અક્ષય થાય છે.[૧૦]

વળી ત્યાં પંચવટ નામે તીર્થ ત્રૈલોકયમાં વિખ્યાત છે. જ્યાં યોગમૂર્ત્તિ ધારણ કરીને મહાદેવ જાતે રહેલા છે.[૧૧] ત્યાં સ્નાન કરી મહાદેવની પૂજા કરવાથી ગણપણાને પામી, મનુષ્ય દેવતાઓ સાથે આનંદ કરેછે.[૧૨] વળી ત્યાં પ્રખ્યાત કુરુક્ષેત્ર છે. જ્યાં ક્ષેત્ર ખેડવાને માટે કુરુ રાજાએ ઘોર તપશ્ચર્યા કરી હતી.[૧૩] તેના ઘોર તપથી પ્રસન્ન થઇને ઇંદ્રે કહ્યું હતું કે, 'હે રાજર્ષિ! સુવ્રત! તારા તપથી હું પ્રસન્ન થયો છું.[૧૪] કુરુક્ષેત્રમાં શતક્રતુ યજ્ઞ કરશે, તે સારા કર્મવાળા પાપરહિત લોકમાં જશે'.[૧૫] એ પ્રમાણે કહીને હસીને પછી ઇંદ્ર સ્વર્ગમાં ચાલ્યા ગયા. વારંવાર આવી આવીને એ પ્રમાણે કહી, રાજાને હસીને જતી વખતે અનેક વાર રાજાને પૂછી ખેદ રહિત ચિત્ત-વડે ઇંદ્ર જતો હતો. પછી જ્યારે કુરુ રાજાની ઉગ્ર તપશ્ચર્યાથી ઇંદ્રને સંતાપ થવા લાગ્યો, ત્યારે તેણે પ્રસન્ન થઇને રાજાને કહ્યું કે, તારા મનમાં શું ઇચ્છા છે તે બોલ.[૧૬–૧૭] કુરુએ કહ્યું; 'જે માણસો શ્રદ્ધાપૂર્વક આ સ્થાનમાં વસે છે, તેઓ

* આ તીર્થમાં દેવોએ કાર્ત્તિકસ્વામીનો સેનાપતિ તરીકે અભિષેક કર્યો હતો, તેથી એનું એ નામ પડયું છે.

પરમાત્મા બ્રહ્માના ધામને પામે છે.[૧૮] જેમણે બીજે ઠેકાણે પાપો કર્યાં હોય અને જેઓ પંચપાતકથી* દૂષિત હોય, તેઓ પણ આ તીર્થમાં સ્નાન કરવાથી મુક્ત થઈને પરમ ગતિને પામે છે.[૧૯] પુણ્યતમ કુરુક્ષેત્રમાં કુરુક્ષેત્ર તીર્થ છે.† તેનાં દર્શન કરવાથી, હે વિપ્રો! પાપ મુક્ત થઇને પરમપદની પ્રાપ્તિ થાય છે.[૨૦] કુરુક્ષેત્રમાં સ્નાન કરવાથી સર્વ પાપથી મુક્ત થવાય છે અને કુરુ રાજાની એવી આજ્ઞા છે કે, તેને પરમપદ મળે છે.[૨૧] ત્યાંથી પછી ત્રૈલોક્યમાં વિખ્યાત અનરક તીર્થમાં જવું, જ્યાં પૂર્વમાં બ્રહ્માજી અને દક્ષિણમાં મહાદેવજી રહેલા છે.[૨૨] પશ્ચિમ દિશાએ પાર્વતીજી છે તથા ઉત્તર તરફ પદ્મનાભ ભગવાન્ બિરાજે છે. તે બધાની વચમાં ત્રિલોકમાં પણ દુર્લભ એવું અનરક તીર્થ છે.[૨૩] તેમાં સ્નાન કરવાથી માણસ પાપમુક્ત થાય છે.

વળી વૈશાખ માસની શુકલપક્ષની આઠમને મંગળવાર હોય ત્યારે ત્યાં સ્નાન કરવાથી સર્વ પાપથી મુક્ત થવાય છે. વળી ત્યાં સવા મહોર સોનાનું દાન કરવું. તેમ માલપુડા વગેરે ખાવાના પદાર્થથી ભરેલા કલશનું દાન કરવું. એથી દેવતાઓ પ્રસન્ન થાય છે. માટે પ્રથમ રત્ન અને સુવર્ણનું દાન કરવું.[૨૪-૨૬] અને ત્યાર પછી સર્વ પાપોનો નાશ કરનારા બે કલશોનું દાન કરવું. આ વિધિથી જે સ્નાન કરે, તે સર્વ દોષોથી મુક્ત થઈને પરમપદ પામે છે. બીજા કોઈપણ માસમાં મંગળવાર અને છઠ હોય, ત્યારે પણ ત્યાં જે પુણ્યદાન કરવામાં આવે છે, તેથી મુક્તિ મળે છે. હે વિપ્રો! બધા તીર્થોમાં શ્રેષ્ઠ એવા એ તીર્થમાં સ્નાન કરવાથી સર્વ દેવતાઓની કૃપાથી પરમપદ પમાય છે. ત્યાંથી પછી સર્વ પાતકનો નાશ કરનાર એવા કામ્યકવનમાં જવું.[૨૭-૩૦] તેમાં પ્રવેશ કરવાથી જ સર્વ દોષોથી મુક્ત થવાય છે. એ વનનો આશ્રય કરીને સૂર્ય ભગવાન્ પ્રકટપણે જ ત્યાં રહે છે.[૩૧] હે બ્રાહ્મણો! તે સૂર્યનું નામ પૂષા છે. તેમનાં દર્શન કરવાથી જ મુક્તિ મળે છે. રવિવારને દિવસે ત્યાં સ્નાન કરવાથી માણસનું મન શુદ્ધ થાય છે અને તેને ઇચ્છિત વસ્તુ મળે છે.[૩૨]

आदित्यस्य दिने प्राप्ते तस्मिन्स्नातस्तु मानवः ॥
विशुद्धमानसोऽभ्येति मनसा चिंतितं फलम् ॥ ३२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' વિશે એકતાલીશમો અધ્યાય સમાપ્ત.

---

* બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુની સ્ત્રી સાથે ગમન અને એ પાપો કરનારાની સાથે સંસર્ગ, એ પાંચ મહાપાતક કહેવાય છે. † કુરુરાજાએ પૃથ્વીના જે ભાગનું કર્ષણ કર્યું હતું, તેટલા ભાગને કુરુક્ષેત્ર કહેવામાં આવે છે.

અધ્યાય ૪૨ મો.
કુંજ તીર્થનું માહાત્મ્ય.

ऋषय ऊचुः—काम्यकास्य तु पूर्वेण कुंजं देवैर्निषेवितम् ॥
तस्य तीर्थस्य संभूतिं विस्तरेण ब्रवीतु नः ॥ १ ॥

ઋષિઓ પૂછે છેઃ—કામ્યકવનથી પૂર્વ દિશાએ દેવતાઓવડે સેવાયલું એવું કુંજ નામનું તીર્થ છે. આ તીર્થની વિભૂતિ વિસ્તારથી અમને કહો.[૧] લોમહર્પણ બોલ્યા;—હે ઋષિઓ! આ ઉત્તમ તીર્થનું માહાત્મ્ય હું કહું છું, તે સાંભળો. ઋષિઓનાં ચરિત્ર સાંભળવાથી માણસ સર્વ પાપોથી મુક્ત થાય છે.[૨] નૈમિષારણ્યથી કુરુક્ષેત્રમાં આવેલા ઋષિઓમાં જેઓને સરસ્વતીમાં સ્નાન કરવાનું મળ્યું નહિ, તેમણે યજ્ઞોપવીતી નામના તીર્થની કલ્પના કરી. તેમાં પણ જેમનો પ્રવેશ થઇ શકયો નહિ, તેમણે રંતુકના આશ્રમ જેટલું વિસ્તારવાળું જે ચક્રતીર્થ છે ત્યાં નિવાસ કર્યો. તે તીર્થને બ્રાહ્મણોથી પરિપૂર્ણ જોઈને દેવી સરસ્વતી નદી સર્વ બ્રાહ્મણોના માટે કુંડો રચીને તમામ પ્રાણી માત્રનું શ્રેય કરતી પશ્ચિમ માર્ગમાં વહેવા લાગી.[૩–૬] તેના પૂર્વ પ્રવાહમાં જે સ્નાન કરે છે તેને ગંગાસ્નાનનું ફળ મળે છે. એના દક્ષિણ પ્રવાહમાં નદીઓમાં શ્રેષ્ઠ એવી નર્મદા નદી રહેલી છે.[૭] પશ્ચિમ દિશામાં યમુના નદી રહેલી છે અને જ્યારે એ ઉત્તર તરફ વહે છે, ત્યારે તે સિંધુરૂપ ધારણ કરે છે.[૮] એ પ્રમાણે જૂદી જૂદી દિશાના પ્રવાહથી એ સરસ્વતી નદી ઘણી પુણ્યકારક છે. તેમાં સ્નાન કરવાથી સર્વ તીર્થોમાં સ્નાન કરવાનું ફળ મળે છે.[૯] ત્યાંથી પછી હે દ્વિજશ્રેષ્ઠો! મહાત્મા મદનના તીર્થમાં જવું. એ તીર્થ વિહારના નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે.[૧૦] ત્યાં દેવો શિવજીનાં દર્શનની ઇચ્છાથી આવ્યા હતા; પરંતુ તેમણે દેવી સહિત મહાદેવને દીઠા નહિ.[૧૧] પછી તેઓએ ગણનાયક એવા નંદીની સ્તુતિ કરવા માંડી, ત્યારે નંદીશ્વરે પ્રસન્ન થઇને મહાદેવજીના વિહારની વાત તેમને કહી.[૧૨] મહાદેવજી ઉમિયાજી સાથે વિહાર કરે છે, એવી વાત સાંભળીને દેવો પોતપોતાની સ્ત્રીઓને બોલાવી લાવ્યા અને ત્યાં વિહાર કરવા લાગ્યા.[૧૩] તેમના ક્રીડાવિનોદથી પ્રસન્ન થઇને શંકર ભગવાન્ બોલ્યા કે, 'જે કોઈ આ વિહાર તીર્થમાં શ્રદ્ધાથી સ્નાન કરશે, તેને ધનધાન્ય અને જે જે પ્રિય વસ્તુ હશે તે સર્વ મળશે એમાં સંશય નથી.'

ત્યાંથી પછી દુર્ગાથી સેવાયલા મોટા દુર્ગતીર્થમાં જવું.[૧૪–૧૫] ત્યાં સ્નાન કરવાથી અને પિતૃઓનું પૂજન કરવાથી દુર્ગતિ મળતી નથી. વળી ત્યાં જ ત્રિલોકમાં વિખ્યાત સરસ્વતીનો કિનારો છે.[૧૬] તેનાં દર્શન કરવાથી જ મુક્તિ મળે છે અને સર્વ પાપ નાશ પામે છે. જે અહીં શ્રદ્ધાપૂર્વક પિતૃઓ તથા દેવોનું તર્પણ કરે છે, તે અક્ષય ફળ પામે છે. માટે એ પિતૃતીર્થ (ગયા) થી પણ ચડે છે. માતાની હત્યા કરનાર, પિતાની હત્યા કરનાર, બ્રહ્મહત્યા કરનાર અને ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર પણ આ સ્થાનમાં સ્નાન કરવાથી શુદ્ધ થઈ જાય છે. આ સ્થળે સરસ્વતી નદી

પૂર્વ દિશા તરફ વહે છે અને તે દેવમાર્ગની સ્થાપના કરીને દેવમાર્ગમાંથી જ નીકળ્યાં છે.[૧૭–૧૯] પૂર્વ દિશામાં વહેનારી પવિત્ર સરસ્વતી, દુષ્કર્મ કરનારાઓને પણ ત્રણ રાત્રિ નિવાસ કરવાથી દુષ્કર્મોથી મુક્ત કરે છે. નરનારાયણ દેવ, બ્રહ્મા, શિવ અને ઇંદ્ર વગેરે સર્વે દેવો એ પ્રાચી (પૂર્વ દિશામાં વહેનારી) સરસ્વતીને નિત્ય સેવે છે. જે માણસો ત્યાં શ્રાદ્ધ કરે છે, તેઓને આ લોકમાં તથા પરલોકમાં કંઈ દુર્લભ નથી. એટલામાટે પ્રાચી સરસ્વતીને નિત્ય સેવવી અને પંચમીને દિવસે તો વિશેષે કરીને સેવવી.[૨૦–૨૩] પંચમીને દિવસે પ્રાચીનું સેવન કરવાથી માણસ લક્ષ્મીવાન્ થાય છે. વળી ત્યાં જ ત્રિલોકમાં દુર્લભ એવું ઔશનસ્ તીર્થ છે.[૨૪] ત્યાં શુક્રાચાર્યે પરમેશ્વરનું આરાધન કરીને સિદ્ધિ મેળવી હતી. એ તીર્થની સેવા કરવાથી તેમણે ગ્રહોમાં શ્રેષ્ઠતા મેળવી હતી. એ પ્રમાણે શુક્રાચાર્યે સેવેલા એ ઉત્તમ તીર્થની શ્રદ્ધાપૂર્વક સેવા કરવાથી પરમગતિ પ્રાપ્ત થાય છે.[૨૫–૨૬] જે ભક્તિપૂર્વક આ તીર્થમાં સ્નાન કરે, તેના પિતૃઓ ઉદ્ધાર પામે, એમાં સંશય નથી.[૨૭] ચાર મુખવાળું બ્રહ્મતીર્થ મર્યાદાપૂર્વક ત્યાં રહેલું છે; તેને ચતુર્દશીને દિવસે જે અપવાસ કરીને સેવે અને ત્યાં વાસો રહે, તેમ જ ચૈત્રમાસની કૃષ્ણપક્ષની અષ્ટમીને દિવસે જે ત્યાં વાસો કરે, તે પરમસૂક્ષ્મ (અવ્યક્ત સ્વરૂપ પરમાત્મા)નાં દર્શન પામે છે અને પછી તે જન્મ મરણના ફેરામાં આવતો નથી.[૨૮–૨૯] ત્યાંથી પછી મહાદેવનાં હજાર લિંગોથી શોભાયમાન સ્થાણુ તીર્થમાં જવું. ત્યાં સ્થાણુ વડનાં દર્શન કરવાથી સર્વ પાપોથી મુક્ત થવાય છે.[૩૦]

स्थाणुतीर्थं ततो गच्छेत्सहस्रलिंगशोभितम् ॥
तत्र स्थाणुवटं दृष्ट्वा मुक्तो भवति किल्बिषै ॥ ३० ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' વિશે બેતાલીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૩ મો.

સ્થાણુ તીર્થનું માહાત્મ્ય.

ऋषयः ऊचुः— स्थाणुतीर्थस्य माहात्म्यं वटस्यापि महामुने ॥
सन्निहत्याः पुरोत्पत्तिं पूरणं पांशुना ततः ॥ १ ॥

ઋષિઓ કહે છેઃ—હે મહામુને! સ્થાણુ તીર્થ અને વડનું માહાત્મ્ય તથા સંનિહતી સરોવરની પૂર્વ ઉત્પત્તિ અને પછી પાછું ધૂળથી તેનું ભરાઈ જવું, તે સર્વ અમને કહો.[૧] લિંગોનું દર્શન કરવાથી શું પુણ્ય થાય છે તથા તેમનો સ્પર્શ કરવાથી શું ફળ મળે છે તે, તથા સરોવરનું માહાત્મ્ય એ સૌ અમને સંપૂર્ણ કહો.[૨]

લોમહર્ષણ બોલ્યાઃ—હે ભૂદેવો! એ સંબંધી મોટું વામનપુરાણ કહું છું તે સાંભળો. જે સાંભળવાથી વામન ભગવાનના પ્રસાદથી મુક્તિ મળે છે.[૭] એક

વખત બ્રહ્મપુત્ર વાલખિલ્ય વગેરે મહાત્માઓ સાથે સનત્કુમાર સ્થાણુવડ પાસે બેઠા હતા.[૪] ત્યાં માર્કંડેય મુનિએ આવીને વિનયથી તેમને સરોવરનુ માહાત્મ્ય તથા પ્રમાણ પૂછ્યું.[૫] માર્કંડેય ઋષિ બોલ્યાઃ—સર્વ શાસ્ત્રમાં વિશારદ એવા હે મહાભાગ બ્રહ્મપુત્ર! સર્વ પાપને નાશ કરનાર એવા આ સરોવરનું માહાત્મ્ય મને કહો.[૬] હે દ્વિજશ્રેષ્ઠ! કયાં કયાં તીર્થદર્શન કરવા યોગ્ય છે, અને કયાં કયાં ગુપ્ત છે? તથા સ્થાણુની સમીપમાં કયાં કયાં પુણ્યકારક લિંગ છે?[૭] જેઓનાં દર્શન કરવાથી માણુસ મુક્તિ પામે છે. વળી વડના દર્શનથી જે પુણ્ય થાય છે તે તથા તેની ઉત્પત્તિ મને કહો.[૮] તેની પ્રદક્ષિણાથી જે પુણ્ય થાય તે તથા જે દશ્ય અને ગુપ્ત તીર્થો છે તે તીર્થમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે તે કહો.[૯] દેવના દેવ શ્રી મહાદેવજી જે પ્રકારે સરોવરમાં રહ્યા છે તે તથા પછીથી ઇંદ્રે એ તીર્થને ધૂળથી શામાટે ભરી નાખ્યું તે સર્વ મને કહો.[૧૦] સ્થાણુ તીર્થનું માહાત્મ્ય તથા ચક્ર તીર્થનું ફળ અને સૂર્યતીર્થનું અને ચંદ્રતીર્થનું માહાત્મ્ય મને કહો.[૧૧] શંકર તથા વિષ્ણુનાં જે ગુપ્ત સ્થાનો હોય તે અને સરસ્વતીનાં ગુપ્ત સ્થાન હોય તે પણ, હે મહાભાગ! મને કહો.[૧૨] તમે દેવોનું પૂરેપૂરું માહાત્મ્ય જાણો છો. શ્રી બ્રહ્માજીના પ્રસાદથી તમને સર્વ વાતો જાણીતી છે.[૧૩]

લોમહર્ષણ બોલ્યાઃ—માર્કંડેયનાં એવાં વચન સાંભળીને બ્રહ્માના પુત્ર તે મહામુનિ ભક્તિપૂર્વક તે તીર્થ સાથે મન એકાકાર કરીને આળસ તજીને અને મહેશ્વરને નમસ્કાર કરીને પોતે બ્રહ્માપાસેથી જે સાંભળ્યું હતું, તે સર્વ કહ્યું.[૧૪–૧૫] સનત્કુમાર બોલ્યા,—શુભ વરદાન આપનાર એવા મહાદેવને નમસ્કાર કરીને બ્રહ્માજીએ જેમ કહેલી, તે પ્રમાણે તીર્થોની ઉત્પત્તિ કહું છું.[૧૬] પૂર્વે જ્યારે ભયંકર એકાર્ણવ હતો, અને તમામ સ્થાવર જંગમનો નાશ થયો હતો, ત્યારે પ્રજાઓના બીજરૂપ એક મોટું ઈંડું ઉત્પન્ન થયું.[૧૭] તે ઇંડામાં રહેલા બ્રહ્માએ શયન કર્યું. તે એક હજાર યુગ સૂધી તેમાં સુઈ રહ્યા અને પછી જાગ્યા.[૧૮] તે વખતે સત્વગુણ ધારણ કરીને તેમણે જોયું તો આખું જગત્ શૂન્ય માલમ પડ્યું. પછી રજોગુણથી મોહિત થઇને તેમણે સૃષ્ટિ રચવાની ઇચ્છા કરી.[૧૯] જગતને સરજવામાં રજોગુણ હોય છે, સ્થિતિમાં સત્વગુણ હોય છે, અને પ્રલય સમયે તમોગુણ પ્રવર્ત્તે છે.[૨૦] તથાપિ ભગવાન પોતે ગુણાતીત અને સર્વ વ્યાપક છે. તેનાવડે જ જીવ નામવાળું આ આખું જગત્ વ્યાપ્ત છે.[૨૧] તે જ બ્રહ્મા, તે જ વિષ્ણુ, તે જ સનાતન એવા મહાદેવ છે. જે તે મહાત્માને ઓળખે છે, તે સર્વને જાણે છે, એ નિશ્ચય છે.[૨૨] તે પરમાત્મા પુરુષ ગુણાતીત છે. તેને જે જાણે છે તે સર્વને જાણે છે અને મોક્ષ પામે છે.[૨૩] જેનું ચિત્ત એ અનંત તત્ત્વમાં વ્યવસ્થિત રહેલું છે, તેને બીજાં બધાં તીર્થ અને આશ્રમોની શી જરૂર છે?[૨૪] આત્મા રૂપી આ નદી છે, સંયમ એ તેનું પવિત્ર તીર્થ છે, સત્ય એ તેનું પાણી છે અને એ નદી શીલ શમ વગેરેથી ભરેલી છે. તેમાં સ્નાન કરવાથી પુણ્ય કરનારા માણસો પવિત્ર થાય છે. પણ એકલા પાણીથી

અંતરાત્મા શુદ્ધ થતો નથી.[૨૫] આત્મજ્ઞાન રૂપી સુખમાં રહેવું, એ જ માણસનું મુખ્ય કર્મ છે. માટે સંતપુરુષો કહે છે કે તે જ જાણવું જોઈએ. એ પ્રાપ્ત કરવાથી માણસની સર્વ કામનાઓ પછી જતી રહે છે.[૨૬] એકતા, સત્યતા, સમતા, શીલ, સ્થિતિ, દંડવિધાન, આર્જવ અને સર્વ ક્રિયાઓમાં નિવૃત્તિ, એથી વિશેષ બ્રાહ્મણોને બીજું કયું ધન છે?[૨૭] હે દ્વિજોત્તમ! મેં તમને સંક્ષેપમાં બ્રહ્મસ્વરૂપનું જે વર્ણન કર્યું છે, તે જાણવાથી તમે પરમબ્રહ્મને પામશો, એમાં સંશય નથી.[૨૮] પરમાત્મા બ્રહ્માની ઉત્પત્તિ હવે સાંભળો. એ બાબત નારાયણ પ્રતિ આ શ્લોક કહેવામાં આવેલો છે.[૨૯] જળને નારા કહે છે. કારણ કે તે નરરૂપ પરબ્રહ્મથી ઉત્પન્ન થયું છે. તેમાં શયન કરવાથી તે પરબ્રહ્મ નારાયણ કહેવાયા છે.[૩૦] તે વિશુદ્ધ જળમાં જગત્ અંતર્ગત થએલું છે, એમ જાણીને ભગવાને તે ઇંડાને ભાંગી નાંખ્યું; એટલે તેમાંથી ૐ શબ્દ થયો.[૩૧] પછી ભૂઃ શબ્દ થયો, ત્યારપછી ભુવઃ શબ્દ થયો અને ત્રીજો શબ્દ સ્વઃ એવો થયો. એ પ્રમાણે ભૂર્ભુવઃસ્વઃ એવી સંજ્ઞા થઈ.[૩૨] પછી તેમાં સવિતા (સૂર્ય ભગવાન)નું વરેણ્ય (પ્રાર્થના કરવા યોગ્ય) તેજ પ્રકટ થયું. તે તેજના એક અણભાગે નીકળીને પાણીને શોષી લીધું.[૩૩] તેમાં જે થોડુંક પાણી રહ્યું હશે તેનું કમળ બન્યું. તે કમળમાંથી પરપોટો થયો અને પછી તે કડણુ થઈ ગયો.[૩૪] તેનાથી ભૂત માત્રને ધારણ કરનારી પૃથ્વી થઈ. જે સ્થાનમાં એ ઈંડું રહેલું હતું તે જ સ્થાનપર આ સંનિહિત સરોવર છે.[૩૫] સૌથી આદિમાં (પ્રથમ) તેજ નીકળ્યું, તે કારણથી એ આદિત્ય કહેવાય છે. એ ઇંડામાં સર્વ લોકના પિતામહ બ્રહ્મા ઉત્પન્ન થયા.[૩૬] મેરુ તેમનું ગર્ભવેષ્ટન અને પર્વતો જરાયુ થયા અને હજારો નદીઓ તેમનું ગર્ભોદક (ગર્ભમાંનું પાણી) થઈ.[૩૭] બ્રહ્માજીના નાભિસ્થાનથી જે નિર્મળ મહાજળ નીકળ્યું, તે પવિત્ર ઉત્તમ જળથી આ મહાસરોવર ભરાયલું છે.[૩૮] તેની મધ્યમાં મહામનવાળો સ્થાણુરૂપી વડ છે. તેમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ઉત્પન્ન થયા.[૩૯] ત્યારપછી આ ત્રિવર્ણની સેવાને માટે શૂદ્રો ઉત્પન્ન થયા. તે પછી અવ્યક્તજન્મા બ્રહ્માજીએ સૃષ્ટિ રચી.[૪૦] તેમાં શુદ્ધિ સ્વરૂપ અને ઉર્ધ્વરેતા એવા વાલખિલ્ય વગેરે અઠ્યાશી હજાર ઋષિઓ બ્રહ્માના મનથી ઉત્પન્ન થયા.[૪૧] ત્યારપછી સૃષ્ટિ રચવાની ઈચ્છા કરતા અવ્યક્તજન્મા બ્રહ્માના મનથી બીજા સનકાદિક ચાર મહર્ષિઓ ઉત્પન્ન થયા.[૪૨] ત્યાર પછી વળી પ્રજાની કામના-વાળા બુદ્ધિમાન્ તે બ્રહ્માજીથી સાત ઋષિઓ ઉત્પન્ન થયા. તે પ્રજાપતિ થયા.[૪૩] તે પછી વળી રજોગુણથી મોહિત થયેલા બ્રહ્માજીથી તપ અને સ્વાધ્યાયમાં તત્પર એવા વાલખિલ્ય ઋષિઓ થયા.[૪૪] તેઓ હંમેશાં સ્નાન અને દેવપૂજામાં નિમગ્ન રહેતા હતા, અને ઉપવાસ તથા તીવ્ર વ્રતો કરીને તેમણે પોતાના શરીરને સૂકવી નાંખ્યું હતું.[૪૫] તેઓએ સમાધિ અને તાપથી કૃશ થઇ જઇને એક હજાર દિવ્ય વર્ષ સૂધી શંકર ભગવાનની આરાધના કરી, પણ તે પ્રસન્ન થયા નહિ.[૪૬]

ત્યારપછી કેટલેક કાળે મહાદેવજી પાર્વતી સાથે આકાશ માર્ગે જતા હતા, તે વખતે વાલખિલ્ય ઋષિઓને જોઇને પાર્વતી બહુ દુઃખી થયાં.[૪૭] દેવનાદેવ એવા શંકરને પ્રસન્ન કરીને શુભવ્રતવાળાં પાર્વતી બોલ્યાં કે, 'દેવદારુ વનમાં રહેલા આ ઋષિઓ બહુ ક્લેશ પામે છે.[૪૮] હે દેવ ! તેઓના ક્લેશને દૂર કરો, એટલી મારા ઉપર દયા કરો. હે દેવ! ધર્મનિષ્ઠ એવા એ ઋષિઓનું કયું એવું દુષ્કર્મ છે,[૪૯] કે જેથી સ્નાયુ અને હાડકાં શુષ્ક થઈ ગયા છતાં હજુ તેઓ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી.' દેવીનાં એ વચન સાંભળીને સુંદર ચંદ્ર કિરણોથી શોભાયમાન મસ્તકવાળા પતિતપાવન પિનાકી ભગવાન્ હસીને બોલ્યા.[૫૦]

મહાદેવજી કહે છેઃ—હે દેવિ! તું તત્ત્વપૂર્વક ધર્મની ગહન ગતિને જાણતી નથી. આ લોકો ધર્મને જાણતા નથી અને એમણે કામનાઓનો ત્યાગ કર્યો નથી.[૫૧] એ ક્રોધથી પણ મુક્ત થયા નથી અને કેવળ મૂઢબુદ્ધિના જ છે. એ સાંભળીને દેવી બોલ્યાં; 'એમ ન થાઓ.[૫૨] હે દેવ! આપ એમને તમારું દર્શન આપો. મને એની બહુ ઉત્કંઠા છે.' દેવીના કહેવાથી મહાદેવજી હસીને બોલ્યા;[૫૩] 'હે દેવિ ! આ મુનિઓ જ્યાં ઘોર તપ કરે છે ત્યાં તમે ઉભાં રહો, હું હમણાં જઇને આવું છું અને પછી એમની ચેષ્ટા દેખાડું છું.'[૫૪] પછી હર્ષ પામીને ભુવનેશ્વરી દેવી પાર્વતીએ મહાદેવજીને કહ્યું કે જાઓ.[૫૫] એટલે મહાદેવજી જ્યાં બધા મહાભાગ ઋષિઓ અગ્નિહોમ તથા વેદાધ્યયનમાં મગ્ન થઇને લાકડું અને માટીના ઢેફાની પેઠે જડ જેવા થઈ રહ્યા હતા,[૫૬] ત્યાં આવ્યા અને તેમને જોઇને પોતે નગ્નસ્વરૂપ સર્વાંગ સુંદર, વનમાળા ધારણ કરેલી એવા, જુવાન અને હાથમાં ભિક્ષાનું કપાલ (ખોપરી) ધારણ કરેલા એવા સ્વરૂપવાળા થઇને,[૫૭] 'ભિક્ષા આપો, ભિક્ષા આપો,' એમ કહી ભિક્ષા માગતા માગતા તે મુનિઓના આશ્રમોમાં ભટકવા લાગ્યા.[૫૮] તેમને આશ્રમમાં આવેલા જોઇને બ્રહ્મવાદી ઋષિઓની પત્નીઓ કૌતકવાળા સ્વભાવથી તેમના રૂપ ઉપર મોહિત થઈ ગઈ.[૫૯] તે ઋષિપત્નીઓ પરસ્પર એક બીજાને બોલાવીને કહેવા લાગી કે, 'આવો આવો, આ ભિખારીને જોઇએ' એમ કહી ઘરમાંથી ઘણી ઘણી જાતનાં ફળ મૂળ લાવીને તે ભિક્ષુક થયેલા મહાદેવજીને કહેવા લાગી કે ભિક્ષા લો. મહાદેવજી પણ ભિક્ષાનું પાત્ર આગળ ધરીને આદરથી ભિક્ષા લેવા લાગ્યા[૬૦–૬૧] અને કહેવા લાગ્યા કે, 'હે તપસ્વિનીઓ ! ભિક્ષા આપો. તમારું કલ્યાણ થશે.' એમ કહેતા કહેતા હસતા જતા હતા. પાર્વતીજી તેમનું આ ચરિત્ર જોયા કરતાં હતાં.[૬૨] ઋષિપત્નીઓ મહાદેવજીને ભિક્ષા આપીને કામાતુર થઇ પૂછવા લાગી કે, 'હે તાપસ! તમે આ કઈ જાતનું વ્રત ધારણ કર્યું છે?[૬૩] તમારું શરીર નગ્ન છે અને વળી વનમાળા ધારણ કરી છે. તમે બહુ મનોહર તાપસ દેખાઓ છો, માટે જો તમારા મનમાં આવે તો તે અમને કહો.'[૬૪] એ પ્રમાણે પૂછવાથી તે તાપસ રૂપધારી મહાદેવજીએ હસીને કહ્યું, 'આ મારા વ્રતનું રહસ્ય બહુ ઉંડું છે, તે પ્રકાશમાં કહી શકાય નહિ.

કેમકે અહીં તહીં ઘણા માણસો ફરે છે તે એ વ્રતનું રહસ્ય જાણી જાય માટે હે સુભગા! ચાલો બીજે કંઈ જઇએ.'[૬૫–૬૬]

એ પ્રમાણે કહેવાથી તે સ્ત્રીઓ તે તાપસ (મહાદેવ)ને કહેવા લાગી કે, 'હે મુને! ચાલો અમે આવીએ કેમકે અમને બહુ કૌતુક ઉત્પન્ન થયું છે.'[૬૭] એ પ્રમાણે કહીને તે સ્ત્રીઓએ તેમને કોમળ હાથવડે ઝાલ્યા. પછી કેટલીક કામાતુર થઇને તેમની કોટે વળગી પડી.[૬૮] કેટલીક ઘુંટણે બાઝી, કેટલીક માથાના વાળ ઝાલીને લટકી, કેટલીક કેડે વળગી અને કેટલીક પગે બાઝી પડી.[૬૯] આ પ્રમાણે પોતાના આશ્રમોમાં પોતાની સ્ત્રીઓમાં આવો ખળભળાટ જોઇને ઋષિઓ 'મારો મારો' કહીને લાકડાં તથા પથરા તે તાપસને મારવા લાગ્યા.[૭૦] પછી તેમણે તે તાપસ (મહાદેવ)ના ભયંકર ઉર્ધ્વ લિંગને મારીને જમીન ઉપર પાડી નાંખ્યું. એટલે લિંગ તૂટી પડ્યા પછી મહાદેવજી અંતર્ધાન થઈ ગયા.[૭૧] અને પછી પોતે દેવી પાર્વતી સાથે હસીને કૈલાસમાં ચાલ્યા ગયા. દેવના દેવ શ્રી મહાદેવજીનું લિંગ તૂટી પડવાથી આખા ચરાચર જગતમાં બહુ ક્ષોભ થયો. તે જોઇને તે ભાવિતાત્મા ઋષિઓ વ્યાકુલ થઈ ગયા.[૭૨–૭૩] પછી તેમાં એક બુદ્ધિમાન ઋષિ બોલ્યા કે, 'આપણે મહાત્મા તાપસનો સદ્ભાવ જાણ્યો નહિ.[૭૪] માટે ચાલો આપણે બ્રહ્માને શરણે જઇએ. તે આ બધી વાત જાણતા હશે.' એમ કહીને તે સર્વે જિતેંદ્રિય મુનિઓ બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બધા દેવો જેની સેવા કરી રહ્યા છે એવા બ્રહ્માને પગે લાગીને લજ્જાથી નીચું મુખ કરીને ઉભા રહ્યા.[૭૫–૭૬]

તેમને દુ:ખી થતા જોઈને બ્રહ્મા બોલ્યા; 'અરે મુગ્ધો! તમે બધા ક્રોધને લીધે જ દુ:ખી થયા છો.[૭૭] મૂઢ બુદ્ધિવાળા તમે જરા પણ ધર્મક્રિયા જાણતા નથી. હે ક્રૂર કર્મ કરનારાઓ! તમે ધર્મની સર્વ હકીકત સાંભળો.[૭૮] જે જાણીને ડાહ્યો માણસ તુરત ધર્મનું ફળ પામે છે. આ પોતાના દેહમાં જ જે આત્મા નિત્ય અને વિભુ રહેલો છે, તે અનાદિ અને મહાસ્થાણુ (નિર્વિકારી કૂટસ્થ) છે. દેહથી જૂદો જાણવાથી તેને ઓળખી શકાય છે. જેમ મણિ શરાણપર ઘસવાથી ઉજ્વલ થાય છે, તેમ આત્મા પણ મનવડે શુદ્ધ કરવાથી તન્મય (પોતાના સ્વરૂપમય) થાય છે અને મનવડે ભેદબુદ્ધિનો આશ્રય કરીને કર્મોથી ઢંકાઈ જાય છે.[૭૯–૮૧] તેથી કર્મને વશ થઇને જ તે સ્વર્ગના અથવા નરકના ભોગો ભોગવે છે. તેથી બુદ્ધિમાને જ્ઞાનયોગનો આરંભ કરીને મન શુદ્ધ કરવું જોઇએ.[૮૨] તે શુદ્ધ થવાથી આ અંતરાત્મા પોતાની મેળે જ શાંત શુદ્ધ થઈ જશે અને પછી શરીરના ક્લેશોથી દગ્ધ થશે નહિ.[૮૩] જેનું મન શુદ્ધ નથી, તે પાપકર્મોની ક્રિયા અટકાવવા જાય છે,[૮૪] પરંતુ તેનો દેહ ઉલટો મલિન થવાથી તે જલદી શુદ્ધ થતો નથી. તેથી લોકમાં આ માર્ગ (વેદ પ્રતિપાદિત માર્ગ) સત્પથનો પ્રવર્તક છે.[૮૫] કોઈ લોકાધ્યક્ષે આ વર્ણાશ્રમ વિભાગ સ્થાપિત કર્યો છે. એનાથી મોહનું માહાત્મ્ય પ્રબળ થતું નથી.[૮૬] પરંતુ તમે તો આશ્રમમાં રહ્યા છતાં ક્રોધ અને કામથી

પરાજિત થયા છો. આશ્રમ જ જ્ઞાનીઓનું અને યોગીઓનું ઘર છે.૯૭ સર્વ ઇચ્છાઓનો ત્યાગ કર્યો તે ક્યાં? સ્ત્રીઓને વિષે આ ભ્રમ તે ક્યાં ? અને આ ભયંકર ક્રોધ ક્યાં? જેનાથી તમે આત્માને જાણી શક્યા નહિ.૯૮ ક્રોધી માણસ જે કંઈ યજ્ઞ, દાન, તપ, હોમ વગેરે કરે છે, તેનું કંઈ પણ ફળ તેને મળતું નથી. આ લોકમાં ક્રોધી માણસનું સર્વ નિષ્ફળ જાય છે.'૯૯

यत्क्रोधनो यजति यच्च ददाति नित्यं यद्वा तपस्तपति यच्च जुहोति तस्य ॥
प्राप्नोति नैव किमपीह फलं हि लोके मोघं फलं भवति तस्य हि कोपनस्य ॥९९॥

ઈતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય' નામનો ત્રેંતાળીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૪ મો.

ઋષિઓએ કરેલી મહાદેવની સ્તુતિ.

सनत्कुमार उवाच—ब्रह्मणो वचनं श्रुत्वा ऋषयः सर्व एव ते ॥
पुनरेव च पप्रच्छुर्जगतः श्रेयकारणम् ॥ १ ॥

સનત્કુમાર કહે છે:—બ્રહ્માનાં એવાં વચનો સાંભળીને તે સર્વ ઋષિઓએ ફરીથી પાછું જગતના કલ્યાણનું કારણ પૂછ્યું.૧ બ્રહ્માજી બોલ્યા:—ચાલો આપણે શૂલપાણિ ત્રિલોચન એવા મહાદેવજીને શરણે જઇએ. એ દેવાધિદેવના પ્રસાદથી તમે પૂર્વના જેવા સ્વસ્થ થશો.૨ એમ કહ્યા પછી સર્વે બ્રહ્માની સાથે ઉત્તમ કૈલાસ પર્વત ઉપર ગયા અને ત્યાં ઉમિયાજી સહવર્તમાન બેઠેલા શંકર ભગવાનનાં દર્શન કર્યાં.૩ પછી સર્વ લોકના પિતામહ બ્રહ્મા, ત્રણે લોકને વરદાન આપનારા, કલ્યાણમૂર્ત્તિ, દેવાધિદેવ મહાદેવની સ્તુતિ કરવા લાગ્યા.૪

બ્રહ્મા કહે છેઃ—હે અનંત ! હે વરદાયી પિનાકી ! તમને નમસ્કાર છે. હે સ્થાણો ! હે પરમાત્મસ્વરૂપ મહાદેવ ! તમને નમસ્કાર છે.૫ હે ભીમક ! હે ત્રિભુવનના પતિ ! તમને નમસ્કાર છે. હે જ્ઞાનને આપનાર દેવ ! તમે જ એક પુરુષોત્તમ છો.૬ હે પદ્મગર્ભ ! હે હૃદય કમળમાં શયન કરનાર ! તમને નમસ્કાર છે. હે ભયંકર પાપોનો નાશ કરનાર પ્રચંડ ક્રોધવાળા દેવ ! તમને નમસ્કાર છે.૭ હે દેવ ! હે વિશ્વેશ ! હે દેવોના નાયક! તમને નમસ્કાર છે. હે શૂલપાણિ ! હે વિશ્વભાવન ! તમને નમસ્કાર છે.૮ બ્રહ્મા અને ઋષિઓએ એ પ્રમાણે સ્તુતિ કરવાથી મહાદેવજી બોલ્યા; 'તમે સૌ જાઓ. લિંગ ફરીથી પ્રાદુર્ભૂત થશે.૯ હું કહું તે પ્રમાણે તમે કરો, એથી હું ઘણો પ્રસન્ન થઇશ. લિંગની પ્રતિષ્ઠા કરવાથી હું ઘણો રાજી થઇશ, એમાં સંશય નથી.૧૦ જે કોઇ ભક્તિપૂર્વક મારા લિંગની પૂજા કરશે, તેઓને કોઇપણ વખતે કશું પણ દુર્લભ નથી.૧૧ લિંગની પૂજા કરવાથી જાણીને કરેલાં હોય તો પણ સર્વ પાપોથી શુદ્ધ થવાય છે, એમાં કશો વિચાર જ કરવાનો નથી.૧૨

તમે સર્વેએ તોડી પાડેલું લિંગ, મહાસરોવરનો ઉદ્ધાર કરીને શીઘ્રતાથી સંનિહિત તીર્થમાં પ્રતિષ્ઠા પામીને વિખ્યાત થશે.[૧૩] હે બ્રાહ્મણો! તમારી સર્વ કામનાઓ ત્યાં પૂર્ણ થશે. એ લિંગ આ લોકમાં સ્થાણુ નામથી દેવતાઓને પણ પૂજવા લાયક થશે.[૧૪] એ સ્થાણુમાં ઈશ્વરત્વ રહેલું હોવાથી તે સ્થાણુવીશ્વર કહેવાય છે. જે હમેશાં સ્થાણુનું સ્મરણ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે.[૧૫] મોક્ષમાર્ગમાં જનાર એનાં દર્શનથી શુદ્ધદેહ થાય છે.'

મહાદેવે એ પ્રમાણે કહેવાથી બ્રહ્મા સહિત ઋષિઓએ દારુવનમાંથી લિંગને લાવવાને પ્રયત્ન કર્યો, પણ ઋષિઓ સહિત સઘળા દેવો તે લિંગને ખસેડવાને શક્તિવાન થયા નહિ.[૧૬–૧૭] મહાશ્રમ પામીને પછી તેઓ બ્રહ્માજીને શરણે ગયા. તેઓને મહાશ્રમ પામેલા જોઈને બ્રહ્માજી આ પ્રમાણે બોલ્યા;[૧૮] 'તમે શા માટે મહેનત કરો છો? તમારાથી એ ઉચકીને લઈ જઈ શકાય એમ નથી. દેવના દેવ શૂળપાણિએ પોતાની ઇચ્છાથી એ લિંગને પડી જવા દીધું છે.[૧૯] તે માટે હે દેવો! તમે સર્વ પાછા મહાદેવજીને શરણે જાઓ. તે પ્રસન્ન થઈને પોતે જ લિંગને ચલાવશે.'[૨૦] એમ કહેવાથી પછી બ્રહ્મા સહિત બધા દેવો અને ઋષિઓ કૈલાસ પર્વત ઉપર ગયા. પણ ત્યાં મહાદેવજીને દીઠા નહિ. તેથી સૌ ચિંતા કરવા લાગ્યા. પછી ઋષિઓએ બ્રહ્માને પૂછ્યું કે, તે મહેશ્વર શંકર ભગવાન્ ક્યાં છે? [૨૧–૨૨] પછી બ્રહ્માએ લાંબા વખત સૂધી ધ્યાન ધરીને જોયું તો સનકાદિક માનસ ઋષિઓવડે સ્તુતિ કરાયલા હાથીનું રૂપ ધારણ કરેલા મહાદેવજીને દીઠા.[૨૩] એટલે પછી બ્રહ્મા સહિત બધા ઋષિઓ તથા દેવો, તે પવિત્ર મહાસરોવર પાસે જ્યાં મહાદેવ હતા ત્યાં ગયા.[૨૪] ત્યાં પણ આમ તેમ શોધતાં છતાં તેમને મહાદેવનાં દર્શન થયાં નહિ. ત્યારે પાછા બ્રહ્મા સહિત દેવો ચિંતા કરવા લાગ્યા.[૨૫] એટલે તેમણે પ્રસન્ન થયેલાં કમંડલુ ધારણ કરેલાં દેવીને જોયાં. તે દેવીને રાજી થઈને તેમણે આ પ્રમાણે કહ્યું,[૨૬] 'હે દેવિ! હે માતા! અમે ઘણા શ્રમથી શોધીએ છીએ, પણ અમને મહેશ્વરનાં દર્શન થતાં નથી. સર્વદા સમસ્વરૂપ એ દેવાધિદેવ મહાદેવનાં અમને ક્યાં દર્શન થશે?[૨૭] પછી કૃપા લાવીને દેવીએ કહ્યું; 'હે મહાભાગો! અહીંયાં જ તમને મહેશ્વરનાં દર્શન થશે.[૨૮] હે દેવો! તમે અમૃતપાન કરો, એટલે પછી શંકરને જાણી શકશો.' ભવાનીનાં એવાં વચન સાંભળીને દેવતાઓએ નિરાંતે પવિત્ર અમૃતનું પાન કર્યું અને પછી પરમેશ્વરીને પૂછ્યું;[૨૯–૩૦] 'હસ્તીરૂપ ધારણ કરીને તે શંકર ભગવાન્ અહીં આવેલા છે તે ક્યાં છે?' એમ પૂછવાથી દેવીએ સરોવરની વચ્ચે બેઠેલા મહાદેવને દેખાડ્યા.[૩૧] ઇંદ્ર સહિત સઘળા દેવો મહાદેવને જોઈને ઘણો હર્ષ પામ્યા, અને પછી બ્રહ્માને આગળ કરીને કહેવા લાગ્યા;[૩૨] 'હે મહાદેવ! ત્રિલોકને નમવા લાયક તમારું લિંગ જે તમે ત્યાગ કરેલું છે, તેને લઈ આવવાને કોઈ સમર્થ થતું નથી.'[૩૩] બ્રહ્મા વગેરેએ એ પ્રમાણે કહ્યું,

એટલે મહાદેવજી, ઋષિઓ સાથે દેવદારુ વનમાં ગયા.[૩૪] ત્યાં જઈ હસ્તીરૂપ ધારણ કરીને મહાદેવજીએ એક રમત માત્રથી તે લિંગને શુંડવડે લઈ લીધું.[૩૫] ઋષિઓવડે સ્તુતિ કરાતા મહાદેવજીએ તે લિંગને લાવીને પછી તો સરોવરના પશ્ચિમ કિનારા ઉપર ગોઠવ્યું.[૩૬]

એટલે પછી સર્વ દેવો અને તપના ભંડારરૂપ ઋષિઓ પોતાને કૃતાર્થ માની, આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા,[૩૭] 'હે પરમાત્મન્! અનંતયોનિ! લોકસાક્ષી! પરમેષ્ઠિ! ભગવન્! સર્વજ્ઞ! ક્ષેત્રજ્ઞ! જ્ઞાનજ્ઞેય! સર્વેશ્વર! મહા વિરંચિ! મહાવિભૂતિ! મહાક્ષેત્રજ્ઞ! મહાપુરુષ! સર્વ ભૂતાવાસ! મનોનિવાસ! આદિદેવ! મહાદેવ! સદાશિવ! ઈશાન! દુર્વિજ્ઞેય! દુરારાધ્ય! મહાભૂતેશ્વર! પરમેશ્વર! મહા યોગેશ્વર! ત્ર્યંબક! મહાયોગિન્! પરબ્રહ્મ! પરમજ્યોતિ! બ્રહ્મ જાણનારાઓમાં ઉત્તમ! ૐકાર! વષટ્કાર! સ્વાહાકાર! સ્વધાકાર! પરમ કારણ! સર્વગત! સર્વદર્શન! સર્વશક્ત! સર્વદેવ! અજ! સહસ્રાર્ચિ! સુધામન્! હરધામ! વંશાવર્ત્ત! સંવર્ત્ત! સંકર્ષણ! વડવાનલ અગ્નિષોમાત્મક! પવિત્ર! મહાપવિત્ર! મહામેઘ! મહાકામહન્! હંસ! પરમહંસ! મહા રાજિક! મહેશ્વર! મહાકામુક! મહાહંસ! ભવક્ષયકર! સુર સિદ્ધાર્ચિત! હિરણ્યબાહુ! હિરણ્યરેત! હિરણ્યનાભ! હિરણ્યાગ્ર કેશ! મુંજકેશિન્! સર્વલોકવરપ્રદ! સર્વાનુગ્રહકર! કમલેશય! હૃદયેશય! જ્ઞાનસાગર! શંભુ! વિભુ! મહાયજ્ઞ! મહાયાજ્ઞિક! સર્વ યજ્ઞમય! સર્વયજ્ઞસંસ્તુત! નિરાશ્રય! સમુદ્રેશ! અત્રિસંભૂત! ભક્તાનુકંપક! અભગ્નયોગ! યોગધર! વાસુકિ! મહાહિ! વિદ્યોદિતવિગ્રહ! હરિતનયન! ત્રિલોચન! જટાધર! નીલકંઠ! અર્ધચંદ્ર ધારણ કરનાર! અર્ધાંગ ઉમયા ધારણ કરનાર! શૂલધર! પિનાકધર! ખડ્ગચર્મ ધારણ કરનાર! ગજચર્મધર અને દુસ્તર સંસારનો મહાસંહાર કરનાર! હે ભક્ત જનવત્સલ! તમે પ્રસન્ન થાઓ, તમને વારંવાર નમસ્કાર છે.'[૩૮] પિતામહ બ્રહ્મા સહિત દેવગણે એ પ્રમાણે સ્તુતિ કરવાથી મહાદેવજીએ હસ્તીરૂપનો ત્યાગ કરીને, તે લિંગમાં પ્રવેશ કર્યો.[૩૯]

> एवं स्तुतो देवगणैः सुभक्त्या स ब्रह्ममुख्यैश्च पितामहेन ॥
> त्यक्त्वा तदा हस्तिरूपं महात्मा लिंगं तदा संनिधानं चकार ॥ ३९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે ચૌવાલીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૫ મો.

રુદ્રહ્રદ તીર્થનું માહાત્મ્ય.

सनत्कुमार उवाच—अथोवाच महादेवो देवान्ब्रह्म पुरोगमान् ॥
ऋषीणां चैव प्रत्यक्षं तीर्थमाहात्म्यमुत्तमम् ॥ १ ॥

સનત્કુમાર બોલ્યાઃ—પછી મહાદેવ, ઋષિઓની સમક્ષ બ્રહ્માને લઇને આવેલા દેવોને, તે તીર્થનું ઉત્તમ માહાત્મ્ય કહેવા લાગ્યા.[૧] આ સરોવરને પરમ પુણ્યકારક સંનિહિત સરોવર કહે છે. એમાં મારો પ્રવેશ થવાથી એ મુક્તિદાયક છે.[૨] જે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય અહીં આવીને લિંગનાં દર્શન કરે છે, તે પરમપદ પામે છે.[૩] સમુદ્ર પર્યંત જેટલાં પવિત્ર સરોવરો તથા તીર્થો છે, તે બધાં મધ્યાહ્નકાળે દરરોજ આવીને આ સ્થાણુ તીર્થમાં વાસ કરે છે.[૪] જે કોઈ આ સ્તોત્રથી હમેશાં ભક્તિપૂર્વક મારી સ્તુતિ કરશે, તેને હું નિત્ય સુલભ છું, એમાં સંશય નથી.[૫] એમ કહીને શંકર ભગવાન્ અંતર્ધાન થઈ ગયા અને દેવો તથા ઋષિઓ પોતપોતાના સ્થાને ગયા.[૬] ત્યાર પછી મનુષ્યોથી નિરંતર સ્વર્ગ ભરાઈ જવા લાગ્યું. કેમકે સ્થાણુલિંગના માહાત્મ્ય અને દર્શનથી સર્વને સ્વર્ગ મળતું હતું.[૭] તેથી સર્વ દેવો બ્રહ્માને શરણે ગયા. તેમને બ્રહ્માએ પૂછ્યું કે, 'તમે બધા શા માટે આવ્યા છો?'[૮] ત્યારે દેવોએ કહ્યું કે, 'હે પિતામહ! અમને મનુષ્યો તરફથી ઘણો ભય ઉત્પન્ન થવા લાગ્યો છે, માટે અમારું રક્ષણ કરો.'[૯]

પછી બ્રહ્માએ ઇંદ્રને તથા દેવોને કહ્યુ કે, તમે સૌ સાથે મળીને ધૂળથી એ સરોવરને ભરી કાઢો.[૧૦] પછી ઇંદ્રે ધૂળનો વર્ષાદ વરસાવ્યો.

એ પ્રમાણે ઇંદ્રે તથા દેવીએ સાત દિવસ સુધી ધૂળનો વરસાદ વરસાવીને તે તળાવને ભરી કાઢયું.[૧૧] દેવાધિદેવ મહેશ્વરે એ ધૂળની વૃષ્ટિ જોઇને તે લિંગ તથા તીર્થ-વટને પોતાના હાથઉપર ધારણ કરી લીધાં.[૧૨] એ કારણથી તે તીર્થ પુણ્યતમ ગણાય છે. ત્યાં જ પાદોદક તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી બધા તીર્થમાં સ્નાન કરવાનું ફળ મળે છે.[૧૩] જે કોઈ ત્યાં એ વડ અને લિંગની વચ્ચે શ્રાદ્ધ કરે, તેના પિતૃઓ પ્રસન્ન થઇને આ જગતમાં જે દુર્લભ હોય, તે તેને આપે છે.[૧૪] સઘળા ઋષિઓ તે સરોવરને ધૂળથી ભરેલું જોઇને પોતાના શરીરે શ્રદ્ધાપૂર્વક તે ધૂળનો લેપ કરવા લાગ્યા.[૧૫] તેથી પણ તે ઋષિઓ સર્વ પાપેથી મુક્ત થયા અને દેવતાઓથી પૂજાઇને તેઓ બ્રહ્મલોકને પામ્યા.[૧૬] જે સિદ્ધો અને મહાત્માઓ હોય છે, તે જ એ લિંગની પૂજા કરે છે. તેમ કરવાથી તેઓ પરમ સિદ્ધિ પામે છે અને તેમને પુનર્જન્મ દુર્લભ થઈ જાય છે.[૧૭] એ પ્રમાણે જાણીને પિતામહ બ્રહ્માજીએ પ્રથમ તે લિંગની સ્થાપના કરીને પછી તેના ઉપર પત્થરના લિંગની સ્થાપના કરી.[૧૮] ત્યારપછી કેટલેક કાળે તે નીચેના લિંગના તેજથી ઉપરનું પત્થરનું લિંગ પણ તેજોમય થઇ ગયું. તેનો સ્પર્શ કરવાથી મનુષ્યો સિદ્ધ થઇને પરમપદ પામવા લાગ્યા.[૧૯] તેથી

દેવો પાછી બ્રહ્માજીની પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે, લિંગનાં દર્શન કરવાથી લોકો પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.[૨૦] તે સાંભળીને ભગવાન્ બ્રહ્માજીએ દેવોના હિતની ઇચ્છાથી તે લિંગ ઉપર એક પછી એક સાત લિંગ ગોઠવ્યાં[૨૧] ત્યારથી જેઓ સિદ્ધાશ્રમ પરાયણ અને મુક્તિની ઇચ્છાવાળા હતા, તેઓ પ્રયત્નપૂર્વક તે ધૂળનું સેવન કરીને પરમપદ પામવા લાગ્યા.[૨૨] કુરુક્ષેત્રમાં વાયુથી ઉડેલી તે ધૂળ પણ સ્પર્શ માત્રથી મહા દુષ્કૃત્ય કરનારાઓને પણ પરમપદ આપતી હતી.[૨૩]

આ સ્થાણુ તીર્થના પ્રભાવથી કોઇપણ સ્ત્રી અથવા પુરુષનું જાણીને અથવા અજાણતાં કરેલું દુષ્કર્મ નાશ પામે છે.[૨૪] લિંગનાં દર્શનથી અને વડના સ્પર્શથી મુક્તિ મળે છે. વળી તેની પડોશના જળમાં સ્નાન કરવાથી ઇચ્છેલું ફળ મળે છે.[૨૫] જે કોઈ તે જળમાં પિતૃઓનું તર્પણ કરે છે, તેને જળના એક એક બિંદુને બદલે અનંત ફળ મળે છે.[૨૬] જે કોઈ સ્થાણુ લિંગની પશ્ચિમે શ્રાદ્ધ કરીને શ્રદ્ધાપૂર્વક કાળા તલથી પિતૃઓનું તર્પણ કરે છે, તેના પિતૃઓ ત્રણે યુગ સુધી તૃપ્ત થાય છે.[૨૭] એક મન્વંતર રહે ત્યાં સુધી અને એ લિંગ રહે ત્યાં સુધી તેના પિતૃઓ તે ઉત્તમ જળનું પાન કરે છે.[૨૮] સત્યયુગમાં અને ત્રેતાયુગમાં સંનિહિત સરોવરને વિષે વાયુનામથી અને કલિ તથા દ્વાપરયુગમાં કૂપને વિષે રુદ્રહૃદ નામથી તે તીર્થ પ્રખ્યાત છે.[૨૯] ચૈત્રમાસના કૃષ્ણ પક્ષની ચતુર્દશીને દિવસે જે ઉત્તમ પુરુષ રુદ્રકર તીર્થમાં સ્નાન કરે છે, તે પરમપદ પામે છે.[૩૦] એ વડ તળે જે રાત્રિએ રહીને પરમેશ્વર (મહાદેવ) નું ધ્યાન કરે, તે સ્થાણુ વડના પ્રસાદથી જે મનમાં ઇચ્છે, તે પામે છે.[૩૧]

वटे यस्तु स्थितो रात्रौ ध्यायते परमेश्वरम् ॥
स्थाणोर्वटप्रसादेन मनसा चिंतितं फलम् ॥ ३१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિશે પિસ્તાલીશમો અધ્યાય સમાપ્ત.

—※—

અધ્યાય ૪૬ મો.

જૂદાં જૂદાં લિંગોનું માહાત્મ્ય.

सनत्कुमार उवाच—स्थाणोर्वटस्योत्तरतः शुक्लतीर्थं प्रकीर्त्तितम् ।
स्थाणोर्वटस्य पूर्वेण व्योमतीर्थं द्विजोत्तमाः ॥ १ ॥

સનત્કુમાર કહે છેઃ—સ્થાણુ વડની ઉત્તર તરફ શુકલતીર્થ છે તથા પૂર્વ તરફ વ્યોમ તીર્થ છે.[૧] દક્ષિણ તરફ દક્ષતીર્થ છે અને પશ્ચિમ તરફ નકુલગણ છે.[૨] એ પુણ્ય તીર્થોની વચમાં સ્થાણુ તીર્થ છે. તેનાં દર્શન માત્રથી જ પરમપદ મળે છે.[૩] અષ્ટમી અથવા ચતુર્દશીને દિવસે એ તીર્થોની પ્રદક્ષિણા કરવી. પાર્વતીજી લિંગરૂપે મહાદેવજીનો પાર્શ્વભાગ કદી છોડતાં નથી અર્થાત્ હંમેશાં વામ અંગમાં

વિરાજમાન રહે છે.[૪] તેમનાં દર્શન માત્રથી જ માણુસને સિદ્ધિ મળે છે. વડની ઉત્તરે મહાત્મા તક્ષકે મહાલિંગની સ્થાપના કરેલી છે. તે સર્વ કામનાઓ પૂર્ણ કરનાર છે. વળી વડની પૂર્વ દિશાએ વિશ્વકર્માએ બનાવેલું પશ્ચિમ તરફ મુખવાળું લિંગ છે. તેનાં દર્શન કરવાથી માણુસને સિદ્ધિ મળે છે. ત્યાં જ દેવી સરસ્વતી લિંગરૂપે રહેલાં છે.[૫-૭] પ્રયત્નપૂર્વક તેમને પ્રણામ કરવાથી બુદ્ધિ અને મેધા (ધારણા શક્તિ) પ્રાપ્ત થાય છે. વડની બાજુમાં જે લિંગ છે, તેની પ્રતિષ્ઠા બ્રહ્માજીએ કરેલી છે.[૮]

વટેશ્વરનાં દર્શન કરવાથી પરમપદ મળે છે. પછી સ્થાણુ વડનાં દર્શન તથા પ્રદક્ષિણા કરવી.[૯] જે એમ કરે, તેને સાતે દ્વીપોવાળી પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું ફળ મળે છે. સ્થાણુની પશ્ચિમ દિશાએ નકુલેશગણ તીર્થ છે.[૧૦] પ્રયત્નવડે તેની પૂજા કરવાથી સર્વ પાપોથી મુક્ત થવાય છે. તેની દક્ષિણ બાજુએ રુદ્રાકર તીર્થ છે.[૧૧] તેમાં સ્નાન કરવાથી સર્વ તીર્થોમાં સ્નાન કરવાનું પુણ્ય થાય છે. તેની ઉત્તર તરફ મહાત્મા રાવણે ગોકર્ણ નામે મહાલિંગની સ્થાપના કરેલી છે. આષાઢ માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશીને દિવસે ત્યાં સ્નાન કરવાથી તથા ઉપવાસ કરવાથી માણુસ સર્વ પાપથી મુક્ત થાય છે. વળી ત્યાં જ મેઘનાદે (રાવણના પુત્ર ઇંદ્રજિતે) સ્થાપન કરેલું લિંગ છે.[૧૨-૧૪] પ્રયત્નવડે તેની પૂજા કરવાથી ઘણી લક્ષ્મી મળે છે. તેની પશ્ચિમ તરફ કુંભકર્ણે પૂજન કરેલું લિંગ છે.[૧૫] જેઠ મહિનાના શુક્લ પક્ષની સપ્તમીને દિવસે શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરીને જે માણુસ ત્યાં રહે, તેના પુણ્યનું ફળ સાંભળો.[૧૬] તેને ડગલે ડગલે યજ્ઞનું ફળ મળે છે, એમાં સંશય નથી. એ બધાં લિંગો મુનિઓ, સાધ્યો, આદિત્યો, વસુઓ, મરુદ્‌ગણ અને અગ્નિઓએ સેવેલાં છે. બીજાં પણ જે પ્રાણીઓ એ ઉત્તમ સ્થાણુ તીર્થમાં પ્રવેશ કરે, તે પણ પાપથી મુક્ત થઇને પરમપદ પામે છે. તેની પડોશમાં દેવના દેવ એવા મહાદેવનું જે લિંગ છે, તેનો પાર્શ્વભાગ લિંગરૂપે ઉમયાજી કદી છોડતાં નથી. તેનાં દર્શન કરવાથી માણુસને ગોકર્ણનાં દર્શનનું ફળ મળે છે. [૧૭-૨૦] તે શંકરની પૂજા કરવાથી ઇચ્છાપૂર્વક અથવા વગર ઇચ્છાએ જે પાપો કર્યાં હોય, તે સર્વ પાપોથી માણુસ મુક્ત થાય છે.[૨૧] કૌમાર અવસ્થામાં બ્રહ્મચર્યથી માણુસને જે પુણ્યનું ફળ મળે છે, તે પુણ્યનું ફળ ત્યાં અષ્ટમીને દિવસે શંકર પૂજન કરવાથી મળે છે.[૨૨] જેને પરમરૂપ, સૌભાગ્ય અને ધન સંપત્તિની ઇચ્છા હોય, તો તે કુમારેશ્વરના માહાત્મ્યથી મળે છે, એમાં સંશય નથી.[૨૩] તેની ઉત્તર દિશાએ લિંગની પૂજા કરીને વિભીષણે અજરત્વ અને અમરત્વ પ્રાપ્ત કર્યું હતું.[૨૪] અશાડ માસની શુક્લ પક્ષની અષ્ટમીને દિવસે જે ઉપવાસ સહિત તેનું પૂજન કરે, તે અમૃતત્વ પામે છે.[૨૫]

હે દ્વિજોત્તમ! તે સ્થાનમાં પૂર્વ દિશાએ પૂર્ણેશ્વર લિંગ છે. તેની પ્રયત્નવડે પૂજા કરવાથી સર્વ કામનાની સિદ્ધિ થાય છે.[૨૬] ત્યાં દૂષણ અને ત્રિશિરા રાક્ષસોએ શંકરનું પૂજન

કરીને હર્ષપૂર્વક તેમણે પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરી હતી.[૨૭] ચૈત્ર માસના શુક્લ પક્ષમાં જે માણસ ત્યાં શિવપુજન કરે, તેમને મહાદેવ અને પાર્વતી તેમની ઇચ્છા પ્રમાણે વરદાન આપે છે.[૨૮] સ્થાણુ વડની પૂર્વે હસ્તિપાદેશ્વર મહાદેવ છે. તેમનાં દર્શન કરવાથી બીજા જન્મનાં કરેલાં પાપ જતાં રહે છે.[૨૯] તેની દક્ષિણ તરફ હારિત ઋષિએ સ્થાપના કરેલું લિંગ છે. તેને પ્રયત્નપૂર્વક પ્રણામ કરવાથી માણસ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.[૩૦] તેની દક્ષિણ બાજુએ તે મહાત્માની વાવ છે અને સર્વ પાપને હરનાર ત્રિલોકમાં વિખ્યાત શંકરનું લિંગ છે.[૩૧] તે લિંગની કંકાલરૂપી મહાત્મા રુદ્રે પ્રતિષ્ઠા કરેલી છે. તે સર્વ પાપને નાશ કરનારું છે.[૩૨] તે સંસારના ભોગ અને મુક્તિ આપનારું છે તથા સર્વ પાપ નાશ કરનારું છે. તે લિંગના દર્શન કરવાથી અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે.[૩૩] તેની પશ્ચિમ તરફ સિદ્ધોએ પ્રતિષ્ઠા કરેલું લિંગ છે. તે સિદ્ધેશ્વરના નામથી વિખ્યાત છે અને સર્વ સિદ્ધિ આપનારું છે.[૩૪] તેની દક્ષિણે મહાત્મા મૃકંડ ઋષિએ જે લિંગની પ્રતિષ્ઠા કરી છે, તેનાં દર્શન કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૩૫] તેની પૂર્વે આદિત્ય ભગવાને પ્રતિષ્ઠા કરેલું ઉત્તમ લિંગ સર્વ પાપોનો નાશ કરનારું છે.[૩૬] એક બીજાના તરફ અનુરાગવાળાં ચિત્રાંગદ ગંધર્વ અને રંભા અપ્સરા, એમને સ્થાણુનાં દર્શનની ઇચ્છા થઈ હતી.[૩૭] સ્થાણુનાં દર્શન તથા પૂજન કરીને પછી એક બીજા તરફ અનુરાગવાળાં થઈને તેઓએ આવીને વરદાન આપનારા એવા મહાદેવની પ્રતિષ્ઠા કરી હતી.[૩૮] હે દ્વિજ ! તે ચિત્રાંગદેશ્વર તથા રંભેશ્વરનાં દર્શન કરવાથી સારા ભાગ્યવાળા તથા સુરૂપવાન્ થવાય છે અને સારા કુળમાં જન્મ આવે છે.[૩૯] તેની દક્ષિણે પહેલાં ઇંદ્રે જે લિંગની સ્થાપના કરી છે, તેનાં પ્રસાદથી મનમાં ઇચ્છેલું ફળ મળે છે.[૪૦] પરાશર મુનિએ ત્યાં શંકરનું આરાધન કરીને કવિત્વ પ્રાપ્ત કર્યું હતું.[૪૧] વેદવ્યાસજીએ પણ ત્યાં શંકરનું આરાધન કરીને મહાદેવના પ્રસાદથી સર્વજ્ઞપણું અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.[૪૨]

સ્થાણુની પશ્ચિમ તરફ મહતેશ્વર લિંગ છે. ત્યાં પુણ્યવાન માણસો દર્શનથી સિદ્ધિ મેળવે છે.[૪૩] તેની પશ્ચિમ દિશાએ મહા બળવાન્ કાર્તવીર્યે જે પાપહર લિંગની સ્થાપના કરેલી છે, તેનાં દર્શન કરવાથી તરત પુણ્ય મળે છે.[૪૪] તેની ઉત્તર બાજુએ જે લિંગની સ્થાપના કરેલી છે, તેનું આરાધન કરીને હનુમાનજીએ મહાદેવના પ્રસાદથી સિદ્ધિ મેળવી હતી.[૪૫] તેની પૂર્વ તરફ શ્રી વિષ્ણુ ભગવાને ચક્રમધ્યે વરદાન આપનારા એવા શંકરના સુદર્શન લિંગની સ્થાપના કરી હતી.[૪૬] તેની પૂર્વ તરફ ઇંદ્ર અને વરુણે છ ઉત્તમ લિંગની સ્થાપના કરેલી છે. તે સર્વ કામનાઓ પૂર્ણ કરે એવાં છે.[૪૭] એ સર્વે લિંગો મુનિઓ, સાધ્યો, આદિત્યો અને વસુઓએ પ્રયત્નવડે સેવેલાં છે. તે સર્વે પાપોનો નાશ કરનારાં છે.[૪૮] તેમ જ સ્વયંભૂત સ્થાણુની પણ તેમણે સેવા કરેલી છે. વળી તત્ત્વદર્શી ઋષિઓએ જે લિંગોની પ્રતિષ્ઠાઓ કરેલી છે, તેમની સંખ્યા જ ગણી શકાય એવી

નથી.[૪૯] ત્યાંથી ઉત્તર તરફ સોમવતી નદી સુધી સ્થાણુ દેવની પશ્ચિમે એક હજાર લિંગ સ્થાપિત કરેલાં છે.[૫૦] ત્યાંથી પૂર્વ તરફ મહાત્મા વાલખિલ્ય ઋષિઓએ સંનિહિત સરોવર સુધીમાં પ્રતિષ્ઠા કરેલું રુદ્રકોટિ નામે તીર્થ છે.[૫૧]

સ્થાણુ દેવની દક્ષિણે ગંધર્વ, યક્ષ, અને કિન્નરોએ જે લિંગોની પ્રતિષ્ઠા કરેલી છે, તેની સંખ્યા ગણી શકાય એમ નથી.[૫૨] વાયુદેવે કહ્યું છે કે ત્યાં બધાં મળીને સાડાત્રણ કરોડ લિંગ છે અને રુદ્રસ્થાનમાં રહેલાં બીજાં પણ હજારો લિંગ છે.[૫૩] એ પ્રમાણે જાણીને જે શ્રદ્ધાપૂર્વક સ્થાણુ લિંગને શરણે જાય, તેને શંકરના પ્રસાદથી મનમાં ધારેલું મળે છે.[૫૪] કામનાવાળો અથવા કામના વગરનો માણસ સ્થાણુ મંદિરમાં પ્રવેશ કરે તો તે ઘોર પાતકોથી પણ મુક્ત થાય છે અને પરમપદ પામે છે.[૫૫] ચૈત્રમાસની ત્રયોદશીને દિવસે દિવ્ય નક્ષત્ર યોગમાં શુક્ર, રવિ અને ચંદ્રના સંયોગના પુણ્યતમ શુભ દિવસે સર્વ લોકના ધારણ કરનારા બ્રહ્માજીએ સ્થાણુ લિંગની પ્રતિષ્ઠા કરેલી છે. ઋષિઓ તથા દેવો ચિરકાળથી તેની પૂજા કરતા આવેલા છે.[૫૬-૫૭] ચૈત્રમાસની ત્રયોદશીને દિવસે જે માણસો નિરાહાર રહીને શ્રદ્ધાપૂર્વક શિવનું પૂજન કરે, તે પરમપદ પામે છે.[૫૮] ત્યાં મહાદેવજીને આરૂઢ જાણીને જે તેમની પ્રદક્ષિણા કરે, તેને સાત દ્વીપવાળી પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું ફળ મળે છે.[૫૯]

तत्रारूढमिदं ज्ञात्वा कुर्वंति च प्रदक्षिणाम् ।
प्रदक्षिणीकृता तैस्तु सप्तद्वीपा वसुंधरा ॥ ६९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે છેંતાલીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૭ મો.

વેનનો મોક્ષ.

मार्कंडेय उवाच— स्थाणुतीर्थप्रभावं तु श्रोतुमिच्छाम्यहं मुने ।
केन सिद्धिरिह प्राप्ता सर्वपापभयापहा ॥ १ ॥

માર્કંડેય ઋષિ કહે છેઃ—હે મુને! સ્થાણુ તીર્થનો પ્રભાવ સાંભળવાની મને ઇચ્છા છે તો કૃપા કરીને આપ કહો. અહીં સર્વ પાપ અને ભયનો નાશ કરનારી સિદ્ધિ કોણે પ્રાપ્ત કરી હતી?[૧] સનત્કુમાર કહે છે;–સ્થાણુ તીર્થનું સંપૂર્ણ માહાત્મ્ય સાંભળો. જે સાંભળવાથી માણસ સર્વ પાપોથી મુક્ત થાય છે.[૨] એકાર્ણવ (જળપ્રલય) સમયે જ્યારે તમામ સ્થાવર જંગમનો નાશ થયો હતો ત્યારે શ્રી વિષ્ણુ ભગવાનના નાભિ કમળમાંથી સર્વ લોકના પિતામહ બ્રહ્મા ઉત્પન્ન થયા હતા.[૩] તેમનાથી મરીચિ ઉત્પન્ન થયા. મરીચિના પુત્ર કશ્યપ થયા. કશ્યપથી સૂર્ય ઉત્પન્ન થયા અને સૂર્યથી વૈવસ્વત નામના મનુ થયા.[૪] મનુને છીંક આવી, તે વખતે તેમના મુખમાંથી એક પુત્ર નીકળ્યો. તે ચાર ખૂટ પૃથ્વીનો રાજા અને

ધર્મનો રક્ષક થયો.[૫] તેની પત્ની કાળની પુત્રી મૃત્યુથી ઉત્પન્ન થયેલી હોવાથી સર્વને ભય આપનારી હોવાને લીધે ભયા નામે હતી.[૬] તેનાથી વેદની નિંદા કરનારો વેન નામે દુરાત્મા પુત્ર થયો. તેનું મુખ જોઇને રાજાને છિંક આવી, તેથી પોતે વનમાં ચાલ્યો ગયો.[૭] ત્યાં ઘોર તપશ્ચર્યા કરી ધર્મ પાસેથી વરદાન મેળવ્યું અને સ્વર્ગ તથા પૃથ્વીને આવૃત કરી ફરી પુનર્જન્મ ન થાય, એવું પરમ ધામ પામ્યો.[૮] પછી વેન આખા ભૂમંડળનો રાજા થયો. તે કાલપુત્રી ભયાનો પુત્ર હોવાથી માતામહ (માના બાપ) ના દોષથી દુરાત્મા અને વેદનિંદક થયો હતો. તેણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે, કોઇએ દાન કરવું નહિ, યજ્ઞયાગ ન કરવા, અને હોમ હવન પણ કરવા નહિ.[૯-૧૦] હું જ એક નમન કરવા યોગ્ય છું, માટે સઘળાએ મારી જ પૂજા કરવી. હું પાલન કરું છું, તેથી જ તમે સર્વે સુખમાં વસો છો[૧૧] તેથી તમારે સેવવા યોગ્ય મારા કરતાં બીજો કોઈ દેવ નથી.

એ પ્રમાણે સાંભળીને બધા ઋષિઓ એકઠા મળીને રાજાને કહેવા લાગ્યા; 'ધર્મનું પ્રમાણ વેદજ છે, અને તેનાથી જ યજ્ઞ સ્થાપિત થએલો છે.[૧૩] યજ્ઞ-વિના સ્વર્ગનિવાસી દેવો પ્રસન્ન થતા નથી અને તેઓ પ્રસન્ન ન થાય તો પ્રજાની વૃદ્ધિને માટે ધાન્ય આપતા નથી.[૧૪] તેથી યજ્ઞો અને દેવોવડે જ આ બધું સચરાચર જગત્ ટકી રહેલું છે.' એ સાંભળી ક્રોધથી રાતી આંખો કરીને વેન વારંવાર બોલવા લાગ્યો,[૧૫] કે 'કોઇએ યજ્ઞ કરવા નહિ, કોઇએ દાન કરવું નહિ.' એમ કહેતો કહેતો ક્રોધથી મુર્ચ્છિત થઈ ગયો. એટલે ઋષિઓને પણ મહાક્રોધ ચઢ્યો.[૧૬] તેથી તેમણે એક દર્ભનો જૂડો લઈ તેને મંત્રથી પવિત્ર બનાવી વજ્ર જેવો કરી રાજાને માર્યો, એટલે રાજા મરણ પામ્યો. રાજા મરણ પામવાથી દેશ રાજા વગરનો અંધકારમય થઈ ગયો.[૧૭] લોકો ચોર લૂંગારા વગેરેથી પીડાવા લાગ્યા, તેથી તેઓ સઘળા તે ઋષિઓને શરણે આવ્યા ત્યારે ઋષિઓએ તે વેન રાજાના ડાબા હાથનું મંથન કર્યું,[૧૮] તો તેમાંથી એક નાનો પુરષ ઉત્પન્ન થયો. તેને ઋષિઓએ કહ્યું કે "આપ અહિ બેસો".[૧૯] તે પુરુષથી નિષાદો ઉત્પન્ન થયા. તે વેનના પાપ કર્મોથી ઉત્પન્ન થયેલા હતા, તેથી ઋષિઓએ પાછા વેનના જમણા હાથનુ મંથન કર્યું.[૨૦] તે હાથમાંથી એક બીજો પુરુષ ઉત્પન્ન થયો. તે પર્વત જેવા મોટા શરીરવાળો અને દિવ્ય લક્ષણોવાળો હતો.[૨૧] એણે હાથમાં ધનુષ, બાણ, ચક્ર અને ધ્વજા ધારણ કરેલાં હતાં. એને જોઇને ઇંદ્ર વગેરે સર્વે દેવોએ આખી પૃથ્વીના રાજ્ય ઉપર એનો અભિષેક કર્યો. પછી તે ધર્મથી પૃથ્વીનું પાલન કરીને સૌને આનંદ આપવા લાગ્યો.[૨૨-૨૩]

તેના પિતાએ પૃથ્વીને વિરંજિત (નારાજ) કરી હતી, તેનું સારી રીતે પાલન કરી રંજન (રાજી) કરવાથી એનું નામ રાજા પડ્યું.[૨૪] તે વેનપુત્ર રાજ્ય પ્રાપ્ત કર્યો પછી ચિંતા કરવા લાગ્યો કે, મારો પિતા યજ્ઞક્રિયાઓ અટકાવનાર અને

અધર્મિષ્ઠ હતો.[૨૫] તેને પરલોકમાં સુખ મળે, તેને માટે મારે હવે કેવી જાતની ક્રિયા કરવી જોઇએ? એ પ્રમાણે તે વિચાર કરતો હતો, એટલામાં ત્યાં નારદઋષિ આવ્યા.[૨૬] તેમને આસન આપીને અને પ્રણામ કરીને તે પુછવા લાગ્યો કે, હે ભગવન્! તમે સર્વ લોકનું શુભ અને અશુભ જાણો છો.[૨૭] હે વિપ્ર! મારો પિતા દુરાચારી દેવ અને બ્રાહ્મણની નિંદા કરનારો અને સ્વધર્મથી રહિત હતો, તો પરલોકમાં તેની શી ગતિ થઈ હશે?[૨૮] નારદ ઋષિએ દિવ્ય ચક્ષુઓથી જાણીને તેને કહ્યું, કે તારો પિતા મ્લેચ્છ જાતિમાં ઉત્પન્ન થયો છે, અને ક્ષય તથા કોઢના રોગથી પીડાય છે.[૨૯] મહાત્મા નારદનાં તે વચનો સાંભળીને દુઃખથી પીડિત થઇને તે વિચાર કરવા લાગ્યો કે, મારે હવે શું કાર્ય કરવું જોઇએ?[૩૦] એમ વિચાર કરતાં તેને સૂઝ્યું કે, જે પોતાના પિતાનું ભયમાંથી રક્ષણ કરે, તેને જ પુત્ર જાણવો. પછી તેણે નારદ મુનિને પૃછ્યું.[૩૧]

નારદજી બોલ્યાઃ—તું જા અને તીર્થોમાં લઈ જઇને તેના દેહને નિર્મળ કર. સંનિહિત સરોવરનું જે મહાતીર્થ છે ત્યાં સ્નાન કરવાથી તે શુદ્ધ થશે.[૩૨] નારદજીનાં એ વચન સાંભળીને રાજા વિચાર કરીને તે મ્લેચ્છ દેશમાં ગયો.[૩૩] ઉત્તર દેશમાં જઇને તેણે પોતાના પિતાને ક્ષય અને કોઢથી પીડાતો મ્લેચ્છોની વચ્ચે બેઠેલો જોયો.[૩૪] તેને જોઇ ઘણા શોકથી તેણે તે લોકોને કહ્યું કે, 'હે મ્લેચ્છો! હું તમને પગે લાગું છું. આ પુરુષને મને મારે ઘેર લઈ જવાદો.[૩૫] હું ત્યાં એને નીરોગી કરીશ, તમે તે બાબતની ખાત્રી રાખો.' એ સાંભળીને તે દયાળુ પુરુષને (રાજાને) મ્લેચ્છોએ પ્રણામ કરીને કહ્યું કે, ભલે તમે જેમ જાણતા હો તેમ કરો. પછી રાજાએ પાલખી ઉંચકનારાઓને બોલાવ્યા.[૩૬–૩૭] તેઓને બમણી મજુરી આપવાની કહી, તેથી તેઓએ તેને સુખથી પાલખીમાં ઉચકીને થોડા વખતમાં કુરુક્ષેત્રમાં સ્થાણુ તીર્થમાં લાવીને મૂક્યો અને પછી પોતે ચાલ્યા ગયા.[૩૮–૩૯]

પછી મધ્યાહ્નકાળે રાજા તેને સ્નાન કરાવવા તૈયાર થયો, એટલે અંતરિક્ષમાંથી વાયુ દેવ બોલ્યા;[૪૦] 'હે પુત્ર! સાહસ ન કર. તીર્થનું પ્રયત્નથી રક્ષણ કર. આ પુરુષ ઘણા જ ઘોર પાપથી ભરેલો છે.[૪૧] વેદની નિંદાનું મહાપાપ એણે કરેલું છે, જેનો અંત નથી. તેથી જો એ આ તીર્થમાં સ્નાન કરશે તો તુરત જ તીર્થનો નાશ થશે.'[૪૨] એ પ્રમાણે વાયુનું વચન સાંભળીને મહા દુઃખી થઇને તેણે કહ્યું; 'આ મહા ઘોર પાપથી ભરેલો છે.[૪૩] ને દેવતાઓ જે કહેશે તે પ્રમાણે હું તેનું પ્રાયશ્ચિત્ત કરીશ. પછી દેવતાઓએ તેને કહ્યું[૪૪] કે, તું તીર્થમાં સ્નાન કરી કરીને પછી તે પાણીથી એને નવડાવ. જ્યાં સુધી પાપથી મુક્ત થાય ત્યાં સુધી પ્રતિકૂલ (પૂર્વદિશામાં) વહેનારી સરસ્વતીમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવાથી માણસ મુક્તિ પામે છે. આ માણસ પોતાનું જ પોષણ કરવામાં અને દેવતાઓની નિંદા કરવામાં જ હમેશાં તત્પર હતો.[૪૫–૪૬] બ્રાહ્મણોએ એનો ત્યાગ કરેલો છે, તેથી એ કદાપિ શુદ્ધ થવાનો નથી. માટે એને ઉદ્દેશીને તું ભક્તિપૂર્વક સ્નાન કર.[૪૭]

અને એને પછી પાણીથી નવડાવ એટલે એ પવિત્ર થશે. એ વચનો સાંભળીને પછી રાજાએ તેને માટે આશ્રમ બનાવ્યો.[૪૮] પોતાના બાપને ઉદ્દેશીને રાજા પછી તીર્થયાત્રા કરવા નીકળ્યો અને દરરોજ તીર્થોમાં જઇને સ્નાન કરવા લાગ્યો.[૪૯] તે દરરોજ તીર્થના જળથી પોતાના બાપને નવડાવવા લાગ્યો. એટલા સમયમાં એક કૂતરો ત્યાં આવ્યો.[૫૦] તે પૂર્વ જન્મમાં સ્થાણુના મઠમાં કૌક્ષપતિ (પૂજારી) હતો અને દેવના દ્રવ્યનું રક્ષણ કરતો હતો તથા જે દાનપુણ્યનું દ્રવ્ય આવે તેનું બરોબર પરિપાલન કરતો હતો.[૫૧] તે બધા લોકોમાં ઘણો પ્રિય હતો અને દેવકાર્યમાં હમેશાં તત્પર રહેતો હતો. એ પ્રમાણે સર્વદા તે ધર્મમાર્ગમાં પ્રવર્તતો હતો.[૫૨] કેટલેક કાળે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને દેવનું દ્રવ્ય ચોરી ખાવાની મતિ સૂઝી. એ અધર્મમાર્ગમાં પ્રવર્તતો હતો, એવામાં જ એનો કાળ થયો.[૫૩] તેને યમરાજના દરબારમાં લઈ જવામાં આવ્યો. ત્યાં યમરાજે તેને કહ્યું કે, તું દેવદ્રવ્યને ખાઈ જનાર હોવાથી જા કૂતરાની યોનિમાં તારો જન્મ થશે અને ઘણા કાળ સુધી તેમાં તું રહીશ. તે પછી તે સૌગંધિક વનમાં કૂતરો થઇને અવતર્યો.[૫૪]

ત્યાર પછી ઘણે કાળે કૂતરાંના ટોળાંએ તેને ઘેરી લીધો અને ખૂબ માર્યો, તેથી તે મહા દુઃખી થયો.[૫૫] એટલે દ્વૈતવન છોડીને તે સંનિહિત સરોવર પાસે આવ્યો. તે ઠેકાણે પ્રવેશ કરતાં જ સ્થાણુ દેવના પ્રસાદથી ઘણી તરસ લાગવાથી તેણે સરસ્વતીમાં ડૂબકી મારી. સરસ્વતીનું પાણી અડતાં જ તે સર્વ પાપોથી મુક્ત થઈ ગયો.[૫૬-૫૭] પછી આહારના લોભથી તેણે કુલમઠમાં પ્રવેશ કર્યો. ભયભીત થયેલા તે શ્વાનને પ્રવેશ કરેલો જોઇને ધીમે ધીમે ખસીને તેણે (વેને) તેનો સ્પર્શ કર્યો અને સ્થાણુ તીર્થમાં જઇને સ્નાન કર્યું. પ્રથમનાં તીર્થોનાં જળવડે તે ન્હવાયલો હતો, અને આ કૂતરાના શરીર ઉપરના જળના છાંટા પડવાથી પાછો હમણાં પવિત્ર થયો. આથી તે વેન રાજા તથા તે કૂતરો બને એક ક્ષણમાં સંસારથી વિરક્ત ચિત્તવાળા (મુમુક્ષુ) થઈ ગયા.[૫૮-૬૦] સ્થાણુ તીર્થના માહાત્મ્યથી રાજા વેનને તેના પુત્રે તાર્યો. તે જ વખતે વેન દિવ્યદેહવાળો અને જિતેન્દ્રિય થઈ ગયો. પછી સ્થાણુ દેવને જ પ્રણામ કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.[૬૧] વેન બોલ્યોઃ—હે ચંદ્રભૂષણ! અજન્મા! ઈશાન દેવ! હું તમારે શરણે છું. તમે મહાદેવ, મહાત્મા અને જગતના પતિ છો.[૬૨] હે દેવોના ઈશ્વર! સર્વ શત્રુઓનો સંહાર કરનાર તમને નમસ્કાર છે. તમે ઇંદ્ર તથા બલિરાજાને વશ કરનાર છો અને દેવ તથા દૈત્યોએ તમારી પૂજા કરેલી છે.[૬૩] તમે વિરૂપાક્ષ છો, હજાર નેત્રવાળા છો, ત્રણ નેત્રવાળા છો અને યક્ષેશ્વર (કુબેર)ને પ્રિય છો. સર્વ દિશા તરફ તમારા હાથ અને પગ છે તથા સર્વ દિશા તરફ આંખો, મસ્તક અને મુખવાળા છો.[૬૪] લોકમાં સર્વ તરફ તમારા કર્ણ છે અને સર્વને આવરણ કરીને તમે રહેલા છો. તમે શંકુકર્ણ છો, મહાકર્ણ છો, કુંભકર્ણ છો અને સમુદ્રનિવાસી છો.[૬૫] તમે હાથીના જેવા, ગાયના જેવા અને હાથના જેવા કર્ણવાળા છો. તમારે સો જીભ

સો નાભિ (ડુંટી), સો પેટ, અને સો મુખ છે. તમને નમસ્કાર છે.૬૬ ગાયત્રીની ઉપાસના કરનારા લોક ગાયત્રીવડે તમારું ગાયન કરે છે, સૂર્યના ઉપાસકો સૂર્યરૂપે તમારી સ્તુતિ કરે છે અને ઇંદ્રની પણ ઉપર બ્રહ્મસ્વરૂપે તમને માને છે.૬૭ હે મહામૂર્તિ ! જેમ ગૌશાળામાં ગાયો હોય છે, તેમ તમારી મૂર્તિમાં બધા સમુદ્રો, આખી પૃથ્વી અને સર્વે દેવતાઓ સમાયલા છે.૬૮ તમારા શરીરમાં ચંદ્ર, અગ્નિ, વરુણ, નારાયણ, સૂર્ય, બ્રહ્મા તથા બૃહસ્પતિને હુ જોઉં છું.૬૯

હે ભગવન્! તમે જ કારણ, કાર્ય, ક્રિયા, કરણ, પ્રભવ, પ્રલય, સત, અસત્, અને દૈવત છે.૭૦ હે ભવ ! શર્વ ! વરદાન આપનાર! ઉગ્રરૂપવાળા, તમને નમસ્કાર છે. તમે અંધકાસુરનો નાશ કરનારા છો અને પશુઓના પતિ છો. તમને નમસ્કાર છે.૭૧ ત્રણ જટાવાળા, ત્રણ મસ્તકવાળા, ત્રિશૂળ ધારણ કરનાર, ત્રણ આંખોવાળા અને ત્રિપુરનો નાશ કરનાર, હે દેવ ! તમને નમસ્કાર છે.૭૨ હે દંડ, ચંડ અને અંડ સ્વરૂપ ! જગતની ઉત્પત્તિના હેતુરૂપ ! તમને નમસ્કાર છે. તમે ડિંડિમ (ડમરુ)માં આસક્ત છો અને દંડિમુંડ (સન્યાસીના જેવા મસ્તકવાળા) છો. તમને નમસ્કાર છે.૭૩ હે ઉર્ધ્વ કેશ અને દાઢવાળા! શ્વેતવર્ણ અવિકૃત સ્વરૂપ ! તમને નમસ્કાર છે. તમે ધૂમાડા જેવા રંગવાળા, લાલ રંગવાળા, કાળા રંગવાળા અને નીલગ્રીવ છો. તમને નમસ્કાર છે.૭૪ તમે અપ્રતિરૂપ, વિરૂપ અને શિવરૂપ છો, તમને નમસ્કાર છે. તમે સૂર્યમાળા સમાન, સૂર્યરૂપ અને મુડમાળા ધારણ કરનારા છો. તમને નમસ્કાર છે.૭૫ તમે બહુરૂપ, સુંદર અને અતિ ચતુર છો. તમને નમસ્કાર છે. હે ગણેન્દ્રનાથ ! વૃષસ્કંધ ! ધનુષ ધારણ કરનાર ! તમને નમસ્કાર છે.૭૬ તમે સક્રંદન, ચંડ, પર્ણધાર અને પુટસ્વરૂપ છો. તમે સુવર્ણના જેવા વર્ણવાળા સુવર્ણ સ્વરૂપ છો. તમને નમસ્કાર છે.૭૭ તમે સ્તુતિ કરાયલા, સ્તુતિસ્વરૂપ અને સ્તુતિમાં રહેલા છો. સર્વરૂપ, સર્વભક્ષી અને સર્વભૂત માત્રના શરીરરૂપ છો. તમને નમસ્કાર છે.૭૮ તમે હોતારૂપ, સંહારકર્ત્તારૂપ અને ઉંચો શ્વેત પતાકાવાળા છો. તમે તમરૂપ, મંત્રરૂપ અને કરકટરૂપ છો. તમને નમસ્કાર છે.૭૯ તમે કૃશ નાશ (ઝીણા નાકવાળા) છો સૂતેલા છો અને ઉઠેલા છો. તમને નમસ્કાર છે. હે સ્થિતિવાળા, તેજ તત્ત્વરૂપ, મુડરૂપ અને કુટિલરૂપ ! તમને નમસ્કાર છે.૮૦ તમે નર્તનશીલ તથા લય અને વાદિત્રયુક્ત છો. નાટયકળાના ઉપહાર (ભેટ)માં તમે લોભવાળા છો અને મુખના વાદિત્રમાં કુશળ છો. તમને નમસ્કાર છે.૮૧

તમે જ્યેષ્ઠ, શ્રેષ્ઠ, બળવાન્ અને અતિ બળવાનનો ઘાત કરનારા છો. કાળનો નાશ કરનાર કાળસ્વરૂપ અને સંસારના ક્ષયરૂપ છો. તમને નમસ્કાર છે.૮૨ તમે હિમાચળની પુત્રીના ભર્ત્તા છો, ભૈરવરૂપ છો, ઉગ્ર છો, નિત્ય છો અને દશબાહુવાળા છો. તમને નમસ્કાર છે.૮૩ તમને ચિતાની ભસ્મ પ્રિય છે અને તમો હાથમાં કપાલ (ખોપરી) ધારણ કરો છો. તમે વિભીષણરૂપ છો,

ભીમરૂપ છો અને હિમવ્રતધારી છો. તમને નમસ્કાર છે.[૮૪] તમે વિકૃત મુખવાળા છો, અતિ ઉગ્ર દૃષ્ટિવાળા છો, પકાવેલા અને કાચા માંસના લોભી છો, અને તુંબી તથા વીણા તમને પ્રિય છે. તમને નમસ્કાર છે.[૮૫] હે વૃષાંકવૃષ્ટ! હે ગોમિન્ (ગાયના પતિ)! તમને નમસ્કાર છે. હે કટંકટ! ભીમ! અને પચપચ સ્વરૂપ! તમને નમસ્કાર છે.[૮૬]

તમે સર્વથી શ્રેષ્ઠ, વરસ્વરૂપ અને વરદાન આપનાર છો. વિરક્ત મુખવાળા, ભાવનારૂપ અને અક્ષમાળાવાળા તમને નમસ્કાર છે.[૮૭] તમે વિભેદ અને ભેદથી ભિન્ન છો, છાયારૂપ અને તપન (સૂર્ય) રૂપ છો. અઘોરરૂપ, ઘોરરૂપ અને અતિ ઘોરરૂપ છો. તમને નમસ્કાર છે.[૮૮] તમે શિવરૂપ, શાંતરૂપ અને અતિ શાંતરૂપ છો. બહુ નેત્ર અને કપાળવાળા છો, છતાં એક મૂર્તિરૂપ છો. તમને નમસ્કાર છે.[૮૯] તમે ક્ષુદ્ર છો, લોભી છો, તમને યજ્ઞભાગ પ્રિય છે. તમને નમસ્કાર છે. હે પંચાલ! શ્વેત અંગવાળા! તમે યમને નિયમમાં રાખનારા છો. તમને નમસ્કાર છે.[૯૦] હે ચિત્રોરુઘંટ! ઘંટાઘંટ! નિઘંટી! તમને નમસ્કાર છે. હજારો ઘંટાવાળા અને ઘંટાની માળા ધારણ કરનારા! તમને નમસ્કાર છે.[૯૧] હે પ્રાણી સંઘટ્ટઘંટ સ્વરૂપ! કિલકિલ પ્રિય! તમને નમસ્કાર છે. તમે હુંકારપાર, હુંકાર તથા પ્રિયસ્વરૂપ છો. તમને નમસ્કાર છે.[૯૨] હે સમસમિ! ઘર અને વૃક્ષ બંને તમારાં મકાન છે. હે ગર્ભમાંસના શૃગાલ સ્વરૂપ, તારનાર અને તરનાર! તમને નમસ્કાર છે.[૯૩] હે યજ્ઞરૂપ, યજમાનરૂપ, હુતરૂપ અને પ્રહુતરૂપ! તમને નમસ્કાર છે.[૯૪] તમે તુંડ, તુંબ, અને તુંડગણોના પતિ છો. તમે અન્ન આપનાર, અન્નના પતિ અને અન્ન ભક્ષણ કરનાર છો. તમને નમસ્કાર છે.[૯૫] તમે હજાર મસ્તકવાળા છો, ઊંચાં કરેલાં હજાર ત્રિશૂળવાળા છો અને હજારો આભૂષણવાળા છો. તમને નમસ્કાર છે.[૯૬]

તમે બાળકોના અનુચર તથા રક્ષક છો, બાળલીલાના વિલાસી છો, બાળ છો, વૃદ્ધ છો ક્ષુબ્ધ છો અને ક્ષોભણ છો. તમને નમસ્કાર છે.[૯૭] તમારા કેશ હાલવાથી તેમાંથી ભાગીરથી નીકળેલી છે, તમે મુંજ કેશવાળા છો, તમને નમસ્કાર છે. ષટ્કર્મવડે તમે પ્રસન્ન થાઓ છો અને ત્રણ કર્મોમાં સદા રમી રહેલા છે. તમને નમસ્કાર છે.[૯૮] તમે નગ્નપ્રાણ, ચંડ, કૃશ, અને સ્ફોટન છો, તમને નમસ્કાર છે તમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કથ્યરૂપ અને કથન રૂપ છો. તમને નમસ્કાર છે.[૯૯] તમે સાંખ્ય છો, સાંખ્યમાં મુખ્ય છો, સાંખ્ય યોગના મુખરૂપ છો, તમે વિરથરથ્ય, અને ચતુષ્પથના રથ સ્વરૂપ છો. તમને નમસ્કાર છે.[૧૦૦] કાળા હરણનું ચામડું એ તમારું ઉત્તરીય (ઓઢવાનું) વસ્ત્ર છે. તમે સિંહના જેવી કેશવાળીવાળા છો. ત્રણ નેત્રવાળા છો. અંબિકાના નાથ છો. અવ્યક્ત તથા વ્યક્ત સ્વરૂપ છો અને સર્વના વિધાતા છો. તમને નમસ્કાર છે.[૧૦૧] તમે કામનારૂપ, કામના પૂર્ણ કરનારા અને કામનાઓનો નાશ કરનારા છો. તૃપ્ત તથા

અતૃપ્તના વિચારવાળા છો. તમે સર્વના ઉપર દયા કરવાવાળા છો, અપઘ્ન (ભયનો નાશ કરનારા) છો, અને કલ્પ સંખ્યાના વિચારવાળા છો. તમને નમસ્કાર છે.[૧૦૨] હે મહાસત્ત્વ! મહાબાહુ! મહાબલ! તમને નમસ્કાર છે. હે મહામેઘધર! પ્રખ્ય! મહાકાલ! મહાદ્યુતિ! તમને નમસ્કાર છે.[૧૦૩] તમે મેઘાવર્ત્ત છો, યુગાવર્ત્ત છો, ચંદ્ર અને સૂર્યના પતિ છો, અન્ન છો, અન્નના ભોક્તા છો, પકવભુક્, પાવન અને અનલ છો. તમને નમસ્કાર છે.[૧૦૪]

તમે જ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ છો. તમને નમસ્કાર છે. હે દેવદેવેશ! તમે એ ચાર પ્રકારના ભૂતસમૂહ છો.[૧૦૫] આ ચરાચરના તમે સ્રષ્ટા છો તથા પાલન કર્ત્તા અને સંહાર કર્ત્તા પણ છો. બ્રહ્મને જાણનારા તમને બ્રહ્મવિદોની ગતિરૂપ કહે છે.[૧૦૬] તમે મનની પરમ જ્યોતિ છો, જ્યોતિની પણ જ્યોતિ છો. બ્રહ્મવાદીઓ તમને હંસ, વૃક્ષ અને મધુકર કહે છે.[૧૦૭] યજ્ઞેષ્ટક મુનિઓ તમને શ્રેષ્ઠ કહે છે, અને વેદ તથા ઉપનિષદોવડે તમારી સ્તુતિનો પાઠ કરે છે.[૧૦૮] તમે જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને બીજી વર્ણોરૂપ છો. તમે જ મેઘસમૂહરૂપ, વિદ્યુતરૂપ અને વજ્રની ગર્જનારૂપ છો.[૧૦૯] તમે જ સંવત્સર છો, ઋતુઓ છો, માસ છો અને અર્ધમાસ છો. તમે જ યુગો, નિમેષો, કાષ્ઠા, નક્ષત્રો, અને બળવાન્ ગ્રહો છો.[૧૧૦] વૃક્ષોમાં તમે કકુભ (અર્જુન વૃક્ષ) છો, પર્વતોમાં હિમાચલ છો, પશુઓમાં વાઘ છો, પક્ષીઓમાં ગરુડ છો અને સર્પોમાં અનંત છો.[૧૧૧] સમુદ્રોમાં તમે ક્ષીરસમુદ્ર છો, યમોમાં ધનુષ છો, અસ્ત્રોમાં વજ્ર છો અને વ્રતોમાં સત્ય છો.[૧૧૨] તેમ જ દ્વેષ, ઇચ્છા, રાગ, મોક્ષ, ક્ષમા, અક્ષમા, વ્યવસાય, ધૃતિ, લોભ, કામ, ક્રોધ, જય, અને અજય છો.[૧૧૩] તમે બાણ, ગદા, ખટ્વાંગ અને ધનુષ ધારણ કરનાર છો. તમે છેદનાર, ભેદનાર, મારનાર, વિચાર કરનાર, દોરનાર અને સનાતન છો.[૧૧૪] દશ લક્ષણયુક્ત ધર્મ, અર્થ અને કામ તમે છો. સમુદ્રો, નદીઓ, ગંગા, પર્વતો અને સરોવરો તમે જ છો.[૧૧૫] લતાઓ, વેલો, તૃણ, ઔષધિ, પશુ, મૃગ, પક્ષી અને મોટાં મોટાં કર્મો તથા ગુણોના આરંભરૂપ અને પુષ્પ તથા ફળ આપનારા કાળરૂપ તમે છો.[૧૧૬]

વેદોના આદિ અને અંતરૂપ તથા ગાયત્રી અને પ્રણવરૂપ તમે છો. તમે લાલ, લીલો, ભૂરો, કાળો, પીળો તથા ધોળો એવા જૂદા જૂદા રંગવાળા છો.[૧૧૭] તમે કદ્રુ (કષાય), કપિલ, કપોત તથા મેચક વર્ણવાળા છો. તમે રંગવાળા તેમ જ રંગ વગરના છો. કર્ત્તા તથા હર્ત્તા તમે જ છો.[૧૧૮] તમે જ ઇંદ્ર, યમ, વરુણ, કુબેર અને વાયુ છો. તમે જ ઉપપ્લવ, રાહુ, ભાનુ, અને સ્વર્ભાનુ છો.[૧૧૯] તમે જ શિષ્ય, હોમ અને યજુર્વેદમાં શતરુદ્રિય ત્રિસૌપર્ણ છો, પવિત્રોમાં પવિત્ર અને મંગળોમાં મંગળ તમે છો.[૧૨૦] ટીંબરવો અને મહુડાનું વૃક્ષ તથા ભગ તે તમે જ છો. તમામ પ્રાણી માત્રના પ્રાણ અને સત્ત્વ, રજ તથા તમો ગુણરૂપ અને કીર્તિના પતિ તમે જ છો.[૧૨૧] પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પંચ પ્રાણ તથા ઉન્મેષ,

નિમેષ, છિક અને બગાસુ તે તમે છો.[૧૨૨] તમે લોહિત નામના વનમાં ગયેલા, દષ્ટિ-સ્વરૂપ, મોટા મુખવાળા, મોટા પેટવાળા, પવિત્ર રોમ (રૂવાં) વાળા, માંજરી મૂછોવાળા, ઊંચા કેશવાળા, ચળ અને અચળ છો.[૧૨૩] તમે ગીત વાદિત્ર અને નૃત્ય જાણનાર છો તથા ગીત વાદિત્ર અને નૃત્ય તમને પ્રિય છે. તમે માછલું, જાળ, જળો, કાળની રમત અને કલા તથા કલિ છો.[૧૨૪] અકાલ, વિકાલ, દૂષ્કાલ, કાલ, મૃત્યુ, મૃત્યુકર્ત્તા, યજ્ઞ અને યજ્ઞભયંકર તમે જ છો.[૧૨૫]

તમે સંવર્ત્તકના અંતક તથા સંવર્તકના બલાહક છો. ઘંટ,* ઘંટી, મહાઘંટી, ચરી, માલી અને માતલિ તમે જ છો.[૧૨૬] બ્રહ્મ, કાલ, યમ અને અગ્નિને દંડ કરનાર તમે છો. તમે મુંડી છો તથા ત્રણ મુંડ (માથાં) ધારણ કરનાર છો. ચાર યુગ, ચાર વેદ, અને ચાર હોત્રના પ્રવર્ત્તક તમે છો.[૧૨૭] ચાર આશ્રમના નેતા તથા ચાર વર્ણના કરનાર તમે છો. તમે નિત્યલક્ષપ્રિય, મૂર્ત્ત, ગણાધ્યક્ષ અને ગણાધિપ છો.[૧૨૮] રાતાં ફુલ અને રાતાં વસ્ત્ર ધારણ કરનાર તમે છો. તમને ગૈરિક (ગેરુનો) રંગ પ્રિય છે. તમે શિલ્પી છો, શિલ્પીઓમાં શ્રેષ્ઠ છો અને સર્વ પ્રકારની શિલ્પ-કળાના પ્રવર્ત્તક છો.[૧૨૯] તમે ભગનેત્રાંકુશ (ઇંદ્રના અંકુશરૂપ), શંભુ, પૂષાદેવના, દંતવિનાશક છો. સ્વાહા, સ્વધા, વષટ્કાર અને નમસ્કાર રૂપ તમે છો. તમને નમસ્કાર છે.[૧૩૦] તમારું વ્રત ગૂઢ છે, તપ ગુહ્ય છે, તમે તારક છો, તારકામય છો, તમે ધાતા, વિધાતા, સંધાતા અને પૃથ્વીનું ધારણ કરવામાં શ્રેષ્ઠ છો.[૧૩૧] તમે બ્રહ્મા, તપ, સત્ય, વ્રતાચરણ અને આર્જવરૂપ છો. તમે ભૂતાત્મા, ભૂતકર્ત્તા, ભૂતિરૂપ અને ભવ્ય ભવોદ્ભવ છો.[૧૩૨] તમે ભૂર્, ભુવર્ અને સ્વર છો. ઋત, ધ્રુવ, દંત અને મહેશ્વર છો. દીક્ષિત, અદીક્ષિત, કાન્ત, દુર્દાન્ત અને દાન્તસંભવ તમે છો.[૧૩૩] તમે ચંદ્રાવર્ત્ત, યુગાવર્ત્ત, સંવર્ત, સંપ્રવર્તક, બિંદુ, કામ, અણુ અને સ્થૂલ છો. કરેણનાં ફુલની માળા તમને પ્રિય છે. તમે નંદિમુખ, ભીમમુખ, સુમુખ, દુર્મુખ, હિરણ્યગર્ભ, શકુનિ, મહોરગપતિ અને વિરાટ છો.[૧૩૪--૧૩૫]

તમે અધર્મનો નાશ કરનાર, દંડધારી, ગણોત્કટ તથા મહાદેવ છો. તમે ગોનર્દ, ગોપ્રતાર અને ગોવૃષેશ્વરનું વાહનવાળા છો.[૧૩૬] તમે ત્રિલોકનું રક્ષણ કરનાર, ગોવિંદ, ગોમાર્ગ અને માર્ગ સ્વરૂપ છો. તમે સ્થિર, શ્રેષ્ઠ, સ્થાણુ, વિકોપ અને કોપરૂપ છો.[૧૩૭] તમે દુર્વારણ, દુર્વિષહ, દુઃસહ, દુરતિક્રમ, દુર્ધર, દુષ્પ્રકાશ, દુર્દર્શ, દુર્જય અને જય છો.[૧૩૮] તમે ચંદ્ર, અગ્નિ, શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા અને આમયરૂપ છો. તમે આધિ તથા વ્યાધિરૂપ અને આધિવ્યાધિનો નાશ કરનાર છો.[૧૩૯] તમે સમૂહ, અસમૂહ, હંતા દેવ, સનાતન, શિખંડી, પુંડરીક અને પુંડરીક વનમાં નિવાસ કરનારા છો.[૧૪૦] તમે ત્રણ આંખવાળા, દંડ ધારણ કરનારા, ઉગ્રદાઢવાળા, કુલનો નાશ કરનારા, વિષાગ્ર, સુરશ્રેષ્ઠ, સોમપાન કરનાર અને મરુત્પતિ છો.[૧૪૧] તમે અમૃત પાનકરનાર, જગન્નાથ, દેવદેવ અને ગણોના ઈશ્વર, વિષાગ્નિપાન કરનાર,

---

* ઘંટ ધારણ કરનાર † માળા ધારણ કરનાર.

સોમપાન કરનાર, ક્ષીરપાન કરનાર, અને ઘીનું પાન કરનાર છો.[૧૪૨] તમે મધુરથી ભ્રષ્ટ થયેલાઓમાં મધુપીનાર અને ઘીથી ભ્રષ્ટ થએલા અને બ્રહ્મવાન્ છો. તમે સર્વ લોકના ભોક્તા અને સર્વ લોકના પિતામહ છો.[૧૪૩] તમે હિરણ્યરેતા એક પુરુષ છો. તમેજ પુરુષ, સ્ત્રી અને નપુંસક છો. તમે બાળક, યુવાન્, વૃદ્ધ, પડી ગયેલા દાંતવાળા, તમે ગિરિ, વિશ્વકૃત અને વિશ્વકર્ત્તા છો.[૧૪૪]

તમે ધાતા છો, વિશ્વ રચનારા, પ્રાર્થના કરવા યોગ્ય એવા તમારી હંમેશાં નમવાવાળાઓ પૂજા કરે છે. ચંદ્ર અને સૂર્ય તમારાં નેત્રો છે. તમે જ અગ્નિ તથા પ્રપિતામહ છો. ભવાની તે જ વાણીના બળની મૂલભુત સરસ્વતી છે. રાત્રિ અને દિવસરૂપ ઉન્મેષ અને નિમેષના તમે કર્ત્તા છો.[૧૪૫] હે શંકર! બ્રહ્મા, ગોવિંદ અને પુરાણ ઋષિઓ યથાર્થપણે તમારું માહાત્મ્ય જાણવાને સમર્થ નથી.[૧૪૬] હજારો પુરુષોમાં વ્યાપ્ત થઇને મહાતમસની પાર તમે સદા રક્ષણ કર્ત્તા છો.[૧૪૭] નિદ્રા વગરના, પ્રાણાયામ કરનારા, સત્વસ્થ તથા જિતેન્દ્રિય યોગી પુરુષો જે જ્યોતિર્નાં દર્શન કરે છે, તે યોગાત્માને નમસ્કાર છે.[૧૪૮] જે મૂર્ત્તિઓ સૂક્ષ્મ છે તે વર્ણન કરી શકાય એવી નથી. તે મૂર્તિઓવડે પિતા જેમ પોતાના ઔરસ પુત્રનું રક્ષણ કરે, તેમ મારું રક્ષણ કરો.[૧૪૯] હે અનઘ! હું તમારો રક્ષણીય છું. મારું રક્ષણ કરો. તમને નમસ્કાર છે. હે ભક્તના ઉપર અનુકંપા કરનારા ભગવાન્! હું સદાનો તમારો ભક્ત છું[૧૫૦] તમે જટાવાળા, દંડધારણ કરનારા, લંબોદર, યજ્ઞસ્વરૂપ, મોટી જીભવાળા, મોટા દાંતવાળા અને રુદ્રરૂપ છો. તમને નિત્ય નમસ્કાર છે.[૧૫૧] જેના કેશોમાં મેઘો રહેલા છે, શરીરની સર્વ સંધિઓમાં નદીઓ રહેલી છે અને કૂખમાં ચાર સમુદ્રો રહેલા છે, એવા જળસ્વરૂપ જે તમે તેમનેનમસ્કાર છે.[૧૫૨] પ્રલય સમયે સર્વ ભુતોનું ભક્ષણ કરીને પછી જે જળમાં શયન કરીને રહેલા છે, એવા જળશાયીને શરણે હું આવેલો છું.[૧૫૩]

જે રાહુના મુખમાં પ્રવેશ કરીને રાત્રે ચંદ્રને ગળી જાય છે, એવા તમને નમસ્કાર છે. તમારા તેજથી સૂર્યને ગ્રસતો રાહુ રક્ષાયલો છે.[૧૫૪] જે રુદ્રલોકના ગર્ભો પતિત થએલા છે, તે તમારી કૃપાથી આનંદ પામે છે. એવા સ્વધા સ્વાહારૂપ આપને નમસ્કાર છે.[૧૫૫] જે મનુષ્યોના શરીરમાં એક અંગુષ્ઠમાત્ર રૂપે રહેલા છે, તે મારી રક્ષા કરો તથા મારી સમીપ નિત્ય રહો[૧૫૬] જે નદીઓમાં, સમુદ્રોમાં, પર્વતોમાં, ગુફાઓમાં, ઝાડોના મૂળમાં, ગાયોની કોઢોમાં, ગહન જંગલોમાં,[૧૫૭] ચૌટાઓમાં, શેરીઓમાં, ચોકમાં, સભાઓમાં, ગજશાળામાં, રથશાળામાં, જીર્ણ વાડીઓ તથા મકાનોમાં[૧૫૮] પંચભૂતોમાં, દિશાઓમાં, વિદિશાઓમાં, ચંદ્ર તથા સૂર્યમાં તથા ચંદ્ર સૂર્યના કિરણોમાં રહેલા છે.[૧૫૯] અને રસાતલમાં જે વ્યાપી રહેલા છે તથા જેની પણ પાર ગયેલા છો તેમને સર્વદા નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર છે.[૧૬૦] જેમની સંખ્યા, પ્રમાણ તથા રૂપ માલમ પડતાં નથી, તે અનેક રુદ્રગણોને નિત્ય નિત્ય નમસ્કાર છે.[૧૬૧] મારા ઉપર પ્રસન્ન થાઓ, મારું કલ્યાણ કરો, હું

તમારા ભાવને પામેલો છું. હે દેવ! તમારામાં જ મારું હૃદય, બુદ્ધિ તથા મતિ છે.[૧૬૨] હે દ્વિજોત્તમ! વેન રાજા એ પ્રમાણે મહાદેવની સ્તુતિ કરીને પછી વિરામ પામ્યો.[૧૬૩]

स्तुत्वैवं स महादेवं विरराम द्विजोत्तमः ॥ १६३ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે સુડતાળીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૮ મો.

વેનનો મોક્ષ (ચાલુ).

सनत्कुमार उवाच—अथैनमब्रवीद्देवस्त्रैलोक्याधिपतिर्भवः ॥
आश्वासनकरं चास्य वाक्यविद्वाक्यमुत्तमम् ॥ १ ॥

સનત્કુમાર બોલ્યા:--ત્રૈલોકયાધિપતિ, વાકયનો મર્મ જાણનાર, મહાદેવજી આશ્વાસન આપે એવાં ઉત્તમ વાકયો તેને (વેનને) કહેવા લાગ્યા.[૧] શિવજી બોલ્યા:—હે રાજન્! હે સુવ્રત! હું તારી આ સ્તુતિથી પ્રસન્ન થયો છું. મારી આગળ હવે વિશેષ બોલવાનું કંઈ બાકી રહેતું નથી.[૨] ઘણો કાળ રહ્યા પછી મારા શરીરથી ઉત્પન્ન થઇને દેવોનો નાશ કરનાર અંધક નામનો અસુર તું થઇશ.[૩] હિરણ્યાક્ષના ઘરમાં જન્મીને તું વૃદ્ધિ પામીશ, અને વેદની નિંદારૂપી ઘોર અધર્મથી જગન્માતા પાર્વતીના તરફ જ્યારે તુ અભિલાષાવાળો થઇશ, ત્યારે ત્રિશૂળથી તારા શરીરને છેદી નાંખીને દશ કરોડ વર્ષ સુધી તને અધોગતિમાં નાંખીશ.[૪-૫]

ત્યાં ભક્તિપૂર્વક મારાં દર્શન કરીને પાપ મુક્ત થઇને તું ભૃંગિરિટિ નામે પ્રખ્યાત ગણાધ્યપ થઇશ.[૬] પછી મારી પાસે રહેવાથી તું સિદ્ધિ પામીશ. વેનનું કહેલું આ સ્તવન જે કોઈ ગાશે અથવા સાંભળશે, તેને કદાપિ અશુભ થશે નહિ તથા તે દીર્ઘાયુ થશે. જેમ સર્વ દેવોમાં ભગવાન્ શિવ શ્રેષ્ઠ છે, તેમ સર્વ સ્તવનોમાં વેનનું રચેલું આ સ્તવન ઉત્તમ છે. યશ, રાજ્ય, સુખ, ઐશ્વર્ય, ધન, માન અને અર્થની ઇચ્છા રાખનારાઓએ અને વિદ્યાની ઇચ્છાવાળાએ ભક્તિભાવથી પ્રયત્નવડે એ સાંભળવું જોઇએ. રોગી, દુ:ખી, ગરીબ, ચોર, રાજાના ભયવાળો અથવા રાજાની નોકરી ખોઈ બેઠેલો હોય તો તે ભયથી મુક્ત થાય છે અને આ દેહથી જ સર્વ વર્ણમાં શ્રેષ્ઠપણાને પામે છે.[૭-૧૧]

તે તેજસ્વી અને કીર્તિવાન્ તથા પવિત્ર થાય છે. રાક્ષસો, પિશાચો, ભૂતો અને વિનાયકો કોઈપણ, જે ઘરમાં આ સ્તવનનો પાઠ થાય છે, તે ઘરમાં કંઈ વિઘ્ન કરી શકતા નથી. સ્ત્રીઓએ પોતાના પતિની રજા લઇને આ સ્તવન સાંભળવું જોઇએ.[૧૨-૧૩] જે એમ સાંભળે તે પોતાના માતૃપક્ષ તથા પિતૃપક્ષમાં દેવી સમાન પૂજાય છે. જે કોઈ આ દિવ્ય સ્તવન સાંભળે તથા સાવધાન થઇને તેનો પાઠ કરે, તેનાં સર્વ

કાર્યો સિદ્ધ થાય છે અને જે જે મનમાં ચિંતવે અથવા જે મોઢેથી કહે તે સર્વ આ સ્તવનના કીર્તનથી તેને પ્રાપ્ત થાય છે તથા મન, વાણી અને કર્મથી જે પાપ કર્યાં હોય તે બધાં નાશ પામે છે. માટે તારા મનમાં જે ઇચ્છા હોય તે વરદાન તું માગી લે.[૧૪–૧૬]

વેન કહે છેઃ—આ લિંગના માહાત્મ્યથી તથા દર્શનથી, તેમ તમારાં દર્શનથી હું સર્વ પાપથી મુક્ત થયો છું.[૧૭] જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો અને મને વરદાન આપતા હો તો હે દેવ! દેવદ્રવ્યના ભક્ષણથી કુતરાની યોનિને પામેલા આ તમારા સેવકને પણ અનુગ્રહ કરો. એના ભયથી જ હું આ સરોવરમાં પડ્યો હતો.[૧૮–૧૯] દેવોએ પ્રથમ આ તીર્થમાં સ્નાન કરતાં મને અટકાવ્યો હતો. પણ આણે મારા ઉપર ઉપકાર કર્યો છે, કે જેથી હું સ્નાન કરવા પામ્યો, તેથી હું આવું વરદાન માગું છું.[૨૦] તેનાં એવાં વચન સાંભળીને શંકર પ્રસન્ન થઇને બોલ્યા કે, એ પણ પાપ મુક્ત થશે એમાં સંશય નથી.[૨૧] હે મહાબાહો! તે મારા પ્રસાદથી શિવલોકમાં જશે અને આ સ્તવન સાંભળીને સર્વ પાપથી મુક્ત થશે.[૨૨] હે મહીપતિ! કુરુક્ષેત્રનું તથા આ સરોવરનું માહાત્મ્ય અને લિંગની ઉત્પત્તિ સાંભળીને મનુષ્ય પાપથી મુક્ત થાય છે.[૨૩]

સનત્કુમાર બોલ્યાઃ—સર્વ લોકથી નમસ્કાર કરાયલા મહેશ્વર ભગવાન્ એ પ્રમાણે કહીને સર્વ લોકના દેખતાં ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.[૨૪] પછી તે કુતરાને તે જ વખતે પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું, એટલે દિવ્ય મૂર્ત્તિ ધારણ કરી રાજાની સામો ઉભો રહ્યો.[૨૫] વેનપુત્ર પણ સ્થાણુ તીર્થમાં સ્નાન કરીને પિતાના દર્શનની લાલસાથી પર્ણશાળામાં ગયો તો તે પર્ણશાળાને સૂની જોઈ શોક કરવા લાગ્યો.[૨૬] એટલે વેન રાજા ઘણો હર્ષ પામીને કહેવા લાગ્યો કે, હે સત્પુત્ર! તેં નરકમાંથી મારું રક્ષણ કર્યું છે.[૨૭] તેં હંમેશાં દરેક તીર્થના કિનારા ઉપર બેસાડીને તીર્થજલથી મને સ્નાન કરાવ્યું હતું અને આ સાધુ પુરુષની કૃપાથી સ્થાણુ દેવનાં દર્શન થયાં, તેથી હું સર્વ પાપથી મુક્ત થયો છું અને જ્યાં શંકર ભગવાન્ રહે છે તે સ્વર્લોકમાં હવે જઇશ. એ પ્રમાણે કહીને મહેશ્વરની પ્રતિષ્ઠા કરી.[૨૮–૨૯] તે પુત્રે ઉદ્ધાર કરેલો એવો વેન રાજા સ્થાણુ તીર્થમાં સિદ્ધિ પામ્યો હતો, અને તે કૂતરો પણ સ્થાણુ તીર્થના પ્રભાવથી સિદ્ધિ પામ્યો હતો.[૩૦] એ રીતે સર્વ પાપથી મુક્ત થઇને રાજા વેન શિવલોકમાં ગયો, અને તેનો પુત્ર પણ પિતૃઋણથી મુક્ત થઇને પૃથ્વીનું પરિપાલન કરવા લાગ્યો.[૩૧] અનેક પુત્રોને ઉત્પન્ન કરીને ધર્મથી નિર્વિઘ્ન યજ્ઞો કરીને, બ્રાહ્મણોને ઇચ્છા મુજબ દાનો આપીને વિવિધ પ્રકારના ભોગો ભોગવીને, મિત્રોને ધનવાન્ કરીને, સ્ત્રીઓને કામથી તૃપ્ત કરીને અને પુત્રને રાજ્ય સોંપીને તે રાજા (વેનપુત્ર) કુરુક્ષેત્રમાં ગયો.[૩૨–૩૩] ત્યાં તે ઘોર તપ કરીને અને શંકરનું પૂજન કરીને પોતાની ઇચ્છા પ્રમાણે શરીરનો ત્યાગ

કરીને પરમપદ પામ્યો.[૩૪] આવો સ્થાણુ તીર્થનો પ્રભાવ જે માણસ સાંભળે, તે સર્વ પાપથી મુક્ત થઇને પરમ ગતિને પામે છે.[૩૫]

एतत्प्रभावं तीर्थस्य स्थाणोर्यः शृणुयान्नरः ॥
सर्वपापविनिर्मुक्तः प्रयाति परमां गतिम् ॥ ३५ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે અડતાલીશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪૯ મો.

બ્રહ્માના પાપનું નિવારણ.

मार्कंडेय उवाच—चतुर्मुखानामुत्पत्तिं विस्तरेण ममानघ ॥
पृथ्वीश्वराणां च तथा श्रोतुमिच्छा प्रवर्तते ॥ १ ॥

માર્કંડેય કહે છે:—હે અનઘ! બ્રહ્માજીની, મારી તથા રાજાઓની ઉત્પત્તિ વિસ્તારપૂર્વક સાંભળવાની મને ઇચ્છા છે.[૧] સનત્કુમાર બોલ્યા:—હે નિષ્પાપ! સૃષ્ટિની ઇચ્છાવાળા પદ્મજન્મા બ્રહ્માજીનો વૃત્તાન્ત સંપૂર્ણ હું તમને કહું છું, તે તમે સાંભળો.[૨] પ્રથમ ઉત્પન્ન થયેલા, લોકોના પિતામહ બ્રહ્માજીએ આ સ્થાવર જંગમ સર્વ પદાર્થો બનાવ્યા.[૩] પછી પાછી સૃષ્ટિ ઉત્પન્ન કરવાની તેમને ઇચ્છા થઈ. એટલે એક સુંદર કન્યા ઉત્પન્ન થઈ. તે નીલકમળના જેવી શ્યામ, પાતળી કેડવાળી અને સુદર આંખવાળી હતી.[૪] તે મનહરણી કન્યાને જોઇને બ્રહ્માજીએ મૈથુનની ઇચ્છાથી તેને પોતાની પાસે બોલાવી. તે પાપથી બ્રહ્માનું એક માથું કપાઈ ગયું.[૫] તે કપાઈ ગયલા માથાથી બ્રહ્મા ત્રિલોકમાં વિખ્યાત, સર્વ પાપને નાશ કરનાર, પવિત્ર સંનિહત્ય તીર્થમાં ગયા.[૬] ઋષિઓ અને સિદ્ધોએ સેવેલા તે પુણ્યકારક સ્થાણુ તીર્થમાં સરસ્વતીને ઉત્તર તીરે બ્રહ્માએ મહાદેવજીની પ્રતિષ્ઠા કરી[૭] અને પછી દરરોજ ઉત્તમ એવા ધૂપ, ગંધ, ઉપહાર અને રુદ્રસૂક્તોવડે તેમની આરાધના કરવા લાગ્યા.[૮] શિવપૂજામાં તત્પર એવા બ્રહ્માજીની ભક્તિથી નીલલોહિત સાક્ષાત્ શંકર ભગવાન્ ત્યાં આવીને પ્રકટ થયા.[૯] શિવજીને ત્યાં આવેલા જોઇને લોકના પિતામહ બ્રહ્મા શિરસા પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યા.[૧૦]

બ્રહ્મા કહે છે:—હે ભૂત ભવિષ્યના આશ્રયરૂપ મહાદેવ! તમે નિત્ય છો, ત્રૈલોક્યના નાથ છો, તમને નમસ્કાર છે.[૧૧] તમે પવિત્ર દેહવાળા છો, સર્વ પાપનો નાશ કરનારા છો, ચરાચરના ગુરુ છો, ગુહ્યમાં જે ગુહ્ય હોય છે તેનો પણ પ્રકાશ કરનારા છો, તમને નમસ્કાર છે.[૧૨] જે રોગો વૈદ્યોથી પણ મટતા નથી, તે સર્વ રોગોને પણ તમે નાશ કરનારા છો. તમે મૃગચર્મ ધારણ કરનારા છો તથા શોકથી રહિત છો. તમને નમસ્કાર છે.[૧૩] પાણીના તરંગોથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની પેઠે અપાર બુદ્ધિથી ખળભળી રહેલા તમે છો. હે દેવ! તમારા નામનો જપ કરવાથી માણસને

ફરી સંસારમાં આવવું પડતું નથી. તમને નમસ્કાર છે.[૧૪] તમે નિત્ય અને ત્રિલોકનો નાશ કરનારા છો, તમે કલ્યાણકર્ત્તા છો, અપ્રમેય છો, વ્યાધિઓને શમાવનાર છો, તમને નમસ્કાર છે.[૧૫] તમે પર છો, અપરિમેય છો, સર્વ ભૂત પ્રાણી તમને પ્રિય છે, તમે યોગેશ્વર છો, દેવ છો, સર્વ પાપના નાશ કરનાર છો, તમને નમસ્કાર છો.[૧૬] હે પ્રસિદ્ધ સ્થાણુ ભગવાન્! તમે સિદ્ધગણરૂપી બંદીજનથી સ્તુતિ કરાયલા છો. તમે પ્રાણીઓના સંસારના દુર્ગરૂપ તથા વિશ્વરૂપ છો, તમને નમસ્કાર છે.[૧૭] ફણીન્દ્ર શેષનાગે તમારો મહિમા ગાયેલો છે, તમે સર્પનાં બાજુબંધ ધારણ કર્યાં છે, સર્પના હાર તમે પહેર્યાં છે એવા ભાસ્કરરૂપ તમને નમસ્કાર છે.[૧૮]

એ પ્રમાણે સ્તુતિ કરવાથી મહાદેવજીએ બ્રહ્માને કહ્યું કે, તમારે કદી શોક કરવો નહિ. જે બનવાનું હોય છે તે બને છે જ.[૧૯] પૂર્વે વરાહકલ્પમાં મેં તમારા એક મસ્તકનું છેદન કર્યું હતું. તે વખતથી તમે ચતુર્મુખ થયેલા છો. તે હવે કદી મટવાના નથી.[૨૦] આ સંનિહિત તીર્થમાં મારા લિંગોની ભક્તિપૂર્વક પ્રતિષ્ઠા કરવાથી તમે સર્વ પાપથી મુક્ત થશો.[૨૧] સૃષ્ટિની ઇચ્છાવાળા તમે મને પ્રેર્યો હતો, તેથી હું તમને સંમત થઇને પ્રાણી માત્રથી અદર્શન થયો હતો.[૨૨] ઘણા કાળ સૂધી તપ કરીને આ સંનિહિત સરોવરમાં હું રહ્યો હતો, તેથી કરીને તમે મારી રાહ જોતા હતા.[૨૩] સર્વ ભૂત પ્રાણીમાત્રને સરજનારા તમે મનમાં મારા રૂપની કલ્પના કરી. એટલે તે કલ્પિત પુરુષે મને જળમાં મગ્ન જોઇને તમને કહ્યું,[૨૪] કે તમારાથી પ્રથમ જન્મેલું કોઈ નથી, તો હું પ્રજાઓને સરજીશ. ત્યારે તમે તેને કહ્યું કે, તમારાથી બીજો કોઈ પુરુષ પહેલાં જન્મેલો નથી.[૨૫] આ સ્થાણુ જળમાં મગ્ન થયેલા છે, તેથી હું વિવશ થઈ ગયેલો છું. તો તમે મારું હિત કરો. પછી તેણે સર્વ ભૂતોને તથા દક્ષાદિ પ્રજાપતિઓને સરજ્યા.[૨૬] જેઓએ આ ચાર પ્રકારના (સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ) ભૂત પ્રાણીમાત્રને ઉત્પન્ન કર્યાં. તે સરજાયલી સર્વ પ્રજાઓ ભૂખી થવાથી પ્રજાપતિને ભક્ષણ કરવાને દોડી ત્યારે તે રક્ષણને માટે પિતામહ બ્રહ્મા પાસે (તમારી પાસે) ગયા.[૨૭–૨૮] અને તમને કહ્યું કે, આ બધી પ્રજાઓના જીવનનું સાધન કરી આપો. ત્યારે તમે તેઓને અન્ન આપ્યું. સ્થાવરોને જેમ મહાઔષધિઓ (વનસ્પતિ) ખોરાકરૂપે છે, તેમ જંગમોમાં બળવાનને નિર્બળ ખોરાકરૂપે થયાં.

એ પ્રમાણે ખોરાક મળવાથી સર્વ પ્રજાઓ જ્યાંથી આવી હતી ત્યાં પાછી ગઈ.[૨૯–૩૦] પછી સર્વ પ્રજાઓ એક બીજાનાં તરફ પ્રેમ રાખીને વૃદ્ધિ પામી. એ પ્રમાણે સર્વ ભૂતોને વૃદ્ધિ પામેલાં જોઇને તમે સંતોષ પામ્યા.[૩૧] પછી તે જળમાંથી ઉઠીને બધી પ્રજાને જોઈ તો મને માલમ પડ્યું કે, એ બધી પ્રજાઓ મારા જ તેજથી ઉત્પન્ન થયેલી છે.[૩૨] તેથી મહા ક્રોધ કરીને મેં લિંગને ઉખાડીને ફેકી દીધું. તે સરોવરની વચમાં પડ્યું ને ત્યાં જ ઊંચે મુખે ચોંટી રહ્યું.[૩૩] ત્યારથી આ લોકમાં તે સ્થાણુ નામથી વિખ્યાત થયું. એનાં એક જ વખત દર્શન કરે તો માણસ સર્વ પાપથી

મુક્ત થાય છે.[૩૪] અને એવો પરમમોક્ષ પામે છે કે, જ્યાંથી ફરી પાછું આવવું પડતું નથી. જે આ તીર્થમાં કૃષ્ણાષ્ટમી (જન્માષ્ટમી)ને દિવસે જિતેન્દ્રિય થઇને રહે, તે અગમ્યાગમનથી થયેલાં સર્વ પાતકોથી મુક્ત થાય. એ પ્રમાણે કહીને શંકર ભગવાન્ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.[૩૫–૩૬] પાપથી શુદ્ધ થયેલા બ્રહ્માએ પણ ચતુર્મુખ દેવની પૂજા કરીને તે સરોવરમાંથી મહાદેવનાં લિંગો સરજ્યાં.[૩૭] પ્રથમ શ્રી હરિની બાજુમાં પવિત્ર બ્રહ્મસરની પ્રતિષ્ઠા કરી. બીજું પોતાના જ આશ્રમમાં બ્રહ્મસદન બનાવ્યું.[૩૮] તેથી પૂર્વ બાજુએ ત્રીજું લિંગ સ્થાપ્યું અને ચોથું સરસ્વતીને કિનારે સ્થાપન કર્યું.[૩૯]

એ પ્રમાણે પવિત્ર તીર્થો બનાવ્યાં. તેનાં ઉપવાસ કરીને જે દર્શન કરે તે પરમગતિને પામે છે.[૪૦] સત્યયુગમાં શ્રી હરિની બાજુપરના લિંગની, ત્રેતામાં બ્રહ્માના આશ્રમમાંના લિંગની, દ્વાપરમાં તેની પૂર્વ દિશાના લિંગની અને કળિયુગમાં સરસ્વતીના કિનારા ઉપરના લિંગની પૂજા કરી ભક્તિપૂર્વક તેનાં દર્શન કરવાથી સર્વ પાપથી મુક્ત થઇને પરમગતિ પ્રાપ્ત થાય છે.[૪૧–૪૨] સૃષ્ટિની ઉત્પત્તિ સમયે ભગવાન્ બ્રહ્માજીએ સરસ્વતીને ઉત્તર કિનારે રહેલા ચતુર્મુખનામથી વિખ્યાત મહેશ્વર ભગવાનની પૂજા કરી હતી.[૪૩] ઉપવાસ કરીને તથા જિતેન્દ્રિય રહીને તેની પૂજા કરવાથી માણસ અગમ્યાગમનના દોષથી મુક્ત થાય છે, એમાં સંશય નથી.[૪૪] પછી ત્રેતાયુગ બેઠો ત્યારે સ્થાણુ દેવની પાસે બ્રહ્માજીએ ચતુર્મુખ મહાદેવના વિશાળ લિંગની પૂજા કરી હતી.[૪૫] શ્રદ્ધાપૂર્વક તે લિંગને પ્રણામ કરવાથી માણસ સર્વ પાપથી મુક્ત થાય છે. તે લીલાશંકરથી ઉત્પન્ન ભાનુશંકર નામે વિખ્યાત છે.[૪૬] તેજ પ્રમાણે દ્વાપરયુગ બેઠો ત્યારે પોતાના આશ્રમમાં જે લિંગ છે, તેની પૂજા કરવાથી બ્રહ્મા વર્ણસંકરથી ઉત્પન્ન થયેલા રાજસ્વભાવથી મુક્ત થયા હતા.[૪૭] તે લિંગની કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે પૂજા કરવાથી માણસ અભક્ષ્ય અન્ન જમવાથી થયેલા દોષથી મુક્ત થાય છે.[૪૮] પછી કલિયુગ બેઠો ત્યારે વસિષ્ઠના આશ્રમમાં ચતુર્મુખ ભગવાનની સ્થાપના કરીને બ્રહ્માજી ઉત્તમ પ્રકારની સિદ્ધિ પામ્યા હતા.[૪૯] ત્યાં જે માણસ શ્રદ્ધાપૂર્વક નિરાહાર, જિતેન્દ્રિય રહીને મહાદેવની પૂજા કરે, તે પરમ પદને પામે છે.[૫૦] એ પ્રમાણે સ્થાણુ તીર્થનું માહાત્મ્ય મેં તમને કહ્યું. તે સાંભળીને માણસ સર્વ પાપથી મુક્ત થાય છે.[૫૧]

इत्येतत्स्थाणुतीर्थस्य माहात्म्यं कीर्त्तितं तव ॥
तच्छ्रुत्वा सर्वपापेभ्यो मुक्तो भवति मानवः ॥ ५१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'સરોવર માહાત્મ્ય'ને વિષે ઓગણ પચાસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૦ મો.

પૃથૂદકનો પ્રભાવ.

सनत्कुमार उवाच—ततोऽब्रवीद्देववरस्तु तीर्थं यस्माद्भवानेकतया प्रयाति ।
पृथूदकेत्येव च नाम तुभ्यं भविष्यते तीर्थवरः पृथिव्याम् ॥ १ ॥

સનત્કુમાર કહે છે:—તે પછી મહાદેવજી તે તીર્થને કહેવા લાગ્યા કે, જે કારણથી તુ એકતાથી પ્રયાણ કરે છે, તે કારણથી તારું નામ પૃથૂદક પડશે અને પૃથ્વી ઉપર સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ થઇશ.[૧] હે દેવો! એ પ્રમાણે પૃથૂદક તીર્થ પરમપવિત્ર અને પાપ હરનારું છે, માટે તે મહાતીર્થમાં જાઓ.[૨] જ્યારે મૃગશીર્ષ નક્ષત્રમાં ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ આવે છે ત્યારે તેની અક્ષયા તિથિ કહેવાય છે.[૩] માટે હે દેવો! જ્યાં પૂર્વ વાહિની સરસ્વતી નદી છે ત્યાં જાઓ અને ત્યાં ભક્તિપૂર્વક શ્રાદ્ધ કરીને પિતૃઓની આરાધના કરો.[૪] પછી શ્રી વિષ્ણુ ભગવાનનું વચન સાંભળીને ઇંદ્ર વગેરે સર્વે દેવો કુરુક્ષેત્રમાં પવિત્ર પૃથૂદક તીર્થમાં ગયા.[૫] ત્યાં જઈ સ્નાન કરીને સર્વે દેવોએ બૃહસ્પતિને પ્રેરણા કરી કે, હે ભગવન્ વિવસ્વન્! આ મૃગશીર્ષ નક્ષત્રને ઉપયુક્ત બનાવો.[૬] તમારો સમય આવેલો છે, માટે એને પાપ હરનારી પુણ્યકારક તિથિરૂપ બનાવો. તેમાં સૂર્ય આવેલો છે અને ચંદ્ર પણ તેમાં પ્રવેશ કરે છે.[૭]

હે ગુરુ! હવે દેવતાઓનું કાર્ય કરવાનું તમારા હાથમાં છે, માટે તે કરો. એ પ્રમાણે દેવોએ કહેવાથી દેવાચાર્ય બૃહસ્પતિ બોલ્યા;[૮] 'હે દેવો! જો હું વર્ષનો અધિપતિ થઇશ તો હું આવીશ.' દેવતાઓએ તે કબુલ કર્યું. એટલે બૃહસ્પતિએ મૃગશીર્ષમાં પ્રવેશ કર્યો.[૯] આષાઢમાસમાં મૃગશીર્ષ નક્ષત્રમાં જે ચંદ્રક્ષયતિથિ આવે છે, તેમાં ઇંદ્રે પ્રસન્ન થઇને ભક્તિ સહિત પિતૃઓને હવિષ્યાન્ન ભોજનપૂર્વક તલ અને મધથી મિષ્ટ પિંડો આપ્યા, તેથી પ્રસન્ન થયેલા પિતૃઓએ પોતાની કન્યા મેનાને તે કહ્યું. દેવોએ હિમાચલને તે મેના આપી. તેને પામીને હિમાચલ આનંદ અને પ્રીતિથી તેની સાથે યથેચ્છ વિહાર કરવા લાગ્યો.[૧૦–૧૨] પછી હિમાદ્રિ પિતૃકન્યા મેના સાથે યથેચ્છ વિષયસુખ ભોગવવા લાગ્યો. એથી મેનાએ દેવાંગના જેવી ત્રણ સુંદર રૂપવતી કન્યાઓનો જન્મ આપ્યો.[૧૩]

ततो हिमाद्रिः पितृकन्यया समं संतर्पयन्वै विषयान्यथेष्टम् ।
अजीजनत्सा तनयाश्च तिस्रो रूपातियुक्ताः सुरयोषितस्तु ॥ १३ ॥

ઈતી શ્રી વામનપુરાણે ઉમા સંભવને વિષે 'કુરુક્ષેત્ર માહાત્મ્ય'માં પચાસમો અધ્યાય સમાપ્ત.

—✲✲✲✲—

અધ્યાય ૫૧ મો.

શંકરનો મંદરગિરિમાં પ્રવેશ.

पुलस्त्य उवाच—मेनायां कन्यकास्तिस्रो जाता रूपगुणान्विताः ।
सुनाभ इति च ख्यातश्चतुर्थस्तनयोऽभवत् ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—મેનાને રૂપ અને ગુણવાળી ત્રણ કન્યાઓ ઉત્પન્ન થયા પછી સુનાભ નામે એક ચોથો પુત્ર ઉત્પન્ન થયો.[૧] હે મુને! તેમાં મેનાની મોટી પુત્રી રાગિણી નામે હતી. તે રક્તાંગી, લાલ નેત્રવાળી અને લાલ વસ્ત્રો ધારણ કરનારી હતી.[૨] બીજી કુટિલા નામની સારા અંગવાળી, કમળ પત્રના જેવાં નેત્રવાળી, વાંકડિયાળા કાળા કેશવાળી, શ્વેતફૂલોના હાર તથા શ્વેતવસ્ત્રો ધારણ કરનારી હતી.[૩] ત્રીજી કન્યાનું નામ કાલિ હતું. તે કાજળના સમૂહ જેવી શ્યામ અને નીલ કમળના જેવાં લોચનવાળી અનુપમ રૂપવતી હતી.[૪] ઉત્પન્ન થયેલી એ ત્રણે કન્યાઓ ૭ વર્ષની થતા પહેલાં તપ કરવાને માટે ચાલી ગઈ. દેવતાઓએ તે શુભ કન્યાઓને જોઈ.[૫] પછી બાર આદિત્યો, આઠ વસુઓ, ચંદ્ર કિરણ સમાન શીતલ તે કુટિલા કન્યાને બ્રહ્મલોકમાં લઈ ગયા.[૬] ત્યાં તેઓએ બ્રહ્માને પૂછ્યું કે, આ કન્યા મહિષાસુરને મારનારા પુત્રને જન્મ આપશે કે કેમ, તે અમને કહો.[૭] ત્યારે સુરપતિ બ્રહ્માજી બોલ્યા કે, એ શંકરના તેજને ધારણ કરવા શક્તિવાન્ નહિ થાય, માટે એને પાછી મૂકી આવો.[૮] હે નારદ! એ સાંભળીને કુટિલાને ક્રોધ આવ્યો અને તેણે બ્રહ્માને કહ્યું કે, હે ભગવન્! હુ શંકરના દુર્ધર્ષ તેજને ધારણ કરવાને યત્ન કરીશ. હું તપ કરીને જનાર્દન ભગવાનનું આરાધન કરીશ.[૯-૧૦] અને હે દેવ! મહાદેવજીના મસ્તકને નમાવવાને શકિતવાન્ થઇશ. આ હું સત્ય જ કહું છું.[૧૧]

પુલસ્ત્યજી કહે છેઃ—આથી હે મહામુને! સૌના આદિ સર્વેશ્વર પિતામહ બ્રહ્મા ક્રોધ કરીને દારુણ એવી કુટિલાને કહેવા લાગ્યા.[૧૨] બ્રહ્મા કહે છેઃ—હે પાપિની કુટિલા! મારું વચન તેં માન્યુ નહિ, તેથી મારા શાપથી તુ જળરૂપ થઈ જા.[૧૩] એ પ્રમાણે બ્રહ્માજીનો શાપ પામેલી તે હિમાચળની કન્યા જળરૂપે બ્રહ્મલોકને ડૂબાડી દેતી વેગથી વહેવા લાગી.[૧૪] પિતામહ બ્રહ્માજીએ તેને ઉદ્ધત જળવાળી જોઇને ઋક્, સામ, અથર્વ, અને યજુર્વેદરૂપ બંધનોથી દૃઢ રીતે બાંધી લીધી.[૧૫] હે બ્રહ્મન્! તે બંધાયલી ગિરિકન્યા જળમય સ્વરૂપે પવિત્ર બ્રહ્મલોકને ડૂબાવતી ત્યાં જ રહી.[૧૬] રાગવતીનામે જે બીજી કન્યા હતી, તેને પણ દેવો સ્વર્ગમાં લઈ આવ્યા. તેને બ્રહ્મા પાસે લાવીને મૂકી એટલે તેને પણ બ્રહ્માએ તે જ પ્રમાણે કહ્યું.[૧૭] ત્યારે તેણે ક્રોધ કરીને બ્રહ્માને કહ્યું કે, હું પણ મહાતપ કરીશ, કે જેથી મારા નામથી યુક્ત મહિષાસુરને મારનારો પુત્ર થાય.[૧૮] તેને પણ બ્રહ્માએ શાપ દીધો કે, તું સંધ્યારાગ (સંધ્યાકાળના રંગ જેવો) થઇશ. તેં મારા વચનોનું ઉલ્લંઘન કર્યું છે,

માટે દેવતાઓ બળપૂર્વક તારું ઉલ્લંઘન કરશે.[૧૯] હે મુનિશ્રેષ્ઠ ! પછી તે ત્યારથી સંધ્યાના રંગવાળી થઈ અને કૃત્તિકાનો આશ્રય કરીને રહી.[૨૦]

પછી તપસ્વિની મેનાએ જાણ્યું કે મારી બે કન્યાઓ બ્રહ્માના શાપથી નાશ પામી; તેથી તેણે ત્રીજીને તપ કરવા જતાં ઉમા (અરે જઈશ નહિ) એમ કહીને વારી.[૨૧] તેથી માતાએ તેનું, તેના પિતાએ સાંભળેલું 'ઉમા' એવું શુભ નામ કાયમ રાખ્યું. પછી તે તપોવનમાં ગઈ.[૨૨] ત્યાં તેણે મનમાં શૂલપાણિ વૃષભધ્વજ શંકર ભગવાનનું ધ્યાન ધરીને દુષ્કર તપ તપવા માંડયું.[૨૩] તે પછી બ્રહ્માજીએ દેવોને કહ્યું કે, હિમાલયની પુત્રી હિમાલય ઉપર જે તપ કરે છે, તેને અહીં લઈ આવો.[૨૪] પછી દેવતાઓ હિમાલય ઉપર ગયા અને ત્યાં તેમણે તે પર્વતપુત્રીને જોઈ, પરંતુ તેઓ તેના તેજથી પરાભવ પામીને તેની પાસે જઈ શકયા નહિ.[૨૫] તેના તેજથી નિસ્તેજ થઇને ઇંદ્ર મરુત્ સાથે બ્રહ્મા પાસે ગયો અને ત્યાં તેમને તેના તેજની અધિકતા કહીને સામો ઉભો રહ્યો.[૨૬] એટલે બ્રહ્માએ દેવોને કહ્યું કે નિશ્ચે એ શંકરવલ્લભા થશે. કારણ કે તમે સર્વે એના તેજ આગળ તેજરહિત થઇ ગયા છો.[૨૭] માટે હવે તમે સૌ ચિંતા રહિત થઇને પોતપોતાના સ્થાનકે જાઓ. નક્કી સમજો કે તારક સહિત મહિષાસુર રણમાં હવે મરાયો.[૨૮]

એ પ્રમાણે બ્રહ્માએ કહ્યાથી ઇંદ્ર સહિત દેવતાઓ સંતાપ રહિત થઇને પોતપોતાના સ્થાને ગયા.[૨૯] પર્વતેશ્વર હિમાચલ પણ સ્ત્રી સાથે જઇને તપ કરતી કન્યાને તપ છોડાવીને પોતાને ઘેર લઈ આવ્યો.[૩૦] મહામતિ મહાદેવજી પણ નિરાશ્રમ રૌદ્રવ્રતનો આશ્રય કરીને મેરુપર્વતના શિખર ઉપર ગયા.[૩૧] એક દિવસ મહાદેવજી હિમાલય ઉપર ગયા, ત્યાં હિમાચળે તેમની શ્રદ્ધાપૂર્વક પૂજા કરી. તેથી મહાદેવજી તે રાત્રી ત્યાં જ રહ્યા.[૩૨] બીજે દિવસે પર્વતરાજ હિમાચળે મહાદેવને નિમંત્રણ કર્યું કે, હે વિભો ! તમો તપ સાધનને માટે અહિ જ નિવાસ કરો.[૩૩] એ પ્રમાણે હિમાચળે કહેવાથી મહાદેવજીએ ત્યાં જ રહેવાનો નિશ્ચય કર્યો અને નિરાશ્રમ વ્રતનો ત્યાગ કરીને ત્યાં જ રહ્યા.[૩૪] મહાદેવજી તે આશ્રમમાં રહ્યા પછી પર્વતરાજ હિમાચળની સુંદર કન્યા કાલી તે સ્થાનમાં ગઈ.[૩૫] મહાદેવજી તેને આવતી જોઇને, તેને પોતાની પત્ની સતી ફરી અવતાર લઇને આવેલી જાણીને, તેને આદરમાન આપીને યોગમાં સ્થિત થયા.[૩૬] સુંદર અંગવાળી કાલી સખીઓ સાથે હાથ જોડીને શંકરના ચરણમાં પગે લાગી.[૩૭] ઘણા વખત સૂધી એ પ્રમાણે કરતી ગિરિકન્યાને જોઇને મહાદેવજીએ તેને કહ્યું કે, તારું હંમેશાં આ પ્રમાણે કરવું યોગ્ય નથી. એમ કહીને પોતે ગણો સહિત અંતર્ધાન થઈ ગયા.[૩૮] મહાદેવનાં એવાં જ્ઞાનયુક્ત ઉગ્રવચનો સાંભળીને અંતરમાં દુઃખી થઇને પાર્વતી પિતાની પાસે આવીને કહેવા લાગી;[૩૯] 'હે પિતા ! હું મહા અરણ્યમાં ઘોર તપ તપવાને જઇશ અને પિનાકપાણિ શંકર ભગવાનની આરાધના

કરીશ..[૪૦] હિમાચળે તેને સંમતિ આપી, એટલે તે લલિતા નામ ધારણ કરીને પર્વતની પીઠ ઉપર જઇને શંકરને પ્રસન્ન કરવાને માટે તપ કરવા લાગી.[૪૧] તેની સખીઓ સમિધ્, કુશ, ફળ, મૂળ, વગેરે લાવી આપીને તે દેવીની પરિચર્યા કરતી હતી.[૪૨] પાર્વતીએ વિનોદને માટે તેજયુક્ત ત્રિશૂળધારી રુદ્ર ભગવાનની માટીની મૂર્ત્તિ બનાવી, અને 'આ મારો વર છે' એમ તે કહેવા લાગી.[૪૩] તે તેનીજ પૂજા કરતી હતી અને વારંવાર તેનાં જ દર્શન કરતી હતી. તેની આ ભક્તિથી ત્રિપુરારિ શંકર ભગવાન્ પ્રસન્ન થયા.[૪૪] શંકર ભગવાન્, મુંજમેખલા, યજ્ઞોપવીત, છત્ર, અને મૃગછાલ ધારણ કરીને બટુનું રૂપ લઇને હાથમાં કમંડલુ લઈ શરીરે ભસ્મ લગાવી આશ્રમે આશ્રમે ભટકતા ભટકતા કાલીના આશ્રમમાં આવ્યા.[૪૫–૪૬] હે નારદ! કાલીએ સખીઓ સાથે ઉઠીને યોગ્ય રીતે તેમની પૂજા કરી અને પછી તેમને પૂછવા લાગી.[૪૭]

ઉમા બોલી:—હે ભિક્ષુ! તમે કયાંથી આવો છો? તમારો આશ્રમ કયાં છે? અને હવે કયાં જવાનો છો? તે મને કહો.[૪૮] ભિક્ષુ કહે છે:—હે પવિત્ર વ્રતવાળી બાળા! મારો આશ્રમ વારાણસી (કાશી)માં છે અને યાત્રા કરવાને માટે હું પૃથૂદક તીર્થમાં જાઉં છું.[૪૯] દેવી કહે છે:—હે વિપ્રેન્દ્ર! તમે જે પૃથૂદક તીર્થમાં જાઓ છો, તેમાં સ્નાન કરવાથી શું પુણ્ય થાય છે? અને માર્ગમાં કયાં કયાં તીર્થમાં સ્નાન કરવાથી શું શું ફળ થાય છે તે મને કહો.[૫૦]

ભિક્ષુ કહે છે:—મેં પ્રથમ પ્રયાગરાજમાં સ્નાન કર્યું હતું, ત્યાંથી પછી અનુક્રમે કુબ્જામ્ર, જયંત, ચંડિકેશ્વર, બંધુવૃંદ, કર્કંધ, કનખલ, સરસ્વતી અગ્નિકુંડ, ભદ્રા, ત્રિવિષ્ટપ, કૌનટ, કોટિતીર્થ, અને તક્ષક તીર્થમાં નિષ્કામપણે સ્નાન કરીને હે કૃશોદરિ! હવે તારા આશ્રમમાં આવ્યો છું[૫૧–૫૩] અહીં તારી સાથે સંભાષણ કરીને પછી પૃથૂદક તીર્થમાં જઇશ. હું તને જે કંઇ પૂછું, તેને માટે તું ક્રોધ કરીશ નહિ.[૫૪] હે કૃશોદરિ! હું બાળપણમાં જિતેંદ્રિય થઇને તપ કરીને જે શરીરને સૂકવી નાંખુ છું, તે તો બ્રાહ્મણોમાં વખાણને પામુ છું.[૫૫] પરંતુ હે ભીરુ! તું પ્રથમ વયમાં આવુ રૌદ્રતપ શામાટે કરે છે? એ વાતનો મને મોટો સંશય પડ્યો છે[૫૬] હે વિલાસિનિ! સ્થિરયૌવના! સ્ત્રીઓને પ્રથમ વયમાં ભર્તા સાથે સુખ ભોગ ભોગવવામાં જ કાળ જવો જોઇએ.[૫૭] હે ગિરિજે! તમામ સચરાચર તપ કરીને રૂપ, ઉત્તમ કુળ અને ઐશ્વર્ય ઇચ્છે છે. એ સઘળું તારામાં તો જણાય છે.[૫૮] તો પછી શામાટે તે અલંકારો અને ચીનાંશુકનો* ત્યાગ કરીને જટા અને વલ્કલ ધારણ કર્યાં છે?[૫૯] પુલસ્ત્ય બોલ્યા; હે નારદ! પછી સોમપ્રભા નામની દેવીની તપોવૃદ્ધ સખીએ તે ભિક્ષુને દેવીની વાત જેવી હતી તેવી કહી.[૬૦]

સોમપ્રભા બોલી:—હે દ્વિજશ્રેષ્ઠ! આ પાર્વતી જે કારણથી તપશ્ચર્યા કરે છે તે સાંભળો. એ મહાકાલી શંકરને પોતાના ભર્ત્તા થવાની ઇચ્છા રાખે છે.[૬૧]

---

* ચીન દેશનું રેશમી વસ્ત્ર.

પુલસ્ત્યજી કહે છેઃ—સોમપ્રભાનાં વચન સાંભળીને માથું ધુણાવીને ભિક્ષુ હસ્યા અને પછી કહેવા લાગ્યા.[૬૨] ભિક્ષુ કહે છેઃ—હે પાર્વતિ! હું તને પૂછું છું કે, તને આ બુદ્ધિ કોણે આપી? તારો આ પલ્લવના જેવો કોમળ હાથ સર્પથી વિટાયલા શિવના હાથને શી રીતે પકડશે?[૬૩] તું દુકૂલ અંબર ધારણ કરનારી છે અને એ રુદ્ર તો વ્યાઘ્રચર્મને ધારણ કરે છે. તું શરીરે ચંદનનો લેપ કરવાવાળી છે અને એને શરીરે તો ભસ્મ હોય છે, તેથી તમારા બંનેનું રૂપ યોગ્ય રીતે મળતું મને લાગતું નથી.[૬૪]

પુલસ્ત્યજી બોલ્યા, હે વિપ્રેન્દ્ર! ભિક્ષુએ એ પ્રમાણે કહ્યાથી પાર્વતી બોલ્યાં કે હે ભિક્ષુ! તમે કદી એવું બોલશો નહિ. મહાદેવ સર્વ ગુણોથી અધિક છે.[૬૫] એ કલ્યાણકારક હો અથવા ભયંકર હો, ધનવાન્ હો અથવા નિર્ધન હો, અલંકારવાળા હો અથવા અલંકારરહિત હો.[૬૬] ગમે એવા હો તોપણ એ જ મારા પતિ થશે. હે સખી શશિપ્રભા! આ ભિક્ષુને વધારે બોલતો અટકાવો. એના હોઠ બોલવાને માટે ફફડી રહ્યા છે. શંકરની નિંદા કરનારાના કરતાં તે સાંભળનાર વધારે પાપી છે.[૬૭] પુલસ્ત્યજી કહે છેઃ એ પ્રમાણે કહીને વરદાન આપનાર પાર્વતીજી ઉઠવાને તૈયાર થયાં, એટલે મહાદેવજી ભિક્ષુનું રૂપ ત્યાગ કરીને પોતાનું અસલ રૂપ ધરીને ઊભા[૬૮] અને પછી બોલ્યા; હે પ્રિયે! તું હવે તારા પિતાને ત્યાં જા. તારું માગું કરવાને હું તારા પિતા હિમાચળને ત્યાં મહર્ષિઓને મોકલું છું.[૬૯] તેં જે આ માટીની રુદ્રની પ્રતિમા બનાવી છે, તે આલોકમાં ભદ્રેશ્વર નામથી વિખ્યાત થશે.[૭૦] દેવો, દાનવો, યક્ષો, કિન્નરો, ગંધર્વો, સર્પો અને માનવો સૌ કોઈ શુભ કામનાની ઇચ્છાથી એની પૂજા સદા કરશે.[૭૧] હે મુને! એ પ્રમાણે કહેવાથી ગિરિરાજપુત્રી આકાશ માર્ગે પોતાના પિતાને ઘેર ગઈ.[૭૨] મહા તેજસ્વી શંકરે પણ પાર્વતીને છોડીને પૃથૂદકમાં જઇને વિધિપૂર્વક સ્નાન કર્યું.[૭૩] પછી દેવપતિ મહેશ્વર પૃથૂદકમાં સ્નાન કરી નિર્મળ થઇને નંદીગણ અને વાહન સહિત મંદરાચળ ઉપર ગયા.[૭૪] ત્રિપુરાંતક મહાદેવને ગણો સહિત આવેલા જોઇને મંદરાચળ હર્ષથી પુલકિત થયો અને દિવ્ય ફળ, ફૂલ, કંદ, મૂળ તથા પવિત્ર જળથી તેમની પૂજા કરી.[૭૫]

आयाति त्रिपुरांतके सहगणैः पर्यायतः सप्तभिरारो-
हत्पुलको बभौ गिरिवरः संहृष्टचित्तः क्षणात् ॥
चक्रे दिव्य[illegible] शुचिना मूलैश्च कंदादिभिः
पूजां सर्वगणेश्वरैः सह विभोरद्रिस्त्रिनेत्रस्य तु ॥ ७६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ઉમાસંભવે મંદરગિરિ પ્રવેશ' નામનો એકાવનમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૨ મો.

કાલીનો વિવાહ.

पुलस्त्य उवाच— ततः संपूजितो रुद्रः शैलेन प्रीतिमानभूत् ॥
सस्मार च महर्षींस्तु अरुंधत्या समं ततः ॥ १ ॥

પુલસ્ત્ય કહે છે,–હિમાચળે સારી રીતે પૂજન કરવાથી પ્રસન્ન થયેલા શંકરે પછી અરુંધતી સહિત સઘળા મહર્ષિઓનું સ્મરણ કર્યું.[૧] મહાત્મા શંકરે સ્મરણ કરવાથી સુંદર ગુફાઓવાળા મહાશૈલ મંદરાચળ ઉપર ગયા.[૨] તેમને આવેલા જોઇને ત્રિપુરારિદેવ, તેમની સામા જઈ પૂજા કરી આ પ્રમાણે બોલ્યા;[૩] 'આ શ્રેષ્ઠ પર્વતને ધન્ય છે. એ જ પ્રશંસા યોગ્ય છે અને દેવતાઓવડે પૂજાવા યોગ્ય છે. કારણ કે આપનાં પદકમળોવડે આજ એનાં પાપ ધોવાઈ ગયાં છે.[૪] હે ઋષિઓ! આપ અહીંઆં રમણીય, સુંદર અને સરખી વિશાળ પર્વતપીઠ ઉપરની કમળના જેવા રંગવાળી, કોમળ અને ચીકણી શીલા ઉપર બેસો'.[૫] પુલસ્ત્યજી કહે છે,–શંકર ભગવાને એ પ્રમાણે કહેવાથી ઋષિઓએ અરુન્ધતી સહિત તે પર્વતના શિખરો ઉપર પ્રવેશ કર્યો.[૬] ઋષિઓ બેઠા પછી સર્વગણોના અધિપતિ નંદી, અર્ઘ્યાદિવડે તેમની પૂજા કરીને મનોનિગ્રહ કરીને તેમની સામે ઉભો રહ્યો.[૭] પછી સુરપતિ શ્રી મહાદેવ દેવરૂપ અને વિનયવાળા સપ્તર્ષિઓને પોતાના યશની વૃદ્ધિ કરનારું હિતકારક વચન બોલ્યા.[૮]

મહાદેવ કહે છે;—હે કશ્યપ! હે અત્રિ! હે વારુણેય! હે ગાધેય! હે ગૌતમ! હે ભરદ્વાજ! હે અંગિરા! આપ સૌ સાંભળો.[૯] દક્ષપુત્રી સતી પૂર્વે મારી પ્રિયા હતી. તેણે દક્ષના કોપથી યોગવડે પ્રાણોનો ત્યાગ કર્યો હતો.[૧૦] તે હમણા શૈલરાજ હિમાલયની પુત્રી ઉમારૂપે ઉત્પન્ન થઈ છે. હે દ્વિજશ્રેષ્ઠો! મારે માટે શૈલેન્દ્ર હિમાચળ પાસે તેની માગણી કરો.[૧૧]

પુલસ્ત્ય કહે છેઃ—એમ કહેવાથી સપ્ત ઋષિઓ 'બહુ સારું' એમ બોલીને **ॐ नमः शंकराय** એમ કહી હિમાલય પાસે ગયા.[૧૨] પછી અરુન્ધતીને મહાદેવે કહ્યું કે હે સુંદરિ! તમે પણ જાઓ. કારણ સ્ત્રીઓ જ સ્ત્રીઓના ધર્મની ગતિ જાણે છે.[૧૩] એમ કહેવાથી અરુન્ધતી ન ઓળંગી શકાય એવા લોકાચારને લીધે, હે રુદ્ર! તમને નમસ્કાર છે, એમ બોલી પોતાના પતિની સાથે ચાલી.[૧૪] ઔષધિઓથી ભરેલા હિમાલય ઉપર જઇને તેઓએ ઇંદ્રની નગરીના જેવા શૈલરાજને જોયા.[૧૫] ત્યાં પર્વતની સ્ત્રીઓએ તથા સુનાભાદિ પુરુષોએ પ્રસન્ન ચિત્તે તેમની પૂજા કરી[૧૬]. ગંધર્વ, કિન્નર, યક્ષ વગેરે ત્યાં પાર્વતીની સેવા કરતા હતા, તે તેમણે જોયું. પછી સુવર્ણના જેવાં ઉજવળ હિમાદ્રિના ભુવનમાં તેઓએ પ્રવેશ કર્યો[૧૭] તપવડે જેમનાં પાપ ધોવાઈ ગયાં છે એવા તે મહાત્મા ઋષિઓ મહાદ્વારપાસે આવ્યા અને દ્વારપાળને પૂછવા ઊભા રહ્યા.[૧૮] એટલે દ્વારપાળ ગંધમાદન

પર્વત, હાથમાં પદ્મરાગ મણિનો બનાવેલો દંડ ધારણ કરીને તેમની પાસે ઉતાવળો ઉતાવળો આવ્યો.[૧૯] તેને ઋષિઓએ કહ્યું કે, શૈલરાજને જઇને કહો કે, અમે કોઈ મોટા કામને માટે આવેલા છીએ.[૨૦] ઋષિઓએ એ પ્રમાણે કહ્યું, એટલે ગંધમાદન, પર્વતોથી વિટાયલો શૈલરાજ હિમાચળ જ્યાં બેઠો હતો ત્યાં ગયો.[૨૧] ત્યાં જઈ ઘુંટણીએ પડી, માથે હાથ લગાડી પગે લાગી અને દંડને બગલમાં મૂકીને ગંધમાદન કહેવા લાગ્યો.[૨૨]

ગંધમાદન કહે છેઃ—હે શૈલરાજ ! કેટલાક ઋષિઓ કોઈ કામને માટે તમારે આંગણે આવીને દ્વાર આગળ ઉભા છે અને તમારાં દર્શનની ઇચ્છા રાખે છે.[૨૩] પુલસ્ત્ય કહે છેઃ—દ્વારપાળનું વચન સાંભળીને પર્વતરાજ ઉઠીને ઉભા થયા અને પોતે જાતે જ ઉત્તમ અર્ઘ્ય લઇને બારણા આગળ આવ્યા.[૨૪] પછી ઋષિઓની સારી રીતે પુજા કરીને પર્વતરાજ તેમને સભાસ્થાનમાં લઈ આવ્યા. પછી સૌ પોતપોતાને આસને બેઠા. ત્યાર પછી વાક્યના મર્મ જાણનારા શૈલેશ્વરે તેમને પૂછ્યું.[૨૫]

હિમાચળ કહે છે;—હે ઋષિવરો ! આ વાદળાં વગર વરસાદ શો ? ફૂલ વગર ફળ કેવું ? કલ્પના વગર જ અચાનક આપનું અહીં આગમન શી રીતે થયું ?[૨૬] હે સત્પુરુષો ! આપ આજ મારે આંગણે પધાર્યા, એટલે હું ધન્ય અને પવિત્ર થયો છું.[૨૭] આપના પદક્રમણ અને દૃષ્ટિપાતથી, હે દ્વિજોત્તમો ! અસત્ સંસર્ગથી દૂષિત થયેલો હું સરસ્વતીના તીર્થ જેવો શુદ્ધ થયો છું.[૨૮] હે વિપ્રો ! હું આપનો દાસ આજ પુણ્યવાન્ થયો છું. કેમકે આપ આજ મારા યાચક થઇને આવેલા છો. તો હવે આપ મને જે આજ્ઞા કરવી હોય તે કરો.[૨૯] હું સ્ત્રી, પુત્ર અને સેવકો સહિત આપનો આજ્ઞાકારી કિંકર છું. તો આપ જે કહેવું હોય તે કહો.[૩૦] પુલસ્ત્ય કહે છેઃ—શૈલરાજનાં વચનો સાંભળીને ઉત્તમ વ્રતધારી ઋષિઓએ વૃદ્ધ અંગીરાને કહ્યું કે, તમે આપણું કાર્ય ગિરિરાજને કહો.[૩૧] કશ્યપાદિ ઋષિઓએ એ પ્રમાણે કહેવાથી અંગિરા પર્વતેશ્વર હિમાચળને કહેવા લાગ્યા.[૩૨]

અંગીરા કહે છેઃ—હે પર્વતશ્રેષ્ઠ ! અરુન્ધતી સહિત અમે જે કારણને માટે તારે ઘેર આવેલા છીએ તે સાંભળ.[૩૩] દક્ષના યજ્ઞનો ભંગ કરનારા મહાત્મા શૂલપાણિ, જે શંકર, શર્વ, ત્રિલોચન, વૃષભવાહન, જીમૂતકેતુ, શત્રુનો નાશ કરનાર, યજ્ઞના ભોક્તા, સ્વયંપ્રભુ, મહાદેવ તથા જેને કોઈ શિવ કહે છે, કોઈ સ્થાણુ કહે છે, કોઈ હર કહે છે, કોઈ ભીમ કહે છે, કોઈ ઉગ્ર કહે છે, કોઈ મહાઈશાન કહે છે, કોઈ મહાદેવ કહે છે અને કોઈ પશુપતિ કહે છે, હે ગિરીશ્વર ! તેણે અમને તારી પાસે મોકલ્યા છે.[૩૪-૩૬] આ તારી પુત્રી કાલી જે સર્વ લોકમાં સુંદરી છે, તેની તે દેવેશ્વર મહાદેવ માગણી કરે છે, તો તેને આપવાને તું યોગ્ય છે.[૩૭] જેની પુત્રી રૂપવાન્, કુળવાન્ અને સંપત્તિવાન્ વર પામે, તે પિતા, હે ગિરિવર ! ધન્ય છે.[૩૮] જગતમાં જેટલાં જેટલાં ચારે પ્રકારનાં સ્થાવર

જંગમ ભૂતો જોવામાં આવે છે, તે સર્વના પિતા શંકર ભગવાન્ કહેવાય છે અને તેથી તારી પુત્રી કાલી તે સર્વની માતા કહવાશે.૩૯ દેવતાઓ શંકરને પ્રણામ કરીને તારી પુત્રીને પ્રણામ કરશે, માટે તું ભસ્મથી અંકિત થયેલાં તારાં ચરણોને શત્રુઓના માથાપર મૂક.૪૦ અમે સર્વે તારા યાચક છીએ અને તું ઉમારૂપ વરદાન આપનાર છે. તો તેને તારા કલ્યાણને માટે જગતની માતા બનાવ.૪૧ પુલસ્ત્ય કહે છેઃ—અંગિરાનાં એ વચન સાંભળીને ત્યાં ઉભેલી કાલી નીચું મુખ કરીને જોવા લાગી અને મનમાં હર્ષ પામીને પાછી શરમથી દીન જેવી થઈ ગઈ.૪૨ પછી શૈલરાજે ગંધમાદનને કહ્યું કે, જાઓ બધા પર્વતોને આમંત્રણ કરીને બોલાવી લાવો.૪૩ તે ઉપરથી વેગવાન્ ગંધમાદન પર્વત ઘેરે ઘેર જઈને મેરુ વગેરે મોટા મોટા પર્વતોને આમંત્રણ કરીને તેડી લાવ્યો.૪૪ તે સર્વે કોઈ મહત્વનું કામ જાણીને ઉતાવળા ઉતાવળા ત્યાં આવ્યા અને વિસ્મય સાથે પોતપોતાનાં સુવર્ણનાં આસનો ઉપર બેઠા.૪૫ એ પ્રમાણે ઉદય, હેમકૂટ, રમ્યક, મંદર, ઉદ્દાલક, વારુણ, વરાહ, ગરુડાસન, શુક્તિમાન, વેગસાનુ, દઢશૃંગ, શૃંગવાન, ચિત્રકૂટ, ત્રિકૂટ, તથા બીજા નાના નાના પર્વતો સભામાં આવીને ઋષિઓને પ્રણામ કરીને બેઠા.૪૬–૪૮ પછી પર્વતેશ્વરે પોતાની સ્ત્રી મેનાને બોલાવી કે, હે કલ્યાણી! હે ભામિની પુત્રીસાથે તમે પણ અહીં આવો.૪૮ તે તપસ્વિની ઋષિઓનાં ચરણને વંદન કરીને પોતાની આખી જ્ઞાતિને કહેવડાવીને પોતે પુત્રી સહિત સભામાં આવી.૪૯ પછી હે નારદ! સર્વે પર્વતો બેઠા પછી વાક્યના મર્મને જાણનાર હિમાલય તે સર્વને આ પ્રમાણે કહેવા લાગ્યો.૫૦

હિમાલય કહે છેઃ—આ પવિત્ર સપ્તર્ષિઓ મહાદેવને માટે મારી કન્યાની માગણી કરે છે. તે હું આપ સર્વને જણાવું છું.૫૧ માટે હે જ્ઞાતિજનો! જે યોગ્ય હોય તે મને કહો. તમારા વચનનું ઉલ્લંઘન કરીને હું મારી કન્યાનું દાન કોઈને કરી શકીશ નહિ. માટે સત્ય કહેવાને તમે યોગ્ય છો.૫૨ પુલસ્ત્ય કહે છેઃ— હિમાચળનાં વચન સાંભળીને ત્યાં આસનો ઉપર બેઠેલા મેરુ વગેરે ઉત્તમ પર્વતો કહેવા લાગ્યા; ૫૩ 'હે પર્વતરાજ! સપ્ત ઋષિઓ જેવા માગુ કરનારા છે અને ત્રિપુરારિ શંકર ભગવાન્ જેવા વર છે, તો કાલીને પરણાવવી જ જોઇએ. જમાઈ આપણને જોઇએ તેવો જ છે.'૫૪ એટલે મેના પોતાના પતિને કહેવા લાગી કે 'હે શૈલેન્દ્ર! મારું વચન સાંભળો. મારા પિતાએ મને એ કન્યા એ હેતુથી જ આપી છે કે,૫૫ ભૂતપતિ મહાદેવથી એનામાં જે પુત્ર ઉત્પન્ન થશે, તે દૈત્યેન્દ્ર મહિષ તથા તારકને મારશે.૫૬ એ પ્રમાણે મેનાએ કહેવાથી શૈલેશ્વર હિમાચળે પોતાની પુત્રીને કહ્યું કે, 'હે પુત્રિ! મેં શંકરને તારું દાન કર્યું છે.'૫૭ અને પછી ઋષિઓને કહ્યું કે, 'હે તપોધનો! મારી પુત્રી આ કાલી શંકરની વધૂ, ભક્તિવડે નમ્ર થઈને તમને પ્રણામ કરે છે.'૫૮ પછી અરુન્ધતીએ કાલીને ખોળામાં બેસાડીને શર્વાણી, ભવાની વગેરે મહાદેવનાં નામવાળાં નામ લઈ મધુર વચનોથી બોલી;

એટલે તે શરમથી નીચું જોવા લાગી. પછી તેનું સારી રીતે આશ્વાસન કર્યું.[૫૯] પછી સપ્તર્ષિઓએ કહ્યું કે; 'હે શૈલરાજ! આજથી ત્રીજે દિવસે જામિત્રગુણ સંયુક્ત મંગળકારક પુણ્ય તિથિ અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર છે. તે દિવસે મૈત્ર નામે સારો યોગ થાય છે અને સારું મુહૂર્ત છે.[૬૦-૬૧] તે તિથિએ શંકર ભગવાન્ મંત્રપૂર્વક તારી પુત્રીનું પાણિગ્રહણ કરશે, માટે હવે અમને રજા આપો તો અમે જઇએ.[૬૨] પછી શૈલરાજે ઉત્તમ ફળ મૂલાદિવડે સારી રીતે પુજા કરીને ઋષિવરોને ધીમે ધીમે વિદાય કર્યા.[૬૩] તેઓ આકાશ માર્ગે વેગથી ચાલ્યા અને મંદરગિરિ ઉપર આવ્યા. ત્યાં તેમણે ફરીથી શિવનાં દર્શન કર્યા.[૬૪] તેઓ મહેશ્વરને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, 'આપ ભર્ત્તા થયા છો અને પાર્વતી આપનાં વધૂ થયાં છે. હવે બ્રહ્મા સહિત ત્રણે લોક મેઘ ઉપર બેઠેલા આપને જોશે.'[૬૫] પછી મહાદેવજીએ પ્રસન્ન થઇને અરુન્ધતી સહિત સર્વે ઋષિઓની વિધિપૂર્વક અનુક્રમે પૂજા કરી.[૬૬] પછી પૂજા કરાયલા તે ઋષિઓ દેવતાઓને આમંત્રણ કરવાને ગયા. એટલે બ્રહ્મા, વિષ્ણુ, ભાસ્કર વગેરે દેવો શંકરનાં દર્શન કરવા આવ્યા.[૬૭] હે મહર્ષે! તેઓ આવીને પ્રણામ કરીને મહેશ્વરના ભવનમાં બેઠા. પછી શંકરે નંદી વગેરે ગણોને બોલાવ્યા. તેઓ આવીને મહાદેવને પ્રણામ કરીને બેઠા.[૬૮] વનમાં જેમ સર્જના સમૂહમાં પ્રરોહમૂલ હોય તેમ, દેવતાઓ અને ગણોની વચ્ચે જટા ખુલ્લી કરીને બેઠેલા મહાદેવજી શોભતા હતા.[૬૯]

> देवैर्गणैश्चापि वृतो गणेशः संशोभते मुक्तजटाग्रभारः ।
> यथा वने सर्जकदंबमध्ये प्ररोहमूलोऽथ वनस्पतिर्वा ॥ ६९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ઉમા સંભવે' ગૌરી વિવાહમાં બાવનમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૩ મો.

કાલીનું પાણિગ્રહણ.

> पुलस्त्य उवाच—समागतान्सुरान्दृष्ट्वा नंदिराख्यातवान्विभो ।
> अथोत्थाय हरिं भक्त्या परिष्वज्य न्यपीडयत् ॥ १ ॥

પુલસ્ત્ય કહે છેઃ—દેવતાઓને આવેલા જોઇને નંદીએ મહાદેવજીને કહ્યું, હે પ્રભો! દેવતાઓ આવ્યા છે.' પછી મહાદેવજી ઉઠીને શ્રીહરિને આલિંગન આપીને ભેટ્યા.[૧] બ્રહ્માને મસ્તક નમાવીને પગે લાગ્યા અને ઇંદ્રના કુશળ સમાચાર પૂછ્યા તથા બીજા દેવતાઓની તેમની યોગ્યતા પ્રમાણે સંભાવના કરી.[૨] વીરભદ્ર, શૈવ, પાશુપત વગેરે ગણોએ "જયદેવ" કહીને મંદરાચળમાં પ્રવેશ કર્યો.[૩] પછી દેવતાઓ સાથે મહાદેવજી વિવાહવિધિ કરવાને ત્યાંથી કૈલાસ પર્વત ઉપર ગયા.[૪] પછી તે મહાપર્વત ઉપર દેવમાતા અદિતિ, સુરભિ અને સુરમા આવીને અલંકારો સજ્જ

કરવા લાગી.[૫] મહાદેવજીએ પણ મોટાં હાડકાંનો મુકુટ ધારણ કર્યો, ગોરોચનનું તિલક કર્યું, સિંહના ચામડાનું વસ્ત્ર ધારણ કર્યું અને કાળા સર્પોનાં કાનમાં કુંડળ પહેર્યાં.[૬] મોટા મોટા સર્પોનાં કંકણ, હાર, બાજુબંધ અને ઝાંઝર પહેરી દીધાં, માથે મોટી જટાનો ભારો વીંટાળ્યો, અને વૃષભ ઉપર વિરાજમાન થયા.[૭] તેમની આગળ બધા ગણો પોતપોતાનાં વાહનો ઉપર બેસીને ચાલવા લાગ્યા અને પાછળ અગ્નિને આગળ કરીને દેવો ચાલવા લાગ્યા.[૮] જનાર્દન ભગવાન્ જે ગરુડ ઉપર ચઢીને લક્ષ્મી સાથે આવ્યા હતા તે, અને જે બ્રહ્માજી હંસ ઉપર ચઢીને આવ્યા તે, તેમની બાજુમાં ચાલવા લાગ્યા.[૯] હજાર નેત્રવાળો ઇંદ્ર, ઇંદ્રાણી સહિત હાથી ઉપર ચઢીને હાથમાં સફેત છત્ર ધરીને ચાલવા લાગ્યો.[૧૦]

શ્રેષ્ઠ નદી જમનાજી કાચબા ઉપર બેસીને હાથમાં ઉત્તમ સફેત ચમ્મર ધરીને ચાલવા લાગી.[૧૧] અને હંસ, કુંદ અને ચંદ્રના જેવા શ્વેત ચામર લઇને ઉત્તમ સરસ્વતી નદી હાથી ઉપર બેસીને ચાલી.[૧૨] મહાદેવને માટે સુગંધીદાર પંચરંગી કુંકુમ લઇને ઇચ્છા મુજબ ગતિ કરનારી છએ ઋતુઓ આવી.[૧૩] ઐરાવતના જેવા મત્ત હાથી ઉપર ચઢીને અનુલેપન દ્રવ્ય લઇને ત્યાં પૃથૂદક આવ્યા.[૧૪] તુંબરુ આદિ ગંધર્વો મધુર રાગથી ગાવા લાગ્યા અને કિન્નરો ઉત્તમ વાજીંત્રો વગાડતા મહાદેવની પાછળ ચાલવા લાગ્યા.[૧૫] અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને મુનિઓ સ્તુતિ કરવા લાગ્યા તથા ગંધર્વો સાથે સાથે ચાલવા લાગ્યા.[૧૬] એકાદશ રુદ્ર, બાર આદિત્ય અને આઠ વસુઓ પણ ચાલ્યા.[૧૭] સડસઠ કરોડ ગણો અને ચોવીસ ઉર્ધ્વરેતા ગણો પણ સાથે ચાલ્યા.[૧૮] યક્ષ, કિન્નર અને રાક્ષસોનાં અનેક ટોળાં મહાદેવજીની જાનમાં ચાલ્યાં.[૧૯] મહાદેવજી એક ક્ષણમાં હિમાલય ઉપર આવી પહોંચ્યા અને બીજા પર્વતો પણ હાથીઓ ઉપર બેસીને ચારે તરફથી આવી લાગ્યા.[૨૦] પછી ત્રિલોચન શંકર ભગવાને પર્વતરાજ હિમાચળને નમન કર્યું. આ બધા પર્વતોએ મહાદેવજીને પ્રણામ કર્યો, એથી તેઓ પ્રસન્ન થયા.[૨૧] દેવો અને પાર્ષદો સાથે મહાદેવજીએ નંદીએ બતાવેલા માર્ગે શૈલરાજના મોટા નગરમાં પ્રવેશ કર્યો.[૨૨] 'જીમૂતકેતુ મહાદેવજી આવ્યા,' એવા સમાચાર સાંભળીને નગરની સ્ત્રીઓ કામધંધો છોડીને તેમનાં દર્શન કરવાને બહાર નીકળી.[૨૩] એક સ્ત્રી, એક હાથમાં ફૂલો અને બીજામાં પોતાનો છૂટી ગયેલો ચોટલો પકડીને શંકરની સામી આવી.[૨૪] બીજી સ્ત્રી, ગભરાયલી ગભરાયલી જોતી, એક પગે અલતાનો રંગ લગાવીને અને બીજો પગ એમને એમ રાખીને તથા ત્રીજી સ્ત્રી એક આંખમાં કાજળ આંજીને અને બીજી આંખમાં કાજળ આંજવાની સળી લઇને શંકરને આવેલા જાણીને દોડતી આવી.[૨૫–૨૬] બીજી એક સ્ત્રી કેડે બાંધવાની દોરી સાથે વસ્ત્ર પકડીને ઉન્મત્તની માફક શંકરનાં દર્શનની લાલસાથી નાગી નાગી દોડી.[૨૭] બીજી એક સ્તનભારથી ધીમી ચાલતી, સુંદર કુચોવાળી કૃશોદરી સ્ત્રી, શંકરને આગળ ચાલી ગયા સાંભળીને, જાણે પોતાનું

યૌવન જ વહી ગયું હોય, એમ પસ્તાવો કરતી દોડતી આવી.[૨૮] એ પ્રમાણે નગરની સ્ત્રીઓમાં ગભરાટ ઉત્પન્ન કરતા શંકર વૃષભ ઉપર બેસીને દિવ્ય શ્વસુરમંદિરમાં આવ્યા.[૨૯] શૈલેન્દ્રના ભવનમાં પ્રવેશ કરેલા શંભુને જોઇને ત્યાંની સ્ત્રીઓ કહેવા લાગી કે, અંબિકાનું તપ સફળ થયું, કેમકે આ દેવોમાં શ્રેષ્ઠ સાક્ષાત્ શિવજી જ છે.[૩૦] આ તે જ છે કે જેણે કુસુમાયુધ કંદર્પને અંગ રહિત બનાવ્યો હતો; એ જ યજ્ઞનો ભંગ કરનાર, દક્ષનો નાશ કરનાર, ભગદેવતાનાં નેત્ર ફોડી નાંખનાર, ત્રિશૂળ અને પિનાકને ધારણ કરનાર છે.[૩૧] હે શંકર ! હે શૂલપાણિ ! હે વ્યાઘ્રામ્બરધારી ! કાળના શત્રુ ! તમને નમસ્કાર છે. મોટા સર્પના હાર અને કુંડળો ધારણ કરનાર પાર્વતીના વલ્લભ ! તમને નમસ્કાર છે.[૩૨]

એ પ્રમાણે સ્તુતિ કરાયલા, પોતાના પક્ષના સિદ્ધ આદિ ગણોએ જેમને વંદન કરેલું છે એવા શંકર, સર્પનાં કંકણ ધારણ કરીને અને સુંદર ભસ્મ લેપન કરીને પરમ મંગળમય અગ્નિયુક્ત લગ્નની વેદી આગળ આવ્યા. તેમની સાથે હાથમાં છત્ર ઝાલીને ઇંદ્ર ચાલતો હતો, આગળ બ્રહ્મા ચાલતા હતા અને પાછળ વિષ્ણુ ચાલતા હતા.[૩૩] સહચરો અને સમર્ષિઓ સહિત મહાદેવ આવ્યા, તે વખતે ગિરિરાજનાં ઘરનાં માણસો કન્યાને અલંકાર સજાવવાને વ્યાકુલ થઈ ગયાં. દેવોને અર્થે પૂજા સામગ્રી કરવામાં ત્યાં આવેલા પર્વતો વ્યાકુલ થઈ ગયા અને દેવીઓ તથા સુહૃદ્ જનો પણ વિવાહના ઉત્સાહમાં વ્યાકુલ થઈ ગયાં.[૩૪] પછી દેવી ગિરિજા (પાર્વતી) ને સ્ત્રીઓએ શણગાર સજાવ્યા અને શ્વેતપટકૂળ પહેરાવ્યું. પછી તે ઉત્સવમાં આવેલો પાર્વતીનો ભાઈ સુનાભ (મૈનાક) તેને શંકર પાસે લઈ ગયો.[૩૫] આવેલા દેવો સુવર્ણમય ચોકમાં બેઠા અને શંકર તથા કાલીની ચેષ્ટા જોવા લાગ્યા. મહાદેવ અને પાર્વતી લૌકિક વિવાહપદ્ધતિથી પરણ્યાં.[૩૬] ત્યાં ક્રીડાને માટે જાતજાતનાં ફૂલોથી ભરેલાં વૃક્ષો ખીલી રહ્યાં હતાં, અને પાણીનાં ઝરણ ટપકી રહ્યાં હતાં. તે સ્થળે સુગંધી દ્રવ્યના ઢગલાઓથી સુગંધિત થઈ રહેલી જમીનમાં શંકર પાર્વતી ક્રીડા કરવા લાગ્યાં. તેઓએ એક બીજાના ઉપર મોતીઓનો અને સિંધૂરપુષ્પોનો વરસાદ વરસાવ્યો, જેથી તે સ્થળની જમીન લાલ લાલ થઈ રહી.[૩૭] એ પ્રમાણે ગિરિકન્યાની સાથે ક્રીડા કરતા શંકર, ઋષિઓએ સેવેલી દઢ દક્ષિણ વેદી પાસે આવ્યા.[૩૮] પછી શ્વેત વસ્ત્ર ધારણ કરી પવિત્ર થઈ પવિત્ર હાથે મધુપર્ક આપવાને હિમાચલ ત્યાં આવ્યો.[૩૯] ત્યાર પછી ત્યાં મહાદેવ પૂર્વ દિશા તરફ મુખ કરીને બેઠા અને હિમાચળ પશ્ચિમ દિશા તરફ મુખ કરીને સપ્તર્ષિઓ તરફ જોતો બેઠો.[૪૦] સુખથી બેઠેલા શંકર-ભગવાનને હિમાચળ હાથ જોડીને પોતાના ધર્મસાધનનું વચન કહેવા લાગ્યો.[૪૧]

હિમાચળ કહે છેઃ—હે ભગવન્ ! મારી પુત્રી, પુલહાગ્રજની પૌત્રી અને પિતૃઓની દૌહિત્રી આ કાલીનું હું આપને દાન કરું છું તે આપ ગ્રહણ કરો.[૪૨] પુલસ્ત્ય કહે છેઃ—એ પ્રમાણે બોલીને હિમાચલે પાર્વતીનો હાથ શંકરના હાથમાં

આપ્યો અને 'હે ભગવન્! આને ગ્રહણ કરો' એમ કહ્યું.[૪૩] શંકર કહે છેઃ—મારે માતા નથી, પિતા નથી, જ્ઞાતિ નથી અને બાંધવો નથી. હું આશ્રય વગરનો છું અને ગિરિશૃંગ મારો વાસ છે. હે ગિરિરાજ! એવો હું આ તારી પુત્રીનું ગ્રહણ કરું છું.[૪૪] એ પ્રમાણે બોલી વરદાન આપનાર શંકર ભગવાને પોતાના હાથથી ગિરિકન્યાનો હાથ દબાવીને પકડ્યો. પાર્વતી પણ શંકરના હાથનો સ્પર્શ થવાથી ઘણો આનંદ પામ્યાં.[૪૫] પાર્વતી સાથે ચોરીમાં બેઠેલા મહાદેવજી મધુપર્કનું ભક્ષણ કરી લાગ્નહોમ કરવાને માટે મૈનાકના હાથમાંથી કાલીના હાથમાં કલમ (ડાંગર)ની સંસ્કૃત લાજા (ધાણી)ને આપીને અગ્નિમાં આહુતિ આપવા લાગ્યા. પછી બ્રહ્માજીએ પાર્વતીને કહ્યું;[૪૬] 'હે કાલિ! ચંદ્રના જેવું શંકરનું સુંદર વદન જો અને સ્થિર થઈ સમદૃષ્ટિ રાખીને અગ્નિની પ્રદક્ષિણા કર.'[૪૭] પછી અંબિકા શંકરનું મુખ જોઇને, સૂર્યનાં કિરણથી તપેલી પૃથ્વી વરસાદ આવવાથી શીતલ થાય, તેમ શીતલ થઈ.[૪૮] પિતામહ બ્રહ્માએ તેને 'શંકરનું મુખ જો' એમ વારંવાર કહ્યું, એટલે તે લજ્જાથી ધીમે રહીને બ્રહ્માને કહેવા લાગી કે 'જોયું'.[૪૯] પછી મહાદેવજીએ ગિરિજા સાથે અગ્નિની પ્રદક્ષિણા કરી અને અગ્નિમાં લાજાની આહુતિ આપી.[૫૦] ત્યારપછી માલિની નામની પાર્વતીની સખીએ દાપુ લેવાને માટે શંકરનો પગ પકડ્યો. એટલે શંકરે તેને કહ્યું કે, 'તું શું માગે છે તે કહે. તું જે માગીશ તે હું આપીશ. મારો પગ છોડ.[૫૧] ત્યારે માલિની કહેવા લાગી કે, 'હે શંકર! મારી સખીને સૌભાગ્ય અને તમારું ગોત્રીયપણું આપો, એ આપશો ત્યારે જ હું પગ છોડીશ.'[૫૨] પછી શંકરે કહ્યું કે, હે માલિની! જા મેં તે આપ્યું, હવે છોડી દે. મેં તારી સખીને જે ગોત્રીય અને સૌભાગ્ય આપ્યું તે સાંભળ.[૫૩] આ જે પીતાંબરધારી શંખ ધારણ કરનાર મધુસૂદન ભગવાન્ ઉભા છે તેમના જેવું સૌભાગ્ય અને મારું ગોત્ર મેં એને આપ્યું (અર્થાત્ વિષ્ણુના વૈભવો અને મારું ગોત્ર આપ્યું.)[૫૪] શંકર એ પ્રમાણે બોલ્યા, એટલે પોતાના ગોત્રને અનુરૂપ સદાચાર પાળનારી માલિનીએ શંકરનો પગ છોડી દીધો.[૫૫] માલિનીએ જ્યારે શંકરના શુભ પગ પકડ્યા હતા ત્યારે બ્રહ્માએ કાલીનું મુખ જોયું, તો તે ચંદ્રથી પણ અધિક શોભતું હતું.[૫૬] પાર્વતીનું એવું સુંદર મુખ જોઇને બ્રહ્માને મોહ થયો ને તેથી તેમનું વીર્ય સ્ખલિત થયું. તે વીર્ય તેમણે ગભરાટમાં ઉતાવળથી વાલુકામાં નાંખી દીધું.[૫૭] તે જોઇને શંકરે બ્રહ્માને કહ્યું કે, 'હે બ્રહ્મન્! બ્રાહ્મણોનો ઘાત કરવો આપને યોગ્ય નથી. હે પિતામહ! એમાંથી વાલખિલ્ય મહર્ષિઓ ઉત્પન્ન થશે તથા તેમને ધન્ય છે.[૫૮] પછી મહાદેવના વચનથી તેમાંથી અઠયાસી હજાર ઋષિઓ ઉત્પન્ન થયા. તે વાલખિલ્ય નામથી કહેવાયા.[૫૯] પછી વિવાહ પૂર્ણ થયા પછી મહાદેવજીએ કૌતુકાગારમાં પ્રવેશ કર્યો. ત્યાં આખી રાત પાર્વતી સાથે વિહાર કરી સવારમાં પાછા ઉઠ્યા.[૬૦] ત્યારપછી પાર્વતીને પ્રાપ્ત કરીને શંકર સર્વે ભુતગણો સાથે ઘણો હર્ષ પામ્યા અને

પર્વતરાજે તેમનું પૂજન કર્યું. પછી તે શંકર પોતાને મંદિરે ગયા.[૬૧] પછી બ્રહ્મા અને ઇંદ્ર વગેરે દેવોની તેમની યોગ્યતા પ્રમાણે પૂજા કરી. ત્યાંથી વિસર્જન થયેલા મહાદેવજી ભૂતગણો સાથે મંદરાચળ ઉપર આવીને રહ્યા.[૬૨]

ततः सुरान्ब्रह्महरींद्रमुख्यान्प्रणम्य संपूज्य यथाविभागम् ।
विसृज्य भूतैः सहितो महींध्रमध्यावसन्मंदरमष्टमूर्तिः ॥ ६२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ઉમા સંભવે, ગૌરિવિવાહ નામનો ત્રેપનમો અધ્યાય સમાપ્ત.

—✲✲✲✲—

અધ્યાય ૫૪ મો.

વિનાયકની ઉત્પત્તિ.

पुलस्त्य उवाच—ततो गिरौ वसन्रुद्रः स्वेच्छया विचरन्मुने ॥
विश्वकर्माणमाहूय अवोचत्कुरु मे गृहम् ॥ १ ॥

પુલસ્ત્ય કહે છેઃ—પછી મંદરાચળ ઉપર વસતા શંકરે વિશ્વકર્માને બોલાવીને કહ્યું કે, મારેમાટે ઘર બનાવો.[૧] એટલે વિશ્વકર્માએ શંકરને માટે સ્વસ્તિક (સાથીયા) ના આકારનું ચોસઠ યોજનના વિસ્તારવાળું સુવર્ણનું ઘર બનાવ્યું.[૨] એ ઘરના બહારની બાજુએ હાથીદાંતનાં તોરણ બનાવ્યાં હતાં અને અંદર મોતીની ઝુલો મૂકી દીધી હતી. એના દ્વારનાં પગથિયાં શુદ્ધ સ્ફટિક અને વૈડૂર્ય મણિનાં બનાવેલાં હતાં.[૩] સાત માળનું ઘણું વિશાળ સર્વ ગુણવાળું ઘર બન્યા પછી મહાદેવે તેની પૂજા કરી.[૪] પછી પૂર્વ ઋષિઓના આચરેલા ધર્મમાર્ગમાં શંકરે પ્રવૃત્તિ કરી અને એમ તેમનો કાળ વહી ગયો.[૫] પાર્વતી સાથે રમતાં એક વખત ધર્મકાર્યને માટે જરૂર પડવાથી મહાદેવજીએ પાર્વતીને કાલી કહીને બોલાવી.[૬] આથી પાર્વતીને ક્રોધ ચઢ્યો. તેથી તેમણે શંકરને કહ્યું કે, 'બાણથી અથવા કુહાડીથી છેદાયલું વન પાછું ઉગે છે, પણ ખરાબ બીભત્સ વાક્યથી પડેલો ઘા ફરી સાજો થતો નથી.[૭] વચનોરૂપી બાણોથી હણાયલો માણસ રાતદિવસ શોક કર્યા કરે છે. તેથી બુદ્ધિમાન્ માણસો તેવાં વાક્યબાણ કદી છોડતા નથી તમે આજ તે ધર્મનો ત્યાગ કર્યો છે.[૮] તે કારણથી, હે દેવેશ! હું ઉત્તમ પ્રકારનું મહાન્ તપ કરવાને જાઉં છું. આપ ફરીથી મને કાળી ન કહો, એવો પ્રયત્ન કરીશ.[૯] મહાદેવને એ પ્રમાણે કહીને તથા પ્રણામ કરીને અને મહાદેવની આજ્ઞા લઇને ગિરિજા આકાશમાં કુદી પડી.[૧૦] અને બ્રહ્માએ જાણે મંદરાચળનું એક શિખર તોડી નાખ્યું હોય તે પડે તેમ વેગથી હિમાચળના શિખર ઉપર આવીને પડી.[૧૧] હિમાલય ઉપર આવીને તેણે જયા, વિજયા, જયંતિ, અને મહા પુણ્યશાળી અપરાજિતા નામની પોતાની સખીઓને સંભારી.[૧૨] એટલે તે સખીઓ આવીને ઉભી રહી અને કાલીની આજ્ઞા પ્રમાણે તેની સેવા કરવાને તત્પર

થઈ.[૧૩] પાર્વતી ત્યાં તપ કરતી હતી, તે વખત હિમાચળના વનમાંથી દાંત અને નખરૂપી આયુધોવાળો એક વાઘ તે સ્થળે આવ્યો.[૧૪] દેવી પાર્વતી એક પગે ઉભી રહીને તપ કરતી હતી, તે જોઇને વાઘ વિચાર કરવા લાગ્યો કે, જ્યારે એ પડશે ત્યારે હું એને પકડી લઇશ.[૧૫] એ પ્રમાણે વિચાર કરતાં વાઘ એકી નજરે તેનું (કાલીનું) મુખ જોઈ રહ્યો.[૧૬] દેવીએ સો વર્ષ સુધી બ્રહ્માના પદનું ઉચ્ચારણ કરતાં કરતાં તપ કર્યું, એટલે ત્રણે ભુવનના પતિ બ્રહ્મા ત્યાં આવીને ઉભા રહ્યા.[૧૭] પિતામહ બ્રહ્માએ દેવીને કહ્યું કે, 'હે શાશ્વતે! તારા ઉપર પ્રસન્ન થયો છું, તપથી તારાં તમામ પાપો ધોવાઈ ગયાં છે. તારી ઇચ્છામાં આવે તે વરદાન હવે માગી લે.'[૧૮]

કાલી બોલી;—હે કમલોદ્‌ભવ! આ વાઘને વરદાન આપો. એથી હું પ્રસન્ન થઇશ.[૧૯] ત્યારે બ્રહ્માજીએ તે અદ્‌ભુત કર્મ કરનારા વાઘને વરદાન આપ્યું કે, તું મહાદેવજીના ગણોનો ઉપરી થઇશ. શંકર ઉપર તને ભક્તિ થશે. તું કોઇથી જિતી શકાઇશ નહિ અને તું ધર્માત્મા થઇશ.[૨૦] એ પ્રમાણે વાઘને વરદાન આપ્યા પછી શિવકાન્તા (પાર્વતી)ને કહ્યુ કે, 'હે અંબિકે! હું તમને વરદાન આપું છું, માટે તમે તે સ્થિરચિત્ત થઇને ગ્રહણ કરો.'[૨૧] એ સાંભળી દેવીએ પિતામહને કહ્યું કે, 'હે બ્રહ્મન્! મારો વર્ણ કંચનના સમાન થાય, એવો વર મને આપો.'[૨૨] એ પ્રમાણે થાઓ, એમ કહીને બ્રહ્માજી ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી પાર્વતીજીએ કાળારંગના શરીરનો ત્યાગ કરીને કમળના પરાગ જેવા ગૌર વર્ણનો દેહ ધારણ કર્યો.[૨૩] હે મુને! તે કોશ (દેહ) થી બીજીવાર કાત્યાયની દેવી ઉત્પન્ન થઈ, ત્યારે સહસ્રલોચન ઇંદ્ર ત્યાં આવીને દેવી ગિરિનંદિનીને કહેવા લાગ્યા.[૨૪] ઇંદ્ર બોલ્યાઃ—આ કૌશિકી મને આપો. એ મારી ભગિની થશે. કેમકે એ આપના કોશથી ઉત્પન્ન થઈ, તેથી કૌશિકી કહેવાય છે અને હું પણ કૌશિક છું.[૨૫] એ સાંભળીને દેવી પાર્વતીજીએ પરમ સૌંદર્યવતી તે કૌશિકી ઇંદ્રને આપી. તેને લઇને ઇંદ્ર વિંધ્યાચળ પર્વત ઉપર વેગથી ચાલ્યો ગયો.[૨૬] ત્યાં જઇને ઇંદ્ર તેને કહ્યું કે, 'હે દેવી! તું હવે અહીં જ રહે. તું અહીં વિંધ્યવાસિનીના નામથી વિખ્યાત થઇશ અને સર્વે દેવલોકો તારી પૂજા કરશે.'[૨૭] એ પ્રમાણે એ દેવીનું ત્યાં સ્થાપન કરીને અને સિંહનું વાહન આપીને "તું દેવતાઓના શત્રુઓનો સંહાર કરનારી થજે." એમ કહીને ઇંદ્ર સ્વર્ગમાં ગયા.[૨૮] હે મુને! ઉમિયાજી પણ બ્રહ્માનું વરદાન મેળવીને પોતાને સ્થાનકે પાછાં આવ્યાં અને શિવજીને પ્રણામ કરીને વિનયપૂર્વક તેની સાથે રહેવા લાગ્યાં.[૨૯] પછી દેવતાઓમાં શ્રેષ્ઠ શ્રીમાન્ મહાદેવજી મહા મોહવશ થઇને એક હજાર વર્ષ સુધી પાર્વતી સાથે રહ્યા.[૩૦] મહાદેવજી મહામોહવશ થઈ રહેવાથી ત્રણે ભુવન ચલિત થયાં, સમુદ્રો ખળભળવા લાગ્યા અને દેવો ભયભીત થયા.[૩૧] એટલે પછી બધા દેવો ઇંદ્રને સાથે લઇને બ્રહ્મલોકમાં ગયા અને પ્રણામ કરીને બ્રહ્માજીને કહેવા લાગ્યા કે, 'હે ભગવન્! આ આખું જગત ખળભળી

ઉઠ્યું છે, તેનું કારણ શું ?'[૩૨] બ્રહ્માજીએ તેમને કહ્યું કે, 'મહાદેવજી મહામોહને વશ થઇને વર્તે છે, તેથી આ સર્વ લોક આક્રાન્ત થઇને અનિવાર્ય ક્ષોભ પામી રહ્યા છે.'[૩૩] એ પ્રમાણે કહીને બ્રહ્માજી શાંત થયા.

એટલે પછી સઘળા દેવોએ ઇંદ્રને કહ્યું કે, 'હે ઇંદ્ર! ચાલો આપણે મહાદેવજી જ્યાં સુધીમાં મોહથી નિવૃત્ત થયા નથી ત્યાં સુધીમાં ત્યાં જઇએ.[૩૪] કેમકે મહાદેવજીનો મોહ નિવૃત્ત થતાં જે અવિનાશી બાળક ઉત્પન્ન થશે, તે દેવરાજ ઇંદ્રની પદવી લઈ લેશે.'[૩૫] દેવતાઓનાં વચન સાંભળવાથી અને ભાવિકર્મની પ્રેરણાથી ભયને લીધે ઇંદ્રનું જ્ઞાન નષ્ટ થઈ ગયુ.[૩૬] પછી સહસ્રાક્ષ ઇંદ્ર અગ્નિ અને દેવતાઓની સાથે મંદરાચળ ઉપર ગયા, પણ ત્યાં તેના શિખર ઉપર ચઢવાને અને મહાદેવજીના ભવનમાં પ્રવેશ કરવાને કોઈ સમર્થ થયું નહિ. પછી ઘણીવાર સુધી વિચાર કરીને અગ્નિને અંદર મોકલ્યો.[૩૭-૩૮] અગ્નિએ અંદર જઇને જોયું તો દ્વાર ઉપર ઉભેલા નંદીને જોયો. તેને જોઇને અગ્નિને અંદર પ્રવેશ કરવાનું બહુ મુશ્કેલ લાગ્યું. એટલે તે મોટી ફિકરમાં પડ્યો.[૩૯] અગ્નિ ચિંતા કરતો હતો, એટલામાં તેણે શંકરના ભવનમાંથી નિર્મળ હંસની હારને બહાર નીકળતી દીઠી.[૪૦] આ ઉપાય ઠીક છે, એમ મનમાં બોલી અગ્નિએ હંસનું રૂપ લઈ દ્વારપાળને છેતરી અંદર પ્રવેશ કર્યો.[૪૧] પછી સૂક્ષ્મરૂપ ધારણ કરી શિવજીના મસ્તક ઉપર ચઢીને હસીને ગંભીર વાણીથી અગ્નિએ કહ્યું કે, બહાર દ્વારઉપર દેવો ઉભા છે.[૪૨] હે નારદ ! તે સાંભળીને એકદમ ઉઠીને પર્વતપુત્રીનો ત્યાગ કરીને મહાદેવ અગ્નિ સાથે ઘરમાંથી બહાર નીકળ્યા.[૪૩] એટલે સઘળા દેવો મનમાં બહુ ખુશ થયા અને ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, પાવક વગેરે સર્વે જમીન સાથે માથું નમાવીને પગે લાગ્યા.[૪૪] પછી શંકર ભગવાને પ્રીતિપૂર્વક દેવોને કહ્યું કે 'હું તમારા પ્રણામથી પ્રસન્ન થયો છું. તમારે જે કામ હોય, તે મને શીઘ્ર કહો.'[૪૫] દેવો બોલ્યાઃ—જો તમે પ્રસન્ન જ થયા હો અને દેવોને વર આપવાને ઇચ્છતા હો તો હે ઈશ્વર ! આ મહામૈથુનનો ત્યાગ કરો.[૪૬] મહાદેવ બોલ્યાઃ—હે સુરોત્તમો ! ભલે એમ થાઓ. મેં એ ભાવનો ત્યાગ કર્યો. મારા ત્યાગ કરેલા એ તેજને કોઈપણ ગ્રહણ કરો.[૪૭]

પુલસ્ત્ય બોલ્યાઃ—એ પ્રમાણે શંભુએ કહ્યું, એટલે ઇંદ્ર, ચંદ્ર, દિવાકર વગેરે જેમ કાદવમાં ગાય ચોંટી જાય તેમ શાંત થઇને બેસી રહ્યા.[૪૮] એ પ્રમાણે દેવો બોલી રહ્યા, એટલે અગ્નિએ શંકર પાસે જઇને કહ્યું, 'હે દેવ ! તમારું તેજ છોડો, હું ગ્રહણ કરું છું'.[૪૯] પછી મહાદેવજીએ રેત છોડ્યું, એટલે તે પડતા રેતને તૃષાર્ત જલપાન કરે, તેની પેઠે અગ્નિ પાન કરી ગયો.[૫૦] અગ્નિ શંકરનું રેત પી ગયા પછી દેવો નિશ્ચિંત થયા અને પછી મહાદેવને આમંત્રણ કરીને સ્વર્ગમાં ગયા.[૫૧] દેવો ગયા પછી શંકર પોતાના મંદિરમાં ગયા અને મહાદેવી પાર્વતીને આ પ્રમાણે કહ્યું;[૫૨] 'હે દેવિ ! દેવોએ અહીં આવીને અગ્નિને મારી પાસે મોકલ્યો અને તારા ઉદરથી પુત્રોત્પત્તિ ન થાય એવી પ્રાર્થના કરી.[૫૩] તે

દેવી પોતાના પતિનાં એવાં વચન સાંભળીને લાલ આંખો કરીને મહા ક્રોધાયમાન થઈ, અને પછી દેવોને શાપ દીધો કે, તમને કદી પુત્રોત્પત્તિ થશે નહિ.[૫૪] જે કારણથી એ દુષ્ટોએ મને ઔરસ પુત્ર ન થાય એવી ઇચ્છા કરી, તે કારણથી તેઓને પણ તેમની સ્ત્રીઓથી પુત્ર ઉત્પન્ન નહિ થાય.[૫૫] એ પ્રમાણે દેવોને શાપ આપીને ગૌરી શૌચશાળામાં ગઈ અને માલિનીને બોલાવીને સ્નાન કરવાની ઇચ્છા જણાવી.[૫૬] કનકપ્રભા માલિની શરીરે ચોળવાનું સુગંધી દ્રવ્ય લઈ આવી અને એ હાથવડે મર્દન કરવા લાગી.[૫૭] પરંતુ તે શૌચ ક્રિયાથી પાર્વતીને સંતોષ ન થયો, એટલે પછી બીજા શુભ મર્દનથી પાર્વતીને મર્દન કર્યું.[૫૮] પછી માલિની સ્નાનને માટે ઘરમાં ગઈ. તે વખતે પાર્વતીએ પોતાના શરીરના મેલથી હાથીના જેવા મુખવાળા, ચાર હાથવાળા, વિશાળ છાતીવાળા, સારા લક્ષણવાળા પુત્રને ઉત્પન્ન કર્યો અને તેને પૃથ્વી ઉપર મૂકીને પોતે ભદ્રાસનવાળીને બેઠી.[૫૯-૬૦] પછી માલિની આવીને હસતી હસતી તેના માથા ઉપર સ્નાન કરાવવા લાગી. તેને હસતી જોઇને પાર્વતીએ પૂછ્યું;[૬૧] 'હે ભીરુ! તું શા કારણથી ધીમી ધીમી હસે છે?' તેણે કહ્યું કે, 'હે દેવી! તમને પુત્ર થશે, એમ જાણીને હું હસું છું, કેમકે શંકર ભગવાન્ નંદીગણને એમ કહેતા હતા. હે કૃશોદરિ! તે સાંભળીને હું હસતી હતી.[૬૨-૬૩] જો કે દેવોએ મહાદેવજીને પુત્રની કામનાથી અટકાવ્યા છે.' એ સાંભળીને દેવીએ વિધિપૂર્વક સ્નાન કર્યું.[૬૪]

સ્નાન કર્યા પછી ભક્તિપૂર્વક શંકરની પૂજા કરીને દેવી ઘરમાં ગઈ. પછી મહાદેવજીએ તે ભદ્રાસન ઉપર આવીને સ્નાન કર્યું. ત્યાં મહાદેવ તથા પાર્વતીના પરસેવાનું પાણી જમીન ઉપર વહ્યું. તેના સ્પર્શથી પાર્વતીએ બનાવેલો મલપુરુષ ફુત્કાર કરીને શુંડ ઊંચી કરીને સામો ઊભો રહ્યો. તે પોતાનો જ પુત્ર જાણીને મહાદેવજી પ્રીતિવાળા થયા.[૬૫-૬૭] તેને લઇને મહાદેવજીએ નંદીને કહ્યું કે, આ અમારો પુત્ર છે. પછી તેને સ્નાન કરાવીને તથા દેવતાઓની, અગ્નિની અને પિતૃઓની પૂજા કરીને સહસ્ર નામનો જપ કરીને ઉમિયાજીના ખોળામાં તે પુત્રને મૂકયો અને પછી હસીને દેવીને મહાદેવજી કહેવા લાગ્યા;[૬૮-૬૯] 'હે પાર્વતિ! સર્વ ગુણયુક્ત તમારા આ પુત્રને જુઓ.[૭૦] તમારા શરીરના મળથી એ દિવ્ય આકૃતિવાળા ગજમુખ નરને ઉત્પન્ન કરેલો છે.' આથી ગિરિસુતાએ પ્રસન્ન થઇને તે પુત્રને છાતી સાથે ચાંપ્યો[૭૧] અને તેના મસ્તકને સુંઘ્યું. પછી મહાદેવજીએ કહ્યું કે, 'હે દેવિ! હું જે તમારો નાયક તેના વિના તમે એ પુત્ર ઉત્પન્ન કર્યો છે, માટે એ વિનાયક નામથી વિખ્યાત થશે અને દેવ વગેરેનાં હજારો વિઘ્નોનો નાશ કરશે.[૭૨-૭૩] હે દેવિ! સર્વ દેવો અને ચરાચર લોકો એનુ પૂજન કરશે.' એ પ્રમાણે બોલીને તેમણે દેવીને તે પુત્ર આપ્યો.[૭૪] પછી ઘટોદર નામના શ્રેષ્ઠ ગણને તેની રક્ષાને માટે નીમ્યો. વળી ઘોર માતૃગણ, વિઘ્નકર્તા ભૂતગણ, સર્વેને મહાદેવે દેવીની પ્રીતિને માટે તેની સહાય કરવા મૂકયા. તે પુત્રને જોઇને દેવી બહુ પ્રસન્ન થયાં.[૭૫-૭૬]

પછી દેવી શંભુ સાથે મંદરાચળની કંદરાઓમાં રમવા લાગ્યાં. હે વિભો! એ પ્રમાણે દેવી કાત્યાયનીએ ફરીથી ઉત્પન્ન થઇને શુંભ અને નિશુંભ દૈત્યોને માર્યા હતા.૭૭ એવી રીતે પર્વતપુત્રી મૃડાની પાર્વતીજીનો પર્વતથી જન્મ થયો, તે સ્વર્ગ અને યશ આપનાર, પાપહર, ઉન્નતિકારક આખ્યાન મેં તમને કહ્યું.૭૮

एतत्तवोक्तं वचनं सुभाष्यं यथोद्भवः पर्वततो मृडान्याः ।
स्वर्ग्यं यशस्यं च तथाऽघहारि आख्यानमूर्जस्करमाद्रिपुत्र्याः ॥ ७८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ઉમા સંભવ'ને વિશે વિનાયક ઉત્પત્તિ નામનો ચોપનમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૫ મો.

ચંડ મુંડનો વધ.

पुलस्त्य उवाच—कश्यपस्य दनुर्नाम्ना भार्यासीद्द्विजसत्तम ॥
तस्याः पुत्रत्रयं चासीत्सहस्राक्षाद्बलाधिकम् ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે દ્વિજવર! કશ્યપ પ્રજાપતિને દનુ નામની ભાર્યા હતી. તેને ઇંદ્રથી પણ બળવાન્ એવા ત્રણ પુત્ર થયા.૧ તેમાં મોટો શુંભ નામે હતો, બીજો નિશુંભ હતો અને ત્રીજો નમુચિ નામે મહાબળવાન્ હતો.૨ એ નમુચિને મારવાનો ઇંદ્રે સંકલ્પ કર્યો. તેથી પોતે હાથમાં વજ્ર લઇને તેની પાછળ પડ્યો.૩ આથી ભયભીત થઇને નમુચિ નાઠો અને સૂર્યના રથમાં જઇને ભરાઈ બેઠો, એટલે ઇંદ્ર તેને મારી શક્યો નહિ.૪ એટલે પછી ઇંદ્રે તેને વર આપ્યો કે, અસ્ત્રશસ્ત્રથી તારો વધ થશે નહિ.૫ હે નારદ! એ પ્રમાણે વર મળેલો જાણીને તે સૂર્યના રથનો ત્યાગ કરીને પાતાળમાં ગયો.૬ પાણીમાં પેસીને તેણે સમુદ્રનું ઉત્તમ ફીણ જોયું. પછી તેને લઇને તે બોલ્યો૭ કે; 'દેવપતિ ઇંદ્રે કહ્યું છે તે સિદ્ધ થાઓ. આ ફીણ મને સ્પર્શ કરો,' એમ કહીને તેણે હાથવડે તેને લીધું.૮ પછી પોતાનું મુખ, નાસિકા, કાન વગેરે ફીણથી ભરી દીધાં. એટલે ઇંદ્રે તેમાં અંતર્ધાન થઇને વજ્રને ઉત્પન્ન કર્યું.૯ તેનાથી મુખ તથા નાસિકા રુંધાઈ જવાથી તે ત્યાં જ પડ્યો અને મરણ પામ્યો. તે મરણ પામતાં જ બ્રહ્મહત્યાએ ઇંદ્રના શરીરમાં પ્રવેશ કર્યો.૧૦ પછી ઇંદ્રે આ તીર્થમાં આવીને સ્નાન કર્યું એટલે તે પાપથી મુક્ત થયો. ત્યાર પછી નમુચિના ભાઇઓ શુંભ તથા નિશુંભ તે વાત જાણીને મહા ક્રોધિત થયા.૧૧ તેઓ મહા ઉદ્યોગ કરીને દેવો સાથે લઢવાને ચઢી આવ્યા, એટલે ઇંદ્રને આગળ કરીને દેવો પણ તેમની સામે આવ્યા.૧૨

શુંભ નિશુંભે આક્રમણ કરીને બળપૂર્વક દેવોને પરાજિત કર્યા અને ઇંદ્રનો ઐરાવત હાથી તથા યમરાજનો મહિષ પડાવી લીધો.૧૩ વરુણનાં મણિ અને છત્ર, માધવની ગદા અને શંખ, પદ્મ વગેરે નિધિઓ પણ લૂંટી લીધાં.૧૪ હે નાર!

એ દૈત્યોએ આખું ત્રિલોક વશ કર્યું. પછી તેઓ પૃથ્વી ઉપર ઉતર્યા. ત્યાં તેમણે મહા અસુર રક્તબીજને જોઇને પૃછ્યું કે, 'આપ કોણ છો?' તેણે કહ્યું કે, 'હું મહારાજ મહિષાસુરનો મંત્રી છું.[૧૫-૧૬] અને મહાબળવાન્ તથા મહાભુજાવાળો રક્તબીજ નામે વિખ્યાત છું.' તેમના ચંડ અને મુંડ નામે બીજા બે પ્રખ્યાત અમાત્યો પણ છે.[૧૭] તે બંને મહાબાહુ ચંડ મુડ દેવીના ભયથી જળમાં સંતાઈ ગયા છે અને અમારો સ્વામી જે મહિષાસુર નામે દાનવ છે, તેને મહાદેવીએ વિસ્તૃત વિંધ્યાચળ ઉપર મારી નાંખ્યો છે. આપ કોના પુત્રો છો અને કયા નામથી પ્રખ્યાત છો? આપનું કેવું બળ છે અને શો પ્રભાવ છે, તે આપ કહો.'[૧૮-૧૯] શુંભ નિશુંભ બોલ્યાઃ—હું દનુનો ઔરસપુત્ર શુંભ નામે વિખ્યાત છું અને આ મારો નાનો ભાઇ ઈંદ્રનો ગર્વ ઉતારનાર નિશુંભ નામે છે.[૨૦] એણે ઇંદ્ર, રુદ્ર, દિવાકર વગેરે દેવોને અને બીજા પણ જે મહા બળવાન્ વીરો હતા, તેમને યુદ્ધમાં જિતેલા છે.[૨૧] તમે કહો કે મહિષાસુર શી રીતે મરાયો? અમારું સૈન્ય એકઠું કરીને અમે તેના મારનારનો ઘાત કરીશું.[૨૨] હે મુને! નર્મદાને કિનારે એ બંને એ પ્રમાણે કહેતા હતા, તે જ વખતે ચંડ અને મુડ બે દાનવો જે જળમાં સંતાઈ રહ્યા હતા, તે બહાર નીકળી આવ્યા.[૨૩] તે બંને અસુરો રક્તબીજનો આશ્રય કરીને ઉભા અને પછી તેને પૂછવા લાગ્યા કે, આ તમારી સામે ઉભા છે, તે બંને વીરો કોણ છે?[૨૪] તેણે કહ્યું કે, 'એ બંને દેવોનો નાશ કરનારા મહા દૈત્યો છે. આ શુંભ નામે છે અને આ એનો નાનો ભાઈ નિશુંભ નામે છે.[૨૫] એ બંનેનો આશ્રય કરીને હું મહિષાસુરનો નાશ કરનારી ત્રણે લોકમાં રત્નરૂપ તે દુષ્ટ સ્ત્રી સાથે જરૂર લગ્ન કરીશ.'[૨૬]

ચંડ બોલ્યોઃ—તારું કહેવું વ્યાજબી નથી. એ રત્નને યોગ્ય તું નથી. જે સર્વેનો પ્રભુ થાય તે જ રત્નને મેળવી શકે. માટે શુંભને જ એ સ્ત્રીરત્ન આપવું જોઇએ.[૨૭] પછી શુંભ અને નિશુંભને એ સ્વરૂપવતી કૌશિકી, ફરીવાર ઉત્પન્ન થઈ તે કથા કહી સંભળાવી.[૨૮] તે સાંભળીને શુંભે સુગ્રીવ નામના દૈત્યને પોતાના દૂત તરિકે વિંધ્યવાસિની પાસે મોકલ્યો.[૨૯] તે દૈત્ય દેવી પાસે જઈ આવીને ત્યાંથી સાંભળી આવેલી વાત ક્રોધયુક્ત થઇને શુંભ અને નિશુંભને કહેવા લાગ્યો.[૩૦] સુગ્રીવે કહ્યુંઃ—હે દૈત્યનાયકો! તમારા વચન સાંભળીને દેવી પાસે જઇને મેં કહ્યું કે,[૩૧] 'હે મહાભાગે! શુંભ નામે દૈત્યરાજ દાનવોમાં શ્રેષ્ઠ અને વિખ્યાત છે. તેણે તને કહ્યું છે કે, હું જગતત્રયનો સ્વામી છું.[૩૨] હે સુંદરિ! મહીતલમાં અને સ્વર્ગમાં જે જે રત્નો છે, તે સર્વે હમેશાં મારા ઘરમાં રહેલાં છે.[૩૩] હે કૃશોદરિ! ચંડ અને મુંડે તને કહ્યું છે કે તું રત્નરૂપ છે, માટે તું મને અથવા મારા નાના ભાઈ નિશુંભને ભજ.'[૩૪] એ સાંભળીને તે દેવીએ મને હસતાં હસતાં કહ્યું કે, હે સુગ્રીવ! તેં સત્ય જ કહ્યું છે કે ત્રિલોકપતિ શુંભ રત્નયોગ્ય જ છે.[૩૫] પરંતુ હું ઘણી ઉદ્ધત છું. મારા મનમાં એવો મનોરથ છે કે, જે મહા અસુર યુદ્ધમાં મને જિતે, તે જ મારો પતિ થાય.[૩૬] મેં કહ્યું કે, હે ભામિનિ! તને બહુ

ગર્વ થયો છે. જેણે સમસ્ત દેવ દાનવોને જિતેલા છે, તે તને કેમ નહિ જિતી શકે? માટે તું ઉઠ અને ચાલ.[૩૭] દેવીએ કહ્યું કે હું શું કરું? વિચાર કર્યા વગર જ મે એવું પણ લીધેલું છે, માટે તું જા અને શુંભને એ વાત નિવેદન કર.[૩૮] હે મહા અસુર! તેણે એ પ્રમાણે કહ્યું, એટલે હું આપની પાસે આવ્યો છું. તે કરોડો અગ્નિના જેવી પ્રકાશવાળી છે, માટે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. એ સાંભળીને શુંભે ધૂમ્રલોચન નામના દૂત દાનવને બોલાવીને કહ્યું.[૩૯]

શુંભ કહે છેઃ—હે ધૂમ્રાક્ષ! જા. તે અપરાધ કરનારી દુષ્ટાને ચોટલે ઝાલીને દાસીની માફક અહીં ખેંચી લાવ.[૪૦] જો કોઈ તેનો પક્ષ કરનાર બળવાન્ નીકળે તો તે સાક્ષાત્ પિતામહ હોય તો પણ તેનો વધ કરવો.[૪૧] શુંભનાં એવાં વચન સાંભળીને સો અક્ષૌહિણી સૈનાને લઈને ધૂમ્રાક્ષે મહાતેજ સાથે વિધ્યાચળ ઉપર ચડાઈ કરી.[૪૨] પછી દુર્ગાને જોઈને આંખો લાલ કરી ધૂમ્રાક્ષ બોલ્યો કે, હે મૂઢ કૌશિકી! ચાલ આવ, આવ, મહારાજ શુંભને પતિ કબુલ કર. નહિ તો તને વ્યાકુલ કરી બળાત્કારે તારો ચોટલો ઝાલીને ખેંચી જઈશ.[૪૩] દેવી બોલીઃ—તને શુંભે મને બળાત્કરે ખેંચી જવા મોકલ્યો છે, તો હું અબળા શું કરી શકું એમ છું? તારી ઇચ્છામાં આવે તેમ કર.[૪૪] પુલસ્ત્ય મુનિ કહે છેઃ—એ પ્રમાણે કહીને મહાદેવીએ એક હુંકારમાત્રથી ધૂમ્રાક્ષને ભસ્મ કરી નાંખ્યો.[૪૫] આમ દેવી કૌશિકીએ મહા બળવાન્ અસુરને ભસ્મ કર્યો, તેથી આખા ચરાચરજગતમાં હાહાકાર થઈ રહ્યો.[૪૬] શુંભે એ વાત સાંભળીને મોટી ગર્જના કરી અને બળવાન્ ચંડ તથા મુંડને મોકલ્યા.[૪૭] બળવાનોમાં શ્રેષ્ઠરૂપ દૈત્યો પણ આનંદ પામતા ચાલ્યા. તેમની સાથે હાથી, ઘોડા, રથ વગેરેનું તેમનું અતુલ સૈન્ય પણ ચાલ્યું.[૪૮] તે સૌ જ્યાં દેવી કૌશિકી હતી ત્યાં આવ્યા. તે કરોડો શત્રુસૈન્યને આવતું જોઈને દેવીનો સિંહ કેશવાળી ધુણાવી કૂદ્યો અને રણમાં દાનવોનો સંહાર કરવા લાગ્યો. કેટલાકને હાથના ઝપાટાથી અને કેટલાકને મોઢા વડે લીલામાત્રમાં મારી નાંખ્યા.[૪૯–૫૦] કેટલાકને છાતીમાં નખવડે ફાડી નાંખીને યમરાજને ત્યાં મોકલી દીધા. એ પ્રમાણે ગિરિકંદરામાં વસતા દેવીના સિંહથી અને દેવીના અનુચર ભૂતોથી માર ખાતા દૈત્યો ચંડ મુંડને શરણે નાશી ગયા. તેમને નાશી આવેલા જોઈને કોપથી ધ્રુજતા હોઠવાળા ચંડ મુંડ જેમ અગ્નિમાં પતંગીયું ઝંપલાવી પડે, તેમ દુર્ગાદેવીના ઉપર ધસી આવ્યા. તેમનો ધસી આવતા જોઈને દેવી મહાક્રોધથી વ્યાકુલ થઈ ગઈ.[૫૧–૫૨] પછી દેવીએ વક્ર ભ્રૂકુટી કરી. તે ત્રણ ઠેકાણે વાંકી થઈ. તે વાંકી ભ્રૂકુટીથી દેવીના કપાળ પ્રદેશમાંથી કરાળ મુખવાળી કાલી નામે શુભયોગિની નીકળી આવી.[૫૩–૫૪] તેના હાથમાં ભયંકર ખટ્વાંગ તથા કાળ જેવી મિયાન સાથે તલવાર હતી. તેનું શરીર પાતળું અને રુધિરથી ખરડાયલું હતું અને રાજાઓના મસ્તક ઉપર પહેરવાની ફૂલની માળાઓ તેણે ધારણ કરેલી હતી.[૫૫] તેણે કેટલાકને તરવારવડે કાપી નાંખ્યા

અને કેટલાકનો ખટ્વાંગવડે નાશ કર્યો. ક્રોધથી ઘણાને તેણે હાથી અને રથો સાથે મૃત્યુ પમાડી દીધા.[૫૬] ચર્મ, અંકુશ મુદ્દગર, ધનુષ્ય, ઘટ્ટિક, હાથી અને યંત્રો સહિત તેમને અંબિકા પટકી નાંખતી હતી.[૫૭] રથ, ચક્ર, કૂબર, સારથિ અને ઘોડાઓ સહિત યોધાઓને મુખમાં મેલીને ચાવી નાંખતી હતી.[૫૮] કોઇને વાળ ઝાલીને પટકી નાંખતી, કોઇને ડોકમાંથી પકડીને ઝીકતી અને કોઇને પોતાના પગતળે દબાવીને યમરાજને ત્યાં મોકલી દેતી.[૫૯] એ પ્રમાણે સેનાપતિ સહિત આખા સૈન્યનો દેવીએ નાશ કર્યો. તે જોઇને રુરુ નામનો દૈત્ય દેવીના ઉપર ધસ્યો. તે ચંડ જોતા લાગ્યો.[૬૦] તે મહા અસુરને દેવીએ માથામાં ખડ્ગનો સખત ઘા કર્યો, એટલે તે મૂળ કપાઈ જવાથી જેમ ઝાડ તૂટી પડે, તેમ મૃત્યુ-વશ થઇને જમીન ઉપર તૂટી પડ્યો.[૬૧] તેને પશુની માફક પડેલો જોઇને દેવીએ તેના હાથથી પગ સૂધીના વાળ ઉતારી લીધા.[૬૨] અને તેનાવડે પોતાની વિમલ જટા બાંધી, એક લટ બાંધવાની બાકી રહી એટલે તેને જમીન ઉપર પછાડી.[૬૩] એટલે તેમાંથી તેલથી ભિંજાયલા વાળવાળી એક રૌદ્રી ઉત્પન્ન થઈ. તેનું અર્ધું શરીર કાળુ હતું અને અર્ધું શરીર ગોર વર્ણવાળું હતું.[૬૪] તે બોલી કે, હું એક મહા અસુરને મારીશ. તે ઉપરથી તેનું ચંડમારી એવુ પ્રખ્યાત નામ પાડ્યું.[૬૫] પછી તેને દેવીએ કહ્યુ કે, હે સુભગે! જા, ચડ મુડને અહી લઈ આવ. હું જાતે તેમને મારીશ. માટે તેમને લઈ આવવાને તું યોગ્ય છે.[૬૬] દેવીનાં એ વચન સાંભળીને તે તેમની પાછળ દોડી. તેને આવતી જોઇને તે બને દક્ષિણ દિશા તરફ નાસવા લાગ્યા.[૬૭] તેમની પાછળ તે ગરુડ જેવા વેગવાન્ ગધેડા ઉપર બેસીને વસ્ત્ર પહેર્યા વગર જ નાગી નાગી દોડી.[૬૮] તે બંને દૈત્ય જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની પાછળ તે દેવી પણ ગઈ. ત્યાં જતાં તેણે પૌંડ્ર નામના યમના મહિષને દીઠો.[૬૯] તેને જોઈ સર્પના જેવા આકારનાં તેનાં બને શિગડાં ઉખાડી લીધાં. તે હાથમાં લઇને તે દૈત્યોની પાછળ દોડી.[૭૦] એટલે પૃથ્વીને છોડીને તે દૈત્યો આકાશ માર્ગે નાઠા. રાસભપર બેઠેલી મહેશ્વરી પણ તેમની પાછળ વેગથી દોડી.[૭૧] ત્યાં જતાં માર્ગમાં તેણે ગરુડને તથા પન્નગેન્દ્ર કર્કોટકને દીઠા. દેવીને જોતાં જ ગરુડ ભયથી રોમાંચ થઈ ઉભો થઇને ધ્રુજવા લાગ્યો.[૭૨] ભયથી તેનાં બિહામણાં પીછાં ખરી પડવાથી તે માંસપિંડ જેવો દેખાવા લાગ્યો.[૭૩] તે પીછાં તથા કર્કોટક નાગને લઇને દેવી વેગથી ભયાર્ત ચંડ મુડની પાછળ પડી.[૭૪] છેવટે તેણે ચંડ મુડને પકડી પાડ્યા અને કર્કોટક નાગના બંધથી બાંધીને તેમને તે વિંધ્યાચળ ઉપર લઇ આવી.[૭૫] પછી દૈત્યેન્દ્રોનાં મસ્તક તથા ગરુડનાં સુંદર પીછાંની અનુપમ માળા બનાવીને દેવી કૌશિકીને અર્પણ કરી તથા મૃગેન્દ્ર (રુરુ નામના દૈત્ય)ના ચામડાનો ઘાઘરો બનાવીને દેવીને અર્પણ કર્યો.[૭૬–૭૭]

વળી ગરુડનાં પીછાંની બીજી માળા બનાવીને પોતાને મસ્તકે ધારણ કરી તથા ઇચ્છાનુસાર દાનવોના રુધિરનું પાન કરવા લાગી.[૭૮] અસુરનાયક ચંડ તથા મુંડને પકડીને દુર્ગા દેવીએ ક્રોધથી તેમનાં મસ્તક કાપી નાંખ્યાં.[૭૯] તે મસ્તકોના તેણે મુકુટ

બનાવ્યા અને પછી તે શર્વાની સાથે કૌશિકી પાસે ગઈ.[૯૦] ત્યાં જઇને કહેવા લાગી કે, નાગરાજના બંધથી બાંધેલા દૈત્યોનાં માથાંના આ ઉત્તમ મુગટ ગ્રહણ કરો.[૯૧] દેવી ચામુંડાએ તે મુકુટ લઇને પોતાના વિસ્તૃત મસ્તક ઉપર બાંધ્યો અને પછી બોલી કે, તમે ઘણું જ ભયંકર કામ કર્યું.[૯૨] ચંડ અને મુંડના મસ્તકનો મુકુટ તેં ધારણ કર્યો, તેથી તારું નામ લોકમાં ચામુંડા એવું વિખ્યાત થશે.[૯૩] એમ કહીને ત્રણ નેત્રવાળી, ચંડ મુંડની માળા ધારણ કરનારી, દિશાઓરૂપી વસ્ત્રવાળી તે દેવીને એ પ્રમાણે કહેવા લાગી કે, હવે તમે આ તમામ અસુરસૈન્યનો નાશ કરો.[૯૪] એમ કહેતાં જ તે શિંગડાં જેવાં કારોડો વેગવાન્ ધનુષ્યોથી ભયંકર અસુરસૈન્યનો નાશ કરવા લાગી તથા અનેક અસુરોનું ભક્ષણ કરવા લાગી.[૯૫] અંબિકાનો સિંહ, મારી તથા ભૂતસંઘવડે માર્યા ગયેલા ચંડ મુંડ વગેરે દૈત્યો સિંહનો આશ્રય કરવા લાગ્યા (સિંહનું ભક્ષ થઈ પડ્યા.)[૯૬]

तताेंबिकायास्त्वथ चंडमुंडौ मार्या च सिंहेन च भूतसंघैः ॥
निपात्यमाना दनुपुंगवास्ते ककुद्मिनं सिंहमुपाश्रयंत ॥ ९६ ॥

ઇતિ શ્રી વામન પુરાણે દેવી માહાત્મ્યે 'ચંડ મુંડ વધ' નામનો પંચાનવમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૬ મો.

રક્તબીજનો નાશ.

पुलस्त्य उवाच—चंडमुंडौ च निहतौ दृष्ट्वा सैन्यं च विद्रुतम् ॥
ममादिदेशातिबलं रक्तबीजं महासुरम् ॥ १ ॥

પુલસ્ત્યમુનિ બોલ્યાઃ—ચંડ મુંડને મરાયલા જોઇને તથા સૈન્યને નાસતું જોઇને શુંભે અતિબળવાન્ મહાઅસુર રક્તબીજને આજ્ઞા કરી.[૧] રક્તબીજ તેત્રીશ કરોડ અક્ષૌહિણી દૈત્યોનું લશ્કર લઇને ચઢી આવ્યો. તેને આવતો જોઇને મહેશ્વરી ચંડિકાએ કાલિકા સાથે સિંહનાદ કર્યો. તે નાદ કરતી દેવીના મુખમાંથી બ્રહ્માણી ઉત્પન્ન થઈ.[૨-૩] તે હંસયુક્ત વિમાનમાં બેઠેલી હતી અને અક્ષ, સૂત્રા તથા કમંડલુ તેણે ધારણ કર્યાં હતાં. તે જ વખતે ત્રણ નેત્રવાળી માહેશ્વરી ઉત્પન્ન થઈ. તેણે ત્રિશૂળ ધારણ કર્યું હતું. મહા સર્પોનાં કંકણ તથા કુંડળ ધારણ કર્યાં હતાં તથા તે ઘણી ભયંકર હતી. તેનાથી મોરના પીછાંવાળી શક્તિ (સાંગ) ધારણ કરનારી કૌમારી ઉત્પન્ન થઈ.[૪-૫] હે દેવર્ષે! નારદમુનિ! તેનાજ બાહુમાંથી મયૂરના વાહનવાળી વૈષ્ણવી ઉત્પન્ન થઈ. તે ગરુડ ઉપર બેઠેલી હતી અને તેણે હાથમાં શંખ, ચક્ર, ગદા, તલવાર, ધનુષ અને બાણ ધારણ કર્યાં હતાં. પછી પૃષ્ઠ ભાગમાંથી મહા ઉગ્ર મૂશળ ધારણ કરનારી અને પોતાની દાઢથી જમીનને ખોદતી વારાહી ઉત્પન્ન થઈ. તે પછી હૃદયભાગમાંથી પોતાની કેશવાળીના ઝપાટાથી ગ્રહ,

નક્ષત્ર અને તારાઓને ઉછાળતી, મોટા નખવાળી, ભયંકર નારસિંહી ઉત્પન્ન થઈ; તે શેષનાગ ઉપર બેઠેલી હતી. એ સઘળી દેવીઓએ અસુરના લશ્કરનો નાશ કરવા માંડ્યો.[૬-૯] તે જોઇને ચંડિકાએ શત્રુઓને ઉદ્દેશીને વારંવાર ગર્જના કરવા માંડી. ત્રિલોકને પરિપૂર્ણ કરે એવી તે મહાગર્જના સાંભળી ત્રિલોચન ભગવાન્ શંકર ત્યાં આવ્યા. તેમણે અંબિકાને નમસ્કાર કરી કહ્યું;[૧૦] [૧૧] "હે દુર્ગા! હું તારી પાસે આવ્યો છું; મને શી આજ્ઞા છે? હું તારો કિંકર છું." એ વાક્ય સાંભળતાં જ દેવીના શરીરમાંથી શિવા ઉત્પન્ન થઈ. તેણે શંકરને કહ્યું કે, તમે અમારા તરફથી દૂત થઇને શુંભ નિશુંભ પાસે જાઓ અને તેને કહો કે, 'હે દુરાચારીઓ! જો તમારે જીવવાની ઇચ્છા હોય તો, સાતમા રસાતળમાં જાઓ; ઇંદ્રને સ્વર્ગનું રાજ્ય કરવા દો અને સર્વ દેવો વ્યથારહિત થાઓ.[૧૨-૧૪] બ્રાહ્મણ વગેરે વર્ણો યજ્ઞયાગાદિ કરો અથવા નહિ તો તમારે જો ગર્વથી યુદ્ધ કરવાની ઇચ્છા હોય, તો સાવધાન થઇને આવી જાઓ. હું તમારો નાશ કરવા તૈયાર છું.' હે નારદ! એ પ્રમાણે શિવજીને દૂતનું કામ સોંપવાથી તે દેવી શિવદૂતિ નામથી ઓળખાવા લાગી. શિવનાં એ વચનો સાંભળીને ગર્વમાં છકી ગયલા દૈત્યો હુંકાર કરીને જ્યાં દેવી કાત્યાયની હતી, તે તરફ દોડ્યા.[૧૫-૧૭]

પછી તે બે મહાદૈત્યો, દેવીના ઉપર બાણ, શક્તિ, અંકુશ, પરશ્વધ, ત્રિશૂળ, ભુશુંડી, પટ્ટિશ, પ્રાસ અને પરીઘ વગેરે હથિયારોનો વરસાદ વરસાવવા લાગ્યા.[૧૮] દેવીએ પણ મહાતીક્ષ્ણ બાણો છોડીને તે દૈત્યોના હાથમાંથી હથિયારો કાપી નાંખ્યાં. વળી તે રણચંડિકા મહેશ્વરીએ સેંકડો બાણ મૂકીને ઘણા અસુરોને મારી નાંખ્યા.[૧૯] મારીએ ત્રિશૂલથી, કૌશિકાએ ખટ્વાંગથી અને બ્રાહ્મીએ મહાજળના પ્રહારથી ઘણા અસુરોને મારી નાંખ્યા.[૨૦] માહેશ્વરીએ શૂળથી ઘણા દૈત્યોનાં હૃદયો ચીરી નાંખ્યાં; વૈષ્ણવીએ ઘણાને બાળી નાંખ્યા; કુમારીએ શક્તિથી, ચંડીએ* વજ્રથી, અને વારાહીએ મુખથી તથા ચક્રથી ઘણાનો નાશ કર્યો.[૨૧] નારસિંહીએ નખોવડે, રુદ્રદૂતીએ અટ્ટાટ્ટહાસ્યવડે, રુદ્રે ત્રિશૂળવડે અને વિનાયકે પરશ્વધવડે અનેક દૈત્યોનો સંહાર કર્યો.[૨૨] એવી રીતે દેવીના વિવિધરૂપોવડે હણાતા તે મહાઅસુરો પૃથ્વી ઉપર પડ્યા, એટલે ભૂતગણો ત્યાં આવી તેમનું ભક્ષણ કરવા લાગ્યા, તેથી છેવટે તે અસુરો નાશ પામ્યા.[૨૩] તે મહાઅસુરો દેવીઓથી હણાયલા અને માતૃકાઓથી વ્યાકુલ થયેલા છૂટાવાળે ગભરાયલી આંખોવાળા થઈ રક્તબીજને શરણે ગયા.[૨૪] તેમને જોઇને રક્તબીજ ક્રોધથી હોઠ ફફડાવતો દેવીઓના મંડળમાં દોડી આવ્યો અને ભૂતગણોને નસાડી મૂકવા લાગ્યો.[૨૫] માતૃકાઓએ તેને દોડી આવતો જોઈ તીક્ષ્ણ બાણોનો તેના ઉપર વરસાદ વરસાવ્યો. બાણો વાગવાથી જેટલાં લોહીનાં ટીપાં પડ્યાં, તેટલા રક્તબીજના જેવા જ મહાઅસુરો ઉત્પન્ન થયા.[૨૬] આ જોઈ અંબિકાએ દેવી મારીને કહ્યું:—હે ચંડી! એ દૈત્યને

---

* દેવી ચંડીકાની એક મૂર્તિ.

મારો અને તમારું વડવાનળ જેવું રૂપ પ્રસારીને એમના રુધિરનું પાન કરો.[૨૭] પછી ચામુંડા આકાશ તથા પૃથ્વીને અડે એવું વિકરાળ મુખ પહોળું કરીને ઉભી.[૨૮] અંબિકાએ પણ શત્રુના ચોટલા પકડી પકડીને તેમનાં માથાં પોતાના મુખમાં મૂકવા માંડ્યાં. અને શૂળથી તે અસુરનું હૃદય ચીરી તેના લોહીથી ઉત્પન્ન થયેલા બીજા અસુરોને પણ પકડી પકડીને મુખમાં મૂકવા માંડ્યા.[૨૯]

એ પ્રમાણે રક્તબીજનું લોહી જ્યારે શોષાઈ ગયું ત્યારે તે હીનબલ થઈ ગયો. પછી પોતાના સુવર્ણભૂષિત ચક્રવડે તેના સો કકડા કરીને ફેંકી દીધા.[૩૦] એ પ્રમાણે દૈત્યોનો સેનાપતિ મરાયાથી બધા દૈત્યો હાહાકાર કરવા લાગ્યા અને "હે બાપ ! હે ભાઈ! તું કયાં જાય છે ? એક ક્ષણ તો આવ." એમ બૂમો પાડવા લાગ્યા.[૩૧] તે પછી જેનો કેશપાશ વિખરાઈ ગયો છે અને ચર્માભરણ ખસી જવાથી જે નગ્ન થઈ ગઈ છે તથા જેણે અનેક દૈત્યોને જમીન ઉપર પાડ્યા છે, એવી મૃડાની દેવી પાસે દૈત્યો દોડી આવ્યા.[૩૨] દાનવેન્દ્ર નિશુંભ દેવીને એવી સ્થિતિમાં જોઇને ક્રોધથી ચક્ર તથા અક્ષ વગેરે હથિયારો ફેંકતો દેવી પાસે આવ્યો.[૩૩] તેજસ્વી ઢાલ તથા તલવારવાળો તે, દેવીનું રૂપ જોઇને સ્તબ્ધ થઈ ગયો અને તાવથી પીડાવા લાગ્યો તથા જેમ ચિત્રમાં ચીતરેલો હોય તેવો થઈ ગયો.[૩૪] તેને એવો સ્તબ્ધ થયેલો જોઇને દેવીએ હસીને કહ્યું; "જે બળથી તેં દેવતાઓને જિત્યા, તે બળથી તું મારી પ્રાર્થના કર."[૩૫]

દેવીનાં એવાં વચનો સાંભળીને દાનવપતિ વિચાર કરી બોલ્યો,[૩૬] " તારું સુકુમાર શરીર, મારા શસ્ત્રનો ઘા પડવાથી, માટીનું કાચું વાસણ પાણીમાં પડવાથી ભાગી જાય, તેમ શતખંડ થઈ જશે. હે ભીરુ! તે ભય મને લાગે છે.[૩૭] એ વિચારથી, હે સુંદરિ ! હું તારા ઉપર પ્રહાર નથી કરતો. હે વિશાળ નેત્રવાળી! તું મને ભજ (મારી સ્ત્રી થા). મારા ખડ્ગનો ઘા સહન કરવાને ઇંદ્ર પણ સમર્થ નથી; માટે યુદ્ધનો વિચાર છોડી દે અને મારી ભાર્યા થઇને રહે.[૩૮-૩૯] હે મુને! એવાં નિશુંભનાં વચન સાંભળીને તે યોગેશ્વરી ગંભીર વાણીવડે હસીને બોલી;[૪૦] ' હે વીર! હું રણમાં જિતાયા વગર કોઇની ભાર્યા થતી નથી, માટે મને ભાર્યા કરવાની જો તારી ઇચ્છા હોય તો યુદ્ધ કરીને મને જિત'.[૪૧] હે નારદ! આવું સાંભળતાં જ તે દાનવેન્દ્રે ખડ્ગ જોરથી ફેરવીને વેગથી કૌશિકીના ઉપર માર્યું.[૪૨] એ આવતું ખડ્ગ ઢાલસાથે દેવીએ તીક્ષ્ણ છ બાણો મારીને તુરત છેદી નાંખ્યું, જે સૌને આશ્ચર્યકારક લાગ્યું.[૪૩] ઢાલસાથે ખડ્ગ છેદાઈ જવાથી તે મહા અસુર ગદા લઇને ક્રોધ કરી ધસી આવ્યો.[૪૪] દેવીએ ક્ષુરનો પ્રહાર કરીને તેના બંને હાથ ગદા સાથે કાપી નાંખ્યા.[૪૫] એ પ્રમાણે થવાથી તે ભયંકર સુરશત્રુ ગતપ્રાણ થઇને પૃથ્વી ઉપર પડ્યો. તે જોઇને ચંડી વગેરે માતૃકાઓ હર્ષમાં આવી જઇને કિલકિલ ધ્વનિ કરવા લાગી.[૪૬] આકાશમાં રહેલા ઇંદ્ર વગેરે દેવો, શત્રુ મરણ પામવાથી જય જય શબ્દ કરવા લાગ્યા.[૪૭] ભૂતગણો ચોતરફ તૂરી વગેરે વાજાં વગાડવા લાગ્યા; અને દેવી

કાત્યાયનીના ઉપર દેવોએ પુષ્પવૃષ્ટિ કરી.[૪૮] હે મહામુને! નિશુંભને મરેલો જોઇને શુંભ હાથમાં પ્રાસ લઈ વૃંદારક દેવોની ઊપર ચઢીને ક્રોધથી દેવીના તરફ દોડી આવ્યો.[૪૯] તે દાનવપતિને હાથી ઉપર ચઢીને આવતો જોઇને દેવીએ અર્ધચંદ્રાકાર ચાર તેજસ્વી બાણ ચઢાવ્યાં.[૫૦] તે તીક્ષ્ણ બાણોથી હાથીના બે પગ કાપી નાંખ્યા અને બીજાં બે બાણથી તેનું કુંભસ્થળ તોડી નાંખ્યું. પછી તે લીલાપૂર્વક હસવા લાગી.[૫૧] પગો કપાઈ જવાથી તે હાથી, ઇંદ્રના વજ્રથી પર્વતનું શિખર જેમ તૂટી પડે, તેમ જમીનપર તૂટી પડ્યો.[૫૨] પછી હાથીનો પાત થતાં જ શુંભે જેવો ઉઠવાનો ઉપાય કર્યો કે, દેવીએ તેનું કુંડળોવડે શોભિત મસ્તક છેદી નાંખ્યું.[૫૩] જેમ કાર્તિક સ્વામીએ મારેલા મહિષ સહિત ક્રૌંચ પૃથ્વીપર પડ્યો, તેમ માથું કપાઈ જવાથી દૈત્યપતિ શુંભ હાથી સહિત ભોંયપર પડ્યો.[૫૪] મૃડાનીએ દેવતાઓના શત્રુ શુંભ નિશુંભનો નાશ કર્યો, એમ સાંભળીને ઇન્દ્ર, સૂર્ય, મરુત, અશ્વિનીકુમાર, આઠ વસુ વગેરે દેવતાઓ, પર્વતોમાં શ્રેષ્ઠ એવા વિંધ્યાચળ પર્વત ઉપર આવીને વિનયપૂર્વક પ્રણામ કરીને કાનને મધુર લાગે તેવી દેવીની સ્તુતિ કરવા લાગ્યા.[૫૫]

દેવો સ્તુતિ કરે છે:—ૐ હે ભગવતી પાપનાશિની! તમને નમસ્કાર છે. હે દૈત્યોના દર્પને હરણ કરનારાં! તમને નમસ્કાર છે. આપ વિષ્ણુ અને શિવને રાજ્ય આપનારાં છે, આપ યજ્ઞ કાર્ય કરાવનારાં છે; તમને નમસ્કાર છે.[૫૬] હે દેવી! તમે દેવોના શત્રુનો ક્ષય કરનારાં છે, ઇંદ્ર સદા તમારાં ચરણકમળનું પુજન કરે છે, તમને નમસ્કાર છે. હે મહિષનાશિની! હરિ, હર તથા ભાસ્કર સદા તમારી સ્તુતિ કરે છે; તમને નમસ્કાર છે.[૫૭] હે શુંભ અને નિશુંભને મારનારાં અષ્ટાદશ ભુજાવાળાં! તમને નમસ્કાર છે. હે ચક્ર અને ત્રિશૂળ ધારણ કરનારાં નારાયણી! તમે દુ:ખ હરનારાં છો; તમને નમસ્કાર છે.[૫૮] પૃથ્વીને સદા ધારણ કરનારાં હે વારાહિ! હે નારસિંહિ! તમને અમે પ્રણામ કરીએ છીએ. હે કૌમારિ! હે મયૂરવાહિની! વજ્રને ધારણ કરનારાં હે ગજધ્વજે! તમને નમસ્કાર છે.[૫૯] પિતામહના હંસના વાહનવાળાં હે સુંદર વાળવાળાં માયાદેવી! તમને નમસ્કાર છે. હે જગન્મૂર્તિ! સર્વ દુ:ખ હરનારા ગર્દભની પીઠ ઉપર બેસનારાં તમને નમસ્કાર છે.[૬૦] હે વિશ્વેશ્વરી! વિશ્વનું રક્ષણ કરો; અને દ્વિજ તથા દેવતાઓના શત્રુઓનો સંહાર કરો. હે સર્વમયી! ત્રિનેત્રા! તમને નમસ્કાર છે. હે વર આપનારાં! પ્રસન્ન થાઓ.[૬૧] તમે બ્રહ્માણી છો, તમે મૃડાની છો, ઉત્તમ મયૂરના વાહનવાળાં, હાથમાં શક્તિ ધારણ કરનારાં કુમારી છો, તમે સુંદર મુખવાળાં વારાહી છો, શાર્ઙ્ગ ધારણ કરનારાં ગરુડનું વાહનવાળાં તમે વૈષ્ણવી છો. ઘુરઘુર શબ્દ કરનારાં ભયંકર દર્શનવાળાં તમે નારસિંહી છો. વજ્ર ધારણ કરનારાં તમે ઐંદ્રી છો. તમે મારી તથા ચર્મમુંડા છે અને શબ ઉપર બેસનારાં યોગસિદ્ધા તમે યોગિની છો.[૬૨] હે ભગવતી ત્રિનેત્રા! તમને નમસ્કાર છે. તમારાં ચરણનો આશ્રય કરીને દરરોજ નમ્ર ભાવથી જે તમને મસ્તક નમાવે છે તથા હાથમાં પુષ્પનૈવેદ્ય લઇને જે સદા તમારી સ્તુતિ કરે છે, તેને કદાપિ અશુભ

થતું નથી.[૬૩] દેવાએ એ પ્રમાણે સ્તુતિ કર્યા પછી દૈત્યોનો નાશ કરનારાં તે દેવી દેવતાઓ, સિદ્ધો અને મહર્ષિઓને કહેવા લાગ્યાં કે, તમારી કૃપાથી જ મને આ મહાસંગ્રામમાં જય પ્રાપ્ત થયો છે.[૬૪] આ મારી કહેલી સ્તુતિ જે માણસ ભક્તિપૂર્વક ગાશે, તેને કદી દુઃસ્વપ્ન થશે નહિ, એમાં સંશય નથી. હવે બીજું વરદાન ઇચ્છા હોય તે માગો.[૬૫] દેવો બોલ્યાઃ—જો આપ વરદાન આપવા તત્પર થયાં હો, તો દેવ, બ્રાહ્મણ, બાળકો અને ગાયોના હિતમાં જેમ આપ સદા તત્પર રહો છો, તેમ દેવતાઓને વરદાન આપવા તૈયાર હો તો અગ્નિ સમાન શરીરમાં પ્રવેશ કરી દેવોના શત્રુઓને ફરી સંહાર કરો.[૬૬] દેવીએ કહ્યું; નંદરાયને ત્યાં યશોદાથી ઉત્પન્ન થઇને હું ફરીથી લવણ તથા શુંભ નિશુંભ નામના મહા અસુરોનો દાંતના પ્રહારથી વધ કરીશ.[૬૭] હે દેવો! ફરીથી વળી હું કળિયુગમાં મનુષ્યોને ભૂખે મરતા જોઇને ઇંદ્રને ઘેર સપ્તધામા મારી રૂપે થઇને દેવોને ત્યાં શાકના ઢગલા ભરી આપીશ.[૬૮] હે દેવો! ફરીથી હું વિંધ્ય પર્વતમાં ઋષિઓના રક્ષણને માટે ઉત્પન્ન થઈ દુરાચારી દૈત્યોનો નાશ કરી દેવોનો જય કરીશ.[૬૯] ફરીથી જ્યારે મહા અસુર અરુણાક્ષ ઉત્પન્ન થશે, ત્યારે હું દેવતાઓના હિતને માટે મહાકાલિરૂપે પ્રકટ થઈ તે દૈત્યનો નાશ કરી સ્વર્ગમાં આવીશ.[૭૦] પુલસ્ત્ય કહે છેઃ—એ પ્રમાણે કહી દેવો તથા બ્રાહ્મણોને પ્રણામ કરી ભૂતગણોને વિદાય કરી દેવી સિદ્ધસંઘ સહિત સ્વર્ગમાં ચાલી ગઈ.[૭૧] આ પરમ પવિત્ર દેવીનાં પુરાણની કથા મનુષ્યને મંગળ આપનારી છે. ભગવાને જાતે કહ્યું છે કે, આ દેવી રાક્ષસોનો નાશ કરનારાં છે; માટે એનું આખ્યાન શ્રવણ કરવા યોગ્ય છે.[૭૨]

इदं पुराणं परमं पवित्रं देव्या जयं मंगलदायि पुंसाम् ॥
श्रोतव्यमेतान्नियतैः सदैव रक्षोघ्नमेतद्भगवानुवाच ॥ ७२ ॥

ઈતિ શ્રી વામનપુરાણે દેવીમાહાત્મ્યે 'શુંભ નિશુંભ વધ'એ નામનો છપ્પનમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૭ મો.

કાર્તિકેયની ઉત્પત્તિ.

नारद उवाच— कथं समहिषः क्रौंचो भिन्नः स्कंदेन सुव्रत ॥
एतन्मे विस्तराद्ब्रह्मन्कथयस्वामितद्युते ॥ १ ॥

નારદ કહે છેઃ—હે સુવ્રત! કાર્તિક સ્વામીએ મહિષ સહિત ક્રૌંચને શી રીતે છેદી નાંખ્યો, તે, હે મહાતેજસ્વી! હે બ્રહ્મન્! આપ મને વિસ્તારથી કહો.[૧] પુલસ્ત્ય બોલ્યાઃ—હે નારદ! કુમાર કાર્તિકેયની યશવૃદ્ધિની તે પુરાતન પુણ્યકથા કહું છું તે સાંભળો.[૨] હે બ્રહ્મન્! શિવજીના સ્ખલિત વીર્યનું અગ્નિએ પાન કર્યું હતું, તેનાથી આક્રાન્ત થઇને અગ્નિ મંદતેજ થઈ ગયો.[૩] તેથી તે દેવતાઓ

પાસે ગયો; ત્યાંથી દેવોએ બ્રહ્મલોકમાં મોકલવાથી તે ત્યાં ગયો.[૪] રસ્તે જતાં માર્ગમાં તેણે દેવી કુટિલા (ગંગા નદી)ને જોઈ. તેને જોઇને અગ્નિએ કહ્યું કે, હે કુટિલા! આ શિવજીથી છૂટેલું દુર્ધર તેજ, ભુવનોને બાળીને દગ્ધ કરશે, માટે તમે એને ધારણ કરો. તમને એથી ધન્ય પુત્ર ઉત્પન્ન થશે.[૫-૬] અગ્નિએ એ પ્રમાણે કહેવાથી તેને પોતાનું વચન બ્રહ્માજીને કહેલું કે, હું શિવના વીર્યને ધારણ કરીશ તે યાદ આવ્યું. તેથી તેણે કહ્યું કે, મારા જળમાં એને નાંખ.[૭] પછી દેવીએ તે શિવવીર્યને ધારણ કરીને ઉછેર્યું. પછી અગ્નિદેવ પણ ઇચ્છા મુજબ અહીંથી તહીં ભટકવા લાગ્યા.[૮] હવ્યભોક્તા અગ્નિએ પાંચ હજાર વર્ષ સુધી એ વીર્યને ધારણ કરવાથી અગ્નિનાં માંસ, અસ્થિ, રુધિર, મેદ, મજ્જા, રોમ, મૂછો, આંખો, વાળ, સર્વે સુવર્ણમય બની ગયાં, તેથી લોકમાં તે હિરણ્યરેતા કહેવાય છે.[૯-૧૦] કુટિલા પણ પાંચ હજાર વર્ષ સુધી શિવવીર્યને ધારણ કરીને બ્રહ્મા પાસે ગઈ.[૧૧] બ્રહ્માજી તેને મહા પરિતાપ પામેલી જોઇને પૂછવા લાગ્યા કે, તેં આ કોનો ગર્ભ ધારણ કર્યો છે?[૧૨] તેણે કહ્યું કે શંકરના જે વીર્યનું અગ્નિએ પાન કર્યું હતું, તે તેનાથી જેરવી ન શકાવાથી તેણે મારામાં મૂક્યું.[૧૩] હે પિતામહ! પાંચ હજાર વર્ષ સુધી એ વીર્યને મેં ધારણ કર્યું અને ગર્ભકાળ પણ થઈ ગયો, છતાં એ અવતરતું નથી.[૧૪] બ્રહ્માજી બોલ્યા કે, હે કુટિલા! તું ઉદયાચળ ઉપર જા. ત્યાં સો યોજન વિસ્તારવાળું એક શિવનું શરવણ નામે મોટું વન છે.[૧૫] પર્વતનાં શિખરોથી ભરેલા તે વનમાં હે સુશ્રોણિ! એ વીર્યને તું મૂક. દશ હજાર વર્ષ પછી તેમાંથી ત્યાં એક બાળક ઉત્પન્ન થશે.[૧૬] બ્રહ્માજીનું એ વચન સાંભળીને તે ઉદયગિરિ ઉપર ગઈ અને મુખદ્વારે કાઢીને તે વીર્યને તે ગિરિકન્યાએ ત્યાં મૂક્યું.[૧૭] તે વીર્યને ત્યાં મૂકીને તે તુરત બ્રહ્માજી પાસે ગઈ; એટલે પાછી જળરૂપે મંત્રબળથી થઈ ગઈ.[૧૮] તે શંકરના વીર્યના તેજથી તે આખુ શરવણ વન તથા તેમાં રહેતાં પશુ પક્ષીઓ અને વૃક્ષો સૌ સોનાનાં થઈ ગયાં.[૧૯] પછી દશ હજાર વર્ષ વીત્યા પછી કમળના જેવી આંખોવાળો સૂર્ય જેવો તેજસ્વી એક બાળક તેમાંથી ઉત્પન્ન થયો.[૨૦] શરવણ વનને વિષે તે બાળક સૂતેલો છતો અને અંગુઠો ધાવતો મેઘગર્જના સમાન રડવા લાગ્યો.[૨૧] એ વખતે તેજસ્વી છ કૃત્તિકાઓ સ્વેચ્છાથી ત્યાં આવી ચઢી. તેમણે શરવણમાં રહેલા તે બાળકને જોયો.[૨૨] તેને જોઇને તે સઘળીઓએ "હું પહેલો ધવરાવું, હું પહેલો ધવરાવું" એમ વાદ કરવા માંડ્યો.[૨૩] તે સાંભળી બાળકે છ મુખ કર્યાં, એટલે તે છએ મુખોવડે સઘળીઓ પુત્રસ્નેહથી તે બાળકને ધવરાવવા લાગી.[૨૪] એ પ્રમાણે કૃત્તિકાઓથી પોષાઇને તે બાળક મોટો થવા લાગ્યો, તથા તે બળવાનોમાં શ્રેષ્ઠ કાર્તિકેય નામથી વિખ્યાત થયો.[૨૫] એ સમયને વિષે બ્રહ્માએ અગ્નિને પૂછ્યું કે, તમારો પુત્ર ગુહ કેટલો મોટો થયો?[૨૬] અગ્નિએ કહ્યું કે, ગુહ કોણ છે અને કેટલો મોટો થયો, તે હું જાણતો નથી.[૨૭] બ્રહ્માએ પ્રસન્ન થઇને તેને કહ્યું કે, પૂર્વે તેં શંકરના વીર્યનું પાન કર્યું હતું, તેનાથી ત્રિલોકને

જિતે એવો બાળક શિવજીના શરવણ વનને વિષે ઉત્પન્ન થયો છે.[૨૮] પિતામહનું એ વચન સાંભળીને ઘેટા ઉપર બેસી અગ્નિ ઉતાવળો ત્યાં જવા લાગ્યો. તેને જતાં કુટિલાએ જોયો.[૨૯] કુટિલાએ તેને પૂછયું કે, હે અગ્નિદેવ! ઉતાવળા કયાં જાઓ છો? તેણે કહ્યું કે શરવણ વનમાં પુત્ર ઉત્પન્ન થયો છે, તેનાં દર્શનને માટે જાઉં છું.[૩૦] કુટિલાએ કહ્યું કે એ તો મારો પુત્ર. અગ્નિ કહેવા લાગ્યો કે, મારો. એ પ્રમાણે એ બેને વઢતાં ભગવાન્ જનાર્દને રસ્તે જતાં જોયાં.[૩૧] તેમણે તેઓને પૂછ્યું કે તમે શા માટે વાદ કરો છો? તેઓએ કહ્યું કે રુદ્રના વીર્યથી પુત્ર ઉત્પન્ન થયો છે તેને માટે.[૩૨] તેમને ભગવાન્ જનાર્દને કહ્યું કે, તમે શંકર પાસે જાઓ; તે જેમ કહે તેમ કરજો.[૩૩] વાસુદેવ ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે કુટિલા તથા અગ્નિ બંને શંકર પાસે ગયાં. હે નારદ! ત્યાં જઇને તેમણે પૂછયું કે હે ભગવાન્! એ કોનો પુત્ર કહેવાય?[૩૪] તેમનું એ વચન સાંભળીને શંકરને મનમાં ઘણો હર્ષ ઉત્પન્ન થયો. પછી તેમણે ગિરિજાને કહ્યું કે કેવું સુભાગ્ય![૩૫] પછી અંબિકાએ કહ્યું કે, હે દેવ! ચાલો આપણે તે બાળક પાસે જઇએ. ત્યાં જઇને આપણે તે બાળકને પૂછીશું કે તું કોનો પુત્ર? પછી તે જેની પાસે જશે, તેનો તે પુત્ર ગણાશે.[૩૬] ભલે, એમ કહીને શંકર ભગવાન્ ત્યાંથી ઉઠયા, અને ઉમયા, કુટિલા અને પાવકને લઈને ત્યાં ચાલ્યા.[૩૭] તે ચારે જણ શરવણ વનને વિષે આવ્યા તથા ત્યાં તેમણે કૃત્તિકાઓના ખોળામાં સૂતેલા તે બાળકને જોયો.[૩૮] તેમના મનની વાત જાણીને તે બાળક યોગબળથી બાળક છતાં ચાર રૂપ તથા છ મસ્તકવાળો થઈ ગયો.[૩૯] કુમારરૂપે શંકર પાસે ગયો, વિશાળરૂપે ગિરિજા પાસે ગયો, શાખરૂપે કુટિલા પાસે ગયો, અને નૈગમેયરૂપે અગ્નિ પાસે ગયો.[૪૦] એથી શંકર, ગિરિજા, કુટિલા, અને અગ્નિદેવને ઘણો જ હર્ષ ઉત્પન્ન થયો.[૪૧] પછી કૃત્તિકાઓ પૂછવા લાગી કે, આ શંકરપુત્ર છ મુખનો કેમ? એટલે હે મહામુને! શંકર તેમને કહેવા લાગ્યા,[૪૨] કે, એ બાળક કાર્તિકેય નામથી તમારો થશે, અને નાશ ન પામે એવા કુમાર નામથી કુટિલાનો થશે.[૪૩] એ સ્કંદ નામથી ગૌરીનો પુત્ર વિખ્યાત થશે, ગુહ નામથી મારો પુત્ર કહેવાશે.[૪૪] મહાસેન નામથી અગ્નિનો પુત્ર વિખ્યાત થશે અને સારસ્વત નામથી શરવણનો પુત્ર ગણાશે.[૪૫] એ પ્રમાણે એ મહાયોગી પૃથ્વી ઉપર પ્રખ્યાતિ મેળવશે; અને છના અંશને લીધે એ મહાબાહુ ષણ્મુખ નામથી ગવાશે.[૪૬] એટલું કહી ભગવાન્ શૂળપાણિ શંકરે દેવતાઓ સહિત પિતામહ બ્રહ્માજીનું સ્મરણ કર્યું; એટલે સઘળા એકદમ ત્યાં આવ્યા.[૪૭] ભગવાન્ કામારિ શંકરને તથા ગિરિનંદિની ઉમયાજીને પ્રણામ કરીને અને અગ્નિ, કુટિલા, કૃત્તિકાઓ તથા સૂર્યસમાન્ ઉગ્રકાન્તિવાળા પોતાના તેજથી સૌને આંજી નાખતા બાળકને જોઇને આશ્ચર્ય પામી સર્વે દેવતાઓ બોલ્યા; હે દેવ! તમારાથી અને અગ્નિથી હવે દેવોનું કાર્ય થયું, એમ જ અમે સમજીએ છીએ.[૪૮–૫૦] માટે ઉઠો. ચાલો આપણે હવે અવિનાશી અને તેજસ્વી તીર્થ કુરુક્ષેત્રમાં જઇએ અને

સરસ્વતીના જળથી આ કુમારને અભિષેક કરીએ.[૫૧] હે દેવો ! ગંધર્વો ! અને કિન્નરો ! એ આપણુ સૌનો સેનાપતિ થાઓ. એ મહાદારુણ મહિષાસુરનો અને તારકાસુરનો નાશ કરશે.[૫૨] સર્વેએ કહ્યું કે "સારું" પછી સૌ ત્યાંથી ઉઠ્યા, અને મહા ફળ આપનાર કુરુક્ષેત્રમાં કુમાર સહિત ગયા.[૫૩] ત્યાં ઈંદ્ર, રુદ્ર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે સર્વ દેવોએ ઋષિગણુ સાથે તે કુમારનો અભિષેક કરવાનો પ્રયત્ન કર્યો.[૫૫] સાતે સમુદ્રને મળનારી નદીઓના પવિત્ર પાણીવડે, તેમાં વનની તમામ ઓષધિઓ નાંખી, સેંકડો ધારાઓથી શંકર, વિષ્ણુ વગેરે દેવો તે કુમારને અભિષેક કરવા લાગ્યા.[૫૫] દિવ્યરૂપધારી કુમારનો સેનાપતિ પદપર અભિષેક કરવાથી ઋષિઓ તથા ગંધર્વો હર્ષમાં ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી.[૫૬] અભિષેક કરાયલા કુમારને જોઇને ગિરિદેવી સ્નેહથી તેને (સ્કંદને) ઉત્સંગમાં લઈ વારવાર તેના મુખનું ચુમ્બન કરવા લાગ્યાં.[૫૭] અભિષેક થયેલા કુમારના મુખને સુંઘતી ગિરિજા, ઇંદ્રને સુંઘતી દેવમાતા અદિતિના જેવી શોભવા લાગી.[૫૮] અભિષિક્ત થયેલા પુત્રને જોઇને ભગવાન્ શંકર, અગ્નિ, યશસ્વિની કુટિલી અને કૃતિકાઓ વારંવાર બહુ હર્ષ પામવા લાગ્યાં.[૫૯] એ અભિષિક્ત થયેલા કુમારને શંકરે ઇંદ્રસમાન પરાક્રમવાળા ચાર પ્રમથગણુ આપ્યા.[૬૦] તે ચારનાં નામ:—ઘંટાકર્ણ, લોહિતાક્ષ, ભયંકર નંદિષેણુ અને ચોથો બળવાનોમાં મુખ્ય એવો પ્રખ્યાત કુમુદમાલી.[૬૧] હે નારદ! મહાદેવે સ્કંદને ગણો આપ્યા. તે જોઇને બ્રહ્મા વગેરે સૌ દેવોએ પણ પોતપોતાના પ્રમથ ગણ આપ્યા.[૬૨] બ્રહ્માએ સ્થાણુગણુ આપ્યો અને વિષ્ણુએ સક્રમ, વિક્રમ અને પરાક્રમ એવા ત્રણુ ગણ આપ્યા.[૬૩] ઇંદ્રે, ઉત્કલેશ અને પંકજ એ બે ગણુ આપ્યા, સૂર્યે દંડ અને કપિંજલ, ચંદ્રે મણિ અને વસુમણિ, તથા અશ્વનીકુમારોએ વત્સ અને નંદિગણુ આપ્યા.[૬૪] અગ્નિએ જ્યોતિ તથા જ્વલજ્જિહ્વને આપ્યા; બ્રહ્માએ કુંદ, મુકુંદ, અને કુસુમ એ ત્રણુ અનુચર આપ્યા.[૬૫] ત્વષ્ટાએ ચક્ર તથા અનુચક્ર, અને વેધાએ નિસ્થિર તથા સુસ્થિર ગણો આપ્યા. પૂષાએ મહાબળવાન્ પાણિત્યજ તથા કાલિક નામે ગણુ આપ્યા.[૬૬] હિમવાને સ્વર્ણમાલ તથા ઘનાહ્ય નામે ઉત્તમ ગણો આપ્યા; તથા વિંધ્યાચળે અતિકૃષ્ણુ નામે પાર્ષદ આપ્યો.[૬૭] વરુણે સુવર્ચસ તથા અતિવર્ચસ અને નાગોએ સંગ્રહ, વિગ્રહ તથા જયપરાજય આપ્યા.[૬૮] અંબિકાએ ઉન્માદ, શંકુકર્ણ તથા પુષ્પદંત આપ્યા. વાયુએ ઘસ તથા અતિઘસ આપ્યા.[૬૯] અંશુમાને પરિઘ, વટક, ભીમ, દાહ તથા અતિદાહ એ પાંચ પ્રમથ ગણો કાર્તિકેયને આપ્યા.[૭૦] યમે પ્રમથ, ઉન્માથ, કાલસેન, મહામુખ, તાલપત્ર અને કાલજંઘ એ છ અનુચર આપ્યા.[૭૧] ધાતાએ સુપ્રભ અને શુભકર્મા એ બે ગણેશ્વર આપ્યા. મિત્રે સુવ્રત અને સત્યસંધ એ બે ગણુ આપ્યા.[૭૨] અનંત, શંકુપીઠ, નિકુંભ, કુમુદ, અંબુજ, એકાક્ષ, કુનટી, ચક્ષુ, કિરીટી, કલશોદર, સૂચીવક્ત્ર, કોકનદ, પ્રહાસ, પ્રિયક તથા અચ્યુત એ પંદર ગણો યક્ષોએ આપ્યા.[૭૩–૭૮]

કાલિંદીએ કલકંદ, નર્મદાએ રણોત્કટ, ગોદાવરીએ સિદ્ધયાત્ર, તમસાએ અદ્રિ અને કંપક,૭૫ શીતાએ સહસ્ત્રબાહુ, વંજુલાએ સ્મિતોદર, મંદાકિનીએ ગંધ, વિપાશાએ પ્રિયંકર,૭૬ ઐરાવતીએ ચતુર્દંષ્ટ્ર, વિતસ્તાએ ષોડશાખ્ય, કૌશિકીએ માર્જારિ, ગૌતમીએ ક્રથ તથા ક્રૌંચ,૭૭ બાહુદાએ શતશીર્ષ, વાહાએ ગોનંદ તથા નંદિક, ભીમરથીએ ભીમ, સરયૂએ વેગારિ,૭૮ કાલીએ અષ્ટબાહુ, ગંડકીએ સુબાહુ, મહાનદીએ ચિત્રદેવ, શિપ્રાએ ચિત્રરથ,૭૯ કુહૂએ કુવલય, મધૂદકાએ મધુવર્ણ, ધૂતપાપાએ જંબૂક, વેત્રાએ શ્વેતાનન,૮૦ વર્ણાએ સ્તુત, રેવાએ સાગર, કાંચનાએ સુવર્ણ જેવી આંખોવાળા પ્રભાવાર્થસહ,૮૧ વિમલાએ ગૃધ્રવક્ત્ર મનોહરાએ ચારુપતી, ધૂતપાપાએ મહારાવ, કર્ણાએ વિદ્રુમસન્નિભ,૮૨ મોઘવતીએ સુપ્રસાદ, સુવેણુ તથા જિષ્ણુ, અને વિશાલાએ યજ્ઞબાહુગણ આપ્યો. એ પ્રમાણે દરેક નદીઓએ પોતપોતાના ગણો આપ્યા.૮૩ કુટીલાએ ઇંદ્રસમાન બળવાળા ત્રીશ ગણો આપ્યા, જે તેના પુત્રો હતા. જટાધરાએ મેઘનાદ, ચતુર્દંષ્ટ્ર, વિદ્યુજ્જિહ્વ, દશાનન, સોમાપ્યાયન, ઉગ્ર તથા દેવયાજી ગણોને આપ્યા.૮૪-૮૫ કૃત્તિકાએ હંસાસ્ય, કુંડ, જઠર, મુકુગ્રીવ, હયાનન તથા કૂર્મગ્રીવ નામના પાંચ પુત્રોને આપ્યા.૮૬ ઋષિઓએ સ્થાણુજંઘ, કુંભવક્ત્ર, લોહજંઘ, મહાનન, પિંડાકર એ પાંચ ગણ આપ્યા.૮૭ પૃથૂદક તીર્થે નાગજિહ્વ, ચંદ્રભાસ, પાણીકૂર્મ, અશિક્ષક, ચાષવક્ત્ર અને જંબૂક એ ગણો આપ્યા.૮૮ કનખલે ચક્રતીર્થ, સુચક્રાખ્ય, મકરાખ્ય, ગયાશીર અને શિવ એ પાંચ ગણો આપ્યા.૮૯ પુષ્કરતીર્થે બંધુદત્ત, અજિશરા, અને બહુશાલ ગણ આપ્યા; માનસતીર્થે સર્વૌજસ, માહિષક અને પિંગલ ગણ આપ્યા.૯૦ ઔશનસ તીર્થે રુદ્રગણ આપ્યો અને બીજા માતૃગણો આપ્યા. સૌમતીર્થે વસુદામ આપ્યો. પ્રભાસે નંદિની આપી.૯૧ ઉદપાને ઇન્દ્રતીર્થ, વિશોક તથા ધનસ્વત આપ્યા. સપ્ત સારસ્વતે ચાર અદ્દભુત ચાર માતૃકાઓ આપી.૯૨ નાગતીર્થે ગીતપ્રિયા, માધવી, તીર્થનેમી સ્મિતાનના ને એકચૂડાને આપ્યાં. કુરુક્ષેત્ર ફ્લાસ્પદને આપ્યો.૯૩ બ્રહ્મયોનિએ ચંડશિતાને આપી. ભદ્રકાલીએ ત્રિવિષ્ટપને આપ્યો. દ્વિરદપાવને રોંડી, સોંડી ને પોષલેંડી આપ્યા.૯૪ મહીએ મોપલીઆને, માનસહ્રદે શાલિકાને, શતાનંદાએ શતઘંટાને તથા ઉલૂખલમેખલાને આપ્યા.૯૫ બદરિકાશ્રમે પદ્માવતી, માધવી, સુષમા, એકચૂડા તથા દેવી ધમધમા આપ્યાં.૯૬ ઉત્કાથનીએ વેદમંત્રા આપી. કેદારે માતૃકાઓ તેમજ સનક્ષત્ર, કલૂલા, સુપ્રભાત તથા સુમંગલને આપ્યાં.૯૭ રૌદ્રમહાલયે દેવમિત્રા, ચિત્રસેના, કોટરા, ઉર્ધ્વવેણી, શ્રીમત તથા બાહુપુત્રિકાને આપ્યાં.૯૮ પ્રયાગે પલિતા, કમલાક્ષી, માતૃકાઓ, સુયમા, મધુપિંગા, ક્ષાંતિ તથા શ્રેષ્ઠ એવી દહદહાને આપ્યાં.૯૯ સર્વપાપવિમોચને બીજી ખેટકરા આપી. તેમજ સંતાનિકા, વિકલા તથા આકાશમાં ગતિ કરનારી ક્રમુશ આપી.૧૦૦ સુદામાએ જલેશ્વરી, કર્કટિકા, લોહમેખલા આપી તથા વપુષ્મતી, ઉલ્મુકાક્ષી, કોકનામા, મહાસની. રૌદ્રા, વુંડા એ

માતૃકાઓ શ્વેતતીર્થે આપી. આ ભૂતોને, ગણોને તથા માતૃકાઓને જોઈ, મહાત્મા વિનતાપુત્ર ગરુડે, મોટા વેગવાળો પોતાનો પુત્ર મયુર આપ્યો તથા અરુણે પોતાનો પુત્ર, તામ્રચૂડ આપ્યો. અગ્નિએ શક્તિ આપી, ગિરિજાએ વસ્ત્ર આપ્યું, ગુરુએ દંડ આપ્યો અને કુટિલાએ કમંડલુ આપ્યું.[૧૦૧-૧૦૩] હરિએ માલા આપી, શંકરે ધ્વજા આપી અને ઇંદ્રે પોતાના ઉરનો કંઠહાર આપ્યો. એ પ્રમાણે ગણો તથા માતૃકાઓથી વિંટાયલો, મયૂર ઉપર બેઠેલો, હાથમાં શક્તિવાળો, રસ્તે જતો તથા મહાવપુષ્માન્ શંકરવડે સેનાપતિને સ્થાને અભિષેક કરાયલો તે કુમાર સૂર્ય સમાન શોભવા લાગ્યો.[૧૦૪]

मालां हरिः शूलधरः पताकं कंठे च हारं मघवानुरस्तः ॥
गणैर्वृतो मातृभिरध्वयातो मयूरसंस्थो वरशक्तिपाणिः ।
सेनाधिपत्ये स कृतो भवेन रराज सूर्योव महावपुष्मान् ॥ १०४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'કાર્તિકેય ઉત્પત્તિ' નામે સત્તાવનમો અધ્યાય સમાપ્ત.

—✲✲✲✲—

અધ્યાય ૫૮ મો.

ક્રૌંચનો નાશ.

पुलस्त्य उवाच—सेनापत्येऽभिषिक्तस्तु कुमारो दैवतैरथ ।
प्रणिपत्य भवं भक्त्या गिरिजां पावकं शुचिम् ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યાઃ—ત્યારપછી દેવતાઓવડે સેનાપતિપદ ઉપર અભિષેક કરાયલા કુમારે શંકરને તથા પાર્વતીને અને પવિત્ર અગ્નિને પ્રણામ કર્યા.[૧] વળી છ કૃત્તિકાઓ, સરોવરો તથા કુટિલાને પ્રણામ કર્યાં અને બ્રહ્માને પ્રણામ કર્યાં. પછી તે કુમાર બોલ્યો.[૨]

કુમાર કહે છેઃ—ભગવતી દેવીને તથા તપોધન ઋષિઓને નમસ્કાર કરું છું; તમારા પ્રસાદથી મહિષ તથા તારક શત્રુઓને હું જિતીશ.[૩] હે દેવતાઓ! હું બાળક હોવાથી શું બોલવું તે જાણતો નથી; માટે બ્રહ્માસહિત આપ હવે મને અનુજ્ઞા આપો.[૪] મહાત્મા કુમારનાં વચન સાંભળીને બધા દેવો નિર્ભય થઇને તેના તરફ જોઈ રહ્યા.[૫] શંકર પુત્રસ્નેહથી બ્રહ્માને તેમનો જમણો હાથ પકડી કુમાર પાસે લઈ ગયા.[૬] પછી ઉમિયાજીએ પુત્રને કહ્યું કે, 'આવ, આવ, જગત્વંદ્ય વિષ્ણુ ભગવાનને ચરણે–પગે લાગ.'[૭] પછી ગુહ (કાર્તિકસ્વામી) હસીને બોલ્યા કે; 'હે માત! એ વિષ્ણુ કોણ છે, તે મને કહો કે, મારા જેવા માણસો જેમને આદરથી પ્રણામ કરે છે.'[૮] માતા બોલી; 'દેવોનું કાર્ય સમાપ્ત થયા પછી બ્રહ્માજીએ ઓળખાવ્યા હતા કે ગરુડ છે ધ્વજામાં જેના એવા આ વિષ્ણુ ભગવાન્ છે.[૯] તારા પિતા શંકર પણ કહે છે કે, અમે અથવા બીજું કોઈ એમનાથી શ્રેષ્ઠ નથી.'[૧૦] પાર્વતીએ એ પ્રમાણે કહ્યાથી સ્કંદ, વિષ્ણુ ભગ-

વાનને હાથ જોડી પગે લાગી આજ્ઞા માગવા લાગ્યો.[૧૧] પછી હાથ જોડી ઉભેલા સ્કંદને ભૂતભાવન ભગવાન્ વિષ્ણુએ તેનું કલ્યાણકારક ગમન કહી અનુજ્ઞા આપી.[૧૨]

નારદ બોલ્યા:–હે વિપ્રર્ષે ! વિષ્ણુ ભગવાને કાર્તિકેયને જે પુણ્ય સ્વસ્તિઅયન કર્યું તે મને કહો.[૧૩] પુલસ્ત્ય કહેવા લાગ્યા;–સ્કંદના વિજયને માટે અને મહિષના વધને માટે શ્રીહરિએ જે સ્વસ્તિ અયન કહ્યું તે સાંભળો.[૧૪] 'ૐ પદ્મયોનિ રજોગુણરૂપ બ્રહ્મા તારું કલ્યાણ કરો. હાથમાં ચક્ર ધારણ કરેલા વિષ્ણુ અજન્મા તારું કલ્યાણ કરો.[૧૫] પત્ની સહિત શંકર ભગવાન્ વૃષભધ્વજ તારું કલ્યાણ કરો. શિખિવાહન પાવક તારું કલ્યાણ કરો.[૧૬] દિવાકર હંમેશા તારું કલ્યાણ કરો. સોમ, મંગળ અને બુધ તારું કલ્યાણ કરો. ગુરુ સદા કલ્યાણ કરો. શનિ તારું પ્રયાણ કલ્યાણકારક કરો.[૧૭] મરીચિ, અત્રિ, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, વશિષ્ઠ, ભૃગુ, અંગિરા, મૃગાંકજ અને આકાશમાં વસનારા દેવો તથા સપ્ત ઋષિઓ તારું મંગળ કરો.[૧૮] વિશ્વેદેવા, અશ્વિની કુમારો, સાધ્ય, મરુદ્ગણ, અગ્નિ, દિવાકર, શૂલધર મહેશ્વર, યક્ષો, પિશાચો, વસુઓ અને કિન્નરો તારું કલ્યાણ કરો.[૧૯] નાગો, સુપર્ણો, નદીઓ, તળાવો, તીર્થો, પવિત્ર હ્રદો, સમુદ્રો, મહાબળવાન્ ભૂતગણો અને ગણેન્દ્ર તારું કલ્યાણ કરો.[૨૦] હાથીઓ તથા પશુઓ તારું કલ્યાણ કરો. બહુ પગવાળાં અને પગવગરનાં પ્રાણીઓ તને નીરોગી રાખો.[૨૧] પૂર્વ દિશાએ ઇન્દ્ર તારું રક્ષણ કરો, દક્ષિણ દિશાએ યમ રક્ષણ કરો, પશ્ચિમ દિશાએ વરુણ રક્ષણ કરો અને ઉત્તર દિશાએ કુબેર તારું રક્ષણ કરો.[૨૨] અગ્નિ અગ્નિખૂણે તારું રક્ષણ કરો, કુબેર નૈર્ઋત્ય ખૂણે રક્ષણ કરો, વાયુ વાયુખૂણે રક્ષણ કરો અને શિવ ઈશાનખૂણે તારું રક્ષણ કરો.[૨૩] ઉપર (આકાશમાં) ધ્રુવ તારું રક્ષણ કરો, નીચે (પાતાલમાં) ધરાધર શેષ તારું રક્ષણ કરો અને મધ્યમાં મુસળ, હળ, વજ્ર તથા ધનુષ ધારણ કરનારા દેવો તારું રક્ષણ કરો.[૨૪] વરાહ ભગવાન્ સમુદ્રમાં તારું રક્ષણ કરો, નૃસિંહ પર્વત ઉપર રક્ષણ કરો, સામવેદના ધ્વનિવાળા શ્રીમાન્ માધવ સર્વ સ્થળે તારું રક્ષણ કરો.'[૨૫]

પુલસ્ત્ય કહે છે:–એ પ્રમાણે સ્વસ્તિઅયન કરાયલો શક્તિધરોમાં શ્રેષ્ઠ ગુહ સર્વ દેવોને નમસ્કાર કરીને ભૂતળ ઉપરથી આકાશમાં ઉડ્યો.[૨૬] ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા આકાશચારી સઘળા ગણો, દેવો, મુનિઓ વગેરે તેની પાછળ ગયા.[૨૭] મહાઅસુરોને હણવાની ઇચ્છાથી સઘળી માતૃકાઓ પણ બળવાન્ સ્કંદની સાથે આકાશમાં ઉડીને ગઈ.[૨૮] પછી ઘણે દૂર–લાંબે રસ્તે જઇને સ્કંદે ગણોને કહ્યું કે, હવે તમો સૌ જમીન ઉપર ઉતરો.[૨૯] એ પ્રમાણે ગુહનું વચન સાંભળીને સઘળા ગણો ક્ષણમાં પૃથ્વી ઉપર ઉતર્યા અને તેમણે પર્વત ઉપર ચાલીને ભયંકર નાદ કર્યો.[૩૦] તે નાદથી આખી પૃથ્વી ગાજી ઉઠી અને છિદ્રોમાં થઇને પાતાલમાં દાનવમંદિર સૂધી તે નાદ પહોંચ્યો.[૩૧] મહિષ, બુદ્ધિમાન્ તારક, વિરોચન, કુંભ અને નિકુંભ અસુરોએ તે નાદ સાંભળ્યો.[૩૨]

વજ્રપાત જેવો ભયંકર નાદ એકાએક સાંભળીને 'આ શું' એમ વિચારીને સઘળા અંધકાસુર પાસે ગયા.[33] હે નારદ! તે સઘળા દાનવો અંધકની સાથે મળીને ઉદ્વિગ્ન હૃદયે તે શબ્દ સંબંધી વિચાર કરવા લાગ્યા.[34] એ દૈત્યો વિચાર કરતા હતા, તે વખતે પાતાલમાંથી ભુંડના જેવા મુખવાળો પાતાલકેતુ દૈત્ય રસાતળમાં ત્યાં આવ્યો. તે બાણથી વિધાયલો હતો[35] અને દુઃખી થતો વારંવાર કંપતો હતો. તે અંધકાસુરની પાસે આવીને દીન વચનથી કહેવા લાગ્યો.[36]

પાતાલકેતુ બોલ્યો;—હું એક વખત ગાલવઋષિના આશ્રમે ગયો હતો, ત્યાં બળપૂર્વક મેં તે આશ્રમનો નાશ કરવા માંડ્યો.[37] હું જેવો તે આશ્રમમાં ભુંડરૂપે પેઠો કે, તરત કોઈ પુરુષે મને બાણ માર્યું. હે રાજન્! કયા પુરુષે મને બાણ માર્યું, તે હું જાણતો નથી.[38] ખભામાં તે બાણ વાગવાથી હું ભયનો માર્યો ત્યાંથી નાઠો, એટલે તે પુરુષ પણ મારી પાછળ પડ્યો.[39] મારી પાછળ ઘોડાના ખર સંભળાતા હતા, અને તે પુરુષ "ઉભો રહે" એમ કહેતો હતો. તેના ભયથી આ દક્ષિણ સમુદ્રમાં હું ભરાઈ ગયો.[40] ત્યાં આવીને મેં નાના પ્રકારના રૂપવાળા પુરુષોને જોયા. તેમાં કેટલાક મેઘના જેવી ગર્જના કરતા હતા અને બીજા કેટલાક તેવી જ સામી ગર્જના કરતા હતા.[41] વળી કેટલાક એમ કહેતા હતા કે "અમે મહિષાસુરને હણીશું" અને કેટલાક તેજસ્વી તો એમ કહેતા કે, "અમે તારકાસુરને આજે જ મારી નાંખીશું."[42] તેમની એવી ગર્જનાઓ સાંભળીને, હે અસુરેશ્વર! મને બહુ ત્રાસ લાગ્યો, તેથી બીકનો માર્યો સમુદ્રનો ત્યાગ કરીને હું પૃથ્વી ઉપર એક ખાડામાં પડી ગયો તો ત્યાં પણ તે પુરુષ મારી કેડે જ હતો. તેના ભયથી મારું હિરણ્યપુર નગર છોડીને હું તમારે શરણે આવ્યો છું. મારા ઉપર કૃપા કરો. તેનું કહેલું સાંભળીને અંધક મેઘના જેવી ગર્જના કરીને બોલ્યો;[43–45] 'હે દાનવ! અમે, મહિષ, તારક અને બળિપુત્ર ઉગ્રબાણ તારું રક્ષણ કરનાર છીએ; બીશ નહિ.'[46] અંધક, મહિષાસુર વગેરે અસુર નાયકોએ વગર કહ્યે જ પોતપોતાની સેના તૈયાર કરી; અને પછી તેઓ યુદ્ધ કરવાને પૃથ્વી ઉપર જવા નીકળ્યા.[47] જ્યાં ભયંકર રૂપવાળા ગણો ગર્જના કરતા હતા ત્યાં હે મહામુને! તે બળવાન્ દૈત્યો આયુધો સાથે આવ્યા.[48] ત્યાં તે દૈત્યપતિઓ કાર્ત્તિકેયના ગણોને જોઈને માતૃમંડળ તરફ એકદમ દોડ્યા.[49] તે કાર્ત્તિકેયના ગણોના નાયક ભગવાન્ સ્થાણુ (શિવ) હાથમાં પરિઘ લઈને ક્રોધથી શત્રુસૈન્યનો પશુઓની પેઠે સંહાર કરવા લાગ્યા.[50] મહાદેવને એ પ્રમાણે કરતા જોઈને કલશોદર નામનો ગણ હાથમાં કુઠાર લઈને મહા અસુરોને હણવા લાગ્યો.[51] ભયંકર જ્વાલામુખ પણ દૈત્યોને રથ, ગજ, અશ્વ સહિત પકડી પકડીને મુખમાં મૂકવા લાગ્યો.[52] દંડક ક્રોધ કરીને હાથમાં પ્રાસ લઈને વાહનો સાથે અસુરોને ઉચકી ઉંચકીને સમુદ્રમાં ફેંકી દેવા લાગ્યો.[53] મુસળવાળો શંકુકર્ણ, પૌરુષહીન રાજાનો જેમ પ્રધાન નાશ કરે તેમ, હળવડે ખેંચીને અસુરોનો નાશ કરવા લાગ્યો.[54] ખડ્ગ અને ઢાલવાળો ગણેશ્વર પુષ્પદંત દાનવોના બે, ચાર,

આઠ એમ કકડા કરી નાંખવા લાગ્યો.૫૫ પિંગળ, દંડ અને મુંડ લઇને જ્યાં જ્યાં દોડી જતો, ત્યાં ત્યાં દાનવોના ઢગલા જ પડતા.૫૬ ગણોનો અગ્રણી સહસ્ર-નયન શૂળ ફેરવીને હાથી ઘોડા સહિત અસુરોનો નાશ કરવા લાગ્યો.૫૭ ભીમ ભયંકર શિલાઓ વર્ષાવીને, વજ્રવૃષ્ટિથી ઇંદ્ર જેમ મહા પર્વતોને તોડી પાડે, તેમ અસુ-રસેનાના નાયકોસહિત દાનવોનો નાશ કરવા લાગ્યો.૫૮ શકટચક્ર નામનો પંચશિખ મહા બળવાન્ ભયંકર ગણુ મુદ્‌ગર ફેરવીને શત્રુઓનો નાશ કરવા લાગ્યો.૫૯ ગિરિભેદી નામનો ગણુ થાપડ મારીને સ્વાર સહિત હાથીના તથા રથી સહિત રથના ચૂરા કરી નાંખવા લાગ્યો.૬૦ નાડીજંઘ નામનો બળવાન્ ગણુ મૂઠી, ઘુંટણ તથા વજ્ર જેવી કોણી મારીને અસુરોનો સંહાર કરવા લાગ્યો.૬૧ કૂર્મગ્રીવ અને હયગ્રીવ માથું મારીને તથા પગની લાત મારીને વાહનો સહિત અસુરોને હણુવા લાગ્યો.૬૨ પિડાકર મુખથી ને કલિપ્રિય-શિગડાંથી યુદ્ધમાં દાનવોનો સંહાર કરવા લાગ્યો.૬૩ એ પ્રમાણે ગણોવડે પોતાના સૈન્યનો વધ થતો જોઇને, મહિષ તથા દૈત્યોનો આગેવાન તારક દોડી આવ્યો.૬૪ દાનવોના મોટા આયુધોથી ઘવાતા પ્રમથ ગણો તેમને ચારે તરફથી ઘેરીને મહા ક્રોધ કરીને યુદ્ધ કરવા લાગ્યા.૬૫ પછી હંસાસ્યે પટ્ટિશથી મહિ-ષાસુરને ઘાયલ કર્યો. ષોડષાસ્યે ત્રિશૂલથી અને શતશીર્ષે મોટી તલવારથી તેને ઘાયલ કર્યો.૬૬ શ્રુતાયુધે ગદાથી, વિશોકે મુસલથી અને બંધુદત્તે શૂળથી મોં'ડા ઉપર ઘાયલ કર્યો.૬૭ તે જ પ્રમાણે બીજા પાર્ષદોએ શલ, શક્તિ, ઋષ્ટિ તથા પટ્ટિશવડે ઘા કર્યો; પણુ તે મૈનાક પર્વતની પેઠે જરા પણુ ડગ્યો નહિ.૬૮ એટલે તે વખતે ભદ્રકાલી, ઉલૂખલા અને અનેકચૂડાએ મોટાં આયુધોથી તારકાસુરને વિંધવા માંડ્યો.૬૯ પણુ તે અસુર માતૃકાઓ અને દેવોથી ઘવાતો છતાં જરાપણુ ક્ષોભ પામ્યો નહિ, પણુ ઉલટો ગણોને ક્ષોભ કરવા લાગ્યો.૭૦ પછી મહિષાસુર, ગદાથી પ્રથમ ગણોનો પરાજય કરીને, કુમારની સામે હથિયાર સાથે આવ્યો.૭૧ તેને આવતો જોઇને ચક્રાક્ષે ચક્ર મૂકી આવતો રોક્યો.૭૨ હે બ્રહ્મન્! તે વખતે બંને વીરોએ ગદા તથા ચક્રવડે જબરું યુદ્ધ કર્યું. ૭૩ મહિષાસુરે ચક્રાક્ષના ઉપર જોરથી ગદા ફેંકી, એટલે ચક્રાક્ષે પોતાનું ચક્ર તેના રથ તરફ ફેંક્યું.૭૪ તે ચક્ર, ગદા તથા રથનું ચક્ર છેદીને મહિષાસુર તરફ ચાલ્યું, એટલે તે જોઇને બધા અસુરો હાહાકાર કરવા લાગ્યા કે, હાય, હાય, હવે મહિષાસુર મરાયો !૭૫ એ પોકાર સાંભળીને બાણાસુર પ્રાસ લઇને વેગથી દોડી આવ્યો. તેણે ચક્ર છેદી નાંખ્યું તથા રક્તાક્ષને પાંચસો મુક્કીઓ મારી.૭૬ અને પાંચસો બાહુથી ચક્રાક્ષને બાંધી લીધો, કે જેથી તે બળવાન્ છતાં શક્તિ રહિત થઈ ગયો.૭૭ સુચક્રાક્ષને એ પ્રમાણે બાણાસુરે જોરથી બાંધી લીધો, તે જોઇને મહા બળવાન્ મકરાક્ષ દોડી આવ્યો.૭૮ તેણે બાણાસુરના માથામાં જોરથી ગદા મારી. એ પ્રમાણે ઘા વાગવાથી બાણાસુર લજ્જિત થઈ ગયો.૭૯

પછી મકરાક્ષ યુદ્ધ છોડીને શાલિગ્રામ પાસે આવ્યો અને બાણાસુર પણ શરમાઇને યુદ્ધમાંથી નાશી ગયો.[૯૦] હે દેવર્ષે! એ પ્રમાણે થવાથી દૈત્યોનું સૈન્ય નાસવા માંડયું. તેને નાસતું જોઇને ગણેશ્વરોએ તેને મારીને ચૂર્ણ કરી નાંખ્યું.[૯૧] પછી પોતાનું સૈન્ય નાસતું જોઇને તારકાસુર ક્રોધ કરી હાથમાં ખડ્ગ લઈ ગણેશ્વરો તરફ દોડ્યો.[૯૨] તે તલવાર ચલાવતા અપ્રતિમ બળવાળા તારકાસુરથી પરાજય પામીને, હંસવક્ત્ર વગેરે ગણેશ્વરો તથા માતૃકાઓ રણમાંથી નાશી જઈ સ્કંદને શરણે આવ્યાં.[૯૩] પોતાના ગણોને ઘાયલ થયેલા જોઇને અને તારકાસુરને હાથમાં ખડ્ગ લઈ ધસી આવતો જોઈ, મહેશ્વરાત્મજ સ્કંદે તેના ઉપર શક્તિ ચલાવી. એ શક્તિથી તેના હૃદયનો મર્મ-ભાગ ભેદાઈ ગયો અને તે પૃથ્વી ઉપર પડ્યો.[૯૪] એ પ્રમાણે પોતાનો ભાઈ મરાવાથી મહિષાસુર ભયભીત થઈ ગયો અને સંગ્રામ છોડી હિમાલય ઉપર નાશી ગયો.[૯૫] વીર તારકાસુર મરણ પામ્યો અને મહિષાસુર ભયથી હિમાચળ ઉપર નાશી ગયો તથા અપરાધી દૈત્ય સૈન્યનો ઘાણ નીકળી ગયો. આ જોઇને બાણાસુર સમુદ્રમાં પેસી ગયો.[૯૬] રણવીર તારકાસુરને મારીને હાથમાં શક્તિ લઈ કલ-ગીવાળા મોર ઉપર બેસી, મહિષાસુરને મારવા કુમાર દોડ્યો.[૯૭] પોતાની પાછળ મયૂરધ્વજ કાર્તિકેયને શક્તિસહિત આવતો જોઈ કૈલાસ તથા હિમાચળથી નાશી, ક્રૌંચ પર્વત ઉપર આવી મહિષાસુર ગુફામાં ભરાઈ ગયો.[૯૮] દૈત્યને ક્રૌંચની ગુફામાં પેઠેલો જાણી પિતા પિનાકિપુત્ર ભગવાન્ ગુહ વિચાર કરવા લાગ્યો કે, "હવે હું મારા બંધુ ક્રૌંચનો ઘાત શી રીતે કરું?" એમ વિચાર કરતો તે ત્યાં જ ઉભો રહ્યો.[૯૯] એ વખતે ભગવાન્ બ્રહ્મા, શંકર, વિષ્ણુ તથા ઇંદ્ર ત્યાં આવ્યા.

તેમણે કહ્યું કે 'હે કુમાર! પર્વત સહિત મહિષાસુરને વિંધી નાંખ અને દેવનું કાર્ય કર.'[૯૦] એ પ્રમાણે સત્ય તથા પ્રિય વચન સાંભળીને કુમાર હસીને બોલ્યો કે, 'હું માતામહનપ્તાને અર્થાત્ મામાના છોકરાને શી રીતે મારી શકું?[૯૧] વેદવિદ્ મહર્ષિઓ પણ જે પ્રાચીન શ્રુતિનું ગાન કરે છે, તેનું અનુસરણ કરવાથી પાપીઓ પણ સ્વર્ગમાં જાય છે.[૯૨] ગાય, બ્રાહ્મણ, વૃદ્ધ, સમૃદ્ધ, બાળક, પોતાનો બંધુ, દુષ્ટ છતાં સ્ત્રી, અને આચાર્યમુખ્ય ગુરુઓ, એટલા અપરાધ કરે તો પણ તેમનો વધ કરવો ન જોઇએ.[૯૩] હે સુરેન્દ્રો! એવો ધર્મ જાણીને હું મામાના પુત્ર ક્રૌંચનો વધ કરી શકતો નથી. જ્યારે એ દૈત્ય ગુફામાંથી બહાર નીકળશે ત્યારે શક્તિથી હું એનો ઘાત કરીશ.'[૯૪] હે મહર્ષે! કુમારનું એ વચન સાંભળીને ઇંદ્ર, મનમાં વિચાર કરીને બોલ્યો; 'મારાથી તું વધારે બુદ્ધિમાન્ નથી, તો આવું કેમ બોલે છે? પૂર્વે શ્રીહરિએ કહ્યું છે તે સાંભળ.[૯૫] એકને માટે ઘણાનો ઘાત કરવો નહિ, એમ શાસ્ત્રોમાં નિશ્ચય છે; પણ બહુને માટે–ઘણાનો જીવ બચાવવાને માટે એકનો ઘાત કરવો, એથી પાપી થવાતું નથી.[૯૬] હે અગ્નિપુત્ર! મેં પૂર્વે આ પ્રમાણે વચન સાંભળી સમયનું પરિપાલન કરી, સહોદર અને અનુજ (નાનો ભાઈ) સાથે નમુચિને માર્યો હતો.[૯૭] તેથી ઘણાના હિતને માટે અગ્નિએ આપેલી શક્તિથી તું પદાક્રમણ કરી ક્રૌંચ સહિત મહિષાસુરને માર.'[૯૮]

ઇંદ્રનાં આ વચન સાંભળી ક્રોધથી લાલ આંખો કરી કુમાર ઇંદ્રને કહેવા લાગ્યો;૯૯ 'હે મૂઢ! વૃત્રને હણનારા તારી ભુજાઓમાં અને શરીરમાં શું બળ છે, કે તું મારું અપમાન કરી જગતમાં પોતાને વધારે બુદ્ધિમાન્ કહેવડાવે છે.'૧૦૦ ઇંદ્રે તેને કહ્યું; 'હું બળવાન્ જ છું.' ત્યારે કુમારે તેને કહ્યું કે 'જો તું બળવાન્ હોય તો આવી જા, મારી સાથે યુદ્ધ કર.'૧૦૧ પછી ઇંદ્રે કહ્યું કે 'હે કાર્તિકેય! જે બળવાન્ હોય તે ક્રૌંચની જલદી પ્રદક્ષિણા કરીને પહેલો આવે.'૧૦૨ તેનું એ વચન સાંભળીને સ્કંદ તત્ક્ષણ મયૂર ઉપરથી ઉતરીને પગે ચાલી વેગથી પ્રદક્ષિણા કરવા નીકળ્યો.૧૦૩ ઇંદ્ર પણ ઐરાવત ઉપરથી ઉતરી જલદી જલદી ક્રૌંચની પ્રદક્ષિણા કરી ત્યાં આવીને ઉભો, એટલે કાર્તિકેયે પ્રદક્ષિણા કરીને ત્યાં આવીને ઇંદ્રને કહ્યું કે, 'હે મૂઢ! અહીં કેમ ઉભો થઈ રહ્યો છે?'૧૦૪ ઇંદ્રે મજાકમાં કહ્યું કે, 'હું પ્રદક્ષિણા કરીને પહેલો આવ્યો છું.' કુમારે કહ્યું કે 'હું તારી પહેલો આવ્યો છું.'૧૦૫ એ પ્રમાણે બન્ને જણ હું પહેલો આવ્યો, હું પહેલો આવ્યો, એમ તકરાર કરતા શંકર અને બ્રહ્મા પાસે થઇને વિષ્ણુ ભગવાન્ પાસે આવ્યા.૧૦૬ પછી શ્રીહરિએ સ્કંદને કહ્યું કે, તમે ક્રૌંચ પર્વતને જ પૂછી જુઓ. તે જે પહેલો આવ્યો એમ કહેશે તે જ બળવાન્ ગણાશે.'૧૦૭ એ પ્રમાણે માધવનું વચન સાંભળીને ક્રૌંચ પર્વત પાસે આવીને સ્કંદે પૂછ્યું કે; 'અમારા બેમાં પ્રદક્ષિણા કરીને કોણ પહેલું આવ્યું?'૧૦૮

એ સાંભળીને બુદ્ધિમાન્ ક્રૌંચે કહ્યું કે, 'હે ગુહ! ઇંદ્ર પ્રદક્ષિણા કરીને પહેલો આવ્યો છે, અને તું પછી આવ્યો છે.'૧૦૯ ક્રૌંચે એ પ્રમાણે કહ્યું, એટલે સ્કંદને મહા ક્રોધ ચઢ્યો, તેની આંખો લાલ થઈ ગઈ અને હોઠ ગુસ્સામાં ધ્રુજવા લાગ્યા. પછી તેણે ક્રોધમાં ક્રૌંચના ઉપર જોરથી શક્તિનો પ્રહાર કર્યો અને મહિષાસુર સહિત ક્રૌંચને વિંધી નાંખ્યો.૧૧૦ પુત્ર મરાવાથી હિમાલયપુત્ર સુનાભ વેગથી ત્યાં આવ્યો; અને કુમારને હાથે મહિષાસુરને મરેલો જોઇને બ્રહ્મા, ઇંદ્ર, મરુત, અશ્વિનીકુમારો, વસુઓ વગેરે દેવો સ્વર્ગમાં ચાલ્યા ગયા. ૧૧૧ બળવાન્ કુમારે પોતાના મામા (સુનાભ) ને જોઇને તેને મારવા શક્તિ ઉપાડી; પણ વિષ્ણુ ભગવાને તેને બાથમાં પકડી લઈ 'વડીલને ન મરાય' એમ કહીને વાર્યો.૧૧૨ એટલે હિમાચળ ત્યાં આવી હાથ પકડી સુનાભને લઈ ગયા; અને ગરુડપુત્ર, શ્રી વિષ્ણુ તથા મયૂર સહિત કુમારને સ્વર્ગમાં લઈ ગયો.૧૧૩ ત્યાં જઈ કાર્ત્તિકેય સુરેશ્વર શ્રી હરિને કહેવા લાગ્યા કે; 'હે ભગવન્! મોહથી મારો વિવેક નાશ પામ્યો, તેથી મેં મારા મામાના દીકરાને અર્થાત્ ભાઇને માર્યો. માટે હવે હું મારા શરીરનું શોષણ કરી આત્મઘાત કરીશ.'૧૧૪

તેને વિષ્ણુએ કહ્યું કે; 'હે કુમાર! પાપને હરણ કરનાર તીર્થરાજ પૃથૂદકમાં જા. ત્યાં ઓઘવતીમાં સ્નાન કરી તથા શંકરનાં દર્શન કરી તું સૂર્ય સમાન તેજસ્વી થઇશ.'૧૧૫ એ પ્રમાણે હરિએ કહેવાથી કુમાર તે તીર્થમાં આવ્યો અને શંકર તથા દેવોનાં દર્શન કરી સૂર્ય સમાન તેજવાળો થઈ કૈલાસ પર્વત ઉપર શંકરને મંદીર ગયો.૧૧૬ સુચક્રનેત્ર નામે ગણ તે વખતે ત્યાં પર્વત ઉપર મહા આશ્રમને

વેષે તપ કરતો હતો તથા શંકરની આરાધના કરતો હતો. શંકર પ્રસન્ન થઇને તેને વરદાન આપવા તૈયાર થયા.[૧૧૭] ત્યારે તેણે માગ્યું કે; 'હે ભગવન્! ક્રૌંચને મારનાર કાર્તિકેયનો શત્રુ જે બાણાસુર તેના બાહુ તમારા જેવા બળશાળી હાથથી છેદી શકાય એવું શ્રેષ્ઠ આયુધ આપો.'[૧૧૮] શંકરે કહ્યું કે જા આ તારા ચક્રથી જ બાણાસુરના હાથ છેદાશે, એ વરદાન હું તને આપું છું. તું બાણાસુરના બાહુ-રૂપી વધેલા વનને છેદી નાંખીશ, એમાં સંશય નથી.[૧૧૯] ત્રિપુરાંતક પાસેથી એ પ્રમાણે વરદાન પામીને તે ગણેશ્વર સ્કંદ પાસે આવ્યો, અને પગે પડીને શંકરના પ્રસાદની સર્વ વાત કહી.[૧૨૦] એવી રીતે શંકરપુત્ર કાર્તિકેયની શક્તિથી મહિષા-સુરનો વધ થયો તે તથા ક્રૌંચનું મૃત્યુ અને શરણાગતોના પાપનો નાશ તથા પુણ્યની વૃદ્ધિ, એ સૌ મેં તમને કહ્યું.[૧૨૧]

एवं तवोक्तं महिषासुरस्य वधस्त्रिनेत्रात्मजशक्तिभेदात् ।
क्रौंचस्य मृत्युः शरणागतानां पापापहं पुण्यविवर्धनं च ॥ १२१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે મહિષાસુર તારક વધ ઉપાખ્યાનને વિષે 'ક્રૌંચભેદન' નામનો અઠ્ઠાવનમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫૯ મો.

અંધકાસુરનો પરાજય.

नारद उवाच—योऽसौ मंत्रयतां प्राप्तो दैत्यानां शरताडितः ॥
स केन वद निर्भिन्नः शरेण दितिजेश्वरः ॥ १ ॥

નારદ બોલ્યાઃ—દૈત્યો અંધકાસુરની પાસે જઇને વિચાર કરતા હતા, તે વખતે જે મહા દૈત્ય બાણથી ઘાયલ થઇને આવ્યો હતો તે કોના બાણથી, તે મને કહો.[૧] પુલસ્ત્ય બોલ્યાઃ—હે મહર્ષે! રઘુકુળમાં એક, રિપુજિત્ નામે રાજા હતો. તેનો પુત્ર, ગુણગણનો ભંડાર, મહાત્મા, શૂરવીર, શત્રુના સૈન્યને દમનાર, બળવાન્, આનંદી, અને જગતમાં વિપ્ર, અંધ, દીન અને કૃપણનાં દુઃખો મટાડનાર હતો.[૨] તેનું નામ ઋતુધ્વજ હતું. તે મોટો રાજા હતો અને ગાલવ ઋષિને માટે અશ્વ ઉપર બેસીને ફરતા. તેણે પાતાલકેતુને પીઠમાં અર્ધચંદ્ર બાણ મારીને ઘાયલ કર્યો હતો.[૩]

નારદે પૂછ્યુંઃ—ગાલવ ઋષિનું એ શું કામ કરતો હતો અને દૈત્યને તેણે બાણ મારીને શામાટે ઘાયલ કર્યો?[૪] પુલસ્ત્ય બોલ્યાઃ—પૂર્વે ગાલવ ઋષિ પોતાના મહા આશ્રમને વિષે તપશ્ચર્યા કરતા હતા. તે વખતે પાતાળકેતુ મૂઢપણાથી તપમાં વિઘ્ન કરી ઋષિને સમાધિભંગ કરવા લાગ્યો.[૫] જો કે ઋષિ તેને બાળીને ભસ્મ કરવા સમર્થ હતા, પણ તેમ કરી તપનો ક્ષય કરવાને તે ઇચ્છતા ન હતા. પછી તેમણે આકાશ તરફ જોઇને એક લાંબો ઉનો નિઃશ્વાસ મૂકયો.[૬] એટલે આકા-શમાંથી એક ઉત્તમ અશ્વ પડ્યો. તે વખતે આકાશ વાણી થઈ કે, આ મહાબળ-વાન્ અશ્વ રોજનો એક હજાર યોજન ચાલશે.[૭] તે ઘોડાને લઇને ઋતુધ્વજ

પાસે ઋષિ ગયા અને તેને ઘોડો આપી તથા શસ્ત્રાસ્ત્ર ધારણ કરાવી આશ્રમની રક્ષા કરવા લઈ આવ્યા અને પોતે તપશ્ચર્યા કરવા લાગ્યા. ત્યાં પાતાલકેતુ દૈત્ય ભુંડનું રૂપ લઈને આવ્યો. તેને રાજાએ બાણથી વિંધી નાંખ્યો.૮ નારદજી બોલ્યાઃ—હે સુવ્રત! આકાશમાંથી ઘોડો કોણે મોકલ્યો? અને જે શરીર વગરની આકાશમાંથી વાણી થઈ તે કોણે કરી?૯ પુલસ્ત્ય બોલ્યાઃ–વિશ્વાવસુ નામે મહેંદ્રનો ગાયક બળવાન્ યશસ્વી ગંધર્વરાજ છે. તેણે પોતાની કન્યાની રક્ષાને માટે જમીન ઉપર ઋતુધ્વજને આપવા ઘોડો મોકલ્યો.૧૦

નારદ બોલ્યાઃ—ગંધર્વરાજ વિશ્વાવસુને ત્યાં ઘોડો મોકલવાનું શું પ્રયોજન? અને રાજા કુવલયાશ્વના પુત્રનો શો હેતુ હતો?૧૧ પુલસ્ત્ય બોલ્યાઃ—વિશ્વાવસુને, શીલગુણ સંપન્ન, ત્રિલોકમાં સુભગા, લાવણ્યરાશિ, ચંદ્રના જેવી કાન્તિવાળી, મદાલસાના સરખી મદાલસા નામે એક કન્યા હતી.૧૨ તે રૂપવતી નંદન વનમાં ક્રીડા કરતી હતી; તેને જોઇને પાતાલકેતુ દૈત્ય તે કન્યાનું હરણ કરી ગયો. તેના રક્ષણને માટે એ અશ્વ આવ્યો હતો.૧૩ પછી નૃપપુત્ર તે દૈત્યને મારીને ઉત્તમ જંઘાવાળી તે કન્યાને લઈ આવ્યો. તે કન્યાની સાથે તે રાજકુમાર શચીની સાથે ઇંદ્ર શોભે તેમ શોભવા લાગ્યો.૧૪ નારદ બોલ્યાઃ—તારક તથા મહિષાસુર મરાયા પછી હિરણ્યાક્ષના પુત્ર બુદ્ધિમાન્ અંધકાસુરે શું કર્યું?૧૫

પુલસ્ત્ય બોલ્યાઃ—તારક અને મહિષને મરાયલા જોઇને દૈત્યસેનાવિનાશક દુર્બુદ્ધિ અંધકને બહુ ક્રોધ ચડ્યો.૧૬ પછી તે પોતાના થોડાક પરિવાર સાથે હાથમાં પરિઘ લઇને પાતાલમાંથી નીકળી, પૃથ્વી ઉપર આવી ફરવા લાગ્યો.૧૭ ફરતાં ફરતાં તેણે મંદરાચળની સુંદર કંદરા (ગુફા)માં સખીઓની વચ્ચે બેઠેલી ગૌરી–ગિરિજાને જોઈ.૧૮ વનમાં તે ચારુ સર્વાંગી ગિરિરાજ સુતાને જોઇને અંધક એકદમ કામબાણથી વ્યથિત થઈ ગયો.૧૯ અને પછી તે કામાંધ મૂઢ અસુર પૂછવા લાગ્યો કે, આ ચારુસર્વાંગી સુંદરી વનમાં ફરે છે તે કોની છે?૨૦ જો એ મારા રણવાસમાં ન આવે તો મારું જીવતર નકામુ જ છે.૨૧ જો હું એ મધ્યભાગનેવિશે પાતળા શરીરવાળી આ કન્યાનું આલિંગન ન કરી શકું તો મારા રૂપને ધિક્કાર છે, અને પછી જીવવાનું પણ શું પ્રયોજન?૨૨ તે જ મારો બંધુ, તે જ મંત્રી, તે જ ભ્રાતા અને તે જ અંતકાલનો બેલી છે, કે જે એ કાળાવાળવાળી મૃગ લોચનાનો મારી સાથે મેળાપ કરી આપે.૨૩ દૈત્યેન્દ્ર એ પ્રમાણે બોલતો હતો, તે સાંભળીને બુદ્ધિસાગર પ્રહ્લાદજી કાનમાં આંગળીઓ ઘાલી માથું ધુણાવી બોલ્યા,૨૪ 'અરે દૈત્યેન્દ્ર! એવું ન બોલ, ન બોલ. એ તો જગતજ્જનની, લોકનાથ ત્રિશૂળધારી શંકરની ભાર્યા છે.૨૫ તું એના તરફ કુળનો નાશ કરનારી દુર્બુદ્ધિ ન કર. એ પરસ્ત્રી છે, માટે રસાતલમાં જવાનું કામ ન કર.૨૬ એ વાત સારા માણસોમાં અને હલકા માણસોમાં બંનેમાં ખરાબ ગણાય છે. તારા શત્રુઓ ભલે પરદારા ગમન કરે.૨૭ હે દૈત્યનાથ! મહારાજ ગાધિએ પોતાની

સેનાને ભાગતી જોઇને સત્ય, સુખકર, લોકહિતકારક જે શ્લોકો ગાયા છે, તે શું તેં સાંભળ્યા નથી?[૨૮] પ્રાણત્યાગ કરવો તે સારો, પણ પરહિંસા કરવી નહિ. મૂંગા રહેવું તે સારું, પણ જૂઠું વચન બોલવું નહિ, નપુંસક થવું તે સારું, પણ પરસ્ત્રીગમન કરવું નહિ, ભીખારી રહેવું તે સારું, પણ પરધન હરણ કરવું નહિ.[૨૯] એ પ્રમાણેનાં પ્રહ્લાદજીનાં વચન સાંભળતાં છતાં તે ક્રોધમાં આંધળો થયેલો અને મદનાતુર અંધક, 'એ તો શત્રુજનની છે' એમ કહી ગૌરી તરફ દોડ્યો.[૩૦] તેની પાછળ યંત્રમાંથી પત્થરો છૂટે તેમ બધા દૈત્યો દોડ્યા, પરંતુ અવિનાશી નંદી ગણે હાથમાં ચક્ર લઈ મારીને તેમને નસાડી મૂકયા.[૩૧] વારેલા તથા નસાડેલા મય તાર વગેરે તે અસુરો વજ્રથી હણાતા બીકથી દશે દિશાએ નાસવા લાગ્યા.[૩૨] નંદીથી હણાતા પોતાના અસુરોને જોઇને અંધકે નંદીના ઉપર જોરથી પરિઘનો ઘા કર્યો.[૩૩] નંદીને પડેલો જોઇને અને અંધકને આવતો જોઇને તે દુરાત્માના ભયથી ગૌરીએ સો રૂપ ધારણ કર્યાં.[૩૪]

પછી તે દેવીઓના સમૂહ વચ્ચે રહીને ભમતો અંધકાસુર વનમાં હાથણીઓની વચ્ચે ઘુમતા મત્ત ગજેન્દ્ર જેવો શોભવા લાગ્યો.[૩૫] તે દૈત્ય તે દેવીઓમાં ગિરિકન્યા કઈ, તે ઓળખી શક્યો નહિ. પણ એમાં કંઈ આશ્ચર્ય નથી, કેમકે ચાર માણસો સદાય જોઈ શકતા નથી.[૩૬] જન્માંધ, કામાંધ, મદાંધ અને લોભાંધ એ ચાર માણસો દેખી શકતા નથી. તેથી દેખતો છતાં પણ એ દેવીને જોઈ શકતો નથી, માટે અંધક કહેવાય છે.[૩૭] તે દેવીઓમાં યુવતીઓને જોઈ જોઇને તેના તરફ તે દોડવા લાગ્યો. એટલે સો રૂપથી તેને પરાસ્ત કર્યો.[૩૮] પછી સેકડો શસ્ત્રપ્રહારથી તેને જમીન ઉપર પટકી પાડ્યો. અંધકને પડ્યો જોઈ દેવી શતરૂપા અંબિકા તે સ્થાનથી અંતર્ધાન થઈ ગઈ. અંધકને પડેલો જોઈ દૈત્ય દાનવના સૈન્યપતિઓ મોટી મોટી બૂમો પાડતા યુદ્ધને માટે દોડવા લાગ્યા. તેઓના આવતા શબ્દ સાંભળીને ગણેશ્વર ત્યાં ઉભો રહ્યો.[૩૯–૪૧] તે ઇંદ્ર સમાન બળવાન્ ગણેશ્વરે ક્રોધ કરી હાથમાં વજ્ર લઈ દાનવોને પરાજિત કર્યા; અને પછી અંબિકા પાસે જઈ તેના ચરણમાં પગે પડ્યો. પછી દેવીએ પોતાની મૂર્તિઓને તેમની ઇચ્છામાં આવે ત્યાં જવાની રજા આપી.[૪૨–૪૩] અને કહ્યું કે મનુષ્યોથી પૂજાતી તમે પૃથ્વી ઉપર ફરો. ઉદ્યાનોમાં, વનોમાં, વનસ્પતિઓમાં અને વૃક્ષોમાં તમારો વાસો થશે. તમે શોક રહિત થઇને જાઓ. એ પ્રમાણે તેમને કહ્યું, એટલે પછી તે દેવીઓએ અંબિકાને પ્રણામ કર્યા.[૪૪–૪૫] કિન્નરોવડે સ્તુતિ કરાતી તે સર્વ દિશાઓમાં ચાલી ગઈ. અંધકાસુર પણ ભાન આવવાથી ગિરિજાને ન જોઇને તથા પોતાનું સૈન્ય પરાજિત થયેલું જોઇને પાતાલમાં ચાલ્યો ગયો.[૪૬] હે મુને! પછી તે દુરાત્મા અંધકાસુરે પાતાલમાં જઈ દિવસે ખાવાનું અને રાત્રે ઉંઘવાનું છોડી દીધું. કામ-

બાણુથી ઘાયલ થયેલો તે કામના બળથી પરાજય પામેલો કેવળ ગૌરીનું જ સ્મરણ કર્યા કરતો હતો.[૪૭]

तत्तो दुरात्मा स तदांधको मुने पातालमभ्येत्य दिवा न भुंक्ते ।
रात्रौ न शेते मदनेषु ताडितो गौरीं स्मरन्कामबलाभिपन्नः ॥ ४७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવે' ઓગણસાઠમો અધ્યાય સમાપ્ત.

—※※※—

અધ્યાય ૬૦ મો.

મુરદાનવનું ચરિત્ર.

नारद उवाच—क गतः शंकरोऽप्यासीद्येनांबानांदिना सह ॥
अन्धकं योधयामास एतन्मे वक्तुमर्हसि ॥ १ ॥

નારદ બોલ્યાઃ—જ્યારે દેવી અંબિકાએ નંદી સાથે મળીને અંધકાસુર સાથે યુદ્ધ કર્યું ત્યારે શંકર ક્યાં ગયા હતા? તે મને કહો.[૧] પુલસ્ત્ય બોલ્યાઃ-જ્યારે હજાર વર્ષ સુધી શંકર ભગવાન્ મહામોહમાં નિમગ્ન થયા હતા, ત્યારથી તે નિસ્તેજ અને હીનવીર્ય જણાતા હતા.[૨] શંકરે જ્યારે પોતાને નિસ્તેજ થયેલા જોયા, ત્યારે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવા તેમણે તપ કરવાની બુદ્ધિ કરી.[૩] પછી તે મહાવ્રત ધારણ કરી અબિકાને આશ્વાસન આપી અને નંદીને તેમનું રક્ષણ કરવા મૂકી પૃથ્વી ઉપર ફરવા લાગ્યા.[૪] તેમણે ડોકમાં મહામુદ્રા ધારણ કરી, મહા સર્પોનાં કાનમાં કુંડલ પહેર્યાં, કેડમાં મહાશંખોની કટિમેખલા ધારણ કરી.[૫] જમણા હાથમાં કપાલ (ભિક્ષા પાત્ર) અને ડાબા હાથમાં કમંડલુ લીધું અને વૃક્ષ, પર્વત, નદી વગેરે સ્થળોએ એક એક દિવસ રહેતા ફરવા લાગ્યા.[૬] એમ ત્રૈલોક્યમાં ફરતાં ફરતાં કોઈ વખત મૂલાહાર કરીને, કોઈ વખત ફક્ત પાણી પીને અને કોઈ વખત વાયુ ભક્ષીને તેમણે નવસે વર્ષ વ્યતીત કર્યા.[૭] તે પછી મુખમાં વીટા (તૃણપુંજ) મૂકી શ્વાસ રૂંધીને વિસ્તૃત હિમાચળના પૃષ્ઠ ઉપર એક શીલા ઉપર તે બેઠા.[૮] ત્યાર પછી તે વીટા મહાદેવનું કપાલ ભેદીને જ્વાલા સહિત જટામાં થઇને નીચે પૃથ્વી ઉપર પડી ગઈ[૯] એ વીટાના પડવાથી પર્વત ભાંગીને સપાટ થઈ ગયો. ત્યારથી તે જગ્યા પવિત્ર કેદારતીર્થ નામથી પ્રખ્યાત છે.[૧૦]

પછી શંકર ભગવાને કેદારતીર્થને વરદાન આપ્યું કે, એ તીર્થ પુણ્યની વૃદ્ધિ કરનાર, પાપનો નાશ કરનાર અને મોક્ષનું સાધન થશે.[૧૧] જે માણસ સંયમી થઇને, મધુમાંસનો ત્યાગ કરીને, બ્રહ્મચારી વ્રત ધારણ કરી, નિવૃત્તિ પરાયણ રહી, એ તીર્થના જળનું પાન કરી, પારકું અન્ન જમ્યા વગર ૭ માસ સુધી રહેશે, તેના હૃદયકમળમાં શંકરના તે લિંગનો નિશ્ચય આવિર્ભાવ થશે.[૧૨-૧૩] તે માણસને કદી પાપમાં બુદ્ધિ નહિ થાય અને તેના પિતૃઓનું

અક્ષય શ્રાદ્ધ થશે એમાં સંશય નથી.[૧૪] સ્નાન, દાન, તપ, હોમ, જપ આદિ ક્રિયાઓ અક્ષય થશે અને મરણુ પછી પુનર્જન્મ થશે નહિ.[૧૫] શંકર ભગવાનથી એ પ્રમાણે વરદાન પામીને બધા દેવતાઓથી શ્રેષ્ઠ થઈ કેદારતીર્થ શંકરના વચન પ્રમાણે લોકોને પવિત્ર કરવા લાગ્યું.[૧૬] કેદારને વરદાન આપીને શંકર પાપનાશિની સૂર્યપુત્રી દેવી કાલિંદીમાં સ્નાન કરવા ગયા.[૧૭] ત્યાં ઉંડા પાણીમાં ડૂબકી મારી અને અંદર રહી પદ્મ નામે ગાયત્રીનો જપ કરવા લાગ્યા.[૧૮] હે કવિપ્રિય નારદજી! સરસ્વતીના જળમાં સ્નાન કરવા ડૂબેલા શંકર દોઢ વર્ષસૂધી અંદરથી બહાર નીકળ્યા નહિ.[૧૯] તે સમયમાં બ્રહ્મા, ચૌદે ભુવનો તથા સમુદ્રો ચલાયમાન ગઈ ગયાં અને તારાઓ સાથે નક્ષત્રો પૃથ્વી ઉપર તૂટી પડવા લાગ્યાં.[૨૦] ઇંદ્ર વગેરે દેવો આસન ઉપરથી ચલિત થયા અને ઋષિઓ લોકના કલ્યાણને માટે જપ કરવા લાગ્યા.[૨૧] ક્ષુબ્ધ થએલા દેવો આમ થવાનું કારણુ પૂછવા બ્રહ્મા પાસે આવ્યા અને દર્શન કરીને પૂછવા લાગ્યા કે, આ બધા લોકો કેમ ખળભળી ઉઠ્યા છે અને સંશયમાં નિમગ્ન થયા છે?[૨૨] બ્રહ્માએ તેમને કહ્યું કે, એનું કારણુ હું જાણતો નથી. તમે ગદાધર ભગવાન્ વિષ્ણુ પાસે જાઓ, અને તેમને પૂછો.[૨૩] બ્રહ્માએ એ પ્રમાણે કહેવાથી ઇંદ્રાદિ દેવો પિતામહ બ્રહ્માજીને આગળ કરી મુરારિ શ્રી વિષ્ણુ ભગવાનના ધામમાં ગયા.[૨૪] નારદ બોલ્યાઃ—હે દેવર્ષે! એ મુરારિ કોણ છે? દેવ છે, રાક્ષસ છે, યક્ષ છે, કિન્નર છે, દૈત્ય છે કે રાજા છે? તે મને કહો.[૨૫]

પુલસ્ત્ય બોલ્યાઃ—એ રજોગુણ, સત્વગુણ અને તમોગુણમય છે. વળી નિર્ગુણ છે, સર્વસ્થળે જઈ શકે એવા છે અને સર્વવ્યાપી, મુરદાનવના શત્રુ મધુસૂદન છે.[૨૬] નારદ બોલ્યાઃ—એ જે મુર નામનો દાનવ કહેવાય છે તે કોનો પુત્ર છે અને વિષ્ણુ ભગવાને તેને યુદ્ધમાં શામાટે હણ્યો તે મને કહો.[૨૭] પુલસ્ત્ય બોલ્યાઃ—એ દેવતાઓ અને દાનવોનો નાશ કરનારું વિચિત્ર આખ્યાન કહું છું તે સાંભળ. એ આખ્યાન પુણ્ય આપનાર અને પાપનાશક છે.[૨૮] કશ્યપનો ઔરસપુત્ર દનુ નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલો મુર નામે દાનવ હતો. તેણે રણમાં દૈત્યોને દેવતાઓથી પરાજિત થયેલા જોયા.[૨૯] તેથી તેણે મરણુની બીકથી ઘણા વર્ષ સૂધી તપ કર્યું, અને અપરાજિત એવા બ્રહ્માજીનું આરાધન કર્યું.[૩૦] બ્રહ્માજીએ તેના તપથી પ્રસન્ન થઇને કહ્યું કે 'હે પુત્ર! વરદાન માગ.' ત્યારે તે દૈત્યે પિતામહ બ્રહ્માજી પાસેથી એવું વરદાન માગ્યું કે, 'હે અજ! હું યુદ્ધમાં જેને જેને મારા હાથથી સ્પર્શ કરું, તે અમર હોય તો પણુ મરણુ પામે એવું વરદાન આપો.'[૩૧–૩૨] લોકપિતામહ ભગવાન બ્રહ્માજીએ કહ્યું કે "તથાસ્તુ," એટલે પછી મહાતેજવાન્ બળવાન્ મુરદાનવ ત્યાંથી સુરગિરિ–સુમેરુ પર્વત ઉપર આવ્યો.[૩૩] હે નારદ! ત્યાં આવીને તેણે દેવ, યક્ષ અને કિન્નરોને લઢવા હાંક મારી; પણુ તે દૈત્ય સાથે લઢવા કોઈ આવ્યું નહિ.[૩૪] ત્યારે તે ક્રોધ કરીને અમરાવતીમાં ગયો અને ઇંદ્રને

બોલાવવા લાગ્યો. ઈંદ્ર પણ તેની સાથે યુદ્ધ કરવાની બુદ્ધિ કરી શકયો નહિ.[૩૫] પછી તે દૈત્ય હાથ ઉંચા કરીને અમરાવતીમાં પેઠો, પણ તેને કોઈ અટકાવી શકયું નહિ.[૩૬] ઈંદ્રભવનમાં જઇને તેણે ઈંદ્રને કહ્યું કે, સહસ્રાક્ષ! મારી સાથે યુદ્ધ કર, નહિ તો સ્વર્ગ છોડીને ચાલ્યો જા.[૩૭] હે બ્રહ્મન્! તે દૈત્યે એ પ્રમાણે કહ્યું, એટલે ઈંદ્ર યુદ્ધ ન કરતાં સ્વર્ગનું રાજ્ય છોડીને પૃથ્વી ઉપર ચાલ્યો ગયો.[૩૮] ત્યાર પછી ઈંદ્રનો ગજેન્દ્ર ઐરાવત તથા વજ્ર શત્રુએ લઈ લીધાં અને પછી મહા તેજવાન્ ઈંદ્ર, પોતાની સ્ત્રી પુત્ર તથા દેવો સહિત કાલિંદીને દક્ષિણ તીરે શહેર વસાવી રહ્યો. મુર પણ સ્વર્ગમાં રહીને મહાભોગ ભોગવવા લાગ્યો.[૩૯–૪૦] મય, તાર વગેરે બીજા ભયંકર દાનવો પણ કૃતાર્થ થયેલા હોય, તેમ સ્વર્ગમાં આનંદ પામવા લાગ્યા.[૪૧] એક વખત મહા અસુર મુર એકલો જ હાથી ઉપર ચઢીને પૃથ્વી ઉપર સરયૂ નદીને કાંઠે આવ્યો.[૪૨] સરયૂને તીરે તેણે યજ્ઞની દીક્ષા લીધેલા રઘુ નામે સૂર્યવંશી વીર રાજાને જોયો.[૪૩] તેની પાસે આવીને દૈત્યે કહ્યું કે, તું મારી સાથે યુદ્ધ કર, નહિ તો યજ્ઞ કરવાનું બંધ કરી, દેવતાઓનું યજન મૂકી દે.[૪૪] તે વખતે મિત્રા વરુણના પુત્ર મહા તેજવાન્, તપ કરનારાઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠ મુનિ તેની પાસે આવીને કહેવા લાગ્યા;[૪૫] 'હે દૈત્ય! મનુષ્યો તો તારાથી પરાજિત જ થયેલા છે, તેને જિતવાથી શું? જે અજિત હોય તેને જિત અને જો તું પરાસ્ત કરવાની ઇચ્છા રાખતો હોય તો અંતક યમરાજને પરાસ્ત કર.[૪૬] હે મહાઅસુર! યમરાજ મહાબળવાન્ છે. તે તારી આણ માનતો નથી. જો તે જિતાશે તો પછી આખું ભૂતલ જ જિતાયું સમજવું.'[૪૭] તે દાનવરાજ, વસિષ્ઠનાં વચન સાંભળીને હાથમાં દંડ ધારણ કરનાર યમરાજને જિતવા ચાલ્યો.[૪૮] તેને આવતો જોઇને યમરાજ યુદ્ધમાં પોતાનું મૃત્યુ થશે, એમ જાણી મહિષ ઉપર બેસી કેશવ ભગવાન્ પાસે ગયા.[૪૯] ત્યાં જઈ અભિવંદન કરી યમરાજે મુરની બધી વાત કહી. પછી વિષ્ણુ ભગવાને કહ્યું કે, તમે હમણાં પાછા જાઓ અને તે મહા અસુરોને મારા તરફ મોકલો.[૫૦] વાસુદેવનાં એ વચન સાંભળી યમરાજ ઉતાવળા પાછા આવ્યા. એ સમયમાં જ મુર દૈત્ય યમરાજના નગરમાં આવી પહોંચ્યો.[૫૧] તેને આવતો જોઇ યમરાજે કહ્યું કે, 'હે મુર! તું શું કરવાની ઇચ્છા રાખે છે? હે દાનવેશ્વર! હું તારી આજ્ઞા પ્રમાણે વર્તીશ.[૫૨]

મુર બોલ્યોઃ—હે યમરાજ! તું આજથી પ્રજાનું સંયમન કરવાનું બંધ કર. નહિ તો હું હમણાં જ તારું મસ્તક છેદીને પૃથ્વી ઉપર પાડીશ.[૫૩] યમરાજે કહ્યું કે જો તું મારાથી પણ જે મહાન્ છે તેનો પરાજય કરે, તો હું માનીશ કે જગતનો રાજા એક મુર જ છે. પછી હું તારી આજ્ઞા માનીશ.[૫૪] મુરે કહ્યું કે તારાથી કોણ મહાન્ છે તે મને કહે. હું તેનો પરાજય કરીને વશ કરીશ.[૫૫] યમરાજે કહ્યું કે, 'શ્વેતદ્વીપ નિવાસી ગદાધર અવિનાશી શ્રી વિષ્ણુ દેવ છે, તે મને સંયમમાં

રાખનાર છે.'[૫૬] તે દૈત્યશાર્દૂલ બોલ્યો કે 'તે કયાં રહે છે તે મને કહે હું જાતે જ ત્યાં જઇને તેને કબજે કરીશ.'[૫૭] યમરાજે તેને કહ્યું, 'ક્ષીરસાગરને વિષે જા. લોકનાથ જગન્મય ભગવાન્ વિષ્ણુ ત્યાં રહે છે.'[૫૮] તે સાંભળીને મુર બોલ્યો કે; 'હું તે કેશવ પાસે જાઉં છું. પણ તારે ત્યાં સુધી મનુષ્યોનું સંયમન કરવું નહિ.'[૫૯] યમરાજે કહ્યું, 'જા, હું પણ જયને માટે પ્રવૃત્ત રહીશ, અથવા સંયમનને માટે જેમ યોગ્ય લાગશે તેમ કરીશ.'[૬૦] એ પ્રમાણે વચન બોલીને મુર ક્ષીરસાગર તરફ ગયો, કે જ્યાં ચતુર્મૂર્તિ જનાર્દન ભગવાન્ શેષનાગ ઉપર સૂતેલા છે.[૬૧] નારદ બોલ્યાઃ–વિષ્ણુ એક કહેવાય છે તો ચતુર્મૂર્તિ કેવા? કેમકે એ તો સર્વવ્યાપક અને અવ્યક્ત છે. માટે તે વાત મને કહો.[૬૨]

પુલસ્ત્ય બોલ્યા;–હે મહામુને! એ અવ્યક્ત અને સર્વવ્યાપી છે, છતાં ચતુર્મૂર્તિ છે. હે બ્રહ્મન્! એ જગન્નાથ જે પ્રમાણે ચતુર્મૂર્તિ છે તે સાંભળો.[૬૩] એ વાસુદેવ નામના પ્રભુ તર્કમાં ન આવી શકે એવા, નામ નિર્દેશ ન થઈ શકે એવા, શુકલ, શાંત, પરંપદ અને અવ્યક્ત છે. તે દ્વાદશ પત્રવાળા કહેવાય છે.[૬૪] નારદ બોલ્યાઃ–એ શુકલ, શાંત, અપ્રતર્ક્ય અને અનિંદિત શી રીતે? હે મહામુને! એનાં દ્વાદશ પત્ર કહ્યાં, તે કયાં કયાં?[૬૫] પુલસ્ત્ય બોલ્યાઃ–બ્રહ્માએ એ ગુહ્ય વાત સનત્કુમારને કહી હતી અને સનત્કુમારે મને કહી છે, તે હું તમને કહું છું; તે સાંભળો.[૬૬] નારદ બોલ્યા;–એ સનત્કુમાર કોણ હતા કે જેને બ્રહ્માએ જાતે વાત કહી હતી અને તેણે આપને કહી. તે વાત મને પહેલેથી કહો.[૬૭] પુલસ્ત્ય બોલ્યાઃ–ધર્મની ભાર્યા અહિંસાને ચાર પુત્રો ઉત્પન્ન થયા. હે મુનિશ્રેષ્ઠ! તે યોગશાસ્ત્રનો વિચાર કરનારા હતા.[૬૮] તેમાં મોટો સનત્કુમાર, બીજો સનાતન, ત્રીજો સનક અને ચોથો સનંદન.[૬૯] સાંખ્યવેત્તા કપિલમુનિ, વોઢુ, આસુરિ, પંચશિખ વગેરે તપોનિધિઓને જિજ્ઞાસુ જોઇને સનત્કુમારે પોતાના નાનાભાઈ સનાતનને યોગ ઉપદેશનું આસન આપ્યું. તેણે તેમને મૌન ગુહ્ય વગેરે મહા યોગનો ઉપદેશ આપ્યો.[૭૦–૭૧] સનત્કુમાર બ્રહ્માજી પાસે ગયા અને તેમને યોગજ્ઞાન પૂછયું. બ્રહ્માજીએ તેમને નીચે પ્રમાણે કહ્યું.[૭૨] બ્રહ્મા બોલ્યાઃ–હે પુત્ર! જો તું મારા વચન અનુસાર કાર્ય કરે તો હું તને કહીશ, સાંભળ. કારણ તું સાંખ્ય જ્ઞાનવાળો છે.[૭૩] સનત્કુમાર બોલ્યા; 'હે વિભો! હું આપનો પુત્ર છું, કારણ કે આપનો શિષ્ય છું. શિષ્યમાં અને પુત્રમાં કંઈ વિશેષ નથી.'[૭૪] બ્રહ્મા બોલ્યાઃ—હે ધર્મનંદન! ધર્મકર્મ સંયોગે શિષ્ય અને પુત્રમાં ભેદ ગણાય છે તે સાંભળ.[૭૫] પુન્ નામના નરકમાંથી બચાવે તેથી પુત્ર કહેવાય છે, અને બાકી રહેલા પાપનો નાશ કરે છે તેથી શિષ્ય કહેવાય છે, એમ વેદની શ્રુતિ કહે છે.[૭૬] સનત્કુમાર બોલ્યાઃ—હે દેવ! એ પુન્ નામનું નરક કયું છે કે જેમાંથી પુત્ર બચાવે છે. તેમ જ શેષ પાપ શિષ્ય શી રીતે હરે છે, કે જેથી તે શિષ્ય કહેવાય છે.[૭૭] બ્રહ્મા બોલ્યાઃ—હે મહર્ષે! એ

યુગાંગયુક્ત પરમ પુરાણ ઉગ્ર, ભયહારી અને પુણ્યકારક છે. તે હું કહું છું સાંભળ. એથી પાપ માત્ર શમી જાય છે.[૭૮]

एतत्पुराणं परमं महर्षे योगांगयुक्तं च तथा सदैव ।
तथैव चोग्रं भयहारि पुण्यं वदामि ते शाम्यति येन पापम् ॥ ७८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવ'ને વિષે સાઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૧ મો.

મુરનો વધ.

ब्रह्मोवाच— परदाराभिगमनं पापिनामुपसेवनम् ।
पारुष्यं सर्वभूतानां प्रथमं नरकं मतम् ॥ १ ॥

બ્રહ્મા બોલ્યા:—પરસ્ત્રી ગમન કરવું, પાપીઓનો સહવાસ કરવો ર કઠોર વચન બોલવું એ સર્વ પ્રાણી માત્રનું પ્રથમ નરક છે.[૧] ફળની ચે કરવી, નકામું ભટકવું અને ઝાડ કાપવું એ બીજું નરક છે.[૨] વર્જિત પદાર્થ દાન લેવું, અવધ્યનો વધ કરવો અને સગાં સગામાં વિવાહ કરવો એ ત્રીજ નરક છે.[૩] સર્વ પ્રાણીઓને ત્રાસ આપવો, શંકરની વિભૂતિનો નાશ કરવે અને પોતાના ધર્મનો ત્યાગ કરવો એ ચોથું નરક છે.[૪] કોઇને મારી નાંખ મિત્રની સાથે કપટ કરવું અને એકલા મીઠા પદાર્થો ખાવા, એ પાંચમું ન છે.[૫] પત્ર ફળ વગેરેનું હરણ કરવું, કોઇને અટકાવી રાખવું, યોગનો નાશ કરવે જોડા ચોરી લેવા એ છઠ્ઠું નરક કહેવાય છે,[૬] મોહથી રાજાનો ભાગ લઈ લેવે રાજાની સ્ત્રીની સોબત કરવી અને રાજાનું અહિત કરવાનો પ્રયત્ન કરવો, સાતમું નરક છે.[૭] લોભીયાપણું, લોલુપતા, મેળવેલા ધર્મ તથા ધનનો ના કરવો અને પરસ્ત્રીના અધરનું પાન કરવું એ આઠમુ નરક છે.[૮] બ્રાહ્મણ બીજ વેદ ભણાવે તે સાંભળીને વેદ ગ્રહણ કરી લેવો, બ્રાહ્મણોની નિંદા કરવી અ બંધુઓની સાથે વિરોધ કરવો એ નવમું નરક છે.[૯] શિષ્ટાચારનો નાશ કરવે શિષ્ટ પુરુષોનો દ્વેષ કરવો, બાળકની હત્યા કરવી અને શાસ્ત્રની તથા ધર્મ ચોરી કરવી એ દશમું નરક છે.[૧૦] છ અંગ યુક્ત વેદનો નાશ કરવો અર્થ વેદાધ્યયન ન કરવું, છ ગુણયુક્ત રાજનીતિનો અટકાવ કરવો, એ અગિયાર નરક છે, એમ સારા માણસોએ કહેલું છે.[૧૧] સજ્જનોની નિંદા કરવી, હમેશ ચોરવૃત્તિ, અસત્ ક્રિયા અને સંસ્કારનો ત્યાગ એ બારમું નરક છે.[૧૨] ધર્મ અર્થ અને કામની હાનિ કરવી, મોક્ષનું સાધન ન કરવું અને જ્ઞાનનો ના

---

* શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ એ વેદનાં છ અંગ. સંધિ વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય એ રાજનીતિના છ ગુણ.

કરવો એ તેરમું નરક કહેવાય છે.[૧૩] ધર્મહીન, ક્ષપણુ, જે વર્જ્ય છે તે અને અગ્નિ મૂકવો તે, એ ઘણું જ નિંદ્ય ચૌદમુ નરક છે.[૧૪] અજ્ઞાન, અદેખાપણુ અશૌચ, અશુભકારક અને અસત્ય વચનો એ પંદરમુ નરક છે.[૧૫] આળસ ક્રોધ, ઘાતકપણું અને કોઈના ઘરમાં દેવતા મૂકવો એ સોળમું નરક છે.[૧૬] પરસ્ત્રીની ઇચ્છા, શાસ્ત્રને વિષે ઇર્ષ્યા, ઉદ્ધતપણું, એ ઘણું જ નિંદ્ય નરક કહેવાય છે.[૧૭] એ બધાં પુન્નામાદિ પાપોથી યુક્ત જે માણુસ હોય, તેણે સતતિ વડે જગત્પતિ ભગવાનને પ્રસન્ન કરવા.[૧૮] શુભસતતિથી પ્રસન્ન થયેલા તે પુરુષે અચ્યુત ભગવાનનું ધ્યાન કરવું, એટલે તે ભગવાન્ પુન્નામના ઘોર નરકથી સર્વ રીતે તેને બચાવે છે.[૧૯] એ કારણથી પુત્ર નામ પડ્યું છે. હવે શેષ પાપનું લક્ષણ કહું છું.[૨૦] દેવ, ઋષિ, ભૂત, અનુજ અને પિતૃઓને દાન કરવું જોઇએ તે દાન ન કરવું, પરધનમાં લાલચ, સર્વ વર્ણોની એકતા,[૨૧] ઓંકારમાં નિવૃત્તિ એ પાપકર્તા ગણાય છે. ગુરુની સાથે વાદ કરવો અને પરદાર ગમન કરવું એ મહાપાપ છે.[૨૨] ઘી વેચવું અને ચાંડાલાદિનું દાન લેવું, એ ઘોર પાપ છે પોતાના દોષ ઢાંકવા અને પારકા દોષ ઉઘાડા પાડવા, મત્સર કરવો, દુષ્ટ વાણી બોલવી, નિષ્ઠુરતા, ટોકિત્વ (જેનું નામ લેવાથી અથવા જેની સાથે બોલવાથી પાપ લાગે તે—એવું હોવાપણું), તાલ વગાડવો, એ સર્વનું નામ લેવામાં પણ અધર્મ રહેલો છે.[૨૩–૨૪] નિર્દયપણું, અને અધર્મીપણું એ નરક પ્રાપ્ત કરાવનાર છે એ સર્વ પાપોથી યુક્ત જે માણુસ હોય, તે જો સર્વ જ્ઞાનના ભંડાર શ્રી શંકર ભગવાનને પ્રસન્ન કરે તો તે પાપો શારીરિક, વાચિક અને માનસિક હોય અને ગમે તેટલાં હોય તોપણ તે નાશ પામે છે.[૨૫–૨૬] હે ધર્મનંદન! માબાપ આશ્રિત માણુસ, ભાઈ અને બાંધવ એ સઘળાંએ આ જન્મમાં અને પૂર્વ જન્મમાં જે પાપ કરેલાં હોય, તે સર્વ જેથી નાશ પામે એ જ પુત્રનો અને શિષ્યનો ધર્મ છે. એથી વિપરીત થાય તો તે પુત્ર અને શિષ્ય વિપરીત એટલે કુપુત્ર અને કુશિષ્ય કહેવાય છે.[૨૭–૨૮] માટે ડાહ્યા માણુસે પુત્ર અને શિષ્ય ઉત્પન્ન કરવા જોઇએ અને એટલા માટે જ શિષ્ય કરતાં પુત્ર શ્રેષ્ઠ ગણાય છે.[૨૯]

પુલસ્ત્ય બોલ્યા;—પિતામહનાં વચન સાંભળીને તપોધન સનત્કુમાર બોલ્યા કે, હે દેવ! સત્ય કહું છું, કે હું આપનો પુત્ર છું. આપ મને યોગનો ઉપદેશ આપો.[૩૦] મહાયોગી બ્રહ્માજીએ તેને કહ્યું કે, તારા માતા પિતા જો તને મને આપે તો હે પુત્ર! હું તને યોગ આપું, કેમકે ત્યારે તું મારો દાયાદ (વારસ) થઇશ.[૩૧] સનત્કુમાર બોલ્યા કે તમે જે દાયાદની કલ્પના કહી, તેનો અર્થ શો તે મને કહો.[૩૨] ભગવાન્ પિતામહ સનત્કુમારનાં એ વચન સાંભળીને હસીને બોલ્યા કે, હે વત્સ! સાંભળ.[૩૩] ઔરસ, ક્ષેત્રજ, દત્ત, કૃત્રિમ, ગૂઢોત્પન્ન અને અપવિદ્ધ એ છ પ્રકારના બાંધવો કહેવાય છે.[૩૪] આ છ પ્રકારના પુત્રોમાં ઋણ પિંડ અને ધનની ક્રિયા, ગોત્રની સમાનતા (સગોત્રપણું), કુલાચાર અને પરાપૂર્વની

કુલની પ્રતિષ્ઠા એ સૌ સરખી રીતે રહેલું છે.[૩૫] વળી કાનીન, સહોઢ, ક્રીત, પૌનર્ભવ, સ્વયંદત્ત અને પારશવ એ ૭ પ્રકારના પુત્ર કહેવાય છે.[૩૬] એમનામાં ઋણ તથા પિંડાદિની વાર્તા નથી, પણ ગોત્ર અથવા કુળનું નામ ધારણ કરવું તે સંમત છે.[૩૭] પછી સનત્કુમાર પિતામહ બ્રહ્માજીનાં એ વચન સાંભળીને તેમને પૂછવા લાગ્યા કે, 'હે બ્રહ્મન્! એ પુત્રોની વિશેષ હકીકત આપ મને કહો.'[૩૮] બ્રહ્માજી બોલ્યા;–હે પુત્ર ! સાંભળ, પોતાનાથી જ પોતાની પ્રતિબિંબ જેવો જે પુત્ર ઉત્પન્ન થાય, તે ઔરસ પુત્ર કહેવાય છે.[૩૯] પોતાનો પુત્ર નપુંસક, ગાંડો અથવા વ્યસની હોય, તે વખતે પતિની આજ્ઞાથી અનાતુર છતાં જે સ્ત્રી પરપુરુષથી પુત્ર ઉત્પન્ન કરે, તે પુત્ર ક્ષેત્રજ કહેવાય છે.[૪૦] જે પુત્ર તેનાં માતાપિતાએ આપ્યો હોય તે દત્ત પુત્ર કહેવાય છે. મિત્ર મિત્રને પોતાનો પુત્ર આપે તે કૃત્રિમ પુત્ર કહેવાય છે.[૪૧] પુત્ર કોનાથી ઉત્પન્ન થયો છે, તેની ખબર ન હોય ત્યારે તે ગૂઢ પુત્ર કહેવાય છે. બહારથી પોતે આણેલો પુત્ર હોય, તે અપવિદ્ધ પુત્ર કહેવાય છે.[૪૨] કન્યાવસ્થામાં ઉત્પન્ન થયેલો પુત્ર કાનીન કહેવાય છે. સગર્ભાવસ્થામાં જેના વિવાહ થયા હોય ને પછી તે પુત્ર ઉત્પન્ન થાય તે સહોઢજ પુત્ર કહેવાય છે. વેચાતો લીધેલો પુત્ર ક્રીત કહેવાય છે.[૪૩] જે કન્યા એકની સાથે પરણાવ્યા પછી ફરી પાછી બીજાની સાથે પરણાવેલી હોય, તે પુનર્ભવા કહેવાય છે અને તેનાથી ઉત્પન્ન થયેલા પુત્રને પૌનર્ભવ કહે છે.[૪૪] દુકાળ અથવા વિપત્તિ વગેરે કારણોને લીધે જે પોતાની જાતે બીજાને ત્યાં વેચાય, તે સ્વયંદત્ત પુત્ર કહેવાય છે.[૪૫] વિવાહિતા અગર અવિવાહિતા શૂદ્ર સ્ત્રીમાં બ્રાહ્મણથી જે પુત્ર ઉત્પન્ન થાય, તે પારશવ પુત્ર કહેવાય છે.[૪૬] એ કારણથી કોઈ પણ પુત્ર પોતાની મેળે બીજાનો દત્ત થવાને યોગ્ય નથી. માટે જલદી જા અને તારાં માતાપિતાને બોલાવી લાવ.[૪૭] બ્રહ્માજીનું વચન સાંભળીને પછી તેણે પોતાનાં માતા પિતાનું સ્મરણ કર્યું એટલે તે આવ્યાં.[૪૮] તેમણે આવી બ્રહ્માજીને પ્રણામ કર્યા અને કહ્યું કે હે દેવ! આજ્ઞા આપો. પછી તે આસન ઉપર બેઠાં, એટલે સનત્કુમારે તેમને કહ્યું:—હે તાત! પિતામહ પાસે યોગ જાણવાની જિજ્ઞાસા દેખાડી, પણ તેમણે મને પુત્ર થવાની ઇચ્છા દેખાડી, માટે આપ મને બ્રહ્માજીને દત્ત આપો.[૪૯–૫૦] પુત્રે એ પ્રમાણે કહ્યું એટલે તેમણે યોગાચાર્ય બ્રહ્માજીને કહ્યું કે, હે બ્રહ્મન્! પ્રભો! આ જે અમારો પુત્ર છે, તે આજથી તમારો પુત્ર થશે. એ પ્રમાણે કહીને તેઓ સ્વર્ગમાં ચાલ્યાં ગયાં.[૫૧–૫૨] પિતામહ બ્રહ્માજીએ તે વિનયી સાધ્ય પુત્ર સનત્કુમારને દ્વાદશ પત્રવાળા યોગનો ઉપદેશ આપ્યો.[૫૩] એના શિખાસ્થાનને વિષે ૐકાર અને મસ્તકને વિષે મેષ રહેલો છે. વૈશાખ માસ એનું પ્રથમ પત્ર છે.[૫૪] મુખસ્થાનને વિષે નકાર તથા વૃષભ રાશિ છે. જ્યેષ્ઠ માસ એ એનું દ્વિતીય પત્ર છે.[૫૫] બંને ભુજને વિષે મોકાર તથા મિથુન રાશિ છે અને આષાઢ માસ એ એનું ત્રીજું પત્ર પ્રખ્યાત છે.[૫૬] બંને નેત્રોને વિષે ભકાર તથા

કર્કટક રાશિ છે અને શ્રાવણ માસ એ એનું ચોથું પત્ર છે.[૫૭] હૃદયને વિષે ગકાર રહેલો છે અને ત્યાં સિંહ રાશિ છે તથા ભાદ્રપદ માસ એ એનું પાંચમુ પત્ર છે.[૫૮] વકારને કવચ જાણવું અને ત્યાં કૃત્યા (કન્યા) રહેલી છે. આશ્વિન માસ એ એનું છઠ્ઠો પત્ર ગણાય છે.[૫૯] તેકાર મનઃસ્થાનને વિષે રહે છે અને ત્યાં તુલારાશિ છે. કાર્તિક માસ નામે એનું સાતમુ પત્ર છે.[૬૦] નાભિસ્થાનને વિષે બકાર અને વૃશ્ચિક રાશિ છે અને માર્ગશીર્ષ માસ એ એનું આઠમું પત્ર છે.[૬૧] સુકાર જંઘા કહેવાય છે, ત્યાં ધનુર્ધર (ધનરાશિ) રહેલો છે અને પૌષ માસ એ એનું નવમું પત્ર ગણાય છે.[૬૨] બંને પગોને સ્થાને દેકાર અને મકર રાશિ છે અને વિખ્યાત માઘ માસ તેનું દશમું પત્ર છે.[૬૩] બંને ઘુંટણને સ્થાને વાકાર છે અને ત્યાં કુંભરાશિ રહેલો છે. ફાલ્ગુન માસ એ એનું અગિઆરમું પત્ર છે.[૬૪] હે મુને! બંને પાદ તે યકાર છે અને ત્યાં મીનરાશિ છે; ચૈત્ર માસ એ તેનું બારમુ પત્ર છે. એ પ્રમાણે કેશવ ભગવાનનાં દ્વાદશ પત્ર કહેલાં છે.[૬૫] એનાં બાર ચક્ર તથા બાર નાભિ છે. એવા એ ભગવાન્ ત્રિવ્યૂહ તથા એક મૂર્તિ છે.[૬૬] એ પ્રમાણે દ્વાદશ પત્રવાળું ભગવાનનું જે રૂપ કહેલું છે, તે જાણવાથી, હે મુનિશ્રેષ્ઠ! ફરીથી મરણ પ્રાપ્ત થતું નથી (અમર થવાય છે).[૬૭] બીજું રૂપ સત્વાદિ, ચતુર્વર્ણ, ચતુર્મુખ, ચતુર્બાહુ, ઉદારાંગ, શ્રીવત્સધર અને અવ્યય છે.[૬૮] ત્રીજી શેષ મૂર્તિ જે તાપસ છે, તે સહસ્રરૂપે સહસ્ર મુખયુક્ત, શ્રીમાન્ અને પ્રજાનો પ્રલય કરનારી છે.[૬૯] ચોથું રજોગુણી સ્વરૂપ છે, જેનો વર્ણ લાલ છે, જે ચતુર્મુખ, દ્વિભુજ, વનમાળા ધારણ કરનાર અને સૃષ્ટિકર્તા આદિ પુરુષ છે.[૭૦] હે મહામુને! એ ત્રણે વ્યક્ત મૂર્તિઓ અવ્યક્તથી ઉત્પન્ન થઈ છે અને તેનાથી મરીચિ વગેરે બીજા હજારો ઉત્પન્ન થયા છે.[૭૧] હે મુનિ-વર્ય! એ પ્રમાણે મેં તમને મતિ અને પુષ્ટિને વધારનારું વિષ્ણુનું પુરાણ સ્વરૂપ કહ્યું. એ ચતુર્ભુજ સ્વરૂપપાસે કૃતાન્ત (યમરાજ)ના વચનથી દુરાત્મા મુર રાક્ષસ ફરીથી આવ્યો.[૭૨] ભગવાન્ મધુસૂદન તેને આવતો જોઈ કહેવા લાગ્યા કે, 'હે અસુર! તું શા કારણથી અહીં આવ્યો છે?' તેણે કહ્યું કે; 'હું આપની સાથે યુદ્ધ કરવાને માટે આવ્યો છું.' તે ઉપરથી ભગવાને તેને કહ્યું કે, 'જો તું યુદ્ધ કરવા જ આવ્યો છે તો તારું હૃદય તાવથી પીડાતા મનુષ્યની માફક શામાટે વારંવાર ધ્રુજે છે? તું બીકણ જણાય છે, માટે તારી સાથે હું યુદ્ધ કરીશ નહિ.'[૭૩-૭૪] મધુસૂદન ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે મુરે છાતી ઉપર હાથ મૂકી જોયો. પછી "ક્યાં, કોનું, ક્યારે" એમ કહેતાંની સાથે જ બુદ્ધિભ્રષ્ટ થઇને મુર જમીન ઉપર પડ્યો.[૭૫] પછી ભગવાને ધીમે રહીને લાઘવતાથી તેના હૃદયકમળ ઉપર ચક્ર મારીને તેને છેદી નાંખ્યું, એટલે સઘળા દેવો દુઃખથી મુક્ત થયા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૭૬] તીક્ષ્ણ ધારવાળા ચક્રને હાથમાં ધારણ કરનાર

વિષ્ણુ ભગવાને એ પ્રમાણે યુક્તિથી મુર દૈત્યનો નાશ કર્યો, તે કથા મેં તને કહી. એ કારણથી જ નૃસિંહ ભગવાન્ મુરારિ નામથી પ્રસિદ્ધ છે.[૭૭]

एतत्तवोक्तं सुरदैत्यनाशनं कृतं हि युक्त्या शितचक्रपाणिना ॥
अतः प्रसिद्धिं समुपाजगाम मुरारित्येव विभुर्नृसिंहः ॥ ७७ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવ'ને વિષે એકસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૨ મો.

વિષ્ણુ ભગવાનના હૃદયમાં શંકરનું દર્શન.

पुलस्त्य उवाच—ततो मुरारिभुवनं समभ्येत्य सुरास्ततः ॥
ऊचुर्वेदं नमस्कृत्य जगत्संक्षोभकारणम् ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યા:—ત્યારપછી દેવતાઓ મુરારિના ભુવનમાં આવી વેદને નમસ્કાર કરી જગતના ક્ષોભનું કારણ પૂછવા લાગ્યા.[૧] તે સાંભળી ભગવાને કહ્યું કે, 'ચાલો, આપણે શંકર ભગવાનના મંદિરે જઇએ; તે મહા જ્ઞાની ચરાચર જગતના ક્ષોભનું કારણ જાણતા હશે.'[૨] વાસુદેવ ભગવાને એ પ્રમાણે કહ્યું, એટલે ઇંદ્રાદિ દેવો જનાર્દનને આગળ કરી મંદરાચળ પર્વતને વિષે ગયા; પણ તેમણે ત્યાં મહાદેવને, પાર્વતીને કે નંદીને કોઇને જોયા નહિ.[૩] અજ્ઞાનાન્ધકારથી ઘેરાયલા તેઓએ ગિરિને શૂન્ય જેવો દીઠો. એ પ્રમાણે દેવોને મૂઢદૃષ્ટિવાળા જોઇને મહાતેજવાળા શ્રી વિષ્ણુ ભગવાન્ બોલ્યા;—'આ સમે જ મહેશ ભગવાન્ ઉભેલા છે, તેમને તમે કેમ જોઈ શકતા નથી?' દેવોએ કહ્યું કે, 'અમે તો એ ગિરિજાપતિ ભગવાનને જોઇ શકતા નથી.[૪-૫] અમારી દૃષ્ટિ શા કારણથી નાશ પામી, તે અમે જાણી શકતા નથી.'

જગન્મૂર્તિ વિષ્ણુ ભગવાને કહ્યું કે, 'તમે એ દેવના અપરાધી છો.[૬] તમે સ્વાર્થતત્પર થઇને મૃડાનીના—પાર્વતીના ગર્ભની હત્યા કરી છે, તેથી મહાદેવ શૂલપાણિએ તમારું જ્ઞાન અને વિવેક નષ્ટ કર્યાં છે.[૭] જેથી કરીને દેખતાં છતાં તમે નજર આગળ ઉભેલા શંકરને જોઈ શકતા નથી. તેથી કાયાની શુદ્ધિ થવા અને દેવદૃષ્ટિ પ્રાપ્ત થવાને આદરથી તમે કૃચ્છ્રવ્રત કરી પવિત્ર થઈ શંકરનું ધ્યાન કરો. પ્રથમ સો ઘડા ભરી શંકરને દૂધથી સ્નાન કરાવો.[૮-૯] પછી ચોસઠ ઘડા દધિસ્નાન, બત્રીશ ઘડા ઘૃતસ્નાન અને સોળ ઘડા શુદ્ધ પંચગવ્યથી સ્નાન કરાવો.[૧૦] આઠ ઘડા મધુસ્નાન અને સોળ ઘડા જળસ્નાન કરાવો. હે દેવો ! પછી એકસો આઠવાર ગોરોચનથી, કુંકુમથી અને ચંદનથી ભક્તિપૂર્વક શંકરને લેપન કરો. બિલ્વપત્ર, કમળ, કપુર, અગર, ચંદન, મંદાર, પારિજાત તથા અતિમુક્તનાં પુષ્પોથી તેમનું પૂજન કરો અને અગર સહિત ગુગળ તથા ચંદનનો ધૂપ દો.[૧૧-૧૩]

ઋગ્વેદોક્ત પદક્રમ સહિત એકસો રુદ્રીનો જપ કરો. એમ કરવાથી દેવેશ્વર શંકર ભગવાનને જોઈ શકશો. બીજી રીતે નહિ.'[૧૪] એ પ્રમાણે વાસુદેવ ભગવાને કહ્યું, એટલે સઘળા દેવો તેમને પૂછવા લાગ્યા કે, 'હે ભગવન્! હે મધુસૂદન! તપ્તકૃચ્છ્ર વ્રતનું વિધાન અમને કહો. જે કરવાથી અમારી હંમેશનેમાટે કાયા શુદ્ધ થાય.'[૧૫]

વાસુદેવ બોલ્યાઃ—હે દેવો! ત્રણ દિવસ સુધી ફક્ત ઉનું પાણી પીને રહેવું, ત્રણ દિવસ સુધી ઉનું દૂધ પીને રહેવું, ત્રણ દિવસ સુધી ઉનું ઘી પીને રહેવું અને ત્રણ દિવસ સુધી એકલો વાયુ ભક્ષીને રહેવું.[૧૬] પાણી બાર પલ લેવું, દૂધ આઠ પલ લેવું અને ઘી છ પલ લેવું. એ પ્રમાણે રોજ પીવું જોઇએ.[૧૭] પુલસ્ત્ય બોલ્યાઃ—એ પ્રમાણે કહેવાથી ઇંદ્રાદિ દેવો કાયાની વિશુદ્ધિને માટે તપ્તકૃચ્છ્ર વ્રત કરવા લાગ્યા.[૧૮] વ્રત સમાપ્ત થતાં દેવો પાપથી મુક્ત થયા. પાપમુક્ત થઈ તેઓ વાસુદેવ ભગવાનને પૂછવા લાગ્યા,[૧૯] 'હે જગન્નાથ! હે કેશવ! શંભુ ભગવાન્ ક્યાં છે, તે અમને બતાવો. અમે દૂધ વગેરેથી વિધિપૂર્વક તેમનો અભિષેક કરીએ.'[૨૦] વિષ્ણુ ભગવાને દેવોને કહ્યું કે, 'મહાદેવજી યોગબળથી મારા દેહમાં વિરાજમાન છે, તે આ રહ્યા. તમે તેમને કેમ જોઈ શકતા નથી?'[૨૧] દેવોએ તેમને કહ્યું કે,'ખરેખર અમે સ્વતઃ ત્રિપુરાન્તક ભગવાનને જોઈ શકતા નથી. હે સુરેશાન! સત્ય કહો કે, એ મહેશાન ક્યાં રહેલા છે?'[૨૨] પછી અવ્યયાત્મા મુરારિ શ્રીહરિ ભગવાને પોતાના હૃદયકમળને વિષે બિરાજમાન શંકરના લિંગનાં દેવોને દર્શન કરાવ્યાં.[૨૩] એટલે દેવોએ ક્રમાનુસાર દૂધ વગેરે ઉત્તમ પદાર્થોથી અવ્યયવ, અચલ અને શાશ્વત એવા શંકરના લિંગને સ્નાન કરાવ્યું.[૨૪] સુગંધી ચંદન તથા ગોરોચનથી વિલેપન કર્યું ને બીલીપત્ર તથા કમળપુષ્પ ચઢાવી પૂજન કર્યું.[૨૫] પછી અગરનો ધૂપ કરીને ભક્તિપૂર્વક પરમ ઔષધિઓનું નૈવેદ્ય કર્યું અને અષ્ટોત્તર શત નામનો જપ કરી શંકરને પ્રણામ કર્યાં.[૨૬]

નારદજી પૂછવા લાગ્યાઃ—એ પ્રમાણે દેવો ચિંતન કરતા હતા, તે વખત સત્ત્વગુણ અને તમોગુણ એમ બે વિરુદ્ધ ગુણવાળા શ્રીહરિ અને હર એકરૂપે શી રીતે થયા?[૨૭] પુલસ્ત્યજી બોલ્યાઃ-દેવતાઓને ચિંતન કરતા જોઇને વિભૂ ભગવાન્ વિશ્વમૂર્ત્તિ થયા હતા. તે સર્વ લક્ષણયુક્ત, સર્વ આયુધ ધારણ કરનાર અને અવ્યય હતા.[૨૮] એમને અઢી (૨ાા) નેત્ર હતાં, સુવર્ણ અને સર્પનાં કુંડળ કાનમાં ધારણ કર્યાં હતાં. જટા તથા વાંકડીયા વાળ હતા ને ગરુડ તથા વૃષભની ધ્વજાવાળા હતા. હાર અને ભુજંગનાં આભૂષણ ધારણ કર્યાં હતાં, કટીપ્રદેશ ઉપર પીતાંબર અને ગજચર્મ બાંધેલું હતું.[૨૯] હાથમાં ચક્ર, તલવાર, હળ, શાર્ઙ્ગ પિનાક, ત્રિશૂળ અને આજગવ ધારણ કર્યાં હતાં. હે મહર્ષે! એ માધવયુક્ત હરસ્વરૂપ દેવ, કપર્દ, ખટ્વાંગ, કપાલ, ઘંટા અને શંખનો ધ્વનિ કર્યા કરતા હતા?[૩૦] એ હરિહર રૂપને જોઇને બ્રહ્માજી સહિત દેવોએ એકચિત્ત

થઈ, "હે દેવ! તમે અવ્યય અને સર્વ વ્યાપક છો" એમ કહી પ્રણામ કર્યો.૩૧ એ રીતે દેવોને એકચિત્ત થયેલા જોઈ, દેવપતિ શ્રીહરિ ભગવાન્ તે સૌને લઇને કુરુક્ષેત્રને વિષે પોતાના આશ્રમે ગયા.૩૨ ત્યાં તેમણે જળમાં રહેલા સ્થાણુ-રૂપ શ્રી મહાદેવને જોયા અને નમઃ સ્થાણવે એમ કહી તેમને પ્રણામ કરી બધા દેવો ત્યાં બેઠા.૩૩ પછી સુરપતિ બ્રહ્માજી બોલ્યાઃ—હે દેવ! આવો, અમને વરદાન આપો. હે જગન્નાથ! હે અતિથિપ્રિય! આ આખું જગત ક્ષુબ્ધ થઈ ગયું છે, માટે જળમાંથી બહાર નીકળો.૩૪ ભગવાન્ વૃષભધ્વજે તે મધુર વાણી સાંભળી. એટલે તે સર્વવ્યાપી નિરંજન વેગથી ઉઠી ઉભા થયા૩૫ અને હસતા હસતા "દેવ તથા દેવોને નમસ્કાર" એમ કહીને સામા આવ્યા. તેમને આવતા જોઇને ઇંદ્ર વગેરે દેવો વિનયપૂર્વક પ્રણામ કરતા તેમની સામે ગયા.૩૬

સઘળા દેવોએ તેમને કહ્યું કે, 'હે શંકર! શીઘ્રતાથી આ વ્રતનો ત્યાગ કરો. તમારા તેજથી ત્રણે લોક ખળભળી ઉઠયા છે.'૩૭ મહાદેવે કહ્યું કે, 'જાઓ, મેં આજથી વ્રત છોડી દીધું.' એ સાંભળી દેવો ખુશ થતા થતા સ્વર્ગમાં ચાલ્યા ગયા.૩૮ હે મહામુને! તે સમયે સપ્તદ્વીપ તથા સપ્ત સમુદ્ર સહિત પૃથ્વી કંપાયમાન થવા લાગી. તે જોઇને રુદ્ર વિચાર કરવા લાગ્યા કે, 'પૃથ્વી શા કારણથી કંપવા લાગી?'૩૯ એમ વિચાર કરી શંકર કુરુક્ષેત્રની ચારે તરફ નિકળ્યા તો ઓઘવતી તીરે તપોનિધિ ઉશનસ્‌ને તેમણે જોયા.૪૦ સુરપતિ મહાદેવે તેમને પૂછ્યું કે, 'હે વિપ્ર! જગતને ક્ષોભ કરે એવું તપ તમે શા માટે તપો છો? તે મને કહો.'૪૧ ઉશનસ્ બોલ્યાઃ—તમારા આરાધનને માટે હું આ મહાતપ તપું છું. 'હે ત્રિલોચન! હું તમારી પાસેથી સંજીવની વિદ્યાની ઇચ્છા રાખું છું.'૪૨ શંકર બોલ્યાઃ–હે તપોધન! સારી રીતે તપેલા તમારા તપથી હું પ્રસન્ન થયો છું, તેથી તમને સંજીવિની વિદ્યાનું જ્ઞાન અવશ્ય મળશે જ.'૪૩ એ પ્રમાણે વરદાન પામી શુક્ર ત્યાંથી સ્વસ્થાને ગયા, તો પણ પૃથ્વી સાગર તથા સમુદ્રો સહિત કંપવા લાગી.૪૪ તેથી ફરી પાછા મહાદેવ, પવિત્ર સપ્તસારસ્વત તીર્થને વિષે ગયા. ત્યાં તેમણે મંકણ નામના ઋષિને નૃત્ય કરતા જોયા. ૪૫ તે બાળકની પેઠે હાથ લાંબા કરી કરીને હાવભાવપૂર્વક વેગથી નાચતા હતા. તેમના ધબકારાથી પર્વતો સાથે પૃથ્વી ડોલતી હતી.૪૬ તેમની પાસે આવી શંકરે તેમના હાથ પકડી હસીને કહ્યું, 'હે મહર્ષે! શા વિચારથી તથા શા કારણને માટે તમે આવું નૃત્ય કરો છો? શા કારણથી તમને આટલો બધો હર્ષ થયો છે કે જેથી નાચવા લાગ્યા?'૪૭

મંકણ ઋષિ બોલ્યા;—હે દેવ! જે કારણથી મને હર્ષ થયો છે તે સાંભળો. મને તપ કરતાં કરતાં કાય શોધનને માટે બહુ વર્ષ વીતી ગયાં.૪૮ છેવટે મારા હાથમાં ક્ષત થવાથી શાક રસ નિકળતો મેં જોયો. તે જોઇને મને ઘણો હર્ષ થયો ને તેથી હું નૃત્ય કરવા લાગ્યો.૪૯ શંકરે તેમને કહ્યું કે, 'હે દ્વિજ! તાડન કરવાથી મારા હાથમાંથી શુકલવર્ણની ભસ્મ નીકળવા લાગી, તોપણ મને તેનો

કશો હર્ષ થતો નથી; તો તમને કેમ એટલો બધો હર્ષ થયો? ખરેખર, તમે મત્ત જ થઈ ગયા છો.'[૫૦] એ સાંભળી નૃત્ય છોડી દઈ મંકણુ ઋષિએ વિનમ્ર થઈ શંકરને પ્રણામ કર્યા.[૫૧] શંભુ ભગવાને તેમને કહ્યું કે, 'હે દ્વિજ! તમે દુર્ગમ એવા બ્રહ્મલોકમાં જાઓ. આ શ્રેષ્ઠ પૃથૂદક નામે તીર્થ પૃથ્વીમાં મહાફળદાયક થશે.[૫૨] સુર, અસુર, ગંધર્વ, વિદ્યાધર અને કિન્નરોનો અહિ નિવાસ રહેશે. હંમેશાં નિધાનરૂપ, પાપહારી એ સારસ્વત તીર્થ સર્વ તીર્થોમાં અગ્ર ગણાશે.[૫૩] સુપ્રભા, કાંચનાક્ષી, સુવેણુ, વિમલોદકા, મહોદરા, ઓઘવતી, વિશાલા અને સરસ્વતી[૫૪] એ સાત સરસ્વતીઓ અહીં સર્વદા નિવાસ કરશે અને એ બધી સોમપાનનું ફળ આપશે તથા પુણ્યદાયિની થશે.[૫૫] આપ પણ આ કુરુક્ષેત્રને વિષે મોટી મૂર્તિનું સ્થાપન કરી દુર્ગમ એવા બ્રહ્મલોકમાં પધારો.'[૫૬] શંકરે એ પ્રમાણે કહેવાથી હે તપોધન! તે ઋષિ કુરુક્ષેત્રમાં મૂર્તિનું સ્થાપન કરી બ્રહ્મલોકને વિષે ગયા.[૫૭] મંકણુ ઋષિ ગયા પછી પૃથ્વી સ્થિર થઈ અને મહાદેવજી પણ પોતાના સ્થાન પવિત્ર મંદરાચળને વિષે જઇને એકાંતમાં રહ્યા.[૫૮] હે દ્વિજ! એ પ્રમાણે શંકર તપસ્યા કરવા ગયા હતા, તે વખતે મંદરાચળને શૂન્ય જોઇને દેવી પાર્વતીને જોવા અંધક ત્યાં ગયો હતો, તે કથા મેં તમારી આગળ કહી.[૫૯]

एवं तवोक्तं द्विज शंकरस्तु गतस्तदासीत्तपसस्तु शैले ॥
शून्येऽभ्ययाद्द्रष्टुमतिर्हि देव्या स योजितो येन हि कारणेन ॥ ५९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવ'ને વિષે બાસઠમો
અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૩ મો.

દંડ રાજાનું ઉપાખ્યાન.

नारद उवाच—गतोंधकस्तु पाताले [illegible] दानवः ॥
शंकरो मंदरस्थोपि यच्चकार तदुच्यताम् ॥ १ ॥

નારદજીએ પૂછ્યું:—અંધક દાનવ પાતાલમાં જઇને શું કરવા લાગ્યો અને શંકર મંદરાચળ ઉપર જઇને શું કરવા લાગ્યા તે મને કહો.[૧] પુલસ્ત્ય બોલ્યા:—હે બ્રહ્મન્! પાતાળમાં જઇને અંધક મદનાગ્નિથી બહુ પીડાવા લાગ્યો. આખા શરીરે બળ્યો બળ્યો થઇને તે બધા દાનવોને કહેવા લાગ્યો.[૨] 'તે જ મારો મિત્ર, તે જ મારો બંધુ, તે જ મારો ભ્રાતા અને તે જ મારો પિતા, કે જે જઇને તે અદ્રિસુતા પાર્વતીને મારી પાસે શીઘ્ર લઈ આવે.'[૩] મદનાતુર અંધકે એ પ્રમાણે કહ્યું, એટલે તે સાંભળીને મેઘના જેવી ગંભીર વાણીથી પ્રહ્લાદજી તેને કહેવા લાગ્યા;[૪] 'હે વીર! એ જે ગિરિસુતા છે, તે તારી ધર્મની માતા છે અને દેવ ત્રિનયન તારા ધર્મના પિતા છે, તેનું કારણ સાંભળ.[૫] નિત્યધર્માચરણ કરનાર તારો પિતા અપુત્ર હતો. તેણે પુત્રપ્રાપ્તિને માટે પહેલાં શંકરની આરાધના કરી

હતી.[૬] મહાદેવજીએ સંતુષ્ટ થઈ પુત્રની કામનાવાળા તારા પિતાને અંધક દાનવ આપ્યો, તે જ તું. તે આપીને શંકરે તેને કહ્યું,[૭] 'હે હિરણ્યાક્ષ ! હું યોગસ્થિતિમાં હતો, તે વખતે ગિરિજાએ વિનોદમાં મારાં ત્રણે નેત્રો ઢાંકી દીધાં, તેથી મહાઅંધકાર થઈ રહ્યો.[૮] એ અંધકારમાંથી નીલવર્ણનો ઘનસ્વન એક ભૂત પ્રકટ થયો, તે આ; તેને હે દૈત્ય ! તું ગ્રહણ કર. એ તારે ઉપયોગી પુત્ર છે.[૯] જ્યારે એ લોકનો દ્વેષ કરનાર કર્મ કરશે, અથવા અધમ થઇને ત્રૈલોક્ય જનની ગિરિજાની વાંછના કરશે, અથવા વિપ્રોનો ઘાત કરશે ત્યારે હું જાતે એનો નાશ કરીશ.'[૧૦–૧૧] એ પ્રમાણે કહી શંકર પોતાને સ્થાન મંદરાચળ ઉપર ગયા અને તારો પિતા તને લઇને રસાતળમાં આવ્યો.[૧૨] હે દાનવ ! એ કારણથી ગિરિજા તારી માતા થાય છે અને સર્વ જગતના ગુરુ શંકર તારા પિતા થાય છે.[૧૩] તું પણ તે જ પ્રમાણે શાસ્ત્રવેત્તા, અદ્ભુત ગુણોથી યુક્ત છે તેથી તારે આવા પાપસંકલ્પમાં મતિ ન કરવી જોઇએ.[૧૪] શંકર ત્રિલોકના પ્રભુ અવ્યક્ત અને સર્વને નમસ્કાર કરવા યોગ્ય છે તથા અજેય છે. હે અમરાર્દન ! આ તેની ભાર્યા તારે યોગ્ય નથી.[૧૫] વળી ઉત્તમ શૈલરાજસુતાને પ્રાપ્ત કરવાને તું શક્તિવાન્ નથી. ગણો સહિત રુદ્રને જિત્યા વગર તારો કામ દુર્લભ છે.[૧૬] કદાપિ કોઈ બે હાથે સમુદ્રને તરી જાય, સૂર્યને પૃથ્વી ઉપર પાડી નાંખે અને મેરુને ઉથલાવી નાંખે, તે શૂલપાણિને જિતી શકે.[૧૭] અથવા કોઈ બળવાન્ એ બધી ક્રિયા કરવાને શક્તિમાન્ થાય, તોપણ તે શંકરને જાણવા શક્તિમાન્ થઈ શકે નહિ, એ હું સત્ય જ કહું છું.[૧૮]

હે દૈત્ય ! તેં શું નથી સાંભળ્યું કે, દંડ નામના રાજાએ મૂઢ થઇને પરસ્ત્રીની કામના કરી, તેથી તેના આખા રાજ્ય સાથે તેનો નાશ થયો હતો.[૧૯] પુષ્કળ સૈન્ય અને વાહનવાળો દંડ નામે એક રાજા હતો. મહાતેજવાળા તેણે પુરોહિતપદપર શુક્રાચાર્યની યોજના કરી.[૨૦] શુક્રદ્વારા રક્ષિત થઈ તેણે અનેક પ્રકારના યજ્ઞ કર્યા. શુક્રને અરજા નામે એક પુત્રી હતી.[૨૧] શુક્રને એક દિવસ વૃષપર્વા અસુરને ત્યાં જવું પડયું. ત્યાં લાંબા વખત સુધી ભાર્ગવને રહેવું પડ્યું.[૨૨] હે મહાઅસુર ! સુંદર અંગવાળી અરજા ઘેર રહી અગ્નિની શુશ્રૂષા કર્યા કરતી હતી. તે સમયમાં એક વખત રાજા દંડ ત્યાં આવ્યો.[૨૩] તેણે આવીને પૂછ્યું કે, 'શુક્ર ક્યાં છે?' પરિચારકોએ તેને કહ્યું કે, 'ભગવાન્ શુક્રાચાર્ય દાનવરાજને ત્યાં યજ્ઞ કરાવવા ગયા છે.'[૨૪] રાજાએ પૂછ્યું કે, 'ભાર્ગવાશ્રમમાં આ કોણ સ્ત્રી રહેલી છે?' સેવકોએ કહ્યું કે, 'એ ગુરુપુત્રી અરજા છે.'[૨૫] એ શુક્રસુતાને જોવાને મહાબાહુ ઇક્ષ્વાકુનંદન દંડ રાજા આશ્રમમાં પેઠો અને અંદર જઈ અરજાને જોઈ.[૨૬] તેને જોઇને તે જ ક્ષણે, હે અંધક ! યમરાજથી પ્રેરાયલો તે રાજા દંડ કામાગ્નિથી બળવા લાગ્યો.[૨૭] તેણે પછી ત્યાંથી નોકર ચાકરને તથા શુક્રાચાર્યના શિષ્યોને બહાર કાઢી મૂકયા અને પોતે એકલો તે કન્યાની પાછળ ગયો.[૨૮] તેને આવતો જોઈ શુક્રકન્યાએ ઉઠી ઉભા થઈ પ્રસન્ન થઈ ભ્રાતૃભાવથી

તેની પૂજા કરી.૨૯ પછી રાજાએ તે કન્યાને કહ્યું કે, 'હે બાલે ! હું કામાગ્નિથી બળું છું. આલિંગનરૂપી પાણી છાંટીને મને ટાઢો કર.'૩૦

અરજાએ અસુર ભાવ પામેલા તે નરશ્રેષ્ઠને કહ્યું:–હે રાજા ! મારો પિતા મહાક્રોધી છે. દેવતાઓને પણ બાળી નાંખે એવો તે છે.૩૧ હે મૂઢબુદ્ધિ ! તું મારા આશ્રમમાં પોતાની મેળે આવ્યો છું. તું મારા પિતાનો શિષ્ય હોવાથી મારો ભાઈ છે અને હું તારી ધર્મની બેન છું.૩૨ રાજા બોલ્યો–હે ભીરુ! હે તનુમધ્યમે! શુક્ર તો મને કેટલાક કાળ પછી બાળશે, પણ કામ તો હાલ જ બાળે છે.૩૩ તે કન્યાએ રાજા દંડને કહ્યું:–એક ક્ષણવાર થોભ. તું ગુરુ શુક્રને જ વિનતિ કર. તે જાતે જ નિઃસંશય તને સારું દાન કરશે.૩૪ રાજા દંડે કહ્યું કે, 'હે તન્વંગી! મારાથી થોભી શકાય તેમ નથી. હે સુંદરી ! સારું કામ કરવામાં તો વિઘ્ન આવે જ છે.'૩૫ અરજાએ કહ્યું:—હે રાજા! હું મારી જાતે મારું દાન તને કરવા સમર્થ નથી; કેમકે સ્ત્રીઓ સ્વતંત્ર નથી.૩૬ હે નરાધિપ ! હું વધારે શું કહું? શુક્રના શાપથી નોકર, ચાકર અને સ્વજ્ઞાતિ બાંધવ સહિત તારો નાશ થશે, માટે તું અહીંથી ચાલ્યો જા.૩૭ રાજાએ કહ્યું:—હે સુતનુ ! પહેલાં સત્યયુગમાં ચિત્રાંગદાએ જે વર્તન કર્યું હતું, તે સાંભળ.૩૮ ચિત્રાંગદા નામે વિશ્વકર્માની એક પરમપવિત્ર સાધ્વી પુત્રી હતી. તે રૂપ યૌવનસંપન્ન કમળથી પણ અધિક સુંદર હતી.૩૯ તે કમળલોચના એક વખત સખીઓ સાથે મહા નિમિષારણ્યમાં સ્નાન કરવા ગઈ.૪૦ તે સ્નાન કરવા ઉતરી, તે વખત સુદેવનો પુત્ર બુદ્ધિમાન્ સુરથ નામે રાજા ત્યાં આવી ચઢ્યો.૪૧ ચિત્રાંગદાએ પોતાની સખીઓને કહ્યું કે, આ રાજકુંવર કામબાણથી ઘાયલ થયેલો જણાય છે.૪૨ એટલા માટે એ સુરૂપવાન્ પુરુષને મારે આત્મદાન કરવું યોગ્ય છે. સખીઓએ તેને કહ્યું કે, 'હે સુંદરિ ! તું હજુ અપ્રગલ્ભા અને બાળા છે.૪૩ હે અનઘે ! તું પરતત્ર છે. તારો પિતા મહાધર્મિષ્ઠ અને સર્વ શાસ્ત્ર વિશારદ છે.૪૪ અહીં તું પોતે એ રાજકુંવરને તારું દાન કરવાને યોગ્ય નથી.' એટલામાં તે પરમ પવિત્ર સત્યવાન્ રાજકુંવર ત્યાં આવી પહોંચ્યો; અને કહેવા લાગ્યો કે, "હું કંદર્પનાં શર વાગવાથી પીડિત થયેલો છું. હે મુગ્ધે!હે મદિરેક્ષણે! દૃષ્ટિમાત્રથી જ તેં મને મોહિત કરી નાંખેલો છે.૪૫–૪૬ તારા દૃષ્ટિશરરૂપી બાણથી કામદેવે મને ઘાયલ કર્યો છે, તેથી તું તારી કુચશય્યા ઉપર ઘડીવાર મને સુવાડ.૪૭ નહિ તો વારંવાર તારાં દર્શનથી કામદેવ મને બાળીને ભસ્મ કરી નાંખશે." પછી ચારુ સર્વાંગી રાજીવલોચના તે ચિત્રાંગદાએ, સખીઓએ વારવા છતાં તે રાજકુમારને પોતાના શરીરનું દાન કર્યું. એ પ્રમાણે પૂર્વે તે નાજુક સુંદરીએ તે રાજાનું રક્ષણ કર્યું હતું.૪૮–૪૯ તેટલા માટે તું પણ હે સુશ્રોણિ ! મારું રક્ષણ કરવાને યોગ્ય છે. અરજાએ દંડને કહ્યું કે, 'હે રાજા ! એ કન્યાનું આગળનું વૃત્તાન્ત તું જાણતો નથી, તેથી હું કહું છું. એ પ્રમાણે તે કન્યાએ રાજા સુરથને પોતાના શરીરનું દાન સ્વતંત્રતાથી કર્યું, તે વાત તેના પિતાએ જાણી ત્યારે તેણે તેને શાપ આપ્યો કે, હે મંદબુદ્ધિની છોકરી!

ધર્મનો ત્યાગ કરીને સ્ત્રીબુદ્ધિથી તેં તારા શરીરનું દાન કર્યું, તો હવે તારું લગ્ન થશે નહિ, અને લગ્ન થયા વગર તને ભરતારનું સુખ મળશે નહિ.૫૦-૫ તને પુત્રનું ફળ નહિ થાય અને પતિનો સંયોગ નહિ થાય. શાપ થતાંની સાથે જ સરસ્વતી તે રાજાને તેર યોજન દૂર પાણીમાં તાણી ગઈ. રાજાને તણાઈ ગયો જોઇને ચિત્રાંગદાને મૂર્ચ્છા આવી.૫૪-૫૫ પછી બધી સખીઓએ સરસ્વતીનું શીતળ જળ તેને છાંટ્યું, પણ તેને શુદ્ધિ આવી નહિ. તે વિશ્વકર્માની પુત્રી ઉત્સાહ ભંગ થવાથી મડદા સમાન થઈ ગઈ હતી. એટલે તેને મડદા જેવી થયેલી જાણીને તેની સખીઓ એકદમ ત્યાંથી ચાલી ગઈ.૫૬-૫૭ કેટલીક ગાભરી થઈ જઇને લાકડાં લેવા ગઈ અને કેટલીક અગ્નિ લેવા ગઈ. જ્યારે તે બધીઓ જંગલમાં ગઇ, ત્યારે ત્યાં તેને સંજ્ઞા આવી. તેણે ચારે તરફ જોયું તો રાજાને દીઠો નહિ અને પોતાની વહાલી સખીઓને પણ જોઈ નહિ.૫૮-૫૯ એટલે તે ચંચળ નેત્રવાળીએ તે જ ક્ષણે સરસ્વતી નદીના જળમાં પડતું નાંખ્યું. સરસ્વતીએ તેને ગોમતીના તરંગોથી કુટિલ જળમાં ફેંકી. હે રાજા! ગોમતીએ પણ એનું ભવિષ્ય જાણીને સિંહ તથા વાઘથી ભરેલા મહાવનમાં લઈ જઇને ફેંકી. એ પ્રમાણે સ્વતન્ત્રતાથી તેની જે અવસ્થા થઈ, તે મેં સાંભળી છે.૬૦-૬૨ તેથી શિયળનું રક્ષણ કરનારી હું મારું પોતાનું દાન તને કરી શકીશ નહિ. તેનું એવું વચન સાંભળીને ઇંદ્ર સમાન બળવાન્ રાજા દંડ હસીને પોતાનો નાશ કરનારી એવી સ્વાર્થની વાત અરજાને કહેવા લાગ્યો.૬૩ દંડ બોલ્યો:—હે કૃશોદરિ! તે કન્યાનું, તેના પિતાનું અને રાજા સુરથનું તે પછીનું જે વૃત્તાન્ત છે તે સાંભળ.૬૪ જ્યારે રાજા સુરથ નદીમાં તણાઈ ગયો અને ચિત્રાંગદા વનમાં જઈ પડી, તે વખતે આકાશમાં ફરનારા કોઈ ગુહ્યકે તેને ત્યાં પડેલી જોઈ.૬૫ તેને જોઈ તેની પાસે આવીને તે ગુહ્યકે તેની સાથે વાતચિત કરી. પછી તેને કહ્યુ કે, 'હે સુભગે! આવ, હું તને સુરથ પાસે લઈ જાઉ.૬૬ હે શ્યામ નેત્રનીવાળી! નિશ્ચય તને તેનો સંયોગ થશે, માટે જા, ભગવાન્ શ્રીકંઠેશ્વરનાં દર્શન કર.'૬૭ તે ગુહ્યકે એ પ્રમાણે કહ્યું એટલે તે સુલોચના કાલિંદીને દક્ષિણ કિનારે શ્રીકંઠ મહાદેવને મંદિરે આવી.૬૮ ત્યાં કાલિંદીમાં સ્નાન કરી શ્રીકંઠેશ્વરનાં દર્શન કરીને નીચુ મસ્તક કરી મધ્યાહ્ન સૂધી ઉભી થઈ રહી.૬૯ એ સમયમાં પવિત્ર પાશુપતાચાર્ય સામવેદી ઋતુધ્વજ મહાદેવને સ્નાન કરાવવા ત્યાં આવ્યા.૭૦ તે તે કન્યાને કામભ્રષ્ટ અને રડતી જોઇને વિચાર કરવા લાગ્યા કે "આ કોણ હશે?"૭૧ તે કન્યા પણ તે ઋષિની પાસે આવી હાથ જોડીને ઉભી રહી, એટલે ઋષિએ તેને કહ્યું કે, 'હે પુત્રી! તું દેવાંગના જેવી કોની કન્યા છે?૭૨ આ નિર્જન વનમાં શામાટે આવી છે?' પછી તે કૃશોદરી કન્યાએ જે બન્યું, હતું તે બધી હકીકત ઋષિને કહી.૭૩ તે સાંભળી ઋષિને બહુ ક્રોધ ચઢ્યો અને વિશ્વકર્માને શાપ દીધો કે, તે પાપીએ જે કારણથી પારકાને આપવા યોગ્ય આ પોતાની કન્યાને પતિ સાથે યોગ કરાવી ન આપ્યો, તે કારણે થી તે વાંદર થજો. એમ કહી ફરીથી સ્નાન કરી મહાભાગ ઋષિએ સાયંસંધ્યા

કરી, વિધિપૂર્વક શંકરની પૂજા કરી.[૭૮–૭૯] પછી પતિની લાલસાવાળી અને રડતી તે સુભ્રુ કન્યાને કહ્યું કે, 'હે સુભગે! પવિત્ર સપ્તગોદાવર દેશમાં જા.[૭૭] ત્યાં હાટકેશ્વર મહાદેવની ઉપાસના કર. ત્યાં કંદરમાલી દૈત્યની પુત્રી દેવવતી, અંજન નામે ગુહ્યકની પુત્રી પ્રખ્યાત તપસ્વિની દમયંતી અને પર્જન્યની પુત્રી શુભ વેદવતી આવશે.[૭૯–૮૦] જ્યારે એ ત્રણેનો ત્યાં સપ્તગોદાવર જળમાં હાટકેશ્વર મહાદેવમાં મેળાપ થશે, ત્યારે તને તારા પતિનો મેળાપ થશે.'[૮૧] એ પ્રમાણે ઋષિએ કહ્યું, એટલે તુરત જ તે બાળા ચિત્રાંગદા સપ્તગોદાવર તીર્થમાં ઉતાવળી આવી.[૮૨] ત્યાં આવી તેણે પવિત્ર થઈ. મહાદેવની પૂજા કરવા માંડી અને ફળમૂળનો આહાર કરીને રહેવા લાગી.[૮૩] જ્ઞાનસંપન્ન તે ઋષિએ શ્રીકંઠના માહાત્મ્યનો એક શ્લોક તે કન્યાનું પ્રિય થવાને માટે લખ્યો[૮૪] કે, 'એવો કોઈપણ દેવ, રાક્ષસ, યક્ષ, મનુષ્ય કે રજનીચર નથી, કે જે આ મૃગલોચનાનું દુઃખ પોતાના પરાક્રમથી દૂર કરે.'[૮૫] એ પ્રમાણે શ્લોક લખી આપી તે ઋષિ, મુનિગણસેવિત પયોષ્ણી નદીને તીરે, સર્વવ્યાપી, પરમપૂજ્ય, પુષ્કરનાથનાં દર્શન કરવા ગયા અને ત્યાં પણ તે વિશાળ નેત્રવાળી કન્યાની ચિંતા કરવા લાગ્યા.[૮૬]

इत्येवमुक्त्वा स मुनिर्जगाम द्रष्टुं विभुं पुष्करनाथमीड्यम् ॥
नदीं पयोष्णीं मुनिवृंदवंद्या संचिंतयन्नेव विशालनेत्राम् ॥ ८६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવને વિષે દંડોપાખ્યાન' નામનો ત્રેસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૪ મો.

જાબાલિને બંધનથી મુક્ત કરવો.

दंड उवाच—चित्रांगदायास्त्वरजे तत्र सत्या यथासुखम् ॥
स्मरंत्या सुरथं वीरं महान्कालः समभ्यगात् ॥ १ ॥

દંડ બોલ્યો—હે અરજા! ચિત્રાંગદાએ વીર સુરથનું સ્મરણ કરતાં કરતાં ત્યાં ઘણો કાળ સુખે વ્યતીત કર્યો.[૧] વિશ્વકર્મા પણ મુનિના શાપથી વાનર યોનિમાં અવતાર લઈ મેરુ પર્વત ઉપરથી પૃથ્વી ઉપર પડ્યા.[૨] હે સુંદરિ! તે શાલ્કિની નદીને કિનારે વનસ્પતિ અને વેલાઓથી ભરેલા ઘોર વનમાં પર્વત ઉપર વસવા લાગ્યા.[૩] હે વરારોહે! તે વનમાં ફળમૂળ વગેરે ભક્ષણ કરતાં તેનાં ઘણાં વર્ષો વીતી ગયાં.[૪] એક વખત કંદર નામે દૈત્યરાજ પોતાની વહાલી પુત્રી દેવવતી જે સ્વર્ગમાં વિખ્યાત હતી તેને લઈને ત્યાં આવ્યો.[૫] તે વનમાં તે સુંદર કન્યા સાથે તેને આવતો જોઈને તે વાનરે ઝડપ મારી તે કન્યાને પકડી લીધી.[૬] દૈત્યરાજ કંદર પોતાની સુંદર કન્યાને વાંદરે પકડેલી જોઈ તેની પાછળ ખડ્ગ લઈને દોડ્યો.[૭] બળવાન્ વાંદર, દૈત્યને પોતાની પાછળ આવતો જોઈને તે સુંદર અંગવાળી

કન્યાને લઈ હિમાચળ ઉપર ચઢી ગયો.[૮] ત્યાં તેણે યમુનાતટે શ્રીકંઠેશ્વર મહ
અને તેનાથી થોડે દૂર ઋષિઓ વગરનો એક ગહન આશ્રમ દીઠો.[૯] તે મહા આશ્ર
દેવવતીને મૂકીને તે વાંદર યમુના નદીના જળમાં કૂદી પડ્યો.[૧૦]

તે જોઇને કંદરે જાણ્યું કે પુત્રી પણ યમુનાના જળમાં ડૂબી મુઈ, એમ
તે પાતાળમાં પોતાને સ્થાને ચાલ્યો ગયો.[૧૧] યમુનાના જળમાં તણાતો તણાતો
વાંદર વૃદ્ધ જનોથી આશ્રિત એવા શિવ નામના દેશમાં આવીને નીકળ્યો
અને ત્યાંથી પછી કાપીલવનમાં જવાની તેણે ઇચ્છા કરી કે, જ્યાં સુલોચ
તેણે મૂકી હતી.[૧૩] ત્યાં તેણે જોયું કે ગુહ્યક અંજન પોતાની પુત્રી દમયન્
લઇને ત્યાં આવે છે.[૧૪] તે કન્યાને જોઇને તે કપિરાજે ધાર્યું કે નક્કી આ
દેવવતી છે. હું પાણીમાં પડ્યો તે મિથ્યા ગયું.[૧૫] હે સુંદરિ! એ પ્ર
વિચાર કરતો તે વાંદર તેના તરફ દોડ્યો, એટલે તે કન્યા ગભરાટની મારી '
ણ્વતી નદીમાં પડી ગઈ.[૧૬] પોતાની કન્યાને નદીમાં પડી ગયેલી જોઇને
ગુહ્યક દુઃખ શોકથી પીડિત થઈ અંજન પર્વત ઉપર ગયો.[૧૭] ત્યાં તેણે પ
થઈ મૌનવ્રત ધારણ કરી તપ કરવા માંડ્યું. એમ તપ કરતાં તે તેજસ્વી
ષને ઘણાં વર્ષો વીતી ગયાં.[૧૮] હિરણ્વતીના વેગથી દમયન્તી પણ તણાઇને
પુરુષોથી વસેલા પવિત્ર કોસલ દેશમાં આવીને નીકળી.[૧૯] તે રડતી રડતી ચા
જતી હતી, એવામાં તેણે મોટી મૂળીઓથી ઘેરાયલા જટાધર શિવ જેવા
મોટા વડને દીઠો.[૨૦] તે ઘાડી છાયાવાળા વડનીચે તે વિશ્રામ લેવા એક શિ
ઉપર બેઠી. એવામાં તેણે ઉપરથી કોઈ માણસનો શબ્દ સાંભળ્યો[૨૧] કે, "શુ
કોઈ પુરુષ નથી કે જે તે તપોધન ઋતધ્વજને જઇને કહે કે, તમારો પુત્ર વ
ડાળોમાં બંધાઈ રહ્યો છે."[૨૨] આવી સ્પષ્ટ અક્ષરવાળી વાણી સાંભળીને તે આમ
ચારે તરફ જોવા લાગી,[૨૩] તો તેણે ઝાડની ટોચે ઉંચે વડની પિંગળ વર્ણની મૂળીએ
સજ્જડ ગૂંથીને બાંધી લીધેલા એક પાંચ વર્ષના બાળકને દીઠો.[૨૪]

તે ટળવળતા બાળકને જોઇને દમયંતી ઘણી દુઃખી થઈ અને પૂછવા લાગી
'હે બાળક! તને અહીં કોણે બાંધી લીધો છે?'[૨૫] તે બાળકે તેને કહ્યું કે, 'હે મહાભ
એક દુષ્ટ વાંદર મને આ વડની જટામાં બાંધી ગયો છે. ફક્ત તપોબળથી
હું જીવતો રહ્યો છું.[૨૬] પૂર્વે મનુપુરને વિષે, જ્યાં મહેશ્વર દેવ વસે છે
મારા પિતા તપોરાશિ ઋતધ્વજ રહેતા હતા.[૨૭] તે તપ કરતા મહર્ષિના ર
રમાંથી મહાયોગ બળથી ભ્રમરવૃંદયુક્ત સર્વ શાસ્ત્રવિશારદ એવો હું ઉત્પન્ન થયો.
હે શુભાનને! મારા પિતાએ મને જાબાલિ જાણી નમસ્કાર કર્યા અને જે
તે તું સાંભળ.[૨૯] તેમણે કહ્યું કે, પાંચ હજાર વર્ષ સૂધી તું બાલ્યાવસ્થામાં રહી
અને દશ હજાર વર્ષ સૂધી કૌમારઅવસ્થા ભોગવીશ.[૩૦] વીશ હજાર વર્ષ ર
યુવાવસ્થા અને તેથી બમણી એટલે ચાળીશ હજાર વર્ષ સૂધી વૃદ્ધાવસ્થ
રહીશ. બાલ્યાવસ્થામાં પાંચસો વર્ષ સૂધી તારે દઢ બંધનમાં રહેવું પડશે.

કૌમારાવસ્થામાં એક હજાર વર્ષ સૂધી શરીરપીડા થશે. અને યુવાવસ્થામાં બે હજાર વર્ષ સૂધી મહાન્ વૈભવો ભોગવીશ.[૩૨] ચાર હજાર વર્ષ સૂધી ઘડપણમાં ઘણો ક્લેશ ભોગવવો પડશે. તે સમયે ભુમિ ઉપર શયન કરવું પડશે અને ખરાબ અન્નનું ભોજન કરવું પડશે.[૩૩]

પિતાએ એ પ્રમાણે કહ્યું, તે પછી હું પાંચ વર્ષનો બાળક પૃથ્વી ઉપર ફરતો અને હિરણ્વતીમાં સ્નાન કરવા જતો હતો.[૩૪] પછી એક વખત ત્યાં મેં એક મોટા વાંદરને જોયો. તેણે મને કહ્યું કે, હું આ મહા આશ્રમમાં દેવવતીને મૂકી ગયો છું, તેને લઇને તું કયાં જાય છે?[૩૫] હે સુંદરિ! તે સાંભળી હું ધ્રુજવા લાગ્યો, એટલે તે મને ઉચકી લઇને આ વડની ટોચે વડવાઇઓથી મજબૂત બાંધીને ચાલતો થયો.[૩૬] એ પ્રમાણે મહાયંત્ર મધ્યે રહી લતાપાશથી મને બાંધી તે દુષ્ટબુદ્ધિનો કપિ નિરંતર મારી રક્ષા કરતો હતો.[૩૭] આ પાશ અભેદ્ય છે તથા ન ઓળગાય એવો છે; કેમકે એની સર્વ દિશાએ લતામય યંત્ર રચેલો છે.[૩૮] અને અહીં બાંધીને તે કપિવર પોતાની ઇચ્છા થવાથી અમર પર્વત ઉપર ગયો છે; એ પ્રમાણે જેવું મે જોયું તેવું, હે શુભે! તને કહ્યું.[૩૯] પરંતુ હે સુંદરિ! તું કોણ છે, અને પતિવગર આ મહા અરણ્યમાં કેમ આવી છે તે કહે.'[૪૦] તે બોલી કે; 'અંજન નામે ગુહ્યરાજ મારો પિતા થાય છે. પ્રમ્લોચાના ગર્ભથી ઉત્પન્ન થયેલી દમયંતી નામે હું તેની પુત્રી છું[૪૧] મારા જન્મ સમયે મુદ્ગલ ઋષિએ કહ્યું હતું કે, એ રાજાની પટ્ટરાણી થશે એમાં સંશય નથી.[૪૨] ઋષિ એ વચન બોલ્યા તે વખતે આકાશમાં દેવનાં દુંદુભિ વાગ્યાં, પણ તે જ સમયે અપશુકનકારક શિવા બોલવા લાગી; તેથી ઋષિએ કરી કહ્યું કે, એ રાજાની પટ્ટરાણી થશે એમાં શક નથી, પણ કન્યા અવસ્થામાં ઘણું સંકટ ભોગવશે.[૪૩-૪૪] એ પ્રમાણે કહી, ઋષિ ચાલ્યા ગયા. પછી મારા પિતા મને લઇને ફરવા નીકળ્યા.[૪૫] તે હીરણ્વતી તીર્થે આવ્યા. તે વખતે નદીમાંથી એક મહા વાંદર એકદમ નીકળી આવ્યો. તેને જોઇને ભયભીત થઇને હું સહસા નદીમાં કૂદી પડી તેમાં તણાતી તણાતી હું આ નિર્જન અરણ્યમાં આવી પડી છું.'[૪૬]

દંડ બોલ્યોઃ—તેનું એ પ્રમાણે કહેવું સાંભળીને જાબાલિએ કહ્યું; હે સુંદરિ! યમુના કિનારે શ્રીકંઠતીર્થને વિષે જા.[૪૭] ત્યાં મધ્યાન્હે મારા પિતા શિવપૂજન કરવા આવે છે, તેમને જઇને તું શીઘ્રતાથી મારો વૃત્તાન્ત કહેજે. તારુ તેમનાથી કલ્યાણ થશે.'[૪૮] પછી દમયંતી ત્યાંથી ઉતાવળી તે તપોનિધિ મુનિ પાસે હિમાલય ઉપર યમુના કિનારે રક્ષણ મેળવવા આવી.[૪૯] ઘણે દહાડે કંદમૂળ ભક્ષણ કરતી જ્યાં તે ઋષિ આવતા હતા ત્યાં તે આવી પહોંચી.[૫૦] પછી ત્યાં તેણે ત્રિલોકવંદ્ય એવા દેવના દેવ શ્રીકંઠેશ્વરને પ્રણામ કર્યા અને ત્યાં લખેલા અક્ષરો પણ જોયા.[૫૧] તે ચારુહાસિની તેનો અર્થ સમજીને પછી મુદ્ગલ ઋષિએ પોતાનું ભવિષ્ય કહેલું, તે સબંધી પોતાના વૃત્તાન્તનો શ્લોક પણ તેણે ત્યાં તેની નીચે લખ્યો.[૫૨] તે એવી રીતે કે,

मुद्गलेनास्मि गदिता राजपत्नी भविष्यति ।
सा चावस्थामिमां प्राप्ता कश्चिन्मा त्रातुमीश्वरः ॥

'મુદ્ગલે કહેલું કે હું રાજપત્ની થઈશ, પણ તે હું આવી અવસ્થા ભોગવું છું, મારુ રક્ષણ કરવાને કોણ સમર્થ છે?'[૫૩] એ પ્રમાણે શિલાપટ્ટ ઉપર લખીને તે યમુનામાં સ્નાન કરવા ગઈ. ત્યાં તેણે કોયલના મધુર સ્વરથી ગાજી રહેલો ઉત્તમ આશ્રમ જોયો.[૫૪] એ આશ્રમના મધ્યમાં તે મહર્ષિ રહેતા હશે, એમ જાણીને તે, તે આશ્રમમાં ગઈ.[૫૫] ત્યાં તેણે દેવવતીને દીઠી. તે કરમાઈ ગયલી કમિલિની તદ્દન શુષ્ક થઈ ગયલી હતી અને એકી નજરે જોયા કરતી હતી.[૫૬] તે પણ પોતાની પાસે આવેલી યક્ષકન્યાને જોઇને 'આ કોણ હશે' એમ જાણી ઉભી થઈ જડ જેવી બની ગઈ.[૫૭] પછી તે બને એક બીજીને બહુ સ્નેહથી ભેટી પડી અને એક બીજીને પોતપોતાનો વૃત્તાન્ત પૂછવા તથા કહેવા લાગી.[૫૮] એ પ્રમાણે તે બંને કન્યાઓ એક બીજાની વાત જાણીને નાના પ્રકારની કથાઓ સ્નેહથી કરવા લાગી.[૫૯] એ સમયને વિષે મુનિશ્રેષ્ઠ ઋતધ્વજ શ્રીકંઠનું પૂજન કરવા આવ્યા. ત્યાં તેમણે લખેલા અક્ષરો જોયા.[૬૦] તે અક્ષરો જોઈ, વાંચી તથા તેનો અર્થ સમજીને પછી થોડી વાર ધ્યાન ધરીને તેમણે બધો વૃત્તાન્ત જાણી લીધો.[૬૧] પછી શ્રીકંઠેશ્વરની પૂજા કરી ઋતધ્વજ મુનિ અયોધ્યામાં ઇક્ષ્વાકુરાજા પાસે ગયા.[૬૨] ત્યાં જઈ રાજાને જોઈ તેમણે કહ્યું, 'હે નરશાર્દૂલ! હે પાર્થિવ! મારી એક વિજ્ઞપ્તિ સાંભળ.[૬૩] સર્વ ગુણ સંપન્ન અને સર્વ શાસ્ત્રમાં વિશારદ મારા પુત્રને તારા મુલકમાં એક વાંદરે બાંધી રાખ્યો છે.[૬૪] તેને મુક્ત કરવાને તારા પુત્ર શિવાય બીજું કોઈ સમર્થ નથી. હે રાજેન્દ્ર! તારો પુત્ર શકુનિ નામે છે તે તેને છૂટો કરવાની યુક્તિ જાણે છે.'[૬૫] હે કૃશોદરિ! મુનિનું તે વાકય સાંભળીને મારા પિતાએ પોતાના પ્રિયપુત્ર શકુનિને તે કાર્ય કરવાની આજ્ઞા કરી.[૬૬] પછી પિતાએ મોકલવાથી મારો તે ભાઈ મહર્ષિ સાથે તે વનમાં આવ્યો.[૬૭] ત્યાં તેમણે એક મોટા વડને જોયો. તેની મોટી શાખાઓથી ચારે દિશાઓ શ્વેત થઈ ગઈ હતી, તેની ટોચે મૂળીઓમાં બાંધી લીધેલા એક બાળકને તેમણે જોયો.[૬૮] તેની ચારે તરફ લતાપાશ જોયો, અને તેની મધ્યમાં મુનિપુત્રને બાંધેલો દીઠો.[૬૯] પછી ધનુષ્ય ઉપર બાણ ચડાવી લાઘવથી બાણો છોડી ઋષિપુત્રનાં બંધન કાપી નાખ્યાં.[૭૦]

પૂર્વે વાંદરે લતાપાશથી ચારે દિશાએ પાંચસો વર્ષથી જે દૃઢ બંધન બાંધ્યું હતું, તે સઘળું બાણોથી છેદી નાંખ્યું.[૭૧] લતાઓ છેદાયા પછી ઋતધ્વજ મુનિ તે વડ ઉપર ચઢ્યા; પોતાના પિતાને પાસે આવેલા જોઇને પોતે બંધનમાં છતાં બાળાલિએ ઘણા આદરથી મસ્તક નમાવીને પ્રણામ કર્યા. પછી તે મુનિ તે પુત્રને છાતી સાથે ચાંપી તેનું મસ્તક સુંઘવા લાગ્યા.[૭૨–૭૩] ઋષિએ તે જાળ છોડવાનો યત્ન કર્યો, પણ ઘણી દૃઢ બાંધેલી હોવાથી તે છૂટી શકી નહિ. તેથી મહાબળવાન્ શકુનિ

ધનુષ્ય બાણુ નીચે મૂકી વડ ઉપર ચઢ્યો. તેનાથી પણુ તે છૂટી નહિ.[૭૪-૭૫] જ્યારે જાળ ન છૂટી ત્યારે તે ઋષિ સાથે નીચે ઉતર્યો.[૭૬] પછી ધનુષ ઉપર બાણુ ચડાવી શરમંડપ કરી લાઘવથી અર્ધચંદ્ર કરીને તેણે શાખાઓના ત્રણુ કકડા કરી નાંખ્યા.[૭૭] પછી તે છેદાયલી શાખાઓના ભાર સાથે તપોનિધિ જાબાલિ બાણુની સીડીના માર્ગે ઝાડ ઉપરથી નીચે ઉતર્યો.[૭૮] એ પ્રમાણે છૂટેલા પોતાના પુત્રને લઇને ઋતધ્વજ શકુનિ સાથે યમુના નદી પાસે આવ્યા.[૭૯]

तस्मिंस्तथा स्वे तनये ऋतध्वजस्ततो नरेन्द्रस्य सुतेन धन्विना ।
जाबालिना भारवहेन संयुतः समाजगामाथ नदीं स सूर्यजाम् ॥ ७९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવ'ને વિષે ચોસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૫ મો.

ચિત્રાંગદાનો વિવાહ.

दंड उवाच—एतस्मिन्नंतरे बाले यक्षासुरसुते मुने ।
समागते हरं द्रष्टुं तं मुनिं योगिनां वरम् ॥ १ ॥

દંડ બોલ્યો:—હે બાલે! આ સમયે તે બંને યક્ષ તથા રાક્ષસની કન્યાઓ મહાદેવનાં તથા યોગીઓમાં શ્રેષ્ઠ એવા તે મુનિનાં દર્શન કરવા ત્યાં આવી.[૧] તેમણે જોયું કે ઋતધ્વજના ગયા પછી મહાદેવજી બહુ મલીન થઈ ગયા છે, અને તેમના ઉપર સુકાઈ ગયલાં ફૂલ તથા નિર્માલ્યના ઢગ પડ્યા છે.[૨] તે બંને કન્યાઓએ મહાદેવજીને એવા જોઇને તેમને સ્નાન કરાવ્યું અને વિધિપૂર્વક પૂજા કરી.[૩] તે ત્યાં ઉભેલીઓ હતી, તે વખતે ગાલવ ઋષિ અવ્યક્તરૂપ શ્રીકંઠ મહાદેવનાં દર્શન કરવા આવ્યા.[૪] તે ઋષિ બંને કન્યાઓને જોઇને વિચાર કરવા લાગ્યા કે, આ કોની કન્યાઓ હશે. પછી યમુનાના જળમાં સ્નાન કરીને ગાલવ મુનિ ત્યાં આવ્યા.[૫] અને શ્રીકંઠ મહાદેવની પૂજા કરવા લાગ્યા. તે વખતે બંને કન્યાઓ મધુર સ્વરથી ગાયન કરવા લાગી.[૬] બાળાઓનું સંગીત સાંભળીને ગાલવ ઋષિએ જાણ્યું કે એ બે કન્યાઓ ખરેખર ગંધર્વકન્યાઓ છે.[૭] વિધિપૂર્વક મહાદેવનું પૂજન કરીને ગાલવ ઋષિ તે બે કન્યાઓ પાસે ગયા. એટલે તે કન્યાઓએ ઋષિને પ્રણામ કર્યા.[૮] પછી ઋષિ તેમને પૂછવા લાગ્યા કે, તમે બંને કોની કન્યાઓ છો તે કહો. તમે શંકરની ભક્તિપરાયણ તથા કુળનું ભૂષણ છો.[૯] તે કન્યાઓએ પોતાનો બધો વૃત્તાન્ત મુનિને કહ્યો. તપસ્વીઓમાં શ્રેષ્ઠ ગાલવઋષિ તે વૃત્તાન્ત જાણ્યા પછી તે કન્યાઓ સાથે ત્યાં એક રાત્રી રહ્યા, અને પ્રાતઃકાળે ઉઠીને વિધિપૂર્વક શંકરનું પૂજન કર્યું.[૧૦-૧૧] પછી કન્યાઓને કહેવા લાગ્યા કે, હું પરમ પવિત્ર પુષ્કર તીર્થમાં જાઉં છું, અને તમારી રજા માગું છું, માટે મને રજા આપો.[૧૨]

કન્યાઓએ કહ્યું:—હે બ્રહ્મન્! તમારું દર્શન બહુ દુર્લભ છે. આપ શા કારણે આદરપૂર્વક પુષ્કર તીર્થને વિષે જાઓ છો?[૧૩] મહા તેજસ્વી અહંકારી ગાલવ ઋષિ બોલ્યા કે, આવતી કાર્તિકી એકાદશી પુષ્કર તીર્થમાં કરવાથી જ મહાપુણ્ય છે.[૧૪] કન્યાઓએ કહ્યું કે જ્યાં આપ જાઓ છો ત્યાં અમે પણ આવીશું. હે બ્રહ્મન્! તમારા શિવાય અમે અહીં રહી શકીશું નહિ.[૧૫] મુનિ બોલ્યા કે ભલે ચાલો. પછી મહેશ્વરને પ્રણામ કરીને ઋષિ સાથે બંને કન્યાઓ આદરથી પુષ્કરતીર્થમાં ગઈ.[૧૬] ત્યાં બીજા હજારો ઋષિઓ તથા રાજાઓ અને લોકો આવ્યા હતા. ફક્ત ઋતધ્વજ મુનિ જણાતા નહતા.[૧૭] બધા ઋષિઓ તથા નાભાગ અને ઇક્ષ્વાકુ સહિત બધા રાજાઓ કાર્તિકીને દિવસે પુષ્કર તીર્થમાં સ્નાન કરવાને ઉતર્યા.[૧૮] અને ગાલવ ઋષિ પણ તે કન્યાઓ સાથે થોડે છેટે પુષ્કરના જળમાં સ્નાન કરવા ઉતર્યા.[૧૯] ત્યાં ગાલવ મુનિએ પાણીમાં જોયું કે એક મહામત્સ્ય પાણીમાં પડેલો છે અને ઘણી મત્સ્યકન્યાઓ તેને રાજી કરી રહી છે.[૨૦] તે મત્સ્ય તે કન્યાઓને કહેતો હતો કે તમે ધર્મ શું છે તે સમજતી નથી અને એકાંતમાં સ્વેચ્છાચાર કરો છો, પણ મહાઘોર લોકાપવાદ સહન કરવાને હું શક્તિમાન્ નથી.[૨૧] પછી તે મત્સ્યકન્યાઓ તેને કહેવા લાગી કે, આ મહાતપસ્વી ગાલવ ઋષિ બે કન્યાઓ સાથે યથેચ્છ એકાન્ત વિચરણ કરે છે, તે શું તમે જોતા નથી?[૨૨] એ ધર્માત્મા તપોનિધિ છે, તે લોકાપવાદથી બીતા નથી તો તમે તો જળમાં રહો છો તે તમારે શેની બીક![૨૩] તે મત્સ્યે જવાબ આપ્યો કે ગાલવ ઋષિ તપોધન છે, છતાં પણ રાગમાં અંધ થઈ ગયા છે તેથી બાળકની માફક લોકાપવાદનો ભય જાણતા નથી.[૨૪] મત્સ્યનાં એ વચન સાંભળીને ગાલવ ઋષિને ઘણી લજ્જા આવી, તેથી જિતેન્દ્રિય થઈ જળમાં જ ડૂબી રહ્યા પણ પાછા નીકળ્યા નહિ.[૨૫] તે બે કન્યાઓ સ્નાન કરી બહાર નીકળી અને દર્શનની ઉત્સુકતાથી ગાલવ ઋષિની રાહ જોતી કિનારે ઉભી થઈ રહી.[૨૬] પુષ્કરયાત્રા સમાપ્ત થઈ અને તમામ ઋષિઓ, રાજાઓ તથા બીજા સૌ લોક પોતપોતાને સ્થાને જતા રહ્યા.[૨૭] ફક્ત વિશ્વકર્માની પુત્રી, સુંદર દાંતવાળી, સૂક્ષ્મ મધ્ય ભાગવાળી ચારુઅંગી ચિત્રાંગદા ત્યાં ચારે તરફ જોતી ઉભી રહી.[૨૮] એમ તે બે કન્યાઓ ગાલવ મુનિની વાટ જોતી ઉભી થઈ રહી હતી; અને ગાલવ ઋષિ તો જળમાં જ બેસી રહ્યા હતા.[૨૯]

એટલામાં ઘૃતાચીના ગર્ભથી ઉત્પન્ન થયેલી પર્જન્યનામે ગંધર્વની કન્યા વેદવતી ત્યાં આવી.[૩૦] તેણે આવી પુષ્કરમાં સ્નાન કરી બંને કિનારે ઉભી રહેલી બે કન્યાઓને જોઈ.[૩૧] પછી ચિત્રાંગદાની પાસે જઇને કોમળતાથી તેણે પૂછ્યું:—તું કોણ છે? અને આ નિર્જન સ્થાનમાં શા કારણથી રહેલી છે?[૩૨] તે બોલી, મને વિશ્વકર્માની પુત્રી જાણ. મારું નામ ચિત્રાંગદા છે.[૩૩] હે કલ્યાણિ! નૈમિષારણ્યમાં કાંચનાક્ષી નામની ધર્મજનની પુણ્ય સરસ્વતીમાં સ્નાન કરવા હું આવી હતી.[૩૪] ત્યાં

વિદર્ભરાજ સુરથે દેવતાઓને યોગ્ય મને જોઈ, તેથી કામાતુર થઈ તે મારે શરણે આવ્યો.૩૫ સખીઓએ વાર્યાં છતાં મેં મારા શરીરનું તેને દાન કર્યું. તેથી મારા પિતાએ મને શાપ આપ્યો કે–જા તારા પતિ–એ રાજાનો તને વિયોગ થશે.૩૬ હે ભદ્રે! આ કારણથી મેં મરવાનો વિચાર કર્યો. પણ તેમ કરતાં ગુહ્યકે મને અટકાવી, તેથી શ્રીકંઠમહાદેવનાં દર્શન કરવા હું ગોદાવરી તીરે ગઈ.૩૭ ત્યાંથી હું અહીં આ તીર્થરાજમાં આવી, પરંતુ અહીં પણ મારા મનને આનંદ આપનાર મારા પતિનાં મને દર્શન થયાં નહિ.૩૮ હે બાલે! તું કોણ છે અને અહીં, તીર્થની યાત્રાનું ફળ વીતી ગયા છતાં શા માટે ઉભી થઈ રહી છે? તે સાચેસાચું મને કહે.૩૯ વેદવતી બોલી કે, હે કૃશોદરી! યાત્રાનું ફળ પૂરું થયા છતાં પણ જે કારણથી હું અહીં આવી છું તે સાંભળ.૪૦ હે સખિ! હું પર્જન્યથી ઘૃતાચીમાં ઉત્પન્ન થયેલી વેદવતી નામે છું. હુ વનમાં વિહાર કરતી હતી, તે સમયમાં એક વાંદરે મને જોઈ.૪૧ તે વાંદરે પાસે આવીને મને પૂછ્યું કે, હે વેદવતિ! તું કયાં જાય છે? અને પૃથ્વી ઉપરના આશ્રમમાંથી તને આ મેરુ પર્વત ઉપર કોણ લઈ આવ્યું?૪૨ ત્યારે મેં કહ્યું: હે કપિ! હું વેદવતી નથી. વેદવતી તો મેરુ પર્વત ઉપર જ છે.૪૩ પછી તે દુષ્ટ વાંદર મને પકડવા આવ્યો એટલે હુ ભય પામીને નાઠી, તે બંધુજીવ નામે ઉંચા ઝાડ ઉપર ચડી ગઈ.૬૪ પણ તે વાંદરે ક્રોધથી તે ઝાડની ડાળીઓ તોડી નાંખી, ત્યારે હું તેની મોટી મોટી શાખાઓને પકડી રહી.૪૫ પછી તે વાંદરે તે ઝાડને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દીધું, એટલે હું પણ તેની સાથે વ્યાકુલ થઇને સમુદ્રમાં પડી.૪૬ વાંદરે ફેંકેલું વૃક્ષ આકાશમાંથી પડતું તમામ પ્રાણીઓ તથા સ્થાવર જંગમ સર્વેએ જોયું.૪૭ તે વખત મને પડતી જોઇને તમામ લોક હાહાકાર કરવા લાગ્યા. સિદ્ધો અને ગંધર્વો પણ કહેવા લાગ્યા કે આ બહુ દુઃખદાયી બનાવ બને છે.૪૮ કેમકે સાક્ષાત્ બ્રહ્માજીએ કહ્યું છે કે, આ મનુના પુત્ર સહસ્ર યજ્ઞ કરનાર વીર ઇન્દ્રદ્યુમ્નની પટ્ટરાણી થવાની છે.૪૯ તે મધુરવાણી સાંભળીને મને મૂર્ચ્છા આવી ગઈ, તેથી હું જાણતી નથી કે એ વૃક્ષના હજારો કટકા કોણે કરી નાંખ્યા.૫૦ ત્યાંથી પછી મને પવન અહીં ઘસડી લાવ્યો, કે જ્યાં તું મને જુએ છે.૫૧ તેથી ચાલ ઉઠ, આપણે પુષ્કરને પેલે કિનારે જઇએ અને જોઇએ કે પેલી બે કન્યાઓ ઉભેલી છે તે કોણ છે?૫૨ એ પ્રમાણે કહી તે, તે કન્યા સાથે કૌતુકથી તે બે કન્યાઓને પૂછવા સામે કિનારે ગઈ.૫૩ ત્યાં જઇને તેમને પૂછ્યું, એટલે તે કન્યાઓએ પોતાનો તમામ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.૫૪ પછી તે ચારે જણીઓ સપ્તગોદાવર તીર્થમાં જઈ તેના જળમાં સ્નાન કરી હાટકેશ્વરનું પૂજન કરી કિનારે ઉભી રહી.૫૫ શકુનિ, જાબાલી અને ઋતધ્વજ એ ત્રણે જણા તે કન્યાઓને શોધવા બહુ વર્ષથી ભમતા હતા.૫૬ ઘણાં વર્ષ વીત્યા પછી નિર્વેદ પામેલો જાબાલિ પિતાની સાથે કૌશલદેશમાં આવ્યો.૫૭ ત્યાં મનુનો પુત્ર શ્રીમાન્ ઇંદ્રદ્યુમ્ન રાજ કરતો હતો. તેણે અર્ઘ્યપાદ્યથી તેમની પૂજા કરી.૫૮ ઋતધ્વજ તથા જાબાલિની

પૂજા કર્યા પછી પોતાના ભાઇના દીકરા શકુનિની પૂજા કરી.[૫૯] પછી ઋતધ્
ઇંદ્રદ્યુમ્નને કહ્યું કે, 'હે રાજન્ ! અમારી દમયન્તી નામની કન્યા હતી તે ખો
ગઈ છે.[૬૦] હે નૃપ ! તેને શોધવાને માટે અમે આખી પૃથ્વી ભમ્યા. પણ
જડી નહિ માટે તું ચાલ, અમને મદદ કર.'[૬૧] રાજાએ કહ્યું કે, 'હે બ્રહ્મ
મારી કન્યા પણ ખોવાઈ ગઈ છે. મેં તેને માટે બહુ શ્રમ કર્યો, પણ હું તે
દુઃખની વાત કોને કહું?[૬૨] આકાશમાંથી એક મોટું પર્વત જેવું વૃક્ષ બાણે
છેદાયલું પડતું હતું, એમ સિદ્ધોને મોઢે મેં સાંભળ્યું હતું.[૬૩] તેની સાથે તે
કન્યા પણ પડી તે કોણ જાણે ક્યાં ગઈ, તેથી હું પણ તેની શોધમાં નીકળું છું.'
એ પ્રમાણે કહી તે રાજા ઉઠીને તૈયાર થયો, અને પોતાના ભત્રીજા શકુનિ
ઋતધ્વજને અને જાબાલિને રથો જોડી આપ્યા.[૬૫] પોતે પણ રથપર ચઢી
સાથે પૃથ્વી ઉપર ફરતા ફરતા બદરિકાશ્રમમાં આવ્યા. ત્યાં એક તપસ્
દર્શન થયાં.[૬૬] તપથી તેનું શરીર કૃશ થઈ ગયું હતું, કાદવથી આખું શ
લિપ્ત થઈ ગયું હતું, જટા વધી ગઈ હતી. તેની ઉમ્મર જુવાન હતી, તો
વારંવાર નિઃશ્વાસ નાંખ્યા કરતો હતો.[૬૭] તેની પાસે જઇને રાજાએ પૂછ્યું;
તપસ્વી! આ ભરજુવાનીમાં આવું કઠિન તપ શા અર્થે કરો છો?' તેણે ક
'આપ કોણ છો જે મિત્રભાવથી મને આમ પુછો છો.[૬૮–૬૯] હું શોકથી પીડ
તદ્દન દીન થયેલો છું.' રાજાએ કહ્યું: 'હું કોસલ નગરનો બળવાન રાજા, મ
પુત્ર અને ઇક્ષ્વાકુનો પ્રિય ભાઈ ઇંદ્રદ્યુમ્ન છું.' એ સાંભળીને તેણે પોતાનો
વૃત્તાન્ત કહ્યો.[૭૦–૭૧] તે સાંભળી રાજાએ કહ્યું કે; 'તું દેહત્યાગ કરીશ ન
તું મારો ભત્રીજો થાય છે. જે કન્યાને માટે તું કષ્ટ વેઠે છે, તેને આપણે શો
કાઢીશું.' એમ કહી તેને છાતી સાથે ચાંપી પોતાના રથમાં બેસાડી લીધો.[૭૨–
સપુત્ર ઋતધ્વજ તે રાજાને જોઇને કહેવા લાગ્યા કે, 'આવો આવો, હું ત
પ્રિય કરીશ.[૭૪] ચિત્રાંગદા નામે જે કન્યાને તેં નિમિષારણ્યમાં જોઈ હતી,
સપ્તગોદાવર તીર્થમાં મે જ મૂકી રાખેલી છે.[૭૫] માટે આવ, આપણે ત્યાં જઇ
ત્યાં બીજી ત્રણ કન્યાઓ પણ આપણને મળશે.'[૭૬] એમ કહીને ઋષિ તે રૂ
પુત્રને આશ્વાસન આપી શકુનિ તથા ઇંદ્રદ્યુમ્નને અને પોતાના પુત્રને લઈ
પર બેસી સપ્તગોદાવર તીર્થમાં જવા નીકળ્યા, કે જ્યાં તે કન્યાઓ આ
હતી.[૭૭–૭૮] એ સમયે ઘૃતાચી શોકથી પીડિત થઇ પોતાની પુત્રીની શોધ ક
ઉદયગિરિપર આવી.[૭૯] રસ્તામાં તેને કપિ મળ્યો. તેને તે પૂછવા લાગી
કપિ! સત્ય કહે કે, તું મારી કન્યાને હરી ગયો છે?[૮૦] તેનું તે વચન સાંભળ
કપિએ કહ્યું: મેં દેવવતી નામે કન્યાને જોઇ છે, અને તેને હું મહા આશ્ર
મૂકી આવ્યો છું.[૮૧] તે આશ્રમ કાલિંદીને નિર્મળ કિનારે, પશુપક્ષીઓથી ભ
શ્રીકંઠેશ્વરની પાસે છે. એ વાત હું સત્ય કહું છું.[૮૨] તે અપ્સરાએ તે વાંદરને
કે તેનું નામ વેદવતી છે પણ દેવવતી નહિ. માટે ચાલો આપણે ત્યાં જઇએ.[૮૩] ઘ
ચીનું એ વચન સાંભળી તે વાંદર તેની પાછળ પાછળ કૌશિકીને કિનારે કિ

આવ્યો.[૮૪] પછી રાજર્ષિઓ તથા બે તપસ્વીઓ પણ વેગથી ચાલતા ઘોડાવાળા રથપર બેસીને કૌશિકી આગળ આવી લાગ્યા.[૮૫] તે સર્વે રથ ઉપરથી ઉતરી નદીમાં સ્નાન કરવા ગયા. ઘૃતાચી પણ નદીમાં સ્નાન કરવા ગઈ.[૮૬] તેની પાછળ આવતા વાંદરને જોઇને જાબાલિ તેના પિતાને તથા રાજાને કહેવા લાગ્યો કે, 'હે પિતાજી! આ તે જ વાંદર, જે મને પકડી લઈ ગયો હતો અને ઝાડની જટા સાથે મને બાંધી ગયો હતો, તે પાછો આવે છે.'[૮૭ ૮૮] જાબાલિનું એ વચન સાંભળી શકુનિએ ક્રોધ કરીને ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું અને કહેવા લાગ્યો;[૮૯] 'હે બ્રહ્મન્! તાત! મને આજ્ઞા આપો. આ દુષ્ટ વાંદરનો એક જ બાણથી હું નાશ કરી નાખું.'[૯૦] એ વચન સાંભળી સર્વ પ્રાણી માત્રનું હિત કરવાવાળા મહર્ષિ, શકુનિને કહેવા લાગ્યા;[૯૧] 'હે તાત! કોઇથી કોઇનો પણ વધ તથા કોઇને બંધન થઈ શકતાં નથી. હે નૃપનંદન! સૌ સૌના પૂર્વ કર્મ અનુસાર દરેકને વધ તથા બંધન થાય છે.[૯૨] એ સાંભળી શકુનિ ઋષિને કહેવા લાગ્યો કે, તો હવે મારે શું કરવું, તે આજ્ઞા આપો.[૯૩] એ સાંભળી તે મુનિએ તે વાંદરને કહ્યું કે, 'હે કપિરાજ! મારા પુત્રને તેં ઝાડ ઉપર જટાવડે બાંધી લીધો હતો.[૯૪] તે બંધન છોડી નહિ શકવાથી આ નરેન્દ્રે યુક્તિથી તે ઝાડના ત્રણ કકડા કરી નાંખ્યા.[૯૫] પણ તેની શાખાઓનો માથે ભાર લઇને મારો પુત્ર ફરે છે, તેને હજાર વર્ષ થઈ ગયાં, માટે તું તેને છૂટો કર.[૯૬] એને છોડવાને કોઈપણ પુરુષ શક્તિમાન્ નથી.' ઋષિનું તે વચન સાંભળીને વાંદરે જાબાલિની જટા ધીમે ધીમે છોડવા માંડી. તથા એક ક્ષણમાં તે છોડી નાંખી. તે જોઈ ઋતધ્વજ મુનિ પ્રસન્ન થઈ તેને વર આપવા તૈયાર થયા.[૯૭–૯૮] ઋતધ્વજે કપિને કહ્યું કે, 'તારા મનમાં જે અભિલાષા હોય તે માગ.' તે સાંભળી તે કપિએ આ પ્રમાણે માગ્યું.[૯૯] 'કપિયોનિને પ્રાપ્ત થયેલા મહા તેજસ્વી વિશ્વકર્માએ કહ્યું કે, 'હે બ્રહ્મન્! જો તમે મને વર આપવા જ તૈયાર થયા છો તો, તમે જે મને આ ઘોર શાપ આપ્યો છે, તેનું નિવારણ કરો. હું ચિત્રાંગદાનો પિતા તપોનિધિ વિશ્વકર્મા છું અને તમારા શાપથી વાંદરાની યોનિ પામ્યો છું. મેં ઘણાં ઘણાં પાપો કરેલાં છે.[૧૦૦–૧૦૨] તે સર્વ વાંદર જાતની ચપળતાથી કર્યાં છે, માટે તે માફ કરો.' ઋતધ્વજે કહ્યું, 'જ્યારે ઘૃતાચીમાં મહા બળવાન્ પુત્રને તું ઉત્પન્ન કરીશ, ત્યારે તારા શાપનો અંત આવશે.

એ પ્રમાણે કહેવાથી પ્રસન્ન થઈ તે કપિ સ્નાન કરવા નદીમાં ઉતર્યો. પછી સર્વેએ સ્નાન કરી પિતૃ તથા દેવતાઓનું પૂજન કર્યું.[૧૦૩-૧૦૫] ત્યાર બાદ તે સઘળા રથો ઉપર બેસી પોતપોતાને સ્થાને ગયા અને ઘૃતાચી સ્વર્ગમાં જવા ઉડી. તેની પાછળ તે કપિ જવા લાગ્યો.[૧૦૬] તે વાંદરે ઘૃતાચીને બહુ રૂપસંપન્ન દીઠી તથા ઘૃતાચીએ પણ તે વાંદરને મહા બળવાન્ કપિરાજ જેવો દીઠો.[૧૦૭] એ વાંદર તે વિશ્વકર્મા પોતે જ છે, એમ જાણી તે નાજુક

અંગવાળી સ્રીને, તેને જોઈ કામ ઉત્પન્ન થયો. પછી કોલાહલ નામના શ્રેષ્ઠ ઉપર ઘૃતાચી તથા કપિરૂપ વિશ્વકર્માએ ઘણા કાળ સુધી વિહાર કર્યો. વિહાર કરતાં કરતાં તેઓ વિંધ્યાચળ પર્વત ઉપર ગયાં.[૧૦૮–૧૦૯] એ ર ઋતધ્વજ વગેરે રથ ઉપર બેસીને તે તીર્થને વિષે આવ્યા અને મધ્યાહ્ન ર થાકી ગયેલા હોવાથી તૃષાની શાંતિને માટે સપ્તગોદાવરના જળમાં ઉતર્યાં. તે સારથિઓ તથા ઘોડાઓ પાણી પી નાહીને શાંત થયા.[૧૧૦–૧૧૧] તે રમ વનપ્રદેશમાં લીલા ઘાસથી છવાયલી જમીન ઉપર ચરવાને ઘોડાઓને મૂક્યા.[૧૧૨] ઘોડાઓ ખાઈને ધરાયા, એટલે શંકરના દેવાલય તરફ આવવા લ તેમની ખરીઓના અવાજથી તે મંદિરમાં રહેલી કન્યાઓ ચમકીને આ શું એમ બોલતી હાટકેશ્વરમાં ગઈ અને તે ડેરા ઉપર ચડી જઈને બીકથી તરફ જોવા લાગી.[૧૧૩–૧૧૪] ત્યાંથી તે કન્યાઓએ તીર્થના જળમાં કરતા ઋતધ્વજ વગેરે ચારે જણને દીઠા. તેમની વચમાં જટામંડળ સુરથને જોઈ ચિત્રાંગદા હરખાઈને હસતી હસતી સખીને કહેવા લાગી,[૧૧૫] જે નીલમેઘ સમાન કાન્તિવાળો દીર્ઘબાહુ યુવાન્ પુરુષ જણાય છે, તે તેજ પુત્ર છે કે, જેને મેં પૂર્વે પતિ તરીકે પસંદ કર્યો હતો.[૧૧૬] અને આ બીજો સુવર્ણ સમાન કાન્તિવાળો જટાભારથી શોભિત પુરુષ દેખાય છે, તે ઋષિરે શ્રેષ્ઠ ઋતધ્વજ મુનિ છે, એમાં જરાપણ શંકા નથી.[૧૧૭] એ સાંભળી દ હર્ષ પામીને બોલી; 'આ બીજો છે તે એમનો પુત્ર જાબાલિ છે, એમાં નથી.' [૧૧૮] એમ કહી તેઓ ડેરા ઉપરથી નીચે ઉતરી શંકર પાસે અ સારાં ગાયન ગાવા લાગી[૧૧૯] અને સ્તુતિ કરવા લાગી કે, 'ૐ નમઃ હે હે શંભુ ! ત્રિનેત્ર ! ચારુગાત્ર ! ત્રૈલોક્યનાથ ! ઉમાપતિ ! તમને નમસ્કાર છે. દક્ષયજ્ઞનો નાશ કર્યો છે, કામદેવનું શરીર બાળી નાંખ્યું છે, ઘોર પાપના કરનારા છો, હે મહા પુરુષ! મહા ઉગ્રમૂર્ત્તિ ! સર્વ સત્વક્ષય કરનાર અને કલ્યાણ કરનાર ! કામના શત્રુ! ત્રિશૂળધારી મહેશ્વર ! તમને નમસ્કાર છે. ગુફામાં વાસ કરો છો, દિશાઓનાં વસ્ત્ર પહેરો છો, મહા ચંદ્રશેખર છો, ધર છો અને મુંડમાલાથી વિભૂષિત શરીરવાળા છો. તમને નમસ્કાર હે વામચક્ષુ ક્ષુભિત ! દેવ પ્રજાધ્યક્ષ ! ભગાક્ષિ ! ક્ષયંકર ! ભીમસેન ! પશુપતિ ! દાહક ! અત્વરવાસિન ! શિવ ! મહાદેવ ! ઈશાન ! શંકર ! ભીમ ! ભવ ! વૃષ કૈટભ ! પ્રૌઢ ! મહાનાટ્યેશ્વર ! ભૂતિરત ! અવિમુક્ત ! રુદ્ર ! રુદ્રેશ્વર ! સ્થાણુ ! લિંગ ! કાલિન્દીપ્રિય ! શ્રીકંઠ ! નીલકંઠ ! અપરાજિત ! રિપુભયંકર ! પતિ ! વામદેવ ! અઘોર ! તત્પુરુષ ! મહાઘોર ! અઘોરમૂર્ત્તિ ! શાંત ! સરસ્વત સહસ્રમૂર્તિ ! મહોદેવ ! વિભુ ! કાલાગ્નિ રુદ્ર ! રૌદ્ર ! હર ! મહીધર ! સર્વતીર્થાધિવાસ ! હંસ ! કામેશ્વર ! કેદાર ! અધિપતિ ! પરિપૂર્ણ ! મુચુકુંદ ! વાસ ! કૃપાણપાણિ ! ભયંકર ! વિદ્યારાજ ! સોમરાજ ! કામરાજ ! મ

રાજ! કન્યાહ્રદજ્જ્વલને! સમુદ્રશાયિન્! ગયામુખ! ગોકર્ણ! બ્રહ્મયોનિ! સહસ્ર વકત્રાક્ષિચરણ! હાટકેશ્વર! તમને નમસ્કાર છે. એ પ્રમાણે કન્યાઓ સ્તુતિ કરતી હતી. તે વખતે ત્યાં ઋતધ્વજ ઋષિ તથા તેમની સાથેના રાજાઓ, ત્રિલોકનાથ ત્રિલોચન હાટકેશ્વરનાં દર્શન કરવા આવ્યા.[૧૨૦]

તેમણે ત્યાં આવીને જોયું કે, તે કન્યાઓ સ્નાન કરી શંકર આગળ ઉભી રહીને ઉત્તમ પ્રકારનું ગાયન કરે છે.[૧૨૧] તે જોઇને સુદેવપુત્ર સુરથ વિશ્વકર્માની કન્યા પોતાની પ્રિયા ચિત્રાંગદાને જોઇને ઘણો હર્ષ પામ્યો.[૧૨૨] ઋતધ્વજ પણ ચિત્રાંગદાને ઉભેલી જોઇને તેને ઓળખીને હર્ષ પામ્યા.[૧૨૩] પછી સર્વેએ શંકર પાસે આવી વિધિપૂર્વક પૂજા કરી અને સ્તુતિ કરી.[૧૨૪] ચિત્રાંગદા તથા બીજી કન્યાઓએ તેઓને પોતાની પાસે આવેલા જોઈ ઉઠી ઉભાં થઈ પ્રણામ કર્યાં.[૧૨૫] પછી ઋતધ્વજ ઋષિ બધાને જોઈ આનંદ પામી સૌની સાથે ત્યાં બેઠા.[૧૨૬] એટલામાં ઘૃતાચી સાથે કપિરાજ પણ ગોદાવરીમાં સ્નાન કરી હાટકેશ્વરનાં દર્શન કરવા ત્યાં આવ્યો.[૧૨૭] ચિત્રાંગદા પોતાની માતા ઘૃતાચીને જોઈ આનંદ પામી;[૧૨૮] અને ઘૃતાચી પણ પોતાની પુત્રીને જોઈ સ્નેહનાં આંસુ સાથે તેને ભેટી પડી અને વારંવાર તેનું મસ્તક સુંઘવા લાગી.[૧૨૯] પછી ઋતધ્વજે કપિને કહ્યું કે, 'ગુહ્યકરાજને લાવવાને અંજન પર્વત ઉપર જાઓ.[૧૩૦] અને પાતાળમાંથી દૈત્યેન્દ્ર કન્દરમાલિને બોલાવી લાવો તથા સ્વર્ગમાંથી ગંધર્વરાજ પર્જન્યને જલદી તેડી લાવો.'[૧૩૧] મુનિએ એ પ્રમાણે કહ્યા પછી દેવવતીએ કહ્યું કે; 'હે. કપિરાજ! ગાલવ મુનિને પણ તેડતા આવજો.'[૧૩૨] એ પ્રમાણે કહ્યા પછી મહા પરાક્રમી તે કપિ અંજન પર્વત ઉપર જઈ ત્યાં આમત્રણ કરી અમર પર્વત ઉપર ગયો.[૧૩૩] ત્યાં પર્જન્યને સપ્તગોદાવર તીર્થે મહા આશ્રમમાં જવાનું કહી તથા મોકલી પછી પાતાલમાં ગયો.[૧૩૪] ત્યાં જઈ મહા વીર્યવાન્ કપિએ કંદરમાલિને આમંત્રણ કર્યું. પછી પાતાળમાંથી નીકળી વેગથી પૃથ્વી ઉપર ચાલ્યો.[૧૩૫] અને તપોનિધિ ગાલવને માહિષ્મતી નગરીમાં જોઇને તેમને લઈ કૂદકા મારતો સપ્તગોદાવર તીર્થમાં લઈ આવ્યો.[૧૩૬] ગાલવે ત્યાં આવી વિધિપૂર્વક સ્નાન કરી હાટકેશ્વરનાં દર્શન કર્યાં અને દમયંતી તથા વેદવતીને પણ ત્યાં જોઈ.[૧૩૭] ગાલવ મુનિને જોઇને બંને કન્યાઓએ ઉઠી તેમને પ્રણામ કર્યાં, અને રાજાઓએ પણ તેમની પૂજા કરી.[૧૩૮] પછી એકબીજાને જોઈ બધા ઘણો હર્ષ પામ્યા અને પછી નિરાંતે બેઠા. એટલામાં બોલાવેલા મહાત્માઓ યક્ષ, ગંધર્વ તથા દાનવો ત્યાં આવ્યા. તેમને આવેલા જોઇને દમયંતી વગેરે તેમની પુત્રીઓ ઘણો હર્ષ પામી, પોતપોતાના પિતાને સ્નેહથી ભેટી પડી.[૧૩૯–૧૪૧] પછી વિશ્વકર્માની પુત્રીની આંખમાં પાણી ભરાઈ આવ્યું. તે રડવા લાગી, એટલે ઋતધ્વજે તેને કહ્યું કે,[૧૪૨] 'હે પુત્રિ! તું દિલગીર થા નહિ. આ વાંદર છે એ જ તારો પિતા છે.' એ સાંભળી તે શરમાઈ ગઈ.[૧૪૩] અને શોક કરવા લાગી કે, મારા પિતા શી રીતે વાંદરપણાને પામ્યા? હું એવી દુષ્ટ

પુત્રી ઉત્પન્ન થઈ, માટે આ શરીરનો મારે ત્યાગ કરવો જોઇએ.૧૪૪ એ પ્રમાણે મનમાં વિચાર કરી તેણે ઋતધ્વજને કહ્યું; 'હે બ્રહ્મન્! હું પાપથી હણાયલ બુદ્ધિવાળી છું. મારું રક્ષણ કરો.૧૪૫ પિતૃહત્યારી હું મરવાની ઇચ્છા રાખું છું મને આજ્ઞા આપો.'

પછી મુનિએ તેને કહ્યું કે, 'તું હમણાં શોક કરીશ નહિ.૧૪૬ ભાવિ પદાર્થ મટતો નથી, માટે તું દેહ ત્યાગ કરીશ નહિ. તારો પિતા ફરીથી વિશ્વકર્માનું રૂપ ધારણ કરશે-૧૪૭ ઘૃતાચીમાં જ્યારે એ પુત્ર ઉત્પન્ન કરશે ત્યાં એ વાનરરૂપથી છૂટી વિશ્વકર્માંરૂપ થશે, એમાં સંશય નથી.' ભવિષ્ય જાણનાર મુનિના એ પ્રમાણે કહેવા પછી ઘૃતાચીએ ચિત્રાંગદા પાસે જઇને કહ્યું કે, '; શોક છોડી દે, દશ માસ પછી નક્કી મને તારા પિતાના જેવો પુત્ર ઉત્પન્ન થશે એ પ્રમાણે ઘૃતાચીએ કહ્યું, એટલે પછી ચિત્રાંગદા ઘણો હર્ષ પામી.૧૪૮-૧૫૦ પછી ત્યાં સુધી તે ચાર્વંગી પોતાના વિવાહની તથા પિતાના દર્શનની વાટ જોતી બેઠી. બીજી કન્યાઓએ પણ તેના સ્નેહને લીધે ત્યાંસુધી પોતાના વિવાહ બંધ રાખ્યા. પછી દશમે માસે ઘૃતાચી અપ્સરાએ ગોદાવરીને તીરે નલ નામના પુત્રને જન્મ આપ્યો. પુત્ર ઉત્પન્ન થવાથી વિશ્વકર્મા પણ વાંદરયોનિથી મુક્ત થયા.૧૫૧-૧૫૩ વિશ્વકર્માએ પોતાની પ્રિયપુત્રીને સ્નેહથી છાતી સાથે ચાંપી, અને પછી પ્રસન્ન થઈ દેવરાજ ઈંદ્રનું બધા દેવો તથા કિન્નરો સહિત તેણે સ્મરણ કર્યું એટલે સર્વ દેવોને લઇને ઇંદ્ર ત્યાં આવ્યા.૧૫૪-૧૫૫ તે હાટકતીર્થમાં દેવો સાથે ઇંદ્ર, ગંધર્વો તથા અપ્સરાઓ આવ્યા પછી ઇંદ્રદ્યુમ્ને મુનિશ્રેષ્ઠ ઋતધ્વજને કહ્યું કે, 'હે બ્રહ્મન્! જાબાલિને કન્દરમાલિની પુત્રી સાથે વિધિપૂર્વક પાણિગ્રહણ કરાવો. દમયંતીને સુરૂપવાન્ શકુનિ સાથે પરણાવો, વેદવતીનું મારી સાથે લગ્ન કરાવો.' પછી ઋતધ્વજે તે મનુપુત્રને કહ્યું કે ભલે તેમ થશે.૧૫૬-૧૫૯ ત્યાર પછી ઉત્તમ રીતે વિવાહવિધિ શરુ થયો અને ગાલવ મુનિ વગેરે ઋત્વિજોએ વિધિવિધાન પ્રમાણે અગ્નિમાં આહુતિ આપવા માંડી.૧૬૦ ગંધર્વો ગાયન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. પ્રથમ દૈત્યકન્યા સાથે જાબાલિનું પાણિગ્રહણ કરાવ્યું,૧૬૧ વેદવતી સાથે ઇંદ્રદ્યુમ્નનું, અને યક્ષ કન્યા સાથે શકુનિનું વિધિપૂર્વક લગ્ન કર્યું.૧૬૨ અને હે કલ્યાણિ! તે પછી ચિત્રાંગદાનું સુરથ સાથે લગ્ન કર્યું. હે તનુમધ્યમે! એ ક્રમથી વિવાહનું કાર્ય સમાપ્ત થયું.૧૬૩ વિવાહકાર્ય સમાપ્ત થયા પછી દાનવાન્ એવા મુનિએ ઇંદ્રાદિ દેવોને કહ્યું કે, 'આ સરસ ગોદાવર તીર્થમાં તમારે સર્વેએ રહેવું અને વિશેષ કરીને ઉત્તમ વૈશાખ માસમાં તો રહેવું જ.' પછી સારું એમ કહી સર્વે દેવો પ્રસન્ન થઈ સ્વર્ગમાં ચાલ્યા ગયા.૧૬૪-૧૬૫ ઋષિઓ પણ પુત્ર જાબાલિને લઇને ગયા અને રાજાઓ પણ પોતપોતાની સ્ત્રીઓને લઇને પોતપોતાના નગરમાં ગયા.૧૬૬ અને ત્યાં રહી આનંદમાં અને વૈભવો ભોગવવા લાગ્યા. હે કલ્યાણિ! એ પ્રમાણે ચિત્રાંગદાનો પૂર્વ વૃત્તાન્ત છે

માટે હે કમલપત્રાક્ષી! લક્ષ્નોત્તમે! તું મને ભજ.[૧૬૭] નરદેવનંદન! દંડે તે બ્રાહ્મણપુત્રીને એ પ્રમાણે કહી તેની સ્તુતિ કરવા માંડી. એટલે પછી તે મૃગલોચની બ્રાહ્મણકન્યા અરજા પણ તે રાજાને ક્રમે ક્રમે કહેવા લાગી.[૧૬૮]

इत्येवमुक्त्वा नरदेवसूनुस्तां भूमिदेवस्य सुतां वरोरुम् ॥
स्तुवन्मृगाक्षीं मृदुना क्रमेण सा चापि वाक्यं नृपतिं बभाषे ॥ १६८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભૈરવ પ્રાદુર્ભાવને વિષે દંડોપાખ્યાન' નામનો પાંસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૬ મો.

રાજા દંડનું ભસ્મ થવું.

अरजा उवाच—नात्मानं तव दास्यामि बहुनोक्तेन किं तव ॥
रक्षंती भवतः शापादात्मानं च महीपते ॥ १ ॥

અરજા બોલી—હે રાજન્! વધારે કહેવાથી શું? હું કોઈ પ્રકારે આત્મદાન કરી શકીશ નહિ. એથી હું તારું તથા મારું બન્નેનું શાપથી રક્ષણ કરું છું.[૧] પ્રહ્લાદે કહ્યું;–રાજા દંડની બુદ્ધિ નાશ પામી હતી અને તેનું ચિત્ત તથા આત્મા કામથી વશ થઈ ગયાં હતાં, તેથી તેણે તે બ્રાહ્મણકન્યા ઉપર બળાત્કાર કરી તેના શીલનો ભંગ કર્યો.[૨] તે બિચારીને ચારિત્રથી ભ્રષ્ટ કરીને તે મદાંધ રાજા આશ્રમથી બહાર નીકળી પોતાને નગર ચાલ્યો ગયો.[૩] તન્વી અરજા પણ શુક્ર તથા વીર્યથી ખરડાયલી આશ્રમથી બહાર નીકળી, નીચું માથું ઘાલી ઉભી થઈ રહી.[૪] વે વારંવાર રડતી હતી, પોતાના પિતાનું સ્મરણ કરતી હતી. મહાગ્રહોથી ઘેરાયલી ચંદ્રની પ્રિયા રોહિણીના જેવી તેની સ્થિતિ થઈ હતી.[૫] પછી ઘણે દિવસે યજ્ઞ સમાપ્ત થયા પછી શુક્રાચાર્ય પાતાળમાંથી પોતાના આશ્રમે આવ્યા.[૬] ત્યાં આવીને જોયું તો સંધ્યારાગથી પરાજિત થયેલી મેઘલેખા જેવી પોતાની પુત્રીને રજસ્વલા થયેલી શોકમગ્ન દીઠી.[૭] તેને જોઇને પૂછ્યું કે 'હે પુત્રિ! તારા ઉપર કોણે આક્રમણ કર્યું? ક્રોધિત થયેલા સર્પ સાથે રમત કરવાની કોણે હિંમત ચલાવી?[૮] તે પાપ કરનાર દુર્મતિ ક્યાં ચાલ્યો ગયો? અને આજ હું ક્યાં જાઉં? તું અત્યંત પવિત્ર આચરણ કરવાવાળી છતાં કયા પાપીએ તારા ઉપર બળાત્કાર કર્યો?'[૯] પોતાના પિતાને જોઈ ધ્રુજતી ધ્રુજતી અને લજ્જાથી રડતી રડતી તે કન્યા ધીમે ધીમે બોલી;[૧૦] 'હે પિતા! મેં બહુ વાર્યો છતાં તમારા શિષ્ય દંડે, હું રડતી અનાથ બાળા ઉપર બળાત્કારથી દુષ્ટ આચરણ કર્યું.'[૧૧] એ પ્રમાણે પુત્રીનું વચન સાંભળીને શુક્રાચાર્યની આંખો ક્રોધથી લાલ થઈ ગઈ. પછી પવિત્ર થઈ આચમન કરી તેમણે શાપ દીધો કે, જે કારણથી તે અવિનયી દંડે મારી આજ્ઞા, ભય અને ઉત્તમ ગૌરવનો તિરસ્કાર કરીને મારી પુત્રી અરજાને ધર્મ-

ભ્રષ્ટ કરી, તે કારણથી તે સાત રાત્રિઓની અંદર રાજ્ય, સૈન્ય, સેવકો અને વાહનો સાથે બળીને ભસ્મ થઈ જજો.[૧૨–૧૪] તે મુનિશ્રેષ્ઠ દંડને એ પ્રમાણે શાપ દઇને પછી પોતાની પુત્રીને કહેવા લાગ્યા; 'હે કલ્યાણિ! તું પાપથી મુક્ત થવાને માટે અહીં જ રહીને તપશ્ચર્યા કર.'[૧૫] ઇક્ષ્વાકુના પુત્ર દંડરાજાને એવી રીતનો શાપ આપીને ભગવાન્ શુક્રાચાર્ય પાતાલમાં દાનવોને ત્યાં ગયા.[૧૬] રાજા દંડ પણ સૈન્ય, વાહન તથા રાજ્ય સહિત, સાત રાત્રિની અંદર મહા બળના ગર્વને લીધે, બળીને ભસ્મ થઈ ગયો.[૧૭]

એ પ્રમાણે થવાથી દેવતાઓ તે દંડકારણ્યનો ત્યાગ કરીને ચાલ્યા ગયા, એટલે મહાદેવે તેને રાક્ષસોનું સ્થાન બનાવ્યું.[૧૮] એ પ્રમાણે પારકી સ્ત્રીઓ પ્રાકૃત પુરુષોને તેમના સુકૃતોથી ભ્રષ્ટ કરી મહા પરાભવ પમાડે છે.[૧૯] માટે હે અંધક! તારે આવી દુર્બુદ્ધિ કરવી ન જોઇએ. પ્રાકૃત સ્ત્રી પણ જો દહન કરવા સમર્થ છે, તો સાક્ષાત્ અદ્રિનંદિની પાર્વતી શું નહિ કરી શકે?[૨૦] અને શંકરને પણ જિતવાને સુર તથા અસુરો કોઈ સમર્થ નથી. અરે તેમના તરફ જોવાની પણ કોઇની શક્તિ નથી, તો રણમાં યુદ્ધ કરવાને તો કોણ શક્તિમાન્ છે?[૨૧] પુલસ્ત્ય બોલ્યાઃ—પ્રહ્લાદજીએ એ પ્રમાણે વચનો કહ્યાં, તેથી ક્રોધથી લાલ આંખો કરીને અંધકાસુર તેમને કહેવા લાગ્યો;[૨૨] 'હે અસુર! ભસ્મ ચોળનાર, ધર્મહીન, એકલો પડી ગયેલો એ શકર, શું મારી સાથે રણમાં યુદ્ધ કરવાને શક્તિવાન્ છે?[૨૩] આ અંધકાસુર ઇંદ્રથી પણ બીતો નથી અને મનુષ્યોથી પણ બીતો નથી તો એ વૃષભવાહન મહાદેવથી શી રીતે બીવાનો હતો?'[૨૪] હે નારદ! એનું એવું ઘોર વચન સાંભળીને પ્રહ્લાદજી બોલ્યા કે, 'ધર્મ અને અર્થથી વિરુદ્ધ, નિંદવા યોગ્ય, આ તારું વચન સહન થઈ શકે એવું નથી.[૨૫] અગ્નિ અને પતંગીયું, સિંહ અને શિયાળ, ગજેન્દ્ર અને મચ્છર, સોનું અને પત્થર, એમની વચ્ચે, હે અંધક! જેટલો ફેર છે, તેથી અનેક ગણો ફેર તારા અને શંકર વચ્ચે છે.[૨૬–૨૭] હે વીર! હું વારવાર તને વારતો આવ્યો છું અને વારુ છું, મહર્ષિ અસિતજીએ જે કહ્યું હતું તે સાંભળ.[૨૮] તેમણે કહ્યુ હતું કે, જે માણસ ધર્મશીલ હોય, જેણે માન તથા રોષને જિતી લીધા હોય, વિદ્યા તથા વિનયવાળો હોય, પારકાને સંતાપ કરતો ન હોય, પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ રહેતો હોય અને પારકી સ્ત્રી તરફ જે નજર પણ ન કરતો હોય, તેને આ લોકમાં કશાનો પણ ભય નથી.[૨૯] જે માણસ ધર્મહીન, કલહપ્રિય, સદા પારકાઓને દુઃખ દેનારો, અને વેદ તથા શાસ્ત્રથી રહિત હોય; તેમ જ પરાયું ધન અને પરાઈ સ્ત્રીની ઇચ્છા કરનારો હોય તથા બીજા વર્ણોનાની સોબત કરતો હોય, તેને આ લોકમાં તથા પરલોકમાં સુખ મળતું નથી.[૩૦] ભગવાન્ પ્રભાકર સૂર્ય ધર્માત્મા થઈ ગયા છે, વારુણિ મુનિએ ક્રોધનો ત્યાગ કર્યો હતો, સૂર્યપુત્ર મનુ મહારાજને વિદ્યા પ્રાપ્ત થઈ હતી અને અગસ્ત્ય મુનિ પોતાની સ્ત્રીમાં જ સંતુષ્ટ મનવાળા હતા.[૩૧] આ સૌ મહાત્માઓએ પોતાના કુલક્રમા-

નુસાર એ પ્રમાણે પુણ્ય કર્મો કરેલાં છે અને તેથી જ તેઓ તેજવાન્ અને શાપ તથા વરદાન દેવાની શક્તિવાળા તથા દેવ અને સિદ્ધોથી પૂજ્ય થયા છે.[૩૨] ઉદ્-ગમિત અધર્મી હતો, વિભુ પણ નિત્ય કલહપ્રિય હતો, નમુચિ પરપીડક હતો અને દુરાત્મા સનક રાજા પરદ્વેષી હતો.[૩૩] દિતિપુત્ર હિરણ્યાક્ષ પરધન લોભી હતો અને તેનો નાનો ભાઈ હિરણ્યકશિપુ પણ અત્યંત મૂર્ખ તથા દુર્મતિ હતો. તેમ જ યદુ રાજા ઉત્તમૌજા સુવર્ણ હરણ કરનારો હતો. એ સઘળાઓ અન્યાયથી પૂર્વે વિનાશને પામ્યા છે.[૩૪] માટે ધર્મનો ત્યાગ કરવો નહિ. ધર્મ એ જ પરમ ગતિ છે. ધર્મહીન પુરુષો રૌરવ નરકમાં જ પડે છે.[૩૫] આ લોકમાં અને સ્વર્ગમાં ધર્મ જ તારવાવાળો કહ્યો છે. તે જ પ્રમાણે અધર્મ આ લોકમાં તથા પરલોકમાં પતનનું કારણ છે.[૩૬] માટે ધર્મવાળા માણસે હંમેશાં પરસ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ. કેમકે પરસ્ત્રી જ એકવીશ નરકમાં લઈ જનારી છે. સર્વે વર્ણોનો આ એક જ મુખ્ય ધર્મ આ લોકમાં કહ્યો છે.[૩૭] જે માણસ પરધનની અને પરસ્ત્રીની ઇચ્છા કરે છે, તે બહુ પ્રકારનાં ઘોર નરકોમાં પડે છે.[૩૮] હે અસુરપતિ ! એ પ્રમાણે અવિનાશી દેવર્ષિ અસિતે પૂર્વે ગરુડ તથા અરુણને ધર્મ કહી સંભળાવ્યો હતો.[૩૯] એટલા માટે ડાહ્યા માણસે પરસ્ત્રીનો દૂરથી જ ત્યાગ કરવો. કારણ કે નહિ તો તે બુદ્ધિહીન માણસનો પરાભવ કરે છે.'[૪૦]

પુલસ્ત્ય કહેવા લાગ્યા; પ્રહ્લાદજીએ એ પ્રમાણે કહ્યું, એટલે અધકાસુરે તેમને કહ્યું કે, 'તમે જ એકલા ધર્માચરણ કરનારા છો તો ભલે. મારે ધર્મ આચરવો નથી.'[૪૧] પ્રહ્લાદને એમ કહીને અંધકે શંબરાસુરને બોલાવી કહ્યું કે, 'હે શંબર! શૈલેન્દ્ર મંદરાચળ ઉપર જા અને શંકરને કહે કે, હે ભિખારી ! સ્વર્ગ જેવા, ગુફાઓથી યુક્ત શૈલેન્દ્ર મંદરપર્વતનું તું શા માટે રક્ષણ કરે છે? અને તને કોણે એ આપ્યો છે કે તે તું વાપરે છે?[૪૨–૪૩] હું રાજ કરતો છતાં ઇંદ્ર વગેરે દેવો પણ મારી આજ્ઞામાં રહે છે, તો તું મારો અનાદર કરી મંદર ઉપર રહેનારો કોણ?[૪૪] જો તારે મંદર પર્વત ઉપર રહેવું જ હોય તો આ જે તારી પત્ની પાર્વતી, તે એકદમ મને આપી દે.'[૪૫] અંધકે એ પ્રમાણે કહ્યું, એટલે શંબર એકદમ મંદર પર્વત ઉપર ગયો. જ્યાં ભગવાન્ પિનાકપાણિ દેવ પાર્વતી સાથે બેઠા હતા.[૪૬] ત્યાં જઇને તે અંધકના અનુચર દૈત્યે પોતાને કહ્યો હતો તેવો સંદેશો કહ્યો. એટલે ભગવાન્ શંકરે પાર્વતીના સાંભળતાં તેને કહ્યું,[૪૭] 'આ મંદર પર્વત મને ઇંદ્રે આપેલો છે, એટલે તેની આજ્ઞા વગર મારાથી તે છોડી શકાય નહિ.[૪૮] વળી પાર્વતી આપવાનું જે કહ્યું, તેનો ઉત્તર તો એ છે કે જો એ એની ઇચ્છાથી આવતી હોય તો લઇ જાઓ. હું કંઇ એને પકડી રાખતો નથી.'[૪૯] આ ઉપરથી પછી પાર્વ-તીએ કહ્યું કે, 'હે શંબર! હું કહું છું, તે અંધકને જઇને કહે;[૫૦] તું તથા શંકર પ્રાણનું પણ કરીને સંગ્રામરૂપી દ્યૂત રમો. હું યુદ્ધમાં પેદલ ઉભી રહીશ. તમારા બેમાંથી જે જિતશે તે મને વરશે.''[૫૧] એ પ્રમાણે કહેવાથી બુદ્ધિમાન્ શંબર

અંધકાસુર પાસે આવ્યો. અને ગૌરીએ જે કહ્યું હતું તે સઘળું તેને કહ્યું.[૫૨] તે સાંભળી દાનવપતિ અંધકને મહા ક્રોધ ચઢ્યો. તેની આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો અને મ્હોડેથી શ્વાસના ફુંફાડા મારતો દુર્યોધન નામે દૈત્યને બોલાવીને કહેવા લાગ્યો;[૫૩] 'હે મહાબાહો! શીઘ્ર જાઓ અને નઠોર સ્ત્રીને મારે તેમ યુદ્ધની દુંદુભિ જોરથી વગાડો.'[૫૪] અંધકની આજ્ઞા થવાથી દુર્યોધને ખૂબ જોર કરીને વારંવાર દુંદુભિ વગાડયું.[૫૫] તે દુંદુભિનો અવાજ જેમ કોઇ ગધેડી ભુંકતી હોય તેવો થતો હતો.[૫૬] તે અવાજ સાંભળીને બધા અસુરો ત્યાં આવ્યા અને આ નગારુ કેમ વગાડયું એમ પૂછવા લાગ્યા.[૫૭] તેઓને સેનાપતિએ પછી બધી વાત કહી, એટલે તે બળવાન્ દૈત્યો યુદ્ધની ઇચ્છાવાળા લઢવાને તત્પર થઇ ગયા.[૫૮] પછી તે સઘળા દૈત્યો હાથી, ઉંટ, ઘોડા તથા રથો ઉપર બેસીને અંધકની સાથે નીકળ્યા. અંધક પણ બે હજાર હાથ લાંબા રથમાં બેઠેલો હતો.[૫૯] એ બધા શંકરને જિતવાને ચાલ્યા. એઓમાં જંભ, કુજંભ, હુંડ, તુહુંડ, બળવાન્ શંબર,'[૬૦] બાણ, કાર્તસ્વર, હસ્તી, સૂર્યશત્રુ, મહોદર, અય, શકુ, શિબિ, શાલ્વ, વૃષપર્વા વિરોચન,[૬૧] હયગ્રીવ, કાલનેમિ, સંહ્લાદ, કાલનાંશ, સરભ, સબલ, બળ, વીર્યવાન્ વૃત્ર,[૬૨] દુર્યોધન, પાક, વિપાક, કાલ, શંબર એ વગેરે મહાવીર્યવાન્ તથા મહાબળવાન્ ઘણા અસુરો હતા. તે નાના પ્રકારનાં આયુધ ધારણ કરીને યુદ્ધ કરવાને ઉત્સુક થઇને જવા લાગ્યા.[૬૩] એ પ્રમાણે દાનવો અને દૈત્યોનો રાજા દુરાત્મા અંધક શંકરની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી મહાપર્વત મંદર ઉપર ગયો. કારણ કે તે મંદબુદ્ધિ કાળપાશથી બંધાઇ ગયો હતો.[૬૪]

इत्थं दुरात्मा दनुदैत्यपालस्तदांधको योद्धुमना हरेण ॥
महाचलं मंदरमभ्युपेयिवान्स कालपाशावशितो हि मंदधीः ॥ ६४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે ભૈરવપ્રાદુર્ભાવે 'અંધક સૈન્ય નિર્ગમન' નામે છાસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૭ મો.
સદાશિવનું દર્શન.

पुलस्त्य उवाच—हरोऽपि समरासन्नः समाहूयाथ नंदिनम् ॥
प्राह मंत्रय शैलान्ये स्थितास्तत्र शासने ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યાઃ—મહાદેવજીએ પણ યુદ્ધની તૈયારી કરીને નંદીને બોલાવીને કહ્યું કે તારા શાસનમાં રહેલા એવા બીજા પર્વત વગેરે સર્વને બોલાવ.[૧] શંકરનું એવું વચન સાંભળીને નંદી ઉતાવળા ગયા અને પછી આચમન કરી ગણનાયકોનું સ્મરણ કર્યું.[૨] નંદીએ સ્મરણ કરેલા હજારો ગણનાયકો ત્યાં દોડી આવ્યા અને શંકરને પ્રણામ કરવા લાગ્યા.[૩] તે સર્વે ગણો આવ્યાની તરથી નંદીએ મહાદે-

વજીને આપી.[૪] નંદીએ કહ્યું:—હે શંભુ! ત્રણ નેત્રવાળા, જટાજૂટથી મંડિત અને પવિત્ર એવા આ સર્વે જેઓ આપને નમસ્કાર કરે છે, તે રુદ્ર નામથી વિખ્યાત છે. એમની સંખ્યા અગિયાર કરોડ છે.[૫] આ બીજા વાંદરના મુખવાળા, આપ જુઓ છો તે સર્વ દ્વારપાળ છે. એ યશરૂપી ધનવાળા, સજ્જ થયેલા અને શાર્દૂલ સમાન પરાક્રમવાળા છે.[૬] આ છ મુખવાળા, મોરના વાહનવાળા અને હાથમાં શક્તિ ધારણ કરનારા કુમારો છે તે સ્કંદ નામના ગણો છે. એમની સંખ્યા છાસઠ કરોડની છે.[૭] તેમ જ આ બીજા શાખ નામના છ મુખવાળા ગણો છે તે છાસઠ કરોડ છે. વળી હે શંકર! વિશાલ અને નૈગમેય નામના બીજા પણ છાસઠ હજાર ગણો છે.[૮] હે શંભુ! આ પ્રમથ નામના સાતસો કરોડ ઉત્તમ ગણો છે. અને એ દરેકની સાથે એક એક માતૃકા છે.[૯] વળી આ શરીરે ભસ્મ ચોળેલા, ત્રિશૂળ ધારણ કરનારા અને ત્રણ નેત્રોવાળા શૈવ નામના ગણેશ્વરો આવેલા છે.[૧૦] તથા આ ભસ્મ ચોળેલા પાશુપત નામના અસંખ્ય ગણો હે વિભો! સહાયને માટે આવેલા છે.[૧૧] આ બીજા કાળના જેવા મુખવાળા પિનાક ધારણ કરનારા તમારા ભક્ત જટાવાળા રૌદ્ર ગણો આવેલા છે.[૧૨] આ મહાવ્રતી નામના ગણો આવેલા છે, તેમણે રક્તચંદનનો લેપ કરેલો છે અને ખટ્વાંગ નામનાં આયુધ ધારણ કરેલાં છે.[૧૩] આ બીજા નિરાશ્રય નામના ગણો આવેલા છે, તેમણે દિશાઓરૂપી વસ્ત્ર પહેરેલાં છે, માથે જટાજૂટ છે અને ઘંટારૂપી હથિયાર ધારણ કર્યાં છે.[૧૪] આ બીજા વૃષભધ્વજ નામના ગણો આવેલા છે તે અવિનાશી છે. તેમને અઢી નેત્ર છે, કમળના જેવી આંખો છે, છાતીમાં શ્રીવત્સનું ચિન્હ છે અને તેઓ ગરુડ ઉપર બેઠેલા છે.[૧૫] આ મહાપાશુપત નામના ગણો આવેલા છે, જેમણે ચક્ર તથા શૂળ ધારણ કરેલાં છે અને વિષ્ણુની સાથે અભેદ બુદ્ધિથી ભૈરવની ઉપાસના કરી છે.[૧૬] વીરભદ્રને આગળ કરીને સિંહના જેવા મુખવાળા ધનુષબાણવાળા આ ગણો આવેલા છે.[૧૭] આ અને બીજા અનેક સેંકડો અને હજારો ગણો તમારી સહાયને માટે આવેલા છે તેમને આજ્ઞા આપો.[૧૮] પછી એ સર્વે ગણોએ આવી, શંકરને પ્રણામ કર્યા. શંકરે તેમનો સત્કાર કરી સૌને બેસવાની આજ્ઞા આપી.[૧૯] મહાપાશુપત ગણોને જોઇને મહાદેવજીએ ઉઠીને તેમને આલિંગન આપ્યું. એટલે તેઓએ શંકરને પ્રણામ કર્યાં.[૨૦] એ જોઇને સર્વે ગણેશ્વરો આશ્ચર્ય પામ્યા અને આનું કારણ શું હશે, એમ વિચારવા લાગ્યા.[૨૧] યોગીઓમાં શ્રેષ્ઠ નંદી, બધા ગણોને વિસ્મય પામેલા જોઇને ગણાધિપ શંકરને પૂછવા લાગ્યા:[૨૨] હે મહેશ્વર! તમે મહાપાશુપત ગણોને આલિંગન આપ્યું તે જોઇને આ સર્વે ગણો વિસ્મય પામ્યા છે.[૨૩] માટે હે વિભો! તેમનું જ્ઞાન, વિવેક તથા રૂપ જે ત્રિલોકનું સાધન છે તે કહો.[૨૪] એ પ્રમાણે નંદીનું વાકય સાંભળીને ભૂતપતિ શંકર ભાવાભાવનો વિચાર કરીને સૌ ગણોને કહેવા લાગ્યા.[૨૫]

રુદ્ર બોલ્યા;—હે ગણો! તમે અત્યંત ભક્તિપૂર્વક શંકરનું પૂજન કર્યું છે, પણ અહંકારથી મૂઢ થઈ જઇને વિષ્ણુની નિંદા કરી છે.[૨૬] એ જ્ઞાનથી તમે વિષ્ણુના

ને મારા એકરૂપપણાનો નિષેધ કર્યો છે; પરંતુ જે હું છું તે જ ભગવાન્ અવિનાશી વિષ્ણુ છે, અને વિષ્ણુ છે તે જ હું છું.[૨૭] અમારા બેમાં કશો ભેદ નથી. એક મૂર્તિ જ અમારા બે રૂપે રહેલી છે. આ મહાપાશુપત ગણોએ જેવી રીતે મને જાણ્યો તેવી જ રીતે વિષ્ણુને પણ જાણેલા છે. પણ આ બીજા ગણોએ તેમ જાણ્યું નથી અને મૂઢબુદ્ધિથી વિષ્ણુની નિંદા કરી છે.[૨૮-૨૯] તેથી તમારુ જ્ઞાન નષ્ટ થયું છે માટે મેં તમને બીજાને આલિંગન કર્યું નથી. એ પ્રમાણે કહ્યુ એટલે બીજા ગણો શંકરને કહેવા લાગ્યા.[૩૦] હે પ્રભો! આપની સાથે વિષ્ણુનું ઐક્ય શી રીતે સંભવે? આપ તો શુદ્ધ સ્ફટિક સમાન શાંત શ્વેત નિરંજન અને જ્ઞાન નિર્મળ છો.[૩૧] અને એ તો કાજળ જેવા છે તે એક શી રીતે કહેવાય? તેમનું એવું વચન સાંભળીને વૃષકેતુ ભગવાન્ શંકર હસીને મેઘના સરખી ગંભીર વાણીથી બોલ્યા: હું કહું છું તે સાંભળો, એથી તમારા યશની વૃદ્ધિ થશે.[૩૨-૩૩] તમે તે મહાજ્ઞાનને માટે અયોગ્ય નથી. અપવાદના ભયથી તમારી આગળ તે ગુહ્ય જ્ઞાન હું પ્રકાશ કરું છું.[૩૪] મારા હૃદયમાં હંમેશાં એ જ પ્રમાણે છે, માટે હું તમને સ્નેહપૂર્વક કહું છું કે, તમે એકરૂપ અને એક દેહપણાના ભાવનો આશ્રય કરો.[૩૫] દૂધ અથવા દહીથી સ્નાન કરાવવાથી, હવિષ્ આપવાથી કે યત્નપૂર્વક ચંદનાદિકથી પૂજા કરવાથી હું પ્રસન્ન થતો નથી.[૩૬] કરવતથી મારા દેહના કકડા કરશો તો પણ મારા દેહમાં સનાતન વિષ્ણુ જ દેખાશે.[૩૭] જે એક વખત આહાર કરે છે અને જે વિષ્ણુભક્ત છે તે બંને આ લોકમાં એક સરખા જ છે એમાં શંકા નથી.[૩૮] આ લોકમાં અમારા બેમાં કંઇ ભેદ જાણવો નહિ, એટલા માટે ભેદ રખાવી હું તમને નરકમાં મોકલવા ચહાતો નથી.[૩૯] તમે જે કમળલોચન, મન્મથ, એવા ભગવાન્ જગન્નાથની નિંદા કરો છો, તે સદૈવ સર્વવ્યાપી છે અને સર્વ ગણોના અધિપતિ છે.[૪૦] એમના જેવો આ ચરાચર જગતમાં કોઇ જણાતો નથી. એ ભગવાન્ પીત, રક્ત અને શ્વેત મૂર્તિ એવા જગતના પતિ છે.[૪૧] આ લોકમાં એમનાથી બીજું કંઇ સત્ય જણાતું નથી. સાત્વિક, રાજસ, તામસ તથા મિશ્ર, એવાં અનેક રૂપ સર્વ પૂજ્ય સદાશિવ ભગવાન્ ધારણ કરે છે. શંકરનું એ વચન સાંભળીને નદી વગેરે પ્રમથોત્તમ ગણો પૂછવા લાગ્યા; હે ભગવન્! સદાશિવ એવું જે તમે વિશેષણ આપ્યું તે અમને સમજાવો. તેમનું એ કહેવું સાંભળીને દેવાધિદેવ શંકર ભગવાને તેમને તે નિરંજન એવું સદાશિવ રૂપ દેખાડ્યું. એ રૂપ હજાર ચક્ષુ અને હજાર ચરણ તથા હજાર ભુજાવાળું હતું.[૪૨-૪૫] જેના હાથમાં દંડ ધારણ કરેલો હતો, અને તે દંડમાં અનેક પ્રકારનાં આયુધો સમાઈ રહેલાં હતાં. એ રૂપ સર્વ દિશામાં વ્યાપ્ત હતું તથા જોઈ ન શકાય એવું ઉગ્ર હતું.[૪૬] ત્યાર પછી તે ગણોએ તેમાં એકમુખ શંકરને દીઠા. જે હજારો રૌદ્રચિન્હ તથા હજારો વૈષ્ણવ ચિન્હોથી વિભૂષિત હતા.[૪૭] જેનું અર્ધું અંગ વિષ્ણુના જેવું હતું તથા અર્ધું અંગ શંકરના જેવું હતું. અને ગરુડધ્વજ વિષ્ણુ વૃષભ ઉપર બેઠેલા

તથા વૃષધ્વજ શંકર ગરુડ ઉપર બેઠેલા દેખાતા હતા.[૪૮] ગણનાયક ત્રિનેત્ર ભગવાન્ જેવું જેવું રૂપ ધારણ કરતા ગયા તેવે તેવે રૂપે મહાપાશુપત ગણો થવા લાગ્યા.[૪૯] પછી બહુરૂપી શંકર ભગવાન્ એકરૂપ થઈ ક્ષણમાં શ્વેત, ક્ષણમાં લાલ અને ક્ષણમાં કાળા રંગના થવા લાગ્યા.[૫૦] ક્ષણમાં મિશ્ર રંગે અને ક્ષણમાં રંગ વગરના દેખાયા. ક્ષણમાં રુદ્ર, ઇંદ્ર, શંભુ અને સૂર્યરૂપે દેખાયા.[૫૧] એક અરધી ક્ષણમાં શંકર તથા વિષ્ણુરૂપ, અને ક્ષણમાં પિતામહ બ્રહ્માના રૂપે. દેખાયા એ પ્રમાણે ભારે ચમત્કાર જોઇને શૈવાદિ ગણોએ જાણ્યું કે બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, સૂર્ય, સૌ એકરૂપ જ છે. અને એ સનાતન દેવાધિદેવ અભેદરૂપે જ છે.[૫૨-૫૩] પછી તે સર્વ પાર્ષદો પાપરહિત થઇ ગયા. એ રીતે તે સૌ પાપ-રહિત અભેદ બુદ્ધિવાળા થયાથી હરિહરરૂપ શંકર ભગવાન્ તેમના ઉપર પ્રસન્ન થયા. પછી પ્રીતિયુક્ત બોલ્યા: હે સારા વ્રતવાળા! તમારા આ જ્ઞાનથી હું તમારા બધા ઉપર પ્રસન્ન થયો છું.[૫૪-૫૫] તમે ઇચ્છિત વર માગો, તે હું આપીશ. તેઓ બોલ્યા: હે ભગવન્! હે ઈશ્વર! ભેદ દૃષ્ટિથી અમને જે પાપ લાગ્યું હોય, તે અમારું પાપ નાશ પામો, એવો વર અમને આપો.[૫૬]

પુલસ્ત્ય બોલ્યા:—'ભલે એમ થશે', એમ કહીને શંકર ભગવાને તેમને પાપમુક્ત કર્યા. પછી તે સર્વ ગણનાયકોને આલિંગન આપ્યું.[૫૭] ત્યારપછી બધા ગણનાયકો, શરણાગતનું દુઃખ નિવારણ કરનાર મહાદેવજીની સાથે મેઘ સમાન અવાજ કરતા ઘોડાઓવાળા રથમાં બેસી મંદરાચળ ઉપર ગયા.[૫૮] શરદ્ઋતુના વાદળા જેવો ધોળો મહાદેવજીનો બળવાન વૃષભ કાળા ચર્મથી આચ્છાદિત થવાથી જેવો શોભે તેવો મંદરાચળ પર્વતરાજ, શંકરનાં ચરણ કમળથી શ્વેત થયેલા, મેઘસમાન કાન્તિવાળા પ્રમથગણોથી ઘેરાયલો શોભવા લાગ્યો.[૫૯]

आच्छादितो गिरिवरः प्रमथैर्घनाभैराभाति शुक्लतनुरीश्वरपादजुष्टः ॥
नीलाजिनाततनुः शरदभ्रवर्णो यद्वद्विभाति बलवान्वृषभो हरस्य ॥ ६९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે ભૈરવપ્રાદુર્ભાવે 'સદાશિવ દર્શન' નામે સડસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૮ મો.

અંધકની સેનાનો પરાજય.

पुलस्त्य उवाच—एतस्मिन्नंतरे प्राप्तः समं दैत्यैस्तथांधकः ॥
मंदरं पर्वतश्रेष्ठं प्रमथाश्रितकंदरम् ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યા:—એ સમયની અંદર દૈત્યો સાથે અંધકાસુર, જેની કંદરાઓને વિષે પ્રમથગણોએ આશ્રય લીધો છે એવા પર્વતશ્રેષ્ઠ મંદરાચળ ઉપર આવ્યો.[૧] દાનવોને જોઇને પ્રમથગણો કિલકિલાટ કરવા લાગ્યા તથા અનેક રીતે તુરીઓ વગાડવા લાગ્યા.[૨] પૃથ્વી તથા આકાશને પૂરનારો તેનો પ્રલય જેવો ભયંકર અવાજ

વાયુમાર્ગમાં રહેલા ગણનાથ વિનાયકે સાંભળ્યો.[3] એટલે તે પ્રમથગણોને લઇને મંદરાચળ ઉપર આવ્યા અને પોતાના પિતા શંકર ભગવાનને જઈ મળ્યા.[4] પછી ભક્તિપૂર્વક મહેશ્વરને પ્રણામ કરીને બોલ્યા કે, હે જગન્નાથ! રણસંગ્રામમાં ઉત્સુક થઇને કેમ બેસી રહ્યા છો?[5] એ પ્રમાણેનું વિઘ્નેશ્વરનું વચન અંબિકાને કહી બતાવીને મહેશ્વર બોલ્યા કે, અમે જાતે અંધકને હણવાને શીઘ્રતાથી જઇએ છીએ.[6] પછી પાર્વતીએ શંકરને વારંવાર આલિંગન કરી સ્નેહપૂર્વક જોઇને કહ્યું કે, હે નાથ! જાઓ, અંધકાસુરને હણો.[7] એમ કહી ગોરોચનથી તેમના ચરણની પૂજા કરી, પ્રસન્ન મનથી તેમને પ્રણામ કર્યા.[8] પછી શંકરે પાર્વતીની સખીઓ માલિની, જયા, વિજયા, જયન્તી અને અપરાજિતાને કહ્યું કે, તમારે સુરક્ષિત ઘરમાં રહેવું અને સાવધાન રહી પ્રયત્નવડે ગિરિપુત્રીનું રક્ષણ કરવું.[9-10] એ રીતે તે સર્વેને આજ્ઞા આપીને વૃષભ ઉપર બેસી, શંકર હર્ષથી યુદ્ધ કરવા ઘરમાંથી ચાલ્યા. તેમની પાછળ બધા ગણો પણ ચાલ્યા.[11] શંકરને નીકળ્યા જોઇને તેમના ગણેશ્વરો પણ જય જય શબ્દનો ઉચ્ચાર કરતા તેમની સાથે ચાલ્યા.[12] હે મહર્ષે! લોકપાલ ત્રિશૂલધર મહેશ્વર ભગવાન્ યુદ્ધમાં જવા નીકળ્યા તે વખતે તેમને જયસૂચક એવાં બધાં સારાં સારાં શુકન થયાં.[13] ડાબી બાજુએ શિવા (શિયાળ) શબ્દ કરતી આગળ ચાલતી હતી. માંસલોભી ક્રવ્યાદગણ તૃપિત થઈ રુધિરપાનની ઇચ્છાથી હર્ષ પામતો આગળ ચાલતો હતો.[14] મહાદેવનું જમણું અંગ નખપર્યંત ફરકવા લાગ્યું. અને હારિત પક્ષી બોલ્યા વગર પાછું જવા લાગ્યું.[15] ભૂતભવ્ય ભવસ્વરૂપ સર્વવ્યાપી શંકર નિમિત્ત જોઇને નંદીને કહેવા લાગ્યા કે, હે નંદિ! આ યુદ્ધમાં મને જય જ દેખાય છે, જરાપણ પરાજય દેખાતો નથી. હે ગણેશ્વર! એવાં શુભ ચિન્હો અહીં દેખાય છે.[16-17] શંકરનું એ વચન સાંભળીને નંદી કહેવા લાગ્યા કે, હે મહાદેવ! તમે બધા શત્રુઓને જિતશો જ એમાં સંદેહ શો છે?[18] એ પ્રમાણે વચન કહીને મહાપાશુપત આદિ સમસ્ત રુદ્ર ગણોને યુદ્ધ કરવાની આજ્ઞા આપી.[19] નાના પ્રકારનાં શસ્ત્ર ધારણ કરનાર વેગવાળા તે વીરોએ પાસે આવીને દાનવના સૈન્યને વજ્ર જેમ ઝાડોને છેદી નાખે તેમ કાપી નાખવા માંડ્યું.[20] પ્રમથગણોથી ઘવાયલા દૈત્ય દાનવો પણ તે પ્રમથ ગણોને હણવા કૂટ તથા મુદ્‌ગર લઇને તત્પર થયા.[21] તે સમયે આકાશમાં ઇંદ્ર, વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય, આદિ દેવો યુદ્ધ જોવાને આવ્યા.[22] હે નારદ! તે વખતે આકાશમાં ગીત વાદ્ય સાથે દુંદુભિનો મહા ઘોષ થઈ રહ્યો.[23] એ પ્રમાણે દેવો જોતા હતા તે વખતે મહાપાશુપત ગણો, ક્રોધ કરીને દાનવ સૈન્યનો સંહાર કરવા લાગ્યા.[24] ગણેશ્વરોથી પોતાનું ચતુરંગ સૈન્ય નાશ પામતું જોઇને દંડ, ક્રોધ કરીને વેગથી દોડી આવ્યો.[25] લોહથી જડેલો ભયંકર પરીઘ જે તે હાથમાં લઇને આવ્યો હતો તે જાણે ઇંદ્રધ્વજ* પકડી આવ્યો હોય તેવો શોભતો

* જાણે ઇંદ્રનો ધ્વજાદંડ ઝૂંટવી લાવ્યો હોય એમ બલાધિક્ય બતાવવા ઉત્પ્રેક્ષા કરી છે. ઇંદ્રધ્વજારોપણ નામે એક ઉત્સવ પણ થાય છે અને તેને માટે નીચે પ્રમાણે પ્રમાણ મળે છે.

હતો.[૨૬] દંડ તે પરિઘને ઘુમાવીને રુદ્ર તથા સ્કંદ આદિ ગણોને રણમાં હણવા લાગ્યો. એટલે સૌ ભયભીત થઈ નાસવા લાગ્યા.[૨૭] એ પ્રમાણે સૈન્યને નાસતું જોઇને ગણનાયક વિનાયક વેગથી દાનવશ્રેષ્ઠ તુહુંડ તરફ દોડ્યા.[૨૮] ગણપતિને આવતા જોઇને દુરાત્મા દૈત્યે જોરથી તેમના કુંભસ્થળને વિષે પરિઘનો ઘા કર્યો.[૨૯] મેરુ પર્વતના શિખરના જેમ વજ્ર પડવાથી કટકા થઈ જાય તેમ વિનાયકના મસ્તક ઉપર પડવાથી પરિઘના હજારો કકડા થઇ ગયા.[૩૦] પરિઘને નિષ્ફળ થયું જોઇને તથા ગણનાયકને આવતા જોઇને દાનવે તેને પોતાના બાહુરૂપી પાશને વિષે બળથી ખેંચીને બાંધી લીધા.[૩૧] તે દૈત્યને મહોદર ગણપતિએ મુદ્ગર તથા પરશ્વધથી માથામાં ઘા કર્યો. એથી લાકડાની માફક તેના બે ભાગ થઇ ગયા, અને તે જમીન ઉપર તૂટી પડ્યો. તથાપિ તે બળવાન્ દાનવેશ્વરે તેમને બાહુપાશથી છોડ્યા નહિ. ગણેશ્વરે છૂટવાને બહુ પ્રયત્ન કર્યો પણ કંઈ વળ્યું નહિ.[૩૨-૩*]

चतुरस्रं ध्वजाकारं राजद्वारे प्रतिष्ठितम् ।
आहुः शक्रध्वजं नाम पौरैर्लोकसुखावहम् ॥

કાલિકા પુરાણમાં એના નિયમ વગેરેને માટે આ પ્રમાણે લખ્યું છે:—

વર્ષાઋતુમાં સૂર્ય સિંહરાશિનો હોય ત્યારે અર્થાત્ ભાદ્રપદમાસમાં શ્રવણ નક્ષત્રયુક્ત દ્વાદશીને દિવસે રાજ્યનું વિઘ્ન દૂર થવાને માટે રાજપુરોહિત, વાજતે ગાજતે જઇને ઇંદ્ર-ધ્વજને માટે શ્રેષ્ઠ લક્ષણયુક્ત અર્જુન, અશ્વકર્ણ, પ્રિયક, ધવક, ગુલર, દેવદાર, શાલ, અથવા તાડના વૃક્ષને રાત્રીને સમયે જઇને આમત્રણ કરી આવે. પછી બીજે દિવસે પાછલે પહોરે તે વૃક્ષને કાપી લાવીને પાણીમાં નાખે, અને પછી તેનો ઇંદ્રધ્વજ બનાવવાને માટે તેને શહેરમાં લઈ આવે. તે પછી તે બનાવેલી ધ્વજાને ભાદ્રપદ શુકલ પક્ષની અષ્ટમીને દિવસે વેદી ઉપર સ્થાપિત કરે. બાવીશ હાથની ધ્વજા અધમ, બત્રીશ હાથની મધ્યમ, બેતાળીશ હાથની ઉત્તમ અને બાવન હાથની સર્વોત્તમ કહેલી છે. ધ્વજા નિર્માણ કર્યા પછી ઇંદ્રના સંબધમાં પંચકુમારીની કલ્પના કરી, શાલમયી સંપૂર્ણ ઇંદ્રમાતૃકાઓને બનાવવી. ધ્વજાના પાદ પરિમાણથી ઇંદ્રકુમારિકાઓને નિર્માણ કરીને તેના ઉર્ધ્વ ભાગમાં ઇંદ્રમાતૃકાઓને નિર્માણ કરવી પછી બે હાથનો યંત્ર બનાવી એકાદશીને દિવસે તે યંત્રમાં ધ્વજાને સ્થાપિત કરવી. અને દ્વાદશીને દિવસે વિસ્તારપૂર્વક ઇંદ્રમંડળ બનાવી તેની વચ્ચે પ્રથમ વિષ્ણુનું અને પછી ઇંદ્રનું પૂજન કરવું. સુવર્ણ, કાષ્ઠ, તૈજસ અથવા મૃત્તિકાની ઇંદ્રની મૂર્ત્તિ બનાવીને શુભ મુહૂર્તમાં રાજાએ ઇંદ્રનું સિંહાસન ઉઠાવવું. અને વાજતે ગાજતે સૈન્ય સહિત પુરોહિત સાથે ધ્વજા મંડપમાં જઈ, ધ્વજાને આભૂષણો પહેરાવીને ઉઠાવવી અને તેના મૂલદેશમાં ઇંદ્રની પ્રતિમાને સ્થાપિત કરી પુરોહિતદ્વારા ઇંદ્રનું તથા ઇંદ્રધ્વજાનું હવન પૂજન કરવું. અને પછી બ્રહ્મભોજન કરાવવું. એ પ્રમાણે સાત દિવસ સુધી ઉત્સવ કરવો. પછી ભરણી નક્ષત્રના છેલ્લા ચરણમાં રાત્રીને સમયે સૌ પ્રાણીઓ સૂઈ ગયા પછી રાજપુરોહિતે ધ્વજાનું વિસર્જન કરવું. રાજાએ વિસર્જન વખતે ધ્વજાનું દર્શન કરવું નહિ. દર્શન કરવાથી છ મહિનામાં રાજાનું મત્યુ થાય છે. તથા વિસર્જન વખતે ધ્વજાને ભંગ થવાથી પણ રાજાનું મૃત્યુ થાય છે. આ ઉત્સવ કરવાથી રાજા પોતાના જીવિત સુધી અતુલ સામ્રાજ્યને ભોગવી અંતે ઇંદ્રલોકમાં જાય છે.

એ પ્રમાણે વિનાયકને બાહુથી જકડાવેલા જોઇને કુંડોદર નામે ગણેશ્વરે દોડી આવી, મુશળથી તે દૈત્યના બંને હાથ ભાંગી નાખ્યા.[૩૪] પછી કલશધ્વજ નામના ગણેશે પ્રાસવડે કરીને રાહુનું હૃદય ભેદી નાખ્યું. તુહુંડ મરાયો અને રાહુ ઘાયલ થયો તે જોઇને સઘળા ગણેશ્વરો ક્રોધથી વિષ છોડવા લાગ્યા.[૩૫] કાલાગ્નિ સમાન પાંચ ગણેશ્વરો એકી વખતે દૈત્યસેનામાં પેઠા અને સંહાર કરવા લાગ્યા. તે જોઇને પવન જેવો વેગવાન બળવાન બલિ, ગદા લઇને દોડી આવ્યો અને વિનાયકના કુંભસ્થળમાં તથા શુંડમાં ઘા કર્યો. કુંડોદરના કર છેદી નાખ્યા. મહોદરનું મસ્તક ફૂટી ગયું અને કપાળ ફાટી ગયું.[૩૬–૩૭] કુંભધ્વજના સંધિબંધ હલાવી નાખ્યા; ઘટોદરની ઉરુસંધિ છિન્નભિન્ન થઈ ગઈ; એ વખતે ગણેશ્વરોને વિમુખ થતા જોઇને વીરવર બળવાન સુરેન્દ્ર ઉતાવળે દોડતો આવ્યો. તેને તથા સ્કંદ, વિશાખ આદિ ગણેશ્વરોને હણવા, દૈત્યને આવતો જોઇને સર્વ ગણોમાં શ્રેષ્ઠ મહેશ્વર નંદીને બોલાવીને કહેવા લાગ્યા. હે વીર! યુદ્ધમાં જા અને દૈત્યોનો સંહાર કર. એ પ્રમાણે કહેવાથી હાથમાં ચક્ર લઈ નંદી રણક્ષેત્રમાં આવ્યો.[૩૮–૪૦] તેણે આવી, બલિના માથામાં ઘા કર્યો એટલે તે મૂર્છા ખાઈ પડ્યો. પોતાના ભાઇના પુત્ર બલિને પડ્યો જોઇને કુજંભ મૂશળ લઇને તેને ઘુમાવતો કોપ કરી નંદી તરફ દોડી આવ્યો. તેને આવતાં જ નંદીએ તેનું મૂશળ પકડી લીધું.[૪૧–૪૨] અને તે જ કુજંભના માથામાં માર્યું એટલે તે પ્રાણ ત્યાગ કરી જમીનપર પટકાઈ પડ્યો. પછી બીજા હજારો દૈત્યોને વજ્રથી ઘાયલ કર્યા.[૪૩] એ પ્રમાણે નંદીથી હણાતા દૈત્યો દુર્યોધનને શરણે ગયા. દુર્યોધને ગણનાયક નંદીથી હણાતા દૈત્યોને જોઇને વિજળીના સમાન તેજસ્વી પાશ, નંદી તરફ " જો જે હવે માર્યો ગયો. " એમ કહીને ફેંક્યો, પણ નંદીએ તેના આવતાં જ વજ્રથી કટકે કટકા કરી નાખ્યા.[૪૪–૪૫] પાશના કકડા થઈ ગયા જોઇને તેણે નંદીના ઉપર મુક્કીનો પ્રહાર કર્યો. પણ વજ્રધારી નંદીએ તુરત જ વજ્રના પ્રયોગથી તેના મસ્તકના તાડના ફળની માફક સેંકડો કકડા કરી નાખ્યા.[૪૬] તે મરાયો જોઇને દૈત્યો દશે દિશાએ નાસવા લાગ્યા. એટલે પોતાના પુત્રને હણાયલો જોઇને હસ્તી, નંદી તરફ દોડી આવ્યો.[૪૭] અને ઘણા વેગથી ધનુષ લઈ યમદંડની સમાન બાણો છોડી તેને ઘાયલ કર્યો. અને મેઘની ધારાઓથી પર્વતને છાઈ દે તેમ નંદી તથા ગણેશ્વરોના ઉપર બાણોની વૃષ્ટિ કરી.[૪૮] વિનાયક આદિ મહા બળવાન્ તથા વીર્યવાન્ ગણો બાણજાળથી આચ્છાદિત થઇને સિંહથી ભયભીત થયેલા બળદોની માફક ચારે તરફ નાસવા લાગ્યા.[૪૯] કાર્ત્તિકસ્વામીએ એ પ્રમાણે સૌને નાસતા જોઈ, તીક્ષ્ણ ધારવાળી શક્તિ પકડીને શત્રુના ઉપર ફેંકી તેનું હૃદય વિંધી નાખ્યું.[૫૦] શક્તિવડે ઘવાયલો દાનવ શ્રેષ્ઠ હસ્તી જમીનઉપર પોતાના સૈન્યની વચ્ચે પડ્યો.[૫૧] એ પ્રમાણે દૈત્યરાજને પડેલો જોઇને ગણેશ્વરે નંદીને આગળ કરી ક્રોધ કરીને દાનવસૈન્ય ઉપર તૂટી પડ્યા અને સંહાર કરવા લાગ્યા.[૫૨] ગણોથી ઘાયલ થયેલા દૈત્યો ફરીથી પાછા યુદ્ધમાં પ્રવૃત્ત થયા. અને પ્રમથ

ગણોની સામે થયા.[૫૩] પણ પછી તેમને નિવૃત્ત થયેલા જોઇને નંદિષેણ તથા વ્યાઘ્રમુખ નામના ગણેશ્વરો ક્રોધથી લાલ આંખો કરી શ્વાસભેર દોડી આવ્યા.[૫૪] એટલે તેમની સામે કાંતસ્વર નામે દૈત્ય હાથમાં પટ્ટિશ તથા ગદા લઇને ક્રોધ કરી ચઢી આવ્યો.[૫૫] પાવક સમાન જાજ્વલ્યમાન એવા તેને આવતો જોઇને તેના માથામાં પટ્ટિશ ઘુમાવીને મારી ગણેશ્વરે તેને ઘાયલ કર્યો.[૫૬] એ પ્રમાણે પોતાના મામાના છોકરા ભાઇને ઘાયલ થયેલો જોઇને તુરંગકન્ધજ નામના દૈત્યે ગણેશ્વર નંદિષેણને પટ્ટિશ સહિત બાંધી લીધો.[૫૭] નંદિષેણને બાંધ્યો જોઇને બળવાન વિશાખ, ક્રોધ કરી હાથમાં શક્તિ લઇને ત્યાં આવ્યો.[૫૮] તેને જોઇ બળવાન અયઃશિરા અસુર હાથમાં પાશ લઇને વિશાખની સામે યુદ્ધ કરવા આવ્યો.[૫૯] અયઃશિરાએ વિશાખને ઘેરી લીધા તે જોઇને શાખ તથા નૈગમેય તેની મદદે તુરત દોડી આવ્યા.[૬૦] એક તરફથી નૈગમેયે અને બીજી તરફથી શાખે વિશાખનું પ્રિય કરવાની કામનાથી શક્તિવડે પ્રહાર કરીને અયઃશિરાનું માથું ભાંગી નાખ્યું.[૬૧] અયઃશિરા તેમનાથી નાઠા અને શંબર પાસે જઇને કહેવા લાગ્યો કે શકરના ગણોથી મને બચાવો.[૬૨] ત્યારે શંકરગણો શક્તિ તથા પાશ કાપી નાખીને જેમ કોઇ આકાશથી ભૂતળમાં જાય તેમ પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા.[૬૩] પાશ કપાઇ ગયો જોઇને શંબર ગભરાઇ સૈન્યમાંથી નાશી ગયો, એટલે કાર્તિકસ્વામીએ શત્રુસૈન્યનો સહાર કરવા માંડ્યો.[૬૪] હે મહર્ષે! શંકરપુત્ર તથા ગણોથી સંહાર પામતી દૈત્યસેના વિવર્ણ બની તથા ભયથી વિહ્વલ થઇ શુક્ર ગુરુને શરણે ગઇ.[૬૫]

सा वध्यमाना पृतना महर्षे सदानवा सर्वसुतैर्गणैश्च ॥
विवर्णरूपा भयविह्वलांगी जगाम शुक्रं शरणं भयार्ता ॥ ६६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'દૈત્ય પરાજય' નામે અડસઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૬૯ મો.

જંભ તથા કુજંભનો વધ.

पुलस्त्य उवाच—ततः कुजंभे च यमालयं गते हते च सैन्ये प्रमथैर्महारथः ॥
त्रस्तोऽन्धकोभ्येत्य गुरुं च शुक्रमिदं वचः सानुनयस्तदाब्रवीत् ।१।

પુલસ્ત્ય બોલ્યાઃ—કુજંભ યમલોકમાં ગયો અને પ્રમથગણોવડે સૈન્ય નાશ પામ્યું ત્યારે મહારથી અંધકાસુર ત્રાસ પામીને સ્વર્ગમાં ગુરુ શુક્રાચાર્ય પાસે ગયો. અને વિનયપૂર્વક કહેવા લાગ્યો.[૧] હે ભગવન! હે બ્રહ્મર્ષિ! તમારે આશરે જ અમે દેવતાઓ તથા ગંધર્વ અને કિન્નરો સાથે વિગ્રહ કરીએ છીએ.[૨] તથાપિ હે ભગવન્! જુઓ, આ મારી રક્ષણ કરાયલી સેના અનાથ સ્ત્રીના જેવી થઇ પડેલી છે.[૩] હે ભાર્ગવ! કુજંભ આદિ મારા ભાઇઓ રણમાં મરાયા. કુરુ-

ક્ષેત્રના ફળની પેઠે તે પ્રમથગણો અસંખ્યાત થઈ પડેલા છે.[૪] તેટલા માટે એવું કરો કે જે શત્રુઓના જાણવામાં ન આવે. યુદ્ધમાં અમે દુશ્મનોને જિતીએ એમ કરવાને તમે શક્તિમાન છો.[૫]

પુલસ્ત્ય બોલ્યાઃ—પરમ ગુરુ શુક્રાચાર્ય અંધકનાં વચન સાંભળીને તેને આશ્વાસન આપી ઉત્સાહ આપતા બોલ્યા કે;–હું તેટલા માટે જ તીર્થમાં જઇશ અને તારું પ્રિય કરીશ.[૬] એ પ્રમાણે કહી તીર્થમાં જઈ પવિત્ર થઇ, શુક્રાચાર્યે સંજીવની વિદ્યાનું વિધિપુરઃસર અનુષ્ઠાન કર્યું.[૭] એ પ્રાપ્ત કરેલી સંજીવની વિદ્યાવડે પ્રમથગણોથી જે જે અસુરો મરાયા હતા તે સર્વે જીવતા થઈ ઉઠીને ઉભા થયા.[૮] કુજંભાદિ દૈત્યો ફરી ફરીને જીવતા થઇને ઉઠવા લાગ્યા અને યુદ્ધ કરવાને આવવા લાગ્યા તે જોઈ નંદીએ શંકર ભગવાનને કહ્યું.[૯] હે પ્રભો! જે જે દૈત્યોને પ્રમથગણોએ રણમાં મારી નાખ્યા તે સર્વે તો ભાર્ગવની વિદ્યાથી પાછા જીવતા થવા લાગ્યા છે.[૧૦] તેથી હે મહાદેવ! જે મહત્કાર્ય અમે રણમાં કર્યું હતું, તે બધું શુક્રની વિદ્યાથી અફળ થઈ ગયું.[૧૧] કુળદીપક નંદીએ એ પ્રમાણે કહ્યું એટલે શકર ભગવાને પ્રસન્ન થઇને ઉત્તમ સ્વાર્થસાધન કહ્યું કે, હે ગણનાયક! જા અને શુક્રને મારી પાસે પકડી લાવ. હું તેને યોગ્ય રીતે બાંધી રાખીશ.[૧૨–૧૩] એ પ્રમાણે મહાદેવે કહ્યું એટલે શુક્રાચાર્યને પકડી લાવવાની ઇચ્છાથી ગણનાયક નંદી દૈત્યસૈન્યમાં ગયો.[૧૪] અસુરપતિએ તેને આવતો જોઇને વનમાં પશુઓ જેમ સિંહને ઘેરી લે તેમ ઘેરી લીધો.[૧૫] નંદીએ વજ્ર જેવાં તેજસ્વી ચક્રથી તેના ઉપર ઘા કર્યો તેથી તે મૂર્ચ્છા ખાઈ પડ્યો એટલે નંદી આગળ ચાલ્યો.[૧૬] એટલે કુજંભ, જંભ, તથા બળવાન વૃત્રાસુર એ ત્રણે, વાઘ જેવા પરાક્રમી નંદીના ઉપર તૂટી પડ્યા.[૧૭] તે જ પ્રમાણે મય પ્રહ્લાદ વગેરે બીજા દાનવશ્રેષ્ઠો પણ નાના પ્રકારનાં આયુધો લઇને નંદીના તરફ દોડી આવ્યા.[૧૮] તે સર્વેએ મળી નંદીને સારી પેઠે કૂટવા માંડ્યો બ્રહ્મા આદિ દેવો તે સૌ જોતા હતા.[૧૯] તે ઉપરથી બ્રહ્માજીએ ઇંદ્રાદિ દેવોને કહ્યું કે તમે સર્વે આ ઉત્તમ અવસરે મહાદેવજીની મદદે જાઓ.[૨૦] પિતામહનાં એ વચન સાંભળીને ઇંદ્રાદિ દેવો વેગથી આકાશમાંથી શિવજીના સૈન્યમાં ઉતરી પડ્યા.[૨૧] મહા સમુદ્રમાં નદીઓનો વેગ પડે તેમ પ્રમથગણોના સૈન્યમાં ઉતરી પડતા દેવોનો વેગ જણાતો હતો.[૨૨] તે વખતે અસુરો તથા પ્રમથગણોના સૈન્યમાં ઘોર કોલાહલ શબ્દ થઈ રહ્યો.[૨૩] તે વખતે સમય જોઇને નંદીએ, સિંહ જેમ વનપશુને પકડી લે તેમ શુક્રાચાર્યને પકડી લીધા.[૨૪] ગણનાયક નંદી શુક્રાચાર્યના સર્વ રક્ષકોને મારીને તેમને પકડી મહાદેવજી પાસે લઇ આવ્યા અને તેમને અર્પણ કર્યા.[૨૫] ભગવાન્ શિવજીએ પછી શુક્રાચાર્યને પકડીને મોંમાં મૂકી દીધા અને સઘળા દેવોના દેખતાં તેમને ગળી ગયા.[૨૬] શંભુના જઠરમાં જઈ પડેલા શુક્રાચાર્ય પછી પ્રેમયુક્ત વાણીવડે શંકરની સ્તુતિ કરવા લાગ્યા.[૨૭]

શુક્રાચાર્ય બોલ્યા:—હે ગુણશાળી હર! તમને નમસ્કાર છે. હે શંકર! હે મહેશ! હે વિશ્વેશ! તમને નમસ્કાર છે.[૨૮] હે લોકનાથ! તમે સૌના જીવન તથા લોકપાલ છો, કામને બાળનારૂ અગ્નિ છો, કાળના શત્રુ છો, વામદેવ છો, તમને નમસ્કાર છે.[૨૯] તમે સવિતા છો, વિશ્વરૂપ છો, વામન છો, સદાગતિ છો, મહાદેવ છો, શર્વ છો, ઈશ્વર છો, તમને નમસ્કાર છે.[૩૦] હે ત્રિનયન! હર! ભવ! શંકર! ઉમાપતે! જીમૂતકેતો! ગુહાસ્મશાનનિરત! ભૂતિવિલેપન! શૂલપાણિ! પશુપતે! ગોપતે! તત્પુરુષ! સત્તમ! તમને વારવાર નમસ્કાર છે. એ પ્રમાણે સ્તુતિ કરવાથી મહાદેવ પ્રસન્ન થયા અને શુક્રને કહ્યું કે, હે ભાર્ગવ! વરદાન માગ. તે ઉપરથી શુક્રાચાર્યે કહ્યું કે હે ભગવન્! હું માગું છું કે, મને આપના જઠરમાંથી બહાર કાઢો.[૩૧] એટલે પછી શંકરે નેત્રો બંધ કરીને શુક્રને કહ્યું કે, 'બહાર નીકળ.' એમ કહેતાની સાથે જ શુક્રાચાર્ય શંકરના પેટમાં ભમવા લાગ્યા.[૩૨] ભમતાં ભમતાં તેણે શંકરના ઉદરમાં, બધાં ભુવનો, સમુદ્રો, પાતાલો તથા તમામ સ્થાવર જંગમ દીઠાં.[૩૩] વળી આદિત્યો, વસુઓ, રુદ્રો, વિશ્વેદેવો, યક્ષો, કિંપુરુષો, ગંધર્વો, અપ્સરાઓ, મુનિઓ, મનુષ્યો, સાધ્યો, પશુ, કીટ, કીડીઓ, જળજંતુઓ, વૃક્ષ, ગુલ્મ, ફલ, મૂલ, ઔષધો, જળચર, સ્થળચર, અનિમેષ, નિમેષ, અવ્યક્ત, વ્યક્ત, દ્વિપદ તથા ચતુષ્પદ, વગેરે સર્વ આશ્ચર્ય સાથે તેણે શિવજીના ઉદરમાં જોયું. એમ ઉદરમાં ભમતાં ભમતાં શુક્રને એક દિવ્ય સંવત્સર એટલે ૩૬૦ વર્ષ થઈ ગયાં.[૩૪—૩૭] પરંતુ ભાર્ગવને તેનો અંત માલમ પડ્યો નહિ. તેથી થાકીને બેઠા. પછી પોતાને થાકેલા જોઈને અને નીકળવાનો રસ્તો ન જોઈને ભક્તિથી નમ્ર થઈને તે મહાદેવને શરણે ગયા.[૩૮] અને સ્તુતિ કરવા લાગ્યા કે, હે વિશ્વરૂપ! હે મહારૂપ! હે વિરૂપાક્ષ! હે સર્વ રૂપ ધારણ કરનાર! હે સહસ્રાક્ષ! હે મહાદેવ! હું તમારે શરણે આવ્યો છું.[૩૯] હે શંકર! હે શર્વ! હે શંભુ! તમને નમસ્કાર છે. તમે સહસ્રનેત્ર તથા ચરણવાળા છો, સર્પનાં આભૂષણ ધારણ કરનાર છો, તમારા ઉદરમાં સર્વ જગત્ મને દેખાય છે. હે પ્રભુ! હું ભ્રાન્ત થયો છું અને તમારે શરણે આવ્યો છું.[૪૦] શુક્રાચાર્યે એ પ્રમાણે કહ્યું એટલે મહાત્મા શંભુ હસીને બોલ્યા કે, હે ભાર્ગવ! હવે તું મારો પુત્ર છે, માટે મારા શિશ્ન માર્ગે નીકળ.[૪૧] તને આખું ચરાચર જગત્ આજથી શુક્ર કહેશે એમાં સંશય નથી. એ પ્રમાણે કહી ભગવાને શિશ્ન માર્ગે શુક્ર છોડ્યું એટલે તેની સાથે તે બહાર નીકળી ગયા.[૪૨] મહાનુભાવ ભાર્ગવવંશચંદ્ર શુક્રત્વ પામીને બહાર નીકળ્યા અને શંભુને પ્રણામ કરીને તુરત અસુરસૈન્યમાં ચાલ્યા ગયા.[૪૩] ભાર્ગવ ફરી પાછા આવ્યા તેને જોઈને દાનવો બહુ હર્ષ પામવા લાગ્યા. અને ફરીથી પાછા ગણેશ્વરો સાથે યુદ્ધ કરવાનો વિચાર કરવા લાગ્યા.[૪૪] દેવતાઓને સાથે લઈને ગણેશ્વરો અસુરોની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને એમ તુમુલ યુદ્ધ થયું. તેમાં સૌ જયની ઈચ્છા કરવા લાગ્યા.[૪૫] હે તપોધન! યુદ્ધ કરતાં કરતાં દેવ તથા દાનવોનું મહાઘોર દ્વન્દ્વ

યુદ્ધ ચાલ્યું.૪૬ તેમાં અંધક નંદી સાથે, અશ્વઃશિરા શંકુકર્ણ સાથે, બલિ કુંભધ્વજ સાથે, અને બુદ્ધિવાન્ વિરોચન નંદિષેણ સાથે યુદ્ધ કરવા લાગ્યા.૪૭ અશ્વગ્રીવ વિશાખ સાથે, શાખ વૃત્ર સાથે, નૈગમેય બાણની સાથે, અને બલરાક્ષસ પરશુ ધારણ કરનાર મહાવીર્ય વિનાયકની સાથે યુદ્ધ કરવા લાગ્યા. એમ દાનવો ક્રોધ કરીને પ્રમથગણો સાથે યુદ્ધ કરવા લાગ્યા.૪૮–૪૯ હે બ્રહ્મર્ષે! એમાં સારી રીતે યુદ્ધ કરતા એવા અંધકાસુરના છસો તો કુટુંબીઓ સગા હતા૫૦ ઇન્દ્રે હાથમાં વજ્ર ધારણ કર્યું હતું અને તે રાક્ષસો સાથે યુદ્ધમાં પરિચિત હતો. તેની સાથે દાનવશ્રેષ્ઠ તુહુંડ યુદ્ધ કરવા લાગ્યો.૫૧ હસ્તી, કુંડજઠર સાથે અને હ્રાદ, વીર ઘટોદરની સાથે, એ પ્રમાણે હે બ્રહ્મર્ષે! એ છસો દાનવો પ્રમથગણો સાથે યુદ્ધ કરવા લાગ્યા,૫૨ હાથમાં વજ્ર લઇને રણોત્કટ આવતો હતો તેને જંભ નામના બળવાન્ મહા અસુરે અટકાવ્યો.૫૩ શંભુ નામે અસુરપતિ બ્રહ્મા સાથે યુદ્ધ કરવા લાગ્યો.૫૪ માયાવી કુજંભ વિષ્ણુ સાથે, સાલ્વ વૈવસ્વત સાથે, ત્રિશિરા વરુણ સાથે, દ્વિમૂર્ધા પવન સાથે, વિરૂપાક્ષ સૂર્ય તથા ચંદ્ર સાથે અને એકાક્ષરુદ્ર મહા અસુર કાલનેમિ સાથે યુદ્ધ કરવા લાગ્યા.૫૫–૫૬ રણોત્કટ તેજસ્વી મહા-અસુર વિદ્યુન્માલી એકલો જ અગિયારે રુદ્રો સાથે યુદ્ધ કરવા લાગ્યો.૫૭ અશ્વિની-કુમારો સાથે નરક, ભાસ્કર સાથે શંબર, અને સાધ્ય તથા મરુદ્ગણો સાથે નિવાતકવચ આદિ અસુરો યુદ્ધ કરવા લાગ્યા.૫૮ હે મહામુને! એ પ્રમાણે હજારો દેવ તથા દાનવોનું દ્વંદ્વયુદ્ધ, છસો દિવ્ય વરસ સુધી ચાલ્યું.૫૯ જ્યારે દેવો દાનવો સાથે યુદ્ધ કરવાને અશક્ત થયા ત્યારે મુખ પહોળું કરીને દાનવો વેગથી દેવોને ગળી જવા લાગ્યા.૬૦ એથી જે સેના પહેલાં દેવો તથા પ્રમથગણોથી ભરેલી હતી તે બધી પ્રમથો તથા દેવો વિનાની શૂન્ય થઈ જવા લાગી.૬૧ એ પ્રમાણે ગિરિશિખ-રોને પ્રમથ તથા દેવોથી શૂન્ય થયેલાં જોઇને રુદ્ર ભગવાને ક્રોધથી જૃંભા નામની અંબિકા દેવીને ઉત્પન્ન કરી.૬૨ તેણે આકર્ષણ કરવાથી તમામ દાનવો આળસુ અને મંદભાષી થઈ ગયા. અને શસ્ત્રો છોડી દઈ વિકૃત વદન કરી બગાસાં ખાવા લાગ્યા.૬૩ દાનવોએ બગાસાં ખાવાથી તેમના દેહમાંથી ગણેશ્વરો તથા દેવો આકુલ વ્યાકુલ થઈ બહાર નીકળી ગયા.૬૪ મેઘ જેવા સ્વરૂપવાળા દાનવના દેહોમાંથી નીકળતા કમળના પત્ર જેવી આંખોવાળા દેવો વિદ્યુત્‌ની માફક શોભવા લાગ્યા.૬૫ હે તપોધન! એ રીતે બહાર નીકળેલા દેવો કોપ કરીને ફરીથી પાછા દાનવો સાથે યુદ્ધ કરવા લાગ્યા.૬૬ અને શંકરથી રક્ષા કરાયલા દેવોવડે સર્વ દાનવો વારંવાર પરાજય પામવા લાગ્યા.૬૭ એ પ્રમાણે સત્યાશી સો વર્ષ વ્યતીત થઈ ગયા પછી અવિનાશી ભગવાન્ ત્રિનેત્ર અષ્ટાદશ ભુજા ધારણ કરી પોતાની સંધ્યા કરવા બેઠા.૬૮ તેમણે સરસ્વતીના જલનો સ્પર્શ કરી વિધિપૂર્વક તેમાં સ્નાન કર્યું. અને કૃતાર્થ થઈ ભક્તિપૂર્વક પોતાના મસ્તક ઉપર અંજલિ નાખી.૬૯ પછી મસ્તક નમાવી પ્રણામ કર્યો તથા પ્રદક્ષિણા કરી અને 'હિરણ્યગર્ભ', ઇત્યાદિ

મંત્રથી તે જપ કરવા લાગ્યા.[૭૦] તે પછી "હે દૃષ્ટા ! તમને નમસ્કાર છે" એમ સમ્યક્રીતે ઉચ્ચાર કરી બળવાન્ શૂલપાણિ બે હાથ ઉંચા કરી ભાવગંભીરપણે નૃત્ય કરવા લાગ્યા.[૭૧] શંકર નૃત્ય કરવા લાગ્યા એટલે સર્વે દેવો તથા ગણો તેમનું અનુકરણ કરીને ભાવયુક્ત નૃત્ય કરવા લાગ્યા.[૭૨] મહાદેવે સંધ્યોપાસન કરી તથા યથેચ્છ નૃત્ય કરી દાનવો સાથે યુદ્ધ કરવાની બુદ્ધિ કરી.[૭૩] એટલે પછી મહાદેવજીના ભુજબળથી રક્ષાયલા દેવોએ તમામ દાનવોનો યુદ્ધમાં પરાજય કર્યો.[૭૪] પોતાનું સૈન્ય પરાજય પામ્યું અને શંકરનો જય થયો તે જોઇને અંધકાસુરે સુંદને બોલાવીને આ પ્રમાણે કહ્યું.[૭૫] હે વીર સુંદ ! તું મારો ભાઈ છે. સર્વ વસ્તુમાં તારો મને વિશ્વાસ છે. તેથી હું તને એક વાત કહું છું તે સાંભળીને પછી જે તને યોગ્ય લાગે તે કર.[૭૬] રણપટુ મહાત્મા મહાદેવ કોઈ પણ કારણથી દુર્જય છે. અર્થાત્ તે મારાથી જિતી શકાય એમ નથી; અને પદ્માક્ષી શૈલનંદિનીની મૂર્ત્તિ મારા અંતરમાંથી ખસતી નથી.[૭૭] તેટલા માટે ઉઠ, જ્યાં તે ચારુહાસિની છે ત્યાં જઇએ. હું ત્યાં જઈ શંભુનું રૂપ ધારણ કરી તેને મોહ પમાડવાની ઇચ્છા રાખું છું.[૭૮] માટે તું શિવનો ગણેશ્વર નંદી થા. ત્યાં જઇ તેને ભોગવીને પછી દેવ તથા પ્રમથગણોને જિતીશું.[૭૯] એ પ્રમાણે કહ્યું એટલે "બહુ સારુ" એમ સુંદે કહ્યું. પછી તે નંદી થયો અને અંધકે શંકરનું રૂપ ધારણ કર્યું.[૮૦] દૈત્યપતિ અંધક અને સેનાપતિ સુંદ, શંકર તથા નંદીનું રૂપ ધારણ કરીને મંદરાચળ પર્વત ઉપર ગયા. શસ્ત્રપ્રહારોથી તેમના શરીર ઉપર ઘણા ઘા પડેલા હતા.[૮૧] અસુરશ્રેષ્ઠ અંધકે નંદીનો હાથ ઝાલીને નિઃશંકપણે હરમંદિરમાં પ્રવેશ કર્યો.[૮૨] પ્રહારથી જર્જર શરીર થયેલા અંધકને શંકરનું રૂપ ધરીને દૂરથી આવતો ગિરિસુતાએ દીઠો.[૮૩] અને નંદીનું રૂપ ધારણ કરી સુંદને પણ પ્રવેશ કરતાં દીઠો. તેમને જોઇને ગિરિજાએ પોતાની સખીઓ માલિની તથા જયા અને વિજયાને કહ્યું:[૮૪] હે જયા ! જો, મહાદેવજીએ મારે માટે ભયંકર શત્રુઓની સાથે વૈર કર્યું છે તે. માટે જલદી ઉઠો.[૮૫] જુનું ઘી, વસ્ત્ર, તથા લવણ લાવો. હું જાતે જ પિનાકીના ઘા રુઝવવાનું ઓસડ કરીશ.[૮૬] અને તમે પણ જલદી એનું ઓસડ કરો. એમ કહીને તે સિંહાસન ઉપરથી ઉઠીને ઉભાં થયાં.[૮૭] પછી તેણે ઉભાં થઇને, તે શંકર છે, એમ માનીને શરપત્રથી દરેક ઘાને વારંવાર છેદીને સમા કર્યા.[૮૮] એમ કરતાં કરતાં તેણે જોયું કે તે બન્ને માયાવી દુષ્ટોએ શંકર તથા નંદીનું રૂપ ધારણ કરેલું છે.[૮૯] તેથી પછી હે મુને ! ગિરિસુતા નાસી ગયાં. દેવીનો અભિપ્રાય જાણીને અંધકાસુર પણ સુંદનો ત્યાગ કરી જે રસ્તે તે ગયાં હતાં તે રસ્તે તેમની પાછળ દોડ્યો.[૯૦-૯૧] તેને પાછળ આવતો જોઈ દેવી જમીનપર પદપ્રહાર કરતાં તથા તેનો તિરસ્કાર કરતાં ભયથી આગળ દોડવા લાગ્યાં.[૯૨] એ પ્રમાણે તે ઘર છોડીને ઉપવનમાં સખીઓ સાથે આવ્યાં. ત્યાં પણ તે મદાંધ પાછળ આવ્યો.[૯૩] તોપણ તેમણે તપનું રક્ષણ કરવાને તેને શાપ આપ્યો નહિ. છેવટે તેના ભયથી ગૌરી શ્વેત આકડાના ફૂલમાં સંતાઇ ગયાં.[૯૪] વિજયા

વગેરે સખીઓ પણ ગુલ્મ તથા લતાઓમાં સંતાઈ ગઈ. એમ એ સઘળીઓને જતી રહેલી જોઇને અંધકાસુર સુંદનો હાથ પકડીને પાછો પોતાના સૈન્યમાં આવ્યો. હે મુનિસત્તમ! અંધક પોતાના સૈન્યમાં પાછો આવ્યો એટલે પાછું પ્રમથગણોનું તથા અસુરોનું મહાયુદ્ધ શરુ થયું. તે વખતે સુરશ્રેષ્ઠ વિષ્ણુએ ચક્ર તથા ગદા ધારણ કરીને શંકરનું પ્રિય કરવાને માટે અસુરસૈન્યનો સંહાર કરવા માંડ્યો. તેમાં શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે મોટ મોટા દાનવો વિંધાઈ જવા લાગ્યા.[૯૫–૯૮] પાંચ પાંચ, છ છ, સાત સાત, અને આઠ આઠ બાણોથી, સૂર્યકિરણોથી મેઘમંડળ છિન્ન ભિન્ન થઈ જાય તેમ, દૈત્યસેનાને વિષ્ણુએ છિન્ન ભિન્ન કરવા માંડી. કોઇને ગદાથી તો કોઇને ચક્રથી પૂરા કર્યા.[૯૯] કોઇને ખડ્ગથી કાપી નાખ્યા અને કોઇને દૃષ્ટિથી ભસ્મ કરી નાખ્યા. કેટલાકને હળથી ખેંચીને ચીરી નાખ્યા અને કેટલાકને મુસળથી છુંદીને ચૂરો કરી નાખ્યા.[૧૦૦] ગરુડની પાંખોના પ્રહારથી કેટલાકની છાતી ચીરાઈ ગઈ તથા મો ભાગી ગયાં. એ સમયે આદિ પુરુષ પુરાણુ પિતામહ પણ પોતાનું મહાકમળ ઘુમાવવા લાગ્યા તથા તેનાથી પાણીવડે અભિષેક કરવા લાગ્યા. સર્વ તીર્થમય બ્રહ્મજલનો સ્પર્શ થવાથી સર્વ ગણો તથા દેવોએ નવીન શરીર ધારણ કર્યાં અને સેંકડો નવા ગણો તથા દેવો ઉત્પન્ન થયાં. પાપહારી તે જલના સ્પર્શથી દાનવો પણ, વજ્રથી જેમ પર્વતો નાશ પામે તેમ વાહનો તથા ઘરબાર સહિત નાશ પામવા લાગ્યા. એ પ્રમાણે યુદ્ધમાં બ્રહ્મા તથા વિષ્ણુ મહા અસુરોનો સંહાર કરતા હતા તે જોઇને શતક્રતુ ઇંદ્ર યુદ્ધનો નિશ્ચય કરીને ત્યાં આવ્યો. તેને આવતો જોઇને દાનવશ્રેષ્ઠ બલ, ગદાપાણિ વિષ્ણુ તથા વિમાનમાં બેઠેલા બ્રહ્માજીને ક્રમશઃ પ્રણામ કરીને મુષ્ટિ ઉગામીને યુદ્ધ કરવા ચાલ્યો. એ દાનવપતિ મહા બલવાન અને દેવ તથા દાનવોથી અજેય હતો.[૧૦૧–૧૦૬] તેને આવતો જોઈ દેવપતિ ઇંદ્રે પોતાના બે હજાર હાથથી જોર કરી, ઘુમાવીને તે અસુરપતિના માથામાં વજ્ર માર્યું.[૧૦૭] હે મુને! એ વજ્ર સર્વ અસ્ત્રોમાં ઉત્તમ હતું તોપણ તે અસુરના માથામાં વાગવાથી તેના હજારો કટકા થઇ ગયા. અને પછી બલને દોડતો આવતો જોઇને સુરરાજ ઇંદ્ર ભયભીત થઇને યુદ્ધમાંથી પાછો ફરીને નાસવા લાગ્યો.[૧૦૮] તેને પાછો ફરતો જોઈ, ભૂત ગણથી વિંટાયલા જંભે તેને કહ્યું કે, હે ઇંદ્ર! ઉભો રહે. તું ચરાચરનો રાજા છે. રાજધર્મમાં કોઈ ઠેકાણે યુદ્ધમાંથી નાસવાનું કહ્યું નથી.[૧૦૯] હે મહર્ષિ! જંભનું વચન સાંભળીને એકદમ ભયભીત થઇ ઇંદ્ર વિષ્ણુને શરણે ગયો. અને કહેવા લાગ્યો કે, હે વિષ્ણો! તમે ભૂત અને ભવ્યના નાથ છો. હે ઈશ! મારું વચન સાંભળો.[૧૧૦] મને આયુધ વગરનો જોઇને જંભ મારો તિરસ્કાર કરે છે. માટે હે ભગવન્! મને આયુધ આપો. હું આપને શરણુ આવ્યો છું.[૧૧૧] પછી વિષ્ણુ ભગવાને ઇંદ્રને કહ્યું કે, તું હમણાં વજ્ર મૂકી દઇને જા, અને આયુધને માટે અગ્નિની પ્રાર્થના કર. તે તને નિઃશંક આયુધ આપશે.[૧૧૨] જનાર્દન ભગવાનનાં વચન સાંભ-

બીને અતુલ પરાક્રમી ઇન્દ્ર અગ્નિને શરણે ગયો અને આ પ્રમાણે વચન બોલ્યો.[૧૧૩] ઇંદ્રે કહ્યું:–હે અગ્નિદેવ! બલને મારતાં મારા વજ્રના સેંકડો કકડા થઇ ગયા છે. આ જંભ મને લડવાને બોલાવ્યા કરે છે, માટે મને આયુધ આપો.[૧૧૪]

પુલસ્ત્ય બોલ્યા:—અગ્નિ ભગવાને તેને કહ્યું કે, હે ઇંદ્ર! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. કેમકે તું અહંકારનો ત્યાગ કરીને મારે શરણે આવ્યો છે.[૧૧૫] એ પ્રમાણે કહી પોતાના અસાધારણ પ્રભાવ બળવડે પોતાની શક્તિમાંથી શક્તિ કાઢીને ઇંદ્રને આપી. અને પછી પોતે આનંદ પામતા સ્વર્ગમાં ચાલ્યા ગયા.[૧૧૬] ઇંદ્ર તે ભયંકર શતઘટા નામની શક્તિ લઇને જંભને હણવા ફરીથી યુદ્ધમાં આવ્યો.[૧૧૭] ઇંદ્ર તે શક્તિસહિત સૈન્યમાં આવ્યો એટલે જંભે ક્રોધ કરીને સામે આવી ઐરાવત હાથીના કુંભસ્થળમાં એક મુષ્ટિનો પ્રહાર કર્યો.[૧૧૮] જંભની મુષ્ટિના પ્રહારથી ઐરાવત, પૂર્વે વજ્રના પ્રહારથી જેમ પર્વત જમીન ઉપર તૂટી પડતા હતા, તેમ જમીન ઉપર પડ્યો.[૧૧૯] ગજેન્દ્રને પડેલો જોઇને એકદમ ઇંદ્ર તેના ઉપરથી કૂદીને મંદરાચળનો ત્યાગ કરી પૃથ્વીતળ ઉપર આવતો રહ્યો.[૧૨૦] ઇંદ્રને પડતો જોઇને સિદ્ધો તથા ચારણોએ તેને કહ્યું કે, હે ઇંદ્ર! હમણાં પૃથ્વી ઉપર પડીશ નહિ, પડીશ નહિ. ઉભો રહે.[૧૨૧] તેમનું વચન સાંભળીને ઇંદ્ર ઉભો રહ્યો અને બોલ્યો કે, હું નીચે પડું છું તે વાહન વગર શત્રુઓ સાથે શી રીતે યુદ્ધ કરી શકું![૧૨૨] દેવો તથા ગંધર્વોએ તેને કહ્યું કે, હે ઇંદ્ર! તુ દિલગીર થઇશ નહિ. અમે જગદ્રથ મોકલીએ છીએ તેના ઉપર બેસીને યુદ્ધ કર.[૧૨૩] એ પ્રમાણે કહીને એક વિશાળ રથ મોકલ્યો, જેના ઉપર સ્વસ્તિકનું ચિન્હ છે. જેની ધ્વજા ઉપર વાંદ-રનું નિશાન છે અને જેને કેળવાયલા ઘોડા જોડેલા છે.[૧૨૪] જે શુદ્ધ સુવર્ણનો બનાવેલો છે, ઝીણી ઝીણી ઘંટડીઓથી સુશોભિત છે. એવો રથ વિશ્વાવસુ આદિ દેવોએ ઇંદ્રને માટે મોકલ્યો.[૧૨૫] સારથિ વગર તે રથ આવેલો જોઇને ઇંદ્રે કહ્યું કે, હું ઘોડાઓને કબજે શી રીતે રાખીશ અને યુદ્ધ શી રીતે કરીશ?[૧૨૬] જો હમણાં કદાપિ કોઈ મારું સારથિપણું કરે, તો હું નિશ્ચે શત્રુને મારું; એમાં કંઈ ફેર નહિ.[૧૨૭] એ સાંભળીને ગંધર્વો કહેવા લાગ્યા કે, હે દેવ! એ રથને સારથિની જરૂર નથી. ઘોડાઓ પોતાની મેળે જ નિયમમાં રહી શકે એવા છે.[૧૨૮] એમ બોલે છે એટલામાં ઇંદ્ર રથ ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયો.[૧૩૯] નીચે પડવાથી તેના માથાનો મુગટ ખસી ગયો, વાળ છૂટી ગયા, અને બાણનો ભાથો પણ પડી ગયો. રથ ઉપરથી ઇંદ્ર પડી જવાથી પૃથ્વી કંપવા લાગી.[૧૩૦] પૃથ્વીને કંપાયમાન થતી જોઈ શમીક ઋષિની તપસ્વિની સ્ત્રી પોતાના પતિને કહેવા લાગી કે, હે પ્રભો! બાળકને જાળવીને ધીમે રહીને બહાર લાવો.[૧૩૧] સ્ત્રીનું વચન સાંભળીને ઋષિએ પૂછ્યું કે, શામાટે? ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, હે નાથ! જોશી લોકોએ કહ્યું છે તે સાંભળો.[૧૩૨] જ્યારે પૃથ્વી કંપાયમાન થાય ત્યારે જે વસ્તુને બહાર કાઢવામાં આવે તે વધે છે અને બમણી થાય છે.[૧૩૩] એવાં

સ્ત્રીનાં વચન સાંભળીને બાળક પુત્રને બહાર લાવીને નિઃશંકપણે શીઘ્રતાથી પૃથ્વીતળપર મૂકયો.[૧૩૪] પછી ગાયો બહાર લાવવાથી તે પણ બમણી થશે એમ જાણીને ગાયો બહાર લાવવા ઋષિ ફરીથી ઘરમાં પેઠા. એટલે સ્ત્રીએ તેમને ઘરમાં જતાં વાર્યા અને કહ્યું કે એમ કરવાથી તમને નુકસાન થશે.[૧૩૫] સ્ત્રીએ એમ કહ્યું એટલે ઋષિ એકદમ બહાર નીકળી આવ્યા. બહાર આવીને તેમણે જોયું તો એકને બદલે બે બાળક સમાન રૂપ અને વયના થયેલા દીઠા.[૧૩૬] દેવતાઓને પૂજવા યોગ્ય તે સુંદર બાળકને જોઇને ઋષિએ પોતાની સ્ત્રીને પૂછ્યું કે, એનું તત્ત્વ હું જાણુતો નથી, માટે એનું કારણ શું હશે તે મને કહે.[૧૩૭] આ બીજો બાળક કેવા ગુણોથી યુક્ત થશે? ગાલવ મુનિએ એના જે ગુણકર્મ તને કહ્યા હોય તે મને હમણાં કહે.[૧૩૮] સ્ત્રીએ કહ્યું કે, હે પ્રભો! હમણાં હું કહી શકતી નથી. ફરીથી કોઇ વખત કહીશ. ઋષિએ કહ્યું કે ના, હમણાં જ કહે, નહિ તો હું ભોજન કરીશ નહિ.[૧૩૯] સ્ત્રીએ કહ્યુ, હે બ્રહ્મન્! તમે બીકણુની માફક પૂછો છો ત્યારે કહું છું કે, એ બાળક ઇંદ્રનો સારથિ થશે.[૧૪૦] એ પ્રમાણે કહેતાંની સાથે જ તે રથવિશારદ મુગ્ધ બાળક ઇંદ્રને સાહાય્ય કરવાને તે તરફ ચાલ્યો.[૧૪૧] તેને જતો જોઇને વિશ્વાવસુ વગેરે ગંધર્વોએ તેને ઇન્દ્રનો સહાયક જાણીને પોતાનું તેજ આપીને તેનું સંવર્ધન કર્યું.[૧૪૨] ગંધર્વના તેજયુક્ત તે બાળક ઇંદ્ર પાસે આવીને બોલ્યો કે, હે દેવેશ! આવો, હું આપનો પ્રિય સારથિ થઇશ.[૧૪૩] તે સાંભળીને ઇંદ્રે પૂછ્યું કે, હે બાળક! તું કોનો પુત્ર છે? તું ઘોડાઓને શી રીતે કબજે રાખીશ? એ બાબતનો મને સંશય છે.[૧૪૪] તે બાળકે કહ્યું કે, હે ઇંદ્ર! હું પૃથ્વીથી ઉત્પન્ન થયેલો શમિક ઋષિનો પુત્ર છું, એમ જાણ. ગંધર્વના તેજથી હું વૃદ્ધિ પામેલો છું અને ઘોડા હાંકવામાં કુશળ છું.[૧૪૫] તે સાંભળી યોગીઓમાં શ્રેષ્ઠ ઇંદ્ર ભગવાન્ આકાશમાં વિરાજમાન થયા, અને તે બ્રાહ્મણબાળક માતલિ નામે પ્રખ્યાત થયો.[૧૪૬] પછી દેવરાજ ઇંદ્ર સુંદર રથ ઉપર ચઢ્યો, અને શમિકપુત્ર માતલિએ હાથમાં ઘોડાઓની રેન પકડી.[૧૪૭] પછી મદરાચળ ઉપર આવીને શત્રુની સેનામાં પ્રવેશ કર્યો. ત્યાં આવતાં જ તેણે એક મોટું ધનુષ્ય જોયું.[૧૪૮] તે સફેત, લાલ, શામ, ગુલાબી, અને ફિક્કા એવા પાંચ રંગવાળું હતું, તેની સાથે બાણ પણ હતાં. એ ધનુષ, બાણોસાથે ઇંદ્રે હાથમાં લીધું.[૧૪૯] તે પછી રજ, સત્ત્વ અને તમોગુણમય દેવોને મનથી નમસ્કાર કરીને ઇંદ્રે ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યાં.[૧૫૦] બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના નામનાં નિશાનવાળાં હજારો બાણો ધનુષ્યમાંથી નીકળીને છૂટવા લાગ્યાં.[૧૫૧] અને અસુરોનો નાશ કરવા લાગ્યાં. હે નારદ! ઇંદ્રે આકાશ, દિશાઓ, વિદિશાઓ, અને પૃથ્વી તરફ શત્રુના સૈન્યને છાઇ દીધું.[૧૫૨] હાથી તથા ઘોડા ઘાયલ કર્યા, રથી પૃથ્વી ઉપર પડ્યો, મહાવત જમીનપર ગબડી પડ્યો અને જંભ પણ બાણથી ઘાયલ થઇને પગપાળો થઇ પડ્યો. એમ આગેવાન નાશ પામવાથી લશ્કર નાસી જવા

લાગ્યું.૧૫૩-૧૫૪ ઇંદ્રના બાણોથી પોતાનું સૈન્ય નાશ પામતું જોઇને કુંજંભ તથા જંભાસુર હાથમાં બે ભયંકર ગદાઓ લઇને ઇંદ્ર તરફ દોડ્યા.૧૫૫ તેમને આવતા જોઇને વિષ્ણુ ભગવાને શત્રુનો નાશ કરનારા સુદર્શન ચક્રવડે કુજંભને માર્યો એટલે તે ગતપ્રાણ થઇને એકદમ રથ ઉપરથી જમીન ઉપર પડ્યો.૧૫૬ પોતાના ભાઇને વિષ્ણુએ માર્યો તે જોઇને જંભને ઘણો ક્રોધ ચડ્યો. અને ક્રોધવશ થઇને તે, મંદબુદ્ધિ હરિણ જેમ સિંહના ઉપર ચડી આવે તેમ, ઇંદ્રના ઉપર ચડી આવ્યો.૧૫૭ તેને આવતો જોઇને મહાત્મા ઇંદ્રે બાણસહિત ધનુષ્યનો ત્યાગ કરીને યમદંડના જેવી શક્તિ હાથમાં લઇ જંભના વધને માટે છોડી૧૫૮ ઘટના જેવો અવાજ કરતી તે શક્તિને આવતી જોઇને જંભે તેના ઉપર ગદા ફેંકી, પણ ગદાને ભસ્મ કરી નાખી તે શક્તિએ તુરત જંભના હૃદયને ભેદી નાખ્યું.૧૫૯ શક્તિવડે હૃદય ભેદાઇ જવાથી તે મહા અસુર પ્રાણરહિત થઇ જમીનપર પડ્યો. તેને પડ્યો જોઇને દૈત્યો ભયભીત થઇ સૈન્યમાંથી વિમુખ થઇ નાસવા લાગ્યા.૧૬૦ જંભ મરાયે, અને દૈત્યસૈન્ય નાસવા લાગ્યું તે જોઇ ગણો હર્ષમાં આવી ગયા અને ઇંદ્રની પૂજા કરી તેની પ્રશંસા કરવા લાગ્યા. પછી ઇંદ્ર શંકરની પાસે આવીને ઉભો રહ્યો.૧૬૧

जंभे हते दैत्यबले च भग्ने गणास्तु हृष्टा हरिमर्चयन्तः ॥
वीर्यं प्रशंसंति शतक्रतोश्च सगोत्रभिच्छर्वमुपेत्य तस्थौ ॥ १६१ ॥

ઇતિ શ્રી વામનપુરાણે ભૈરવપ્રાદુર્ભાવે 'સદાશિવ દર્શન' નામે ઓગણોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૦ મો.

અંધકનો પરાજય તથા વરપ્રાપ્તિ.

पुलस्त्य उवाच—तस्मिंस्तदा दैत्यबले च भग्ने शक्रोऽब्रवीदंधकमासुरेंद्रम् ॥
एह्येहि वीराद्य गता महासुरा योत्स्याम भूयो हरमेत्यशैलम् ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યા—દૈત્યસૈન્ય નાસી ગયું એટલે ઇંદ્રે અસુરેન્દ્ર અંધકને કહ્યું કે, હે વીર! આવ આવ, તારા મહા અસુરો બધા જતા રહ્યા, તો હવે આપણે બે મંદરાચળ ઉપર યુદ્ધ કરીએ.૧ હે બ્રહ્મન્! તેને અંધકે કહ્યું કે, તેં ઘણું સારું કહ્યું. હું કુલધર્મની રક્ષા કરનારો છું તેથી રણમાંથી નાસી જનાર નથી.૨ હે દ્વિજશાર્દૂલ! તું મારા દુર્ધર વીર્યને જો. તારા સહિત હું દેવ, દાનવ, ગંધર્વો અને મહેશ્વરને પણ જિતવા સમર્થ છું.૩ હિરણ્યાક્ષસુત અંધક, એ પ્રમાણે વચન બોલીને ક્રોધ કરીને આશ્વાસનપૂર્વક સારથિને મધુર વચન કહેવા લાગ્યો.૪ હે સારથિ! હે મહાબલ! શંકરની પાસે રથ હાંક. હું બાણોની વૃષ્ટિ કરી પ્રમથગણો તથા દેવસૈન્યનો નાશ કરું.૫ હે મુને! એ પ્રમાણે અંધકનાં વચન સાંભળી, સારથિએ કાળા રંગના તથા મોટા શરીરવાળા ઘોડાઓને શંકર તરફ હાંક્યા.૬

તે ઘોડાઓ મહામહેનતે હાંકતાં છતાં વારંવાર ઘુંટણમાંથી બેસી જતા હતા અને દુઃખે કરીને રથને ખેંચતા હતા.[૭] ઘોડાઓ વાયુ જેવા વેગવાળા હતા, તો પણ એક વર્ષથી પણ વધારે વખતે શંકર પાસે આવ્યા.[૮] પછી અંધકે ધનુષ્ય ખેંચીને અર્ધ ચંદ્ર બાણોવડે ઇંદ્ર તથા ઉપેન્દ્ર સહિત મહેશ્વરને વિંધી નાખ્યા.[૯] ત્રિલોકનું રક્ષણકર્તા ભગવાન્ જનાર્દન દેવસેનાને બાણોથી આચ્છાદિત થયેલી જોઇને દેવતાઓ પ્રતિ બોલ્યા.[૧૦]

વિષ્ણુ કહે છેઃ--હે દેવો! આ પ્રમાણે હણાતા છતાં શામાટે બેસી રહ્યા છો? જયની ઇચ્છા હોય તો એને કબજે કરવાનો પ્રયત્ન કરો.[૧૧] સારથિ સહિત ઘોડાઓનો નાશ કરો અને રથને ભાંગી નાખી શત્રુને રથ વગરનો કરો.[૧૨] એને રથહીન કરવાથી ભગવાન્ શંકર પછી એને બાળીને ભસ્મ કરશે. બુદ્ધિમાન્ દેવાચાર્યે કહ્યું છે કે 'વિજય પામતા શત્રુની ઉપેક્ષા કરવી નહિ.'[૧૩] એ પ્રમાણે વિષ્ણુ ભગવાને કહ્યું એટલે દેવો સહિત પ્રમથગણોએ ચક્રધર વિષ્ણુ તથા ઇન્દ્ર સાથે દૈત્ય તરફ ધસારો કર્યો.[૧૪] મેઘમંડળ જેવા હજારો ઘોડાઓને જનાર્દન ભગવાને નિમિષમાત્રમાં ગદાથી ચૂર્ણ કરી નાખ્યા.[૧૫] રુદ્રે તે મહા રથમાંથી સારથિને ખેંચી કાઢીને છાતીમાં શક્તિ મારી પ્રાણરહિત કર્યો અને જમીન ઉપર પટકી પાડ્યો.[૧૬] વિનાયક વગેરે પ્રમથગણોએ તથા દેવોએ ધ્વજ તથા અક્ષસહિત રથને ભાંગીને ભૂકો કરી નાખ્યો.[૧૭] એટલે પછી તે બળવાન્ દૈત્ય એકદમ રથનો ત્યાગ કરીને ગદા લઈ દેવો તરફ દોડ્યો.[૧૮] પછી આઠ પગલાં આગળ જઇને મેઘના જેવી વાણીથી તે દૈત્યેન્દ્ર મહાદેવને કહેવા લાગ્યો.[૧૯] હે ભિખારી! તું સૈન્ય સહિત છે અને હું આ વખતે એકલો પડ્યો છું. તો પણ હું તને જિતીશ, તું મારુ પરાક્રમ જો![૨૦] એ વાક્ય સાંભળીને શંકરે ઇંદ્ર સહિત દેવોને, ગણોને અને બ્રહ્મા સહિત સર્વેને પોતાના શરીરમાં સમાવી દીધા.[૨૧] તે બધા પ્રમથગણોને શરીરમાં સમાવી દઇને પછી શંકર કહેવા લાગ્યા કે, હે દુષ્ટાત્મા! આવ આવ, હવે હું પણ એકલો જ છું.[૨૨] બધા દેવ તથા ગણોને ગુમ થઈ ગયેલા જોઇને આશ્ચર્ય પામી, દૈત્ય ગદા ઉગામી શંકર ભણી દોડ્યો.[૨૩] તેને આવતો જોઈ શંકર ભગવાન્ વૃષભ ઉપરથી ઉતરી પગપાળા ત્રિશૂળ લઈ ગિરિશિખર ઉપર ઉભા રહ્યા.[૨૪] તેને વેગથી આવતાં જ શંકરે દારુણ તથા ત્રિલોકમાં ભયંકર એવું યુદ્ધ કરી છાતીમાં વિંધી નાખ્યો.[૨૫] એ સમયે વિકરાળ દાઢવાળા, કરોડો સૂર્યના જેવા તેજસ્વી, સિંહચર્મ ધારણ કરેલા, જટાધર, ભુજંગના હારવાળા, મલપંક ધારણ કરેલા, વાઘના જેવા હાથયુક્ત, અને અગ્નિ જેવાં લોચનવાળા, ભૂતભાવન અવિનાશી ભગવાન્ શિવજી શૂળવડે શત્રુઓનો સંહાર કરવા લાગ્યા.[૨૬–૨૭] છાતીમાં ઘવાયા છતાં દૈત્ય શૂલ સહિત ભૈરવને ઉઠાવી એક ગાઉ સુધી નાઠો.[૨૮] એટલે શંકરે કોઈ પણ પ્રકારે ઉભા રહી શૂળવડે શત્રુને ગદાસહિત ઉચકીને ફેંક્યો.[૨૯] પણ તરત જ તે

મહાદેવના મસ્તક ઉપર ગદાપ્રહાર કરી, બે હાથે શૂળ પકડીને ઉભાં.[૩૦] સત્વગુણના આધાર મહાયોગી પ્રજાપતિ મહાદેવજી, મસ્તકમાં ગદા વાગવાથી રુધિરની ધારા ચાલતી હતી તો પણ ત્યાંથી ચલિત ન થયા.[૩૧] મહાદેવના મસ્તકમાંથી જે રુધિરની ધારા નીકળતી હતી તેમાંથી પૂર્વની ધારાથી અગ્નિ સમાન તેજસ્વી, પદ્મમાલાથી વિભૂષિત, વિદ્યારાજ નામે વિખ્યાત ભૈરવ ઉત્પન્ન થયો.[૩૨] બીજી રુધિરધારાથી શૂલવિભૂષિત, સર્વ લોકવડે પૂજ્ય, રુદ્ર નામે પ્રખ્યાત ભૈરવ ઉત્પન્ન થયો.[૩૩] તે શિવાય બીજા રુધિરથી બીજા ચાર ભૈરવ ઉત્પન્ન થયા. તે ચંડ તથા એકકપાલ આદિ નામોથી વિદ્વાનોમાં પ્રખ્યાત છે.[૩૪] જમીન ઉપર પડેલા રુધિરથી લલિતરાજ નામે ભૈરવ ઉત્પન્ન થયો તે શૂળધારી તથા કાજળ સમાન કાન્તિવાળો હતો.[૩૫] હે મુને ! એ પ્રમાણે સમરૂપે ભૈરવ કહેવાય છે અને આઠમા વિઘ્નરાજ ગણાય છે. એ પ્રમાણે ભૈરવાષ્ટક કહેવાય છે.[૩૬] હે બ્રહ્મન્! એ પ્રમાણે મહાત્મા મહાદેવજીએ મહા અસુર અંધકને શૂળથી વિંધી નાખી છત્રની સમાન ધારણ કરી લીધો એ વખતે તે ઇન્દ્રના આયુધ સમાન શોભતો હતો.[૩૭] તે વખતે શૂળના ઘાથી જે રુધિર દૈત્યના શરીરમાંથી નીકળતું હતું તેનાથી સપ્તમૂર્ત્તિ મહાદેવ કંઠ સુધી ડૂબી ગયા.[૩૮] વળી તે સમયે પરિશ્રમથી શિવજીના લલાટમાંથી પરસેવો નીકળવા લાગ્યો તેનાથી રુધિરથી ભિંજાયલી એક કન્યા ઉત્પન્ન થઈ.[૩૯] વળી શ્રમથી પૃથ્વી ઉપર જે પરસેવાનાં ટીપાં પડ્યાં હતાં તેનાથી અંગારાના ઢગલાના જેવી કાન્તિવાળો એક બાળક ઉત્પન્ન થયો.[૪૦] તે અતિ તૃષાથી અંધકનું રુધિર પીવા લાગ્યો. અને તે કન્યા પણ ઝટ લોહી ચાટવા મંડી.[૪૧] પછી બાલસૂર્ય સમાન પ્રભાવાન્, વરદાતા, શંકર ભગવાન્ લોકના કલ્યાણને માટે તે કન્યાને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ[૪૨] હે શુભંકરિ! તને દેવ, મહર્ષિ, વિદ્યાધર, પિતૃઓ, યક્ષો, મનુષ્યો વગેરે સૌ પૂજશે.[૪૩] અને બલિદાનથી તથા પુષ્પો ચડાવીને સૌ તને પ્રસન્ન કરશે, તુ રુધિરથી ચર્ચાયલી છે તેથી ચર્ચિકા એવું તારુ શુભ નામ પડશે.[૪૪] એ પ્રમાણે ચર્ચિકાને વરદાતા મહાદેવજીએ કહ્યા પછી તે વિન્ધ્યવાસિની દેવી દુર્ગા પાસે ગઈ. પછી કેટલોક વખત સુધી પૃથ્વી ઉપર ચારે તરફ ફર્યા પછી હિંગુલાદ્રિ પર્વત ઉપર ગઈ.[૪૫] ચર્ચિકા ગયા પછી વરદાતા શંકરે, પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા તે બાળકને ઉત્તમ વર આપ્યો કે, તુ ગ્રહોનો અધિપતિ થઇશ ને જગતનું શુભાશુભ કરીશ બીજા ગ્રહોથી તને પીડા થશે નહિ.[૪૬] પછી ભૈરવરૂપધારી શંકર ભગવાને, એક હજાર દિવ્ય વર્ષ સુધી પોતાના નેત્રરૂપી સૂર્ય તથા અગ્નિવડે તમામ રુધિર બાળી નાખી અંધકના શરીરનાં ફક્ત હાડકાં તથા ચામડી બાકી રાખ્યાં.[૪૭] શંકરના શરીરમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે અસુરરાજ અંધકનાં પાપ માત્ર ભસ્મ થઈ જવાથી તે પાપરહિત થઈ ગયો. પછી તે અસુર શંકરને, પ્રજાઓના ઈશ્વર, બહુરૂપધારી, ચરાચર જગતના નાથ, અવિનાશી સર્વેશ્વર પ્રભુ, વરદાતા ત્રૈલોક્યનાથ, વરેણ્ય,

સુરાસુરવડે નમસ્કાર કરાયલા, પૂજવા યોગ્ય, તથા સર્વના આદિઅંત રૂપ જાણીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.[૪૮-૪૯]

અંધક બોલ્યોઃ—હે ભીમમૂર્ત્તિ ભૈરવ! ત્રિલોકનું રક્ષણ કરનાર શૂલપાણિ! તમને નમસ્કાર છે. તમે હાથમાં કપાલ ધારણ કરેલું છે; મહા સર્પના હાર ધારણ કર્યા છે, અને ત્રિનેત્ર છો, હે પ્રભુ! મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. મારી રક્ષા કરો.[૫૦] હે સર્વેશ્વર વિશ્વમૂર્તિ! દેવ તથા દાનવો તમારા ચરણકમળની પૂજા કરે છે, તમારો જય થાઓ. તમે ત્રિલોકની માતારૂપ છો, ગુરુ છો, વૃષાંક છો, ભય પામેલાના શરણરૂપ છો, હું તમારે શરણે આવેલો છું.[૫૧] હે નાથ! તમને દેવો શિવ કહે છે, સિદ્ધો હર કહે છે, મહર્ષિઓ સ્થાણુ કહે છે, યક્ષો ભીમ કહે છે, મનુષ્યો મહેશ્વર કહે છે અને ભૂતો ભૂતાધિપતિ કહે છે.[૫૨] તમને નિશાચરો ઉગ્ર કહે છે, પુણ્ય પિતરો ભવ કહે છે, તમને નમસ્કાર છે. હું તમારો દાસ છું. હે હર! મારું રક્ષણ કરો. હે લોકનાથ! મારાં પાપ નાશ કરો.[૫૩] હે વિભો! આપ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર રૂપ ત્રિદેવ છો; સત્ય, દ્વાપર ને ત્રેતારૂપ ત્રિયુગ છો; ધ્યાન, ધારણા ને સમાધિરૂપ ત્રિધર્મ છો; નાભિ, હૃદય અને બ્રહ્મરન્ધ્રરૂપ ત્રિપુષ્કર (કમળ) છો; ચંદ્ર, સૂર્ય અને અગ્નિરૂપ ત્રિનેત્ર છો; તમે ત્ર્યારણિ અને શ્રુતિ (વેદ) સ્વરૂપ છો; અવ્યયાત્મા છો; હું તમારે શરણે આવેલો છું. મને પાવન કરો.[૫૪] હે શંભુ! તમે ત્રિણાચિકેત છો, ત્રિપદપ્રતિષ્ઠ છો, ષડંગવિત્ છો, સ્ત્રી વિષયમાં અલુબ્ધ છો, ત્રિલોકના નાથ છો. હું તમારો દાસ છું, ભયભીત થયેલો છું, તમારે શરણે આવેલો છું, મને પાવન કરો.[૫૫] હે શંકર! હે મહા ભૂતપતે! હે ગિરીશ! કામરૂપી શત્રુએ મારું મન જિતીને વશ કર્યું હતું તેથી મેં આપનો અપરાધ કર્યો છે. એથી મસ્તક નમાવી હું આપને પ્રણામ કરી પ્રસન્ન કરું છું.[૫૬] હું પાપી છું, પાપકર્મી છું, પાપાત્મા છું અને પાપથી જ ઉત્પન્ન થયેલો છું. હે દેવદેવેશ! સર્વ પાપ હરનાર શંકર! મારું રક્ષણ કરો.[૫૭] મારો કંઈ અપરાધ નથી, કેમકે જે કંઈ થયું તે મારાથી પરવશતાથી થઈ ગયું છે. મારા જેવા પાપાચારીને આપનો સ્પર્શ થયો છે, માટે હે ઈશ્વર! હવે પ્રસન્ન થાઓ.[૫૮] તમે જ કર્ત્તા છો, ધાતા છો, જય તથા મહાજય તમે જ છો. તમે મંગલ્ય છો, ૐકાર છો, ઈશાન છો, અવ્યય છો, ધ્રુવ છો.[૫૯] હે નાથ! તમે સૃષ્ટિકર્ત્તા બ્રહ્મા છો, વિષ્ણુ છો, મહેશ્વર છો; તમે ઇંદ્ર છો, વષટ્કાર છો, ધર્મ છો, તુષિતોત્તમ છો.[૬૦] તમે સૂક્ષ્મ છો, વ્યક્તરૂપ છો, અવ્યક્ત છો, ધીવર છો, આ સ્થાવર જંગમ આખું જગત્ તમારાથી વ્યાપ્ત છે.[૬૧] તમે આદિ મધ્ય, અને અંત છો, તમે સહસ્રપાત્ છો, વિજય છો, સહસ્રાક્ષ છો, ચિત્ છો, તપાખ્ય છો, મહાભુજ છો.[૬૨] તમે અનંત છો, સર્વગ છો, વ્યાપક છો, હંસ છો, પુણ્યાધિક છો, અચ્યુત છો. તમે ગીર્વાણપતિ છો, અવ્યગ્ર છો, રુદ્ર

છો, પશુપતિ છો, શિવ છો.[૬૩] તમે ત્રણ વેદ જાણવાવાળા છો, તમે ક્રોધ જિતેલો છે, તમે શત્રુઓને જિતેલા છે, તમે જિતેન્દ્રિય છો, જય છો, શૂલપાણિ છો, હું તમારે શરણે આવેલો છું. મારું રક્ષણ કરો.[૬૪]

પુલસ્ત્ય મુનિ કહે છે;—હે બ્રહ્મન્! એ પ્રમાણે દૈત્યપતિવડે સ્તુતિ કરાયલા પિંગલાક્ષ મહેશ્વર પ્રસન્ન થઇને હિરણ્યાક્ષપુત્ર અંધકને કહેવા લાગ્યા:[૬૫] હે અંધક! હે દાનવપતિ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તારું કલ્યાણ થાઓ. તારી ઇચ્છામાં આવે તે વર તું માગી લે. હું તે આપીશ.[૬૬] અંધક બોલ્યો;—તમે ત્ર્યંબક મારા પિતા છો, અને દેવિ અંબિકા મારી જનની છે. એ માતાના અતિ માનનીય ચરણકમળને હું વંદન કરું છું.[૬૭] હે ઇશાન! જો તમે મને વરદાન જ આપતા હોતો મારું શારીર અને માનસિક દુષ્કૃત તથા દુર્વિચિંતિત ગમે એટલું વિપુલ હોય તો પણ તે નાશ પામો.[૬૮] તથા હે મહેશ્વર! મારો દાનવભાવ નાશ પામો; અને તમારા વિષે મારી ભક્તિ સ્થિર થાય, એ વરદાન મને આપો.[૬૯] મહાદેવ બોલ્યા:—હે દૈત્યેન્દ્ર! એમ થાઓ. તારાં પાપ ક્ષય પામો. તું દૈત્યભાવથી મુક્ત થયો છે. હવે ભૃંગી નામનો ગણપતિ થા.[૭૦] એ પ્રમાણે કહી વરદાયી શંકર ભગવાને તેને ત્રિશૂળના અગ્રભાગ ઉપરથી નીચે ઉતાર્યો. અને પછી તે અંધકનાં શરીરને પોતાના હાથે ધોઇને તેના ઘા રુઝવી નાખ્યા.[૭૧] ત્યાર પછી બ્રહ્માદિ દેવોને પોતાના શરીરમાંથી બહાર કાઢ્યા. તેમણે બહાર નીકળીને મહાત્મા ત્રિલોચનને નમસ્કાર કર્યા.[૭૨] પછી નંદી વગેરે ગણોને બોલાવ્યા ને પોતાની પાસે બેસાડ્યા અને પછી ભૃંગીને બતાવીને કહ્યું કે હવે એ અંધક દૈત્ય નથી, પણ ભૃંગી નામે મારો ગણ થયો છે.[૭૩] જેનું માંસ સુકાઇ ગયું છે એવા શત્રુ દાનવપતિને ગણાધિપપણું પામેલો જોઇને સર્વ ભગવાન્ વૃષભધ્વજની પ્રશંસા કરવા લાગ્યા.[૭૪] પછી શંકર ભગવાને દેવતાઓને આલિંગન કરીને કહ્યું કે હવે તમે સૌ પોતપોતાના સ્થાને જાઓ અને ત્રિવિધ સુખ ભોગવો.[૭૫] ઇંદ્રને કહ્યું કે તમે પહેલા મલય પર્વત ઉપર જાઓ. ત્યાં પોતાનું કાર્ય કરીને પછી સ્વર્ગમાં જજો.[૭૬] એ પ્રમાણે દેવોને કહીને તેમને રજા આપી, પછી પિતામહ બ્રહ્માને નમસ્કાર કરીને જનાર્દન ભગવાનને આલિંગન આપ્યું.[૭૭] ઇંદ્ર મલય પર્વત ઉપર જઇ ત્યાં કાર્ય કરીને પછી સ્વર્ગમાં ગયો. ઇંદ્ર આદિ દેવો ગયા પછી ભગવાન્ શિવ એકલા ત્યાં રહ્યા.[૭૮] પોતાના શરીરના મધ્યભાગમાંથી ગણોને બહાર કાઢીને પછી શંકર ભગવાને તેમને રજા આપી. એટલે ગણોએ શંકરને નમસ્કાર કરીને પોતપોતાનાં વાહનો ઉપર સવારી કરી.[૭૯] હે નારદ! પછી તેઓ પોતપોતાના સ્થાને શુભ લોકોમાં ગયા, જ્યાં સર્વ ફળને આપનારી કામદુઘા ગાય તથા કલ્પવૃક્ષો છે.[૮૦] અમૃતથી ભરેલી નદીઓ તથા દૂધથી ભરેલાં સરોવરો છે, અને દૂધના પદાર્થોનો કીચડ છે. એ પ્રમાણે બધા પ્રમથગણો ગયા પછી મહેશ્વર, અંધક તથા નંદીનો હાથ પકડીને પર્વત ઉપર ગયા. બે હજાર વર્ષ

શંકર પોતાને ઘેર પાછા આવ્યા.૮૧-૮૨ ત્યાં પર્વતપુત્રી પાર્વતીને આકડાના ફૂલમાં બેસી રહેલાં જોયાં. સર્વ લક્ષણસંપન્ન શંકરને આવતા જોઇને આકડાના ફૂલનો ત્યાગ કરી પાર્વતી ઉઠ્યાં અને સખીઓને બોલાવવા લાગ્યાં. દેવીએ બોલાવવાથી જયાદિ સખીઓ એકદમ ત્યાં આવી.૮૩-૮૪ સખીઓથી વિંટાયલા, દર્શનની લાલસાવાળાં પાર્વતી ત્યાં આવીને ઉભાં. એટલે શંકર ભગવાન્ અંધકને તથા નંદીને જોઇને હર્ષથી ગિરિસુતાને આલિંગન કરીને કહેવા લાગ્યા કે, હે દેવિ! આ અંધકને મેં તમારો દાસ બનાવ્યો છે.૮૫-૮૬ હે ચારુહાસિનિ! જુઓ એ આપણા પુત્રરૂપે સામો આવેલો છે. એ પ્રમાણે કહીને શંકરે અંધકને કહ્યું કે હે પુત્ર! અહીં આવ.૮૭ આ દેવી તારી માતા છે, તેને શરણે જા. એ જ તારું કલ્યાણ કરનારી છે. એ પ્રમાણે કહ્યું એટલે નંદી તથા અંધક ગણેશ્વરોએ ત્યાં આવીને અંબિકાના ચરણમાં પ્રણામ કર્યા. હે મહામુને! પછી અંધક ભક્તિથી નમ્ર થઇને મહાપુણ્યકારક, પાપનો નાશ કરનારી તથા શ્રુતિસંમત એવી ગૌરીની સ્તુતિ કરવા લાગ્યો કે;-ૐ ભવાનીને નમસ્કાર હો! ભૂતભવ્યપ્રિયા, લોકધાત્રી, જનયિત્રી, સ્કંદમાતર્, મહાદેવપ્રિયા, સ્યંદિની, ચેતના, ત્રૈલોક્યમાતર, ધરિત્રી, દેવતા, માતા, શ્રુતિ, સ્મૃતિ, દયા, લજ્જા, કામરૂ, પ્રીતિ, સદાપાવની, દૈત્યસૈન્યક્ષયકરી, મહામાયા, સુમાયા, વૈજયંતી, શુભા, કાલરાત્રિ, ગોવિંદજનની, શૈલરાજપુત્રી, સર્વ દેવાર્ચિતા, સર્વભૂતાર્ચિતા, વિદ્યા, સરસ્વતી, ત્રિનયમહિષી એવાં હે દેવિ! તમને નમસ્કાર કરું છું. હે મૃડાણી! શરણ્યા! હું તમારે શરણે આવેલો છું. તમને વારંવાર નમસ્કાર છે. એ પ્રમાણે અંધકે સ્તુતિ કરી એટલે દેવી પ્રસન્ન થઇને કહેવા લાગ્યાં કે, હે પુત્ર! હું પ્રસન્ન થઈ છું. તારી ઇચ્છામાં આવે તે વરદાન માગી લે.૮૮-૯૦ ભૃંગી બોલ્યો. હે પાર્વતિ! મારાં ત્રિવિધ પાપ શમાવો. તથા હે અંબિકે! ઈશ્વરમાં મારી સતત ભક્તિ થાઓ.૯૧

પુલસ્ત્ય બોલ્યા;-બહુ સારું, એ પ્રમાણે કહીને ગૌરીએ હિરણ્યાક્ષપુત્ર અંધકને કહ્યું કે, હે પુત્ર! મારી આગળ શંકરનું પૂજન કરીને ગણોનો અધિપતિ થા.૯૨ પછી મહેશ્વરે વિરૂપ દૃષ્ટિવડે પોતાની શક્તિના પ્રભાવથી અંધકનું ભયંકર એવું ભૈરવ શરીર બનાવી તેને ભૃંગીપણું આપ્યું.૯૩ હે મહર્ષે! એ પ્રમાણે તમારી આગળ શંકરની કીર્તિ વધારનારું, પુણ્ય, પવિત્ર, શુભ આપનારું, આ શંકરનું આખ્યાન કહ્યું. તે ધર્મ, આયુષ્ય, આરોગ્ય, અને ધનની ઇચ્છાવાળાએ હમેશાં બ્રાહ્મણોના સમાજમાં કીર્તન કરવા યોગ્ય છે.૯૪

एतत्तवोक्तं हरकीर्तिवर्धनं पुण्यं पवित्रं शुभदं महर्षे ।
संकीर्तनीयं द्विजसत्तमेषु धर्मायुरारोग्यधनैषिणा सदा ॥ ९४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે ભૈરવપ્રાદુર્ભાવે 'અંધક વરપ્રદાન'નામે
સીતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૧ મો.

મરુતની ઉત્પત્તિ.

नारद उवाच—मलयेऽपि महेन्द्रेण यत्कृतं द्विजसत्तम ।
निष्पादितं स्वकं कार्यं तन्मे त्वं ख्यातुमर्हसि ॥ १ ॥

નારદ બોલ્યા:—હે દ્વિજસત્તમ! મલયગિરિ ઉપર ઇંદ્રે પોતાનું જે કાર્ય ગ્ કર્યું તે મને કહો.[૧]

પુલસ્ત્ય બોલ્યા.—હે મુને! ઇંદ્રે મલય પર્વત ઉપર લોકના હિતનું તથા તાના હિતનું જે કાર્ય કર્યું તે કહું છું તે સાંભળો.[૨] દેવતાઓથી હાર પામેલા ય, તાર વગેરે અસુરો અન્ધાસુરના વચનથી પાતાલમાં જવાને ઉત્સુક થયા હતા.[૩] મણે ત્યાં જતાં મલય પર્વતને દીઠો. એ પર્વતની કંદરાઓમાં સિદ્ધો નિવાસ કરે એની ચારે તરફ લતા મંડપ છવાઈ રહ્યા છે; તથા મસ્ત પ્રાણીઓ તેમાં રહે [૪] તે પર્વત સર્પોથી વ્યાપ્ત એવા શીતલ ચંદન વૃક્ષોવડે તથા માધવી લતાનાં પોવડે સુગંધિત થઈ રહેલો છે.[૫] શીતલ છાંયાવાળા તે પર્વતને જોઇને મય, તાર દિ અસુરોને ત્યાં વિશ્રામ લેવાની ઇચ્છા થઈ.[૬] તેઓ ત્યાં રહ્યા એટલે ઘ્રાણ દયને તૃપ્ત કરનાર ગંધયુક્ત દક્ષિણ વાયુ ધીમે ધીમે વાવા લાગ્યો.[૭] તે સર્વ ાઅસુરો સર્વ લોકને પૂજ્ય એવા સર્વવ્યાપક ભગવાનનો દ્વેષ કરતા ત્યાં નિવાસ વા લાગ્યા[૮] તેઓને ત્યાં વસતા જાણીને શકરે ઇંદ્રને મલય પર્વત ઉપર મોકલ્યો.] રસ્તે જતાં ગોમાતાને દીઠાં.[૯] તેમને પ્રદક્ષિણા કરીને તેજવાન મલય પર્વતને ા. તો ત્યાં ભોગ ભોગવતા અને હર્ષ પામતા સર્વ દાનવોને જોયા.[૧૦] એટલે ી બલભંજન ઇંદ્રે તે સર્વ અસુરોને બુમ મારીને બોલાવ્યા. એટલે તેઓ વ્યગ્ર થઈ બાણો ફેંકતા બહાર આવ્યા.[૧૧] બાણની જાળ રચતા તેઓને આવતા ઇને અદ્ભુતદર્શન એવો ઇંદ્ર રથ ઉપર બેસીને મેઘ જેમ પર્વતને છાઈ દે, તેઓને બાણોથી છાઇ નાખવા લાગ્યો.[૧૨] પછી ઇદ્રે મય આદિને બાણોથી ઇને તીક્ષ્ણ અણીવાળાં તથા પીછાંવાળાં બાણોવડે પાકને ઘાયલ કર્યો.[૧૩] તે વખ- ો દૃઢ બાણોવડે પાક અસુરને શાસન કરવાથી સર્વ દેવોના પતિ ઇંદ્રનું પાકશાસન નું નામ પડયું.[૧૪] વળી બીજા પુર નામના સેંકડો અસુરોનો પુખવાળાં બાણો- સંહાર કર્યો તેથી પુરંદર એવું ઇંદ્રનું નામ પડયું.[૧૫] એ પ્રમાણે ઇંદ્રે રણ- ગામમાં દાનવોના સૈન્યનો પરાજય કર્યો એટલે પછી તે દાનવો રસાતલમાં સ્યા ગયા.[૧૬] એટલા કારણ માટે ઇંદ્રને મલયાચળ ઉપર મોકલવામાં આવ્યો ા. હે મુનિશ્રેષ્ઠ! હવે બીજું શું સાંભળવાની ઇચ્છા છે?[૧૭]

નારદ બોલ્યા;—દેવપતિ ઇંદ્ર શા કારણથી ગોત્રભિદ્ કહેવાય છે? હે બ્રહ્મન્! એ ય મારા મનમાં થયા કરે છે.[૧૮]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—મેં જે કારણથી ઇંદ્રને ગોત્રભિદ્ કહ્યો છે તે કારણ સાંભળો. હિરણ્યકશિપુનો નાશ કર્યા પછી અરિમર્દન ઇંદ્રે જે કર્યું તે કહું છું તે પણ સાંભળો.૧૯ હે નારદ! દિતિએ, પોતાના પુત્રો નાશ પામવાથી કશ્યપને કહ્યું કે, હે વિભો! તમે મારા નાથ છો, માટે ઇંદ્રનો નાશ કરે એવો પુત્ર મને આપો.૨૦ કશ્યપે તેને કહ્યું કે, હે અસિતલોચને! જો તું પવિત્ર આચાર યુક્ત થઇને દશ હજાર વર્ષ સુધી રહે, તો તું શત્રુનો નાશ કરનાર ત્રિલોકનાયક પુત્રને જન્મ આપીશ. હે પ્રિયે! એમાં ફેર નથી.૨૧-૨૨ પોતાના પતિએ એ પ્રમાણે કહ્યું એટલે દિતિ તે પ્રમાણે નિયમ રાખીને રહી. પછી ગર્ભાધાન કરીને કશ્યપ ઋષિ ઉદય પર્વત ઉપર ચાલ્યા ગયા.૨૩ ઋષિના ગયા પછી સુરશ્રેષ્ઠ ઇંદ્ર સત્વર તે આશ્રમને વિષે આવ્યો અને દિતિને કહેવા લાગ્યોઃ—૨૪ જો તમે આજ્ઞા આપો તો હું તમારી શુશ્રૂષા કરું. ભાવિ કર્મથી પ્રેરાયલી તેણે હા કહી.૨૫ પછી પોતાનું કામ સાધી લેવાની દાનતવાળો, સર્પની માફક છિદ્ર શોધતો ઇંદ્ર સમિધ લાવવા વગેરેનું તેનું કામ કરવા લાગ્યો.૨૬ દશ હજાર વર્ષ પૂરાં થઈ ગયા પછી એક દિવસ તે તપસ્વિની માથું પલાળી સ્નાન કરી શોકમાં મગ્ન થઈ બેઠી હતી,૨૭ તેના વાળ છૂટા હતા અને બે ઘુંટણની વચ્ચે તેણે માથું મૂકયું હતું. પછી બે પગ ભેગા કરી વાળ છૂટા મૂકી સૂઈ ગઈ.૨૮ તેને એવી સ્થિતિમાં જોઇને હે નારદ! ઇંદ્રે નાસિકાના છિદ્રમાં થઇને તેના ગર્ભમાં પ્રવેશ કર્યો. ત્યાં કેડે હાથ લગાડીને ઊર્ધ્વ મુખે રહેલા એક બાળકને તેણે જોયો.૨૯-૩૦ ત્યાં શુદ્ધ સ્ફટિકના જેવી માંસની પેશીને ઇંદ્રે જોઈ અને તેને બે હાથે પકડી.૩૧ પછી ઇંદ્રે ક્રોધ કરીને હાથવડે મસળી નાખી, પણ તેથી તો કઠણ થઈ ગઈ.૩૨ અને ઉંચે તથા નીચે ખૂબ વધી, તેનું શતપર્વા નામનું વજ્ર બન્યું.૩૩ તે શતપર્વા વજ્રથી ઇંદ્રે તે ગર્ભના સાત કકડા કરી નાખ્યા, એટલે તે ઘણું રડવા લાગ્યો.૩૪ તે ઉપરથી, દિતિને ઇંદ્રના એ કર્મની ખબર પડી ને પોતાના ગર્ભમાંના બાળકને તેણે રડતાં સાંભળ્યો.૩૫ ઇંદ્રે તે ગર્ભને કહ્યું કે, હે મૂઢ! ઘર્ઘર સ્વરથી રડીશ ના. એમ કહી તે દરેકના પાછા સાત સાત કકડા કરી નાખ્યા.૩૬ એ પ્રમાણે દિતિના ગર્ભના થયેલા ઓગણપચાસ કકડાઓ મારુત્ * નામના દેવગણો, ઇંદ્રના સેવકો થયા. તે નાના પ્રકારના સુખોપચારસહિત ઇંદ્રની આગળ ચાલવા લાગ્યા.૩૭ પછી વજ્ર સહિત ઇંદ્ર પેટમાંથી બહાર નીકળ્યો, અને હાથ જોડી પગે લાગી શાપથી બીતો દિતિને કહેવા લાગ્યો.૩૮ હે દેવિ! એ મારો શત્રુ હતો તેથી મેં એને માર્યો, એમાં મારો અપરાધ નથી, તેથી મારા ઉપર ક્રોધ કરશો નહિ.૩૯ દિતિ બોલીઃ—હે પુત્ર! એ પૂર્વનું ભાવિ હતું તે પ્રમાણે જ થયું છે, એમાં તારો અપરાધ હું માનતી નથી. એનો કાળ પૂર્ણ થયો એટલે એનો વધ થયો.૪૦

---

* मारुत રડીશ નહિ. એ ઉપરથી મરુત્ એવું નામ પડયું.

પુલસ્ત્ય કહે છે;–એ પ્રમાણે કહી તે બાળકોને સાવધાન કરી દિતિએ તેમને દેવરાજ ઇંદ્ર સાથે મોકલ્યા.[૪૧] હે મહર્ષે ! એ પ્રમાણે ઇંદ્રે, પૂર્વે ભયને લીધે પોતાની માતાના ગર્ભમાં રહેલા બાળકોને વજ્રથી કાપી નાખ્યા, તે ઉપરથી ઇંદ્રનું ગોત્રભિદ્ એવું નામ પ્રખ્યાત થયું.[૪૨]

एवं पुरा स्वानपि सोदरान्स गर्भस्थितान्पातितवान्भयार्त्तः ।
बिभेद वज्रेण ततः स गोत्रभित्ख्यातो महर्षे भगवान्महेन्द्रः ॥ ४२ ॥

ઇતિ શ્રી વામનપુરાણે શક્રચરિતે 'મરુત ઉત્પત્તિ' નામે ઇકોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૨ મો.

મરુતની ઉત્પત્તિ (ચાલુ)

नारद उवाच—ये त्वमी भवता प्रोक्ता मरुतो दितिजोत्तमाः ॥
ते के च पूर्वमासन्वै मरुन्मार्गेषु कथ्यताम् ॥ १ ॥

નારદ બોલ્યા—દિતિપુત્ર મરુતોની હમણાં જે આપે વાત કહી, તે મરુત્ માર્ગમાં પૂર્વે કોણ હતા તે મને કહો.[૧] હે સત્તમ! પૂર્વ મન્વંતર વ્યતીત થયા પછી વાયુ માર્ગમાં કોણ રહેલા હતા તે પણ કહો.[૨]

પુલસ્ત્ય કહે છે;—પૂર્વે મરુતોની ઉત્પત્તિ કહું છું તે સાંભળો. સ્વાયંભુવ મનુથી આરંભીને આ ચાલતા મન્વંતર સુધીની હકીકત કહીશ.[૩] સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત નામે પુત્ર થયો હતો, તેને ત્રિલોકમાં વિખ્યાત એવો સવન નામે પુત્ર થયો હતો.[૪] હે દેવર્ષે ! તે અપુત્ર જ મરણ પામ્યો હતો, તેથી સુવેદા નામે તેની પત્ની શોકથી રડવા લાગી.[૫] તે પોતાના પતિના શબને દહન ન કરતાં આલિંગન કરીને બેસી રહી. અને હે નાથ, હે નાથ! એમ કહી અનાથની પેઠે વિહ્વલ થઇને રડ્યા કરતી હતી.[૬] તે વખતે આકાશવાણી થઈ કે, હે રાજપત્ની! તું રડીશ નહિ. તે જે ઉત્તમ સત્ય આચરણ કરેલું છે તે કારણથી તું પતિ સાથે અગ્નિમાં સહગમન કર.[૭] તે આકાશવાણી સાંભળીને સુવેદા બોલી કે, હે આકાશવાસી દેવ ! આ રાજા પુત્રહીન મરણ પામ્યો છે તેનો હું શોક કરું છું, પરતુ મંદભાગી એવી મારા આત્માનો શોક કરતી નથી.[૮] આકાશવાણીએ કહ્યું કે, હે બાલે ! તું રડીશ નહિ. એ રાજાથી તને સાત પુત્રો થશે. તું શ્રદ્ધા રાખ અને શિઘ્ર અગ્નિમાં પ્રવેશ કર.[૯] તે આકાશવાણીએ એ પ્રમાણે કહ્યું એટલે તે પતિવ્રતા બાળાએ ચિતા ખડકીને પતિના શબને ખોળામાં લઈ અગ્નિમાં પ્રવેશ કર્યો.[૧૦] એટલે એક મુહૂર્તમાં રાજા તેજસ્વી સ્વરૂપે ચિતામાંથી ઉઠી ઉભો થયો અને પોતાની સ્ત્રીને લઇને આકાશમાં ચાલ્યો ગયો અને ઇચ્છા મુજબ વિહાર કરવા લાગ્યો.[૧૧] તે પછી તે રાજાને તે રાણીથી બલવીર્યયુક્ત વિખ્યાત એવા મોટા ભૂમિપાલ પુત્રો થયા.[૧૨] પોતાની ઋતુમતી રાણી સાથે

દિવ્ય યોગથી પાંચ દિવસ સુધી રાજા આકાશમાં ફર્યો. છઠ્ઠે દિવસે તેનું ઋતુ વ્યર્થ ન જાય માટે સ્ત્રી સાથે તે વિહાર કરવા લાગ્યો. તે વખતે આકાશમાંથી તેનું શુક્ર સ્ખલિત થયું.[૧૩] શુક્ર પડ્યા પછી રાજા સ્ત્રી સાથે દિવ્ય ગતિથી બ્રહ્મ લોકમા ગયો. તેના પુત્રો અસ્ત્રશસ્ત્રયુક્ત, શૂરા અને સત્યવાદી થયા હતા.[૧૪] આકાશમાંથી પડેલું તે અભ્રવર્ણ શુક્ર નલિનીએ ગ્રહણ કર્યું. તે ચિત્રા, વિશાલા, હરિતા, અલિનીલા, એ નામની ઋષિપત્નીઓએ દીઠું.[૧૫] કમળમાં પડેલું તે વીર્ય ઋષિઓને જણાવ્યા વગર તે અમૃત છે એમ જાણી સદા યૌવનની લાલસાથી સાથે સ્નાન કરી, પતિપૂજા કરી તેમની આજ્ઞાથી તે ઋષિપત્નીઓ પી ગઈ.[૧૬–૧૭] રાજાના વીર્યને અમૃત માનીને પીનાંની સાથે જ બ્રહ્મતેજથી હીન તે સ્ત્રીઓ થઈ ગઈ, તેથી તે દોષવાળી છે એમ જાણીને તેમના પતિઓએ તેઓનો ત્યાગ કર્યો.[૧૮–૧૯] પછી તે સ્ત્રીઓએ ભયંકર રીતે રુદન કરતા સાત પુત્રોને જન્મ આપ્યો. તેમના રુદનના શબ્દથી આખું જગત્ પૂરાઈ ગયું[૨૦] તેથી પછી બ્રહ્મલોકથી પિતામહ ભગવાન્ બ્રહ્મા ત્યાં આવ્યા. તેમણે આવીને તે બાળકોને કહ્યું કે, હે બાળકો! રડશો નહિ.[૨૧] તમારું નામ મરુત્ પડશે અને તમે આકાશમાં રહેશો. એમ કહી લોકપિતામહ દેવેશ બ્રહ્મા તેમને લઈ આકાશમાં ચાલ્યા ગયા, અને ત્યાં રહેવાની તેમને આજ્ઞા આપી. આદિ સ્વાયંભુવ મન્વતરમાં એ મરતો હતા.[૨૨–૨૩] હે નારદ! હવે સ્વારોચિષ્ મન્વંતરમાં જે મરુતો હતા તે કહું છું તે સાંભળો. સ્વારોચિષને શ્રીમાન્ ઋતુધ્વજ નામે પુત્ર થયો હતો.[૨૪] તેને સૂર્યના જેવા પરાક્રમી સાત પુત્રો થયા હતા, તે તપ કરવાને માટે મહામેરુ પર્વત ઉપર ગયા.[૨૫] તેઓ ઇન્દ્રાસનની ઇચ્છાથી બ્રહ્માની આરાધના કરવા લાગ્યા, તેથી વિપશ્ચિત્ નામે ઇન્દ્ર હતો તે બહુ ભયાતુર થયો.[૨૬] પછી તે ઇન્દ્રે પુતના નામે એક મુખ્ય અપ્સરાને કહ્યું કે, હે વિલાસિની પુતના! તુ મેરુ પર્વત ઉપર જા.[૨૭] ત્યાં ઋતુધ્વજના પુત્રો મહાતપ કરે છે. તેથી હે સુંદરિ! તેમના તપમાં જેથી વિઘ્ન થાય એવું કર. તેમના તપની સિદ્ધિ થવા દઇશ નહિ. ઇન્દ્રે એ પ્રમાણે કહ્યું એટલે તે રૂપવતી પુતના તુરત જ્યાં તેઓ તપ કરતા હતા ત્યાં ગઈ. તેમના આશ્રમથી નજીકમાં જ એક નદી મંદમંદ વહેતી હતી.[૨૮–૩૦] ત્યાં સ્નાન કરવાને તે બધા ભાઈઓ આવ્યા. તે સુંદર શરીરવાળી સ્ત્રી પણ તે વખતે તે નદીમાં સ્નાન કરવા ઉતરી.[૩૧] તેવા જ તેઓ તેને જોઇને ક્ષુભિત થયા, તેથી તેમનું વીર્ય સ્ખલિત થયું. તે વીર્ય ગ્રહમુખ્ય મહાશાખની વલ્લભા એક જળમાં ફરનારી શંખિની હતી તે પી ગઈ. આમ વીર્ય સ્ખલિત થવાથી તે રાજપુત્રો તપથી ભ્રષ્ટ થયા તેથી પોતાના પિતાના રાજ્યમાં પાછા ચાલ્યા ગયા.[૩૨–૩૩] તે અપ્સરાએ પણ ઇન્દ્રની પાસે આવીને સર્વ વૃત્તાન્ત અથ ઇતિ કહ્યો. ઘણો કાળ ગયા પછી માછલાં પકડવા માછી લોકોએ નદીમાં જાળ નાખ્યા તેમા તે શંખરૂપિણી ગ્રાહી, પકડાઈ ગઈ. માછી લોકોએ જાળ બહાર

કાઢી, તો તેમાં તે શંખિનીને જોઈ.[૩૪-૩૫] પછી તે લોકોએ તે વાત ઋતુધ્વજના પુત્રોને કહી. એટલે યોગીઓનો યોગ ધારણ કરનાર તે રાજકુમારો ત્યાં ગયા અને તે શંખિનીને પોતાને મંદિરે લઈ આવ્યા. પછી નગરની વાવમાં તેને મૂકી દીધી. પછી દિવસો પૂરા થયા એટલે તે શંખિનીએ સાત પુત્રોને જન્મ આપ્યો.[૩૬-૩૭] પુત્રો જન્મ્યા કે તરત તે શખિની મોક્ષમાર્ગમાં ચાલી ગઈ, અર્થાત્ મરણ પામી. તેથી માતાપિતા વગરના તે બાળકો જળમાં ફરવા લાગ્યા.[૩૮] પછી તેઓ દૂધને માટે રડતા રડતા પિતામહ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ કહ્યું કે, હે પુત્રો! રડશો નહિ. સ્વસ્થ થાઓ.[૩૯] તમે વાયુસ્કંધને વિષે ફરનારા દેવો થશો. એમ કહીને તે સર્વેને દેવગતિ આપી.[૪૦] અને પછી તેમને મરુત્ માર્ગમાં મૂકીને પોતે પોતાના ધામમાં ગયા. એ પ્રમાણે સ્વારોચિષ્ મન્વંતરને વિષે મરુત્ ગણની ઉત્પત્તિ થઈ હતી.[૪૧] હે તપોધન! હવે ઉત્તમ નામના મન્વંતરમાં જે મરુતો થયા હતા તે સાંભળો. ઉત્તમ મનુના વંશમાં નૈષધ દેશનો વપુષ્માન્ નામે એક રાજા હતો. તે બહુ વિખ્યાત અને સૂર્યના જેવો તેજસ્વી હતો. તેનો પુત્ર ગુણશ્રેષ્ઠ અને ધાર્મિક જ્યોતિષ્માન્ નામે થયો હતો.[૪૨-૪૩] તેણે મંદાકિની નદીને કાંઠે પુત્રની ઇચ્છાથી તપ કરવા માંડયું. તેની સ્ત્રી દેવાચાર્ય બૃહસ્પતિની પુત્રી, તેના તપકર્મમાં પરિચારિકા થઈ. તે તેને ફળ, પુષ્પ, સમિધ, કુશ, જળ વગેરે આણી આપતી હતી.[૪૪-૪૫] તે કમળલોચના સારી રીતે અતિથિપૂજન કરતી હતી. પતિની સેવા ચાકરી કરવાથી તે શરીરે કૃશ થઈ ગઈ હતી, અને તેની બધી નાડીઓ દેખાતી હતી.[૪૬] તેજસ્વિની તથા સુંદર અંગવાળી તે સ્ત્રીને સપ્તર્ષિઓએ વનમાં જોઈ. તપથી કૃશ થયેલી તે ચારુસર્વાંગીને જોઈને તેમણે પૂછયું કે, તું તથા તારો ભર્તા શા હેતુથી તપ કરો છો, તેણે કહ્યું કે અમારી તપશ્ચર્યા પુત્રપ્રાપ્તિને માટે છે.[૪૭-૪૮] હે બ્રહ્મન્! તે સાંભળી સપ્તર્ષિઓએ તેને વર આપ્યો કે મહર્ષિઓના પ્રસાદથી તમારા બન્નેના જેવા ગુણવાળા તને સાત પુત્રો નિઃસંશય થશે, માટે હવે તારે ઘેર જા. એમ કહીને તે સર્વ મહર્ષિઓ ચાલ્યા ગયા.[૪૯-૫૦] તે રાજા પણ પોતાની સ્ત્રી સાથે પોતાને નગર ગયો. પછી કેટલોક કાળ વીત્યા પછી તે રાજાની રાણીને ગર્ભ રહ્યો, રાણી ગર્ભવતી હતી તે સમયમાં જ રાજાનું મૃત્યુ થયું.[૫૧-૫૨] પછી તે પતિવ્રતા રાણી પોતાના ભર્તા સાથે સહગમન કરવા તૈયાર થઇ. અમાત્યોએ તેને ઘણી વારી પણ તે નિવૃત્ત થઈ નહિ.[૫૩] પછી પતિની ચિતા રચીને તેના ઉપર પતિને લઇ પોતે આરુઢ થઈ. એટલે અગ્નિને લીધે તેના શરીરમાંથી આમ તથા પાણી નીકળીને અગ્નિમાં પડ્યું.[૫૪] તે શીતલ જળથી છંટાઇને તેના ગર્ભના સાત વિભાગ થઈ ગયા. ઔતમ મન્વંતરમાં તે સાત મરુતો થયા.[૫૫] હવે તામસ મન્વંતરમાં પૂર્વે જે મરુતો થયા તે, હે ગીત વાદ્ય અને કલિપ્રિય નારદ! હવે હું કહું છું.[૫૬] તામસ મનુને દંતધ્વજ નામે પુત્ર થયો હતો. તેણે

પુત્રની કામનાથી અગ્નિમાં પોતાનું માંસ અને રુધિર હોમ્યાં હતાં.૫૭ અને એમ સાંભળ્યું છે કે, હાડકાં, રોમ, વાળ, સ્નાયુ, મજ્જા, અને શુક્ર સુદ્ધાંની તે વિચિત્ર રાજાએ પુત્રને અર્થે આહુતિ આપી હતી.૫૮ શુક્રની આહુતિ આપ્યા પછી અગ્નિમાંથી એવો શબ્દ થયો કે, હે રાજન! શુક્ર નાખીશ નહિ. એ શબ્દ થતાંની સાથે જ રાજાનું મૃત્યુ થયું.૫૯ તે પછી તે અગ્નિમાંથી તેજસ્વી સાત બાળકો ઉત્પન્ન થયા. તે ભયંકર રીતે રડવા લાગ્યા.૬૦ તેમનો રડવાનો શબ્દ સાંભળીને પદ્મયોનિ ભગવાન્ બ્રહ્મા ત્યાં આવ્યા. અને વિચાર કરીને તેમને મરુત્ નામના દેવગણ બનાવ્યા.૬૧ હે બ્રહ્મન્! તેઓ તામસ મન્વંતરમાં મરુત્ થયા હતા. હે તપોધન! હવે રૈવત મન્વંતરમાં જે મરુત્ થયા હતા તે સાંભળો.૬૨ રૈવત મનુના વંશમાં શત્રુને જિતનારો ધનવાન રિપુજિત્ નામે વિખ્યાત રાજા થયો. તેને કંઈ સંતાન નહોતું.૬૩ તેણે તપ કરીને તેજોનિધિ સૂર્ય ભગવાનની આરાધના કરી. એથી તેને સુરતિ નામે કન્યા થઈ. તેને લઇને તે ઘેર આવ્યો.૬૪ હે બ્રહ્મન્! તે કન્યા પિતાને ઘેર રહેતી હતી તે સમયે તેના પિતાનું મૃત્યુ થયું. એથી દુઃખથી બળી રહેલી તે કન્યા પોતાના દેહનો ત્યાગ કરવાને તત્પર થઈ.૬૫ હે નારદ! તેના ઉપર આસક્ત થયેલા સપ્ત ઋષિઓએ તેને તેમ કરતાં વારી,૬૬ પરંતુ પિતાના મરણનું દુઃખ સહન ન થવાથી તે કન્યાએ બળતા અગ્નિમાં પ્રવેશ કર્યો. તેનામાં જેનું ચિત્ત લાગી રહ્યું હતું એવા સપ્ત ઋષિઓ તે જોઈ રહ્યા.૬૭ તેને મરેલી જોઇને ઋષિઓ 'હા કષ્ટ, હા કષ્ટ,' એમ બોલતા ચાલતા થયા. પછી તે બળતા અગ્નિમાંથી સાત બાળકો ઉત્પન્ન થયા.૬૮ માતા વગરના તે બાળકો રડવા લાગ્યા. તેથી પિતામહ બ્રહ્માએ તેમને રડતા વાર્યા અને મરુત્ નામે દેવગણ તેઓને બનાવ્યા.૬૯ હે તપોધન! રૈવત મન્વંતરમાં એ મરુદ્ગણ હતા. હવે ચાક્ષુષ્ મન્વંતરમાં જે મરુત થયા તે કહું છું તે સાંભળો.૭૦ મંકિ નામે એક સત્યવાદી પવિત્ર તપસ્વી હતો. તે સપ્ત સારસ્વત તીર્થમાં મહત્ તપ કરવા લાગ્યો.૭૧ તેના તપમાં વિઘ્ન નાખવાને દેવતાઓએ તુષિતા નામની અપ્સરાને ત્યાં મોકલી. તે નદીતીરે આવીને તે તપસ્વીને ક્ષોભ કરવા લાગી.૭૨ એથી તે તપસ્વીનું વીર્ય સ્ખલિત થઈ સપ્ત સારસ્વતના જળમાં પડ્યું. તે ઉપરથી મંકિ મુનિએ તેને શત્રુ જાણીને શાપ આપ્યો કે,૭૩ હે મૂઢે! જા આ મહત્પાપનું ફળ તું ભોગવીશ. જ્યારે યજ્ઞકર્મ શરુ થશે ત્યારે તારો વિનાશ થશે.૭૪ એ પ્રમાણે શાપ આપીને તે શ્રીમાન્ ઋષિ પોતાને આશ્રમે ગયા. પછી સપ્ત સારસ્વતમાંથી સાત મરુતો ઉત્પન્ન થયા.૭૫ હે મહર્ષે! પૂર્વે સર્વવ્યાપી મરુદ્ગણ એ પ્રકારે ઉત્પન્ન થયા હતા. એમની કથાના શ્રવણથી આખા જન્મનાં પાપ નાશ પામે છે, અને ધર્મનો મોટો અભ્યુદય થાય છે.૭૬

एतत्तवोक्ता मरुतो हि पूर्वे जाता जगद्व्यासिकरा महर्षे ।
येषां श्रुते जन्मनिपातहानिर्भवेच्च धर्माभ्युदयो महांश्च ॥ ७६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'મરુત્ ઉત્પત્તિ' નામે બોનેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૩ મો.

કાલનેમિનો વધ.

पुलस्त्य उवाच—एतदर्थं बलिर्दैत्यः कृतो राजा कलिप्रियः ।
मंत्रप्रदाता प्रह्लादः शुक्रश्चासीत्पुरोहितः ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ કહે છેઃ–હે કલિપ્રિય નારદ! એ કારણથી બલિ દૈત્યને રાજા બનાવ્યો હતો. પ્રહ્લાદ તેના મંત્રદાતા અને શુક્રાચાર્ય પુરોહિત હતા.[૧] વિરોચનના પુત્ર બલિને રાજ્યાભિષેક થાય છે એમ જાણીને દેવતાઓ તે જોવાને ચોતરફથી ત્યાં આવ્યા.[૨] તેમને આવતા જોઇને તથા તેમની યથાક્રમથી પૂજા કરીને પોતાના કુટુંબીઓને તેણે પૂછ્યું કે, શું કરવાથી મારું કલ્યાણ થાય તે કહો.[૩] તેઓ બોલ્યા કે, હે અસુરસુંદર! જે કર્મથી તારું શ્રેય થાય અને અમારું પણ કલ્યાણ થાય તે કહીએ છીએ તે સાંભળ.[૪] તારા પિતામહ હિરણ્યકશિપુ હતા, તે મહાબળવાન્ વીર, દાનવોના પાળક અને ત્રણ લોકમાં ઇંદ્ર સમાન હતા.[૫] તેમની પાસે આવીને વિષ્ણુએ નૃસિંહરૂપ ધારણ કરી સઘળા મહાદૈત્યોના દેખતાં નખોવડે તેમના શરીરને ફાડી નાખ્યું.[૬] ત્રિશૂળધારી ત્રિલોચન મહાત્મા શંકર ભગવાને અમારે લીધે તેને રાજ્ય ઉપરથી ઉઠાડી મૂક્યા.[૭] તારા કાકા જંભનો પણ ઇંદ્રે ઘાત કર્યો અને કુજંભને પણ વિષ્ણુએ તારી સામે જ પશુની પેઠે મારી નાખ્યો.[૮] તારા ભાઇઓ શંખ, પાક તથા સુદર્શનને પણ ઇંદ્રે મારી નાખ્યા. અને તારા પિતા વિરોચનને માર્યો તે વાત કહીએ છીએ.[૯] ઇંદ્રે પોતાના ગોત્રનો ક્ષય કરવા માંડ્યો તે સાંભળીને વિરોચને મહા અસુરોને લઇને ઇંદ્રની સાથે યુદ્ધ કરવાનો ઉદ્યોગ આરંભ્યો.[૧૦] કેટલાક રથો લઇને, કેટલાક હાથીઓ લઇને, કેટલાક ઘોડાઓ લઇને અને કેટલાક પગપાલા જ યુદ્ધમાં ચાલ્યા.[૧૧] ભયંકર નામે બળવાન્ સેનાપતિ અમારી આગળ ચાલતો હતો. સૈન્યના મધ્યમાં મોટામોટા બળવાન દૈત્યો હતા અને સૈન્યની પૂંઠે કાલનેમિ હતો.[૧૨] ડાબી બાજુએ મહાપરાક્રમી શાલ્વ, અને જમણી બાજુએ તારકાસુર નામે ભયંકર અસુર ચાલતો હતો.[૧૩]

હે કલિપ્રિય નારદ! એ પ્રમાણે લાખો, કરોડો, અને અબજો દાનવો દેવતાઓ સાથે યુદ્ધ કરવા ચાલ્યા.[૧૪] અસુરોની યુદ્ધની તૈયારી સાંભળીને ઇંદ્રે પણ દેવોને કહ્યું કે, તમે પણ યુદ્ધનો ઉદ્યોગ કરો.[૧૫] એ પ્રમાણે દેવોને કહી સુરરાજ બળવાન્ ઇંદ્ર રથ ઉપર ચઢ્યો અને પોતાના સારથિ માતલિને રથ હાંકવાની આજ્ઞા કરી.[૧૬] ઇંદ્ર રથ ઉપર ચઢ્યો એટલે તે જોઇને દેવતાઓ પણ ઘેર ગયા અને પોતપોતાનાં વાહનો ઉપર બેસીને યુદ્ધ કરવા નીકળ્યા.[૧૭] આદિત્યો, વસુઓ, રુદ્રો, સાધ્યો, વિશ્વેદેવો, અશ્વિનીકુમારો, વિદ્યાધરો, ગુહ્યકો, યક્ષો, રાક્ષસો, પન્નગો, રાજર્ષિઓ, સિદ્ધો, તથા નાના પ્રકારના ભૂત-

સમૂહો સૌ, હાથી રથ, ઘોડા, વગેરે ઉપર બેસીને નીકળ્યા.[૧૮-૧૯] વળી કેટલાક પક્ષીના જેવાં ઉડતાં વિમાનોમાં બેસીને જ્યાં દૈત્યસૈન્ય હતું ત્યાં આવ્યા.[૨૦] એ સમયને વિષે ત્યાં બુદ્ધિમાન્ ગરુડ આવ્યો, તેના ઉપર બેસીને સુરશ્રેષ્ઠ વિષ્ણુ ભગવાન્ આવ્યા.[૨૧] સહસ્રાક્ષ ઇંદ્રે તે ત્રિલોકનાથ અવ્યય સ્વરૂપ વિષ્ણુને મસ્તક નમાવીને પ્રણામ કર્યાં, અને સર્વે દેવોએ પણ પ્રણામ કર્યા.[૨૨] કાર્ત્તિકેય દેવસેનાની આગળ ચાલ્યા, જઘન દેશ તરફ ગદાધર વિષ્ણુ રક્ષા કરતા ચાલતા હતા, અને મધ્ય ભાગે ઇંદ્ર ચાલતો હતો.[૨૩] હે મુને! ડાબી બાજુ જયંત અને જમણી બાજુ બળવાન વરુણ હતા.[૨૪] પછી સ્કંદ, ઇંદ્ર, વિષ્ણુ, વરુણ, તથા સૂર્યથી રક્ષાયલી યશસ્વિની દેવસેના નાના પ્રકારના અસ્ત્રશસ્ત્ર સહિત મેરુ પર્વત ઉપર શત્રુસૈન્ય ઉપર ચઢી આવી.[૨૫] ઉદય ગિરિના રમ્યતટને વિષે સુંદર શિલાતલ ઉપર પક્ષી તથા વૃક્ષ રહિત સ્થળે દેવો તથા અસુરોનો સંગ્રામ થયો.[૨૬] બન્ને સૈન્ય છેક નજીક આવી જવાથી યુદ્ધ ઘણું ભયંકર થયું. ધૂળ વગરના શાંત પર્વત પ્રદેશ ઉપર દાનવોનું સૈન્ય હતું.[૨૭] તેના ઉપર કાર્ત્તિકેયની સાથે દેવો તૂટી પડ્યા. કાર્ત્તિકેયના ભુજબળથી રક્ષાયલા દેવો, દાનવોનો સંહાર કરવા લાગ્યા.[૨૮] તે વખતે, પૂર્વે પર્વત ઉપર વાનર અને હાથીઓ વચ્ચે જેવું યુદ્ધ થયું હતું તેવી રીતે, પ્રહાર કરતા દાનવોએ પણ દેવોનો સંહાર કરવા માંડ્યો.[૨૯] હે દેવર્ષિ! એ સમયે રણની ધૂળ ઉડવાથી આકાશ સંધ્યાના વાદળાં સમાન થઈ રહ્યું.[૩૦] પછી ત્યાં ઘણું તુમુલ યુદ્ધ થયું, તેમાં કોઈ પણ ઓળખાતું હતું નહિ. ફક્ત મારો કાપો એવા શબ્દો જ કાને પડતા હતા.[૩૧] એ પ્રકારે દેવદાનવોનું યુદ્ધ બહુ ભયંકર ચાલ્યું, તેમાં રુધિરનો મોટો પ્રવાહ ચાલ્યો. તેનાથી બધી ધૂળ શાંત થઈ ગઈ.[૩૨] ધૂળ શાંત થઈ જવાથી કાર્ત્તિકેય સાથે દેવોએ દૈત્યસૈન્ય ઉપર હુમલો કર્યો.[૩૩] કાત્તકસ્વામીથી રક્ષાયલા દેવો દૈત્યોનો સંહાર કરવા લાગ્યા. અને મયથી રક્ષાયલા પ્રહાર કરતા દાનવો પણ દેવોનો સંહાર કરવા લાગ્યા.[૩૪] હે નારદ! પછી અમૃતરસનું પાન કરવાનું નહિ મળવાથી તે વખતે દેવો સૈન્યસહિત દાનવોથી જિતાયા.[૩૫] દેવો હારવા લાગ્યા તે જોઇને ગરુડધ્વજ વિષ્ણુ ભગવાને શાર્ઙ્ગ ધનુષ્ય ચડાવી બાણોની વૃષ્ટિ કરી ચારે તરફ દાનવોનો સંહાર કરવા માંડ્યો.[૩૬] એ પ્રમાણે વિષ્ણુ તથા ગરુડથી હણાવા લાગ્યા એટલે દૈત્યો, મહા અસુર કાલનેમિને શરણે ગયા.[૩૭] તેઓને અભય આપીને કાલનેમિ જ્યાં વિષ્ણુ ભગવાન્ હતા ત્યાં આવ્યો અને ઉપેક્ષા કરાયલો વ્યાધિ જેમ વધી જાય તેમ વધી ગયો.[૩૮] દેવ, યક્ષ કે કિન્નર વગેરે જેને જેને તે હાથથી સ્પર્શ કરતો તેને તેને પકડીને તે પોતાના પહોળા કરેલા મોઢામાં મૂકી દેતો.[૩૯] તે દૈત્યેન્દ્ર કાલનેમિ, અસ્ત્રહીન હતો છતાં દિતિજો સહિત ફક્ત હાથ પગ અને નખોના પ્રહારથી ઇંદ્ર, ચન્દ્ર, સૂર્ય સહિત દેવતાઓની તમામ સેનાનો રણમાં સંહાર કરવા લાગ્યો, એ સમયે તેણે અખિલ જગતને દગ્ધ કરવાની ઇચ્છાથી, પૃથ્વી

ઉપર, નીચે, આજુબાજુ બધે પ્રલય કાળના અગ્નિ જેવું સ્વરૂપ ધારણ કર્યું.[૪૦] એ અત્યંત બળવાન્ શત્રુને વૃદ્ધિ પામતો જોઇને સિદ્ધ, સાધ્ય, ગંધર્વ વગેરે સર્વ દેવો ચારે તરફ નાસવા લાગ્યા. તે જોઇને દૈત્ય અત્યંત ગર્વ કરવા લાગ્યો અને પછી દેવતાઓને બાંધી ભગવાન્ નારાયણની સામે શીઘ્રતાથી લાવ્યો અને વિવિધ અસ્ત્રપ્રયોગથી તેઓનો યશ નષ્ટ કર્યો.[૪૧] એ પ્રમાણે મય, બલિ તથા કાલનેમિ જેમાં મુખ્ય છે એવા દૈત્યોને વધતા જોઇને ભગવાન્ વિષ્ણુએ કોપથી લાલ નેત્રો કરીને શાર્ઙ્ગ ધનુષ્ય ખેંચી ઉપર વજ્ર જેવાં પુંખવાળાં બાણો ચડાવી, મેઘ જેમ પર્વતને ઢાંકી નાખે તેમ બાણોની વૃષ્ટિથી દૈત્યોને ઢાંકી દીધા.[૪૨] શ્રીહરિના હાથથી છૂટતાં કાળદંડ જેવાં અર્ધચંદ્ર બાણોવડે બલિ તથા મય જેવા દાનવો પણ ભયભીત થઇને નાઠા. અને ઇંદ્રનું મથન કરનારા કાલનેમિને યુદ્ધ કરવા આગળ કર્યો. તે, અતુલિત બાળવાળા લોકનાથ કેશવ ભગવાનની સામે લડવા આવ્યો.[૪૩] વિષ્ણુએ પર્વતના શિખર જેવાં સો મસ્તક-વાળા કાલનેમિને હાથમાં ગદા લઇને ધસી આવતો જોઇને શાર્ઙ્ગ ધનુષ્ય બાજુ ઉપર મૂકી હાથમાં ચક્ર લીધું. તે જોઈ કાલનેમિ ઘણો વખત સૂધી હસીને પછી મેઘના જેવા ગંભીર શબ્દોથી દૈત્યોરૂપી વૃક્ષોને છેદનાર વનમાળીને કહેવા લાગ્યો કે, આ તેજ અમારો શત્રુ વિષ્ણુ છે કે જે, દાનવોને જિતનાર, દાનવસેનાને ત્રાસ ઉત્પન્ન કરનાર, પરમ ક્રોધી, મારા યુદ્ધમાં વિઘ્ન કરનાર, હિરણ્યાક્ષનો અંતક, અને વિવિધ પ્રકારનાં પુષ્પોની પૂજામાં પ્રીતિ રાખનાર છે. એના જેવો બીજો કોઈ ખળ નથી. હવે મારા હાથમાંથી બચીને એ ક્યાં જનાર છે?[૪૪-૪૫] જો એ કમળલોચન વિષ્ણુ અહીંથી પોતાને ઘેર નાસી નહિ જાય, અને મારી સામે યુદ્ધ કરશે તો ભયભીત દૃષ્ટિથી, બધા દેવો મારી મુષ્ટિના પ્રહારથી ચૂરેચૂરા થઈભસ્મીભુત થયેલો એને જોશે.[૪૬] એ પ્રમાણે કહી ક્રોધથી હોઠ ફફડાવતા કાલનેમિએ, ઇંદ્ર જેમ પર્વત ઉપર વજ્રનો પ્રહાર કરે તેમ, મધુસૂદન વિષ્ણુના ઉપર ગદાનો પ્રહાર કર્યો.[૪૭] વિષ્ણુએ દાનવના હાથ-માંથી છૂટેલી તે ભયંકર ગદાને આવતી જોઇને, દુર્દશામાં આવેલા મનુષ્યના મનોરથ જેમ નિષ્ફળ થઈ પડે છે તેમ, ચક્રથી છેદી નાખીને તેને નિષ્ફળ કરી નાખી.[૪૮] દાનવની ભયંકર ગદાને છેદી નાખી ને પછી વિષ્ણુએ પાસે આવીને તેના બે મજબૂત ભુજને છેદી નાખ્યા.[૪૯] વિષ્ણુ ભગવાને ભુજ છેદી નાખ્યા એટલે તે વખત કાલનેમિ દગ્ધ થયેલા પર્વત જેવો શોભવા લાગ્યો.[૫૦] પછી વિષ્ણુ ભગવાને ક્રોધ કરીને, પાકા તાડફળની પેઠે તેનું મસ્તક છેદીને જમીન ઉપર પાડી નાખ્યું.[૫૧] બાહુ તથા મસ્તક વગરનું વનમાંના તાડના જેવું તેનું ધડ, મેરુ પર્વતની માફક સ્થિર ઉભુ રહ્યું.[૫૨] હે મુને! જેમ ઇંદ્રે વજ્રના પ્રહારથી આકાશમાંથી રાહુનું મસ્તક છેદીને પાડ્યું હતું, તેમ ગરુડે છાતીના પ્રહારથી કાલનેમિના તે ધડને પાડી નાખ્યું.[૫૩] એ પ્રમાણે દાનવસેનાપતિ મરાયાથી

દેવોએ દૈત્યોનો સંહાર કરવા માંડ્યો, તેથી શસ્ત્ર, કેશ, કવચ, વસ્ત્ર વગેરે જેમનાં છૂટી પડ્યાં છે એવા એક બાણાસુર શિવાય બીજા બધા દૈત્યો રણમાંથી નાસી જવા લાગ્યા.[૫૪]

तस्मिन्हते दानवसैन्यपाले ससाध्यमानास्त्रिदशैश्चदैत्याः ।
विमुक्तशस्त्रालकवर्मवस्त्राः संप्राद्रवन्बाणमृतेऽसुरेन्द्राः ॥ ५४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'કાલનેમિ વધ' નામે તોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૪ મો.

બલિ રાજાને પ્રહ્લાદનો ઉપદેશ.

पुलस्त्य उवाच—संनिवृत्तबले बाणे दानवाः सत्वरं पुनः ॥
प्रयाता देवतासेनां सशस्त्रायुधलालसाः ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યાઃ—સૈન્ય નાસી ગયા છતાં બાણાસુરને રહેલો જોઇને યુદ્ધની લાલસાથી શસ્ત્રો સહિત દાનવો દેવસેના તરફ ફરીથી તુરત પાછા આવ્યા.[૧] અમિત તેજસ્વી વિષ્ણુએ, બલિપુત્ર બાણાસુરને અજેય જાણીને સર્વ દેવોને બોલાવીને કહ્યું કે, નિર્ભય થઇને એની સાથે યુદ્ધ કરો.[૨] વિષ્ણુની આજ્ઞાથી ઇંદ્ર આદિ દેવો દાનવો સાથે યુદ્ધ કરવા લાગ્યા, એટલે વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા.[૩] માધવને અંતર્ધાન થયેલા જાણીને શુક્રાચાર્યે બલિને કહ્યું કે, હે બલિ ! ગોવિંદ દેવતાઓને છોડીને જતા રહ્યા છે, માટે હવે તું જય મેળવ.[૪] જનાર્દન વિષ્ણુ ભગવાન્ જતા રહેવાથી અને પુરોહિત શુક્રાચાર્યના વાક્યથી પ્રસન્ન થઇને તેજસ્વી બલિ ગદા લઇને દેવસૈન્ય તરફ દોડ્યો.[૫] બાણાસુર પણ હજાર હાથોમાં શસ્ત્રાસ્ત્ર ધારણ કરીને દેવસૈન્યમાં દોડી જઇને હજારોને ઘાયલ કરવા લાગ્યો.[૬] બળવાન્ મય પણ માયા કરીને અનેક રૂપે દેવસેના સાથે યુદ્ધ કરવા લાગ્યો.[૭] વિદ્યુજ્જિહ્વ, પર, ભદ્ર, વૃષપર્વા, અસિતેક્ષણ, વિપાક, વિક્ષર એ દૈત્યો પણ દેવસેના ઉપર તૂટી પડ્યા.[૮] ભગવાન્ જનાર્દનના જવાથી ઇંદ્ર આદિ દેવો માર ખાવા લાગ્યા અને ઘણે ભાગે વિમુખ થયા.[૯] રણમાંથી નાસતા દેવોને ત્રૈલોક્યવિજયની ઇચ્છાવાળા દાનવો પૂંઠેથી માર મારવા લાગ્યા.[૧૦] દૈત્યોનો માર ખાતા ઇંદ્રસહિત દેવો ભયાતુર થઇને સ્વર્ગને છોડી દઈ બ્રહ્મલોકમાં ગયા.[૧૧] સ્વર્ગમાંથી ઇંદ્ર તથા દેવો બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા તેથી બલિ, સેવકો તથા સુત બાંધવો સહિત સ્વર્ગનો ભોક્તા થયો.[૧૨] હે બ્રહ્મન્ ! પછી બલિ ઇંદ્ર બન્યો, બાણ યમ થયો, મય વરુણ થયો, રાહુ ચંદ્ર થયો, મહા અસુર પ્રહ્લાદ સ્વર્ભાનુ (સૂર્ય) થયો અને શુક્રાચાર્ય બૃહસ્પતિ થયા. એ પ્રમાણે જે જે અધિકાર ઉપર દેવો હતા તે તે અધિકાર ઉપર અસુરો નિમાયા.[૧૩–૧૪] પાંચમાં કળિકાળની શરુઆતમાં અને દ્વાપરના અતિ ભયંકર અંતમાં દેવાસુર સંગ્રામ થયો, જેમાં બલિએ ઇન્દ્ર-

પદ ધારણ કર્યું હતું.[૧૫] સાત પાતાળ અને ભૂર્, ભુવર્ તથા સ્વર્ એ પ્રખ્યાત ત્રણ લોક સહિત દશ લોકનો અધિપતિ બલિ થયો.[૧૬] પછી સર્વે દુર્લભ ભોગ ભોગવવા તેણે સ્વર્ગમાં નિવાસ કર્યો. ત્યાં વિશ્વાવસુ વગેરે ગન્ધર્વો તેની ઉપાસના કરવા લાગ્યા.[૧૭] તિલોત્તમા આદિ અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. યક્ષ વિદ્યાધર આદિ વાદિત્ર વગાડવા લાગ્યા.[૧૮] હે બ્રહ્મન્! દૈત્યેશ્વર બલિ એ પ્રમાણે સ્વર્ગીય ભોગો ભોગવતો પોતાના મનમાં પિતામહ પ્રહ્લાદનું સ્મરણ કરવા લાગ્યો.[૧૯] તે મહાભાગ્યવાન્ અસુર, પોતાનો પૌત્ર પોતાનું સ્મરણ કરે છે એમ જાણી, એકદમ પાતાળમાંથી સ્વર્ગમાં આવ્યા.[૨૦] તેમને આવેલા જોઇને બલિરાજા એકદમ સિંહાસન ઉપરથી હેઠે ઉતર્યો ને બે હાથ જોડી તેના ચરણમાં પ્રણામ કર્યા.[૨૧] પોતાના ચરણમાં પડેલા વીર બલિને ઉઠાડીને પ્રહ્લાદે આલિંગન આપ્યું અને તેને આસન ઉપર બેસાડ્યો.[૨૨] પછી બલિએ તેને કહ્યું કે, હે તાત! આપના પ્રતાપથી મેં દેવતાઓનો પરાજય કરીને ઇંદ્રનું રાજ્ય હરણ કરી લીધું છે. તથા તેનું વીર્ય શુષ્ક કરી નાખ્યું છે.[૨૩] એ પ્રમાણે મારા બળના પ્રભાવથી ઇંદ્ર નિર્બળ થઇ ગયો છે. હવે આપ આ ત્રૈલોકયનું રાજ્ય ભોગવો, હું આપની પાસે આપનો દાસ થઇને ખડો રહીશ.[૨૪] પુણ્યવાન્ ઐરાવતની માફક હું પણ રહીશ અને તમારા ચરણની પૂજામાં નિમગ્ન રહીને તમારું ઉચ્છિષ્ટ અન્ન જમીશ.[૨૫] હે સત્તમ! જે ગુરુની આજ્ઞા પ્રમાણે નથી ચાલતો અને તેમની સેવા નથી કરતો તે કદાપિ સ્થિરપણે રાજ્ય કરી શકતો નથી.[૨૬]

હે દ્વિજોત્તમ! બલિનાં કહેલાં એ વચનો સાંભળીને પ્રહ્લાદજી ધર્મ અર્થ અને કામના સાધન રૂપ નીચે પ્રમાણે વચન બોલ્યા કે, પહેલાં મેં નિષ્કંટક રાજ્ય કર્યું હતું–સર્વનાં અંતઃકરણ જિતિ લઇને મિત્રોનું પૂજન કર્યું હતું, ઇચ્છાપૂર્વક દાન કર્યું હતું, પુત્રો ઉત્પન્ન કર્યા હતા, અને હે બલિ! હવે હું યોગસાધન કરું છું.[૨૭–૨૮] હે પુત્ર! વિધિપૂર્વક રાજ્ય ગ્રહણ કરીને ફરીથી મેં તને પાછું આપ્યું છે. તો એ જ પ્રમાણે તું ગુરુસેવામાં પ્રીતિવાન રહે.[૨૯] એ પ્રમાણે કહીને હે બ્રહ્મન્! તેમણે બલિનો જમણો હાથ પકડીને તુરત તેને ઇન્દ્રના સિંહાસન ઉપર બેસાડ્યો.[૩૦] સર્વ રત્નમય ઇંદ્રના સિંહાસન ઉપર બેસીને તે દૈત્યપતિ, ઇન્દ્ર સમાન શોભવા લાગ્યો.[૩૧] ત્યાં બેસીને પછી બલિ બે હાથ જોડી ગંભીર વાણીથી પ્રહ્લાદને કહેવા લાગ્યો.[૩૨] હે તાત! ત્રિલોકની રક્ષામાં તત્પર રહીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માટે મારે શું કરવું તેનો ઉપદેશ મને આપો.[૩૩] એ વખતે શુક્રાચાર્યે પ્રહ્લાદને કહ્યું કે, હે મહાબાહો! જે યુક્ત હોય તે જ એના ઉત્તરમાં એને કહો.[૩૪] બલિ તથા શુક્રનું વચન સાંભળીને ભગવદ્‌ભક્ત પ્રહ્લાદજી ધર્મ તથા અર્થવાળું ઉત્તમ વચન બોલ્યા.[૩૫] હે રાજન્! ત્રણે ભુવનનું ધન પણ ધર્મને બાધ આવે એવું ન હોય તો જ તે ગ્રહણ કરવું એનું નામ અર્થોપાર્જન.[૩૬] સર્વ પ્રાણીઓને અનુકૂળ હોય અને જેથી ધર્મ, અર્થ અને કામ સધાય તથા જે આ લોકમાં અને પરલોકમાં કલ્યાણકારક હોય તેવું કર્મ જ કરવું.[૩૭] જેથી

લોકમાં વખાણુ થાય, જેથી તારી કીર્ત્તિ થાય અને જેથી અપકીર્તિ ન થાય તે જ કામ હે મહાતેજસ્વી! તારે કરવું જોઇએ.[૩૮] એટલા માટે જ મહાપુરુષો સમૃદ્ધિની ઇચ્છા રાખે છે, કેમકે જેના વડે જ આપણા ઘરમાં કુલવાન, દુઃખી, જ્ઞાતિ બહિષ્કૃત, મિત્ર, વૃદ્ધ, જ્ઞાતિમાં ગુણવાન્, બ્રાહ્મણ, અને કીર્તિ સ્થિર થઇને રહે છે અને યશ વિસ્તારે છે.[૩૯–૪૦] તેથી કરીને હે પુત્ર! તું આ સત્કુલમાં ઉત્પન્ન થયો છે અને રાજ્યપદપર બેઠો છે તેથી એ સૌ તારા ઘરમાં જે રીતે નિવાસ કરે તે રીતે પ્રયત્ન કર. અને જેથી લોકમાં તારી કીર્તિ ફેલાય તેવી રીતે હે અમલસત્વ! તું કાર્યો કર.[૪૧] આ પૃથ્વીને બ્રાહ્મણોથી વિભૂષિત, ક્ષત્રિયોથી અન્વિત, વૈશ્યોથી ભરેલી અને શૂદ્રોથી સેવાશક્તિયુક્ત કરવાથી રાજાઓ સમૃદ્ધિ પામે છે.[૪૨] તે કારણથી વેદશાસ્ત્રસંપન્ન ઉત્તમ બ્રાહ્મણો અને મોટા મોટા રાજાઓ તારી પાસે યજ્ઞો કરાવો. દિવ્ય યજ્ઞોવડે દ્વિજેન્દ્રો યજન કરો. કારણ કે યજ્ઞના ધૂમાડાથી જ રાજાની શાંતિ છે.[૪૩] તપ અને વેદાધ્યયનસંપન્ન, યજન તથા અધ્યયનમાં આસક્ત, અને ક્ષત્રિયોથી પૂજ્ય એવા બ્રાહ્મણો તારી આજ્ઞાને અનુસરનારા થાઓ.[૪૪] વેદાભ્યાસ અને યજ્ઞ કરનારા, દાતા, શસ્ત્ર ઉપર જીવનારા, અને પ્રજાપાલનરૂપ ધર્મ આચરનારા ક્ષત્રિયો થાઓ.[૪૫] યજ્ઞ તથા અધ્યયનસંપન્ન, દાતાર, કૃષિ કરનારા, પશુપાલન કરનારા, અને વેપાર ઉપર જીવનારા વૈશ્યો થાઓ.[૪૬] બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્યની સેવા કરનારા અને સદા તારી આજ્ઞા પાળનારા શૂદ્રો થાઓ.[૪૭] સર્વ વર્ણના લોકો જ્યારે પોતપોતાના ધર્મમાં વર્તે છે ત્યારે જ હે દિતિજેશ્વર! ધર્મની વૃદ્ધિ થાય છે, ધર્મવૃદ્ધિમાં જ રાજાનું રાજાપણું છે.[૪૮] તેથી કરીને હે બલિ! તારે સર્વ વર્ણોને પોતપોતાનો ધર્મ પાળનારા બનાવવા જોઇએ. તેમની વૃદ્ધિથી તારી વૃદ્ધિ છે અને તેમની હાનિમાં તારી હાનિ છે.[૪૯] એ પ્રમાણેનાં વચન સાંભળીને નરાધિપેન્દ્ર બલિ થોડી વાર શાંત રહીને બોલ્યો, હું આપની આજ્ઞા પ્રમાણે જ કરીશ.[૫૦]

इत्थं वचः श्राव्य नराधिपेन्द्रो बलिर्महात्मा स बभूव तूष्णीम् ॥
ततो यदा ज्ञापयसे करिष्ये इत्थं बलिः प्राह वचो महर्षे ॥ ६० ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'વામન પ્રાદુર્ભાવે' ચુમોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૫ મો.

બલિ રાજાના મહિમાનું વર્ણન.

पुलस्त्य उवाच—ततो गतेषु देवेषु ब्रह्मलोकं तपोधन ॥
त्रैलोक्यं पालयामास बलिर्धर्मान्वितः सदा ॥ १ ।

પુલસ્ત્ય બોલ્યાઃ–હે તપોધન! દેવતાઓ બ્રહ્મલોકમાં ગયા પછી બલિ સર્વદા ધર્મપરાયણ રહી ત્રિલોકનું પાલન કરવા લાગ્યો.[૧] તે વખતે સત્યયુગની પેઠે જગતને

નિયુક્ત જોઇને પોતાના સ્વભાવનો નિબંધ થવાથી કલિયુગ બ્રહ્માને શરણે ગયો.[૨]
ત્યાં જઇને જોયું કે બ્રહ્મા, દેવો તથા ઇંદ્રની સાથે ત્યાં બેઠેલા છે અને પોતાના
તેજથી આખા બ્રહ્મલોકને સુરાસુરસહિત પ્રકાશમાન કરી રહ્યા છે.[૩] બ્રહ્માને
પ્રણામ કરી કલિ બોલ્યો કે, 'હે ભગવન્! હે દેવસત્તમ! બલિએ મારા
સ્વભાવનો નાશ કર્યો છે.'[૪] બ્રહ્માએ તેને કહ્યું કે, 'ફક્ત તારો જ સ્વભાવ નષ્ટ
કર્યો છે એમ નથી, પણ આખા જગતનો સ્વભાવ એણે નષ્ટ કર્યો છે.[૫] તું
જઇને જો તો ખરો કે મરુદ્ગણોની સાથે ઇંદ્રની તથા વરુણની શી દશા થઈ છે? એ
બળવાન્ બલિના બળથી સૂર્ય પણ દીન થઈ હીનકાન્તિ થઈ ગયો છે.[૬] તેના કાર્યનો
અટકાવ કરે એવો ત્રૈલોક્યમાં કોઈ નથી. ફક્ત સહસ્રશીર્ષા સહસ્રપાત્ શ્રીહરિ જ એક
સમર્થ છે.[૭] એ બલિ સદ્ધર્માચરણથી પૃથ્વી સહિત સ્વર્ગ, રાજ્ય, લક્ષ્મી, યશ, બળ,
એનું હરણ કરી પોતાને વશ કરનાર છે.'[૮] બ્રહ્માએ એ પ્રમાણે કહ્યું તેથી અને ઇન્દ્ર
આદિ સર્વ દેવોને હીનતેજ જોઇને કલિ બેહેડાંના વનમાં ચાલ્યો ગયો.[૯] હે નારદ!
તે ત્રણે લોકમાં કલિ રહ્યો નહિ. સત્યયુગ બેઠો અને ચારે વર્ણને વિષે ચતુષ્પાદ
ધર્મ પ્રવર્તી રહ્યો.[૧૦] તપ, અહિંસા, સત્ય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, દયા, દાન, અક્રૂરતા,
કૃપા, યજ્ઞકર્મ એ સર્વ ધર્મોથી આખું જગત્ વ્યાપ્ત થઈ રહ્યું. હે બ્રહ્મન્! બલિ-
રાજાએ સત્યયુગને સતુષ્ટ કરીને બળથી એ યુગ ચલાવ્યો છે.[૧૧-૧૨] દ્વિજો સ્વસ્વ-
આશ્રમ ધર્મ પાળે છે અને રાજાઓ સદૈવ પ્રજાપાલનમાં તત્પર રહે છે.[૧૩]
એ ત્રણે જગતમાં ધર્મ પ્રવર્તમાન થવાથી ત્રિલોકની લક્ષ્મી એ દાનવેશ્વર પાસે
આવવા લાગી.[૧૪]

એ ઇંદ્રની લક્ષ્મીને આવતી જોઇને બલિએ તેને પુછ્યું કે, 'તું કોણ છે
અને મારી પાસે શામાટે આવે છે?'[૧૫] તે સાંભળીને પદ્મમાલિની લક્ષ્મી
બોલી કે, 'હે બલિ! હું જેની રાણી છું,અને જેની પાસેથી આવી છું તે
સાંભળ.[૧૬] જેનું બળ તર્કમાં ન આવી શકે એવા ચક્ર ગદાધર વિષ્ણુ ભગવાને
તેનો ત્યાગ કર્યો છે, તેથી હું તેની (ઇંદ્રની) પાસેથી અહીં તારી પાસે આવી
છું.[૧૭] એ શ્રી વિષ્ણુ ભગવાને ચાર સ્ત્રીઓ ઉત્પન્ન કરી હતી. તે સૌ
રૂપાળી હતી. તેમાં એક શ્વેત વસ્ત્ર ધારણ કરનારી, શ્વેત પુષ્પના હાર પહે-
રનારી, શ્વેત ચન્દનનો લેપ કરનારી,[૧૮] શ્વેત હાથી ઉપર આરૂઢ થયેલી, સત્વ
ગુણયુક્ત અને શ્વેત શરીરવાળી હતી. બીજી લાલ વસ્ત્ર ધારણ કરનારી, લાલ
પુષ્પનો હાર પહેરનારી, લાલ ચંદનનો લેપ કરનારી,[૧૯] લાલ ઘોડા ઉપર આરૂઢ
થયેલી, લાલ શરીરવાળી અને રાજસ ગુણવાળી હતી. ત્રીજી પીળાં વસ્ત્ર ધારણ
કરનારી, પીળા રંગની, પીળા પુષ્પના હાર પહેરનારી, પીળા ચંદનનો લેપ કર-
નારી,[૨૦] અને સુવર્ણના રથમાં બેઠેલી તામસ ગુણવાળી હતી. ચોથી લીલાં વસ્ત્ર
ધારણ કરનારી, લીલાં પુષ્પના હાર પહેરનારી, લીલા ચંદનનો લેપ કરનારી,
યશસ્વી,[૨૧] અને લીલા બળદ ઉપર બેઠેલી ત્રણ ગુણવાળી હતી. એમાં જે શ્વેત

ત્રવાળી, શ્વેત વર્ણની, સત્વગુણમયી હાથી ઉપર બેઠેલી હતી,[૨૨] તે બ્રહ્મા, ચંદ્ર અને ચંદ્રના અનુયાયીઓને પ્રાપ્ત થઈ. જે લાલ વર્ણની, લાલ વસ્ત્ર ધારણ કરનારી, ઘોડા ઉપર બેઠેલી અને રાજસ ગુણવાળી હતી.[૨૩] તે દેવરાજ મનુ અને મનુના પુત્રોને આપવામાં આવી. જે સુભગા પીળાં વસ્ત્રવાળી હતી અને સુવર્ણના રથ ઉપર બેઠેલી હતી,[૨૪] તે પ્રજાપતિઓને, ઇંદ્રને અને વૈશ્યોને આપવામાં આવી. જે લીલાં વસ્ત્રવાળી બળદ ઉપર બેઠેલી ચોથી હતી,[૨૫] તે નૈર્ઋત દાનવોને, શૂદ્રોને અને વિદ્યાધરોને આપવામાં આવી. શ્વેત વર્ણવાળી યુવતીને બ્રાહ્મણાદિકોએ સરસ્વતી નામથી બોલાવી છે,[૨૬] તથા બ્રહ્માદિ સહિત યજ્ઞમાં મંત્રાદિ વગેરેથી સદા તેની સ્તુતિ કરવામાં આવે છે. તે રક્ત વર્ણની કન્યાને ક્ષત્રિયો જયશ્રી નામથી કહે છે.[૨૭] સુરશ્રેષ્ઠ મનુ તથા ચંદ્રને જે યશસ્વિની પ્રાપ્ત થઈ છે અને જે પીળાં વસ્ત્રવાળી સદૈવ કનકાંગી છે, તેને વૈશ્યો તથા રાજાઓ લક્ષ્મી કહીને સ્તુતિ કરે છે. તે નીલવર્ણની કન્યાની રાક્ષસો તથા શૂદ્રો ભક્તિપૂર્વક પ્રિયદેવી નામથી સ્તુતિ કરે છે. હે આર્ય! એ પ્રમાણે ચક્રધારી વિષ્ણુ ભગવાને તે ચારે સ્ત્રીઓને વહેંચી આપી.[૨૮—૩૦]

એમના સ્વરૂપને વિષે અખૂટ નિધિઓ, ઇતિહાસ, પુરાણો, સાંગ વેદો અને ઉક્તિઓ એ સૌ રહેલાં છે.[૩૧] તેમાં જે શ્વેત વર્ણવાળી છે તેના સ્વરૂપમાં મહાપદ્મક નામનો નિધિ, ચોસઠકળાઓ, રત્નો, સુવર્ણ, રૂપું, ગજ, અશ્વ, રથ, અલંકારો એ સૌ રહેલાં છે.[૩૨] લાલ વર્ણવાળીને વિષે શસ્ત્રઅસ્ત્ર વગેરે વસ્તુઓ, પદ્મ નામનો નિધિ, ગાયો, ભેંસો, ગધેડાં, ઉંટ, સુવર્ણ, લુગડાં, ભૂમિ વગેરે રહેલાં છે.[૩૩] પીળા રંગવાળીને વિષે મહાનીલ નામે નિધિ, ઓષધિઓ, પશુઓ રહેલાં છે અને સર્વ જાતિમાં એક એક જાતિ રહેલી છે.[૩૪] અન્ય નીલ વર્ણવાળી જે સંહાર કરનારી છે તેમાં શંખ નામે નિધિ રહેલો છે. હે દાનવ! એ ચારે સ્ત્રીઓમાં રહેલા પુરુષો વગેરેનાં જે રૂપો થાય છે તે હું કહું છું, તે શ્રવણ કરો.[૩૫]

હે દાનવપતે! મહાપદ્મને વિષે રહેલા પુરુષો સત્ય તથા શૌચયુક્ત અને બલ, દાન તથા ઉત્સવમાં પ્રીતિવાળા હોય છે.[૩૬] પદ્માશ્રિત મનુષ્ય માત્ર યજવા, સુભગ, દર્પિત, માલા ધારણ કરનાર, અત્યંત દક્ષિણા આપનાર તથા સર્વ સામાન્ય સુખથી યુક્ત હોય છે.[૩૭] મહાનીલને આશ્રયે રહેલા પુરુષો સત્ય તથા અસત્ય-યુક્ત, દાનવાળા તથા અશરણ, યજ્ઞ કરનારા અને ન્યાય તથા અન્યાયવાળા હોય છે.[૩૮] શંખને આશ્રયે રહેલા પુરુષો નાસ્તિક, શૌચરહિત, કૃપણ, ભોગ-વર્જિત, ચોર અને જૂઠું બોલનારા હોય છે.[૩૯] હે દાનવ! એ પ્રમાણે મેં એમનો નિર્ણય તને કહ્યો.[૪૦] હું તે રાગિણી નામે જયશ્રી તારી પાસે આવી છું. હે દાનવપતિ! મારી સાધુસંમત એવી પ્રતિજ્ઞા છે કે, શૌર્યવાનની પાસે જ મારે રહેવું, નપુંસકની પાસે કદી નહિ. તારા શિવાય ત્રિલોકમાં કોઈ પણ બળવાન્

નથી.[૪૧-૪૨] હે રાજન્! તું બળવાન છે, તેથી તારા ઉપર મને અત્યંત પ્રેમ ઉત્પન્ન થયો છે. કેમકે દેવરાજ ઇંદ્રનો યુદ્ધમાં તે પરાજય કર્યો છે.[૪૩] તેથી ફરીને હે દાનવ! તારા ઉપર મારી કાયમની પ્રીતિ ઉત્પન્ન થઈ છે. સર્વથી પણ શ્રેષ્ઠ બળ તારામાં મેં જોયું છે.[૪૪] તું શૂર, માની અને વીર છે, તેથી હું સ્વયં તારી પાસે આવી છું. હે દાનવશ્રેષ્ઠ! અસુરેન્દ્ર હિરણ્યકશિપુના કુલમાં ઉત્પન્ન થયેલા તારામાં એવાં કર્મ હોય, એમાં કંઈ આશ્ચર્ય નથી. હે રાજન્! તું તારા પ્રપિતામહ (પ્રહ્લાદ) થી પણ વિશેષ પરાક્રમી નીવડ્યો છે.[૪૫-૪૬] તે પ્રથમથી જ ઇંદ્ર પાસેથી ત્રિલોકનુ રાજ્ય જિતી લીધું છે.'

એ પ્રમાણે વચન બોલીને જગન્મયી ચંદ્રવદના શુભ જયશ્રીએ દાનવેન્દ્ર બલિના શરીરમાં પ્રવેશ કર્યો, એથી તે વિશેષ શોભવા લાગ્યો. તેણે પ્રવેશ કર્યા પછી વિધવા સ્ત્રીઓની પેઠે લજ્જા, કીર્તિ, દ્યુતિ, પ્રભા, ગતિ, ક્ષમા, ભૂતિ, વિદ્યા, નીતિ, દયા, મતિ, શ્રુતિ, સ્મૃતિ, બલ, કીર્તિ, ધૃતિ, શાંતિ, ક્રિયા, પુષ્ટિ, તુષ્ટિ વગેરે સત્સ્ત્રીને આશ્રયે રહેલા સર્વે બલિના આશ્રયે આવીને યથાસુખ વિશ્રાન્તિ લેવા લાગ્યાં.[૪૭-૫૦] દનુપુંગવ મહાત્મા બલિ, શુભ બુદ્ધિવાળો, આત્મવાન્, યજ્ઞકર્તા, તપસ્વી, મૃદુ, સત્યવાદી, દાતા, સર્વેનો ભરણકર્તા તથા સ્વજનોનો રક્ષક હતો. તે એ પ્રમાણેના શુભ ગુણોથી યુક્ત થયો.[૫૧] દાનવેન્દ્ર બલિ સ્વર્ગનું રાજ્ય કરવા લાગ્યો. તે વખત કોઈ પણ ક્ષુધાર્ત, મલિન તથા ગરીબ રહ્યું નહિ. મનુષ્યો પણ સદા ઉજ્વલ ધર્મમાં રત, દાન્ત અને ઇચ્છા મુજબ ઉપભોગ ભોગવનાર થયાં હતાં.[૫૨]

त्रिविष्टपं शासति दानवेन्द्रे नार्सात्क्षुधार्तो मलिनो न दीनः ।
सदोज्ज्वलो धर्मरतोऽथ दान्तः कामोपभोगी मनुजोऽपि जातः ॥ ६२ ॥

ઇતી શ્રી વામનપુરાણે 'વામન પ્રાદુર્ભાવે' પંચોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૬ મો.

અદિતિને વર આપવો.

पुलस्त्य उवाचः—गते त्रैलोक्यराज्ये तु दानवेषु पुरन्दरः ।
जगाम ब्रह्मसदनं सह देवैः शचीपतिः ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યાઃ—ત્રિલોકનું રાજ્ય દાનવો પાસે ગયા પછી શચીપતિ ઇંદ્ર દેવો સાથે બ્રહ્મલોકમાં ગયા.[૧] ત્યાં જઇને જોયું તો કમલોદ્ભવ દેવપતિ બ્રહ્મા ઋષિઓ સહવર્તમાન પોતાના પિતા કશ્યપ સાથે બેઠા હતા.[૨] પછી ઇન્દ્રે દેવતાઓ સહિત બ્રહ્માને, કશ્યપને તથા સર્વે તપોધન ઋષિઓને પ્રણામ કર્યા.[૩] અને પછી દેવતાઓની સાથે મળીને ઇંદ્રે દેવપતિ પિતામહને કહ્યું કે, 'હે

પિતામહ! મારું રાજ્ય બળવાન્ બલિએ જિતી લીધું છે.'[૪] બ્રહ્માએ કહ્યું કે, 'હે ઇંદ્ર! તું તારા કરેલા કર્મનું જ ફળ ભોગવે છે.'

ઇંદ્રે પૂછ્યું કે, 'હે ભગવન્! મેં શું દુષ્કૃત કરેલું છે.'[૫] કશ્યપે કહ્યું કે, 'હે દેવેશ! તેં ગર્ભહત્યા કરેલી છે. દિતિના ઉદરમાં રહેલા ગર્ભને તેં બલાત્કારે છેદી નાંખ્યો હતો.'[૬] ઇંદ્રે પિતા કશ્યપને કહ્યું કે, 'તે માતાના દોષથી થયું છે. કેમકે તે સમયે તે અપવિત્ર થઈ હતી.'[૭] કશ્યપે કહ્યું કે, 'માતાનો દોષ હશે તો પણ તે ગર્ભ દાસભાવને પામેલો હતો. દાસનો તેં વજ્રથી વધ કર્યો છે.'[૮] કશ્યપનું વચન સાંભળીને ઇંદ્ર પિતામહ બ્રહ્માજીને પૂછવા લાગ્યો કે 'હે પ્રભો! એ પાપનું મને પ્રાયશ્ચિત્ત બતાવો.'[૯] બ્રહ્મા, વશિષ્ઠ તથા કશ્યપ સર્વ જગતના તથા વિશેષે કરીને ઇંદ્રના કલ્યાણને માટે બોલ્યા કે, 'હે ઇન્દ્ર! શંખ, ચક્ર તથા ગદા ધારણ કરનાર એવા માધવ પુરુષોત્તમ ભગવાનને શરણે જા. તે સૌ ઉપાય બતાવશે.'[૧૦-૧૧] ગુરુઓનું વચન સાંભળીને ઇન્દ્ર બોલ્યો કે, 'થોડા વખતમાં કંઈ મહોદય દૃષ્ટિએ પડે છે કે નહિ?'[૧૨] સુરપતિએ એ પ્રમાણે પૃછ્યું, એટલે બ્રહ્મા, મરીચિપુત્ર કશ્યપ અને મિત્રાવરુણપુત્ર વસિષ્ઠ ઇન્દ્ર સાથે વેગથી પૃથ્વી ઉપર આવ્યા.[૧૩] કાલંજરની ઉત્તરે, હિમાદ્રિની દક્ષિણે, કુશસ્થલની પૂર્વે, વસુપુરથી પશ્ચિમે,[૧૪] જ્યાં ગયરાજાએ પૂર્વે સેંકડો દક્ષિણાઓવાળો અશ્વમેધ યજ્ઞ કર્યો હતો, વળી જ્યાં પૂર્વે દૈત્યોએ એક હજાર મનુષ્યમેધ કરેલા છે,[૧૫] જે મહામેધ નામથી પ્રસિદ્ધ છે અને જે ઉપરથી અવ્યક્તમૂર્તિ ભગવાન્ મુરારિને હાથમાં ગદા લઈ ત્યાં દ્વારપાળપણું કરવું પડયું હતું, જે ઉપરથી તે ગદાધર નામથી વિખ્યાત થયા છે,[૧૬] શ્રુતિશાસ્ત્ર વર્જિત વિપ્રો પણ જ્યાં નિવાસ કરવાથી પિતામહતુલ્ય થઈ જાય છે, જે સ્થાનમાં એક વખત પણ પોતાના પિતૃઓની ભક્તિપૂર્વક પૂજા કરવાથી ભગવાનના પ્રસાદથી મનુષ્યો મહામેધા યજ્ઞના ફળને પામે છે,[૧૭] જ્યાં સુરર્ષિ કન્યા મહાનદી ફલ્ગુ જળના નિમિત્તથી હિમાલયમાં થઇને વહી આવે છે, તેનાં દર્શનથી તથા તેમાં સ્નાન કરવાથી અને તેના જળનું પ્રાશન કરવાથી જગતનાં પાપ નષ્ટ થઈ જાય છે.[૧૮] ત્યાં મહા નદીને તીરે આવીને ઇન્દ્રે વિષ્ણુ ભગવાનની આરાધના કરવા માંડી.[૧૯] રોજ સવારમાં ઉઠીને સ્નાન કરતો, એક વખત આહાર કરતો. તે પણ માગ્યા વગર જે મળે તે. જમીન ઉપર સૂઈ રહેતો. એ પ્રમાણે ઇંદ્ર ગદાધર ભગવાનનું તપ કરવા લાગ્યો.[૨૦] જિતેન્દ્રિય રહીને, કામ ક્રોધનો ત્યાગ કરીને એવી રીતે તેણે સારી રીતે એક હજાર વર્ષ સુધી તપ કર્યું.[૨૧] તે ઉપરથી પછી ગદાધર ભગવાન્ પ્રસન્ન થઇને ઇંદ્રને કહેવા લાગ્યા; 'હે ઇંદ્ર! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તું હવે પાપથી મુક્ત થયો છે.[૨૨] હે વાસવ! તારું રાજ્ય હવે તને જલદી જ પાછું મળશે. તારા શ્રેયને માટે હું યત્ન કરીશ.'[૨૩] ગદાધર ભગવાને એ પ્રમાણે કહીને ઇંદ્રને વિદાય કર્યો. પછી તેણે મનોહરા નદીમાં સ્નાન કર્યું. સ્નાન કરવાથી તે દેવેશનું પાપ જે છૂટું પડયું, તેમાંથી અનેક પુરુષ ઉત્પન્ન થયા. તે કહેવા લાગ્યા કે, અમારે શું કરવું તેની હવે અમને આજ્ઞા

આપો.[૨૪] તે ભયંકર કર્મ કરનારા મનુષ્યોને ઇંદ્રે કહ્યું કે, 'તમે મારા પાપમાંથી ઉત્પન્ન થયા છો, માટે પુલિંદ નામથી કહેવાશો. હે પુલિંદો! તમે આ હિમાચળ અને કલિંજર પર્વતની વચ્ચેના પ્રદેશમાં નિવાસ કરો.'[૨૫] સુરરાજ એ પ્રમાણે પુલિંદોને કહી પાપમુક્ત થઈ અમર, સિદ્ધ તથા યક્ષોથી પૂજા કરાતો માતાના પરમપૂજ્ય આશ્રમને વિષે આવ્યો.[૨૬] પોતાની માતા અદિતિને જોઈને નમ્રભાવથી હાથ જોડી મસ્તક નમાવી તેણે તેમનાં ચરણકમળમાં પ્રણામ કર્યા.[૨૭] અદિતિએ તેનું મસ્તક ચુમી વહાલથી તેને આલિંગન આપી, હર્ષની નજરથી જોઈ, તેના સમાચાર પૂછ્યા. ઇંદ્રે કહ્યું; 'બલિએ સર્વ દેવો સહિત મારો પરાજય કર્યો છે.'[૨૮] એ સાંભળીને તે શોકથી આકુલ વ્યાકુલ થઈ ગઈ ને વિચાર કરવા લાગી કે 'અરેરે! દૈત્યપુત્રોએ મારા પુત્રોનો પરાજય કર્યો!' તે પછી તે દુઃખી થતી અનાદિ પરમ પૂજ્ય શ્રીવિષ્ણુ ભગવાનને શરણે ગઈ.[૨૯] નારદજી પૂછવા લાગ્યા કે, 'હે ભગવન્! દેવમાતા અદિતિ, ચરાચરના પ્રભુ, પ્રમાણરૂપ, અનાદિ, અનંત હૃષીકેશ ભગવાનની આરાધના કયા સ્થાનમાં રહીને કરવા લાગી, તે મને, હે મુનિ! કહો.'[૩૦]

પુલસ્ત્ય બોલ્યાઃ—દેવરૂપ અગ્નિના ઉત્પત્તિસ્થાનરૂપ અદિતિ ઇંદ્રને દીન જોઈને અને દાનવરાજથી પરાજિત થયેલો જોઇને મકરરાશિમાં સૂર્ય ગયા પછી સાતમે દિવસે માઘમાસના શુક્લપક્ષની સપ્તમીને દિવસે સૂર્યનારાયણને પૂર્વ દિશામાં ઉગેલા જોઇને ભોજનનો ત્યાગ કરી, મૌન ધારણ કરીને સૂર્યમંડળમાં રહેલા વિષ્ણુ ભગવાનની આરાધના કરવા લાગી.[૩૧—૩૨] અદિતિ સ્તુતિ કરવા લાગી કે;—'હે દિવ્ય કમળકોશને વિકસિત કરનાર! તમારો જય થાઓ. હે સંસારરૂપી વૃક્ષને છેદનાર કુઠાર! તમારો જય થાઓ. હે પાપરૂપી લાકડાંને બાળી નાંખનાર અગ્નિ! તમારો જય થાઓ. હે પાપના ઢગલાઓને અટકાવનારા તમને વારંવાર નમસ્કાર કરું છું.[૩૩] હે ભાસ્કર! હે દિવ્યમૂર્તિ! તમને નમસ્કાર છે. હે લક્ષ્મીપતિ! તમને નમસ્કાર છે. તમે આ ચરાચર જગતનું કારણ છો. હે વિશ્વમૂર્તે! તમે નાથ છો, મારું પાલન કરો.[૩૪] હે દેવ! તમે જગતના નાથ અને જગતમાં વ્યાપ્ત છતાં ઇંદ્ર પોતાનું રાજ્ય ગુમાવી બેઠો છે અને પરાભવ પામ્યો છે, માટે હું તમારે શરણે આવી છું.'[૩૫] એ પ્રમાણે બોલીને દેવતાઓવડે પૂજિત એવા તે દેવની રક્ત ચંદનવડે અર્ચા કરી તથા કરવીર પુષ્પ, ધૂપ, દીપ અને દિવ્ય ઉપભોગથી પૂજા કરીને ભોજનને માટે ઘીથી યુક્ત મહા મોંઘું અન્નનું ઉપેન્દ્ર ભગવાનને દેવીએ દિવ્ય નૈવેદ્ય કર્યું તથા પુણ્યકારક સ્તવનવડે સ્તુતિ કરતી નિરાહાર ઉપવાસ કરીને ઉભી.[૩૬—૩૭] પછી બીજે દિવસે વિધિપૂર્વક સ્નાન કરી પ્રણામ કરીને પૂજા કરી બ્રાહ્મણોને સુવર્ણ, તેલ, ઘી વગેરેનું દાન કર્યું.[૩૮] આથી ભગવાન્ ધૃતાર્ચિષ ભાનુ પ્રસન્ન થઈ સૂર્યમંડળથી આવી સન્મુખ ઉભા રહી અદિતિને કહેવા લાગ્યા.;[૩૯] 'હે દક્ષનંદિનિ! તારા આ વ્રતથી હું પ્રસન્ન થયો છું. મારા પ્રસાદથી તું દુર્લભ ઇચ્છિત ફળ પ્રાપ્ત કરીશ, એમાં કંઈ સંશય નથી.[૪૦] હે

સુરારણિ દેવી! તારે પેટ અવતાર લઇને હું તારા પુત્રોને રાજ્ય પાછું અપાવીશ અને દાનવોનો નાશ કરીશ.'[૪૧] હે બ્રહ્મન્! વાસુદેવનું વચન સાંભળીને જગન્માતા સુરારણિ દેવી અદિતિ વારંવાર ધ્રુજતી બોલી;[૪૨] 'જેના ઉદરમાં સ્થાવર જંગમ આખું જગત વસે છે એવા તમને હું મારા ઉદરમાં રાખવાને શીરીતે શક્તિમાન્ થઇશ?[૪૩] હે નાથ! તમારી કુખમાં પર્વતો સહિત સાતે સમુદ્રો વસે છે એવા તમને ધારણ કરવાને ત્રૈલોકયમાં કોણ સમર્થ છે?[૪૪] તેટલા માટે સુરપતિ ઇંદ્રને રાજ્ય મળે એવું જ કંઇ કરો. હે જનાર્દન! મને નકામો કલેશ આપશો નહિ.'[૪૫] વિષ્ણુ બોલ્યાઃ—'હે મહાભાગે! એ સત્ય છે. હું સુર તથા અસુરથી ધારણ કરવાને અસહ્ય છું. તથાપિ હે દેવી! હું તારા ઉદરમાં પ્રકટ થઇશ.[૪૬] હું મને પોતાને તથા ભુવનોને અને પર્વતોને અને કસ્યપ સહિત તને પણ ધારણ કરીશ. નકામો ખેદ ન કરીશ.[૪૭] હે દક્ષકન્યા! હું તારા ઉદરમાં પ્રકટ થઇશ, તે વખતે બધા દૈત્યો તેજહીન થઈ જશે, એમાં સંશય નથી.'[૪૮] એ પ્રમાણે કહીને હે વિપ્ર! અહિરગણનું મર્દન કરનાર ભગવાન્ વિષ્ણુ ઇંદ્રના હિતને માટે પોતાના તેજથી દેવી અદિતિના ઉદરમાં પ્રવિષ્ટ થયા.[૪૯]

इत्येवमुक्त्वा भगवान्सदेवस्तस्याश्च भूयोऽरिगणप्रमर्दी ।
स्वतेजसांगेषु विवेश देव्यास्तदोदरे शक्रहिताय विप्राम् ॥ ५९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'વામન પ્રાદુર્ભાવે' અદિતિ વરદાન નામે
છોંતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૭ મો.

પ્રહ્લાદજીએ બલિને આપેલી શિક્ષા.

पुलस्त्य उवाच—देवमातुः स्थिते देवे उदरे वामनाकृतौ ।
निस्तेजसोऽसुरा जाता यथोक्तं विश्वयोनिना ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યાઃ—દેવમાતા અદિતિના ઉદરમાં ભગવાન્ વામનરૂપે રહ્યા એટલે પ્રથમ કહ્યું હતું તે પ્રમાણે બધા અસુરો નિસ્તેજ થઈ ગયા.[૧] અસુરોને નિસ્તેજ થયેલા જોઇને બલિ રાજા વાઘ જેવા દાનવેશ્વર પ્રહ્લાદજી પાસે જઇને આ પ્રમાણે બોલ્યા.[૨] બલિરાજા કહે છે; 'હે તાત! શા કારણથી દૈત્યો નિસ્તેજ થઈ ગયા છે તે કહો. આપ મહાજ્ઞાની છો અને શુભાશુભને જાણવાવાળા છો.'[૩] પુલસ્ત્ય બોલ્યાઃ—પોતાના પૌત્રનાં એ વચન સાંભળીને મુહૂર્ત માત્ર ધ્યાન ધરીને વિચાર કરવા લાગ્યા કે, શા કારણથી દૈત્યો તેજ વગરના થઈ ગયા છે?[૪] ધ્યાનથી તેમણે જાણ્યું કે વાસુદેવ ભગવાનથી જ દૈત્યોને આ મહાભય ઉત્પન્ન થયો છે. પછી તે ચિન્તા કરવા લાગ્યા કે, યોગાત્મા વાસુદેવ ભગવાન્ હમણાં કયા સ્થાનમાં હશે?[૫] હે નારદ! નાભિની નીચે સાત પાતાળ અને નાભિની ઉપર ભૂરાદિ

સાતે લોક ક્રમશઃ વશી પ્રહ્લાદજીએ જોયા.[૬] તેણે કમળના આકારની ભૂમિ તથા ઉપર
કમળના આકારના મેરુ પર્વત ઉપર સાત કુંભ જોયા.[૭] તેના ઉપર મહાપુરીઓ
તથા આઠ લોકપાળ જોયા અને તેના ઉપર બ્રહ્માનું વૈરાજ નગર જોયું.[૮]
તેની નીચેના ભાગમાં પશુપક્ષીઓથી ભરેલા તથા દેવોએ પૂજેલાં દેવમાતા
અદિતિના પરમ પવિત્ર આશ્રમને જોયો.[૯] હે મુને! સર્વ તેજથી અધિક દેવજનની
અદિતિને જોઇને મધુસૂદન ભગવાનને શોધવામાટે દાનવપતિ પ્રહ્લાદજીએ તેમાં
પ્રવેશ કર્યો.[૧૦] તો ત્યાં દેવમાતા અદિતિના ઉદરમાં સર્વ ભૂતમાત્રથી સેવિત
જગતના નાથ એવા માધવ ભગવાનને વામનરૂપે જોયા.[૧૧] તેના શરીરમાં સર્વ
સુર અસુર ગણ વ્યાપ્ત છે, કમળના જેવાં જેનાં લોચન છે અને શંખચક્ર આદિ
જેમણે ધારણ કરેલાં નથી, એવા વાસુદેવ ભગવાનને જોયા.[૧૨] એ પ્રમાણે દૈત્યોના
તેજનું હરણ કરનાર વામનરૂપ ભગવાનને જોઇને પ્રહ્લાદજી સ્થિર થયા.[૧૩] પછી
તે મહાબુદ્ધિવાળા પ્રહ્લાદજી મધુસૂદન ભગવાનને પ્રણામ કરીને, વિરોચનના પુત્ર
બલિ રાજાને કહેવા લાગ્યા.[૧૪] પ્રહ્લાદજી બોલ્યા;--હે દૈત્યેન્દ્ર! જેના તરફથી
તને ભય આવી પડેલો છે અને જે કારણથી દૈત્યો નિસ્તેજ થઈ ગયા છે, તે
કહું છું તે સાંભળ.[૧૫] ઇંદ્ર, રુદ્ર, સૂર્ય, અગ્નિ વગેરે જે દેવો તેં જિત્યા, તે દેવે
ત્રિભુવનેશ્વર શ્રીહરિ ભગવાનને શરણે ગયા.[૧૬] જગદ્‌ગુરુ જનાર્દન ભગવાન્ તે
ઇંદ્રાદિ દેવોને અભયદાન આપીને અદિતિના ઉદરમાં વાસ કરીને રહ્યા છે.[૧૭]
હે બલિ! તેમણે તમારું તેજ હરણ કરી લીધુ છે એમ મારું માનવું છે. કેમ
કે અંધકાર સૂર્યોદયને સહન કરવાને શક્તિવાન્ નથી.[૧૮]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ–પ્રહ્લાદજીનાં એ વચન સાંભળીને ભાવી કર્મથી પ્રેરાઈ
ક્રોધવશ થઇને હોઠ ધ્રુજાવતો બલિરાજા બોલ્યો.[૧૯] બલિરાજા કહે છેઃ–હે તાત!
એ હરિ નામે કોણ છે, કે જેના તરફથી અમને ભય આવ્યો છે? મારી પાસ એ
વાસુદેવના કરતાં સોગણા અધિક બળવાન્ દૈત્યો છે.[૨૦] જેમણે હજારોવાર
રુદ્ર, અગ્નિ, મરુત્ વગેરે દેવોને રણસંગ્રામમાંથી હરાવીને સ્વર્ગમાં નસાડી મૂક્યા છે
અને તેમનો ગર્વ ઉતાર્યો છે.[૨૧] મારી સેનાનો નાયક બળવાન્ વિપ્રચિત્તિ છે,
જેણે મહા વેગવાળા સૂર્યના રથમાંથી ચક્ર ખેંચી કાઢ્યું હતું.[૨૨] અયશંકુ,
શિવિશંકુ, અસિલોમા, વિરૂપધૃક્, ત્રિશિરા, મકરાક્ષ, વૃષપર્વા, અસિતેક્ષણ,[૨૩]
એ અને બીજા બળવાન્ યોધાઓ નાના પ્રકારનાં શસ્ત્ર યોજવામાં કુશળ છે,
જેમના સોળમા ભાગની એક એક કળાની બરાબર પણ વિષ્ણુ નથી.[૨૪] પુલસ્ત્ય
મુનિ બોલ્યાઃ—પુત્રનાં એ પ્રમાણેનાં વચનો સાંભળીને પ્રહ્લાદજી ક્રોધથી મૂર્ચ્છિત
થઈ ગયા અને વાસુદેવ ભગવાનના ઉપર આક્ષેપ કરનાર બલિરાજાનો ધિક્કાર કરવા
લાગ્યા.[૨૫] હે દુષ્ટબુદ્ધિ! પાપી! મૂર્ખ! હરિની નિંદા કરતાં તારી જીભ કેમ
કપાઈ જતી નથી?[૨૬] હે દુર્બુદ્ધે! તું સાધુ પુરુષોમાં નિંદવા લાયક છે. તારે
માટે મને ઘણો શોક થાય છે, કેમકે ત્રૈલોક્યપતિ વિષ્ણુની, હે દુર્મતિ! તું નિંદા

કરે છે.૨૭ તારો પિતા પણ શોક કરવા યોગ્ય છે, કેમકે જેનાથી તારા જેવો કર્કશ, દેવોનું અપમાન કરનાર પુત્ર ઉત્પન્ન થયો છે.૨૮ તું અને આ મહા અસુરો પણ જાણે છે કે, એ જનાર્દન ભગવાનથી મને બીજું કોઈ પ્રિય નથી.૨૯ એ જનાર્દન મને અતિ પ્રિય છે એમ જાણતા છતાં એ સર્વેશ્વર દેવની શા માટે તું નિંદા કરે છે?૩૦ તારો પિતા તારો ગુરુ અને પૂજ્ય છે. તેનો હું ગુરુ છુ અને લોકગુરુ શ્રી હરિ ભગવાન્ મારા પણ ગુરુ છે.૩૧ હે મૂઢ! ગુરુના ગુરુ જે મહા પૂજવા યોગ્ય મનાય, તેની તું નિંદા કરે છે, જેથી પાપમાં પડીને અધોગતિને કેમ નહિ પામે?૩૨ તે આ દાનવોને પણ દુરાચારી અને શોચનીય બનાવ્યા છે. કેમકે તેમનો તુ વાસુદેવનિંદક કર્કશ રાજા છે.૩૩ પૂજા કરવા યોગ્ય વાસુદેવ ભગવાનની તું નિંદા કરે છે, તેથી હે પાપાચરણ કરનાર! તારા રાજ્યનો નાશ થશે.૩૪ કેશવ ભગવાનથી બીજું કોઈ મને મન, વાણી અને કર્મથી પ્રિય નથી. તેથી તુ રાજ્યભ્રષ્ટ થઈ પતિત થઇશ.૩૫ ચૌદે લોકમા વાસુદેવથી કોઈ વ્યતિરિક્ત નથી, તેથી તુ રાજ્યભ્રષ્ટ થઇ પતિત થઇશ.૩૬ સર્વ ભૂતોમાં બીજું કોઈ લોક પરાયણ નથી, તેથી મને લાગે છે કે હવે તું રાજ્યથી ભ્રષ્ટ થઇશ.૩૭ પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે બ્રહ્મન્! પ્રહ્લાદજીએ એ પ્રમાણે કહ્યું એટલે બલિરાજા, એકદમ આસન ઉપરથી નીચે ઉતર્યો અને હાથ જોડી પ્રણામ કરી કહેવા લાગ્યો કે 'હે ગુરુ! મારા ઉપર પ્રસન્ન થાઓ. આ બાળકથી અપરાધ થયો હોય તે માફ કરો.૩૮-૩૯ હે દાનવેશ્વર! આપે મને શાપ દીધા તે સારું જ કર્યું. શત્રુથી હું બીતો નથી અને રાજ્ય નાશ પામવાની મને ચિન્તા નથી.૪૦ હે વિભો! રાજ્ય જવાનુ મને દુઃખ નથી, પરતુ મે આપનો અપરાધ કર્યો, એથી મને બહુ દુઃખ થાય છે.૪૧ તેથી હે તાત! મારો અપરાધ ક્ષમા કરો. હું બાળક છું, નીચ છું, દુર્મતિ છું. બાળકો અપરાધ કરે છે, છતાં જ્યારે તે દીનભાવ થઈ ક્ષમા માગે છે ત્યારે ગુરુઓ તેમને ક્ષમા કરે છે.૪૨ પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—બલિરાજા એ પ્રમાણે બોલ્યો, એટલે, હરિચરણાનુરાગી વિમુક્તમોહ મહાત્મા પ્રહ્લાદજી ઘણો વખત વિચાર કરીને પુત્રપ્રતિ મધુર વચન બોલ્યા.૪૩ પ્રહ્લાદજી બોલ્યાઃ—મોહને લીધે મારું જ્ઞાન તથા વિવેક તિરસ્કૃત થઈ ગયાં હતાં, તેથી વિષ્ણુને સર્વગત જાણતાં છતાં મે તને શાપ દીધા.૪૪ હે દાનવ! તે જે મોહના બળથી અજ્ઞાન ઉત્પન્ન કરાવ્યુ, તે જ મારા વિવેકનું પ્રતિષેધક થઈ પડયું.૪૫ તેથી હવે રાજ્યને માટે તુ ચિંતા કરીશ નહિ. જે થવાનું હોય છે તે કોઈ રીતે મટતું નથી.૪૬ ડાહ્યો માણસ, પુત્ર, મિત્ર, સ્ત્રી, રાજ્ય, ભોગ, ધન, એ સર્વે આવે અથવા જાય તેમાં કદાપિ હર્ષ શોક પામતો નથી.૪૭ હે દૈત્યેન્દ્ર! પૂર્વ કર્મના યોગે જે જે સુખ દુઃખ આવે છે, તેને માણસ સહન કરે છે.૪૮ આપત્તિ આવેલી જોઇને, જેનું મન વશ છે એવો માણસ, ઉદાસ થતો નથી; અને મોટી સંપત્તિ પામીને બહુ હર્ષ પામતો નથી.૪૯ ધન નાશ પામે

ત્યારે મુઝાતો નથી, અને ધન આવે છે ત્યારે હર્ષ પામતો નથી. ઉલટા તે વખતે તે ઉત્તમ પુરુષો કાર્યમાં ધીર થાય છે.[૫૦] હે દૈત્યેન્દ્ર! એમ જાણીને તારે કદાપિ શોક કરવો યોગ્ય નથી. કેમકે તું વિદ્વાન્ છે. પંડિતો કદાપિ શોકમાં ડુબતા નથી.[૫૧] હે મહાબાહો! હું તારું તથા બીજાનું હિત થાય એવો ઉપદેશ કરું છું તે સાંભળ અને તે પ્રમાણે આચરણ કર.[૫૨] શરણ યોગ્ય એવા એ પુરુષોત્તમ ભગવાનને શરણે જા. તે જ એ ભયમાંથી હે દાનવ! રક્ષણ કરશે.[૫૩] જે માણસો એ ચરાચર, ગુરુરૂપ, અનાદિમધ્ય, સંસારરૂપી ખાડામાં પડેલાના હાથના ટેકારૂપ, શ્રીહરિ વિષ્ણુ ભગવાનનો આશ્રય કરે છે, તે આ જગતમાં કદાપિ દુઃખ પામતા નથી.[૫૪] હે દાનવશ્રેષ્ઠ! તેથી તેમાં મન લગાડીને તેનો જ ભક્ત થા. એ જનાર્દન જ તારું કલ્યાણ કરશે.[૫૫] હું પણ પાપશમનને માટે ભગવાનની આરાધના અને તીર્થયાત્રા કરીશ અને જ્યારે લોકપતિ નૃસિંહ ભગવાન્ પ્રસન્ન થશે, ત્યારે પાપમુક્ત થઇશ.[૫૬] પુલસ્ત્યમુનિ બોલ્યાઃ—એ પ્રમાણે બલિને આશ્વાસન આપીને તથા યોગાધિપતિ વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરીને મહાત્મા પ્રહ્લાદજી, બધા દૈત્યના સેનાપતિઓને બોલાવીને તીર્થયાત્રા કરવા ગયા.[૫૭]

पुलस्त्य उवाचः—इत्येवमाश्वास्य बलिं महात्मा संस्मृत्य योगाधिपतिं च विष्णुम्।
आमन्त्र्य सर्वान् दनुसैन्यपालाञ्जगाम कर्तुं शुभतीर्थयात्राम् ॥ ५७ ॥

ઈતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'બલિ શિક્ષાદાન' નામે સીત્તોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૮ મો.

ધુંધુ દૈત્યનો પરાજય.

नारद उवाच—कानि तीर्थानि विप्रेन्द्र प्रह्लादोऽनुजगाम ह।
प्रह्लादतीर्थयात्रां मे सम्यगाख्यातुमर्हसि ॥ १ ॥

નારદજી બોલ્યાઃ—હે વિપ્રેન્દ્ર! પ્રહ્લાદજી કયાં કયાં તીર્થ કરવા ગયા? એમની તીર્થયાત્રાનું વર્ણન સારી રીતે મને કહી બતાવો.[૧] પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—પાપરૂપી કાદવનો નાશ કરનારી પ્રહ્લાદની તીર્થયાત્રા કહું છું તે સાંભળો.[૨] કનકાચલેન્દ્ર મેરુ પર્વતને છોડીને પૃથ્વીમાં વિખ્યાત, દેવતાઓથી સેવિત, કલ્યાણકારી એવા માનસ તીર્થમાં પ્રહ્લાદજી ગયા; જ્યાં પૂર્વે મત્સ્યરૂપધારી ભગવાને વાસ કર્યો હતો.[૩] તે ઉત્તમ તીર્થમાં સ્નાન કરી તથા દેવતા અને પિતૃનું તર્પણ કરીને પછી વેદમંત્રોથી જગન્નાથ એવા શ્રી અચ્યુત ભગવાનનું પૂજન કર્યું.[૪] પછી ઉપવાસ કરી દેવ, ઋષિ, પિતૃ તથા માનવોની પૂજા કરી, ત્યાંથી કૌશિકીને વિષે પાપનાશન કચ્છપક્ષેત્રમાં આવ્યા.[૫] તે મહા નદીમાં સ્નાન કરી જગત્પતિની પૂજા કરી ઉપવાસ કરીને પવિત્ર થઈ બ્રાહ્મણોને દક્ષિણા આપી.[૬] ત્યાં કૂર્મરૂપ જગન્નાથને

નમસ્કાર કરીને ત્યાંથી પછી કૃષ્ણા નદીને વિષે હયગ્રીવ ભગવાનનાં દર્શન ગયા. ત્યાં દેવહ્રદમાં સ્નાન કરી પિતૃઓનું તથા દેવોનું તર્પણ કર્યું હયગ્રીવ ભગવાનની પૂજા કરીને ત્યાંથી હસ્તિનાપુર ગયા. ત્યાં જગન્નાથ ચક્રપાણિ દેવની સ્નાન કરીને વિધિપૂર્વક પૂજા કરીને પછી યમુના નદી ત્યાં સ્નાન કરી પવિત્ર થઈ દેવ, ઋષિ તથા પિતૃઓનું તર્પણ કરી એવા લોકનાથ ત્રિવિક્રમ ભગવાનનાં દર્શન કર્યાં.[૮-૯]

નારદજી બોલ્યાઃ—જગત્ સ્વામી ભગવાન્ વિષ્ણુ, બલિને બંધન ત્રૈલોક્યનું આક્રમણ કરે એવું શરીર ધારણ કરવાના છે.[૧૦] તો પછી લમાં તે પ્રભુ ત્રિવિક્રમ શી રીતે કહેવાયા? તે વખતે વિષ્ણુ ભગવ બંધન કર્યું તે કહો.[૧૧] પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—આ જે ત્રિવિક્રમ કહ્યા જે કાળે પ્રકટ થઇને જેની વંચના કરી તે કહું છું તે સાંભળો.[૧૨] ? કશ્યપનો એક પુત્ર હતો. દનુના ગર્ભથી ઉત્પન્ન થયેલો તે મહા પરાક્રમી હતો.[૧૩] તે અસુરે તપ કરીને બ્રહ્માને સારી રીતે પ્રસન્ન નારદ! તેણે ઇંદ્રાદિ કોઈ દેવથી ન મરે એવું વરદાન માગ્યું.[૧૪] પ્રસન્ન થઈ તેને તે વરદાન આપ્યું. એટલે પછી તે સ્વર્ગમાં ગયો.[૧૫] કલિયુગના આરંભમાં ઇંદ્રાદિ દેવોને જિતીને તે ઇંદ્રનું રાજ્ય કરવા લા વખતે હિરણ્યકશિપુ હતો.[૧૬] તે સમયે બળવાન્ હિરણ્યકશિપુ દૈત્ય આશ્રય લઇને મંદરાચળ ઉપર ગયો.[૧૭] પછી બીજા દૈત્યો પણ યથે સ્વર્ગમાં જવા આવવા લાગ્યા. એટલે દેવતાઓ દુઃખી થઇને બ્રહ્મલોકમાં

"દેવોને બ્રહ્મલોકમાં જઈ રહેલા જાણીને ધુંધુ દૈત્યોને કહેવા લાગ્યો દૈત્યો! હું ઇંદ્રાદિ દેવોને જિતવાને બ્રહ્મલોકમાં જાઉં છું, તમે મારી સાથે ચ એ પ્રમાણે ધુંધુનું વચન સાંભળીને દૈત્યો બોલ્યા કે, 'હે લોકપાલ! પિતામહ ' નમન કરીએ એવી શક્તિ અમારામાં નથી. કેમકે ત્યાં જવાનો માર્ગ દુર્ગમ છે.[૨૦] અહીંથી હજારો યોજન મહર્લોક છે, જ્યાં મહર્ષિઓ રહે ઋષિઓની દૃષ્ટિથી એકદમ દૈત્યો બળીને ભસ્મ થઈ જાય છે.[૨૧] તે તરફ એક કરોડ યોજન દૂર જનલોક છે, જ્યાં ગોમાતાઓ વસે છે વિનાશ કરવાને અમારામાંહિ હે અસુરેન્દ્ર! કોઈ બળવાન્ નથી.[૨૨] તેના ' કરોડ યોજન દૂર, હજાર સૂર્યના જેવો પ્રકાશવાન્, સત્યલોક છે. જ વર આપનાર ભગવાન્ વાસ કરે છે.[૨૩] જેમનો વેદધ્વનિ સાંભળીને દેવ થાય છે અને અસુરો તથા તેમના સમાન ધર્મવાળાઓ સંકોચ પામે ' કારણથી, હે મહાબાહો! એવી બુદ્ધિ ન કરો. હે ધુંધુ! વૈરાજ્ય લોકમ કોઇની શક્તિ નથી.'[૨૫] તેમનું વચન સાંભળીને ધુંધુ દાનવોને કહેવા ' 'બ્રહ્મલોકમાં જઇને તેમને જિતવાની મારી ઇચ્છા થઈ છે.[૨૬] હે દાનવશ્રે રીતે શું કામ કરીને ત્યાં જવાય છે? અને ઇંદ્ર, બધા દેવોને લઇને ત્યાં શી રીતે :

ધુંધુનું વચન સાંભળીને દાનવો બોલ્યા; 'એ કામ અમે જાણતા નથી. ગુરુ શુક્રાચાર્ય તે જાણે છે.'[૨૮] દાનવોનું વચન સાંભળીને ધુંધુ, દૈત્યના પુરોહિત શુક્રાચાર્યને પૂછવા લાગ્યો કે, 'શું કામ કરવાથી બ્રહ્મલોકમાં જવાય.[૨૯] હે નારદ! પછી દૈત્યગુરુ શુક્રાચાર્યે વૃત્ર શત્રુ ઇન્દ્રનું પૂર્વ ચરિત્ર કહી સંભળાવ્યું.[૩૦] હે દૈત્યેન્દ્ર! પૂર્વે ઇન્દ્રે એકસોએક અશ્વમેધ યજ્ઞ કર્યા હતા, તેથી બ્રહ્મલોકમાં જવાની તેને ગતિ પ્રાપ્ત થઈ હતી.[૩૧] દાનવપતિ ધુંધુને, શુક્રાચાર્યનું એ વચન સાંભળીને અશ્વમેધ યજ્ઞો કરવાની ઇચ્છા થઈ. પછી અસુર ગુરુ શુક્રને તથા દાનવોને આમંત્રણ કર્યું.[૩૨] તેણે સૌને કહ્યું કે, 'સારી દક્ષિણાઓ આપીને હું અશ્વમેધ યજ્ઞો કરીશ. તેથી સઘળા આવો, આપણે પૃથ્વી ઉપર જઈએ અને રાજાઓને,[૩૩] જિતીએ, પછી હું કામના પૂર્ણ કરે એવો અશ્વમેધ યજ્ઞ કરીશ. એને માટે નિધિઓના દેવતા અને ગુહ્યકોને બોલાવીને આજ્ઞા કરો.[૩૪] ઉત્તમ બ્રાહ્મણોને આજ્ઞા કરો. પછી આપણે દેવિકા નદીને તીરે જઈએ. એ નદી પવિત્ર અને ઉત્તમ છે તથા સર્વ ઇચ્છા પૂર્ણ કરનારી છે. ત્યાં કોઈ પ્રાચીન સ્થાન જોઇને ત્યાં અશ્વમેધ યજ્ઞો કરીશું.'[૩૫] એ પ્રમાણે તેનું વચન સાંભળીને અસુરોએ "બહુ સારુ" એમ કહ્યું. પછી હર્ષ પામીને તેણે નિધિના ઈશ્વરને આજ્ઞા કરી.[૩૬]

પછી ધુંધુએ પાપનાશક પ્રાચીન દેવિકા તીર્થને વિષે ભાર્ગવશ્રેષ્ઠ શુક્રાચાર્ય પાસે અશ્વમેધ યજ્ઞ કરવાની દીક્ષા લીધી.[૩૭] ત્યાં ભાર્ગવ બ્રાહ્મણો તથા શુક્રાચાર્યના પંડિત શિષ્યો શુક્રાચાર્યની અનુમતિથી તે યજ્ઞમાં સભાસદો તથા ઋષિઓ થયા.[૩૮] હે મુને! ધુંધુએ શુક્રાચાર્યની અનુમતિથી સ્વર્ભાનુ રાહુ વગેરે અસુરોને તે યજ્ઞનો ભાગ લેનારા બનાવ્યા.[૩૯] એ પ્રમાણે યજ્ઞ શરુ થયો. પછી યજ્ઞનો ઘોડો છોડી મૂકયો. તેની પાછળ રક્ષાને માટે શ્રીમાન્ અસિલોમા મહા અસુર ગયો.[૪૦] તે યજ્ઞધૂમાડાથી દિશા, વિદિશા તથા પર્વતો સહિત આખી પૃથ્વી વ્યાપ્ત થઈ ગઈ. હે મહર્ષે! તેના ઉગ્ર ગંધથી ભરેલો વાયુ સ્વર્ગમાં થઇને બ્રહ્મલોકપર્યંત પહોંચી ગયો.[૪૧] તે ગંધ સુંઘીને દેવતાઓએ જાણ્યું કે, ધુંધુ અશ્વમેધ યજ્ઞની દીક્ષા લઇને બેઠા છે, એ જાણીને તેમને બહુ ખેદ થયો. પછી ઇંદ્ર વગેરે દેવો, જગતના પરાયણ અશરણશરણ એવા જનાર્દન ભગવાનને શરણે ગયા.[૪૨] વર આપનાર તે પદ્મનાભ જનાર્દન દેવને પ્રણામ કરીને સર્વે દેવો ભયથી ગદ્‌ગદ વાણીવડે બોલ્યા;[૪૩] 'હે ભગવન્! હે દેવદેવેશ! ચરાચરપરાયણ! હે દેવોનું દુઃખ મટાડનાર વિષ્ણુ! અમારી વિનંતિ સાંભળો.[૪૪] ધુંધુ નામે એક મહા બળવાન્ અસુરપાત છે. તેણે સર્વે દેવોને જિતીને ત્રૈલોક્યનું રાજ્ય લઈ લીધું છે.[૪૫] પિનાકી દેવ સિવાય બીજો કોઈ અમારું રક્ષણ કરનાર જણાતો નથી. તેથી ઉપેક્ષા કરાયલો વ્યાધિ જેમ વૃદ્ધિ પામે, તેમ તે વૃદ્ધિ પામતો જાય છે.[૪૬] હમણાં તે બ્રહ્મલોકમાં રહેના દેવોને જિતવાને તૈયાર થયો છે અને શુક્રાચાર્યની સંમતિથી અશ્વમેધ યજ્ઞ કરવાની એણે દીક્ષા લીધી છે.[૪૭] સો યજ્ઞ

કરીને એ મહા અસુર દેવોને જિતવા માટે બ્રહ્મલોક ઉપર ચઢાઈ કરવાની ઇચ્છા રાખે છે.૪૮ તેટલા માટે હે જગદ્‌ગુરો! વખત ન ગુમાવતાં એનો યજ્ઞ ભંગ થાય એવો કોઈ ઉપાય કરો, કે જેથી અમે સ્વસ્થ રહી શકીએ.૪૯ દેવતાઓનું એવું વચન સાંભળીને ભગવાન્ મધુસૂદને તેઓને અભય આપી બધાને સૌ સૌને સ્થાને વિદાય કર્યા ૫૦ સૌને વિદાય કર્યા પછી ન જિતી શકાય એવા ધર્મધ્વજ ધુંધુને બાંધી લેવાનો વિચાર કર્યો અને પછી ભગવાને વામનરૂપ ધારણ કર્યું.૫૧ ત્યાર પછી દેવિકા નદીના જળમાં પડતું નાંખી ડૂબતા ને તણાતા હોય એવો ઢોંગ કર્યો. નદીના પાણીમાં માથાના વાળ વિખરાઈ ગયલા છે, અને ઘડીમાં ડૂબકાં ખાતા અને ઘડીમાં ડોકું બહાર કાઢતા એવા જણાવા લાગ્યા.૫૨ દૈત્યપતિ ધુંધુ તથા બીજા દૈત્યો તથા ઋષિઓના જોવામાં તે આવ્યા. તે વખતે સઘળા બ્રાહ્મણો યજ્ઞકર્મ છોડી દઇને વ્યાકુળ થઈ તે ડૂબતા બ્રાહ્મણબાળકને બહાર કાઢવા દોડ્યા અને સભાસદો, યજમાન, તથા મહા તેજસ્વી ઋત્વિજોએ મળીને તે ડૂબતા વામન બ્રાહ્મણને બહાર કાઢ્યો. બહાર કાઢી પ્રસન્ન થઈ બધા તેને પૂછવા લાગ્યા કે, 'હે વિપ્ર! તું શા કારણથી નદીમાં પડ્યો હતો અથવા તને કોઇએ નદીમાં નાંખી દીધો હતો કે કેમ તે કહે.'૫૩-૫૫

'તેમનું એ વચન સાંભળી વારંવાર ધ્રુજતાં તેણે ધુંધુ આદિ તે સર્વેને કહ્યું કે, 'હું જે કારણથી પાણીમાં ડૂબ્યો તે કહું છું, તે સાંભળો.૫૬ વરુણ ગોત્રનો પ્રભાસ નામે એક વિદ્વાન્ બ્રાહ્મણ છે તે સર્વ શાસ્ત્રમાં પ્રવિણ અને બુદ્ધિમાન્ છે.૫૭ તેને બે પુત્રો છે, તે મદ બુદ્ધિના અને દુ:ખી છે તે બે પુત્રોમાં મોટો તે મારો ભાઈ છે અને હું નાનો ભાઈ છું.૫૮ મારા મોટા ભાઇનું નામ નેત્રભાસ છે અને મારા પિતાએ કૌતુકથી મારું નામ ગતિભાસ પાડ્યું છે૫૯ મારા પિતાનું નિવાસસ્થાન ઘણું શોભાયમાન રમણીય પવિત્ર અને સ્વર્ગના જેવા ગુણયુક્ત સાક્ષાત્ સ્વર્ગ સમાન હતું.૬૦ તે પછી કેટલેક કાળે અમારા પિતા મરણ પામ્યા. તેમની ઉત્તર ક્રિયા કરીને અમે બંને ભાઈ ઘેર આવ્યા.૬૧ ત્યાર પછી મારા ભાઇને મેં કહ્યું કે ઘરમાંથી મને અડધો ભાગ આપ. એટલે મારા ભાઈએ કહ્યું કે, ઘરમાં તારો કંઈ ભાગ લાગતો નથી.૬૨ કારણ કે કૂબડો, વામન (ઠીંગડો), લંગડો, નપુંસક, કોઢીઓ, ગાંડો અને આંધળો એટલાને ધનમાંથી ભાગ મળતો નથી.૬૩ તેમને ફક્ત ઘરમાં રાખવા, તેમની સાથે મીઠાં વચન બોલવાં અને અન્ન વસ્ત્રાદિથી તેમનું પોષણ કરવું. પણ દ્રવ્યમાં તેમને ભાગ મળતો નથી.૬૪ તેનું એ વચન સાંભળીને મેં તેને કહ્યું કે, શા કારણથી અને કયા ન્યાયથી પિતાના ઘરમાંથી હું અર્ધો ભાગ ન માગી શકું?૬૫ હે અસુર! એ પ્રમાણે મેં કહ્યું એટલે મારા બળવાન્ ભાઇએ મારા કેશ પકડીને ઉંચકીને મને નદીમાં નાંખી દીધો. મને તરતાં આવડતું નથી.૬૬ આ નદીમાં ડૂબતાં અને તરતાં તરતાં મને એક વર્ષ થઈ ગયું, તો પણ હું મર્યો નહિ. આપે

આજ મને જીવિત દાન આપ્યું.૬૭ સ્નેહી બાંધવો સમાન આપ સૌ અહીં આવી પહોંચ્યા તે આપ સૌ કોણ છો? અને આપની વચમાં ઇંદ્ર જેવા તેજસ્વી દેખાય છે તે કોણ છે?૬૮ હે તપોધનો! એ ખરેખરું સઘળું મને કહો. આપ સૌ મહર્ષિઓ જેવા જણાઓ છો કે જેમણે મારા જેવાના ઉપર આટલી બધી અનુકંપા કરી."૬૯

દ્વિજશ્રેષ્ઠ ભાર્ગવો, તે વામનનું વચન સાંભળીને બોલ્યા કે, 'અમે ભાર્ગવ વંશના બ્રાહ્મણો છીએ.૭૦ આ મહા તેજવાન્ ધુંધુ નામે મહા અસુર છે, જે દાતા, ભોક્તા તથા ભર્તા છે. એમણે આ યજ્ઞ કરવાની દીક્ષા લીધી છે.'૭૧ ભાગવ બ્રાહ્મણોએ એ પ્રમાણે દેવેશ વામન ભગવાનને કહ્યા પછી તેમનું (વામનનું) હિત કરે એવું દૈત્યપતિ ધુંધુને વચન કહેવા લાગ્યા,૭૨ 'હે દૈત્યેન્દ્ર! આ વામન બ્રાહ્મણને સર્વ વસ્તુઓથી ભરેલું શોભાયમાન શ્રીયુક્ત નિવાસસ્થાન આપો અને સેવા કરવા દાસીઓ તથા વિવિધ રત્નો આપો.'૭૩ એ પ્રમાણે બ્રાહ્મણોનું વચન સાંભળીને દૈત્યપતિએ તે બ્રાહ્મણને કહ્યું કે, 'હે દ્વિજેન્દ્ર! તું જે ઇચ્છે છે તે તને આપીશ.૭૪ ધન, દાસીઓ, ઘર, સોનું, ઘોડા, હાથીઓ, ગાયો, ભૂમિ, રાજ્ય, વસ્ત્ર વગેરે જેની તને ઇચ્છા હોય તે સઘળું તને આપીશ.'૭૫ દાનવપતિનું તે વાક્ય સાંભળીને વામન ભગવાને પોતાના સ્વાર્થની સિદ્ધિ થાય એવું વચન તે અસુરપતિને કહ્યું;૭૬ કે 'હે રાજેન્દ્ર! સહોદર ભાઇએ જેની બધી સંપત્તિ હરી લીધી છે એવા મારે દ્રવ્યનું શું કામ છે? માટે એ બધું ધન, દાસ, દાસી, ચાકરો, ઘર, રત્નો, તથા વસ્ત્રો સૌ સમર્થ બ્રાહ્મણોને દાન કરો.૭૭–૭૮ મારું પ્રમાણ જોઇને મારાં ત્રણ પગલાં પૃથ્વી ફક્ત મને આપો. એટલું જ હું માગું છું.૭૯ એ સાંભળીને ઋત્વિજો સહિત સૌ ખુબ હસ્યા. પછી જ્યારે તેણે બીજું કંઇ પણ લેવાની ના પાડી ત્યારે તેને ત્રણ ડગલાં પૃથ્વી આપી.૮૦ ત્રણ ડગલાં પૃથ્વી આપવાની કહી એમ જાણીને અનન્ત શક્તિ ભગવાન્ વામને ચન્દ્રની માફક ત્રિલોકનું ઉલ્લંઘન કરવાને ત્રિવિક્રમરૂપ ધારણ કર્યું.૮૧ એ રૂપ ધારણ કરીને એક પગથી દૈત્યોનો સંહાર કર્યો અને ઋષિઓને પ્રણામ કર્યાં તથા સાગર, પર્વત, સમુદ્ર, અને નગર સહિત આખી પૃથ્વીને વ્યાપ્ત કરી નાંખી.૮૨ દેવતાઓનું પ્રિય કરવાની ઇચ્છાથી વામન ભગવાને વેગથી બીજા પગલે સ્વર્ગ, મૃત્યુ અને ચંદ્ર, સૂર્ય, નક્ષત્રમંડળ સહિત આખું આકાશ વ્યાપ્ત કરી લીધું.૮૩ જ્યારે એમનું ત્રીજું પગલું પૂરું ન થયું ત્યારે કોપાયમાન થઇને ત્રિવિક્રમ ભગવાને પોતાના મેરુ પર્વત જેવા શરીરથી દૈત્યપતિ ધુંધુની પીઠ ઉપર પડતું નાખ્યું.૮૪ દાનવ ઉપર વાસુદેવ ભગવાન્ પડવાથી પૃથ્વી ત્રીશ યોજન નીચે ઉતરી ગઈ.૮૫ પછી દૈત્યને ઉંચકીને તે ખાડામાં નાંખી દીધો અને પછી તેના ઉપર ધૂળનો વરસાદ વરસાવીને તે ખાડો પૂરી દીધો.૮૬ ત્યાર પછી વાસુદેવ ભગવાનના પ્રસાદથી સ્વર્ગમાં ઇંદ્ર તથા બીજા દેવતાઓ નિર્ભય થયા અને ત્રિલોકનું રાજ્ય પાછું પ્રાપ્ત કર્યું.૮૭ ભગવાન્

પણ દૈત્યેન્દ્રને રેતીના સાગરમાં ડાટી દીધા પછી કાલિદીનું રૂપ લઇને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.[૮૮] એ રીતે વિષ્ણુ ભગવાને પૂર્વે વામનરૂપ લીધું હતું અને ત્રિવિક્રમરૂપ થઈ ધુંધુને જિત્યો હતો અને હે મહર્ષે! મહા પુણ્યમય આશ્રમને વિષે તે દૈત્યેન્દ્ર પુત્ર ગયો હતો.[૮૯]

एवं पुराविष्णुरभूच्च वामनो धुंधुं विजेतुं च त्रिविक्रमोऽभूत् ।
यास्मिन्स दैत्येन्द्रसुतो जगाम महाश्रमं पुण्ययुते महर्षे ॥ ८९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'ધુંધુ પરાજય' નામે ઇઠોતેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭૯ મો.

પુરૂરવાનું ઉપાખ્યાન.

पुलस्त्य उवाच–कालिन्दी सलिले स्नात्वा पूजयित्वा त्रिविक्रमम् ॥
उपोष्य रजनीमेकां लिङ्गभेदं गिरिं ययौ ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ--પ્રહ્લાદજી, કાલિદીના જળમાં સ્નાન કરી ત્રિવિક્રમ ભગવાનની પૂજા કરીને એક રાત્રિ ઉપવાસ કરી લિંગભેદ પર્વત ઉપર ગયા.[૧] ત્યાં વિધિપૂર્વક સ્નાન કરીને તથા ભક્તિથી શિવની પૂજા કરીને એક રાત્રિ ઉપવાસ કરી કેદાર તીર્થને વિષે ગયા.[૨] ત્યાં વિધિવત્ સ્નાન કરી તથા જગત્પતિની સારી રીતે પૂજા કરી સાત દિવસ નિવાસ કરી કુબ્જામ્ર તીર્થમાં ગયા.[૩] ત્યાં જઈ ઉપવાસી તથા જિતેંદ્રિય રહીને હૃષીકેશ ભગવાનની પૂજા કરી. ત્યાંથી બદરિકાશ્રમમાં ગયા.[૪] ત્યાં સરસ્વતીના જળમાં સ્નાન કરી તથા નારાયણની ભક્તિથી પૂજા કરી વરાહતીર્થમાં આવ્યા. ત્યાં ગરુડાસન વિષ્ણુ ભગવાનનાં દર્શન કર્યાં તથા ભક્તિથી તેમની પૂજા કરી.[૫] ત્યાંથી ભદ્રકર્ણ તીર્થમાં ગયા અને ચંદ્રશેખર ભગવાનની પૂજા કરી અને ત્યાંથી પછી વિપાશા ક્ષેત્રમાં ગયા.[૬] ત્યાં વિપાશા નદીમાં સ્નાન કરી દ્વિજપ્રિય દેવાધિદેવ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યાંથી પછી ઇરાવતીને તીરે જઈ જગન્નાથ ભગવાનનાં દર્શન કર્યાં.[૭] હે દ્વિજશ્રેષ્ઠ! ત્યાં અવિનાશી, જગતના પ્રભુની સારી રીતે પૂજા કરી દુર્લભ એવું પરમ રૂપ તથા ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું.[૮] જેની આરાધના કરવાથી ભૃગુને દુષ્ટ રોગનો નાશ થઈ, અતુલ આરોગ્ય તથા અક્ષય સંતાનની પ્રાપ્તિ થઈ હતી.[૯]

નારદજી બોલ્યાઃ—હે દ્વિજસત્તમ! પુરૂરવાએ વિષ્ણુની આરાધના કરીને કુરૂપ તજી સુંદર રૂપ તથા સંપત્તિ સાથે શી રીતે પ્રાપ્ત કર્યું હતું?[૧૦] પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે તપોધન! પહેલાં ત્રેતાયુગના આરંભમાં જે બન્યું હતું તે કહું છું તે સાંભળો.[૧૧] બ્રાહ્મણોથી પવિત્ર થએલો એવો મદ્રદેશ નામે એક દેશ હતો. તેની રાજધાનીનું શાકલ નામે ઉત્તમ નગર હતું.[૧૨] તે નગરમાં સધર્મ નામે એક વણિક

રહેતો હતો. તે દુકાન કરતો હતો અને ધનવાન્, ગુણવાન્, ભોગી, તથા નાના પ્રકારનાં શાસ્ત્ર, જાણનારો હતો.[૧૩] તે કોઈ વખત મોટો સાથ લઇને તથા વેચવાની અનેક વસ્તુઓ લઇને પોતાના દેશમાંથી સૌરાષ્ટ્ર દેશમાં જવા તૈયાર થયો.[૧૪] હે નારદ! રસ્તે જતાં મરુભૂમિમાં રાત્રિ પડી અને ચોરોએ તેના ઉપર દુઃસહ હલ્લો કર્યો.[૧૫] તે ચોરોએ તેનું સર્વસ્વ હરણ કરી લીધું, અને તે વાણિયો મહાદુઃખી થઈ મરુભૂમિમાં એકલો ઉન્મત્તની માફક ભટકવા લાગ્યો.[૧૬] હે નારદ! દુઃખી થતો તે તે અરણ્યમાં ભમતો હતો, તે વખતે એક મહાન્ શમીવૃક્ષ આપોઆપ તેને પ્રાપ્ત થયું.[૧૭] તે વૃક્ષ ઉપર કોઈ પક્ષી નહોતાં તથા પાસે કોઈ પશુ નહોતાં. એવા ઝાડને જોઇને થાકી ગયેલો હોવાથી તથા ક્ષુધા તૃષાથી પીડાયલો હોવાથી તે ઝાડની નીચે તે બેઠો.[૧૮] ત્યાં થોડીવાર સૂઈ ગયો. પછી તેનો થાક ઉતરી ગયો ત્યારે મધ્યાન્હે તે ઉઠ્યો તો તેણે જોયું કે તેના ઉપર હજારો પ્રેતથી વિંટાયલું એક પ્રેત આવી રહ્યું છે.[૧૯] બીજાં પ્રેત એ પ્રેતનાયકને ઊંચકીને દોડે છે અને કેટલાંક શુષ્ક શરીરવાળાં પ્રેતો તેની આગળ દોડે છે.[૨૦] પૃથ્વી ઉપર ભટકીને તે પ્રેત તે ઝાડ ઉપર આવીને બેઠું. તેમણે ઝાડના મૂળમાં વણિક પુત્રને બેઠેલો જોયો.[૨૧] એક બીજાને આવકાર આપીને તથા પરસ્પર સંભાષણ કરીને તે સૌ શમી વૃક્ષની છાયામાં બેઠા ને હર્ષિત થઈ કુશળતા પામ્યા.[૨૨] પછી તે પ્રેતના નાયકે વણિકપુત્રને પૂછ્યું કે 'હે સખે! તું કયાંથી આવે છે અને તારું રહેવાનું સ્થાન કયાં છે તે કહે.[૨૩] અને પશુ પક્ષીથી રહિત આ મહા અરણ્યમાં ક્યાંથી આવ્યો તે કહે. તારું કલ્યાણ થાઓ.'[૨૪] હે નારદ! એ પ્રમાણે પ્રેતનાયકે પૂછવાથી વણિકપુત્રે પોતાનો દેશ છોડ્યાની તથા ધન લુંટાઈ ગયાની સૌ વાત કહી.[૨૫] તેની બધી વાત સાંભળીને તથા તેના દુઃખથી દુઃખી થઇને પ્રેતનાયકે વણિકપુત્રને પોતાના બંધુની પેઠે કહ્યું[૨૬] કે, 'હે સુવ્રત! આ સ્થિતિ પામ્યા છતાં તું શોક કરીશ નહિ. જો તારું ભાગ્ય હશે તો ફરીથી તું ધનવાન્ થઇશ.[૨૭] ભાગ્ય ક્ષય થાય છે ત્યારે ધન નાશ પામે છે અને ભાગ્યનો ઉદય થાય છે ત્યારે પાછું, ધન આવી મળે છે, પણ આ ક્ષીણ થયેલા શરીરની ચિંતા કરવાથી ઉદય થતો નથી.'[૨૮] એ પ્રમાણે બોલી, પોતાના સેવકોને બોલાવી તેણે કહ્યું, 'આ અતિથિની પૂજા કરવી. એ મારો ભાઈ અને મારા દેશનો છે.[૨૯] આ વણિકપુત્રને જોઇને મેં મારા બધા બાંધવોને દીઠા છે. હે પ્રેતો! એના આવવાથી મને ઘણી પ્રીતિ ઉત્પન્ન થઈ છે.'[૩૦] એ પ્રમાણે તે બોલી રહ્યો કે, તરત દહીં તથા ભાતથી ભરેલું એક માટીનું નવું મજબૂત પાત્ર ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યું.[૩૧] તેમ નિર્મળ પાણીથી ભરેલું પણ એક સુંદર પાત્ર ત્યાં પ્રેતોની પાસે આવીને બેઠું.[૩૨]

એ પ્રમાણે અન્ન તથા જળથી ભરેલાં પાત્રો ત્યાં આવી રહેલાં જોઇને મહાબુદ્ધિમાન્ પ્રેત તે વણિકપુત્રને કહેવા લાગ્યો કે, 'હે વણિકપુત્ર! તમારું આહ્નિક કર્મ કરો.'[૩૩] પછી તે જળપાત્રમાંથી પાણી લઇને તે વણિકપુત્ર તથા પ્રેતનાયકે

પોતપોતાનું આહ્નિક કર્મ કર્યું.[૩૪] તે પછી તે વણિકપુત્રને દહીં ભાત આપીને પછી જે રહ્યું તે બધા પ્રેતોને વહેંચી આપ્યું.[૩૫] સર્વે ખાઈ તથા પાણી પી રહ્યા પછી તે પ્રેતપતિએ ઉત્તમ ભોજન કર્યું.[૩૬] હે બ્રહ્મન્! સર્વ પ્રેતો દહીં ભાત ખાઈ રહ્યા તથા પાણી પી રહ્યા, એટલે વણિકપુત્રના દેખતાં તે બંને પાત્રો અંતર્ધાન થઈ ગયાં.[૩૭] એ આશ્ચર્ય જોઇને વણિકપુત્રે કુતૂહલથી તે પ્રેતપાલને પુછ્યું,[૩૮] 'હે સાધુ! આ નિર્જન અરણ્યમાં અન્ન ક્યાંથી અને નિર્મળ જળથી ભરેલું આ પાણીનું પાત્ર ક્યાંથી?[૩૯] અને તેમ છતાં તમારા આ સેવકો તમારાથી ઘણા દુબળા અને તેજહીન અને તમે તેજસ્વી તથા હૃષ્ટપુષ્ટ શાથી?[૪૦] તમે શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં છે અને ઘણાના પાલન કર્તા છો. એ બધું મને કહો. આ શમી વૃક્ષ અહીં ક્યાંથી?'[૪૧] એ પ્રમાણે વણિકપુત્રનું વચન સાંભળીને તે પ્રેતનાયકે પૂર્વનું જે વૃત્તાન્ત હતું તે સર્વ તેને કહ્યું.[૪૨] તેણે કહ્યું.–'હું પૂર્વે શાકલ નગરમાં બ્રાહ્મણ હતો. સોમશર્મા મારું નામ હતું અને મારી માતાનું નામ બહુલા હતું.[૪૩] સોમશ્રવા નામે એક ધનવાન્ વણિક મારો પાડોસી હતો. તે વિષ્ણુ ભક્ત અને મહા યશસ્વી હતો.[૪૪] હું મહાકંજુસ અને મૂઢાત્મા હતો તેમ દુર્મતિ પણ હતો. તેથી ઉત્તમ અન્નનું મેં બ્રાહ્મણોને દાન પણ ન કર્યું, તેમ જાતે પણ ખાધું નહિ.[૪૫] ભૂલથી કદાપિ જો હું દહીં, દૂધ કે ઘી સાથે અનાજ ખાઉં, તો રાત્રીને વિષે ત્રણ ભયંકર પુરુષો આવીને મને લાકડીથી મારતા.[૪૬] અને સવાર થતાં મને મૃત્યુના જેવો ભયંકર ઝાડો તથા ચૂક થતાં. તે વખતે કોઈ પણ સગુંવહાલું મારી પાસે આવી શકતું નહિ.[૪૭]

એ રીતે મહા દુઃખી હું મારા પ્રાણ ધારણ કરી રહ્યો હતો. હું મહાપાપી દયાહીન થઇને રહેતો હતો.[૪૮] બોર, તલ, તલનો ખોળ, છાલાં, અને શાક વગેરેનું ભક્ષણ કરીને હું મારા દિવસો કાઢતો હતો. જેથી મારો દેહ ધીમે ધીમે ક્ષય પામવા લાગ્યો.[૪૯] હે મિત્ર! એમ કરતાં કેટલોક કાળ વીતી ગયો. પછી ભાદરવા મહિનામાં શ્રવણ દ્વાદશી આવી.[૫૦] તે વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે નગરજનો ઇરાવતી અને અનડ્વલા નદીના સંગમે સ્નાન કરવાને જવા લાગ્યા.[૫૧] પડોસીઓની સોબતને લીધે હું પણ તેમની પાછળ પાછળ ગયો. એકાદશીને દિવસે અપવાસ કરી પવિત્ર તથા જિતેન્દ્રિય થઈ પ્રાતઃ-કાળમાં સંગમના જળથી પાણીનું નવું પાત્ર ભરીને વસ્ત્રથી આચ્છાદિત કરી તે તથા ઉપાનહ (જોડા), છત્રી અને દહીં તથા ભાતથી ભરેલું માટીનું પાત્ર એટલું, ઉંચી જાતિના કર્મનિષ્ઠ બ્રાહ્મણને દાન કર્યું.[૫૨–૫૪] હે વણિક-પુત્ર! મેં મારા જીવતાં સિત્તેર વર્ષની ઉમ્મરમાં ફક્ત એ જ દાન કર્યું હતું. બીજું કંઈ આપ્યું નહોતું.[૫૫] પ્રેતાન્ન દાન કરવાથી મર્યા પછી હું પ્રેત થયો. આ બીજા પ્રેતોએ કદી દાન નથી કર્યું, તેથી એ મારા ઉપર જીવનારા થયા છે.[૫૬] એ પ્રમાણે મેં તને કારણ કહ્યું. મેં જે અન્ન તથા દહીં અને ભાતનું

દાન આપ્યું હતું, તે અહીં દરરોજ મધ્યાહ્ને મને આવી મળે છે.[૫૭] જ્યાં સુધી હું ખાતો નથી ત્યાં સૂધી એ અન્ન ક્ષય પામતું નથી, અને હું ખાઇને પાણી પીઉં છું એટલે બધું અન્ન જલ અંતર્ધાન થઈ જાય છે.[૫૮] મેં જે છત્રીનું દાન કર્યું હતું, તેના પ્રભાવથી આ શમીનું વૃક્ષ ઉત્પન્ન થયું છે અને જોડાનું દાન કરવાથી આ બધાં પ્રેત મારું વાહન થયાં છે.[૫૯] એ પ્રમાણે જે પ્રકારે મને પ્રેતપણું પ્રાપ્ત થયું, તે મેં તને કહ્યું. શ્રવણ દ્વાદશી તિથિ જેવી પરમ પવિત્ર છે તેવી પુણ્યવર્દ્ધિની પણ છે.[૬૦] પ્રેતનાયકે એ પ્રમાણે કહ્યું, એટલે વણિક્પુત્રે તેને કહ્યું કે, હે તાત! હવે મારે જે કરવા યોગ્ય હોય તેની મને આજ્ઞા આપો.[૬૧] હે નારદ! વણિક્પુત્રનું તે વચન સાંભળીને પ્રેતપતિએ સ્વાર્થની સિદ્ધિ થાય એવું વચન કહ્યું;[૬૨] "હે મહામતે! હે તાત! મારા હિતને માટે તારે જે કર્તવ્ય છે, તે હું તને સારી રીતે કહીશ. એથી તારું પણ કલ્યાણ થશે.[૬૩] ગયા તીર્થમાં જઈ સ્નાન કરી પવિત્ર થઈ, અગ્નિમાં આહુતિ આપીને મારા નામને ઉદ્દેશીને પિંડદાન કરે.[૬૪] એ પિંડદાનથી હું પ્રેતભાવથી મુક્ત થઇશ અને સર્વ દાતાઓના લોકને પામીશ.[૬૫] ભાદ્રપદ માસની શુકલ પક્ષની દ્વાદશીતિથિ બુધવાર અને શ્રવણ નક્ષત્રયુક્ત હોય તો મહાપુણ્યકારક અને પરમપવિત્ર છે.'[૬૬] પ્રેતરાજે પોતાના અનુચરો સહિત એ પ્રમાણે વણિક્પુત્રને કહ્યું, અને વણિક્પુત્રે પણ એ બધુ કહેલુ યથાન્યાય સત્ય માન્યું.[૬૭] પછી તે વણિક્પુત્રને પ્રેતના ખભા ઉપર બેસાડીને મરુભૂમિની બહાર મૂકાવી દીધો, એટલે તે વણિક્ શૂરસેન નામના રમણીય દેશમાં આવી લાગ્યો.[૬૮] પછી ત્યાં તેણે સ્વધર્મ કર્મ યોગથી બહુ ધન ઉપાર્જન કર્યું અને પછી ઉત્તમ ગયા તીર્થમાં ગયો.[૬૯] પછી ત્યાં પ્રેતોને ઉદ્દેશીને પિંડદાન કર્યું. પછી પોતાના બંધુઓને અને પિતૃઓને ઉદ્દેશીને પિંડદાન કર્યું.[૭૦] પોતાનું પણ તલ શિવાય સારી રીતે શ્રાદ્ધ કર્યું અને બીજા બીજા ગોત્રજોને[૭૧] માટે પણ પિંડદાન કર્યું, એટલે તે સર્વે પ્રેતો પ્રેતપણાથી મુક્ત થઈ દ્વિજત્વ પામી બ્રહ્મલોકમાં ગયા.[૭૨] પછી તે વણિક્પુત્ર પોતાને ઘેર આવ્યો અને શ્રવણ દ્વાદશીને દિવસે યથાવિધિ વ્રત કરી કેટલેક કાળે મૃત્યુ પામ્યો.[૭૩] તે ગંધર્વ લોકમાં ગયો. ત્યાં ઘણા કાળ સૂધી દુર્લભ એવા ભોગ ભોગવીને પાછો મૃત્યુ લોકમાં જન્મ્યો અને આખી પૃથ્વીનો રાજા થયો.[૭૪] ત્યાં સ્વધર્મથી વૃત્તિનું પાલન કરી શ્રવણ દ્વાદશીનું વ્રત કરી કાળ ધર્મમાંથી મૃત્યુ વશ થયો ને ગુહ્યકોના લોકને પામ્યો.[૭૫] ત્યાં લાંબાકાળ સૂધી યથેચ્છ ભોગ ભોગવ્યા પછી પાછો મૃત્યુ લોકમાં જન્મી રાજા થયો.[૭૬] ત્યાં ક્ષત્રિય ધર્મ આચરી જિતેન્દ્રિય થઈ દાન તથા યોગમાં પ્રવૃત્ત રહ્યો અને ગાયોનું ગ્રહણ કરનાર સાથે યુદ્ધ કરી શત્રુઓને જિતી મૃત્યુ પામ્યો. તેથી ઈંદ્ર લોકની તેને પ્રાપ્તિ થઈ. ત્યાં સર્વ દેવો તેની પૂજા કરવા લાગ્યા.[૭૭] પુણ્યક્ષય થવાથી ત્યાંથી ભ્રષ્ટ થઈ શાકલ નગરને વિષે બ્રાહ્મણ જન્મ્યો. તે વિકટ રૂપવાળો અને સર્વ શાસ્ત્રમાં

વિશારદ હતો.[૭૮] ત્યાં એક બ્રાહ્મણની સુરૂપવતી કન્યા સાથે તેનો વિવાહ થયો. તે કન્યા સુશીલ હતી અને પોતાના પતિની બહુ સેવા કરતી હતી.[૭૯] પરંતુ તેનું વિરૂપ જોઇને તે ઘણી દુઃખી થતી હતી. તેથી તે બ્રાહ્મણ નિર્વેદ પામી એક મહા આશ્રમને વિષે ચાલ્યો ગયો.[૮૦] એ આશ્રમ ઇરાવતી નદીને કિનારે આવેલો હતો અને શોભાયમાન હતો. ત્યાં રહી નક્ષત્ર પુરુષ સહિત શ્રી જગન્નાથની પૂજા કરવા લાગ્યો.[૮૧] એથી એ જન્મમાં જ તે મહા સ્વરૂપવાન્ થયો, જેથી એની સ્ત્રીને ઘણો પ્રિય થઈ વિવિધ ભોગ ભોગવવા લાગ્યો.[૮૨] પછી પૂર્વના અભ્યાસથી શ્રવણ દ્વાદશીનો ભક્ત થયો.[૮૩] એ પ્રમાણે પૂર્વે એ દ્વિજશ્રેષ્ઠ કુરૂપ હતા, તે ભગવાનના પ્રસાદથી કામદેવના જેવો સ્વરૂપવાન્ થયો અને બીજે જન્મે પછી પુરૂરવા રાજા થયો.[૮૪]

एवं पुरासौ द्विजपुङ्गवस्तु कुरूपरूपो भगवत्प्रसादात् ।
अनङ्गरूपप्रतिमो बभूव मृतश्च राजा स पुरूरवाऽभूत ॥ ८४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે પ્રહ્લાદ તીર્થયાત્રાને વિષે 'પુરુરવાન ઉપાખ્યાન' નામે અગન્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૦ મો.

નક્ષત્ર પુરૂષનું વ્રત વર્ણન.

नारद उवाच—पुरूरवा द्विजश्रेष्ठ यथा देवोंश्रियः पतिम् ।
नक्षत्रपुरुषाख्येन आराधयत्तद्वद ॥ १ ॥

નારદજી પૂછે છેઃ—હે દ્વિજશ્રેષ્ઠ! પુરૂરવાએ નક્ષત્ર પુરુષ નામે લક્ષ્મીપતિ ભગવાનની જે પ્રકારે પૂજા કરી તે મને કહો.[૧] પુલસ્ત્ય મુનિ કહે છેઃ—હે નારદ! હું નક્ષત્ર પુરુષવ્રત કહું છું તે સાંભળો. ભગવાનનાં જે જે નક્ષત્ર અંગ છે તે પણ કહીશ.[૨] મૂલ નક્ષત્ર ભગવાનનાં ચરણ છે અને રોહિણી નક્ષત્ર બે જંઘાને સ્થાને છે. અશ્વિની નક્ષત્ર ઘડ છે.[૩] ઉત્તરાષાઢા અને પૂર્વાષાઢા બને કુલાંનો ભાગ છે, અને ઉત્તરાફાલ્ગુની તથા પૂર્વાફાલ્ગુની બને ગુહ્ય સ્થાનને ઠેકાણે છે. કૃત્તિકા નક્ષત્ર કટિ ભાગને વિષે છે.[૪] અનુરાધા ઉરુસ્થાનને વિષે છે અને પૃષ્ઠ ભાગને વિષે ધનિષ્ઠા છે. વિશાખા ભુજરૂપે છે અને હસ્ત નક્ષત્ર બંને હાથ છે.[૫] પુનર્વસુ બંને ગુલ્ફ છે, અશ્લેષા નખ છે. જ્યેષ્ઠા ગ્રીવા સ્થાનને વિષે છે અને શ્રવણ નક્ષત્ર કર્ણને સ્થાને છે.[૬] ઓષ્ઠ સ્થાનને વિષે પુષ્ય નક્ષત્ર છે અને સ્વાતિ નક્ષત્ર દંતને વિષે છે. પુનર્વસુ હનુ (દાઢી) ને સ્થાને છે અને ચિત્રા નાકને સ્થાને છે.[૭] મૃગશીર્ષ નક્ષત્ર નેત્રને સ્થાને છે.[૮] જ્યેષ્ઠા નક્ષત્ર શ્રી હરિના કેશ ભાગને વિષે છે. એ પ્રમાણે ભગવાનનાં નક્ષત્રાંગ છે. હે નારદ! હવે હું યથાન્યાય તેનું વિધાન કહું છું.[૯] ભક્તિપૂર્વક પૂજા કરવાથી શ્રી હરિ પ્રસન્ન થઈ ઇચ્છિત ફળ આપે છે. ચૈત્રમાસની શુકલ પક્ષની અષ્ટમીને દિવસે જ્યારે મૂળ

નક્ષત્રને વિષે ચન્દ્રમા હોય, ત્યારે વિધિવડે ભગવાનના ચરણની પુજા કરવી અને નક્ષત્ર પુરુષને નૈવેદ્ય કરી બ્રાહ્મણોને જમાડવા.[૧૦-૧૧] રોહિણી નક્ષત્રના યોગમાં ભક્તિપૂર્વક બંને જાનુ (ઘુંટણ)ની પુજા કરવી અને ઇચ્છા મુજબ હવિષ્યાન્નનુ નૈવેદ્ય કરી બ્રહ્મભોજન કરાવવુ.[૧૨] પછી બંને આષાઢા નક્ષત્રને વિષે સ્ફિક્ ભાગની પુજા કરવી અને શીતળ જળ ચઢાવવું.[૧૩] ડાહ્યા પુરુષે ફાલ્ગુની નક્ષત્રમાં ગુહ્ય ભાગની પુજા કરવી અને ભગવાનના દોહદને અર્થે પય તથા ગાયનું દાન કરી બ્રહ્મભોજન કરાવવું.[૧૪] કૃત્તિકાને વિષે ઉપવાસ કરી તથા જિતેન્દ્રિય થઈ કટિભાગની પુજા કરવી અને સુગંધી પુષ્પો સહિત પાણી ચડાવવું.[૧૫] બંને ભાદ્રપદાને વિષે વિધિવડે બે પડખાંની પુજા કરી ચોખાના લાડુનું દાન તથા નૈવેદ્ય કરવું એથી પ્રભુની પ્રીતિ થશે.[૧૬] રેવતી નક્ષત્રના યોગમાં બે કુખનું પૂજન કરી મગ તથા પાણીનું દાન કરવું અને અનુરાધામાં વક્ષઃસ્થળની પુજા કરી સાઠીના ચોખાનુ નૈવેદ્ય તથા દાન કરવું.[૧૭] ધનિષ્ઠાને વિષે પુજા કરીને ઉત્તમ ચોખાનું નૈવેદ્ય તથા દાન કરવું અને વિશાખામાં બે ભુજની પુજા કરી ઉત્તમ ભાતનુ નૈવેદ્ય અને દાન કરવુ.[૧૮] હસ્તમાં બે હસ્તનું પુજન કરી જવનું દાન ને નૈવેદ્ય કરવું અને પુનર્વસુમાં બંને હાથની આંગળીઓની પુજા કરી પરવરનુ નૈવેદ્ય કરવું તથા દાન કરવું.[૧૯] અશ્લેષામાં નખોની પુજા કરી તેતરના માંસનું નૈવેદ્ય કરવુ. જ્યેષ્ઠામાં ગ્રીવાની પુજા તથા તલના લાડુનું નૈવેદ્ય કરવું.[૨૦] શ્રવણને વિષે કર્ણની પુજા કરી દહી તથા ભાતનું નૈવેદ્ય કરવુ. પુષ્ય નક્ષત્રને વિષે મુખની પુજા કરી ઘી તથા ખીરનું નૈવેદ્ય કરવું.[૨૧] સ્વાતિ નક્ષત્રના યોગમાં દાંતોની પુજા કરી તલની ખીરનું નૈવેદ્ય કરવુ અને કેશવ ભગવાનની પ્રીતિ અર્થે બ્રાહ્મણભોજન કરાવવુ[૨૨] શતભિષાના યોગમાં હડપચીની પુજા કરી કાંગના ભાતનું નૈવેદ્ય કરવુ.[૨૩] મઘાને વિષે નાસિકાનું પુજન કરી ઘી તથા મધનું નૈવેદ્ય કરવું અને મૃગશીરમાં નેત્રની પુજન કરી મૃગમાંસનુ નૈવેદ્ય કરવુ[૨૪] ચિત્રા નક્ષત્રમાં લલાટની પુજા કરી સુંદર ભોજનનુ નૈવેદ્ય કરવુ. ભરણીમાં મસ્તકની પુજા કરી સારા ભક્ષ્યનુ નૈવેદ્ય કરવુ.[૨૫] આર્દ્રાના યોગમાં વિદ્વાને કેશનું પુજન કરવુ, અને ગોળ તથા ઉંબરનુ નૈવેદ્ય કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું.[૨૬] એ પ્રમાણે નક્ષત્રોના યોગમાં જગત્પતિની પુજા કરી વેદપારંગત બ્રાહ્મણોને દક્ષિણા આપવી.[૨૭] છત્રી, જોડા, વસ્ત્રની જોડ, સપ્તધાન્ય, સોનું, ઘીથી ભરેલું પાત્ર, દુઝણી ગાય, એ સૌનું બ્રાહ્મણોને દાન કરવું.[૨૮] દરેક નક્ષત્રના યોગમાં બ્રાહ્મણોની પૂજા કરવી અને નક્ષત્ર જ્ઞાનવાળા બ્રાહ્મણોને જૂદી જૂદી દક્ષિણા આપવી.[૨૯] સર્વ પાતકનો નાશ કરનાર એવુ એ નક્ષત્ર પુરુષનુ ઉત્તમ વ્રત ભૃગુએ પૂર્વે કર્યું હતું[૩૦] હે દેવર્ષે! પ્રભુના અંગ અને ઉપાંગ સૌ પૂજવા, અથવા પ્રત્યેક અંગે માણસ સુરૂપવાન્ થાય છે.[૩૧] કલિના સગથી સાત જન્મનું આવેલું પાપ હોય, અને માતા પિતાના દોષથી થયું હોય, તોપણ તે સૌ કેશવ નાશ કરે છે.[૩૨]

સર્વ પ્રકારનું કલ્યાણ તથા શરીરનુ આરોગ્ય પ્રાપ્ત થાય છે, મન અતિ પ્રસન્ન રહે છે અને ઘણું સુંદર રૂપ પ્રાપ્ત થાય છે.[૩૩] વાણીની મધુરતા, કાન્તિ, અને બીજું જે જે ઇચ્છે તે નક્ષત્ર પુરુષરૂપે પૂજા કરવાથી જનાર્દન ભગવાન્ આપે છે.[૩૪] હે નારદ! પૂર્વે મહાભાગા અરુન્ધતીએ એ દરેક નક્ષત્રયોગમાં ક્રમથી ઉપવાસ કરીને ઘણી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.[૩૫] અદિતિએ પુત્રની ઇચ્છાથી નક્ષત્રાંગ જનાર્દન ભગવાનની પૂજા કરી રૈવતને વિષે પુત્રપ્રાપ્તિ કરી હતી.[૩૬] પૂર્વે રંભાએ રૂપ, તિલોત્તમાએ વાણીનું માધુર્ય તથા ચંદ્ર સમાન કાન્તિ અને પુરૂરવાએ રાજ્ય પ્રાપ્ત કર્યું હતું.[૩૭] હે બ્રહ્મન્! જેણે એ પ્રકારે નક્ષત્રાંગ રૂપધારી જનાર્દન ભગવાનની વિધિપૂર્વક પૂજા કરી, તેણે ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરી છે.[૩૮] એ પ્રમાણે પવિત્ર, શુભદાયી, માણસને યશ તથા આરોગ્ય આપનાર નક્ષત્ર પુરુષની પરમ પૂજાવિધિ આ તીર્થ યાત્રાને વિષે કહી તે સાંભળો.[૩૯]

एवं पवित्रं च शुभप्रदायि यशस्यमारोग्यकरं तु पुंसाम् ।
नक्षत्रपुंस. परमं विधानं श्रृणुष्व पुण्यामिह तीर्थयात्राम् ॥ ३९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'પ્રહ્લાદ તીર્થ યાત્રાને વિષે નક્ષત્ર પુરુષ' નામે એંસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૧ મો.

જલોદ્ભવનો વધ.

पुलस्त्य उवाच—इरावर्तीमनुप्राप्य पुण्यां तामृषिकन्यकाम् ।
स्नात्वा संपूजयामास चैत्राष्टम्यां जनार्दनम् ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યા;—પુણ્યકારક ઋષિકન્યા ઇરાવતીમાં આવીને સ્નાન કરી ચૈત્ર માસની અષ્ટમીને દિવસે જનાર્દન ભગવાનની પૂજા કરી.[૧] પછી દાનવેશ્વર પ્રહ્લાદ ત્યાં નક્ષત્ર પુરુષનું પુણ્યપ્રદ પવિત્ર વ્રત કરી કુરક્ષેત્રમાં આવ્યા.[૨] ત્યાં ઐરાવત મંત્રનો ઉચ્ચાર કરી સુદર્શનચક્રતીર્થનું આવાહન કરી વેદોક્ત વિધિથી સ્નાન કર્યું.[૩] એક રાત્રી ઉપવાસ કરી કુરુધ્વજની ભક્તિથી પૂજા કરી પવિત્ર થઈ નૃસિંહ ભગવાનનાં દર્શન કરવા ગયા.[૪] ત્યાં દેવિકામાં સ્નાન કરી, નૃસિંહની પૂજા કરી એક રાત્રી રહી ગોકર્ણતીર્થમાં ગયા.[૫] ત્યાં સ્નાન કરી પ્રાચીન વિશ્વકર્તા શિવની પૂજા કરી પ્રાચીન કામેશ્વરનાં દર્શન કરવા ગયા.[૬] જ્યાં જઈ સ્નાન કરી શંકરનાં દર્શન કરી મહાજળમાં પુંડરિકનાં દર્શન કરવા ગયા.[૭] ત્યાં મહાજળમાં સ્નાન કરી પિતૃ તથા દેવોનું તર્પણ કરી પુંડરિકનું પૂજન કરી ત્રણ દિવસ ત્યાં રહી ઉપવાસ કર્યા.[૮] ત્યાંથી પછી વિશાખ યૂપ તીર્થમાં આવી અજિત ભગવાનનાં દર્શન કર્યાં. પછી કૃષ્ણ તીર્થમાં સ્નાન કરી ત્યાં ત્રણ દિવસ વાસ કર્યો.[૯] ત્યાંથી હંસપદ તીર્થમાં જઈ હંસ ભગવાનનાં દર્શન કરી ઇશ્વરની

પૂજા કરી અને પછી ત્યાંથી પયોષ્ણીમાં અખંડ એવા અચ્યુત ભગવાનનાં દર્શન કરવા ગયા.૧૦ ત્યાં પયોષ્ણીનાં પાણીમાં સ્નાન કરી જગત્પતિ અખંડની પૂજા કરી ત્યાંથી પછી તે બુદ્ધિમાન્ વિતસ્તાને વિષે કુમારિલનાં દર્શન કરવા ગયા.૧૧ ત્યાં સ્નાન કરી તથા દેવેશ્વરની પૂજા કરી વાલખિલ્ય તથા મરીચિ ઋષિઓવડે પૂજા કરાતા પ્રહ્લાદજી પાપનાશક અચ્યુત તીર્થમાં ગયા.૧૨

એ તીર્થમાં સુરભિ દેવી કામદુધા ગાયે, દેવો તથા જગતના હિતને માટે શુભ એવી કપિલા ગાયને સરજી હતી.૧૩ તે દેવહ્રદમાં સ્નાન કરી ભક્તિથી શંભુની પૂજા કરી અને પછી વિધિપૂર્વક બ્રહ્માની પૂજા કરી ત્યાંથી મણિમંત તીર્થમાં ગયા.૧૪ ત્યાં શ્રેષ્ઠ એવા પ્રાજાપત્ય તીર્થમાં સ્નાન કરી શંભુ, બ્રહ્મા તથા પ્રજાપતિનાં દર્શન કર્યાં.૧૫ હે તપોધન ! તે દેવોની વિધિવડે પૂજા કરી ત્યાં છ રાત્રી રહી મધુનંદિનીને વિષે ગયા.૧૬ ત્યાં મધુજલમાં સ્નાન કરી ચક્રધર શંભુ ભગવાન્ તથા શૂલપાણિ વિષ્ણુ ભગવાનનાં દર્શન કર્યાં.૧૭ નારદજી બોલ્યાઃ—ભગવાન્ શંભુએ શા કારણથી ચક્ર ધારણ કર્યું હતું અને ભગવાન્ વિષ્ણુએ શા કારણથી હાથમાં શૂળ ધારણ કર્યું હતું?૧૮ પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—એ પુરાતન કથા કહું છું તે સાંભળો. ભગવાન્ વિષ્ણુએ પોતે જ દેવોને એ વાત કહી હતી કે હે દેવો ! હું પૃથ્વી ઉપર અવતાર લઇશ.૧૯ જલોદ્ભવ નામે એક મહાઅસુર હતો. તેણે મહાઘોર તપ કરીને બ્રહ્માને પ્રસન્ન કર્યા. તેથી પ્રસન્ન થઇને બ્રહ્માએ તેને વરદાન આપ્યું.૨૦ દેવો અને અસુરોના મહારણ સંગ્રામમાં અજિત થઇ તેમનાં પોતપોતાનાં શસ્ત્રોવડે તેમનાથી માર્યો ન શકાય એવું વરદાન તેને મળ્યું હતું. એથી ઉલ્લંઘન ન કરી શકાય એવા બ્રહ્માના શાપની પણ તેને અસર થતી ન હતી.૨૧ એવા પ્રભાવવાળો તે દાનવપતિ, દેવો, મહર્ષિઓ અને સર્વે રાજાઓને પીડા કરતો પૃથ્વી ઉપર ભમવા લાગ્યો, અને તે ઉગ્રમૂર્તિ સઘળી ધર્મક્રિયાઓને નષ્ટ કરવા લાગ્યો.૨૨ પછી દેવો પૃથ્વીતટે આવી બેઠા હતા. ત્યાંથી અશરણશરણ શ્રીહરિને શરણે ગયા. પછી તેમની સાથે શ્રીહરિ હિમાલય પ્રત્યે ત્રિનેત્ર શંકર ભગવાનને શરણે ગયા.૨૩ ત્યાં તેમની સાથે દેવતા અને ઋષિઓના હિતના કાર્યનો તથા શત્રુ-ઓના નાશનો વિચાર કર્યો. પછી હરિ અને હર બંને પણ શસ્ત્ર રહિત થઇને જ ફરવા લાગ્યા અને ઉગ્ર કર્મ કરવા લાગ્યા.૨૪

પછી તે દાનવ, દેવપતિ વિષ્ણુ અને શિવ બંને પોતાના તરફ મારવા આવતા જોઇને તે પોતાને મારશે એમ જાણી ભયથી નદીના જળમાં સમાઈ ગયો.૨૫ માછલાંથી ભરેલી વિશાલા નદીમાં દેવોના શત્રુને પેસી ગયેલો જાણીને તે બંને દેવો નદીને કાંઠે છૂપાઇને બેઠા.૨૬ પછી તે દૈત્ય ડોકું કાઢી બીતો બીતો આકાશ તરફ જોવા લાગ્યો, અને કિનારે કોઇને ન જોઇને હિમાલય પર્વત ઉપર નાશી ગયો. પછી વિષ્ણુ ભગવાન્ તથા શંકર, હિમાલય ઉપર પોતાના શત્રુને ભમતો જાણીને બંને દેવો વેગથી ત્યાં દોડી ગયા. વિષ્ણુએ ત્રિશૂળ ધારણ કર્યું અને શંકરે

ચક્ર ધારણ કર્યું. પછી બંને દેવોએ તે દૈત્યને પકડી પાડીને ચક્રથી તથા ત્રિશૂળથી તેના દેહને છિન્ન ભિન્ન કરી નાંખ્યો.[૨૭-૨૮] એટલે પછી તે પર્વત ઉપરથી ગબડી પડ્યો. તેનો દેહ ધગધગતા લોઢાના જેવો હતો. તે પડ્યો ત્યારે જાણે આકાશમાંથી મનુષ્યરૂપે તારો ખર્યો હોય એવો જણાતો હતો. એ પ્રમાણે દૈત્યને મારવા શ્રીવિષ્ણુ ભગવાને ત્રિશૂળ અને શિવજીએ ચક્ર ધારણ કર્યું હતું.[૨૯] એ જલોદ્‌ભવ દૈત્ય જળનો ત્યાગ કરી જ્યાં શંકરના ત્રિશૂળના આઘાતથી પર્વત ઉપરથી પૃથ્વી ઉપર પડ્યો, એમ જાણી શંકર તથા વાસુદેવ ભગવાન્ ત્યાંથી ચાલ્યા ગયા હતા[૩૦] તે તીર્થમાં દેવપતિ હરિહરે નિવાસ કર્યો હતો. એમ જાણી દૈત્યપતિ પ્રહ્લાદજી પણ પોતાના આત્માની શુદ્ધિને અર્થે ત્યાં આવી એક દિવસનો ઉપવાસ કરી ભક્તિથી ત્યાં રહ્યા અને શિવજી તથા વિષ્ણુના માર્ગનાં દર્શન કરવા હિમાલય ઉપર ગયા [૩૧] તેમની વિધિવત્ પૂજા કરી તથા બ્રાહ્મણોને દાન આપી પછી ત્યાંથી તે વિતસ્તા અને હિમવતીની વચ્ચે ભૃગુતુંગ ક્ષેત્રમાં ગયા.[૩૨] જ્યાં આગળ દેવાધીશ વિષ્ણુ ભગવાનને અસ્ત્રબળ જાણનાર મહાત્મા શંકરે ઉત્તમ આયુધ સુદર્શન ચક્ર આપ્યું હતું અને જેનાથી શ્રીવિષ્ણુ ભગવાન્ દૈત્યોના સૈન્યનો સંહાર કરતા હતા.[૩૩]

यत्रेश्वरो देववरस्य विष्णोः प्रादाद्रथांगं प्रवरायुधं वै
चिच्छेद येनारिबलं च शंकरो विज्ञायमानोऽस्त्रबलं महात्मा ॥ ३॥

ઇતિશ્રી વામન પુરાણે પ્રહ્લાદ તીર્થ યાત્રાને વિષે 'જલોદ્‌ભવ વધ' નામે એકાશીમો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૮૨ મો.

શ્રીદામ ચરિત્રનું વર્ણન.

नारद उवाच—भगवँल्लोकनाथाय विष्णवे विषमेक्षणः ।
किमर्थमायुधं चक्रं दत्तवाँल्लोकपूजितम् ॥ १ ॥

નારદજી બોલ્યાઃ—હે ભગવન્! ત્રિનેત્ર શંકર ભગવાને લોકનાથ શ્રી વિષ્ણુને લોકપૂજિત એવું સુદર્શન શામાટે આપ્યું?[૧] પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—ચક્રપ્રદાન સંબંધી અને શિવ માહાત્મ્ય વધારનારી એ પુરાતન કથા શાંત થઇને સાંભળો.[૨] વીતમન્યુ નામે એક મહા ભાગ, ગૃહસ્થાશ્રમી વેદવેદાંગ પારંગત બ્રાહ્મણ હતો.[૩] તેની સ્ત્રી આત્રેયી નામે હતી. તે મહા ભાગ્યવાન્, શીલવતી, પતિવ્રતા, પતિપ્રાણ અને ધર્મશીલા હતી.[૪] તે મુનિ અપુત્ર હતો. ઋતુ કાલાભિગામી હોવાથી પછી તેને શ્રીમાન્ ઉપમન્યુ નામે પુત્ર થયો.[૫] તે બ્રાહ્મણ બહુ દરિદ્રી હતો, તેથી તેની મા તેને દૂધને ઠેકાણે ચોખાના દૂધમાં પાણી રેડી દૂધ કહીને આપતી હતી.[૬] તે દૂધનો સ્વાદ જાણતો ન હોતો તેથી તેને જ દૂધ જાણીને જ આનંદ પામતો હતો. તે એક દિવસ પોતાના બાપની સાથે બીજા બ્રાહ્મણને ઘેર ગયો. ત્યાં શ્રદ્ધા-

પૂર્વક તેણે પ્રાણીને પુષ્ટિ આપનાર દૂધ તથા ભાતનો ખોરાક ખાધો.૮ તે દિવસે તે ઋષિપુત્રે સ્વાદિષ્ટ દૂધ ખાધું, તેથી બીજે દિવસે તેની માતાએ લોટનું દૂધ બનાવીને આપ્યું તે તેણે ખાધું નહિ.૯ પછી તે બાળક, મેઘને માટે ચાતક જેમ બૂમો પાડે તેમ રડવા લાગ્યો. તેને રડતો જોઇને તેની માતા તેને કહેવા લાગી કે, 'ઉમાપતિ, પશુપતિ, શૂલપાણિ, વિરૂપાક્ષ, શંકર ભગવાન્ આપણા ઉપર અપ્રસન્ન છે તો પછી આપણે દૂધના ભોજનની આશા કયાંથી રાખવી ?૧૦–૧૧

'હે પુત્ર ! જો પુષ્ટિકારક દૂધ ખાવાની ઇચ્છા હોય તો તરત વિરૂપાક્ષ, ત્રિશૂળધારી તે દેવપતિ શંકર ભગવાનની આરાધના કર.૧૨ સર્વ કલ્યાણદાયી જગત્ધામ તે શંકર ભગવાન્ પ્રસન્ન થશે તો અમૃતનું ભોજ મળશે તો પછી દૂધનું શું કહેવું ?'૧૩ માતાનું વચન સાંભળી ઉપમન્યુ બોલ્યો કે, 'હે માતા ! તેં જે વિરૂપાક્ષ ભગવાન્ કહ્યા તે કોણ છે ? કે જેની આરાધના કરવાનું તું કહે છે.૧૪ પછી તે ધર્મશીલા સ્ત્રીએ પોતાના પુત્રને ધર્મથી ભરેલું વાકય કહ્યું.૧૫ જે વિરૂપાક્ષ નામે કહેવાય છે તે વિષે કહું છું તે સાંભળ. શ્રીદામ નામે એક મહાઅસુર પ્રખ્યાત હતો.૧૬ જેણે પૂર્વે આખા જગતમાં ભમીને વિષ્ણુની પેઠે ત્રણે લોક શ્રીરહિત કરી નાંખ્યા, અને પછી તે મહાઅસુરને શ્રી વાસુદેવના શ્રી-વત્સને હરી લેવાની ઇચ્છા થઈ.૧૭–૧૮ જનાર્દન ભગવાન્ તે દુષ્ટનો અભિપ્રાય જાણીને તેના વધની આકાંક્ષાથી મહેશ્વર ભગવાન્ પાસે આવ્યા.૧૯ તે સમયે, અવિનાશી શંભુ યોગમૂર્તિ ધારણ કરી હિમાલય પર્વત ઉપર સુંદર સ્થાનને વિષે રહ્યા હતા.૨૦ પછી જગન્નાથ શ્રીહરિ ત્યાં આવીને, પોતાના આત્માવડે પોતાના જ આત્મારૂપ સહસ્રશીર્ષા શંકર ભગવાનની આરાધના કરવા લાગ્યા.૨૧ પગના અંગુઠા ઉપર એક વર્ષ સુધી ઉભા રહીને યોગીને ધ્યાન કરવા યોગ્ય લક્ષણ રહિત બ્રહ્મ દેવનો જપ વેદવાણીથી કરવા લાગ્યા.૨૨ પછી શંકર ભગવાન્ પ્રસન્ન થયા અને વિષ્ણુને પ્રત્યક્ષ તેજયુક્ત દિવ્ય સુદર્શનચક્ર તથા પરમપદ આપ્યું.૨૩ દેવના દેવ એવા વિષ્ણુ ભગવાનને કાળ ચક્ર જેવું સુદર્શનચક્ર આપીને સર્વ ભૂતમય એવા પ્રભુ શ્રી શંકર તેમને કહેવા લાગ્યા;૨૪ 'આ શ્રેષ્ઠ આયુધ સર્વ આયુધોનું વિનાશક છે; એનું નામ સુદર્શન છે. એને બાર આરા(ધાર) અને નવ નાભિ છે તથા વેગમાં ગરુડના જેવું છે.૨૫ એ આરાઓમાં આ પ્રમાણે દેવો તથા મેષઆદિ બાર રાશિઓ તથા શિષ્ટોની રક્ષાને માટે ઋતુઓ રહેલી છે.૨૬ અગ્નિ, ચંદ્ર, સૂર્ય, વરુણ, શચીપતિ ઇંદ્ર, અગ્નિ, વિશ્વેદેવ, પ્રજાપતિ, બળવાન્ વાયુ, દેવવૈદ્યો અશ્વિની કુમાર તથા ધન્વંતરી, તપસ્ય અને ઉગ્રતપ એ બાર દેવો રહેલા છે.૨૭–૨૮ અને ચૈત્રથી માંડી ફાગણ સુધી બાર માસ તેમાં રહેલા છે.૨૯ તેથી એ આયુધને ધારણ કરીને નિઃશંક થઇને દેવતાઓના શત્રુઓનો સંહાર કરો. એ આયુધ અમોઘ એટલે કદી નિષ્ફળ ન જાય એવું છે. દેવતાઓ એની પૂજા કરે છે. એ મંત્રગત આયુધ તપોબળથી મેં ધારણ કરી રાખ્યું

છે.[૩૦] શંભુએ એ પ્રમાણે કહ્યું, એટલે વિષ્ણુ ભગવાન્ બોલ્યા કે, 'હે શંભો! એ આયુધ અમોઘ છે કે મોઘ તે શી રીતે જાણું?[૩૧] હે વિભો! એ ચક્ર અમોઘ અને સર્વત્ર અપ્રતિમ છે એમ આપ કહો છો તો તે જાણવાની જિજ્ઞાસાથી તેને હું આપના ઉપર જ છોડું છું. આપ તેનું પ્રતિગ્રહણ કરો'.[૩૨] વાસુદેવ ભગવાનનું એ વચન સાંભળીને પિનાકપાણિ શિવજી બોલ્યા; 'જો એમ છે તો નિઃશંક ચિત્તથી તે છોડો.'[૩૩] મહાદેવનું વચન સાંભળીને વિષ્ણુએ તેમના ઉપર ચક્ર છોડ્યું.[૩૪] મુરારિના હાથમાંથી છૂટેલું ચક્ર શંકરને વાગ્યું, એટલે તે યજ્ઞયાજક યજ્ઞેશ ભગવાનના શરીરના ત્રણ ટુકડા કરી નાંખ્યા.[૩૫] મહાભુજ હરિ, શંકરના ત્રણ ટુકડા થઇ ગયેલા જોઇને લજ્જાયુક્ત શરીરવાળા થઇને તેમના ચરણમાં પડ્યા.[૩૬] પછી શ્રીમાન્ પશુપતિએ શ્રી હરિને ચરણમાં પડેલા જોઇને પ્રસન્ન થઈ વારંવાર કહ્યું કે ઉઠો ઉઠો.[૩૭] મારા બ્રહ્મરૂપનો જે પ્રાકૃત વિકાર, તે જ કપાયો છે, મારો સ્વાભાવિક દેહ કપાયો નથી. કેમકે તે અચ્છેદ્ય અને અદાહ્ય છે.[૩૮] તેથી હે કેશવ! તમે ચક્રથી મારા શરીરના જે ત્રણ વિભાગ કર્યા તે પુણ્યકારક થશે એમાં સંશય નથી.[૩૯] એમાંનું એક અંગ હિરણ્યાક્ષ, બીજું સુવર્ણાક્ષ, અને ત્રીજું વિરૂપાક્ષ થશે. એ ત્રણે મારાં રૂપ મનુષ્યોને બહુ પુણ્ય આપનારાં છે.[૪૦] માટે હે વિભો! ઉઠો અને મારા શત્રુનો સંહાર કરો. એ શ્રીદામા અસુરને હણાયલો જાણીને દેવતાઓ પ્રસન્ન થશે.[૪૧] શંકરે એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન્ ગરુડધ્વજ ત્યાંથી સુરગિરિપ્રસ્થ ઉપર ગયા. ત્યાં તેમણે શ્રીદામા દૈત્યને દીઠો.[૪૨] દેવોના અહંકારને ઉતારનાર તે દૈત્યને જોઇને દેવપતિ શ્રીહરિએ તેને કહ્યું કે, ઉભો રહે. હવે મુવો જ સમજજે. એમ કહી તેના ઉપર મહાવેગવાન્ ચક્ર છોડ્યું.[૪૩] તે અપ્રતિહત બળવાળા ચક્રથી તે દૈત્યનું માથું કપાઈ ગયું. એ કપાયલું માથું, વજ્ર મારવાથી ડુંગર ઉપરથી જેમ શિખર તૂટી પડે તેમ, નીચે પડ્યું.[૪૪] તે દેવશત્રુ મહાઅસુર મરણ પામ્યા પછી ભગવાન્ મુરારિ, વિરૂપાક્ષ મહાદેવની આરાધના કરી મહા આયુધ સુદર્શનચક્ર મેળવીને તપોનિધિ સ્થાનને વિષે ગયા.[૪૫] હે પુત્ર! જો તું દૂધ સાથે ભોજન કરવાની ઇચ્છા રાખતો હોય તો દેવના દેવ તે વિરૂપાક્ષ મહેશ્વરની આરાધના કર.[૪૬] માતાનું એ વચન સાંભળીને ઉપમન્યુએ વિરૂપાક્ષની આરાધના કરી દૂધનું ભોજન પ્રાપ્ત કર્યું.[૪૭] એ પ્રમાણે મુરારિના પરમ પવિત્ર અને પાપરૂપ વૃક્ષનો નાશ કરનાર તીર્થનું વર્ણન મેં તમને કહ્યું. એ તીર્થમાં પ્રહ્લાદજી મહાપુણ્યપ્રાપ્તિની ઇચ્છાથી આવ્યા.[૪૮]

एतत्त्वयोक्तं परमं पवित्रं संछेदनं पापतरोर्मुरारेः ।
तीर्थं च तत्रैव महासुरो वै समाससादाथ सुपुण्यहेतोः ॥ ४८ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'શ્રીદામા ચરિત્ર' નામે ખ્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૩ મો.

પ્રહ્લાદની તીર્થયાત્રાનું વર્ણન.

**पुलस्त्य उवाच—तस्मिंस्तीर्थवरे स्नात्वा दृष्ट्वादेवं त्रिलोचनम् ।
पूजयित्वा सुवर्णाक्षं नैमिषं प्रययौ ततः ॥ १ ॥**

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—તે ઉત્તમ તીર્થમાં સ્નાન કરી ત્રિલોચન દેવનાં દર્શન કરી અને સુવર્ણાક્ષની પૂજા કરી પ્રહ્લાદજી નૈમિષતીર્થમાં ગયા.[૧] ત્યાં પવિત્ર ગોમતી અને કાંચનાક્ષીની વચ્ચે ત્રીશ હજાર પાપહારી તીર્થો નિવાસ કરી રહ્યાં છે.[૨] તે તીર્થોમાં સ્નાન કરી પીતાંબરધારી અચ્યુત ભગવાનની પૂજા કરી તથા નૈમિષારણ્યવાસી ઋષિઓની પણ પૂજા કરી.[૩] પછી દેવાધિદેવ મહાદેવની પૂજા કરી ત્યાંથી ગોપતિનાં દર્શન કરવા ગયામાં ગયા.[૪] ત્યાં ગોપતડાગમાં સ્નાન કરી તેની પ્રદક્ષિણા કરી અને પિતૃઓને પિંડદાન કર્યું.[૫] ત્યાંથી પછી ઉદપાન તીર્થમાં સ્નાન કરી પિતૃઓની પૂજા કરી અને ગદાધર ગોપતિ તથા શંકર ભગવાનની પૂજા કરી.[૬] પછી ઇંદ્રતીર્થમાં સ્નાન કરી પિતૃ તથા દેવતાઓનું તર્પણ કર્યું અને મહા નદીના જળમાં સ્નાન કરી ત્યાંથી સરયૂતીરે ગયા.[૭] ત્યાં સ્નાન કરી ગોપ્રતાર કુશેશય ભગવાનનાં દર્શન કર્યાં અને ત્યાં એક રાત્રી રહી વિનયથી નમ્ર થઈ આગળ ચાલ્યા.[૮] ત્યાં રજતીર્થમાં સ્નાન કરી પિતૃઓને પિંડદાન કર્યું. પછી ત્યાંથી અજિત ભગવાનનાં દર્શન કરવા ગયા.[૯] ત્યાં પરમપવિત્ર અવિનાશી પુંડરિકાક્ષ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યાં છ રાત રહી મહેન્દ્રની દક્ષિણે ગયા.[૧૦] ત્યાં દેવવર શ્રી અર્ધનારીશ્વર મહાદેવનાં દર્શન કરી પિતૃઓની પૂજા કરી અને ત્યાંથી મહેન્દ્રની ઉત્તરે ગયા.[૧૧] ત્યાં દેવવર શંભુ તથા સોમપીડિત ગોપાલનાં દર્શન કર્યાં. પછી સોમતીર્થમાં સ્નાન કરીને ત્યાંથી સહ્યાચલને વિષે ગયા.[૧૨] ત્યાં મહોદકીમાં સ્નાન કરી વૈકુંઠ ભગવાનની ભક્તિથી પૂજા કરી અને દેવ તથા પિતૃઓનું તારણ કરીને પરિયાત્રગિરિને વિષે ગયા.[૧૩] ત્યાં લાંગલિનીમાં સ્નાન કરી અપરાજિત ભગવાનની પૂજા કરી. પછી કશેરુ દેશમાં જઈને વિશ્વરૂપનાં દર્શન કર્યાં,[૧૪] જ્યાં ગણોથી સારી રીતે પૂજાયલા દેવવર યોગવેત્તા શંભુએ પોતાનું વિશ્વરૂપ દેખાડયું હતું.[૧૫] મંકુણિકાના જળમાં સ્નાન કરી મહેશ્વરની પૂજા કરી અને સદા સુગંધીવાળા મલયાચળ પર્વત ઉપર પ્રહ્લાદજી ગયા.[૧૬] ત્યાં મહાહ્રદમાં સ્નાન કરી શંકરની પૂજા કરી અને પછી યોગાત્મા પ્રહ્લાદજી વિંધ્યાચળને વિષે સદાશિવનાં દર્શન કરવા ગયા.[૧૭] ત્યાં વિપાશાના જળમાં સ્નાન કરી સદાશિવની પૂજા કરી અને ત્યાં ત્રણ રાત્રી રહી અવંતીમાં ગયા.[૧૮]

ત્યાં ક્ષિપ્રા નદીમાં સ્નાન કરી વિષ્ણુની ભક્તિથી પૂજા કરી અને પછી સ્મશાનમાં રહેલા મહાકાલવપુધારી શંભુનાં દર્શન કરવા ગયા.[૧૯] ત્યાં શંકર ભગવાન્ તામસરૂપ ધારણ કરી તે રૂપથી સર્વ ભૂતોનો સંહાર કરે છે.[૨૦]

એ સુરેશ્વર ભગવાને ત્યાં રહીને શ્વેતકી નામના રાજાની, સર્વ ભૂતનો સંહારકર્તા અંતકને દગ્ધ કરીને રક્ષા કરી હતી.[૨૧] ત્યાં કરોડો પ્રમથ ગણથી વિંટાયલા, દેવતાઓથી પૂજાયલા શરીરવાળા સદાશિવ, અતિ પ્રસન્ન થઈને નિત્ય વસે છે.[૨૨] એ મહાકાલ, કાલના પણ કાળ, અંતકના પણ અંતક, યમના પણ યમ, મૃત્યુના પણ મૃત્યુ અને ચિત્રવિચિત્ર છે; જે સ્મશાનવાસી છે, ભૂતનાથ છે અને જગત્પતિ છે, તે શંકરનાં દર્શન કરી તથા તેમની પૂજા કરી ત્યાંથી પ્રહ્લાદજી નિષધદેશ તરફ ગયા.[૨૪] ત્યાં અમરેશ્વર દેવનાં દર્શન કરી ભક્તિથી તેમની પૂજા કરી અને ત્યાંથી મહોદય પર્વને દિવસે અશ્વતીર્થમાં જઈ ત્યાં સ્નાન કરી હયગ્રીવ ભગવાનનાં દર્શન કર્યાં અને શ્રીધર પ્રભુની પૂજા કરી. પછી પાંચાલ દેશમાં ગયા.[૨૫-૨૬] ત્યાં અર્થપતિના પુત્ર ઈશ્વરના ગુણોથી યુક્ત પાંચાલિકનાં દર્શન કરી મહાત્મા પ્રહ્લાદજી ત્યાંથી પ્રયાગમાં ગયા.[૨૭] ત્યાં લોકવિખ્યાત કલ્યાણકારી યમુના કાંઠે આવેલા પ્રયાગ તીર્થમાં સ્નાન કરી વટેશ્વર મહાદેવનાં તથા યોગશાયી વિષ્ણુ ભગવાનનાં દર્શન કર્યાં.[૨૮] ભક્તિપૂર્વક પૂજવા યોગ્ય એ બન્ને દેવોની પૂજા કરીને આખો માઘ માસ ત્યાં રહી પ્રહ્લાદજી ત્યાંથી વારાણસી ગયા.[૨૯] સર્વપાપ હરણ કરનારી પુણ્યપ્રદ વારાણસીમાં પૃથક્પૃથક્ બધાં તીર્થોમાં સ્નાન કરી પિતૃ તથા દેવતાઓની પૂજા કરી[૩૦] અને એ પુરીની પ્રદક્ષિણા કરી અવિમુક્તેશ્વર તથા આદિ કેશવની પૂજા કરી અને લોલ દિવાકર (સૂર્ય)નાં દર્શન કરી ત્યાંથી મધુવનમાં ગયા.[૩૧] ત્યાં પ્રહ્લાદજીએ સ્વાયંભુવ દેવનાં દર્શન કર્યાં અને પછી તેમની પૂજા કરી તે મહાતેજસ્વી પ્રહ્લાદજી પુષ્કરારણ્યમાં ગયા. ત્યાંનાં ત્રણે તીર્થમાં સ્નાન કરી પિતૃ તથા દેવતાઓની પૂજા કરી.[૩૨] એ પરમપવિત્ર પ્રાચીન આખ્યાન મહર્ષિ અગસ્ત્યે કહ્યું હતુ. તેનું કીર્તન કરવાથી, શ્રવણ કરવાથી અને સ્મરણ કરવાથી મનુષ્યો ભાગ્યશાળી તથા યશસ્વી થાય છે તથા તેઓનાં બહુ પાપનો નાશ થાય છે.[૩૩]

एतत्पवित्रं परमं पुराणं प्रोक्तं त्वगस्त्येन महर्षिणा च ।
धन्यं यशस्यं बहु पापनाशनं संकीर्तनाच्छ्रवणात्संस्मृतेश्च ॥ ३३ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'પ્રહ્લાદતીર્થયાત્રા'ને વિષે ત્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૪ મો.

પ્રહ્લાદની તીર્થયાત્રાનું વર્ણન-૨.

पुलस्त्य उवाच—गते च तीर्थयात्रायां प्रह्लादे दानवेश्वरे ।
कुरुक्षेत्रं समभ्यागाद्द्रष्टुं वैरोचनो मुने ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે મુને! દાનવેશ્વર પ્રહ્લાદજી તીર્થયાત્રા કરવા ગયા, એટલે બળિરાજા કુરુક્ષેત્રનાં દર્શન કરવા ગયો.[૧] તે મહા ધર્મવાન્ તીર્થ ભૃગુના

પુત્ર શુક્રાચાર્યે બ્રાહ્મણોને આમંત્રણ કરીને બોલાવ્યા. શુક્રાચાર્યના આમંત્રણથી અત્રિ, ગૌતમ, કૌશિક, અંગિરા, વગેરે તત્વજ્ઞ ઋષિઓ કુરુક્ષેત્રમાં જવાને માટે ઉત્તર દિશા તરફ શતદ્રવી નદીને કિનારે કિનારે ગયા. ત્યાં શતદ્રવી નદીના જળમાં સ્નાન કરીને પછી વિવાસ પ્રત્યે ગયા.[૩-૪] ત્યાં શુક્રાચાર્યનો વિશેષ પ્રેમ જોઇને ત્યાં સ્નાન કર્યું અને પછી દેવતા તથા પિતૃની પૂજા કરીને પછી સૂર્યનાં કિરણો-માંથી નીકળેલી કિરણા નદીને કિનારે ગયા.[૫] હે દેવર્ષે ! પછી બધા મહર્ષિઓ તેમાં સ્નાન કરીને પુણ્યદાયિની વેગવતીમાં સ્નાન કરી ઇશ્વિરીને વિષે ગયા.[૬]

ત્યાંથી પછી દેવિકાના જળમાં સ્નાન કરી પયોષ્ણાના જળમાં સ્નાન કર્યું અને પછી માધવાદિ તે ઋષિઓ અવતીર્ણા તથા સુભાનવીમાં સ્નાન કરવા ગયા.[૭] ત્યાં જળમાં ડૂબકી મારવાથી તેની અંદર પોતાનું પ્રતિબિમ્બ જોવાથી તેઓ બહુ આશ્ચર્ય પામ્યા.[૮] પછી બહાર નીકળીને પણ પોતાનું તેવું જ પ્રતિબિમ્બ જોયું, તેથી તેઓ ફરી આશ્ચર્ય પામ્યા. ત્યાં સ્નાન કરીને પછી સર્વે ઋષિઓ તે નદી ઉતરી આગળ જઇ પુષ્કરાક્ષ અયોગંધિ બ્રહ્માજીની પૂજા કરી. ત્યાંથી પછી ત્રિલોકમાં વિખ્યાત સરસ્વતીના તીર્થને વિષે ગયા.[૯-૧૦] ત્યાંથી પછી કોટિ તીર્થમાં જઇને રુદ્રકોટિ નામે મહાદેવનાં દર્શન કર્યાં. ત્યાં નૈમિષ, માગધ, સિંધુ, ધર્મારણ્ય, પુષ્કર, દંડકારણ્ય, ચમ્પા, તારકચ્છ અને દેવિકાતીર્થનિવાસી સર્વે દ્વિજો શંકરના દર્શનને માટે આવ્યા હતા. તે સઘળાની સંખ્યા એક કરોડની હતી. તે સર્વે તપસિદ્ધિવાળા અને શંકરનાં દર્શનની લાલસાવાળા હતા.[૧૧-૧૩] તેઓ "હું પ્રથમ દર્શન કરું, હું પ્રથમ દર્શન કરું" એમ કહી માંહોમાંહે ઝગડો કરવા લાગ્યા, તેથી તેમને પાપ રહિત તથા વ્યાકુલ જોઇને તેઓના ઉપર દયા લાવી શંકરે પોતાનાં કરોડ સ્વરૂપ ધારણ કર્યાં. પછી સૌ ઋષિઓ પ્રસન્ન થયા અને પછી પ્રત્યેકે જૂદી જૂદી પૂજા કરી. ત્યાં જૂદાં જૂદાં તીર્થની સ્થાપના કરી, તે ઉપરથી શંકરનું નામ રુદ્રકોટિ પડ્યું.[૧૪-૧૬] મહા તેજવાન્ અને વશી એવા ભક્ત પ્રહ્લાદજીએ તે મહાદેવનાં દર્શન કર્યાં. પછી કોટિ તીર્થમાં સ્નાન કરી દેવ તથા પિતૃઓનું તર્પણ કરી તથા રુદ્રકોટિ મહાદેવનું પૂજન કરી ત્યાંથી કુરુક્ષેત્રમાં ગયા.[૧૭] ત્યાં દેવતાઓવડે પૂજા કરાયલા એવા પાર્વતીપ્રિય શંકરને સરસ્વતીના જળમાં નિમગ્ન થયેલા સ્થાણુરૂપ જોયા.[૧૮] તેમનાં દર્શન કરી સરસ્વતીમાં સ્નાન કરી તથા ભક્તિપૂર્વક સ્થાણુનું પૂજન કરી દશાશ્વમેધને વિષે ગયા. ત્યાં સ્નાન કરી ચંદ્ર અને પિતૃઓનું પૂજન કર્યું.[૧૯] ત્યાં સહસ્રલિંગનું પૂજન કરી તથા તે પવિત્ર હ્રદમાં સ્નાન કરી પોતાના ગુરુ શુક્રાચાર્યને નમન કરી સોમતીર્થમાં ગયા.[૨૦] ત્યાં સ્નાન કરી ચંદ્ર તથા પિતૃઓનું પૂજન કર્યું. ત્યાંથી પછી ક્ષીરિકાવાસમાં જઇ બુદ્ધિમાન્ પ્રહ્લાદે ત્યાં સ્નાન કર્યું.[૨૧] ત્યાં ક્ષીરિકા વૃક્ષની પ્રદક્ષિણા કરી વરુણની પૂજા કરી અને કુરુધ્વજનાં દર્શન કરી ત્યાંથી પદ્માક્ષી નગરીને વિષે ગયા.[૨૨] ત્યાં લોક પૂજિત મિત્રાવરુણ તથા સૂર્યની પુજા કરી. ત્યાંથી કુમારધારાને વિષે ગયા. ત્યાં કાર્તિકસ્વામીનાં દર્શન

કર્યાં.[૨૩] ત્યાંથી પછી કપિલધારામાં સ્નાન કરી ઋષિઓ, પિતૃઓ અને દે પૂજન કર્યું. ત્યાં કાર્તિક સ્વામીનાં દર્શન કરી ત્યાંથી પછી નર્મદાને ગયા.[૨૪] ત્યાં નર્મદામાં સ્નાન કરી શ્રીપતિ વાસુદેવ ભગવાનની પૂજા ત્યાંથી પછી ચક્રધારી વરાહ ભગવાનનાં દર્શન કરવા ગયા.[૨૫] ત્યાં કોકા તીર્થમાં સ્નાન કરી ધરણીધર વરાહ ભગવાનની તથા ત્રિસૌવર્ણની પૂજા ત્યાંથી મધુદેશમાં ગયા.[૨૬] ત્યાં નારીદહ્રમાં સ્નાન કરી શંકરની પૂજા કરી (પછી કાલંજરમાં જઇ નીલકંઠ મહાદેવનાં દર્શન કર્યાં.[૨૭] ત્યાં નીલતીર્થના જ સ્નાન કરી શિવનું પૂજન કર્યું. પછી સાગરતીરે પ્રભાસતીર્થમાં શંકરનાં કરવા ગયા.[૨૮] ત્યાં સરસ્વતી અને સમુદ્રના સંગમમાં સ્નાન કર્યું અને ' પતિ સોમેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં.[૨૯] દક્ષના શાપથી બળેલા ક્ષયરોગી તારાને અધિપતિ ચન્દ્રને જ્યાં વિષ્ણુએ તથા શંકરે શાપમુક્ત કરી સુખી હતો.[૩૦] તે બંને દેવોનું પૂજન કરી ત્યાંથી પછી હિમાલયને વિષે ગયા. ત્યાં : પૂજા કરી પછી ઉત્તર કુરુને વિષે ગયા.[૩૧] ત્યાં પદ્મનાભની પૂજા કરી ગોદાવરતીર્થને વિષે ગયા. ત્યાં સ્નાન કરી ત્રૈલોક્યવંદિત દેવેશ ભીમની કરી.[૩૨] ત્યાંથી પછી દારુવનમાં જઈ શ્રીલિંગનાં દર્શન કર્યાં. પછી તેમની કરી બ્રહ્માણીમાં જઈ સ્નાન કરી ત્રિદશેશ્વરની પૂજા કરી.[૩૩] પછી પ્લક્ષાવતર જઇ શ્રીનિવાસની પૂજા કરી. ત્યાંથી પછી કુંડિન તીર્થમાં જઈ પ્રાણુ (ચતુર્બાહુ શર્પારકની વિધિપૂર્વક પૂજા કરી. ત્યાંથી માગધારણ્યમાં જઈ વ ધિપતિનાં દર્શન કર્યાં.[૩૪–૩૫] પછી તે વિશ્વેશનું પૂજન કરીને પ્રજાસુખ તે વિષે ગયા. ત્યાંથી પછી મહીતીર્થમાં સ્નાન કરીને સુદેવને પ્રણામ કર્યા પછી શોણ નદીએ જઇને રુક્મધર્મા ઇશ્વરની પૂજા કરી. પછી મહા. તીર્થમાં જઇને હંસાખ્ય મહાદેવની ભક્તિથી પૂજા કરી.[૩૭] ત્યાંથી પછી (સૈન્ધવારણ્યમાં જઈ જગન્નાથનાં દર્શન કરી તથા તેમની પૂજા કરી કન તીર્થમાં ગયા.[૩૮] ત્યાં ભદ્રકાલીશ્વર વીરભદ્રનું પૂજન કરી મેરુપર્વત ઉપર : ત્યાં ધનપતિ કુબેર તથા સૂર્યની પૂજા કરી અને ત્યાંથી પછી ગિરિવ્રજને ગયા.[૩૯] ત્યાં લોકનાથ મહેશ્વર પશુપતિનું વિધિપૂર્વક પૂજન કર્યું.

પછી ત્યાંથી કામરૂપ દેશને વિષે ગયા.[૪૦] ત્યાં પાર્વતી સ ચન્દ્ર સમાન ઉજ્જવલ એવા ત્રિનેત્ર શંકર ભગવાનનું પૂજન કર્યું. ત્યાંથી મહાખ્ય નામે શ્રેષ્ઠ તીર્થમાં ગયા અને ત્યાં મહાદેવનું પૂજન કર્યું.[૪૧] ત્યાંથી ત્રકૂટાચલ પર્વત ઉપર ચક્રપાણિ વિષ્ણુનાં દર્શન કરવા ગયા. ત્યાં ભક્તિપૂર્વક તે પૂજા કરી, પરમપવિત્ર ગજેન્દ્રમોક્ષનો જપ કરવા લાગ્યા.[૪૨] ત્યાં પ્રહ્લાદજી માસ સુધી ફળમૂળનું ભક્ષણ કરીને આદરથી રહ્યા અને બ્રાહ્મણોને સુવર્ણનું આપ્યું ત્યાંથી પછી ભયંકર દંડકારણ્યને વિષે ગયા.[૪૩] ત્યાં મોટી દિવ્યશાખાઓ વનસ્પતિનું રૂપ ધારણ કરેલા એવા, મોટી આપત્તિનું નિવારણ કરનારા પુંડરિ

ભગવાનનાં દર્શન કર્યાં.[૪૪] મહા ભાગ્યવાન્ અસુર પ્રહ્લાદજી ત્યાં ત્રણ રાત્રી સુધી રહ્યા અને તે ઝાડના મૂળમાં સૂઈ રહી સારસ્વતસ્તોત્રનો પાઠ કરવા લાગ્યા.[૪૫] સર્વ પાપનો નાશ કરનાર તે તીર્થવરમાંથી પછી વિદ્વાન્ પ્રહ્લાદજી સર્વ પાપને હરનાર શ્રી હરિનાં દર્શન કરવા ગયા.[૪૬] ત્યાં તેમની આગળ પાપનો નાશ કરે એવાં બે સ્તવનનું ગાન કર્યું કે જે સ્તવનો પૂર્વે ક્રોડરૂપી ભગવાન જનાર્દને કહ્યાં હતાં.[૪૭] ત્યાં પછી તે દૈત્યેન્દ્ર મહાફળદાતા શાલગ્રામનાં દર્શન કરવા ગયા, જ્યાં વિષ્ણુ ભગવાન્‌સ્થાવર સ્તંભને વિષે રહેલા છે.[૪૮] ત્યાં સર્વવ્યાપક વિષ્ણુને જાણીને, હે મુને! પ્રહ્લાદજીએ ભગવાનનાં ચરણનું પૂજન કરી તેમના ઉપર પ્રેમ બુદ્ધિ કરી.[૪૯] એ પ્રમાણે ઋષિઓ સહિત પ્રહ્લાદજીએ જે તીર્થયાત્રા કરી, તે તમે મને કહી બતાવી, જેના શ્રવણ, કીર્તન અને સ્પર્શથી માણસો પાપમુક્ત થાય છે.[૫૦]

इयं तवोका मुनिसंघजुष्टा प्रह्लादतीर्थानुगतिः सुपुण्या ।
यत्कीर्तनाच्छ्रवणात्स्पर्शनाच्च विमुक्तपापा मनुजा भवन्ति ॥ ५०॥

ઈતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'પ્રહ્લાદ તીર્થયાત્રા' નામે ચોરાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૫ મો.

ગજેન્દ્રમોક્ષણ.

नारद उवाच—याञ्जप्यान्भगवद्भक्त्या प्रह्लादो दानवोऽजपत् ।
गजेन्द्रमोक्षणादींस्त्वं चतुरस्तान्वदस्व मे ॥ १ ॥

નારદજી પૂછે છેઃ—દાનવપતિ પ્રહ્લાદજીએ ભગવદ્‌ભક્તિથી ગજેન્દ્રમોક્ષ આદિ જે ચાર સ્તોત્રનો જપ કર્યો હતો તે મને કહો.[૧] પુલસ્ત્યજી કહે છેઃ—હે તપોધન! એ ચાર જપો હું કહું છું તે સાંભળો. જે બોલવાથી, સાંભળવાથી અથવા યાદ કરવાથી ખરાબ સ્વપ્નનો નાશ થાય છે.[૨] પ્રથમ ગજેન્દ્ર મોક્ષણ કહું છું તે સાંભળો. તે પછી બે સારસ્વત સ્તવન સાંભળજો, જે પુણ્યકારક અને પાપનો નાશ કરનાર છે.[૩] શ્રીમાન્ ત્રિકૂટ નામે પર્વત છે. તે સર્વરત્નથી ભરેલો છે. તે સૂર્ય સમાન તેજસ્વી પર્વતરાજ સુમેરુનો પુત્ર થાય છે.[૪] એ પર્વતના શિલાતલોને ક્ષીરસાગરના તરંગો હમેશાં ધોયા કરે છે. સાગરને ભેદીને એ પર્વત બહાર નીકળી આવ્યો છે. સર્વ દેવો તથા ઋષિઓ એની પૂજા કરે છે.[૫] એમાંથી ઘણાં ઝરણો વહે છે તથા અપ્સરાઓ, ગંધર્વો, કિન્નરો, યક્ષો, સિદ્ધો, ચારણો અને ગુહ્યકોથી એ વિટાયલો છે.[૬] વળી પત્ની સહિત વિદ્યાધરો, સંયમી તપસ્વીઓ અને વરુ તથા મોટા હાથીઓના નિવાસથી તે શોભી રહેલો છે.[૭] પુન્નાગ, કરેણુ, બીલી, આમળાં, પાતલ, આંબા, નીપ, કદંબ,

ચંદન, અગર, ચંપો, શાલ, તાડ, તમાલ, સરળ, શીમળો, પર્પટ તથા બીજાં અનેક વિવિધ વૃક્ષોથી ચારે તરફ અલંકૃત થઈ રહેલો છે.[૮-૯] નાના પ્રકારનાં ગેરુઆદિ ધાતુઓથી રગાયલો, ચોતરફ ઝરણાં વહી રહ્યાં છે એવો અને ત્રણ સુંદર વિશાળ શિખરોથી શોભાયમાન થઈ રહેલો છે.[૧૦] હરણાં, વાંદરાં, સિંહો અને મદોન્મત્ત હાથીઓથી ભરેલો, તથા ચકોર અને મોરના શબ્દોથી ગાજી રહેલો છે.[૧૧] તેના એક સોનાના શિખર ઉપર ભગવાન્ દિવાકર રહેલો છે, જે શિખર નાના પ્રકારનાં પુષ્પોથી ભરેલું તથા નાના પ્રકારના સુગંધથી સુવાસિત થયેલું છે.[૧૨] બીજું રૂપાનું શિખર છે, તેના ઉપર ચંદ્રમા રહે છે. તે શ્વેતમેઘના જેવું અને રત્નના ઢગલા જેવું તેજસ્વી શોભીતું છે.[૧૩]

વજ્ર, ઈંદ્રનીલ અને વૈડૂર્યમણિના જેવું તેજસ્વી ત્રીજું ઉત્તમ આનંદથી ભરેલું શિખરછે, તે બ્રહ્મ સદન છે.[૧૪] તેને કૃતઘ્ની મનુષ્યો, ક્રૂરજનો, રાક્ષસો અને તપ કરનારા તથા પાપીઓ જોઈ શકતા નથી.[૧૫] તે પર્વતના ઉપર એક સરોવર છે, તે સોનાના કમળોથી ભરેલું છે. તેમાં કારંડવ તથા રાજહંસ પક્ષીઓ છે; તેથી શોભાયમાન થયેલું છે.[૧૬] કુમુદ, ઉત્પલ, કલ્હાર તથા પુંડરિક (શ્વેતકમળ)નાં પુષ્પોથી શોભીતું અને હજાર પાંખડીનાં સોનાનાં કમળોથી અલંકૃત થયેલું છે.[૧૭] મરકતમણિના જેવાં પત્ર અને કંચન જેવાં જેનાં પુષ્પ છે એવા વેલાઓ તથા વાંસની ઝાડીથી ચારે તરફ વિટલાયલું છે.[૧૮] તે સરોવરમાં કોઈ દુષ્ટાત્મા ગ્રાહ (મગર) ઉંડાપાણીમાં છુપાઈ રહેલો હતો. તે મહાબળવાન્ હતો અને મોટા મોટા હાથીઓથી પણ ન પકડાય એવો હતો.[૧૯] પછી એક વખત ઉજ્જવલ દંતુશળવાળો, મદ ઝરતો, હાથીના ટોળાનો ઉપરી, મહા શરીરવાળો, પગે ચાલતા પર્વત જેવો કોઈ હાથી તરસ્યો થવાથી પાણી પીવા ત્યાં આવ્યો.[૨૦] તે પોતાના મદના ગંધથી પર્વતને સુગંધિત કરતો હતો. ઐરાવત જેવો તે હાથી કાજળ જેવો દેખાતો હતો, અને મદથી પોતાની આંખો ઘૂમાવતો હતો.[૨૧] તે હાથી તૃષાતુર થએલો હોવાથી સ્નાન કરવાની ઇચ્છાથી તે સરોવરના જળમાં પડ્યો. તે લીલા કરતો કરતો ટોળાના મધ્યમાંથી કમળના વનમાં ઉતાવળો ગયો.[૨૨] એટલે તેને પેલા છુપાઈ રહેલા ભયંકર ગ્રાહે પકડ્યો. તે જોઈ બધી હાથણીઓ કરુણ સ્વરથી રુદન કરવા લાગી.[૨૩] તે અતિ બળવાન્ ગ્રાહ તેને કમળવનમાંથી ખેંચી જવા લાગ્યો. ગ્રાહ અંદર ખેંચવા લાગ્યો અને હાથી બહાર ખેંચવા લાગ્યો.[૨૪] તે બંનેનું દિવ્ય મહાયુદ્ધ એક હજાર વર્ષ સૂધી ચાલ્યું. પછી વારુણપાશથી બાંધીને ગ્રાહે તેને ગતિ રહિત કરી દીધો.[૨૫] એ પ્રમાણે મહાપાશથી બધાવાથી તે હાથી યથાશક્તિ હાલવા લાગ્યો અને મોટા સ્વરથી રુદન કરવા લાગ્યો.[૨૬] તે ઘોર કર્મથી મહા દુઃખિત થઈ નિઃશ્વાસ મૂકવા લાગ્યો. એવી રીતે મહા આપત્તિમાં આવી પડવાથી પછી તે શ્રી હરિનું ચિંતન કરવા લાગ્યો.[૨૭] તે ગજરાજ નારાયણપરાયણ થઈ સર્વાત્મભાવથી તે દેવને શરણે ગયો.[૨૮] તે

શુદ્ધ અંતઃકરણવાળા ગજરાજની જન્મજન્માંતરના અભ્યાસથી ગરુડધ્વજ ભગવાનને વિષે એકાત્મભાવ સહિત ભક્તિ ઉત્પન્ન થઈ.[૨૯] પ્રથમ મહાદેવ શ્રી કેશવ ભગવાનની પૂજા કરી. એ ભગવાન્ મથન કરેલા અમૃતના ફીણ જેવા અને શંખ, ચક્ર તથા ગદા ધારણ કરનારા છે.[૩૦] હજાર શુભ નામવાળા આદિદેવ એ અજ અને વિભુ છે. તેમની પૂજા કરવા શડવડે સુવર્ણકમળ તોડી ચડાવ્યું અને પછી આપત્તિ ટાળવા ગજરાજ સ્તુતિ કરવા લાગ્યો.[૩૧]

ગજેન્દ્ર કહે છેઃ—"હે મૂલપ્રકૃતિ! અજિત મહાત્મા! તમને નમસ્કાર છે. તમે અનાશ્રિત નિઃસ્પૃહ છો. તમને વારંવાર નમસ્કાર છે.[૩૨] તમે આદ્ય છો, વામ છો, આર્ષ છો, આદિ પ્રવર્તિ છો, અનંતર છો, એક છો, અવ્યક્ત છો, તમને નમસ્કાર છે.[૩૩] તમે ગુહ્ય છો, ગૂઢ છો, ગુણ છો, ગુણવર્તી છો, અતર્ક્ય છો, અપ્રમેય છો, અતુલ છો, તમને નમસ્કાર છે.[૩૪] તમે શિવ છો, શાંત છો, નિશ્ચિત છો, યશસ્વી છો, સનાતન છો, પૂર્વ છો, પુરાણ છો, તમને નમસ્કાર છે.[૩૫] તે દેવને નમસ્કાર છે કે જે નિર્ગુણ અને ગુણાત્મા છે. જેનાવડે જગતની પ્રતિષ્ઠા છે એવા ગોવિંદને નમસ્કાર છે.[૩૬] પદ્મનાભને નમસ્કાર છે. સાંખ્ય યોગોદ્ભવને નમસ્કાર છે. હે વિશ્વેશ્વર, દેવ, શિવ, હર, તમને નમસ્કાર છે.[૩૭] તે દેવને નમસ્કાર છે કે જે નિર્ગુણ છે અને ગુણાત્મા છે. નારાયણ, વિશ્વદેવ, પરમાત્માને નમસ્કાર છે.[૩૮] તમે કારણવામન છો, નારાયણ છો, અમિતવિક્રમ છો, તમે શ્રીશાર્ઙ્ગ, ચક્ર, તલવાર, ગદા ધારણ કરો છો, તમે પુરુષોત્તમ છો. તમને નમસ્કાર છે.[૩૯] તમે ગુહ્ય છો, વેદનિલય છો, મહોરગ છો, સિંહ છો, દૈત્યને હણનારા છો, ચતુર્ભુજ છો. બ્રહ્મા, ઇન્દ્ર, મુનિ અને ચારણ તમારી સ્તુતિ કરે છે. તમે સકલ દેવોમાં ઉત્તમ છો. તમને નમસ્કાર છે.[૪૦] તમે મહા સર્પરાજની ફણા ઉપર શયન કરનાર છો, ઘણા પ્રીતિપાત્ર છો. ગાયનું દૂધ, સુવર્ણ, પોપટ અને મેઘના સમાન કાન્તિવાળા છો, પીતાંબર ધારણ કરો છો, મધુકૈટભનો નાશ કરનારા છો, વિશ્વમાં આદિ છો, સુંદર મુકુટ ધારણ કરનાર છો અને અક્ષર છો. તમને નમસ્કાર છે.[૪૧] તમારા નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે. ક્ષીરસમુદ્ર તમારું નિવાસસ્થાન છે, તમે યશને ધારણ કરનારા છો, નાના પ્રકારનાં સુવર્ણનાં ઘરેણાંથી વિભૂષિત છો, સર્વેશ્વર છો, વર આપનારા છો અને વરરૂપ છો, તમને નમસ્કાર છે.[૪૨] ભક્તિ તમને પ્રિય છે, દિપ્તિમાન્ સુદર્શન તમે ધારણ કર્યું છે, દેવ અને ઇન્દ્રના વિઘ્નનો નાશ કરવા સદા ઉદ્યમ કરો છો, ખીલેલાં કમળના જેવા નિર્મળ વિશાલ નેત્રવાળા છો, એવા વર આપનારા વરરૂપ તમને નમસ્કાર છે.[૪૩] બ્રહ્મા, દેવો, અને સર્વલોકના આશ્રયસ્થાન છો, આત્મહિતના ઉત્પાદક છો, આત્મવિકાસ કરનાર હે નારાયણ! હે મહાવરાહ! તમે દેવ છો. તમને નમસ્કાર છે.[૪૪] તમે કૂટસ્થ છો, અવ્યક્ત છો, અચિન્ત્યરૂપ છો, નારાયણ છો,

સર્વના કારણ છો, આદિદેવ છો, યુગાંતને વિશે તમે શેષ રહો છો, પુરાતન પુરુષ છો, એવા હે દેવદેવ! હું તમારે શરણ છું.[૪૫]

તમે યોગેશ્વર છો, સુંદર વિચિત્ર મુકુટ ધારણ કરનાર છો, અજ્ઞેય છો, સૌથી અગ્ર છો, પ્રકૃતિથી પર છો, ક્ષેત્ર છો, સ્વયંભૂ છો, એવા વાસુદેવ તમે સ્તુતિ કરવા લાયક છો. હું તમારે શરણે છું.[૪૬] તમે અદૃશ્ય છો, અવ્યક્ત છો, અચિન્ત્ય છો, અવ્યય છો, બ્રહ્મમય છો, સનાતન છો.

બ્રહ્મર્ષિએ તમને સનાતન પુરુષ દેવ, કહ્યા છે, એવા દેવ ગુહ્ય તમારે શરણે હું આવ્યો છું.[૪૭] જે અક્ષર બ્રહ્મ કહેવાય છે, જેનું નામ સાંભળવાથી મૃત્યુના દુઃખથી મુક્ત થવાય છે, જે પૂર્ણ ઈશ્વર છે, જે સર્વે ઉત્તમ ગુણોવાળા છે, એવા સર્વવ્યાપી શાશ્વત વિષ્ણુ ભગવાનને શરણે હું છું.[૪૮] જે કાર્ય અને ક્રિયાનું અપ્રમેય કારણ છે, જે હિરણ્યનાભ તથા ઉત્તમ કમળના જેવી નાભિવાળા છે, મહાબળવાન્ છે, દેવ-નિધિ છે, સુરેશ છે, એવા જનાર્દન વિષ્ણુને શરણે હું છું.[૪૯] મુકુટ, બાજુબંધ, વગેરે મહા મૂલ્યવાન્ મણિના અલંકારોથી સર્વ શરીરે અલંકૃત છો. કંચનની વિચિત્ર ભાતવાળું પીતાંબર જેણે ધારણ કર્યું છે, અને જેણે વનમાળા ધારણ કરી છે, એવા કેશવ ભગવાનને શરણે હું છું.[૫૦] જે તારોદ્ભવ છે, વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ છે, આદિત્ય, રુદ્ર, અશ્વિની કુમારો, વસુ વગેરે દેવોના કારણરૂપ છે; તથા જે પ્રભુ છે, તે આદિભૂત અચ્યુત ભગવાનને શરણે હું છું.[૫૧] શ્રીવત્સનું જેને લાંછન છે, જે મહાદેવ છે, ગુહ્ય છે, મનોરમ છે, સૂક્ષ્મ છે, એવા અત્યંત સ્તુતિ કરવા યોગ્ય અભયદાતા ભગવાનને હું શરણે છું[૫૨] જે સર્વ ભૂતમાત્રના પ્રભવ છે, નિર્ગુણ પરમેશ્વર છે, અસંગ છે અને યોગીઓની પરમગતિ છે તેને શરણે હું છું.[૫૩] જે ભગવાન્ ગુણાધ્યક્ષ છે, અક્ષર છે, કમળના જેવાં લોચનવાળા છે, અશરણશરણ છે, ભક્તવત્સલ છે તેવા ભગવાનને ભક્તિપૂર્વક શરણે જાઉં છું.[૫૪] જે ત્રિવિક્રમ છે, ત્રિલોકના ઈશ છે, સર્વના પિતામહ છે, યોગાત્મા છે, મહાત્મા છે એવા જનાર્દન ભગવાનને શરણે હું છું.[૫૫] તમે આદિદેવ છો, અજ છો, શંભુ છો, વ્યક્ત અને અવ્યક્ત છો, સનાતન છો, અતિસૂક્ષ્મ છો, બ્રાહ્મણપ્રિય છો, એવા નારાયણ ભગવાનને હું શરણે છું.[૫૬] હે દેવ! હર! સર્વ મહ! તમને નમસ્કાર છે. હે અતિસૂક્ષ્મ શરીરવાળા! હું તમારે શરણે છું;[૫૭] તમે એક છો, લોકતત્વ છો, પરથી પરમાત્મા છો, હજાર મસ્તકવાળા છો, અનંત છો, મહાત્મા છો, તમને નમસ્કાર છે.[૫૮] વેદના પારને પામેલા ઋષિઓ તમારી જ કીર્ત્તિ ગાય છે. બ્રહ્માદિ સૌ તમારે જ પરાયણ છે. હે દેવ! હું તમારે શરણ છું.[૫૯] હે ભક્તોને અભય આપનાર પુંડરિકાક્ષ ભગવાન્! તમને નમસ્કાર છે. હે અબ્રહ્મણ્ય! તમને નમસ્કાર છે. હું તમારે શરણે આવેલો છું. મારું રક્ષણ કરો."[૬૦]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—તે ગજરાજની ભક્તિ વિચારીને અમોઘસંભવ તથા શંખ ચક્ર ગદાને ધારણ કરનાર વિષ્ણુ ભગવાન્ અતિ પ્રસન્ન થયા.[૬૧] હે તપોધન! પછી જગત્સ્વામી લોકાધાર કેશવ ભગવાન્, ગરુડ ઉપર બેસીને તે તળાવને વિષે ગજરાજની પાસે ગયા.[૬૨] અને અપ્રમેયાત્મા મધુસૂદન ભગવાને ગ્રાહથી ગ્રસ્ત થયેલા ગજરાજને તથા તે ગ્રાહને જળાશયથી તુરત બહાર ખેંચી કાઢ્યા.[૬૩] પછી પાણીમાં રહેનારા ગ્રાહને માધવ ભગવાને ચક્રથી ચીરી નાંખ્યો અને પોતાને શરણે આવેલા ગજરાજને તેના પાશમાંથી છોડાવ્યો.[૬૪] એ પ્રમાણે દેવના શાપથી ગ્રાહત્વને પામેલો હૂહૂ નામે ગંધર્વ શ્રી કૃષ્ણના હાથે મોક્ષ પામી સ્વર્ગમાં ગયો.[૬૫] અને હાથી પણ વિષ્ણુ ભગવાનના સ્પર્શથી દિવ્ય શરીરવાળો પુરુષ થયો. એ રીતે એકી વખતે હાથી તથા ગંધર્વ પાપથી મુક્ત થયા.[૬૬] પુંડરીકાક્ષ શરણાગતવત્સલ ભગવાન્ તે બન્નેથી પૂજિત થઈ પ્રસન્ન થયા.[૬૭] પછી યોગી એવા ભગવાન્ મધુસૂદન, પોતાને શરણે આવેલા ગજેન્દ્રને આ પ્રમાણે મધુર વચન કહેવા લાગ્યા.[૬૮] શ્રી ભગવાન્ બોલ્યાઃ—જે કોઈ, મારું, તારું, વાંસ તથા વેલાથી છવાયલાં આ સરોવરનું, આ વિદારણ કરેલા ગ્રાહનું, પીપળાનું, સૂર્યનું, ગંગાનું તથા નૈમિષારણ્યનું સ્મરણ કરશે, તે સ્થિર બુદ્ધિવાળા મનુષ્યો ઉત્તમ ગતિ પામશે.[૬૯–૭૦] અને પવિત્ર વ્રતવાળા થઇને જે ભક્તિપૂર્વક આ આખ્યાનનું કીર્તન તથા શ્રવણ કરશે, તેમનાં ખરાબ સ્વપ્ન નાશ પામશે અને સારાં સ્વપ્ન આવશે.[૭૧] માત્સ્ય, કૌર્મ, વારાહ, વામન, તાર્ક્ષ્ય, નારસિંહ, અને પ્રલયકારક એવી નાગેન્દ્ર સૃષ્ટિ, એ સર્વનું સવારમાં ઉઠીને જે પુરુષો સ્મરણ કરશે, તે સર્વ પાપથી મુક્ત થઈ પુણ્યલોકને પામશે.[૭૨–૭૩]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હૃષીકેશ ગરુડધ્વજ ભગવાને ગજેન્દ્રને એ પ્રમાણે કહીને તેને તથા ગંધર્વને હાથવડે સ્પર્શ કર્યો.[૭૪] એટલે ગજેન્દ્ર દિવ્યવપુ થઇને નારાયણપરાયણ થઈ, મધુસૂદન એવા વિષ્ણુ ભગવાનને શરણે ગયો.[૭૫] પછી શ્રીમાન્ નારાયણ ભગવાને ગજરાજને મોક્ષ આપ્યો. અને અદ્‌ભુત કર્મથી, પાપના બંધથી તથા શાપથી ગ્રાહને મુક્ત કર્યો.[૭૬] પછી દુર્વિજ્ઞેયગતિ એવા વિષ્ણુ ભગવાન્, દેવગુહ્યપરાયણ ઋષિઓવડે સ્તુતિ કરવા લાગ્યા.[૭૭] ગજેન્દ્રનો મોક્ષ જોઇને ઇંદ્ર આદિ સૌ દેવો મહાત્મા નારાયણ હરિ ભગવાનને વંદન કરવા લાગ્યા.[૭૮] મહર્ષિઓ અને ચારણો પણ ગજરાજનો મોક્ષ જોઇને વિસ્મયથી પ્રફુલ્લ થયેલાં નેત્રોવડે જનાર્દન ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૭૯] પ્રજાપતિ બ્રહ્મા, ચક્રપાણિ ભગવાનની આ ચેષ્ટા અને ગજેન્દ્રમોક્ષ જોઇને આ પ્રમાણે વચન બોલવા લાગ્યા.[૮૦] 'જે કોઈ માણસ રોજ સવારમાં ઉઠીને આનું સ્મરણ કરશે તે પરમ સિદ્ધિ પામશે અને તેનું દુઃસ્વપ્ન નાશ પામશે.[૮૧] આ ગજેન્દ્રમોક્ષ કહેવાથી, સાંભળવાથી અને સ્મરણ કરવાથી માણસોનાં સર્વ પાપ નાશ પામે છે.[૮૨] આ પરમ પવિત્ર, પુણ્યકારક, કીર્તન કરવા યોગ્ય, એવું મુરારિ ભગવાનનું ચરિત્ર છે.

જે કહેવાથી ગજરાજની પેઠે બહુ પાપના બંધનથી મોક્ષ થાય છે.[૮૩] અજ, વરેણ્ય (સ્તુતિ કરવા યોગ્ય), કમળના જેવી ઉત્તમ નાભિવાળા નારાયણ, બ્રહ્મનિધિ, સુરેશ, દેવગુહ્ય, પુરાણપુરુષ અને લોકપતિ એવા ભગવાનને હું નમસ્કાર કરું છું.'[૮૪]

अजं वरेण्यं वरपद्मनाभं नारायणं ब्रह्मनिधिं सुरेशम् ।
तं देवगुह्यं पुरुषं पुराणं वंदाम्यहं लोकपतिं वरेण्यम् ॥ ८४ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'ગજેન્દ્ર મોક્ષ' નામે પંચ્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૬ મો.

સારસ્વત સ્તોત્ર.

पुलस्त्य उवाच—कश्चिदासीद्द्विजद्रोग्धा पिशुनः क्षत्रियाधमः ।
परपीडारुचिः क्षुद्रः स्वभावादेव निर्घृणः ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યા—કોઈ એક મહા અધમ ક્ષત્રિય હતો, તે બ્રાહ્મણોનો દ્રોહી હતો. તે દુષ્ટ પારકાને પીડા કરવામાં જ રુચિ ધરાવતો હતો અને ક્ષુદ્ર સ્વભાવનો તથા ઘાતકી હતો.[૧] કોઈ પણ દિવસ તેણે પિતૃ, દેવ, તથા બ્રાહ્મણોની ઉપાસના કરી નહોતી, તેથી મૃત્યુ પામ્યા પછી ઘોર નિશાચર યોનિમાં તેનો જન્મ થયો.[૨] તે મહાપાપી પોતાના એ કર્મના દોષથી રાક્ષસપણાને પામી, અતિ ક્રૂર કર્મો કરવા લાગ્યો.[૩] એ પ્રમાણે તે પાપીનાં એક હજાર વર્ષ વીતી ગયાં. તેના કર્મદોષથી તેને બીજી કોઈ સારી વૃત્તિ સૂઝી નહિ.[૪] તે ભયંકર કર્મ કરનારો રાક્ષસ, ચારે તરફ ફરી પોતાના બે હાથની વચ્ચે જે જે આવે તે તે બધાં પ્રાણીઓને પકડી પકડીને ખાઈ જવા લાગ્યો.[૫] એ પ્રમાણે પ્રાણીઓનો વધ કરતાં કરતાં તે દુષ્ટને ઘણાં વર્ષો વીતી ગયાં. તેની ઉમ્મર પણ થઈ હતી અને પરિણામ પણ નજીક આવ્યું હતું.[૬] એક દિવસ નદીને કિનારે તેણે એક તપસ્વીને જિતેન્દ્રિય થઈ, ઉંચા હાથ કરી તપ કરતો જોયો.[૭] તે વખતે તે યોગાચાર્ય, પવિત્ર, દક્ષ, વાસુદેવપરાયણ, તપોનિધિ નીચે પ્રમાણે રક્ષાના સ્તોત્રનો પાઠ કરતો હતો, જેનાથી તેની રક્ષા થતી હતી.[૮] તે પાઠ કરતો કે, ચક્રધારી વિષ્ણુ મારી પૂર્વ દિશાએ રહેલા છે, ગદાધર વિષ્ણુ દક્ષિણે છે, પશ્ચિમે શાર્ઙ્ગધર અને ઉત્તરે ખડ્ગધારી વિષ્ણુ છે.[૯] ખૂણાઓમાં હૃષીકેશ, તેના છિદ્રોમાં જનાર્દન, પૃથ્વીમાં વરાહ ભગવાન્ અને આકાશમાં નૃસિંહ પ્રભુ મારી રક્ષા કરે છે.[૧૦] તીક્ષ્ણ ધારવાળું નિર્મળ સુદર્શન ચક્ર મારી આજુબાજુ ભ્રમણ કરે છે; જેનાં જોઈ ન શકાય એવાં કિરણો પ્રેત તથા નિશાચરોનો નાશ કરે છે.[૧૧] હજારો જ્વાળાવાળી આ ગદા ઉંચે રહેલી છે તે વરુ, રાક્ષસ, ભૂત, પિશાચ અને ડાકણોનો નાશ કરવા સમર્થ છે.[૧૨] વાસુદેવ ભગવાનનું ચમકી રહેલું શાર્ઙ્ગ ધનુષ્ય, પશુ, મનુષ્ય, કુષ્માંડ, અને પ્રેતનો

સંપૂર્ણ નાશ કરો ![૧૩] પાણીના તેજ સમાન ધારવાળું ચકળતું ખડ્ગ ગરુડને જોઇને સર્પો નાસી જાય તેમ, મારા શત્રુઓને નસાડી મુકો.[૧૪] કુષ્માંડ, દૈત્ય, યક્ષ, નિશાચર, પ્રેતો, વિનાયકો, ક્રૂર મનુષ્યો, જૃંભકો, પક્ષીઓ, સિંહાદિ પશુઓ, કરડનારા સર્પો, એ સર્વે વિષ્ણુના શંખના અવાજથી શાન્ત થઈ જાઓ.[૧૫–૧૬] ચિત્તવૃત્તિ હરણ કરનારા તથા સ્મૃતિ હરણ કરનારા મનુષ્યો, બળ અને તેજનું હરણ કરનારા તથા છાયા ભંગ કરનારાઓ, તેમ જ ઉપભોગ હરનારા તથા લક્ષણનો નાશ કરનારા કુષ્માંડો સૌ વિષ્ણુ ભગવાનના ચક્રના વેગથી નાશ પામો.[૧૭–૧૮] બુદ્ધિ, મન તથા ઇન્દ્રિયની સ્વસ્થતા, દેવના દેવ એવા શ્રી વાસુદેવ ભગવાનના કીર્તનથી થાઓ.[૧૯] આગળ, પાછળ, ઉત્તરે, દક્ષિણે તથા ખૂણાઓમાં સઘળે જનાર્દન શ્રીહરિ રહો, એ જ પૂજ્ય, ઈશાન, અનંત, અચ્યુત, જનાર્દન અને પ્રાણપતિ છે. તે કદી બેસતા નથી.[૨૦] જેમ પરબ્રહ્મ શ્રીહરિ છે તેમ પરમ જગત્ સ્વરૂપ એ કેશવ ભગવાન્ છે. તે સત્યસ્વરૂપી અચ્યુત ભગવાનના નામકીર્તનવડે ત્રણે લોકમાં મારું અશુભ નાશ પામો.[૨૧] એ પ્રમાણે પોતાની રક્ષાને માટે વિષ્ણુપંજરસ્તોત્ર રચીને તે તપસ્વી જપ કરતો બેઠો હતો તેની પાસે પેલો બળવાન્ રાક્ષસ દોડી આવ્યો.[૨૨] પછી તે બ્રાહ્મણે રચેલી રક્ષાના બળથી તે રાક્ષસ વેગરહિત થઇને ત્યાં એકાએક ચારમાસ સુધી ઉભો થઈ રહ્યો.[૨૩] હે દેવર્ષે! જ્યારે તે બ્રાહ્મણની સમાધિ પૂરી થઈ અને તેનો જપ પૂર્ણ થયો ત્યારે તેણે પેલા રાક્ષસને સામો ઉભેલો જોયો.[૨૪] તે વખત તે રાક્ષસ ગરીબ અને બળ તથા ઉત્સાહ વગરનો થઇ ગયો હતો અને જાણે ક્યાં નાસી જાઉં એમ વિચાર કરતો હતો. તેને એવો જોઇને આશ્વાસન આપીને તેણે તેને પૂછ્યું કે તું શા કારણથી આવ્યો છે? પછી તેણે સઘળી વાત કહી દીધી અને કહ્યું કે, હું મારા સ્વભાવથી જ તમને જોવાને આવ્યો હતો પણ રક્ષાસ્તોત્રના બળથી મારુ તેજ નષ્ટ થઈ ગયું.[૨૫–૨૬] પછી તે રાક્ષસે વિધિસહિત બધું કારણ કહીને કહ્યું કે, હે બ્રહ્મન્! મારા ઉપર કૃપા કરો. અને પછી પોતાના કર્મનો તે ખેદ કરવા લાગ્યો.[૨૭] તેણે કહ્યું, મેં બહુ પાપ કર્યાં છે અને અનેક સાધુઓની મેં હત્યા કરી છે.[૨૮] ઘણી સ્ત્રીઓને વિધવા અને પુત્ર વગરની કરી છે. અને અનેક નિરપરાધી પ્રાણીઓનો નાશ કર્યો છે.[૨૯] તમારા પ્રસાદથી તે પાપોથી મુક્ત થવાની મારી ઇચ્છા છે, તે પાપોની શાંતિને માટે હવે મારા અધર્મોનો નાશ કરો.[૩૦] એ સૌ પાપોનો નાશ થાય એવો ઉપદેશ મને કરો, એવી રીતે તેણે ધર્મ તથા અર્થવાળું સુભાષિત વચન કહ્યું.[૩૧] તેનું તે વચન સાંભળીને તે બ્રાહ્મણે પૂછ્યું કે હે નિશાચર ! તું આવા ક્રૂર સ્વભાવનો હતો છતાં તારી જીજ્ઞાસા આવી ધર્મમાર્ગમાં એકદમ શી રીતે થઈ?[૩૨] રાક્ષસે કહ્યું;–હું આજ આપની પાસે આવ્યો અને તમારી રક્ષાના બળથી પરાસ્ત થઈ ગયો છું. હે બ્રહ્મન્ ! તમારા સંસર્ગથી જ મને આવો ઉત્તમ વૈરાગ

ઉત્પન્ન થયો છે.[૩૩] જેના સંસર્ગથી મને આવો ઉત્તમ વૈરાગ ઉત્પન્ન થયો, તે રક્ષા કેવી છે અને તેને પરાયણ શી રીતે થવાય તે કશું હું જાણુતો નથી.[૩૪] હે ધર્મજ્ઞ! તમે કૃપા કરી મારા ઉપર દયા કરો. હે આર્ય! જેથી મારાં પાપનો નાશ થાય, તેવું કરો.[૩૫]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—તે રાક્ષસે એ પ્રમાણે તે મુનિને કહ્યું એટલે પછી તે મુનિએ બહુવાર વિચાર કરીને તેને કહ્યું.[૩૬] ઋષિ બોલ્યાઃ—હે નિશાચર! પોતાના કર્મથી નિર્વેદ પામીને તું મને જે ઉપદેશ પૂછે છે તે યોગ્ય જ છે. કારણ કે પાપની વૃત્તિ એ જ ઉપકારક છે.[૩૭] પરંતુ હું રાક્ષસોને ઉપદેશ કરતો નથી. માટે હે સૌમ્ય! જે બ્રાહ્મણો ઉપદેશ કરવાવાળા હોય તેમની પાસે જઈને તેમને તું પૂછ.[૩૮] એ પ્રમાણે કહીને તે બ્રાહ્મણ ચાલ્યો ગયો. પછી તે રાક્ષસ ચિંતા કરવા લાગ્યો કે હવે મારાં પાપની મુક્તિ શી રીતે થશે. એવી ચિંતામાં તેની ઇન્દ્રિયો વ્યાકુલ થઈ ગઈ.[૩૯] તે ભૂખથી ઘણો પીડાતો હતો છતાં કોઇ પ્રાણીને ખાતો નહિ. પછી છઠ્ઠે છઠ્ઠે દિવસે તે એક એક પ્રાણીને ખાવા લાગ્યો.[૪૦] એક વખત તે ક્ષુધાતુર થઇને ધાડા વનમાં ભમતો હતો, તેવામાં ફલાહાર લઇને આવતા એક બ્રહ્મચારીને તેણે જોયો.[૪૧] રાક્ષસે પકડવાથી તે બ્રાહ્મણપુત્ર નિરાશ થઇને વિનયપૂર્વક રાક્ષસને કહેવા લાગ્યો.[૪૨] બ્રાહ્મણ બોલ્યોઃ—હે અનઘ! તેં શા હેતુથી મને પકડ્યો છે તે મને કહે. તારું કલ્યાણ થાઓ. હું જાતે તારી પાસે ઉભો છું. મને આજ્ઞા આપ.[૪૩] રાક્ષસ બોલ્યોઃ—છઠ્ઠે દિવસે મારા ભૂખ્યાનો આહાર તું આવેલો છે. હું નિષ્ઠુર છું, અતિ પાપી છું, નિર્દય છું અને બ્રાહ્મણોનો દ્રોહી છું.[૪૪] બ્રાહ્મણ બોલ્યોઃ—હે નિશાચર! જો તારે અવશ્ય મારું ભક્ષણ જ કરવું હોય, તો થોડીક રજા આપ. હું મારા ગુરુને આ ફળો આપીને તરત પાછો આવું છું.[૪૫] ગુરુને માટે જ મેં અહીં આવીને ફળો એકઠાં કરેલાં છે. ગુરુને ફળો નિવેદન કરવામાં મારી નિષ્ઠા છે.[૪૬] તેથી અહીં જ એક ક્ષણ મારી રાહ જો. ગુરુને ફળો આપીને હું અહિ જ આવું છું.[૪૭] રાક્ષસ બોલ્યોઃ—હે બ્રહ્મન્! છઠ્ઠે દિવસે જે કોઈ મારા હાથમાં આવે તે પછી દેવ હોય તોપણ છૂટી શકે નહિ. એવી જ મારી પાપજીવિકા છે.[૪૮] તારા છૂટકારાનો એક જ ઉપાય છે તે સાંભળ. તે જો કરે તો હું તને નિઃસંદેહ મુક્ત કરું.[૪૯] બ્રાહ્મણ બોલ્યોઃ—હે રાક્ષસ! જે ગુરુથી વિરુદ્ધ નહિ હોય અને જે ધર્મથી વિરુદ્ધ નહિ હોય તથા જેથી મારા વ્રતનો ભંગ નહિ થાય તે જ હું કરીશ.[૫૦] રાક્ષસ બોલ્યોઃ—હે બ્રહ્મન્! સ્વભાવથી અને જાતિદોષથી વિવેક રહિત ચિત્તવડે કરીને મેં હંમેશાં પાપકર્મજ કર્યાં છે.[૫૧] બાલ્યાવસ્થાથી માંડીને આજ સૂધી મારું મન પાપમાં અને અધર્મમાં જ રમી રહેલું છે. તેથી કરીને જેથી એ પાપનો ક્ષય થાય અને મારો મોક્ષ થાય તે કહે.[૫૨] બાળપણામાં મેં જે જે કર્મ કર્યાં તેનાથી મને આ દુષ્ટયોનિ પ્રાપ્ત થઇ છે. હે

તેની મુક્તિનો ઉપાય મને કહે.[૫૩] હે દ્વિજપુત્ર! જો તું વિસ્તારથી પાસે તે કહી બતાવશે તો હું ક્ષુધાર્ત છતાં તને છોડી દઇશ.[૫૪] હું ભૂખ ી પીડાયલો છું અને પાપી છું, તે છતાં આ ભક્ષ ખાતો નથી. ફક્ત ઠે દિવસે ક્રૂર અને નિર્દય થઇને ભક્ષ કરીશ.[૫૫] તે ઘોર રાક્ષસે એ પ્રમાણે એટલે તે બ્રાહ્મણપુત્ર તે પ્રમાણે કહેવાને અશક્ત હોવાથી ઘણી ચિંતા લાગ્યો.[૫૬] તે બ્રાહ્મણ લાંબા વખત સુધી વિચાર કરીને અતિ શંકિત ાન દાનને માટે પછી અગ્નિદેવને શરણે ગયો.[૫૭] તે મનમાં બોલવા કે, જો મેં અગ્નિદેવની તથા ગુરુની સેવા કરી હોય, અને સર્વે વ્રતો સારી ર્યાં હોય, તો અગ્નિદેવ મારું રક્ષણ કરજો.[૫૮] માતા અને પિતા પણ ગુરુ મોટા નથી. એ પ્રમાણે હું જાણું છું માટે અગ્નિદેવ મારું રક્ષણ કરો.[૫૯] મન વાણી અને કર્મથી ગુરુને શ્રેષ્ઠ જાણ્યા હોય, તો અગ્નિદેવ મારું કરો.[૬૦] હે મુને! એ પ્રમાણે તેણે મન સાથે સોગન લીધા એટલે અગ્નિની ની સરસ્વતી ત્યાં આવીને પ્રગટ થઈ.[૬૧] રાક્ષસે પકડવાથી બીધેલા તે ણપુત્રને સરસ્વતીએ કહ્યું કે, હે દ્વિજસુત! હવે બીહીશ નહિ. હું તને હમણાં કટમાંથી મુક્ત કરું છું.[૬૨] તારી જીભ ઉપર બેસીને જેથી રાક્ષસનું થાય તે હું કહીશ. એટલે તું છૂટો થઇશ.[૬૩] દેવી સરસ્વતી અદૃશ્ય- એ પ્રમાણે કહીને અંતર્ધાન થઈ ગયાં. પછી તે બ્રાહ્મણ રાક્ષસને કહેવા [૬૪] બ્રાહ્મણ બોલ્યોઃ—હે નિશાચર! તારું તથા અન્ય પાપીઓનું જેથી ાય તે સાંભળ. એ સર્વ પાપની શુદ્ધિ કરનારું અને પુણ્યનો સંચય કર- છે.[૬૫] આ હું બતાવું છું તે જપ રોજ સવારમાં ઉઠીને, બપોરે અને સાંજે ત્રણ વખત જપવો. એ નિઃસંશય પુષ્ટિ અને શાંતિ આપનાર છે.[૬૬] ૐ કૃષ્ણ, હૃષીકેશ, વાસુદેવ, જનાર્દન અને જગન્નાથને હું પ્રણામ કરું છું; એ પાપોનો નાશ કરો.[૬૭] જે ચરાચર જગતના ગુરુ અને નાથ છે તે શેષ- ગોવિંદ ભગવાનને હું પ્રણામ કરું છું; તે પરમ દેવ મારાં પાપ નાશ કરો.[૬૮] મ, ચક્ર, શાર્ઙ્ગ અને પુષ્પની માળા ધારણ કરે છે તે લક્ષ્મીના પતિને હું કરું છું; એ મારાં પાપોનો નાશ કરો.[૬૯] જે દામોદર છે, ઉદાર છે, ાક્ષ છે, એવા અનેક સ્તોત્રોથી સ્તુતિ કરાયલા અચ્યુત ભગવાનને હું કરું છું; તે મારાં પાપ નાશ કરો.[૭૦] જે નારાયણ, નર, શૌરિ, માધવ, ન અને પૃથ્વીને ધારણ કરનારા છે તેમને હું નમસ્કાર કરું છું; તે મારાં નાશ કરો.[૭૧] કેશી દૈત્યને હણનાર તથા કંસ અને અરિષ્ટને મારનાર મહાબાહુ કેશવ ભગવાનને હું પ્રણામ કરું છું; તે મારાં પાપ નાશ કરો.[૭૨] વક્ષસ્થળને વિષે શ્રીવત્સચિહ્ન છે; જે લક્ષ્મીના પતિ, લક્ષ્મીને ધારણ કર- પને લક્ષ્મીનું નિવાસસ્થાન છે; તે લક્ષ્મીકાન્ત ભગવાનને હું પ્રણામ કરું મારાં પાપ નાશ કરો.[૭૩] જે સર્વ ભુત માત્રના ઇશ અને અક્ષર છે; જેમનું

યોગીઓ ધ્યાન કરે છે; તે અનિર્દેશ્ય વાસુદેવ ભગવાનને હું શરણે ગયેલો છું.[૭૪] તમામ આલંબનમાંથી મનની ગતિને પાછી ખેંચીને યોગીઓ જેમનું ધ્યાન કરે છે, તે વાસુદેવ ભગવાનને હું શરણે ગયો છું.[૭૫] જે સર્વવ્યાપક છે, સર્વ ભૂતના અંતર્યામી છે અને સર્વના આધાર ઈશ્વર છે, એવા પરબ્રહ્મ વાસુદેવ ભગવાનને હું શરણે ગયો છું.[૭૬] જે પરમાત્મા અવ્યક્ત છે અને સારી બુદ્ધિવાળા પુરુષો કર્મક્ષય થવાથી જેને પામે છે, તે દેવને હું શરણે ગયો છું.[૭૭] જેને પામીને યોગીઓ મુક્ત થાય છે અને ફરી જન્મ પામતા નથી, તેને હું શરણે ગયો છું.[૭૮] જે બ્રહ્મ થઈને, દેવ રાક્ષસ તથા મનુષ્યથી ભરેલું આખું જગત્ સરજે છે, તે અચ્યુત ભગવાનને હું શરણે ગયો છું.[૭૯] જેના મુખમાંથી ચાર વેદરૂપી શરીરવાળું બ્રહ્મત્વ પ્રકટ થયું છે અને જે પ્રભુનું યજ્ઞ એ પરમ શરીર છે તે પ્રભુને હું શરણે ગયો છું.[૮૦] બ્રહ્મ રૂપને ધારણ કરનાર જગતની યોનિરૂપ, જનાર્દન ભગવાન્, જે સૃષ્ટિના આરંભ વખતે સષ્ટારૂપે રહેલા છે, તેને હું પ્રણામ કરું છું.[૮૧] જેણે પૃથ્વીને ધારણ કરી છે, દૈત્યોને હણ્યા છે અને દેવોનું રક્ષણ કર્યું છે, તે જનાર્દન વિષ્ણુ ભગવાનને હું પ્રણામ કરું છું.[૮૨] બ્રાહ્મણો યજ્ઞવડે જેનું યજન કરે છે, જે યજ્ઞના સ્વામી અને યજ્ઞભાવન છે, તે યજ્ઞપુરુષરૂપ જનાર્દન વિષ્ણુ ભગવાનને હું પ્રણામ કરું છું.[૮૩] પાતાલમાં રહેલા પ્રાણીઓના તથા સર્વ લોકના જે નિયંતા છે, તે રુદ્રરૂપી જનાર્દન ભગવાનને હું પ્રણામ કરું છું.[૮૪] આ ઉત્પન્ન કરેલાં જગતને સારી રીતે રક્ષણ કરીને જે નૃત્ય કરે છે, તે રુદ્રાત્મા જનાર્દન ભગવાનને હું પ્રણામ કરું છું.[૮૫] જેના અંશથી સુર, અસુર, પિતૃગણ, યક્ષ, ગંધર્વ, રાક્ષસ સૌ ઉત્પન્ન થયા છે, તે સર્વવ્યાપી દેવને હું પ્રણામ કરું છું.[૮૬] સર્વે દેવો તથા મનુષ્યની સર્વે જાતો જેના અંશથી ઉત્પન્ન થઈ છે, તે સર્વવ્યાપી દેવને હું પ્રણામ કરું છું.[૮૭] જેના એક અંશથી ઝાડ, વેલા, પશુ, હરણ વગેરે ઉત્પન્ન થયાં છે, તે સર્વવ્યાપી દેવને હું પ્રણામ કરું છું.[૮] જેનાથી પર બીજું કાંઈ નથી અને જે મહાત્માને વિષે સર્વ રહેલું છે, તે અવ્યય, અનંત, સર્વવ્યાપી દેવને હું પ્રણામ કરું છું.[૮૯] લાકડામાં ગુપ્ત રહેલો અગ્નિ જેમ લાકડાને બાળી નાંખે છે, તેમ સર્વ ભૂતમાત્રમાં ગૂઢરૂપે રહેલા વિષ્ણુ ભગવાન્ મારાં સંપૂર્ણ પાપને બાળી નાખો.[૯૦] બ્રહ્માદિ સચરાચર વ્યાપક વિષ્ણુ, કે જે ફક્ત જ્ઞાનગમ્ય છે; તે મારાં સર્વ પાપ નાશ કરો.[૯૧] રજોગુણ, તમોગુણ તથા સત્વગુણનાં મારાં શુભ અશુભ કાર્યો તથા અનેક જન્મનાં કર્મોનાં પાપ નાશ કરો.[૯૨] રાત્રે, સવારે, મધ્યાન્હે, પાછલે પહોરે અને સંધ્યાકાળે મન, વાણી અને કર્મથી જે જે કાર્યો મેં કર્યાં હોય, તથા ઉભાં ઉભાં, ચાલતાં, સૂતાં, મન અને શરીરથી જે શુભ અશુભ કર્મો મેં કર્યાં હોય તથા ચલિત મનથી જાણતાં અજાણતાં મારાથી જે કર્મો થયાં હોય; તે સૌ શ્રીવાસુદેવના કીર્તનથી તુરત જ નાશ પામો.[૯૩-૯૫] પરસ્ત્રી અને પરદ્રવ્યની ઇચ્છાથી તથા પરદ્રોહથી જે કર્મ

થયાં હોય; મહાત્માની નિંદા કરતાં અને પરપીડા કરતાં જે કર્મ થયાં હોય; તેમ જ ખાવાના, પીવાના, ચાટવાના અને ચૂસવાના પદાર્થ ખાવામાં જે કર્મ થયાં હોય; તે સૌ જેમ પાણીમાં મીઠાનું વાસણ ઓગળી જાય તેમ નાશ પામો.[૯૬–૯૭] બાળપણમાં, કૌમાર અવસ્થામાં, જુવાનીમાં, વૃદ્ધપણામાં અને જન્માન્તરમાં જે કર્મ કર્યાં હોય, તે નારાયણ, ગોવિંદ, હરિ, કૃષ્ણ એવા નામના કીર્તનથી, જેમ પાણીમાં મીઠાનું વાસણ ઓગળી જાય તેમ નાશ પામો.[૯૮–૯૯] વિષ્ણુ, વાસુદેવ, હરિ, કેશવ, જનાર્દન, કૃષ્ણ તેમને વારંવાર નમસ્કાર કરું છું.[૧૦૦] તમે પ્રાપ્ત થનારાં નરકનો નાશ કરનાર છો, હે કંસનો નાશ કરનાર! તમને નમસ્કાર છે. તમે અરિષ્ટ, કેશી, ચાણુર વગેરે દૈત્યોને હણનાર છો, તમને નમસ્કાર છે.[૧૦૧] હે ભગવન્! તમારા શિવાય બલિરાજાને છેતરી તેનો યજ્ઞભંગ કરે એવું બીજું કોણ છે? અને હૈહયરાજાના દર્પનો બળથી નાશ કરે એવું બીજું કોણ છે?[૧૦૨] તમારાવિના બીજો કોણ સાગરના ઉપર સેતુ બાંધશે! અને પ્રધાનો સહિત સપરિવાર રાવણનો નાશ કોણ કરશે?[૧૦૩] હે મધુસૂદન! તમારા વગર નંદના ગોકુલમાં કોણ પ્રેમ કરશે? અને હે દેવદેવ! પ્રલંબ, પૂતના વગેરેને મારી, શાસન કરનાર કોણ થશે?[૧૦૪] જે કોઈ માણસ, જાણીને અથવા અજાણતાં, ઇષ્ટ અથવા અનિષ્ટ પ્રસંગે એ પ્રમાણે ઉત્તમ વૈષ્ણવ ધર્મનો જપ કરશે, તેણે સાત જન્માંતરે પણ જે પાપ કર્યાં હશે, તે મહાપાતક હશે અથવા ઉપપાતક હશે તો પણ પાણીમાં જેમ માટીનું કાચું વાસણ નાશ પામે તેમ નાશ પામશે. અને જપ, હોમ, વ્રતનું તથા યજ્ઞનું પુણ્ય થશે.[૧૦૫–૧૦૭] તલનાં સોળ પાત્ર સંપૂર્ણ ભરીને એક વર્ષ સુધી જે પુરુષ નિત્ય દાન કરે તેથી જેટલું પુણ્ય થાય, તેટલું પુણ્ય આ પાઠના જપથી થાય છે.[૧૦૮] શ્રીહરિના સ્મરણથી અને અખંડ બ્રહ્મચર્યથી વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે, એ હું સત્ય કહું છું.[૧૦૯] આ મેં સત્ય જ કહ્યું છે, એમાં જરાપણ ખોટું નથી. તેથી રાક્ષસે આખા શરીરે મને જે પકડી રાખ્યો છે તે હવે છોડી દ્યો.[૧૧૦]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—તે બ્રાહ્મણે એ પ્રમાણે કહ્યું એટલે રાક્ષસે તેને છોડી દીધો, પછી તે બ્રાહ્મણે રાક્ષસને કહ્યું.[૧૧૧] બ્રાહ્મણ બોલ્યોઃ—હે ભદ્ર! સરસ્વતીએ જે જે કહ્યું તે તે પ્રમાણે વિષ્ણુ ભગવાનનું આ સારસ્વત સ્તોત્ર મેં તને કહી સંભળાવ્યું. તે પાપનો નાશ કરનારું છે.[૧૦૨] અગ્નિ દેવની આજ્ઞાથી મારી જીભ ઉપર બેસીને સરસ્વતીએ આ વિષ્ણુસ્તોત્ર કહ્યું છે. તે સર્વને શાંતિ આપનારું છે.[૧૧૩] આ સ્તોત્રવડે તું જગન્નાથ એવા કેશવ ભગવાનની આરાધના કર. એમ કેશવની સ્તુતિ કરવાથી તારો શાપ નાશ પામશે.[૧૧૪] હે રાક્ષસ! તું દૃઢભક્તિ રાખીને એ સ્તોત્રથી હૃષીકેશ ભગવાનની આરાધના કર. એથી તારાં સર્વ પાપ નાશ પામશે.[૧૧૫] ભક્તિવડે સ્તુતિ કરાયલા શ્રીહરિ, મનુષ્યોનાં સર્વ પાપને હરણ કરે છે, એમાં સંશય નથી.[૧૧૬]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—તે બળવાન શ્રીમાન્ નિશાચર, તે બ્રાહ્મણને પગે લાગીને તથા તેને મળીને તપ કરવા માટે શાલિગ્રામને વિષે ગયો.[૧૧૭] ત્યાં રાત દિવસ એ સારસ્વત સ્તોત્રનો જપ કરતો દેવક્રિયામાં પ્રીતિવાળો થઈ, તે રાક્ષસ તપ કરવા લાગ્યો.[૧૧૮] પુરુષોત્તમ એવા જગન્નાથ પ્રભુની સારી રીતે આરાધના કરી સર્વ પાપથી મુક્ત થઇને પછી તે શુભ એવા વિષ્ણુલોકમાં ગયો.[૧૧૯] હે બ્રહ્મન્! એ પ્રમાણે વિષ્ણુનું સારસ્વત સ્તોત્ર મેં તમને કહ્યું, જે બ્રાહ્મણના મુખમાં બેસીને સાક્ષાત્ સરસ્વતીએ સારી રીતે કહેલું છે.[૧૨૦] જે માણસ વાસુદેવ ભગવાનના આ પરમ સ્તોત્રનો રોજ પાઠ કરશે, તે સર્વ દુઃખથી મુક્ત થશે.[૧૨૧]

य एतत्परमं स्तोत्रं वासुदेवस्य मानवः ।
पठिष्यति स सर्वेभ्यो दुःखेभ्यो मोक्षमाप्स्यति ॥ १२१ ॥

ઈતિ શ્રી વામનપુરાણે વામન પ્રાદુર્ભાવે 'સારસ્વત સ્તોત્ર' નામે
*** છયાસીમો અધ્યાય સમાપ્ત.**

અધ્યાય ૮૭ મો.

પાપશામક સ્તોત્ર.

पुलस्त्य उवाच–नमस्तेस्तु जगन्नाथ देवदेव नमोस्तु ते ।
वासुदेव नमस्तेस्तु बहुरूप नमोस्तु ते ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે જગન્નાથ! હે દેવના દેવ! તમને નમસ્કાર છે. હે વાસુદેવ! હે બહુરૂપધારી! તમને નમસ્કાર છે.[૧] હે એકશૃંગ! હે વૃષાકપે! હે શ્રીનિવાસ! હે ભૂતભાવન! તમને નમસ્કાર છે.[૨] હે વિશ્વક્સેન! હે નારાયણ! હે વૃષધ્વજ! હે સત્યધ્વજ! તમને નમસ્કાર છે.[૩] હે યજ્ઞધ્વજ! હે ધર્મધ્વજ! હે તાલધ્વજ! હે ગરુડધ્વજ! તમને નમસ્કાર છે.[૪] હે વરેણ્ય! હે વૈકુંઠ! હે વિષ્ણુ! હે પુરુષોત્તમ! તમને નમસ્કાર છે. હે વિજય! હે જય! હે જયંત! હે અનંત! હે અપરાજિત! તમને નમસ્કાર છે.[૫] હે કૃત! હે આવર્ત! હે મહાવર્ત! હે મહાદેવ! તમને નમસ્કાર છે. તમે આદિ, અંત અને મધ્યરહિત છો. તમને નમસ્કાર છે. તમને બ્રહ્મા પ્રિય છે. તમને નમસ્કાર છે.[૬] હે પુરંજય! હે શત્રુંજય! હે ધનંજય! હે શુભંજય! તમને નમસ્કાર છે.[૭] હે સૃષ્ટિગર્ભ! હે શુચિશ્રવ! તમને નમસ્કાર છે. તમે હિરણ્યગર્ભ તથા પદ્મગર્ભ છો, તમને નમસ્કાર છે.[૮] હે કમલનેત્ર! હે કાલનેત્ર! તમને નમસ્કાર છે. હે કાળનાભ! હે મહાનાભ! તમને નમસ્કાર છે.[૯] હે વૃષ્ણિમૂલ! હે મહામૂલ! હે મૂલાવાસ! હે ધર્માવાસ! હે જલાવાસ! હે શ્રીનિવાસ! તમને નમસ્કાર છે.[૧૦] હે ધર્માધ્યક્ષ! હે પ્રજાધ્યક્ષ! હે લોકાધ્યક્ષ! તમને નમસ્કાર છે. હે સેનાધ્યક્ષ! હે કાલાધ્યક્ષ! તમને નમસ્કાર છે.[૧૧] હે ગદાધર! હે શ્રુતિધર! હે ચક્રધારી! હે લક્ષ્મીધર! તમને નમસ્કાર છે. હે

હરિ! હે વનમાળા ધારણ કરનાર! હે ધરણીધર! તમને નમસ્કાર છે.[૧૨] હે આબ્ધિવિષ્ણુ! હે મહાસેન! હે પુરુહૂત! હે બહુકલ્પ! હે મહાકલ્પ! હે કલ્પનામુખ! તમને નમસ્કાર છે.[૧૩] હે સર્વાત્મન્! હે સર્વગ! હે વિભો! હે વિરિંચે હે શ્વેત! હે કેશવ! તમને નમસ્કાર છે. હે નીલ! હે મહાનીલ! હે અનિરુદ્ધ! તમને નમસ્કાર છે.[૧૪] હે દ્વાદશાત્મક! હે કાલાત્મન્! હે સામાત્મન્! હે પરમાત્મક! હે વ્યોમ! હે અર્કાત્મક! હે સુબ્રહ્મન્! હે સૂક્ષ્માત્મક! તમને નમસ્કાર છે.[૧૫] હે હરિકેશ! હે મહાકેશ! હે ગુડાકેશ! હે મુંજકેશ! હે હૃષીકેશ! હે સર્વનાથ! તમને નમસ્કાર છે.[૧૬] હે સૂક્ષ્મ! હે સ્થૂલ! હે મહાસ્થૂલ! હે મહાસૂક્ષ્મ! હે ભયંકર! હે શ્વેત તથા પીતાંબરધર! હે નીલવાસા! તમને નમસ્કાર છે.[૧૭] હે કુશેશય! હે પદ્મેશય! હે જલેશય! હે ગોવિંદ! હે પ્રીતિકર્તા! હે હંસ! હે પિતામ્બરપ્રિય! તમને નમસ્કાર છે.[૧૮] હે અધોક્ષજ! હે શાર્ઙ્ગધ્વજ! હે જનાર્દન! તમને નમસ્કાર છે. વામન એવા તમને નમસ્કાર છે. હે મધુસૂદન! તમને નમસ્કાર છે.[૧૯] તમે હજાર મસ્તકવાળા છો, તમે બ્રહ્મશીર્ષો છો, તમારે હજાર નેત્ર છે, સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એ તમારાં નેત્ર છે. તમને નમસ્કાર છે.[૨૦] હે અથર્વશીર્ષવાળા! હે મહાશીર્ષ! તમને નમસ્કાર છે. ધર્મ જેનાં નેત્ર છે, એવા મહાનેત્રવાળા તમને નમસ્કાર છે.[૨૧] તમે હજાર પગ તથા હજાર હાથવાળા છો, તમને નમસ્કાર છે. તમે યજ્ઞવરાહ તથા મહારૂપ છો, તમને નમસ્કાર છે.[૨૨] હે વિશ્વદેવ! હે વિશ્વાત્મા! હે વિશ્વસંભવ! તમને નમસ્કાર છે. તમે વિશ્વરૂપ છો. આ આખું જગત્ તમારાથી જ ઉત્પન્ન થયું છે. તમને નમસ્કાર છે.[૨૩] તમે મોટી શાખાઓ, ફલ, પુષ્પ, સ્કંધ, અંકુર, લતા અને પલ્લવથી સુશોભિત મહાવડ વૃક્ષ સમાન છો. તમને નમસ્કાર છે.[૨૪] હે પ્રભો! બ્રાહ્મણો તમારાં મૂળ છે અને ક્ષત્રિયો સ્કંધરૂપ છે. વૈશ્યો શાખા અને શૂદ્રો ત્વચારૂપ છે. એવા વનસ્પતિરૂપ તમને નમસ્કાર છે.[૨૫] અગ્નિ સહિત બ્રાહ્મણો તમારા મુખથી અને આયુધ સહિત ક્ષત્રિયો બાહુથી ઉત્પન્ન થયા છે. બે બાજુના બે ઉરુથી વૈશ્યો અને પગથી શૂદ્રો ઉત્પન્ન થયા છે.[૨૬] તમારાં નેત્રથી સૂર્ય ઉત્પન્ન થયો છે, બે પગથી પૃથ્વી, બે કાનથી દિશાઓ, નાભિથી અંતરિક્ષ અને મનથી ચંદ્ર ઉત્પન્ન થયો છે.[૨૭] પ્રાણથી વાયુ અને કામથી પિતામહ બ્રહ્મા ઉત્પન્ન થયા છે. ક્રોધથી ત્રણ નેત્રવાળા રુદ્ર અને મસ્તકથી સ્વર્ગ ઉત્પન્ન થયું છે.[૨૮] ઇંદ્ર તથા અગ્નિ તમારા મુખમાંથી ઉત્પન્ન થયા છે અને પશુઓ તમારા મળમાંથી ઉત્પન્ન થયાં છે. ઔષધિઓ તમારા રોમથી ઉત્પન્ન થઈ છે. આપ વિરજ છો, તમને નમસ્કાર છે.[૨૯] હે પુષ્પહાસ! હે મહાહાસ! તમને નમસ્કાર છે. તમે ૐકાર છો, વષટ્કાર છો. તમે જ વૌષટ્ અને સુધા તથા સ્વધા છો.[૩૦] તમે સ્વાહાકાર તથા હંતકાર છો; તમને નમસ્કાર છે. તમે સર્વાકાર,

નિરાકાર અને વેદાકાર છો; તમને નમસ્કાર છે.[૩૧] હે દેવ! તમે વેદમય તથા સર્વ દેવમય છો. તમે સર્વ તીર્થમય તથા સર્વ યજ્ઞમય રસ છો.[૩૨] હે યજ્ઞપુરુષ! તમને નમસ્કાર છે. તમે યજ્ઞભાગ ભક્ષણ કરનારા છો. હે સહસ્રધાર તથા શતધાર! તમને નમસ્કાર છે.[૩૩] તમે ભુર્ભુવઃ સ્વઃ સ્વરૂપવાળા છો. તમે ગાય અને અમૃતના આપનારા છો. સુવર્ણ તથા બ્રહ્મના દાતા છો. સર્વના ધાતા એવા તમને નમસ્કાર છે.[૩૪] હે બ્રહ્મેશ! હે બ્રહ્મન્! હે બ્રહ્મ રૂપ ધારણ કરનાર! તમને નમસ્કાર છે. હે પરબ્રહ્મ! હે શબ્દબ્રહ્મ! તમને નમસ્કાર છે.[૩૫] તમે જ વિદ્યા, વેદ્યરૂપ તથા વંદનીય છો; તમે બુદ્ધિ, બોધ્ય અને બોદ્ધા છો; તમને નમસ્કાર છે.[૩૬] હોતા, હોમ, હવ્ય, હૂયમાન, અને હવ્યવાટ્ તમે છો. તમે પાતા, પોતા, પૂત અને પાવન છો. તમને નમસ્કાર છે.[૩૭] હન્તા, હન્યમાન અને ક્રિયમાણ તમે છો. હર્તા, નેતા, નીતિ, પૂજ્ય, અગ્ર અને વિશ્વધારી તમે છો.[૩૮] સ્રુક્, સ્રુવ, વિશ્વધામ, કપાલ, ઉલૂખલ અને અરણિ તમે છો. એક પ્રકારે, બહુ પ્રકારે અને ત્રણ પ્રકારે તમે છો. તમે અરણિનું યજ્ઞપાત્ર છો.[૩૯] યજ્ઞ, યજમાન, ઈજ્ય અને યાજક તમે જ છો. હે ઈશ્વર! તમે જ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન તથા ધાતા, ધ્યેય અને ધ્યાન છો. યોગ, યોગી, ગતિ, મોક્ષ, ધૃતિ અને સુખ તમે છો. હે ઈશાન! તમે યોગનાં અગ અને સર્વવ્યાપી છો. તમને નમસ્કાર છે.[૪૦–૪૧] બ્રહ્મા, હોતા, ઉદ્ગાતા, સોમ, યૂપ, દક્ષિણા એ સૌ તમે જ છો. તમે જ દીક્ષા છો, પુરોડાશ છો, પશુ છો અને તમે જ પશુને હણનાર છો.[૪૨] તમે ગુહ્ય તથા પરમ ધાતા છો. તમે નર તથા નારાયણ છો. તમે મહાજન છો, નિરયણ છો, હજારો સૂર્ય તથા ચંદ્રના જેવા રૂપવાળા છો.[૪૩] દ્વાદશ આરા,* છ નાભિ, ત્રણ વ્યૂહ, અને બે ગુણવાળા કાળચક્રરૂપ તમે છો. તમે મહામેધા, શંભુ, શક્ર તથા પ્રભજન છો.[૪૪] તમે મિત્રાવરુણમૂર્ત્તિ છો તથા અમૂર્ત્ત છો, નિષ્પાપ છો, શુદ્ધ છો, પ્રાગ્વંશકાય† છો, ભૂતાદિ છો, અને મહાભૂત, અચ્યુત તથા દ્વિજ છો.[૪૫] તમે ઉર્ધ્વકેતુ, ઉર્ધ્વધર, અને ઉર્ધ્વરેતા છો. તમને નમસ્કાર છે. તમે મહાપાતક તથા ઉપપાતક નાશ કરનાર છો.[૪૬] તમે મુનિઓના ઈશ તથા સર્વ પાપના નાશ કરનારા છો, હું તમારે શરણે આવેલો છું. એ પ્રમાણે સર્વ પાપનો નાશ કરનારાં આ પરમ સ્તોત્રનો પાઠ, પૂર્વે વારાણસીને વિષે જઈ ગંગાજીના શુભ જળમાં સ્નાન કરી મહેશ્વરે કેશવ ભગવાનની આગળ કર્યો હતો;[૪૭–૪૮] એથી રુદ્રને પરમ શાન્તિ પ્રાપ્ત થઈ હતી. હે મહર્ષે! મહાદેવજીએ

---

* બાર આરા તે બાર માસ, છ નાભિ તે છ ઋતુઓ, ત્રણ વ્યૂહ તે શિયાળો, ઉનાળો અને ચોમાસુ એ ત્રણ મોસમ; અને બે ગુણ તે ઉત્તરાયણ તથા દક્ષિણાયન.

† યજ્ઞમૂર્ત્તિ.

કહેલા એ પવિત્ર સ્તોત્રનો પાઠ કરવાથી માણસ પાપરહિત શાંત મૂર્તિ થઈને વિષ્ણુપૂરમાં જાય છે. અને ત્યાં દેવ તથા સિદ્ધોથી પૂજાય છે.[૮૯]

एतत्पवित्रं त्रिपुरघ्नभाषितं पठन्नरो विष्णुपुरे महर्षे ॥
विमुक्तपापोऽप्युपशान्तमूर्तिः संपूज्यते देववरैः ससिद्धैः ॥ ४९ ॥

ઈતિ શ્રી વામનપુરાણે વામનપ્રાદુર્ભાવે 'પાપશામક સ્તોત્ર' નામે સત્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૮ મો.

પાપશામક સ્તોત્ર—૨.

पुलस्त्य उवाच–द्वितीयं पापशमनं स्तवं वक्ष्यामि ते मुने ।
येन सम्यगधीतेन पापनाशं तु गच्छति ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે મુને! હવે હું બીજું પાપનો નાશ કરે એવું સ્તવન તમારી આગળ કહું છું. જેના સારી રીતે પાઠ કરવાથી પાપ નાશ પામે છે.[૧] તે સ્તવન આ પ્રમાણે છે;–દેવપતિ મત્સ્ય તથા કૂર્મ ભગવાનને હું નમસ્કાર કરું છું. હયગ્રીવ, ભવ, વિષ્ણુ તથા ત્રિવિક્રમ ભગવાનને નમસ્કાર કરું છું.[૨] માધવ અને ઈશાનને નમસ્કાર કરું છું. હૃષીકેશ અને કુમારિલને નમસ્કાર કરું છું. નારાયણને અને ગરુડાસનને નમસ્કાર કરું છું.[૩] જયેશ, નરસિંહ, રૂપધાર, કુરુધ્વજ, કામપાલ, અખંડ અને બ્રાહ્મણપ્રિય એવા ભગવાનને હું નમસ્કાર કરું છું.[૪] અજિત, વિશ્વકર્મા, પુંડરીક, દ્વિજપ્રિય, હરિ, શંભુ, બ્રહ્મા અને પ્રજાપતિ ભગવાનને હું નમસ્કાર કરું છું.[૫] તમે શૂલબાહુ તથા ચક્રધર દેવ છો. શિવ, વિષ્ણુ, સુવર્ણાક્ષ, ગોપતિ તથા પીતાંબરધર છો. તમને નમસ્કાર છે.[૬] તમે હાથમાં ગદા ધારણ કરો છો, કુશેશય છો, અર્ધનારીશ્વર તથા પાપ નાશ કર્તા છો. તમને નમસ્કાર છે.[૭] ધનુષ્ય ધારણ કરનાર વૈકુંઠ સહિત ગોપાળ ભગવાનને હું નમસ્કાર કરુ છું. તમે વિષ્ણુ તથા પંચમ જ્યેષ્ઠેશ છો. તમને નમસ્કાર છે.[૮] પરમ શાન્ત એવા જંબુક સહિત માર્કંડેય ભગવાનને નમસ્કાર કરું છું. જે પદ્મકિરણ છે તથા જેના મુખમાં વડવાગ્નિ છે, તેમને નમસ્કાર છે.[૯] કાર્તિકેય, બાહ્લિક તથા શંખીને નમસ્કાર છે. પદ્મકિરણ તથા કુશેશયને નમસ્કાર છે.[૧૦] નિષ્પાપ, સ્થાણુરૂપને નમસ્કાર છે. વનમાળી, લાંગલીશ તથા લક્ષ્મીપતિને નમસ્કાર છે.[૧૧] ત્રિનયન, હવ્યવાહન, ત્રિસૌવર્ણ તથા ધરણીધરને નમસ્કાર છે.[૧૨] ત્રિણાચિકેત, બ્રહ્મા, શશિભૂષણ, કપર્દી તથા સર્વ રોગ નાશ કરનાર એવા ભગવાનને નમસ્કાર છે.[૧૩] ચંદ્ર, સૂર્ય, ધ્રુવ, મહાતેજસ્વી રુદ્ર, પદ્મનાભ, હિરણ્યાક્ષ અને અવિનાશી સ્કંદ ભગવાનને નમસ્કાર છે.[૧૪] ભીમ, હંસ તથા હાટકેશ્વરને નમસ્કાર છે. હંસ અને પ્રાણુતર્પણને સદા નમસ્કાર છે.[૧૫] તમે સુવર્ણના કવચવાળા મહાયોગી ઈશ્વર છો, લક્ષ્મીના નિવાસસ્થાન પુરુષોત્તમ છો. તમને નમસ્કાર છે.[૧૬] તમે ચતુર્ભુજ છો,

સુધાના અધિપતિ છો, વનસ્પતિ, મધુપતિ અને અવિનાશી એવા મનુ છો, તમને નમસ્કાર છે.[૧૭] શ્રીકંઠ, વાસુદેવ, નીલકંઠ અને સદાશિવને નમસ્કાર છે. તમે ગૌરીના પતિ એવા નિષ્પાપ લકુડેશ્વર શર્વ છો. તમને નમસ્કાર છે.[૧૮] મનોહર કૃષ્ણેશ એવા ચક્રપાણિને નમસ્કાર છે. તમે યશોધન, મહાબાહુ અને કુશપ્રિય છો. તમને નમસ્કાર છે.[૧૯] તમે ભૂધર છો, રોગરહિત છો, સારાં નેત્રવાળા છો, દેવતાઓ તમારી પ્રશંસા કરે છે. તમને નમસ્કાર છે. તમે ભદ્રાક્ષ, વીરભદ્ર, તથા કુકર્ણી ભગવાન્ છો. તમને નમસ્કાર છે.[૨૦] તમે વૃષધ્વજ મહેશ્વર છો, વિશ્વમિત્ર છો, ચંદ્રના જેવા ઉજળા છો, ગોવિંદ તથા ઉપેન્દ્ર છો, પંકજ તમને પ્રિય છે. તમને નમસ્કાર છે.[૨૧] તમે હજાર મસ્તકવાળા છો, કુંદપુષ્પની માળા ધારણ કરો છો, તમને નમસ્કાર છે. તમે કાલાગ્નિ, રુદ્ર, દેવેશ, અને કૃત્તિવાસા છો, તમને નમસ્કાર છે.[૨૨] તમે છાગલેશ છો, પકજ તમારુ આસન છે. તમે સહસ્રાક્ષ, કોકનદ, હરિ અને શંકર છો; તમને નમસ્કાર છે.[૨૩] અગસ્ત્ય, ગરુડ, વિષ્ણુ, કપિલ, બ્રહ્મ, વાઙ્મય, સનાતન, બ્રહ્મા અને બ્રહ્મતત્પર એવા તમને નમસ્કાર છે.[૨૪] તમે તર્કમાં ન આવી શકો એવા છો, ચતુર્ભુજ છો, હજાર કિરણવાળા છો, તપોમય છો, ધર્મરાજા છો, તમને ગરુડવાહન દેવને નમસ્કાર છે.[૨૫] તમે સર્વ ભૂતમાં વ્યાપી રહેલા છો, શાંત છો, સર્વ લક્ષણ છો, મહાયોગી છો, અવ્યક્ત છો, પાપનાશન છો, તમને નમસ્કાર છે.[૨૬] તમે નિરંજન, નિરાકાર, નિર્ગુણ, નિલય, પદ, પાપહર્તા અને શરણ્ય છો, તમને નમસ્કાર છે. હુ તમારે શરણે આવેલો છું.[૨૭] મહર્ષિ અગસ્ત્ય મુનિએ કહેલું આ સ્તવન પરમ પવિત્ર અને પુરાણું છે. તેનું કીર્તન કરવાથી, સ્મરણ કરવાથી અને ધારણ કરવાથી ઘણા પાપનો નાશ થાય છે. તથા ધન અને યશની પ્રાપ્તિ થાય છે.[૨૮]

एतत्पवित्रं परमं पुराणं प्रोक्तं त्वगस्त्येन महर्षिणा च ॥
धन्यं यशस्यं बहुपापनाशनं संकीर्तनात्स्मरणात्स्पर्शनाच्च ॥ २८ ॥

ઈતિ શ્રી વામનપુરાણે વામનપ્રાદુર્ભાવે પ્રહ્લાદ તીર્થયાત્રાને વિષે 'બીજું પાપનાશન સ્તવન' નામે અઠયાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮૯ મો.

વામન જન્મવર્ણન.

[पु]लस्त्य उवाच–गतेऽथ तीर्थयात्रायां प्रह्लादे दानवेश्वर ।
कुरुक्षेत्रं समभ्यागाद्द्रष्टुं वैरोचनो बलिः ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—દાનવેશ્વર પ્રહ્લાદ તીર્થયાત્રા કરવા ગયા, એટલે વિરોચનપુત્ર બલિરાજા કુરુક્ષેત્રનાં દર્શન કરવા ગયો.[૧] તે મહાધર્મયુક્ત તીર્થને વિષે બ્રાહ્મણશ્રેષ્ઠ એવા ભૃગુના પુત્ર શુક્રાચાર્ય મુનિએ સારા સારા બ્રાહ્મણોને

આમંત્રણ કરીને બોલાવ્યા હતા.[૨] શુક્રાચાર્યના આમંત્રણથી આત્રેય, ગૌતમ, કૌશિક, અંગિરા વગેરે તત્ત્વજ્ઞ બ્રાહ્મણો કુરુક્ષેત્રની ઉત્તર દિશાએ શતદ્રવી નદી તરફ ગયા. ત્યાં શતદ્રવીના પાણીમાં સ્નાન કરી ત્યાંથી તે બ્રાહ્મણો આગળ ગયા.[૩–૪] ત્યાં સ્નાન કરી પિતૃદેવતાનું પૂજન કરી ત્યાંથી સૂર્યકિરણથી નીકળેલી પુણ્યકિરણા નદીને વિષે ગયા.[૫] તેમાં સ્નાન કરીને સર્વે મહર્ષિઓ પવિત્ર જળવાળી ઐરાવતીમાં ગયા ને ત્યાં સ્નાન કરી ત્યાંથી ઈશ્વરીને વિષે ગયા.[૬] પછી દેવિકાના જળમાં સ્નાન કર્યું. ત્યાંથી પયોષ્ણી ગયા. અત્રેય વગેરે ઋષિઓ એ નદીમાં સ્નાન કરવા ઉતર્યા, અને જળમાં ડુબકી મારી એટલે તેમાં તેમણે પોતાનું પ્રતિબિમ્બ જોયું. એ પ્રમાણે જળની અંદર પ્રતિબિમ્બ જોવાથી તેઓ બહુ આશ્ચર્ય પામ્યા.[૭–૮] જળમાંથી બહાર નીકળતાં પણ તેનુ પ્રતિબિમ્બ જોવાથી તેઓ ફરી મનમાં વિસ્મય પામ્યા. પછી તેમાં સ્નાન કરી સર્વે ઋષિઓ પરસ્પર વાત કરતા અને આ શું! એમ વિચાર કરી વિસ્મય પામતા આગળ ગયા.[૯–૧૦] પછી તેઓએ દૂરથી એક વિશાળ વનખંડને દીઠો. તે વન મેઘના જેવું શ્યામ અને ઘટ્ટ હતું તથા અનેક પક્ષીઓ તેમાં વિશ્રામ લેતાં હતાં.[૧૧] તે એટલું ઉચ્ચુ હતું કે જાણે આકાશની સાથે વાતો કરતુ હોય ! હે નારદ! તેનો મધ્યભાગ વિસ્તૃત લતાઓથી આચ્છાદિત હતો.[૧૨] તે વનમાં ઠેકઠેકાણે વૃક્ષો ફળ ફૂલથી ખીલી રહ્યાં હતાં તે જાણે આકાશમાં તારાઓ શોભી રહ્યા હોય એમ જણાતાં હતાં.[૧૩] તે વન કમળથી વ્યાપ્ત હતું. શ્વેત કમળથી શોભિતું હતું. તેમ જ કોકનદ એટલે સુવર્ણના જેવાં કમળોથી છવાયલું હતું. તે જાણે આખું કમળનું જ વન હોય એમ જણાતું હતું.[૧૪] ત્યાં જવાથી તેઓને ઘણો સંતોષ અને આનંદ થયો. માનસરોવરમાં જેમ હંસો પ્રવેશ કરે તેમ તેઓ તે વનમાં હર્ષથી પેઠા.[૧૫] તે વનને વિષે ચાર લોકપાલના તથા ધર્મ વગરે વર્ગ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ના પરમ પુણ્યપ્રદ સર્વ લોકપૂજિત આશ્રમ હતા તે તેમણે જોયા.[૧૬] પૂર્વે ધર્માશ્રમ હતો, તે પલાશવૃક્ષોથી વિંટાયલો હતો. પશ્ચિમે પુણ્યવનથી ઘેરાયલો અર્થનો આશ્રમ હતો.[૧૭] દક્ષિણે કેળ તથા અશોકનાં વનથી છવાયલો કામ્ય આશ્રમ હતો અને ઉત્તરે શુદ્ધ સ્ફટિક જેવો શોભિતો મોક્ષનો આશ્રમ હતો.[૧૮] સત્યયુગમાં મોક્ષ જાતે ત્યાં આશ્રમી હતો, ત્રેતાયુગમાં કામ, દ્વાપરયુગમાં અર્થ અને કલિયુગમાં ધર્મ આશ્રમી હતો.[૧૯] અત્રિ વંશના ઋષિઓએ તે આશ્રમ જોયો. તેના ઉપર તેમને પ્રેમ ઉત્પન્ન થયો. એ આશ્રમ ચારે તરફ અખડ જળથી વ્યાપ્ત હતો.[૨૦] ભગવાન્ વિષ્ણુ ધર્મથી જ અખંડ કહેવાય છે. એ ચતુર્મૂર્તિ જગન્નાથ પૂર્વથી ત્યાં રહેલા છે.[૨૧] હે નારદ! તે યોગાત્મા બહુશ્રુત ઋષિઓ સુશ્રૂષા, તપશ્ચર્યા, અને બ્રહ્મચર્યથી તેમની ઉપાસના કરવા લાગ્યા.[૨૨] શુક્રાચાર્ય સહિત તે સર્વે ઋષિઓ, અસુરોથી ભયભીત થઈને તે સ્થાને નિવાસ કરવા લાગ્યા.[૨૩] હે બ્રહ્મન્! અશ્મકૂટ તથા મરીચિ આદિ બીજા બ્રાહ્મણો કાલિંદીના જળમાં સ્નાન કરી દક્ષિણ તરફ ગયા.[૨૪] તેઓ અવંતી દેશમાં વિષ્ણુ ભગવાન્ પાસે ગયા. વિષ્ણુના પ્રસાદથી ત્યાં અસુરોથી

આવી શકાતું ન હતું.[૨૫] વાલખિલ્ય આદિ બ્રહ્મચારી ઋષિઓ દાનવોના ભયથી રુદ્રકોટિ ભગવાનના આશ્રયે જઇને રહ્યા.[૨૬] ગૌતમ તથા અંગિરા આદિ ઋષિઓ એ પ્રમાણે ગયા પછી શુક્રાચાર્ય, ભાર્ગવવંશના ઋષિઓને નિત્ય યજ્ઞમાં નિયુક્ત કરવા લાગ્યા. એમ શુક્રાચાર્યે મહાતેજસ્વી બલિરાજાને યજ્ઞની દીક્ષા આપી અને પોતે જાતે તે યજ્ઞમાં નિયુક્ત થયા.[૨૭–૨૮] બલિ રાજાએ શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં. શ્વેત પુષ્પની માળા પહેરી હતી. શ્વેત ચંદનનું વિલેપન કર્યું હતું. મૃગચર્મનું આસન કરી તેના ઉપર તે બેઠો હતો અને પાસે મોરનાં ચિત્ર વિચિત્ર પીછાં ખોસ્યાં હતાં. હયગ્રીવ, ક્ષુર, મય, બાણ વગેરે સભાસદો પાસે બેઠા હતા. એમ યજ્ઞનો આરંભ કર્યો.[૨૯–૩૦] એની પત્ની વિંધ્યાવલિએ એની સાથે યજ્ઞકર્મમાં દીક્ષા લીધી હતી. તે હજારો સુંદર સ્ત્રીઓમાં એક ઋષિકન્યા જેવી હતી.[૩૧] ચૈત્રમાસ આવ્યો એટલે શુક્રાચાર્યે સારાં લક્ષણવાળો શ્વેત વર્ણનો અશ્વ પૃથ્વી ઉપર ફરવા છોડી મૂક્યો. તારકાક્ષ નામે અસુર રક્ષાને માટે તેની પાછળ ગયો.[૩૨] એ પ્રમાણે યજ્ઞ શરુ થયો અને અશ્વ છૂટ્યો તેને ત્રણ માસ થયા ત્યારે અને અગ્નિને આહરણ કરવાનો સમય થયો ત્યારે, મિથુન રાશિમાં સૂર્ય ગયો તે વખતે દેવજનની અદિતિએ વામનાકૃતિ ભગવાનને જન્મ આપ્યો.[૩૩–૩૪] લોકપતિ પુરાણ પુરુષોત્તમ નારાયણ જન્મ્યા એટલે મહર્ષિઓ સાથે બ્રહ્મા ત્યાં આવ્યા અને સ્તુતિ કરવા લાગ્યાઃ[૩૫] હે સત્વમૂર્ત્તિ માધવ! તમને નમસ્કાર છે. હે સાત્વત! હે વિશ્વરૂપ! તમને નમસ્કાર છે. હે શત્રુરૂપી વનનાં સૂકાં લાકડાંના અગ્નિરૂપ! તમને નમસ્કાર છે. તમે પાપના મહાદાવાગ્નિ જેવા છો. તમને નમસ્કાર છે.[૩૬] હે પુંડરીકાક્ષ! હે વિશ્વભાવન! હે જગદાધાર! હે પુરુષોત્તમ! તમને નમસ્કાર છે.[૩૭] હે નારાયણ! તમે જગન્મૂર્ત્તિ છો, ગદાધર છો, પીતાંબરધારી છો, લક્ષ્મીના પતિ છો. હે જનાર્દન! તમને નમસ્કાર છે.[૩૮] તમે સૌના ત્રાતા છો, ગોપ્તા છો, વિશ્વાત્મા છો, સર્વવ્યાપક છો. તમને નમસ્કાર છે. તમે અવ્યય છો, સર્વધારી, ધરાધારી અને રૂપધારી છો. તમને નમસ્કાર છે.[૩૯] તમે વધિષ્ણુ, અશેષ અને ત્રૈલોકયપૂજિત છો. હે દેવપતે! તમે હવે ઇંદ્રનાં આંસુ લુછો.[૪૦] હે મહેશ્વર! તમે જ ધાતા, વિધાતા અને સંહર્તા છો. તમે મહાલય, મહાયોગી અને યોગશાયી છો. તમને નમસ્કાર છે.[૪૧] સર્વાત્મા, સર્વવ્યાપક, જગન્નાથ એવા શ્રી હરિ એ પ્રમાણે સ્તુતિ કરવાથી બ્રહ્માજીને કહેવા લાગ્યા કે, હે ભગવન્! વિભો! અમારો ઉપનયન સંસ્કાર કરો.[૪૨] પછી મહાતેજસ્વી તપોધન એવા બૃહસ્પતિના પુત્ર ભરદ્વાજ મુનિએ વામન ભગવાનના જાતકર્મ આદિ સર્વ સંસ્કાર કર્યા.[૪૩] વળી સર્વશાસ્ત્રજ્ઞ તે મુનિએ ભગવાનનું વ્રતબંધ કર્યું. પછી બધાએ પ્રસન્ન થઈ તેમને યથાક્રમ ભિક્ષા આપી.[૪૪] પુલહમુનિએ યજ્ઞોપવીત આપ્યું, પુલસ્ત્યે બે શ્વેતવસ્ત્ર આપ્યાં, અગસ્ત્ય ઋષિએ મૃગચર્મ આપ્યું અને ભરદ્વાજે વામન ભગવાનને મેખલા આપી.[૪૫] બ્રહ્માના પુત્ર મરીચિએ પલાશનો

ફડ આપ્યો, વારુણિએ અક્ષસૂત્ર આપ્યું અને અંગિરાએ કૌશચીર આપ્યું.[૪૬] દેવરાજે (ઇંદ્રે) છત્ર આપ્યુ, ભૃગુઋષિએ ઉપાનહ્ (જોડા) આપ્યા, અને મહા તેજસ્વી બૃહસ્પતિએ વામનજીને કમંડલુ આપ્યુ.[૪૭] એ પ્રમાણે ઉપનયન કરાયલા, ભૂતભાવન ભગવાન, ઋષિઓથી સ્તુતિ કરાતા અંગો સહિત વેદાધ્યયન કરવા લાગ્યા.[૪૮] ભરદ્વાજ તથા અંગિરા પાસે મહદાખ્યાનયુક્ત ગાંધર્વ સહિત મહાસ્વરવાળો સામવેદ શીખ્યા.[૪૯] એક માસમા તો તે વેદરૂપી મહાસમુદ્રના જ્ઞાતા થઈ ગયા. અર્થાત્ ચારે વેદ ભણી રહ્યા. અને લોકાચારની પ્રવૃત્તિને માટે સર્વ શાસ્ત્રમાં વિશારદ થઈ ગયા.[૫૦] એ પ્રમાણે સર્વ શાસ્ત્રમાં નિપુણ થઇને અક્ષય અને અવ્યય એવા વામન ભગવાન્ બ્રાહ્મણશ્રેષ્ઠ ભરદ્વાજને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૫૧] શ્રીવામનજી બોલ્યાઃ–હે બ્રહ્મન્ ! મને આજ્ઞા આપો. મારે મહોદય કુરુક્ષેત્રમાં જવુ છે. ત્યાં દૈત્યપતિ બલિનો અશ્વમેધ યજ્ઞ થાય છે.[૫૨] પૃથ્વીતળને વિષે તેજો એકઠાં થાય છે તે તમે જુઓ. મારા પુણ્યને વધારનારા જે અંશો છે તેનું સંવિધાન થાય છે, તે ઉપરથી હું જાણી શકું છુ કે બલિ કુરુક્ષેત્રને વિષે ગયો છે.[૫૩] ભરદ્વાજ મુનિ બોલ્યા.–તમારી ઇચ્છામાં આવે તેમ કરો. અમે આજ્ઞા આપવા અસમર્થ છીએ. અમે સૌ બલિના યજ્ઞમાં જઇએ છીએ.[૫૪] હે દેવ ! અમે તમને જે પુછીએ છીએ તે કહો. હે પુરુષોત્તમ ! હે વિભો ! કયા કયા સ્થાનમાં આપ રહો છો ? તે જાણવાની અમારી ઇચ્છા છે. તો તે આપ કહો.[૫૫] વિષ્ણુ ભગવાન્ બોલ્યાઃ–હે ગુરો ! જે જે પુણ્યસ્થાનને વિષે હું બહુ રૂપવાન્ રહું છુ તે, હુ કહું છું, તે સાંભળો.[૫૬] હે ભરદ્વાજ ! મારા અનુરૂપ અવતારોવડે પૃથ્વી, આકાશ, પાતાળ, સમુદ્રો, સ્વર્ગ, દિશાઓ, તમામ પર્વતો અને મેઘો સૌ વ્યાપ્ત થઈ રહેલુ છે.[૫૭] હે બ્રહ્મન્ ! સ્વર્ગચર, ભૂમિચર, જળચર, ગગનચર, સ્થાવરો, ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, યમ, વરુણ, વસુ, અગ્નિ, સર્વ લોકપાલ, બ્રહ્માથી સ્થાવર પર્યંત બ્રાહ્મણ, પક્ષી સહિત સર્વે, અમૂર્ત્તિ એવો જે હું, તેનાથી પૃથ્વીને પૂર્ણ કરવાને બહુ વિવિધ ગુણવાળા સરજાયલા છે.[૫૮] હે દ્વિજવર્ય ! એ પ્રમાણે દેવ દાનવ અને સિદ્ધોથી પૂજા કરાયલા એ પુણ્ય પુરુષો પૃથ્વીતળને વિષે રહેલા છે, જેનાં દર્શન અને કીર્તન માત્રથી એકદમ પાપ નાશ પામે છે.[૫૯]

एते हि पुण्याः सुरसिद्धदानवैः पूज्या नराः संनिहिता महीतले ।
यैर्दृष्टमात्रैः सहसैव नाशं प्रयाति पापं द्विजवर्य कीर्तनैः ॥ ५९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે પ્રહ્લાદતીર્થયાત્રાને વિષે વામનપ્રાદુર્ભાવે 'વામન જન્મ' નામે નેવ્યાસીમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૦ મો.

વામન સ્વસ્થાન કથન.

श्रीभगवानुवाच–आद्यं हि मत्स्यरूपं मे संस्थितं मानसे ह्रदे ।
सर्वपापक्षयकरं कीर्तनस्पर्शनादिभिः ॥ १ ॥

શ્રી ભગવાન્ બોલ્યાઃ—મારુ આદિ મત્સ્યરૂપ માનસ હ્રદમાં રહેલું છે. તે સ્પર્શથી અને કીર્તનથી સર્વ પાપનો નાશ કરનારું છે.[૧] બીજું કૌર્મરૂપ કૌશિકાને તીરે છે તે પાપનાશક છે. કૃષ્ણાને વિષે હયગ્રીવ અને હસ્તિનાપુરમાં ગોવિંદ છે.[૨] કાલિંદીને વિષે ત્રિવિક્રમ છે, લિંગભેદમાં ભવસ્વરૂપ, કેદારમાં માધવ તથા ઈશ, તથા કુબ્જાશ્રમમાં કૃષ્ણમૃદ્ધિજ છે.[૩] બદરિકાશ્રમમાં નારાયણ, વરાહતીર્થમાં ગરુડધ્વજ, ભદ્રકર્ણમાં જયેશ, અને વિપાશામાં દ્વિજપ્રિય પ્રભુ છે.[૪] ઇરાવતીને વિષે રૂપધાર, કુરુક્ષેત્રમાં કુરુધ્વજ, કૃતશૌચમાં નૃસિંહ, અને ગોકર્ણ તીર્થમાં વિશ્વધારણ ભગવાન્ છે.[૫] પ્રાચીનમાં કામપાળ, મહાજળમાં પુંડરીક, વિશાખયૂપમાં અજિત પ્રભુ, અને હંસપદ તીર્થમાં હંસ છે.[૬] પયોષ્ણીને વિષે યમખંડ, વિશસ્તાને વિષે કુમારિલ, મણિમતી હ્રદમાં શંભુ અને બ્રહ્મણ્યતીર્થમાં પ્રજાપતિ છે.[૭] મધુનદીને વિષે ચક્રધર, હિમાચલમાં શૂલબાહુ અને ઔષધસાનુને વિષે વિષ્ણુરૂપે હું રહેલો છું. એમ હે મુનિશ્રેષ્ઠ ! તમે જાણો.[૮] ભૃગુતુંગને વિષે સુવર્ણાખ્ય, નૈમિષારણ્યમાં પીતવાસસ, અને ગદાપાણિ ગોવિંદ પ્રભુ ગયાને વિષે છે.[૯] વર આપનાર, ત્રૈલોક્યનાથ, ગોપ્રચાર, કુશેશય, એવા અર્ધનારીશ્વર ભગવાન્ ચક્રતીર્થમાં અને દક્ષિણગિરિને વિષે મહીધ્ર પ્રભુ છે.[૧૦] ઉત્તરે ગોપાલ, મહેન્દ્રપર સોમપીથી, સહ્યાદ્રિને વિષે વૈકુંઠ અને પારિયાત્રને વિષે અપરાજિત ભગવાન્ છે.[૧૧] કશેરુ દેશને વિષે તપોધન એવા દેવેશ વિશ્વરૂપ છે. મલયાદ્રિને વિષે સૌગંધિ, અને વિંધ્યપાદને વિષે સદાશિવ પ્રભુ છે.[૧૨] અવંતી દેશને વિષે ધીષ્ણ્ય, નિષધ દેશમાં અમરેશ્વર અને હે બ્રહ્મર્ષે ! પાંચાલ દેશને વિષે પાંચાલિક પ્રભુ સદા રહે છે.[૧૩] મહોદયને વિષે હયગ્રીવ, પ્રયાગમાં યોગશાયી, મધુવનમાં સ્વયંભુવ, અને પુષ્કર તીર્થમાં અબ્જગંધ વસે છે.[૧૪] વિપ્રપ્રવર કેશવ વારાણસીમાં છે અને સુર તથા કિન્નરો જેની સ્તુતિ કરે છે એવા અવિમુક્ત ભગવાન્ પણ ત્યાં જ વસે છે.[૧૫] પંપા સરોવરને વિષે પદ્મકિરણ, સમુદ્રને વિષે વડવામુખ, કુમારધારને વિષે બાહ્લીશ અને બર્હણ તીર્થને વિષે કાર્તિકેય છે.[૧૬] ઓજસ તીર્થને વિષે પુણ્યાત્મા શંભુ, કુરુક્ષેત્રને વિષે સ્થાણુ અને કિષ્કિંધાવાસી જનો મને વનમાલી કહે છે.[૧૭] કુવલયારૂઢ, શંખ, ચક્ર, ગદા ધારણ કરનાર, શ્રીવત્સના ચિહ્નવાળા, ઉદારાંગ અને વીર એવા શ્રીલક્ષ્મીના પતિ નર્મદાને વિષે રહે છે.[૧૮] માહિષ્મતીને વિષે ત્રિનયન, ત્યાં જ હુતાશન, અર્બુદમાં ત્રિસૌપર્ણ અને સૂકરાચલને વિષે ક્ષમાધર છે.[૧૯] હે બ્રહ્મર્ષે ! પ્રભાસને વિષે ત્રિનાચિકેત એવા કપર્દી ભગવાન્ છે, અને ત્યાં જ પ્રખ્યાત તૃતીય શશિશેખર છે.[૨૦] ઉદયાચળને વિષે ચંદ્ર, સૂર્ય, અને ધ્રુવ એ

ત્રણ રહેલા છે. હેમકૂટને વિષે હિરણ્યાક્ષ અને શરવણ તીર્થને વિષે સ્કંદ વસે છે.[૨૧] હે મુનિશ્રેષ્ઠ! મહાલયને વિષે રુદ્ર અને ઉત્તરકુરુને વિષે સર્વ સુખ આપનારા પદ્મનાભ વસે છે.[૨૨] હે બ્રહ્મન્! સપ્તગોદાવરને વિષે હાટકેશ્વર તથા મહાહંસ અને પ્રયાગને વિષે મહેશ્વર વસે છે.[૨૩] શોણને વિષે રુકમકવચ, કુંડિન તીર્થને વિષે ઘ્રાણતર્પણ, ભિલ્લીવનમાં મહાયોગ અને મંત્રોને વિષે પુરુષોત્તમ ભગવાન્ રહે છે.[૨૪] પ્લક્ષાવતરણને વિષે શ્રીનિવાસ દ્વિજોત્તમ એવા વિશ્વ પ્રભુ રહે છે, સૂર્પારકને વિષે ચતુર્બાહુ અને મગધાને વિષે સુધાપતિ વસે છે.[૨૫] ગિરિવ્રજમાં પશુપતિ, યમુનાને કિનારે શ્રીકંઠ અને દંડકારણ્યને વિષે જે વસે છે, તેને વનસ્પતિ કહે છે.[૨૬] કાલંજરને વિષે નીલકંઠ, સરયૂને વિષે ઉત્તમ મનુ અને સર્વ પાપને નાશ કરનાર હંસયુક્ત પ્રભુ મહાકોશાને વિષે રહે છે.[૨૭] દક્ષિણ ગોકર્ણને વિષે શર્વ, પ્રજામુખને વિષે વાસુદેવ, વિંધ્યશૃંગને વિષે મહાગૌર અને કંથાને વિષે મધુસૂદન ભગવાન્ રહે છે.[૨૮] હે બ્રહ્મન્! ત્રિકૂટ શિખરને વિષે ચક્રપાણિ ઈશ્વર, લોહદંડને વિષે હૃષીકેશ અને કૌશલાને વિષે મહોદય પ્રભુ છે.[૨૯] સુરાષ્ટ્રને વિષે મહાવાસ, નવરાષ્ટ્રને વિષે યશોધર, દેવિકા નદીને વિષે ભૂધર અને વિદેહાને વિષે કુશપ્રિય વસે છે.[૩૦] ગોમતિને વિષે છાદિતગદ, શંખોદ્ધારને વિષે શંખી, સૈંધવારણ્યને વિષે સુનેત્ર અને શૂરપુરને વિષે શૂર ભગવાન્ રહેલા છે.[૩૧] હિરણ્યવતીને વિષે રુદ્ર, ત્રિવિષ્ટપને વિષે વીરભદ્ર, શંકુકર્ણને વિષે નીલાભ, અને શાલવનને વિષે ભીમ વસે છે.[૩૨] ઘટિતને વિષે વિશ્વામિત્ર, કૈલાસને વિષે વૃષભધ્વજ અને મહિલાશૈલને વિષે ચંદ્રના જેવા ઉજ્જ્વલ કામરૂપ મહેશ વસે છે.[૩૩] વલભીને વિષે બ્રાહ્મણપ્રિય ગોમિત્રકટાહ, સિંહલ દ્વીપમાં ઉપેન્દ્ર અને શક્રતીર્થને વિષે કુંદમાલી છે.[૩૪] હે મુને! રસાતલને વિષે પ્રખ્યાત સહસ્રશિરસા રહે છે. તેમ જ કાલાગ્નિ, કપિલ, તથા કૃત્તિવાસા પણ રસાતલમાં જ રહે છે.[૩૫] સુતલને વિષે અચલ કૂર્મ, વિતલને વિષે પંકજાનન અને મહાતલમાં વિખ્યાત ગુરુ દેવેશ વૃષલેશ્વર રહે છે.[૩૬] તલને વિષે સહસ્રચરણ, સહસ્રભુજ, સહસ્રનામ એવા મુશળથી દાનવોને ખેંચનાર ઈશ્વર રહે છે.[૩૭] પાતાલને વિષે યોગીઓના ઈશ એવા હરિ શંકર વસે છે, ધરાતલને વિષે કોકનદ અને મેદિનીને વિષે ચક્રપાણિ ભગવાન્ વસે છે.[૩૮] ભુવર્લોકને વિષે ગરુડ, સ્વર્લોકને વિષે અવિનાશી વિષ્ણુ, મહર્લોકમાં અગસ્ત્ય અને જન લોકમાં કપિલ ભગવાન્ છે.[૩૯] હે બ્રહ્મન્! તપલોકમાં સપ્તસ્વરયુક્ત અખિલ વાઙ્મય, અને બ્રહ્મલોકમાં બ્રહ્મારૂપે રહેલા છે.[૪૦] શૈવને વિષે સનાતન, વૈષ્ણવને વિષે પરબ્રહ્મ, નિરાલંબને વિષે અપ્રતર્ક્ય અને નિરાકારને વિષે તપોમય છે.[૪૧] જંબુદ્વીપને વિષે ચતુર્બાહુ, કુશદ્વીપમાં કુશેશય અને હે મુનિશ્રેષ્ઠ! પ્લક્ષદ્વીપને વિષે પ્રખ્યાત ગરુડવાહન વસે છે.[૪૨] ક્રૌંચને વિષે પદ્મનાભ, શાલ્મલ વિષે વૃષભધ્વજ, શાકદ્વીપને વિષે સહસ્રાક્ષ અને પુષ્કરદ્વીપને વિષે વામન વસે છે.[૪૩] તેમ જ હે બ્રહ્મર્ષે! પૃથ્વીમાં શાલિગ્રામને વિષે પણ અશેષપણે જલસ્થળ પર્યંત સમસ્ત સ્થાવરમાં હું જ રહેલો છું.[૪૪] હે બ્રહ્મન્!

એ પ્રમાણે પુણ્યપ્રદ, પુરાણુ, સનાતન, બ્રહ્મદાયક, મહૌજસ, અને પાપનાશક એવાં મહાસ્થાનો તમને કહ્યાં.[૪૫] એના કીર્તનથી અને દેવતાઓનાં દર્શનથી પાપ નાશ પામે છે. તથા દેવ, મનુષ્યો અને સાધ્યો સૌ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવે છે.[૪૬] એ પ્રમાણે મારાં મહાસ્થાનો મેં તમને કહ્યાં. માટે હે વિપ્ર! ઉઠો. હું મહા અસુર બલિના યજ્ઞમાં દેવોના હિતને માટે જાઉં છું.[૪૭]

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે મહર્ષે! એ પ્રમાણે મહાત્મા વિષ્ણુ, ભરદ્વાજ મુનિને કહીને લીલાવિલાસથી ગમન કરતા શ્રેષ્ઠ પર્વત ઉપરથી ઉતરી કુરુક્ષેત્રને વિષે ગયા.[૪૮]

पुलस्त्य उवाच—इत्येवमुक्त्वा वचनं महर्षे विष्णुर्भरद्वाजमृषिं महात्मा ।
विलासलीलागमनो गिरींद्रान्सचाभ्यगच्छत्कुरुजांगलं हि ॥४८॥

ઈતિ શ્રી વામનપુરાણે વામનપ્રાદુર્ભાવે 'સ્વસ્થાન કથન' નામે નેવુમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૧ મો.

શુક્રાચાર્ય અને બલિનો સંવાદ.

पुलस्त्य उवाच—ततः समागच्छति वासुदेवे महीचकंपे गिरयश्च चेलुः ।
क्षुब्धाः समुद्रादिविसर्वलोकोबभौविपर्यस्तगतिर्महर्षे ॥ १॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—હે મહર્ષે! વામનરૂપી વાસુદેવ ભગવાન્ ચાલવા લાગ્યા એટલે પૃથ્વી ડોલવા લાગી, પર્વતો કંપી ઉઠ્યા, સમુદ્રો ખળભળી ઉઠ્યા અને સ્વર્ગ આદિ સૌ લોક ઉંચાનીચા થઈ ગયા.[૧] યજ્ઞમાં બધે વ્યાકુલતા થઈ રહી અને બલિરાજા પણ ચિંતા કરવા લાગ્યો કે, કોણ જાણે ભગવાન્ આવીને શું કરશે તે હું જાણતો નથી. જેમ મહાદેવે મને બાળી નાખ્યો હતો તેમ વાસુદેવ ભગવાન્ પણ કરશે કે શું?[૨] ઋક્ તથા સામવેદના મંત્રોથી આહુતિ અપાયલા આસુરીય અગ્નિઓ, બ્રાહ્મણોએ ભક્ષ્ય આપ્યા છતાં, ભગવાનના ભયથી પોતાનો ભાગ લેતા નથી.[૩] તે ભયંકરરૂપ નિમિત્તોને જોઇને દાનવેશ્વર બલિ, પોતાના ગુરુ શુક્રાચાર્યને બે હાથ જોડી પ્રણામ કરી પૂછવા લાગ્યોઃ[૪] હે આચાર્ય! પવનના ઝપાટાથી કેળ કંપી ઉઠે તેમ આ પૃથ્વી પર્વતો સહિત શા કારણથી ડોલવા લાગી છે? અને આહુતિ આપ્યા છતાં આસુરી દેવતાઓ શા માટે અગ્નિ પાસેથી ભાગ લેતા નથી?[૫] હે ગુરુ! હે વિભો! સમુદ્રો શા કારણથી ખળભળી ઉઠયા? આકાશમાં નક્ષત્રો શા કારણથી પૂર્વની પેઠે ફરતાં નથી? દિશાઓમાં અંધારું શા કારણે વ્યાપી રહ્યું છે? મારો શો દોષ થયો છે તે કહો. કે જેથી આ બધું થાય છે[૬]

પુલસ્ત્ય બોલ્યાઃ—શુક્રાચાર્ય, બલિ રાજાનાં તે વચનો સાંભળીને, પોતે જે કારણો જાણતા હતા તે તેને કહેવા લાગ્યાઃ[૭] શુક્રાચાર્ય કહે છે;—હે દૈત્યેશ્વર!

જે કારણથી મંત્રથી આહુત થયા છતાં અગ્નિ, મહાઅસુરોને તેમનો ભાગ આપતો નથી, તે કારણ કહું છું તે સાંભળો. ખરેખર, વાસુદેવ ભગવાન્ આ તરફ આવે છે.[૮] તેમનાં પગલાંનો વેગ સહન ન થઈ શકવાથી પર્વતો સહિત પૃથ્વી ચલાયમાન થઈ છે, દિશાઓ અંધકારમય થઈ ગઈ છે અને સમુદ્રો ખળભળી ઉઠ્યા છે.[૯]

પુલસ્ત્ય બોલ્યાઃ—શુક્રાચાર્યનાં વચન સાંભળીને બલિરાજા, ધર્મ, સત્ય, પથ્ય તથા ઉત્સાહયુક્ત વચન બોલ્યો.[૧૦] બલિરાજા કહે છેઃ—હે ભગવન્! વાસુદેવ ભગવાન્ આવે એટલે ધર્મ, કાળ તથા અર્થયુક્ત મારે શું કરવું? મણિ, સુવર્ણ, રાજ્ય, પૃથ્વી, ધન વગેરે શું આપવું? મારા હિતનું અથવા તેમના હિતનું પથ્ય અને પ્રિય એવું મારે શું બોલવું? હે ગુરુ! એમાં જે શુભકારક હોય તે મને કહો. હું આપના કહ્યા પ્રમાણે જ કરીશ, બીજું કંઈ પણ કરીશ નહિ.[૧૧]

પુલસ્ત્ય બોલ્યા—દૈત્યનાથનું તે વચન સાંભળીને શુક્રાચાર્ય ભૂત ભવિષ્યનો વિચાર કરીને બોલ્યા.[૧૨] શુક્રાચાર્ય કહે છે—તેં અસુરોને યજ્ઞભાગી બનાવ્યા છે અને વેદે દેખાડેલા માર્ગ પ્રમાણે દેવો જે તેના ખરા ભાગી છે તેમને બહિષ્કૃત કર્યા છે. વેદના પ્રમાણથી દેવો જ ખરેખરા યજ્ઞભાગના ભોક્તા છે, તે કારણથી શ્રીહરિ અહીં આવે છે.[૧૩] હે દૈત્ય! તે યજ્ઞમાં આવે તે વખત શું કરવું તે તે પૂછ્યું તેથી કહું છું તે સાંભળ. તારે પૃથ્વી, સુવર્ણ અથવા ઘાસના તરણાના એક અગ્ર ભાગ જેટલી વસ્તુનું પણ તેમને દાન ન કરવું.[૧૪] અને માગે ત્યારે અર્થરહિત શાંત વચન કહેવું કે, "હે વિભો! જેના ઉદરમાં પૃથ્વી, સ્વર્ગ, રસાતલ આદિના ઈશ્વરો નિત્ય વસે છે; એવા તમને વર આપવાને કોણ સમર્થ છે?"[૧૫] બલિ બોલ્યોઃ—હે ભાર્ગવ! તમારા વચન પ્રમાણે યાચકને હું કદી પણ આપ્યા વગર રહી શકીશ નહિ. કોઈ હીનવૃત્ત અતિથિ આવ્યો હોય તો તેને પણ પાછો કહાડી શકું નહિ તો પછી સાક્ષાત્ પ્રભુ આવે છે તેમને આપ્યા વગર શી રીતે રહી શકું?[૧૬] હે મહર્ષે! જે જનાર્દન ભગવાન સૌ લોકના પતિ છે, તે જ માગવા આવે છે તો પછી તેમને "નથી" એમ હું શી રીતે કહી શકું? સત્પુરુષોએ એમ કહ્યું છે અને એમ સાંભળ્યું છે કે ચઢતીની ઇચ્છા રાખનારે બ્રાહ્મણોના ઉપર સદ્ભાવ રાખવો જોઇએ. અને હે બ્રાહ્મણશ્રેષ્ઠ! વ્યવહારમાં તે સત્ય પણ માલમ પડે છે.[૧૭-૧૮] પૂર્વના અભ્યાસથી માણસનાં મન, વાણી અને કાયાથી કરેલાં કર્મો, બીજી યોનિમાં જન્મ થયા છતાં પણ સ્ફુટ થાય છે.[૧૯] હે દ્વિજશ્રેષ્ઠ! પૂર્વે મલય પર્વત ઉપર કોશકારના છોકરાની જે વાત બનેલી, તે પુરાણી કથા શું તમે સાંભળી નથી?[૨૦] શુક્ર કહે છેઃ—હે મહાબાહો! કોશકારના છોકરાની પુરાણી કથા મને કહે. મને એનું બહુ કુતુહલ થાય છે.[૨૧] બલિ બોલ્યોઃ—આ યજ્ઞ પ્રસંગે હું તે કથા કહું છું તે સાંભળો. હે ભૃગુકુલોદ્ભવ! પૂર્વાભ્યાસથી તે મને યાદ આવે છે.[૨૨] મુદ્ગલ મુનિનો કોશકાર નામે પુત્ર હતો. તે જ્ઞાન વિજ્ઞાન પારંગત અને પ્રખ્યાત હતો. તથા મહાતપસ્વી હતો.[૨૩] તેની ધર્મિષ્ઠ

નામે સાધ્વી સ્ત્રી હતી. તે વાત્સ્યાયનની પુત્રી ધર્મશીલા અને પતિવ્રતા સતી હતી.[૨૪]
તે સ્ત્રીથી તેને પુત્ર થયો તે જડ જેવો હતો. અને મૂર્ખની પેઠે કંઈ બોલતો નહિ
તથા અંધની માફક કંઈ જોતો નહિ હતો.[૨૫] તે જડ જેવા મુંગા અને આંધળા
છોકરાને તેની મા બ્રાહ્મણી છઠ્ઠે દિવસે ઘરની બહાર દ્વાર પાસે મૂકી આવી.[૨૬]
એટલામાં શૂર્પાક્ષી નામે, મનુષ્યોને હરણ કરનારી દુરાચરણી રાક્ષસી પોતાના
દુર્બળ બાળકને લઇને ત્યાં આવી.[૨૭] પછી પોતાના સૂકા બાળકને ત્યાં મૂકી
તેને બદલે પેલા બ્રાહ્મણના પુત્રને લઇને તેને ખાઈ જવા વનમાં લઈ ગઈ.[૨૮]
તેને આવતી જોઈ તેનો ધણી ઘટોદર રાક્ષસ જે આંધળો હતો તે કહેવા લાગ્યો
કે, હે પ્રિયે ! તું આ શું લઈ આવી ?[૨૯] તે બોલી કે, હે રાક્ષસપતિ ! હું મારા
બાળકને કોશકાર બ્રાહ્મણને ઘેર મૂકી આવીને તેના પુત્રને લઈ આવી છું.[૩૦]
તે રાક્ષસે કહ્યું કે, હે ભદ્રે ! તેં આ સારું કર્યું નહિ. તે બ્રાહ્મણ મહાજ્ઞાની છે તે
ક્રોધિત થઇને આપણને શાપ આપશે,[૩૧] તેથી હે સુંદરિ ! આ બાળકને મૂકી
આવ, અને બીજા કોઇના પુત્રને જલદી લઈ આવ.[૩૨] એમ કહેવાથી તે ઇચ્છા
પ્રમાણે રૂપ ધરનારી ભયંકર રાક્ષસી આકાશમાં ઉડતી ત્યાંથી ચાલી ગઈ.[૩૩]
હવે પેલી રાક્ષસીએ પોતાના જે છોકરાને બ્રાહ્મણના બારણામાં મૂકયો હતો
તે, મુખમાં અંગુઠો ઘાલીને રડવા લાગ્યો.[૩૪] ઘણી વખત સૂધી તેને રડતો
સાંભળીને ધર્મિષ્ઠાએ પોતાના પતિને કહ્યું કે, હે મુનિશ્રેષ્ઠ ! તમારા પુત્રનો સુંદર શબ્દ
સાંભળો, તે બોલે છે તે જુઓ.[૩૫] તે તપસ્વિની એથી બીધી અને ઘરમાંથી
ચાલી ગઈ. પછી તે બ્રાહ્મણે તે બાળકને જઇને જોયો.[૩૬] તે વર્ણ, રૂપ
આદિમાં પોતાના પુત્રના જેવો જ હતો, તેથી કોશકાર હસીને પોતાની
સ્ત્રીને કહેવા લાગ્યો કે,[૩૭] હે ધર્મિષ્ઠે ! એ બાળકના શરીરમાં કોઈ ભૂતે પ્રવેશ
કર્યો જણાય છે. આપણને છળવાને પૃથ્વી ઉપર કોઈ આવ્યું હશે.[૩૮] એ પ્રમાણે
પોતાની સ્ત્રીને કહીને તે બ્રાહ્મણે પૃથ્વી ઉપર કુશથી કંઈ લખીને તે રાક્ષસ-
પુત્રને મંત્રવડે બાંધી લીધો.[૩૯] એ સમયમાં પેલી શૂર્પાક્ષી રાક્ષસી ત્યાં આવી
પહોંચી અને અંતર્ધાન થઇને તે બ્રાહ્મણના પુત્રને દૂરથી ઘરમાં ફેંકી દીધો.[૪૦]
તેણે ફેંકતાં જ કોશકારે તે બાળકને ઝીલી લીધો. પરંતુ તે રાક્ષસી પોતાના
પુત્રને મેળવી શકી નહિ.[૪૧] આમતેમ રખડીને તે પોતાના ધણી પાસે પાછી
ગઈ. અને પોતાનો પુત્ર ન મળી શકયો તે વાત તેને કહી.[૪૨] રાક્ષસી ગયા
પછી મહાત્મા બ્રાહ્મણ કોશકારે તે રાક્ષસપુત્ર પોતાની સ્ત્રીને આપ્યો[૪૩] અને
પોતાના છોકરાને પોતે જાતે સવત્સા કપિલા ગાયના દૂધથી, દહીંથી અને શેર-
ડીના રસથી ઉછેર્યો;[૪૪] એમ બંને બાળક વધવા લાગ્યા. પછી બંને સાત
વર્ષના થયા ત્યારે પિતાએ તેમનાં નામ નિશાકર અને દિવાકર એવાં પાડ્યાં.[૪૫]
તેમાં રાક્ષસપુત્ર તે દિવાકર અને પોતાનો પુત્ર તે નિશાકર નામથી વિખ્યાત થયો.
પછી તે બ્રાહ્મણે ક્રમપૂર્વક તેમની વ્રતબંધ ક્રિયા કરી.[૪૬] વ્રતબંધ કર્યા પછી

દિવાકર વેદપાઠ કરવા લાગ્યો. પરંતુ નિશાકર જડ હોવાથી બીલકુલ પાઠ કરી શક્યો નહિ.[૪૭] તેથી તેનાં માબાપ, ભાઈ, ગુરુ વગેરે સગાં તથા સૌ મલયવાસી જનો તેની નિંદા કરવા લાગ્યાં.[૪૮] તે ઉપરથી તેના પિતાએ ક્રોધ કરીને તે છોકરાને એક નિર્જળ કૂવામાં નાખી દીધો અને પછી તેની ઉપર એક મહા શિલા ઢાંકી દીધી.[૪૯] તે કૂવામાં તે ઘણાં વર્ષ સુધી પડી રહ્યો. તેમાં એક આમળાંનું ઝાડ હતું તેના ફળથી તેનું પોષણ થતું હતું.[૫૦] હે ભાર્ગવ! એમ કરતાં દશ વર્ષ વીતી ગયાં. પછી એક દિવસ તેની માતા તે કૂવા ઉપર ગઈ. ત્યાં તેણે તેના-પર શીલા ઢાંકેલી દીઠી.[૫૧] કૂવા ઉપર પર્વત જેવી મોટી શીલા ઢાંકેલી જોઇને તે ઉંચેથી બોલી કે, આ કૂવા ઉપર શીલા કોણે મૂકી?[૫૨] કૂવાની અંદર રહેલો નિશાકર પુત્ર માતાની એ વાણી સાંભળીને બોલ્યો કે, હે માતા! મારા પિતાએ આ કૂવા ઉપર શીલા મૂકેલી છે.[૫૩] તે ભય પામીને બોલી કે, એ અદ્ભુત સ્વર કાઢનાર કૂવામાં કોણ છે? તે બોલ્યોઃ—હું તારો પુત્ર નિશાકર છું.[૫૪] તે બોલી કેઃ—મારો પુત્ર તો દિવાકર નામે છે; નિશાકર નામે મારો કોઈ પુત્ર નથી.[૫૫] પછી તે બાળકે પ્રથમ બનેલી બધી વાત પોતાની માતાને કહી સંભળાવી અને પૂર્વે તે તેનો પુત્ર હતો તે જણાવ્યું.[૫૬] તે સાંભળીને તે સુભ્રૂ બ્રાહ્મણીએ તે શિલા ત્યાંથી ઉંચકીને દૂર ફેંકી દીધી, પછી તે બ્રાહ્મણપુત્ર કૂવામાંથી નિ-કળીને માતાને ચરણે નમ્યો.[૫૭] પછી તે ધર્મિષ્ઠા પોતાને અનુરૂપ પુત્રને જોઇને તેને લઇને પતિ પાસે ગઈ.[૫૮] પછી પોતાના પતિને પુત્રનું સઘળું ચરિત્ર કહી બતાવ્યું. એટલે પછી તે બ્રાહ્મણે પુત્રને પૂછ્યું કે આમ થવાનું કારણ શું? જે પૂર્વે થયું હોય તે મને કહે. મને એનું બહુ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. પિતાનું એ વચન સાંભળીને તે બુદ્ધિમાન્ પુત્ર, દ્વિજોત્તમ પિતા કોશકારને અને માતાને કહેવા લાગ્યો.[૫૯-૬૦]

નિશાકર બોલ્યોઃ—હે તાત! હે અનઘ! જેથી મને મુગાપણું આવ્યું તથા જડત્વ અને આંખે અંધત્વ પ્રાપ્ત થયું તેનું કારણ સાંભળો.[૬૧] હે વિપ્ર! પૂર્વે મેં વૃંદારકના કુલમાં વૃષાકપિના પુત્રરૂપે માલાના ગર્ભમાં જન્મ લીધો હતો.[૬૨] ત્યાં મારા પિતાએ મને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારાં સર્વ શાસ્ત્ર, ઇતિ-હાસ તથા વેદ ભણાવ્યા.[૬૩] હું મહાજ્ઞાની તથા સર્વશાસ્ત્રવિશારદ થયો. તેથી હું મદાંધ થયો અને દુષ્કર્મ કરવા લાગ્યો.[૬૪] મદથી મને લોભ ઉત્પન્ન થયો, લોભથી મારી હુશીયારી નાશ પામી, એથી વિવેક નાશ પામ્યો અને તેથી મને મોહ ઉત્પન્ન થયો.[૬૫] એ પ્રમાણે મૂઢભાવ પ્રાપ્ત થવાથી હું પાપકર્મ કરવા લાગ્યો અને પરસ્ત્રી તથા પારકાં ધનમાં હંમેશાં મારું મન રહેવા લાગ્યું.[૬૬] પરસ્ત્રી-ગમન અને પરધનહરણ કરતાં કરતાં મારું મૃત્યુ થયું. પછી હું રૌરવ નરકમાં પડ્યો.[૬૭] હજાર વર્ષ સુધી નરકયાતના ભોગવી, શેષ રહેલાં પાપને યોગે જંગ-લમાં જનાવરોને મારી નાખનારા સિંહનો પાપી અવતાર મને આવ્યો.[૬૮] પછી

હું વાઘ થયો અને રાજાએ મને પકડી પાંજરામાં પૂર્યો અને પછી પોતાના નગરમાં લઈ ગયો.[૬૯] હું વાઘ થઇને બંધન પામ્યો અને પાંજરામાં પૂરાયો તે છતાં ધર્મ, અર્થ અને કામના શાસ્ત્રોનું મારું જ્ઞાન નષ્ટ થયું નહિ.[૭૦] પછી એક દિવસ તે રાજા હાથમાં ગદા લઈ એક વસ્ત્ર પહેરી નગરથી બહાર ગયો.[૭૧] તેની અજિતા નામે સ્ત્રી રૂપમાં અપ્રતિમ હતી, તે પોતાનો પતિ બહાર ગયો એટલે મારી પાસે આવી.[૭૨] તેને જોઇને પૂર્વના અભ્યાસથી મારું ચિત્ત વિકારવશ થયું. કારણ કે મેં કામશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો, તેથી મેં તેને કહ્યું.[૭૩] હે રાજપુત્રિ! સુકલ્યાણિ! નવયૌવનશાલિનિ! જેમ કોકિલા પોતાના અવાજથી ચિત્ત હરણ કરે છે, તેમ તેં મારું ચિત્ત હરણ કર્યું છે.[૭૪] તે પાતળી કેડવાળી એ વચન સાંભળીને બોલી કે, હે વાઘ! આપણા બેની વચ્ચે રતિયોગ શી રીતે બને?[૭૫] તે પછી હે તાત! મેં રાજપુત્રીને કહ્યું કે, તું દ્વાર ઉઘાડ એટલે હું સત્વર બહાર નિકળીશ.[૭૬] તેણે કહ્યું કે, હે વ્યાઘ્ર! હમણાં લોકો જુએ છે, હું રાત્રે દ્વાર ઉઘાડીશ અને પછી આપણે ઇચ્છા મુજબ રમીશું.[૭૭] મેં તેને કહ્યું કે, મારાથી કાલક્ષેપ સહન કરી શકાશે નહિ. માટે બારણું ઉઘાડ અને મને બંધનમાંથી મુક્ત કર![૭૮] તે પછી ઉત્તમ નિતંબવાળી તે સ્ત્રીએ ધીમેથી બારણું ઉઘાડયું. દ્વાર ઉઘાડયું એટલે એક ક્ષણમાં હું બહાર નિકળ્યો.[૭૯] હું બળવાન્ હતો તેથી સાંકળો વગેરે બંધનો મેં તોડી નાખ્યાં, અને તે રાજાની સ્ત્રીને પકડીને તેની સાથે રમવાની ઇચ્છા કરી.[૮૦] પણ તે રાજાના નોકરો મહાપરાક્રમી હતા તેમણે મને છૂટેલો જોયો. તે બધા હથિયાર લઇને આવ્યા અને મારી આસપાસ ફરી વળ્યા.[૮૧] પછી મને ડંગોરાથી ખૂબ માર્યો અને ભારે સાંકળોથી બાંધી લીધો. બંધાયા પછી મેં તેમને કહ્યું કે અરે, મને શામાટે મારો છો? તમે મને મારી નાખશો નહિ.[૮૨] પણ પછી તેઓએ મારું વચન સાંભળી વડના ઝાડ સાથે મને બાંધીને મારી નાખ્યો.[૮૩] એ પ્રમાણે પરસ્ત્રીના સેવનથી ફરીથી હું નરકમાં પડ્યો. અને હજાર વર્ષ નરક દુઃખ ભોગવી ધોળા ગધેડાનો મારો જન્મ થયો.[૮૪] ઘણી સ્ત્રીઓ પરણેલો અગ્નિવેશ્ય નામે એક બ્રાહ્મણ હતો તેને ઘેર હું રહ્યો. ત્યાં પણ મને બધી વિદ્યાઓનું જ્ઞાન હતું.[૮૫] ત્યાં તે બ્રાહ્મણની સ્ત્રીઓ આદરથી મને વાહન બનાવી મારા ઉપર બેસીને ફરતી હતી. એક વખત નવરાષ્ટ્ર દેશની વિમતિ નામે તેની સ્ત્રીને પોતાના બાપને ઘેર જવાની ઇચ્છા થઈ. તેને તેના પતિએ કહ્યું કે, આ ગધેડા ઉપર બેસીને જા.[૮૬-૮૭] એક માસ પછી પાછી આવજે, તેથી વધારે રહિશ નહિ. પતિએ એ પ્રમાણે કહ્યું, એટલે તે કોમલાંગી ગધેડા ઉપર બેસીને ગઈ.[૮૮] હે મુને! પછી તે મને બંધનથી છોડીને મારા ઉપર બેસીને ચાલી. અર્ધે રસ્તે ગયા પછી તે તન્વી મારા શરીર ઉપરથી નીચે ઉતરી.[૮૯] અને નદીમાં સ્નાન કરવા ગઈ. તે સ્વરૂપવતીને ભીનાં વસ્ત્રવાળી સર્વ અંગે સુંદર જોઇને મારું મન

વિકારવશ થયું.૯૦ પછી હું તેના ઉપર ધસ્યો એટલે તે એકદમ પૃથ્વી ઉપર પડી ગઈ. તેના ઉપર હું આતુર થઇને પડ્યો.૯૧ તે વખતે તેની પાછળ આવનારા પુરુષોએ મને જોયો. તેઓ લાકડી લઈ ઉતાવળા મારા તરફ દોડ્યા.૯૨ તેમના ભયથી તે સ્ત્રીને છોડીને હું દક્ષિણ તરફ મુખ કરીને નાઠો. પછી નાસતાં નાસતાં મોઢાંની લગામ ભરાઈ જવાથી પ્રાણનો નાશ થવાને લીધે હું પડ્યો અને તેનામાં આસક્ત થએલો એવો હું, છ દિવસમાં મરણ પામ્યો.૯૩-૯૪ પછી હું નરકમાં પડ્યો અને તેમાંથી મુક્ત થયા પછી પોપટ જન્મ્યો. પછી મોટા જંગલમાં એક ભીલે મને પકડી બાંધ્યો.૯૫ પછી મને પાંજરામાં ઘાલીને એક વણિક્‌પુત્રને ત્યાં વેચ્યો. તેણે પોતાના અંતઃપુરમાં પોતાની જુવાન સ્ત્રીઓ પાસે મને સર્વશાસ્ત્રવિશારદ અને દોષઘ્ન જાણીને મૂક્યો; ત્યાં તરુણીઓ મને ભાત તથા પાકાંપાકાં દાડમનાં ફળો રોજ ખવડાવતી હતી. એક દિવસ, કમળના જેવી આંખો વાળી, શ્યામા, ઘટ્ટ સ્તનવાળી, ઉત્તમ નિતંબવાળી, પાતળી કેડવાળી, ચંદ્રાવળી નામે હસમુખી સુંદર વણિક્‌પુત્રીએ પાંજરામાંથી મને બહાર કાઢ્યો. અને પછી મને પોતાના પીન પયોધર ઉપર બેસાડ્યો.૯૬-૧૦૦ એટલે પછી હું વિલાસ કરવાના ભાવથી તેના ઉપર કૂદવા લાગ્યો. તેથી કૂદતાં કૂદતાં હું મર્કટહારના બંધનમાં આવી ગયો.૧૦૧ ત્યાં હું પાપી મરણ પામ્યો, અને ફરીથી પાછો હું દુર્મતિ નરકમાં પડ્યો.૧૦૨ નરકમાંથી મુક્ત થયા પછી હું ચાંડાલને ત્યાં બળદ થઇને જન્મ્યો. પછી એક દિવસ તે મને ગાડે જોડીને પોતાની સ્ત્રીને સાથે લઈ વનમાં જવા તૈયાર થયો. ચાંડાળ આગળ ગયો અને તેની વિલાસિની સ્ત્રી પાછળ જતી હતી.૧૦૩-૧૦૪ તે ગાતી ગાતી આવતી હતી. તેનું ગાયન સાંભળીને મારી ઇંદ્રિયો વિકલ થઈ ગઈ. તેને પાછળ જોઇને હું આકુળવ્યાકુળ થઈ ગયો.૧૦૫ પછી જમીનપર પડી જઈ ક્ષણે ક્ષણે વિભ્રમ થવાથી અને ગળે જોતરું બાંધેલું તેનો ટુંપો આવવાથી છેવટે હું મરણ પામ્યો.૧૦૬ ફરીથી પાછો હું એક હજાર વર્ષ સુધી નરકમાં પડ્યો. છેવટે હે તાત! તમારે ઘેર જન્મ પામ્યો છું. મને જાતિસ્મરણ છે, અને પ્રથમથી આજ સુધીના બધા જન્મનું ક્રમશઃ મને જ્ઞાન છે.૧૦૭ પૂર્વના અભ્યાસથી મને બધાં શાસ્ત્રનું જ્ઞાન છે, તેથી હું જાણીને અથવા અજાણતાં પણ હવે મન, વાણી અને કર્મથી પાપ કરીશ નહિ. શુભ અથવા અશુભનું મને જ્ઞાન છે. હું શાસ્ત્ર અને સ્વાધ્યાયથી આજીવિકા ચલાવીશ.૧૦૮-૧૦૯ બંધન અથવા વધ પૂર્વાભ્યાસથી જ થાય છે. હે તાત! જ્યારે માણસને પોતાને પૂર્વની જાતિનું સ્મરણ થાય છે, ત્યારે તે પાપોથી નિવૃત્તિ પામે છે.૧૧૦ તેથી હે મુને! હું મારાં પાપનો ક્ષય થવાને અને પુણ્ય વધારવાને અરણ્યમાં જઈશ. આ સુપુત્ર દિવાકીર્તિને ગૃહસ્થધર્મમાં નિયુક્ત કરો.૧૧૧ બલિ રાજા બોલ્યો:—એ પ્રમાણે કહીને તે નિશાકર, માતાપિતાને પ્રણામ કરી ભગવાન્ નારાયણના આદિસ્થાન પરમ પુણ્યમય બદરિકાશ્રમને વિષે ગયો.૧૧૨

એ પ્રમાણે પૂર્વના અભ્યાસથી માણસનાં દાન અધ્યયન આદિ કાર્યો થાય છે. તેથી હે દ્વિજવર્ય! મેં પણ પૂર્વે દાનાદિનો અભ્યાસ કર્યો હતો તેથી જ હું કહું છું.[113] હે મહર્ષે! દાન, તપ, અધ્યયન; ચોરી તથા અગ્નિદાહ આદિ મહાપાતક; ધર્મ, અર્થ યશ અને જ્ઞાન એ વગેરે સર્વ પૂર્વના અભ્યાસને લીધે જ થાય છે. બીજી રીતે નહિ.[114] એ પ્રમાણે તે બળવાન્ દૈત્યે પોતાના ગુરુ શુક્રાચાર્યને કહ્યું. પછી તે મધુકૈટભારિ એવા ચક્રપાણિ તથા ગદા અને ખડ્ગ ધારણ કરનાર શ્રીનારાયણ ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો.[115]

इत्येवमुक्तोबलवान्सशुक्रं दैत्येश्वरः स्वं गुरुमीशितारम् ॥
ध्यायंस्तदा त मधुकैटभारिं नारायणं चक्रगदासिपाणिम् ॥ ११५ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'શુક્ર બલિ સંવાદ' નામે એકાણુમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૨ મો.

બલિરાજાને બંધન.

पुलस्त्य उवाच–एतस्मिन्नंतरे प्राप्ते भगवान्वामनाकृतिः ।
यज्ञवाटसमीपे स उच्चैर्वचनमब्रवीत् ॥ १ ॥

પુલસ્ત્ય બોલ્યા–એ અવસરમાં વામનાકૃતિ ભગવાન્ યજ્ઞવાટની સમીપે આવીને ઉચે સ્વરે બોલ્યા.[1] ૐકાર પૂર્વક શ્રુતિઓ તપોધનોરૂપે આ યજ્ઞમાં વિરાજમાન થયેલી છે, અને સર્વ યજ્ઞોમાં અશ્વમેધ યજ્ઞ શ્રેષ્ઠ છે, તો હે દૈત્યનાથ! જે યોગ્ય હોય તે કર.[2] એ વચન સાંભળીને જિતેન્દ્રિય દાનવાધિપતિ, જ્યાં વામન ભગવાન્ ઉભા હતા ત્યાં અર્ઘ્યપાત્ર લઇને આવ્યો.[3] પછી તે દેવદેવેશ ભગવાનનું વિધિપૂર્વક પૂજન કરીને બલિરાજ બોલ્યો કે, હે ભગવન્! હે માનદ! બોલો, હું તમને શું આપું ?[4] પછી ઘણા વખત સૂધી ભરદ્વાજમુનિ તરફ જોઇને હસીને અવિનાશી મધુરિપુ ભગવાન્ દૈત્યરાજને કહેવા લાગ્યા.[5] મારા ગુરુના ગુરુ છે, તેમણે અગ્નિનો પરિગ્રહ કરેલો છે, તે અગ્નિને પારકી ભૂમિમાં તે ધારણ કરતા નથી. હે દાનવરાજ! તેમને માટે હું યાચના કરું છું કે, મારા શરીરના પ્રમાણથી ત્રણ ડગલાં ભૂમિ મને દાન કરો.[7] મુરારિ ભગવાનનું એ વચન સાંભળીને બલિરાજા પોતાની સ્ત્રી તથા પુત્ર બાણના સામુ જોઇને આ પ્રમાણે વચન બોલ્યો.[8] આ કેવળ પ્રમાણવડે કરીને જ વામન નથી, પણ લઘુ પ્રિય છે. જેથી કરીને એમણે મારા જેવાની પાસે પણ ત્રણ ડગલાંની યાચના કરી છે.[9] દિવ્ય પુણ્યોવડે બહિષ્કૃત કરાયલા અલ્પ બુદ્ધિના માણસોને વિધાતા ઘણું કરીને વધારે ધન આપતા નથી. એ જ કારણથી આ વિષ્ણુએ વધારે પ્રયાસ કર્યો નથી.[10] જેનું ભાગ્ય ઉલટું છે, તેને પ્રભા આપતા નથી. અરે! મારા જેવો દાતાર છતાં આ ફક્ત

ત્રણ જ ડગલાં જમીન માગે છે.[૧૧] એમ કહીને મહાત્મા બલિ કહેવા લાગ્યો કે, હે વિષ્ણો! હાથી, ઘોડા, જમીન, દાસી, સુવર્ણ, વગેરે જેની ઇચ્છા હોય તે માગો.[૧૨] હે પ્રભુ! આપના જેવો યાચક છે અને મારા જેવો જગત્પતિ દાતા છે, ત્યાં મને ત્રણ ડગલાં જમીન આપવાને શું શરમ ન આવે?[૧૩] હે વામન! રસાતલ, પૃથ્વી, કે સ્વર્ગ; એમાંથી જે જોઇએ તે આપીશ. માટે સ્વસ્થ ચિત્ત થઇને માગો.[૧૪] વામન બોલ્યા:—હે રાજન્! હાથી, ઘોડા, પૃથ્વી, સુવર્ણ આદિ જે તેની યાચના કરતુ હોય તેને આપ. મારે તો ત્રણ ડગલાં ભૂમિ જોઇએ છે, તે જ મને આપ.[૧૫] મહાત્મા વામનજી એ પ્રમાણે વચન બોલ્યા એટલે બલિ રાજાએ પાણીની ઝારી મંગાવીને વિષ્ણુનાં ત્રણ ડગલાં જમીનનું દાન વામનજીને કર્યું.[૧૬] હાથમાંથી સંકલ્પનું પાણી પડતાં જ વામનજીએ ત્રિલોકનું આક્રમણ કરે એવું વજ્રરૂપ જગન્મય દિવ્યરૂપ ધારણ કર્યું.[૧૭] બે પગ તે પૃથ્વી, ત્રિલોકવંદિત આકાશ તે બે જંઘાઓ, સત્યલોક ને તપલોક તે બે ઘુંટણ, બે ઉરુપ્રદેશ તે મેરુ અને મંદરાચળ પર્વત;[૧૮] કટિભાગે વિશ્વેદેવો, બસ્તિ અને શીર્ષ પ્રદેશને વિષે મરુત્ ગણ, લિંગને વિષે કામદેવ અને વૃષણને વિષે પ્રજાપતિ;[૧૯] કુક્ષિને વિષે સાત સમુદ્રો, જઠરને વિષે ભુવનો, ત્રિવલિને વિષે નદીઓ અને અંતર્જઠરને વિષે યજ્ઞો રહેલા છે.[૨૦] ઇષ્ટાપૂર્તિ આદિ સર્વ ક્રિયાઓ, મંત્રો અને વસુદેવતાઓ પૃષ્ઠભાગને વિષે અને સ્કંધ પ્રદેશને વિષે રુદ્ર રહેલા છે.[૨૧] બાહુને વિષે સર્વ દિશાઓ અને હાથને વિષે આઠ વસુઓ, હૃદયને વિષે બ્રહ્મા અને હૃદયના અસ્થિઓને વિષે વજ્ર રહેલું છે.[૨૨] ઉરસ્થાનને વિષે શ્રીસહસ્ર, અને મનને વિષે ચંદ્રમા રહેલા છે. દેવમાતા અદિતિ ગ્રીવાને વિષે અને વલયમાં વિદ્યા રહેલી છે.[૨૩] અગ્નિ સહિત બ્રાહ્મણો મુખને વિષે, ઓષ્ઠોને વિષે સંસ્કારો, તથા શાસ્ત્રો સહિત ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રહેલા છે.[૨૪] લક્ષ્મી લલાટમાં, અને અશ્વિની કુમારો બે કાનમા રહેલા છે. શ્વાસને વિષે વાયુ અને સર્વ સંધિઓમાં મરુતો રહેલા છે.[૨૫] દંતો તે સર્વ સૂક્તોને સ્થાને અને સરસ્વતી દેવી જીભને વિષે રહેલી છે. બે નયનને વિષે ચંદ્ર તથા સૂર્ય અને કૃત્તિકા આદિ નક્ષત્રો છે.[૨૬] દેવદેવની ભ્રુકુટી વચ્ચે વિશાખા, રોમકૂપોને વિષે તારાઓ અને રોમોને સ્થાને મહર્ષિઓ રહેલા છે.[૨૭] એ પ્રમાણે ગુણોવડે સર્વમય થઈ ભૂતભાવન ભગવાને એક પગલાવડે જ સચરાચર આખા જગતનું આક્રમણ કરી લીધું.[૨૮] પછી એ મહારૂપધારીએ ઉંચું ડગ ભર્યું એટલે તેમની જમણી બાજુએ ચંદ્ર અને ડાબી બાજુએ સૂર્ય આવી રહ્યો.[૨૯] પછી ત્રીજું પગલું ભરતાં અરધા પગલામાં જ ભગવાને સ્વર્, મહર્, જન અને તપલોક, તથા અરધામાં આખું આકાશ ભરી લીધુ.[૩૦] પછી ભગવાન્ ખૂબ વધ્યા અને બ્રહ્માંડના ઉદરનું આક્રમણ કરી નિરાલોક* સુધી પહોંચ્યા.[૩૧] આખા વિશ્વમાં ડગ ભરતાં આકાશનું કટાહ ભેદી નાખ્યું. તે વખતે કુટિલા ગંગા નદી વ્યાકુળ થઈ

* નિજલોક–સત્યલોક.

વિષ્ણુના ચરણકમળમાંથી વહેવા લાગી.[૩૨] તે વખતથી તપસ્વીઓ તેની વિષ્ણુપદી નામથી સ્તુતિ કરે છે. આટલું છતાં પણ ભગવાનનું ત્રીજું પગલું ભરવાનું બાકી રહ્યું.[૩૩] પછી ભગવાન્ બલિરાજા પાસે આવીને ક્રોધથી ધ્રુજતા અધરે બોલ્યા: હે દૈત્યેન્દ્ર! માથે દેવું બાકી રહે છે તો ભયંકર બંધનનાં દર્શન થાય છે, તેથી મારું ત્રીજું પગલું પૂરું કર, અથવા બંધન કબુલ કર.[૩૪] મુરારિ ભગવાનનાં એ વચન સાંભળીને બલિપુત્ર બાણ હસીને હેતુયુક્ત વચન બોલ્યો.[૩૫] બાણાસુર કહે છે:—હે જગત્ પતિ! તમામ ભુવનેશ્વરોના કર્તા તમે જાતે છો, છતાં પૃથ્વીને આટલી નાની બનાવી અને હવે આવા મોટા વિસ્તારવાળી પૃથ્વીની શી રીતે માગણી કરો છો? જો એમ હતું તો પ્રથમથી જ પૃથ્વીને મોટી શા માટે ન રચી?[૩૬] હે વિભો! તમે ભુવનોની વચ્ચે જેટલી મોટી પૃથ્વી બનાવી, તેટલી બધી મારા પિતાએ તમને આપી દીધી છે, તો પછી મારા પિતાને વાણીના છળથી હવે કેમ બાંધી લો છો?[૩૭] જેને માટે તમે પ્રથમ અશક્ત હતા, તેને માટે આ દૈત્યપતિ પણ અશક્ત છે. તેથી હે મુરારિ! મારા પિતાએ આપની જે પૂજા કરી છે તેનાથી પ્રસન્ન થાઓ, અને તેને બંધન ન કરો.[૩૮] હે ઈશ! આપે વેદમાં કહ્યું છે કે, પવિત્ર દેશ, કાળ અને પાત્રને વિષે જે દાન કર્યું હોય તે સુખદાયી થાય છે. તે જ પ્રમાણે આ વખતે આપને દાન કરવામાં આવેલું છે.[૩૯] પૃથ્વીનું દાન તે સર્વ કામનાઓ પૂર્ણ કરનાર છે, આપના જેવા અજિતાત્મા દેવના દેવ તે પાત્ર છે, મૂળ અને જ્યેષ્ઠા નક્ષત્રના યોગમાં ચંદ્રમા છે, તેથી શુભ કાળ છે; અને કુરુક્ષેત્ર એ પ્રસિદ્ધ પુણ્ય દેશ છે.[૪૦] આપના જેવા દેવને મારા જેવા બુદ્ધિહીને સારી અથવા નઠારી શિક્ષા આપવી એ શું યોગ્ય છે? આપ જાતે જ વેદના આદિકર્તા છો; અને જગતની સત્ અસત્ વ્યવસ્થા કરનારા છો.[૪૧] તમે પોતે નાનું પ્રમાણ કરીને ત્રણ પગલાં પૃથ્વી માગી અને હવે હે વિભો! લોકને વંદન કરવા યોગ્ય મોટું રૂપ ધારણ કરીને માગો છો એ શું?[૪૨] આજ આપે ત્રણ ડગલાંવડે આખા જગતને વ્યાપ્ત કર્યું તેમાં કંઈ આશ્ચર્ય નથી. હે લોકનાથ! આપ તો આખી પૃથ્વીને એક જ પગલાથી ઉલ્લંઘન કરવા સમર્થ છો.[૪૩] હે માધવ! પદ્મનાભ! તમે પોતે પૃથ્વીને પ્રમાણ વગરની બનાવી છે. હે વિષ્ણો! હવે બલિને શા માટે બંધન કરો છો? અથવા આપ વિભો છો, જે ઇચ્છામાં આવે તે કરો.[૪૪]

પુલસ્ત્યમુનિ બોલ્યા:—બલિ રાજાના બળવાન્ પુત્રે એ પ્રમાણે કહ્યું એટલે આદિકર્તા જનાર્દન ભગવાન કહેવા લાગ્યા.[૪૫] ત્રિવિક્રમ કહે છે:—હે બલિપુત્ર! હમણાં તેં જે વચનો કહ્યાં, તેનો હેતુયુક્ત ઉત્તર કહું છું તે સાંભળ.[૪૬] પ્રથમ મેં તારા પિતાને કહ્યું કે મારા પ્રમાણથી ત્રણ ડગલાં પૃથ્વી આપ, તો હવે તે પ્રમાણે આપવું જોઇએ.[૪૭] તારો દૈત્ય પિતા બલિ શું પ્રમાણ જાણતો નથી? તેણે નિઃશંકપણે મારા માપનાં ત્રણ ડગલાં આપવાનું કહ્યું છે.[૪૮] ખરેખર એકજ ડગલાથી હું ભૂર્ભુવાદિક લોકને ઉલ્લંઘી શકું છું, પરંતુ બલિના હિતને માટે જ મેં એ

ડગલાં ભર્યાં છે.[૪૯] હે બલિપુત્ર! તારા પિતાએ મારા હાથમાં પાણી મૂક્યું તે કારણથી એનું આયુષ્ય એક કલ્પનું થશે.[૫૦] એ પ્રમાણે બલિપુત્ર બાણને કહીને ત્રિવિક્રમ ભગવાન્ બલિ રાજા પાસે આવ્યા અને મધુર વચન કહેવા લાગ્યા.[૫૧] શ્રીભગવાન્ બોલ્યાઃ—હે રાજન્! દક્ષિણાની પૂર્ણતાને લીધે સુતલ નામે પાતાલમાં જા અને ત્યાં રોગ રહિત થઇને રહે.[૫૨] બલિ બોલ્યોઃ—હે નાથ! સુતલમાં વસવાથી મને અક્ષય ભોગો શી રીતે મળશે? કે જેથી કરીને હું નિરામય રહી શકું.[૫૩] ત્રિવિક્રમ ભગવાન્ બોલ્યાઃ—હે દૈત્યેન્દ્ર! સુતલમાં રહેવાથી તને જે મહા અમૂલ્ય ભોગો મળશે તે કહું છું તે સાંભળ.[૫૪] વિધિ વગર કરેલાં દાન, અશ્રોત્રિય બ્રાહ્મણથી કરેલાં શ્રાદ્ધ તથા બ્રહ્મચર્ય રહિત કરેલો વિદ્યાભ્યાસ એ સૌનું ફળ તને મળશે.[૫૫] તે જ પ્રમાણે ઇંદ્રનો મહોત્સવ થયા પછી દીપપ્રદાન નામે તારો બીજો ઉત્સવ થશે.[૫૬] તેમાં રાજાઓ ખુશ થઈ, પુષ્ટ થઈ, અને સારા અલંકાર ધારણ કરીને પુષ્પ અને દીપના પ્રદાનથી યત્નપૂર્વક તારી પૂજા કરશે.[૫૭] તારા નામના ચિહ્નવાળો તે ઉત્સવ લોકમાં મુખ્ય થશે. તારા રાજ્યમાં હાલ જેમ ઉત્સવ થાય છે તેમ તે ઉત્સવ ભવિષ્યમાં કૌમુદી મહોત્સવ ગણાશે.[૫૮] મધુસૂદન ભગવાને એ પ્રમાણે કહીને દૈત્યેશ્વરને સ્ત્રી તથા પુત્ર સહિત વિદાય કર્યો અને પછી પોતે પણ પૃથ્વીને લઇને ઈંદ્ર, બ્રહ્મા તથા દેવતાઓ સહિત વિદાય થયા.[૫૯] પછી ઇંદ્રને સ્વર્ગ આપ્યું અને દેવોને યજ્ઞભાગના ભોક્તા બનાવ્યા. અને પછી ઇંદ્રાદિ દેવો દેખતાં જ પોતે અંતર્ધાન થઈ ગયા.[૬૦] વાસુદેવ ભગવાન્ સ્વર્ગમાં ગયા પછી અસુરોનાં મોટાં બળવડે, શાલ્વે સૌભ નામે પ્રસિદ્ધ નગર વસાવ્યું અને પછી ઇચ્છાનુસાર અંતરિક્ષમાં ચાલ્યો ગયો.[૬૧] મહાત્મા મયદાનવે પણ ઇચ્છાપૂર્વક સુવર્ણ, તાંબુ, અને લોહથી ત્રિપુર નામે સુખપ્રદ નગર બનાવ્યું, અને પછી તારકાસુર તથા વૈદ્યુતાસુર અને પોતાની સ્ત્રી તથા મિત્રો સાથે તેમાં પોતે રહેવા લાગ્યો.[૬૨] ભગવાન્ સ્વર્ગમાં ગયા અને બલિરાજા રસાતલમાં બંધન પામ્યો, તે પછી બાણાસુર પણ પૃથ્વી ઉપર શોણિત નામે ગુપ્ત નગર વસાવીને દાનવેન્દ્રો સહિત રહેવા લાગ્યો.[૬૩] એ રીતે પૂર્વે વામનરૂપધારી ચક્રધર વિષ્ણુએ ઇન્દ્રનું પ્રિય કરવા, દેવતાઓનાં કાર્યને માટે અને વિપ્ર, ધર્મ, ગાય તથા બ્રાહ્મણના હિતને માટે બલિરાજાને બાંધ્યો હતો.[૬૪] હે મહર્ષે! વામન ભગવાનનો પાપહારી, પવિત્ર અને પુણ્યપ્રદ પ્રાદુર્ભાવ મેં તમને કહ્યો. તે સાંભળવાથી, કહેવાથી અને સ્મરણ કરવાથી પાપનો નાશ થાય છે. અને પુણ્ય પ્રાપ્ત થાય છે.[૬૫] એ પ્રમાણે જે રીતે પુણ્યકીર્તિ બલિરાજા બંધાયો એવું વામન ભગવાનનું ચરિત્ર મેં તમને કહ્યું. હે વિપ્ર! હવે બીજું જે કંઇ સાંભળવાની ઇચ્છા હોય તે કહો. હે બ્રહ્મન્! હું તે સંપૂર્ણ કહીશ.[૬૬]

एतत्प्रोक्तं वामनीयं चरित्रं बद्धो बलिः पुण्यकीर्तिर्यथासौ ।
यच्चैवान्यच्छ्रोतुकामोऽसि विप्र तत्ते वक्ष्ये वद हि ब्रह्मन्नशेषम् ॥ ६६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'બલિબંધન' નામે બાણુમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૩ મો.

વામનજીનું પ્રકટ્ય.

नारद उवाच—श्रुतं यथा भगवता बलिर्बद्धो महात्मना ॥
किमन्यत्त्विह प्रष्टव्यं तच्छ्रुत्वा कथयामि ते ॥ १ ॥

નારદજી બોલ્યા:—મહાત્મા વામન ભગવાને બલિ રાજાને જે રીતે બાંધ્યો તે મેં સાંભળ્યું. હવે બીજું જે પૂછવાનું છે તે કહું છું.[1] હે તાત! વિષ્ણુ ભગવાન્ દેવરાજ ઈંદ્રને સ્વર્ગ આપ્યા પછી અંતર્ધાન થઈ ગયા પછી તે ક્યાં ગયા ?[2]

પુલસ્ત્ય બોલ્યા;—બ્રહ્માએ શ્રીહરિની વિધિપૂર્વક પૂજા કરીને પછી તેમને પુછ્યું કે, હે ભગવન્! તમે ઘણે લાંબે કાળે કેમ આવ્યા ?[3] જગત્સ્વામી ભગવાન્ બોલ્યા કે, હે સ્વયંભો! દેવતાઓના શત્રુના ભોગને માટે બલિના બંધનરૂપ મેં બહુ મોટું કામ કર્યું છે.[4] એ સાંભળીને પિતામહ બ્રહ્મા અંતઃકરણમાં પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે એ શી રીતે આપે કર્યું તે મને બતાવો.[5] એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન્ ગરુડધ્વજે બ્રહ્માને પોતાનું સર્વ દેવમય તે લઘુરૂપ બતાવ્યું.[6] તે પુંડરીકાક્ષ ભગવાનને હજારો યોજન વિસ્તારવાળા અને તેટલા જ પ્રમાણમાં ઉંચા એવા રૂપે જોઈને બ્રહ્મા તેમને પ્રણામ કરવા લાગ્યા.[7] અને સાધુ સાધુ—બહુ ઉત્તમ કર્યું, એમ કહી બ્રહ્મા તે દેવાધિદેવને વિષે ભક્તિમાન્ થઈ તેમની સ્તુતિ કરતા સ્તોત્ર બોલ્યાઃ ૐનમસ્તે. હે દેવાધિદેવ! વાસુદેવ! એકશૃંગ! બહુરૂપ! વૃષાકપે! ભૂતભાવન! સુરાસુરવૃષ! સુરાસુરમથન! સુરપતિવાસ! સુરનિર્માણ! અવિઘ્ન! કપિલ! મહાકપિલ! વિષ્વક્સેન! નારાયણ! ધ્રુવધ્વજ! ભાલધ્વજ! વૈકુંઠ! પુરુષોત્તમ! વરેણ્ય! વિષ્ણો! અપરાજિત! જય! જયંત! વિજય! કૃતાવર્ત! મહાદેવ! અનાદિ! અનંત! અનાદ્યન્તમધ્યનિધન! પુરંજય! ધનંજય! સુરસ્તુત! પૃથુશ્રવ! પ્રશ્નિગર્ભ! હિરણ્યગર્ભ! કમલગર્ભ! કમલાયતાક્ષ! કમલાલયાપ્રિય! વૃષ્ણિમૂલ! ભૂતાધિવાસ! વર્ગાધ્યક્ષ! ગંગાધર! શ્રીધર! વનમાલાધર! લક્ષ્મીધર! ધરણીધર! પદ્મનાભ! વિરિંચે! આર્ષ્ટિષેણ! સેનાધ્યક્ષ! પરિષ્ટુત! બહુકલ્પ! મહાકલ્પ! કલ્પનામુખ! અનિરુદ્ધ! સર્વગ! સર્વાત્મક! દ્વાદશાત્મક! શર્વાત્મન્! સોમાત્મક! કલાત્મક! ભૂતાત્મક! રમાત્મક! સનાતન! મુંજકેશ! હરિકેશ! હૃષીકેશ! ગુડાકેશ! કેતુમાન્! નીલ! સૂક્ષ્મ! સ્થૂલ! પીત! રક્ત! શ્વેત! શ્વેતાધિવાસ! રક્તવરપ્રિય! પ્રીતિકર! પ્રીતિવાસ! હંસ! સીરધ્વજ! નીલવાસ! સર્વલોકાધિવાસ! કુશેશય! અધોક્ષજ! ગોવિંદ! જનાર્દન! મધુસૂદન અને વામન! તમને નમસ્કાર છે. ૐ તમે હજાર મસ્તકવાળા છો, હજાર આંખોવાળા છો, હજાર પગવાળા છો, અધોમુખ છો, મહાપુરુષ છો, હજાર હાથવાળા છો, હજાર મૂર્તિ છો, તમને વેદો હજાર મુખવાળા કહે છે. તમને નમસ્કાર છે નમસ્કાર છે. ૐ હે વિશ્વદેવેશ! વિશ્વભૂત! વિશ્વાત્મક! વિશ્વરૂપ! વિશ્વસંભવ! તમને નમસ્કાર છે. આ આખું વિશ્વ તમારાથી જ ઉત્પન્ન થયું છે. બ્રાહ્મણ

તમારું મુખ છે, તમારા બે બાહુથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા છે. બે ઉરુથી વૈશ્યો અને પગોથી શૂદ્રો ઉત્પન્ન થયા છે, નાભિથી અંતરિક્ષ, મુખકમળમાંથી ઇન્દ્ર તથા અગ્નિ, મનથી ચંદ્ર, અને તમારા પ્રસાદથી હું બ્રહ્મા ઉત્પન્ન થયો છું. તમારા ક્રોધથી શંકર, પ્રાણથી વાયુ, મસ્તકથી સ્વર્ગ, અને હે સ્વયંભો! તમારા કર્ણથી દિશાઓ ઉત્પન્ન થઈ છે. પર્વતો અને નદીઓથી શોભાયમાન એવી આ પૃથ્વી તમારા ચરણથી ઉત્પન્ન થઈ છે. તમે જ આકાશ છો અને તમે જ નક્ષત્ર છો. સ્વેદજ, ઉદ્દ્ભિજ્જ તથા અંડજ પ્રાણીઓ; મૂર્ત તથા અમૂર્ત પદાર્થો સૌ તમારાથી જ ઉત્પન્ન થયા છે. એથી જ હે વિશ્વાત્મન્! તમે સૌના આદિ છો. ૐ તમને નમસ્કાર છે. તમે પુષ્પહાસ છો, પરમ છો, મહાહાસ છો. તમે ૐકાર છો, વષટ્કાર છો, સ્વાહાકાર છો, વાયુ છો, યજ્ઞચર છો, ત્રિકોશિ છો. તમે હોતા છો, હોમ છો, હૂયમાન છો, પાતા છો, પઠિતા છો, હંતા છો, હન્યમાન છો, નીતિ છો, મેધા છો, અગ્નિ છો, વિશ્વધામ છો, અર્ઘ છો, પરમધામ છો, સૃગુભાંડ છો, અરણિ છો, અરણીય છો, જ્ઞાનમય છો. તમે ધ્યાન છો, ધ્યેય છો, યજ્ઞ છો, ઇષ્ટ છો, યજ્ઞકર્તા છો. દાન છો, પશુ છો, પૂજ્ય છો, ઈજ્ય છો, હોતા છો, ગીત છો, ઉદ્દ્ગાતા છો, યજમાન અને ગતિમાન છો. જ્ઞાનીઓનું જ્ઞાન તમે છો. યોગીઓનો યોગ તમે છો, મોક્ષે જનારાઓનો મોક્ષ તમે છો; અને લક્ષ્મીવાનોની લક્ષ્મી તમે છો. તમે ગૃહ્ય છો, ધાતા છો. પરમ છો, ચંદ્ર છો, સૂર્ય છો, દક્ષિણા છો, દીક્ષિત છો, નર છો, ત્રિનયન છો, આદિત્ય છો, પ્રભુ છો, શુચિ છો, શુક્ર છો, નભ છો, નભસ્ય છો, યજ્ઞ છો, સહ છો, સહસ્ય છો, તપ છો, તપસ્ય છો, મધુ છો, માધવ છો, કાલ છો, સંક્રમ છો, વિક્રમ છો, પરાક્રમ છો, અશ્વગ્રીવ છો, મહામેધ છો, શંકર છો, હરીશ્વર છો, સત્વ છો, બ્રહ્મચારી છો, સ્વર્ છો, મિત્રાવરુણ છો, પ્રાગ્વંશપ્રકાશ છો, ભૂતાદિ છો, મહાભૂત છો, ઉર્ધ્વકર્માન્તકર્તા છો, વ્યામ છો, સર્વપાપવિમોચન છો અને ત્રિવિક્રમ છો. તમને નમસ્કાર છે.

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—સદા અદ્દ્ભુત કર્મ કરનાર વિષ્ણુ ભગવાન્, પ્રપિતામહ બ્રહ્માએ એ પ્રમાણે સ્તુતિ કરવાથી તેને કહેવા લાગ્યા કે, હે અમલ-સત્વવૃત્ત! હું પ્રસન્ન થયો છું. જે વરદાન માગવાની ઇચ્છા હોય તે માગો.[૯] પિતામહ બ્રહ્માજી પ્રીતિયુક્ત થઈને તેમને કહેવા લાગ્યા કે, હે મુરારે! હું એ વર માગું છું કે આપ આ પરમ પુણ્યવાન રૂપવડે જ મારા ભવનમાં રહો. એ વર મને આપો.[૧૦] તેમણે એ પ્રમાણે વર માગ્યો એટલે અચિંતિત અવ્યયાત્મા ભગવાન્ પોતાના વામનરૂપે જ ત્યાં બ્રહ્માના સદનમાં સારી રીતે પૂજ્યમાન થતા રહ્યા.[૧૧] એટલે ત્યાં અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, દેવાંગનાઓ ગાન કરવા લાગી, વિદ્યાધરો વાજાં વગાડવા લાગ્યા અને દેવો, અસુરો તથા સિદ્ધો વામન ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૧૨] ત્યાં પિતામહ બ્રહ્મા, મુરારિ ભગવાનની રુડી રીતે પૂજા કરી, પરમ પવિત્ર અને શુદ્ધ થયા. પછી પુણ્યમય એવા બ્રહ્માના ભવ-

નથી વિષ્ણુ ભગવાનને સ્વર્ગમાં લઇને ઇંદ્રે તેમની પૂજા કરી.[13] વિષ્ણુ ભગવાન્ સ્વર્ગમાં જઇને હજાર યોજનના પ્રમાણથી વામનરૂપ થયા. હે મહર્ષે! ત્યાં ઇંદ્રે બ્રહ્માની પેઠે જ તેમની પૂજા કરી.[14] એ પ્રમાણે મહાત્મા ત્રિવિક્રમ ભગવાને બલિને રસાતલમાં સ્થાપિત કર્યો અને દેવતાઓનું હિત કર્યું, તે હે વિપ્ર! મેં તમને નિવેદન કર્યું.[15]

एतत्तवोक्तं भगवांस्त्रिविक्रमश्चकार यद्देवहितं महात्मा ।
रसातलस्थं दितिजं हि कुर्वन्निवेदितं तेऽद्य मया हि विप्र ॥ १९ ॥

ઇતિ શ્રી વામનપુરાણે વામનપ્રાદુર્ભાવે 'બ્રહ્માએ કહેલું સ્તવન' નામે ત્રાણુમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૪ મો.

ભગવાનની પ્રશંસા.

पुलस्त्य उवाच—गत्वा रसातलं दैत्यो महामणिविचित्रितम् ॥
शुद्धस्फाटिकसोपानं कारयामास वै पुरम् ॥ १ ॥

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ—રસાતલમાં ગયા પછી બલિ રાજાએ મહામણિઓથી વિચિત્રિત અને શુદ્ધ સ્ફાટિકનાં પગથીયાંવાળું એક નગર બંધાવ્યું.[1] વિશ્વકર્માએ તે વિશાળ નગરની મધ્યમાં બહુ વેદીવાળો એક મહેલ બાંધ્યો અને અંતર દ્વારમાં મોતીઓની લટરો લટકાવી.[2] ત્યાં રહીને બલિરાજા મનુષ્યના દિવ્ય ભોગો ભોગવવા લાગ્યો. વિધ્યાવલી નામે તેની વહાલી સ્ત્રી હતી.[3] હજારો સ્ત્રીઓમાં તે મુખ્ય પરમ શીલવતી હતી. તેની સાથે તે મહાતેજવાળો, વિલાસ કરતો હતો.[4] ભોગમાં આસક્ત તે દૈત્ય સુતલમાં રહેતો હતો તે વખતે દૈત્યોના તેજને હરણ કરનારાં સુદર્શન ચક્રે ત્યાં પ્રવેશ કર્યો.[5] પાતાલમાં સુદર્શન ચક્ર આવ્યું એટલે દાનવોને તેને જોઇને મહાભય ઉત્પન્ન થયો. અને સમુદ્ર ખળભળી ઉઠયો હોય તેમ બધા હાહાકાર કરી ઉઠ્યા.[6] તે મહાશબ્દ સાંભળીને અસુરશ્રેષ્ઠ બલિ, અરે આ શું? એમ કહી હાથમાં ખડ્ગ લઇને બહાર નિકળ્યો.[7] એટલે તેની શુચિવ્રતા ધર્મપત્ની વિધ્યાવલી મ્યાનમાં તલવાર ઘલાવીને પોતાના પતિને શાંત કરતી કહેવા લાગી.[8] તે, દૈત્યરાજને સુનિશ્ચિત એવું મધુર વચન કહેવા લાગી કે, એ તો દૈત્યોનાં ચક્રનો નાશ કરે એવું ભગવાનનું સુદર્શન ચક્ર છે.[9] હે દૈત્યેન્દ્ર! મહાત્મા વામનનાં એ ચક્રની પૂજા કરવી જોઇએ. એમ કહીને સુંદર અંગવાળી તે પવિત્ર સ્ત્રી ત્યાંથી ચાલી ગઈ.[10] પછી બલિ રાજા, હજાર આરાવાળાં વિષ્ણુનાં સુદર્શન ચક્ર આગળ આવ્યો. અને પછી હે મુને! તે અસુરપતિ, વિધિપૂર્વક ચક્રની પૂજા કરીને હાથ જોડી આ પ્રમાણે તેની સ્તુતિ કરવા લાગ્યો.[11] બલિ કહે છેઃ—હે હરિનાં ચક્ર! હું તમને નમસ્કાર કરું છું, તમે દૈત્ય ચક્રનું વિદા-

રણ કરનાર છો. તમે હજાર કિરણવાળા છો, હજારો ગણી તમારી કાન્તિ છે. તમને હજાર આરા છે અને તમારું દર્શન સુંદર છે.[૧૨] જેની નાભિમાં પિતામહ છે, ઉર્ધ્વપ્રદેશમાં ત્રિશૂળધારી શંકર છે, અને આરાઓના મૂળમાં મહા પર્વતો છે; એવાં શ્રીહરિનાં ચક્રને નમસ્કાર છે.[૧૩] આરાને વિષે ઇંદ્ર, સૂર્ય, અગ્નિ વગેરે દેવો રહેલા છે અને વેગને વિષે વાયુ, અગ્નિ, પૃથ્વી અને આકાશ રહેલાં છે.[૧૪] આરાઓની સંધિને વિષે મેઘ, વિદ્યુત, નક્ષત્ર અને તારાઓ, તથા બાહ્યપ્રદેશને વિષે વાલખિલ્યાદિ સૌ મુનિઓ રહેલા છે.[૧૫] એવાં વાસુદેવ ભગવાનનાં ઉત્તમ આયુધને હું નમસ્કાર કરું છું. મન, વાણી અને કર્મથી થયેલાં મારાં ત્રણ પ્રકારનાં પાપને હે દીપ્તકિરણો-વાળાં વિષ્ણુ ભગવાનનાં સુદર્શન ચક્ર! તમે નાશ કરો. તેમ જ આ કલિયુગને વિષે પિતામાતા સંબંધી જે પાપ થયાં હોય તેનો પણ જલદી નાશ કરો. હે અચ્યુતાયુધ! તમને નમસ્કાર કરું છું. મારી આપદાઓ નાશ પામો. મારા વ્યાધિઓનો ક્ષય થાઓ, અને હે સુદર્શન ચક્ર! તમારા નામના સ્મરણથી મારાં સૌ વિઘ્નો દૂર થાઓ.[૧૬–૧૮] બુદ્ધિમાન્ બલિએ એ પ્રમાણે પ્રાર્થના કરીને ભક્તિપૂર્વક તે ચક્રની પૂજા કરી તથા સર્વ પાપવિનાશન એવા શ્રીવિષ્ણુ ભગવાનનું સ્મરણ કર્યું.[૧૯] એ પ્રમાણે બલિ રાજાએ પૂજા કરી એટલે પછી સુદર્શન ચક્ર, અસુરોને નિસ્તેજ કરીને પાતાળમાથી નિકળીને દક્ષિણવિષુવ તરફ ગયું.[૨૦] સુદર્શન ચક્ર ગયા પછી બલિ રાજા કોઈ મોટી આફત આવવાની છે એમ જાણીને વ્યાકુળ થયો, અને પછી પોતાના પિતામહ પ્રહ્લાદજીનું સ્મરણ કરવા લાગ્યો.[૨૧] સ્મરણ કરતાં જ દાનવેશ્વર પ્રહ્લાદજી સુતલને વિષે આવ્યા. તેમને જોઇને બલિ રાજા ઉભો થયો અને અર્ઘ્યપાત્ર આદિ પૂજા સામગ્રી લઈ આવ્યો.[૨૨] પછી પોતાના પિતાના પિતા ઈશ્વરરૂપ પ્રહ્લાદની વિધિપૂર્વક પૂજા કરીને તે બે હાથ જોડી આ પ્રમાણે વચન કહેવા લાગ્યો કે,[૨૩] ખિન્ન હૃદયે મેં આપનું સ્મરણ કર્યું કે, તરત જ આપ આવીને ઉભા રહ્યા. તો હવે મારું હિત, પથ્ય, કલ્યાણ અને શુભ જે હોય તે કૃપા કરીને કહો.[૨૪] હે તાત! આ સસારમાં વસતા પુરુષે શું કાર્ય કરવું જોઇએ, કે જે કરવાથી તેને બંધન ન થાય?[૨૫] સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા અલ્પ બુદ્ધિવાળા મનુષ્યના તારણનો જે ઉપાય હોય તે મને કહો.[૨૬]

પુલસ્ત્ય મુનિ બોલ્યા;—પોતાના પૌત્ર તરફથી એ વચન સાંભળીને દાનવેશ્વર પ્રહ્લાદજી વિચાર કરીને સંસારમાં પરમ હિતકારક એવું વચન કહેવા લાગ્યા.[૨૭] પ્રહ્લાદજી બોલ્યાઃ—હે દાનવશાર્દૂલ! તને જે આ મતિ સૂઝી તે બહુ ઉત્તમ છે. તારા હિતની અને બીજા મનુષ્યોના હિતની વાત હું તને હવે કહુ છું.[૨૮] સસારરૂપી સમુદ્રમાં ડુબેલા, સુખદુઃખનાં જોડકાંરૂપી પવનથી હણાયલા, સ્ત્રીપુત્રાદિનું રક્ષણ કરવાના ભારમા દબાયલા, વિષયરૂપી વિષમ જળમાં ડુબકાં ખાતા, એવા માણુસોને વિષ્ણુરૂપી હોડી એ જ એક શરણનું સ્થાન છે.[૨૯] જે અનંત, અનિદ્ય, આદ્ય, સુરગુરુ, શુભ કરનાર, વરેણ્ય, શુદ્ધ, ગરુડગામી અને બ્રહ્માના

ઈશ એવા નારાયણ શ્રીહરિને શરણે ગયેલા છે. તે ધીર પુરુષોને યમરાજને ત્યાં જવું પડતું નથી.[૩૦] યમરાજ હાથમાં પાશ લઇને નિકળેલા પોતાના સેવકને કાનમાં કહે છે કે, મધુસૂદન ભગવાન્ જેમના ઉપર પ્રસન્ન છે એવા પુરુષોને છોડી દેવા. કેમકે હું બીજા બધા મનુષ્યોનો પ્રભુ છું પણ વૈષ્ણવોનો નથી.[૩૧] નરશ્રેષ્ઠ ઇક્ષ્વાકુએ પણ ભક્તિયુક્ત થઇને એમ કહ્યું હતું કે, પૃથ્વી ઉપર જે વિષ્ણુભક્તો છે, તેમના ઉપર યમરાજનો અધિકાર નથી.[૩૨] તે જ જીભ છે કે જે શ્રીહરિની સ્તુતિ કરે છે અને તે જ ચિત્ત છે કે જે શ્રીહરિમાં લાગેલું છે. તથા તે જ બે હાથ વખાણવા લાયક છે કે જે શ્રીહરિની પૂજા કરે છે.[૩૩] શ્રીહરિના બે ચરણ-કમળની પૂજા કરતા નથી એવા બે હાથ, તે હાથ નથી પણ ઝાડની ડાળીયો છે,[૩૪] જે જીભ, શ્રીહરિના ગુણ ગાતી નથી, તે જીભ નથી પણ કંઠશાલૂક છે, પ્રતિજિહ્વિકા છે—અથવાતો કોઈ જાતનો રોગ છે.[૩૫] જે માણસ ભક્તિપૂર્વક શ્રીવિષ્ણુના ચરણકમળની પૂજા કરતો નથી, તે જીવતો છતાં મરેલો છે એમ જાણી તેનાં સગાં વહાલાંએ તેનો શોક કરવો જોઇએ.[૩૬] અને જે મનુષ્યો વાસુદેવ ભગવાનની પૂજામાં સદા આસક્ત છે તે મરેલા હોય છતાં શોક કરવા યોગ્ય નથી, એ હું સત્ય જ કહું છું.[૩૭] શરીરનું, મનનું, વાણીનું, મૂર્ત, અમૂર્ત, ચર, અચર, દૃશ્ય, અદૃશ્ય, સ્પૃશ્ય, વગેરે સર્વ કેશવાત્મક છે.[૩૮] જેણે ચાર વખત પણ ત્રિવિક્રમ ભગવાનની પૂજા કરી છે, તેણે દેવદાનવ સહિત સર્વ લોકની પૂજા કરી છે; એમાં સંદેહ નથી.[૩૯] હે પુત્ર! જેમ સમુદ્રમાં અસંખ્ય રત્નો છે, તેમ ચક્રધર ભગવાનના ગુણોની પણ સંખ્યા નથી.[૪૦] શંખ, ચક્ર અને કમળને ધારણ કરનાર, શાર્ઙ્ગ-પાણિ, ગરુડધ્વજ, અને વર આપનાર એવા શ્રી લક્ષ્મીના પતિનો જેમણે આશ્રય કર્યો છે, તે ફરી સંસારના ખાડામાં પડતા નથી અને દુઃખી થતા નથી.[૪૧] જેઓના મનમાં હમેશાં ગોવિંદ નિવાસ કરે છે, તે કદી પરાજય પામતા નથી અને મૃત્યુથી દુઃખી થતા નથી.[૪૨] જે શાર્ઙ્ગધર વિષ્ણુદેવને શરણે ગયેલા છે અને તેમને પરાયણ છે, તેઓને યમલોકની પ્રાપ્તિ થતી નથી અને તેઓ નરકમાં જતા નથી.[૪૩] વેદશાસ્ત્ર જાણનારાઓ જે સતગતિને પામે છે. તે જ ગતિને હે દાનવ શાર્દૂલ! વિષ્ણુભકતો પણ પામે છે.[૪૪] હે દૈત્યશાર્દૂલ! સગ્રામમાં મરણ પામેલાઓની જે ગતિ થાય છે, તેથી પણ વધારે સારી ગતિ વિષ્ણુ ભક્ત એવા ઉત્તમ પુરુષોની થાય છે[૪૫] ધર્મશીલ સાત્વિક મહાત્માઓની જે ગતિ થાય છે, તે જ ગતિ હે દૈત્ય! ભગવાનને જાણનારાઓની કહી છે.[૪૬] સર્વાવાસ, સૂક્ષ્મ, અવ્યક્તવિગ્રહ, અને ભવછેદક એવા શ્રીવાસુદેવ ભગવાનનાં જે દર્શન કરે છે, તે મહાત્માઓ તીર્થરૂપ છે.[૪૭] જે યથાન્યાય પ્રણામ કરે છે તેને ફરી જન્મ લેવો પડતો નથી. અને તે મહાતેજસ્વી અને સત્યયુગમાં નિત્ય ક્રીડા કરતો વિલસે છે.[૪૮] જેઓને વિષ્ણુ ભગવાન્ હંમેશાં પ્રિય છે, અને વિષ્ણુ ભગવાનને જે પ્રિય છે તેઓ સર્વે, દેહમાં વસતાં છતાં કર્મથી બંધાતા નથી.[૪૯] શ્રી વિષ્ણુ ભગવાનના ભક્ત આ

પ્રમાણે તેમને પરાયણ રહેવાથી પુનર્જન્મ પામતા નથી. માટે ભક્તિથી નમ્ર થઈને દામોદર ભગવાનનું ધ્યાન કરવું અને તેમની પૂજા કરવી.[૫૦] હે દાનવેશ્વર! જે પુરુષ પ્રાતઃકાળમાં ઉઠીને ભક્તિથી મધુસૂદન ભગવાનનું સ્મરણ કરે છે, તે આ સંસારરૂપી કાદવમાં ડૂબતો નથી.[૫૧] જે પુરુષ બીજાને શ્રવણ કરાવે છે અને પોતે શ્રવણ કરે છે, તે સર્વ સંકટો તરી જાય છે.[૫૨] હે બલિ! કાનરૂપ પાત્રવડે હરિકથારૂપ અમૃતનું પાન કરીને જેનું મન હર્ષ પામે છે, તે સર્વ સંકટો તરી જાય છે.[૫૩] જેને, ગદા અને ચક્ર હાથમાં ધારણ કરનાર વિષ્ણુ ઉપર અનન્ય ભક્તિ છે તે, જે સ્થાને યોગેશ્વર શ્રીહરિ રહે છે તે સ્થાનને વિષે નિશ્ચે જાય છે.[૫૪] વિષ્ણુધર્મને વિષે આસક્ત રહેનારાઓની જે ઉત્તમ ગતિ થાય છે તેવી ગતિ, હજાર જન્મ સુધી તપ કરવાથી થતી નથી.[૫૫] જેને મધુસૂદન ભગવાનને વિષે સદાય પરાભક્તિ હોતી નથી; તેના જપ, મંત્ર, તપ, અને આશ્રમથી શું? અર્થાત્ બધાં નકામાં છે.[૫૬] જે પુરુષ, મધુસૂદન ભગવાનનો દ્વેષ કરે છે; તેનાં યજ્ઞ, દાન, ધર્મ, આશ્રમ તપ અને કીર્તિ સૌ વૃથા છે.[૫૭] જેને જનાર્દન ભગવાનને વિષે ભક્તિ છે તેને બહુ મંત્રોથી શું? ‘नमो नारायणाय’ એ મંત્ર જ સર્વાર્થસાધક છે.[૫૮] જેના વિષ્ણુ ભગવાન્ ઇષ્ટ દેવ છે તેનો પરાજય ક્યાંથી? ઇંદિવરશ્યામ જનાર્દન ભગવાન્ જેના હૃદયમાં નિવાસ કરે છે, તેનો પણ પરાજય ક્યાંથી?[૫૯] સર્વ મંગળના મંગળરૂપ, સ્તુતિ કરવા યોગ્ય અને વર આપનાર એવા પ્રભુ નારાયણને નમસ્કાર કરીને સર્વ કર્મો કરવાં જોઇએ.[૬૦] હે મહાઅસુર! વિષ્ટિ, વ્યતિપાત, અને દુર્નીતિથી ઉત્પન્ન થયેલા બીજા સૌ દોષો, વિષ્ણુ ભગવાનના નામસ્મરણથી જ નાશ પામે છે.[૬૧] હજારો અને સેંકડો કરોડો તીર્થ, શ્રીનારાયણને પ્રણામ કરવાના પુણ્યના સોળમા ભાગની પણ બરાબર થવાને યોગ્ય નથી.[૬૨] પૃથ્વીને વિષે જેટલાં તીર્થ છે અને જેટલાં પવિત્ર સ્થાન છે, તે બધાં, વિષ્ણુ ભગવાનના નામના કીર્તનથી જ પ્રાપ્ત થાય છે.[૬૩] વ્રત કરનારા અને તપસ્વીઓને જે લોકોની પ્રાપ્તિ થતી નથી, તે લોકો, શ્રીકૃષ્ણ ભગવાનને હંમેશાં નમસ્કાર કરનારાને સહજ પ્રાપ્ત થાય છે.[૬૪] જે કોઈ બીજા દેવતાનો ભક્ત હોય, અને કેશવ ભગવાનની મિથ્યા (ભક્તિ રહિત) પૂજા કરે, તે પણ પુણ્ય કરનારા સાધુઓના મહાસ્થાનને પામે છે.[૬૫] માણસને ઘણા સત્યથી હૃષીકેશ ભગવાનની પૂજા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય, તે ફળ ઘણા લાંબા કાળ સુધી તપ કરવાથી પણ કદાપિ મળતું નથી.[૬૬] સારી બુદ્ધિવાળા જે માણસો, સવાર, બપોર ને સાંજ ત્રણે કાળે, પદ્મનાભ એવા વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરે છે, તે ઉપવાસનું ફળ પામે છે, એમાં સંશય નથી.[૬૭] હે બલિ! સર્વદા શાસ્ત્રે બતાવેલાં કર્મોવડે શ્રીહરિનું અર્ચન કર; તેમના પ્રસાદથી તું શાશ્વત એવી ઉત્તમ સિદ્ધિને પામીશ.[૬૮] તેનામાં મન રાખ, તેનો ભક્ત થા, તેનું યજન કર અને તેને જ નમસ્કાર કર. હે પુત્ર! તે દેવેશને શરણે જવાથી જ તને સુખ મળશે.[૬૯] આદ્ય, અનંત, અજર, અવ્યય,

સર્વવ્યાપી, પરબ્રહ્મ, અને પરમપુરાણ એવા શ્રીહરિની ભક્તિ કર. જે માણસો રાગદ્વેષરહિત થાય છે, તે અચળ અને અક્ષય વૈષ્ણવપદને પામે છે.[૭૦] ધોયેલા ધોળા કપડાના પટા જેવા રાજહંસોના જેવા જે મનુષ્યો, સુરવર એવા શ્રીનારાયણનું નિત્ય સ્મરણ કરે છે, અને જે ઇશિતાર એવા અચ્યુત ભગવાનનું સદા ધ્યાન કરે છે, તે સંસારસાગરના જળના પારને પામી જાય છે.[૭૧] કમળના જેવાં વિશાળ લોચનવાળા અને નિષ્પાપ એવા શ્રીહરિનું જે ધ્યાન કરે છે, તે તે જ ક્ષણે પાપરહિત બુદ્ધિવાળા થઈ જાય છે. અને વર આપનાર તથા ઉત્તમ પદ્મનાભ ભગવાનનું જે કીર્તન કરે છે તેને ફરીથી માનું દૂધ ધાવવું પડતું નથી. અર્થાત્ તેને ફરી જન્મ લેવો પડતો નથી.[૭૨] દૃઢ ભક્તિવાળા જે મનુષ્યો, શંખ, કમળ, ચક્ર, ઉત્તમ ધનુષ્ય, ગદા અને તલવાર હાથમાં ધારણ કરનારા અને લક્ષ્મીના મુખકમળના ભ્રમરરૂપ શ્રીહરિના નામનું શ્રવણ કરે છે, તે મધુસૂદન ભગવાનના ધામને પામે છે.[૭૩] જે આદિ ભગવાનનું કીર્તન કરેછે, તેણે આખા જન્મમાં જે પાપ કર્યાં હોય તે પાપથી તે મુક્ત થઈ જાય છે અને અમૃતભોજનથી તૃપ્ત થાય તેમ સુખી થાય છે.[૭૪] તેટલા માટે શ્રદ્ધાવાન મનુષ્યોએ, શ્રીવિષ્ણુ ભગવાનનું ધ્યાન, કીર્તન અને સજ્જન પુરુષો પાસે તેમના નામનું શ્રવણ કરવું જોઇએ. દેવતાઓ તેને પણ પૂજાની બરાબર વખાણે છે.[૭૫] બાહ્ય સાધન અને અંતઃકરણવડે ઋતુમાં ઉત્પન્ન થયેલાં પુષ્પપત્રોવડે કરીને માણસે સર્વેશ્વર કેશવ ભગવાનની વિધિપૂર્વક પૂજા કરવી જોઇએ.[૭૬]

बाह्येन चांतःकरणेन योगिष्वथार्चयेत्केशवमीशितारम् ॥
पुष्पैश्चपत्रैर्ऋतुसंभवैश्च नूनं स पूज्यो विधिवन्नरेण ॥ ७६ ॥

ઇતિ શ્રી વામનપુરાણે 'ભગવત પ્રશંસા' નામે ચોરાણુમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯૫ મો.

પુલસ્ત્ય નારદ સંવાદ–પુરાણ પૂર્તિ.

बलिरुवाच–भवता कथितं सर्वं समाराध्य जनार्दनम् ।
या गतिः प्राप्यते लोके स चाराध्यः कथंचन ॥ १ ॥

બલિ બોલ્યોઃ–જનાર્દન ભગવાનની આરાધના કરવાથી લોકમાં જે ગતિ પ્રાપ્ત થાય છે, તે સર્વ આપે કહ્યું. હવે તેમનું આરાધન શી રીતે કરવું તે કહો.[૧] શેના અર્ચનથી ભગવાનની પ્રીતિ ઉત્પન્ન થાય? અને એ જગદ્ગુરુને પ્રસન્ન કરવાને કયાં દાન વખણાય છે?[૨] કઈ તિથિએ ઉપવાસાદિક કરવાં જોઇએ? અને વિષ્ણુની પ્રસન્નતાને માટે કયાં પુણ્યો કરવાં જોઇએ?[૩] અને હે દૈત્યેન્દ્ર! આળસ રહિત થઇને હર્ષથી બીજું પણ જે કંઈ કરવા યોગ્ય હોય, તે બધું સંપૂર્ણ કહેવાને

આપ યોગ્ય છો.[૪] પ્રહ્લાદજી કહે છેઃ–શ્રદ્ધા અને ભક્તિથી જનાર્દન ભગવાનને ઉદ્દેશીને જે જે દાનો આપવામાં આવે, તે ક્ષય પામતાં નથી.[૫] તે જ તિથિઓ ઉત્તમ છે કે, જે દિવસે જગત્પતિ ભગવાનની પૂજા કરી તેનામાં ચિત્ત લગાવી તન્મય થઈ માણુસ ઉપવાસ કરે.[૬] સારા બ્રાહ્મણોની પૂજા કરવાથી જનાર્દન ભગવાનની જ પૂજા થાય છે. જે મૂઢાત્મા, બ્રાહ્મણોની નિંદા કરે છે, તે નિશ્ચે નરકમાં જાય છે.[૭] તેથી પુરુષે વિષ્ણુપરાયણ થઈને ભક્તિવડે બ્રાહ્મણોની સેવા કરવી જોઇએ. કેમકે પૂર્વે શ્રીહરિએ જાતે જ કહ્યું છે કે બ્રાહ્મણો મારું સ્વરૂપ છે.[૮] વિદ્વાન્ હોય અથવા મૂર્ખ હોય તો પણ બ્રાહ્મણ અપમાન કરવા યોગ્ય નથી, ગમે તેવો પણ તે વિષ્ણુ ભગવાનનું દિવ્ય શરીર છે, માટે પુરુષે તેની પૂજા કરવી જોઇએ.[૯] હે મહાઅસુર! તે જ પુષ્પો ઉત્તમ છે, કે જે સારા રંગનાં તથા સુગંધવાળાં તાજા હોય.[૧૦] હવે વિશેષે કરીને માધવ ભગવાનની પ્રસન્નતાને માટે, તિથિઓ સહિત ઉત્તમ દાનપુણ્યો છે તે કહું છું.[૧૧] જાઈ, શતાહ્વા, ઘણી પાંખડીવાળો બટમોગરો, બાણુ, ચંપો, અશોક, કરેણુ, જૂઈ, લીમડો, પાડળ, બોલસરી, અપરાજિતા, તિલક, જાસુદી, પીતક, અને તગર એ અને કેતકી વગરનાં બીજાં બધાં સુગંધી પુષ્પો વિષ્ણુની પૂજાને માટે શ્રેષ્ઠ છે.[૧૨–૧૪] બિલિપત્ર, શમીપત્ર, ભૃંગપત્ર, મૃગાંકપત્ર, તમાલપત્ર અને માલતીપત્ર હરિપૂજનમાં ઉત્તમ છે.[૧૫] એ બધાં ફુલો વાસુદેવ ભગવાનની પૂજામાં શ્રેષ્ઠ છે અને તેમનાં પલ્લવ તથા પત્રો પણ શ્રેષ્ઠ છે.[૧૬] લતાઓના પ્રવાલવડે નાના પ્રકારના અનુભાવથી, અને કમળ તથા ઇન્દીવર વગેરેથી વિષ્ણુ ભગવાનની પૂજા કરવી.[૧૭] હે બલિ! સૂક્ષ્મ જળથી પ્રક્ષાલિત કરેલા વનસ્પતિઓના પવિત્ર પલ્લવોવડે અને દૂર્વાના અગ્ર પલ્લવોવડે વિષ્ણુની પૂજા કરવી.[૧૮] તે જ પ્રમાણે પાંદડાંની કુંપળો અને પલ્લવોથી પૂજા કરવી તથા યત્નથી ચંદન અને કુંકુમનું લેપન કરવું.[૧૯] કાળો વાળો, કમળ તથા દારુહળદરવડે ભગવાનનું પૂજન કરવું. મહિષાખ્ય કણુ, દેવદાર, સિહ્લક, નાગર, શંખ, જાયફળ એ શ્રી લક્ષ્મીપતિની પ્રસન્નતાને માટે ઉત્તમ ધૂપ છે. હવિષથી સંસ્કૃત કરેલાં જવ, ઘઉ, અને ડાંગર, તથા તલ, મગ, અડદ અને વ્રીહિ એ સૌ શ્રીહરિને બહુ પ્રિય છે. પવિત્ર ગોદાનો, ભૂમિદાન, વસ્ત્રદાન, અન્નદાન અને સુવર્ણદાન મધુસૂદન ભગવાનની પ્રીતિને માટે અપાય છે. હે દાનવ! માઘ માસને વિષે તલ અને તલની ગાયનું દાન શ્રેષ્ઠ છે.[૨૦–૨૩] 'શ્રીમાધવ પ્રસન્ન થાઓ,' એમ કહીને બાળવાનાં લાકડાંનું દાન કરવું. ફાગણ માસમાં વ્રીહિ, વસ્ત્ર તથા કાળા હરણના ચામડાનું દાન ગોવિંદ ભગવાનની પ્રસન્નતાને માટે પુરુષે કરવું. ચૈત્રમાસમાં વિચિત્ર વસ્ત્રો, શય્યા, અને આસન એ સૌ શ્રીવિષ્ણુ ભગવાનની પ્રીતિને માટે બ્રાહ્મણુને દાનમાં આપવાં. વૈશાખ માસમાં સુગંધિ પદાર્થોનું દાન શ્રીમધુસૂદન ભગવાનની પ્રસન્નતાને માટે સારા બ્રાહ્મણોને કરવું તથા પાણીથી ભરેલો ઘડો, ગાય, તાડછાનો પંખો, અને ચંદનનું દાન ત્રિવિક્રમ ભગવાનની

પ્રસન્નતાને માટે સાધુ પુરુષોએ સદા કરવું.૨૪—૨૭ જે માણસ સદા વિષ્ણુની ઉપાસના કરે છે, તેને સ્ત્રી, ધન અને પુત્રની પ્રાપ્તિ થાય છે. જે ભક્તિપૂર્વક વિષ્ણુની પૂજા કરે છે, તેમને નમસ્કાર કરે છે તથા તેમનું શ્રવણ કરે છે તેને દક્ષિણા સહિત આખા અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે અને તે અવશ્ય પાપરહિત થાય છે. તેમ જ તેને સુવર્ણ, ભૂમિ, અશ્વ, ગાય, હાથી અને રથના દાનનું પુણ્ય થાય છે.૨૮—૨૯ જે પુરુષ અથવા સ્ત્રી, આ "વામનપુરાણના" એક પાદનું પણ શ્રવણ કરે છે, તે પૃથ્વીમાં પવિત્ર અને મહા પુણ્યવાન થાય છે. પુણ્યકારક ઉત્તમ તીર્થમાં, ગંગા જળમાં, નૈમિષારણ્યમાં, પુષ્કર તીર્થમાં, કોકામુખ તીર્થમાં અને માઘ માસમાં પ્રયાગમાં સ્નાન કરવાથી જે ફળ થવાનું બ્રાહ્મણો કહે છે, તે ફળ, એકચિત્ત થઈ, વામન ભગવાનનું કીર્ત્તન (આ વામન પુરાણનું શ્રવણ) કરવાથી પ્રાપ્ત થાય છે અને વામન ભગવાનના પદને પામે છે.

હે નારદ ! એપ્રમાણે મેં તને કહ્યું છે. રાજસૂય યજ્ઞનું જે ફળ મળે છે, આ ભૂમિલોકમાં અને સ્વર્ગલોકમાં પુરુષને જે સમગ્ર મહત્ સુખ પ્રાપ્ત થાય છે, અને સૌત્રામણિ યજ્ઞનું જે ફળ મળે છે, તે સર્વ હે મહર્ષે! આ વામન પુરાણના શ્રવણથી મળે છે એમાં સંશય નથી. સૂર્ય તથા ચંદ્રના ગ્રહણમાં રત્નના દાનનું જે ફળ મળે છે૩૦—૩૩ અથવા અગ્નિહોત્રી ભૂખ્યા બ્રાહ્મણને અન્નદાનથી જે ફળ થાય, દુકાળમાં દુઃખી થતા પુત્ર, સ્ત્રી અને જ્ઞાતિજનોના પોષણમાં સદા તત્પર રહેવાથી જે ફળ થાય છે,૩૪ તેમ જ દેવ, અગ્નિ, બ્રાહ્મણ, ઋષિ, માબાપ, પુત્ર, તથા મોટાભાઈના ઉપર પ્રીતિ રાખવાથી જે ફળ થાય એમ દેવો કહે છે, તે ફળ આ પુરાણના પાઠથી માણસને મળે છે.૩૫ આ વામન પુરાણ તે ચૌદમુ પુરાણ છે અને તે બધામાં શ્રેષ્ઠ છે. તેના શ્રવણથી પાપ નાશ પામે છે. એટલું જ નહિ પણ હે નારદ! મહાપાપો પણ તુરત જ નાશ પામે છે.૩૬ હે મુને! વામનપુરાણનો નિત્ય પાઠ કરવાથી, સાંભળવાથી અને કોઈને સંભળાવવાથી પણ સર્વ પાપ નાશ પામે છે.૩૭ ડાહ્યા માણસે અષાડ માસમાં વામન ભગવાનની પ્રસન્નતાને માટે પગના જોડા, છત્રી, મીઠું, આમળાં વગેરેનું દાન કરવું.૩૮ ભાદ્રપદ માસમાં દૂધ, મધ, ઘી, મીઠું અને ગોળનું દાન હૃષીકેશ ભગવાનને પ્રસન્ન કરવા માટે કરવું.૩૯ નીલા રંગનો ઘોડો, બળદ, દહી, તાંબું, લોઢું એ વગેરેનું દાન પદ્મનાભ ભગવાનની પ્રીતિને માટે મનુષ્યોએ આસો માસમાં કરવું.૪૦ કાર્તિક માસમાં દામોદર ભગવાનની પ્રસન્નતાને માટે રૂપું, સોનું, દીવો, મણિ, મોતી અને ફળનું દાન કરવું.૪૧ માગશર માસમાં કેશવ ભગવાનની પ્રીતિને માટે ગધેડું, ઉંટ, ઘોડો, હાથી, ગાડું, બકરો વગેરેનાં દાન કરવાં.૪૨ પોષ માસમાં વામન ભગવાનની પ્રીતિને માટે મહેલ, નગર, સરસામાન ભરેલું ઘર વગેરેનું દાન ભક્તિસહિત કરવું.૪૩ દાસી, દાસ, અલંકાર, છ રસયુક્ત અન્ન વગેરેનું દાન, સર્વ કામનાની ઇચ્છાવાળાએ શ્રીપુરુષોત્તમ ભગવાનની પ્રીતિમાટે કરવું.૪૪ ઘરમાં જે જે વસ્તુ પોતાને બહુ પ્રિય હોય અને પવિત્ર હોય તેનું, દેવના દેવ

એવા શ્રીચક્રપાણિ ભગવાનની પ્રીતિને માટે દાન કરવું.[૪૫] જે માણસ કેશવ ભગવાનનું મંદિર બધાવે છે, તે શાશ્વત એવા પુણ્યલોકોને જિતે છે. અથવા જે માણસ ફળફૂલથી ભરેલા બાગીચાનું દાન કરે છે, તે ઇચ્છા મુજબ વખાણવા લાયક ભોગો ભોગવે છે.[૪૬] જે માણસ, વિષ્ણુનું મંદિર બંધાવે છે તે પોતાના સહિત પોતાના પિતા અને પિતામહની આગળની એકસો ને આઠ પેઢીને તારે છે.[૪૭] પિતૃઓ, દેવતાઓ, રોગીઓ અને તપસ્વીઓ આદિ સર્વે, અમોઘ સ્વરૂપ એવા યદૃસિંહની આગળ આ પ્રમાણે ગાથાનું ગાન કરે છે કે,[૪૮] શું અમારા કુળમાં કોઈ વિષ્ણુભક્ત ઉત્પન્ન થશે, કે જે શુચિવ્રત થઈ હરિમંદિર બનાવનાર થાય ?[૪૯] અથવા શું અમારા સંતાનોમાં એવો કોઈ ઉત્પન્ન થશે કે જે ધર્માત્મા ભક્તિસહિત રોજ વિષ્ણુમંદિરમાં પૂંજો વાળવાનું તથા લિપવાનું કામ કરશે ?[૫૦] અથવા અમારા સંતાનોમાં એવો કોઇ ઉત્પન્ન થશે કે, જે કેશવમંદિરમાં ધ્વજાદાન કરે અને તે દેવાધિદેવને માટે દીવો કરે, તેમને પુષ્પ ચડાવે અને અનુલેપન કરે ?[૫૧] અથવા અમારા કુળમાં એવો કોઈ માણસ ઉત્પન્ન થશે કે, જે સર્વ પાપનો નાશ કરનાર એકાદશીનો ઉપવાસ કરે ?[૫૨] જે માણસ વિષ્ણુમંદિરમાં સુંદર ચિત્રો કાઢે છે, તે મહાપાતકી, પાતકી, અથવા ઉપપાતકી હોય તો પણ સર્વ પાપથી મુક્ત થાય છે.[૫૩] હે બલિ ! પિતૃઓનું તે વચન સાંભળીને તે નૃપતિશ્રેષ્ઠ જ્યામઘે પૃથ્વી ઉપર પોતાની જાતે દેવમંદિર બનાવ્યું.[૫૪] અને કેશવ ભગવાની વિભૂતિઓવડે કેશવ મંદિરોને પવિત્ર પાંચ વર્ણનાં ચિત્રોવડે ચિત્રિત કર્યાં.[૫૫] તેલ અને ઘીથી ભરેલાં સોનાનાં દીપપાત્રોનું વિધિપૂર્વક વાસુદેવમંદિરમાં દાન કર્યું.[૫૬] મજીઠ, નારંગી, શ્વેતપાટલ આદિ મહારંગોથી રંગેલી નાનાપ્રકારની ધ્વજાઓ મંદિર ઉપર ચડાવી.[૫૭] લતાપલ્લવોથી છવાયલા, દેવદારનાં વૃક્ષોથી ભરપૂર અને ફલ ફૂલોથી લચી રહેલા, પ્રીતિ ઉત્પન્ન કરે એવા વિવિધ પ્રકારના બાગો બનાવ્યા.[૫૮] કુશલ કારીગરો પાસે અલંકારથી સજેલા પલંગો કરાવીને મૂકાવ્યા. અને ગંધર્વવિદ્યા તથા રાગ જાણનાર ને રત્નનો સંસ્કાર કરનાર દૃઢ ચતુર પુરુષો પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.[૫૯] પછી તે મંદિરને વિષે યતિઓ અને બ્રહ્મચારીઓને રાખીને પૂજા કરાવવા માંડી, અને શ્રોત્રિય તથા દાનસંપન્ન, દીન અને વિકલ મનુષ્યોને ત્યાં આશ્રય આપ્યો.[૬૦] એ પ્રમાણે તે જ્યામઘ નામનો રાજા શ્રદ્ધાવાન અને જિતેન્દ્રિય થઇને વિષ્ણુના ધામમાં ગયો, એમ અમે સાંભળ્યું છે.[૬૧] સરસવ, મહુડાં અને અળસીના તેલના દીવાના દાનથી અંધતામિસ્ર નામે નરક તરીને તે રાજા પોતાની સ્ત્રીસહિત વિષ્ણુલોકમાં ગયો.[૬૨] હે બલિ! વિષ્ણુલોકની ઇચ્છાવાળા રાજાઓ હજુ પણ જ્યામઘે રચેલા તે માર્ગે જાય છે.[૬૩] તેટલા માટે હે રાજેન્દ્ર ! તું પણ શ્રીહરિનું દેવાલય કર અને તેમાં વિષ્ણુની તથા બહુશ્રુત બ્રાહ્મણોની યત્નથી પૂજા કર.[૬૪] વિશેષે કરીને સદાચારી અને પવિત્ર પુરાણીઓની વસ્ત્ર, આભૂષણ, રત્ન, ગાય, પૃથ્વી અને સુવર્ણ આદિથી સંભાવના કર.[૬૫] અને સંપત્તિ છે ત્યાં સુધીમાં

ચક્રધર દેવની પ્રીતિ મેળવી લે.[૬૬] એ પ્રમાણે ક્રિયાયોગમાં તું રત થઈશ એટલે મુરારિ ભગવાન્ તારું કલ્યાણ કરશે. કેમકે જે પુરુષો વિભુ, જગન્નાથ, અનંત એવા અચ્યુત ભગવાનને આશ્રયે જાય છે તે કદી દુઃખ પામતા નથી.[૬૭] એ પ્રમાણે ઉપદેશ આપીને પ્રહ્લાદજી પોતાના નગરને વિષે ગયા.[૬૮]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ—જેની મનકામનાઓ સર્વ પૂર્ણ થયેલી છે એવા શ્રીહરિના ચરણના ભક્ત દૈત્યરાજ પ્રહ્લાદજી, બલિ રાજાને એ પ્રમાણે સત્ય અને અત્યુત્તમ ઉપદેશ આપીને તેનાથી સારી રીતે સત્કાર પામી, ત્યાંથી ચાલ્યા ગયા.[૬૯] તે પિતામહ પ્રહ્લાદજી ગયા પછી બલિ રાજાનું મંદિર ચંદ્રવર્ણનું થઈ રહ્યું અને તેમાં ઇંદ્રના શિલ્પિ વિશ્વકર્માએ કેશવ ભગવાનની મહામહિમાવાન મૂર્તિ નિર્માણ કરી.[૭૦] પછી બલિ રાજા જાતે પોતાની સ્ત્રી સાથે તે મંદિરમાં માર્જન લેપનાદિ ક્રિયા કરવા લાગ્યો, અને મધુસૂદન ભગવાનને જવ અને શર્કરા આદિનું નૈવેદ્ય ધરાવવા લાગ્યો.[૭૧] વિશાળ લોચનવાળી વિધ્યાવલી જાતે વિષ્ણુમંદિરમાં દીપપ્રદાન કરવા લાગી અને તે બુદ્ધિમાન બલિ, ધર્મ ગ્રહણ કરી ઉત્તમ બ્રાહ્મણ પુરાણીઓ પાસે ભજન કરાવવા લાગ્યો.[૭૨] એ પ્રમાણે ધર્મમાર્ગમાં વર્તનારા અસુરશ્રેષ્ઠ બલિના રક્ષણને માટે દિવ્યવપુ જગત્પતિ જનાર્દન ભગવાન્ તેના દ્વારે જઇને રહ્યા.[૭૩] દશ હજાર સૂર્યના જેવું તેજસ્વી મૂશલ હાથમાં પકડીને દુષ્ટ શત્રુ રાજાઓનો સંહાર કરતાં ભગવાન્ દ્વારમાં ઉભા રહી કિલ્લાનું રક્ષણ કરતાં કોઇને અંદર પ્રવેશ કરવા દેતા નહિ.[૭૪] સર્વગુણાભિરામ જગત્કર્તા નારાયણ દ્વારમાં રક્ષપાલ થઇને ઉભા રહેલા છતાં, બલિ રાજા મહેલમાં સુરર્ષિમુખ્ય સર્વેશ્વર શ્રીહરિનું પૂજન કરતો હતો.[૭૫] અસુરપતિ બલિ, શ્રીહરિના ચરણકમળની પૂજા કરતો એ રીતે રહેવા લાગ્યો. તે શ્રીહરિનાં વચનનું સ્મરણ કરતો હતો અને શ્રીહરિ તેના વિનયના અંકુશરૂપ હતા.[૭૬] ઇંદ્રના જેવા પોતાના પિતામહ અને ગુરુ પ્રહ્લાદજીના આ લોક અને પરલોકમાં તથ્ય અને પથ્ય તથા શુભ વચનોનું, દૈત્યરાજ બલિ સ્મરણ કરતો તેના પાઠ કરવા લાગ્યો.[૭૭] પ્રથમ કડવાં લાગે એવાં પણ સ્નેહથી ભરેલાં વૃદ્ધોનાં વચનો સાંભળીને જે તે પ્રમાણે આચરણ કરે છે, તે પાછળથી શુદ્ધ નવનીતનો સ્વાદ લે છે, એમાં કંઈપણ વિચાર કરવાનો નથી.[૭૮] આપત્તિરૂપી સર્પ જેને કરડ્યો હોય અને જે મંત્રહીન હોય, તેને ઝેર ઉતારવાને વૃદ્ધોનાં વચનોરૂપી ઔષધિ જ ઉત્તમ છે.[૭૯] વૃદ્ધોનાં વચનરૂપ અમૃત પીવાથી અને તે પ્રમાણે વર્તવાથી જે તૃપ્તિ થાય છે તે સોમરસનું પાન કરવાથી પણ ક્યાંથી મળવાની![૮૦] જે આપત્તિમાં પડેલાઓને ઉપદેશ આપનાર વૃદ્ધો નથી, તેઓ બંધુઓને શોચ કરવા યોગ્ય છે અને જીવતા છતાં તેઓ મુવા જેવા જ છે.[૮૧] જે આપત્તિરૂપી ગ્રાહથી ગ્રસાયલાઓને છોડાવવાને વૃદ્ધ પંડિતો નથી, તેઓને શાંતિ મળવાની જ નથી.[૮૨] આપત્તિરૂપી પાણીમાં ડૂબેલા અને વ્યસનની લહેરોમાં તણાતા પુરુષોને વૃદ્ધવાક્યવિના બીજું કોઈ તારનાર નથી.[૮૩]

પુલસ્ત્ય મુનિ કહે છેઃ– તેટલા માટે જે પુરુષ, વૃદ્ધવાક્યો સાંભળીને તે પ્રમાણે વર્તન કરે છે, તે વિરોચનપુત્ર બલિની પેઠે તુરત સિદ્ધિ મેળવે છે.૯૪

પુલસ્ત્ય મુનિ બોલ્યાઃ–હે નારદ! એ પ્રમાણે મેં તમને પુણ્યતમ પુરાણ કહી સંભળાવ્યું. તે પરમ ભક્તિથી સાંભળવાથી અને તેનું કીર્ત્તન કરવાથી વિષ્ણુપદની પ્રાપ્તિ થાય છે.૯૫ ગંગામાં સ્નાન કરવાથી જેમ સર્વ પાપ નાશ પામે છે, તેમ આ પુરાણ શ્રવણ કરવાથી તમામ દુષ્કર્મો નાશ પામે છે.૯૬ હે બ્રહ્મન્! જે આ વામન પુરાણનું શ્રવણ કરે છે, તેના શરીરમાં તથા કુળમાં કોઈ રોગ થતો નથી તેમજ કોઈ અભિચાર પ્રયોગ અસર કરતો નથી તથા ઝેર પણ અસર કરતુ નથી.૯૭ આ પરમ રહસ્ય મેં જે તમને કહ્યું, તે શ્રીહરિની ભક્તિરહિત પુરુષ આગળ વાંચવું નહિ. તેમ જ બ્રાહ્મણની નિંદા અને માનહાનિમાં આસક્ત હોય, તથા જે કારણવાદી પાપી જીવો હોય, તેઓની આગળ વાંચવુ નહિ.૯૮ અમિતપરાક્રમવાળા, નારાયણ, બલિના નિગ્રહ અને અનુગ્રહના કારણરૂપ વામન ભગવાનને વારંવાર નમસ્કાર છે. શ્રીશાર્ઙ્ગ ધનુષ્ય, ચક્ર, તલવાર, અને ગદાને ધારણ કરનાર તે પુરુષોત્તમ ભગવાનને વારવાર નમસ્કાર છે.૯૯ એ પ્રમાણે શ્રીકૃષ્ણમાં ભાવના રાખીને જે મનુષ્ય નિયમિતપણે આનો પાઠ કરે છે, તેને દેવોથી પૂજિત એવા વિષ્ણુ ભગવાન્ મોક્ષપદ આપે છે.૯૦ આ પુરાણની કથા કરનારને ગાય, પૃથ્વી, સુવર્ણ અને આભૂષણનું દાન કરવું. ધનની કંજુસાઈ કરવી નહિ, કારણ કે તેમ કરવાથી શ્રવણનું ફળ નાશ પામે છે.૯૧ બ્રાહ્મણે ઈર્ષ્યારહિત થઇને સવાર, મધ્યાહ્ન અને સાંજ ત્રણે કાળ એનો પાઠ કરવો અને બીજાએ તેનું શ્રવણ કરવું, એથી સર્વ પાપ નાશ પામે છે અને સર્વ પ્રકારની સંપત્તિ મળે છે.૯૨

त्रिसंध्यं च पठञ्शृण्वन्सर्वपापप्रणाशनम् ।
अमया रहितं विप्रः सर्वसंपत्प्रदायकम् ॥ ९२ ॥

ઈતિ શ્રી વામનપુરાણે 'પુલસ્ત્ય નારદ સંવાદ' નામે પંચાણુમો અધ્યાય સમાપ્ત.

સમાપ્ત.

"ગુજરાતી"ના ગ્રાહકોને જ સસ્તા ગ્રંથો

રૂ. આ.

૧ જુનું નર્મગદ્ય-વધારા ને કવિની છબી સાથે નવી આવૃત્તિ ૧- ૪

૨ ગુજરાતસર્વસંગ્રહ-કવિ નર્મદનોરચેલોને સરકારે છપાવેલો ૧- ૦

૩ એમ. એ. બનાકે કયોં મેરી મીટ્ટી ખરાબકી (નવલકથા) ૧- ૦

૪ આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા નવલકથા ૧- ૦

૫ વેદોક્તધર્મપ્રકાશ-વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત. એ ગ્રંથમાં ધર્મના ઘણા ગૂઢ વિષયોના સાદી ભાષામાં એવા સચોટ ખુલાસા આપ્યા છે કે જેવા બીજે સ્થળે ભાગ્યે જ વાંચવામાં આવશે ૦-૧૪

૬ દેશવ્યવહારવ્યવસ્થા-કવિ નર્મદનો ન છપાયેલો અર્થશાસ્ત્રનો ઉત્તમ ગ્રંથ ૦-૧૪

૭ ધર્મવિચાર-અદ્વિતીય નિબંધોનો સંગ્રહ કવિ નર્મદ ... ૦-૧૨

૮ ગગા-ગુર્જર વાર્તા અને શિવાજીની સુરતની લૂટ ... ૦- ૮

૯ ૨૫૦૦ વર્ષ પૂર્વનું હિંદુસ્તાન-એક રાજકીય નવલકથા. ચાણક્યની કુટિલ રાજનીતિ, નંદકુળનો એક પણ રક્તબિન્દુ વિના સર્વ નાશ, આજથી ૨૫૮૦ વર્ષ પૂર્વની આર્યાવર્તની સ્થિતિ અને બૌદ્ધધર્મની દશા આદિ વિષયોનું ઉત્તમ દર્શન કરાવેલું છે... ... ... ૦- ૮

૧૦ પરમહંસ રામકૃષ્ણનાં બોધવચન લગભગ ૬૦૦ નો મોટો સંગ્રહ. પરમહંસનું ચરિત્ર. સુંદર ચિત્ર. આટલો મોટો સગ્રહ બંગાલી, અંગ્રેજી કે કોઈ પણ ભાષામાં છપાયો નથી ૦- ૬

૧૧ રામજાનકીદર્શન-(નાટક) કવિ નર્મદ... ... ... ૦- ૬

૧૨ ધાતુસંગ્રહ-ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો... ... ... ૦- ૬

૧૩ ઘાસીરામ કોટવાલ-પેશ્વાઇના વખતની બહુ રમુજી ચાનક અને જ્ઞાન આપનારી વાર્તા ૦- ૪

૧૪ બાળકૃષ્ણવિજય નાટક કવિ નર્મદ ૦- ૪

૧૫ ભાગવત્ એકાદશસ્કંધ-મૂળ-ભાષાંતર-ચિત્ર. પાકું પુઠું સુંદર કાગળ ૦- ૬

૧૬ તેજપ્રભા-સાંસારિક અને ધાર્મિક તત્વોનું નવલકથાદ્વારા આમાં ઉત્તમ રીતે દર્શન કરાવેલું છે... ... ... ૦-૧૪